વાઘેલા વૃત્તાન્ત.

નાવનાર તથા પ્રસિદ્ધ કર

કૃષ્ણરામ ગણપતરામ ભટ્ટ

રહેવાશી મે

તાલુકે નડીઆદના.

આવૃત્તી ૧ લી.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કીમત બે રૂપીઆ.

દોહરો.

વાઘેલા ઉચ્ચાર સમ, હરી સમરણ જો થાત,
આવાગમન ભવાબ્ધિનું, તુર્ત ટળી ભ્રમ જાત.

અમદાવાદ
[illegible] "હિતેચ્છુ" [illegible] પ્રેસમાં
મહેતા [illegible]રીપ્રસાદ પિતામ્બરદાસે છાપ્યું ।

ગુર્જર ગરાશીઆ શીરોમણી

મહેરબાન ઓનરેબલ

મી. જે. ઇ. સી. જ્યુકસ આઈ. સી. એસ.

તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર સાહેબ,

પ્રાંત ગુજરાત.

અલાઉદ્દીન ખીલજીને હસ્તે ગુર્જર સ્વતંત્રતાનો નાશ થઈ અને ગુર્જર ભુમી ઉપર વાઘેલા વંશના અ[illegible] થયો ત્યારથી વ્યાઘ્રદેવના વંશજોની અવદશા ઉત્તરોત્તર વધતી ગઈ. પ્રભુ કૃપાના યોગે બ્રીટીશ સામ્રાજ્યની છાયામા આવતા ક્ષાત્ર કુળની પુનઃ ઉન્નતિનો આરંભ થયો છે. અને ગુજરાત પ્રાંતમાં વસનારા રાજપુત્રોનું ભવિષ્ય નામદાર સરકારે આપના હસ્તકમાં સોંપ્યું છે. તે ભવિષ્યને જાજવલ્યમાન વર્તમાન રૂપ કરવા આપ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છો એથી, અને આપની શાન્ત આનંદમય સૂર્તીથી ગરાશીયા કોમમા નવીન જીવન આપે પ્રેર્યું છે તેથી, ઉત્તમ વાઘેલા કુળની હકીકતનો આ યથાશકિત રચેલો ગ્રંથ આપ સરકારને અર્પણ કરવા રજા લઊં છું.

આપનો આજ્ઞાંકીત સેવક

કૃષ્ણરામ ગણપતરામ ભટ્ટ.

વાઘેલા વૃત્તાંત કર્તા.

પ્રસ્તાવના.

સંવત ૧૯૪૭ માં જ્યારે હું ગાંગડ તથા ધોળકામાં સરકારી નીશાળનો મહેતાજી હતો ત્યારે ત્યાંના ઠાકોર મરહુમ મહારાણા શ્રી ગગુભા અભેસિંહજીના પરીચયમાં આવતાં તેઓ સાહેબના મુખેથી વાઘેલા સબંધી ઘણી દંતકથાઓ સાંભળી તેમજ દરબારમાં આવતા ભાટચારણોની કેટલીક વાર્તાઓ સાંભળી, વાઘેલા સંબંધી કાંઇ હકીકત લખી પ્રસિદ્ધ કરવાની જીજ્ઞાસા ઉત્પન થઇ ને તે વાત ઠાકોર સાહેબને કહેતાં તેમણે લખવા સંબંધી પોતાનો અભીપ્રાય જણાવ્યો ને પોતાના વહીવંચા ઉપર કાગળ લખી આપ્યો. તે લઇ હું જ્યાં વહીવંચાનો નીવાસ માળવામાં હતો ત્યાં ગયો. ને કેટલીક હકીકત વહીવંચા બારોટ દેવીશંગ મોતીશંગથી મેળવી તથા જ્યાં જ્યાં વાઘેલાની જગાઓ જાણવામાં આવી તે દરેક સ્થળે જાને ફરી મળી ત્યાંથી હકીકતનો સંગ્રહ કર્યો. એ પ્રમાણે ગુજરાતમાં આવેલી તમામ જગાઓ જોવા બાદ મધ્ય હિંદુસ્તાનમાં વાઘેલાનું મોટું રાજ્ય રેવા છે ત્યાં ગયો. ત્યાં કેટલીક મુદત રોકાઇ ત્યાંથી કસોટા જીલ્લામા, ભદોહી જીલ્લામાં ને કનોજ પાસેના ઠટીઆ તીરવાહા જ્યાં વાઘેલાની જગાઓ છે ત્યાં જઇ માહેતી મેળવી આ પુસ્તકમાં દાખલ કરી છે. ઘણીખરી જગાઓમા તો હકીકત મેળવવા એક બે વાર જઇ આવ્યો છું. હિંદુસ્તાનમાં રેવાના રાજ્યમાં પણ બે વાર જવું પડયું હતું.

આ પુસ્તકમાં જુની હકીકત મહેરબાન અલેકઝાન્ડર કીન્લાક ફારબસ સાહેબની લોકપ્રીય રાસમાળાના તથા બીજા ઇતિહાસોના આધારથી લખી છે. જે જે હકીકત વધારાની દાખલ કરી છે તે બારોટોની દંતકથા ઉપરથી દાખલ કરી છે. પેઢીનામાં વગેરે બારોટના ચોપડા ઉપરથી તેમજ કેટલાક વૃદ્ધ અનુભવીઓથી મેળવીને લખ્યાં છે. ભૂગોળ સબંધી હકીકત પણ જેટલી બની તેટલી તજવીજ કરી દાખલ કરી છે. આ પુસ્તકમાં ખરી હકીકત મેળવવા મારાથી જેટલી બની તેટલી તજવીજ કરી છે. પણ લખાએલી હકીક્ત પૈકી તેના ખરાપણા વીશે હું ખાત્રીપૂર્વકનો જવાબદાર થવા હીંમત કરી શકતો નથી.

આ પુસ્તક લખવું શરૂ કર્યા પછી ઘણીજ લાંબી મુદતે તેને પ્રસિદ્ધ કરવાનો વખત મળ્યો છે. જે જે હોંશીલા વાઘેલા ઠાકોરો તથા ભાયાતો આ

પુસ્તક છપાયેલું જોવાને આતુર હતા, તે પૈકીના કેટલાક દેવલોક પામ્યા છે, તેમને વાસ્તે હું ઘણોજ દીલગીર છું.

આ પુસ્તકમાં લખાએલી હકીકત સબંધી કોઇ સુજ્ઞ પુરૂષને ભૂલચુક માલમ પડે તો મારા તરફ લખી મોકલવા કૃપા કરશો કે બીજી આવૃત્તી વખતે તેમાં સુધારો કરી શકાય. કારણ આ પુસ્તક ખામી વગરનું છે એમ હું કહી શકતો નથી. આ પુસ્તકનાં પ્રૂફ તપાસવામાં તથા જેમ બને તેમ શુદ્ધ કરવામાં હિતેચ્છુ પ્રેસના અધીપતિ રા. રા. હરિપ્રસાદભાઇ પીતાંબરદાસે ઘણો શ્રમ લીધો છે માટે તેમનો ઉપકાર માનું છું.

લી. કૃષ્ણરામ ગણપતરામ.

વાઘેલા વૃતાંત કર્તા.

મીતી સંવત ૧૯૭૦ ચૈત્ર શુદી ૧૫ વાર શુક્ર.

તા. ૧૦ મી માહે એપ્રીલ સને ૧૯૧૪

મુ. જંબુસર

શાર્દુલ વિક્રીડીત છંદ.

શ્રી સૂષ્ટા શુભ નામી સ્વામી સઘળે વ્યાપી રહ્યા વિશ્વમાં,
ત્રાતા પૂર્ણ પ્રભાવ વીણુ ન બને કાર્યો કશાં કારમાં;
છો દેવેશ દયાનીધિ દુઃખહરા દારીદ્ર સંહારતા,
દાતા દીન તણુા દયાળ વિભુ રે દાખોજ ઉદારતા ૧
કાપોછો સૌ કષ્ટ સ્પષ્ટ રીતથી ભ્રષ્ટો તણું હે પ્રભુ,
આવે જે નીજ શરણુ ચર્ણ ગ્રહીને તારો તમે તે વિભુ;
એવા અંતર્યામી ખામી ન મળે નામી બહુ ઈષ રે,
જામી જેહ નકામી તો કઠીણુતા ટાળો ગુણાધીશ રે. ૨
વિશ્વેશા મમ રંકને વિમળ તો વાણી વડી આપશો,
ધારૂં શુભ વિવેક નેક ભરીયો પોતા તણો સ્થાપશો;
વિદ્યાવંત વધુ નથી વળી નથી જ્ઞાની ઘણો નાથજી,
આશા આપ તણી અતી ઉરવિશે ધારી કૃપા નાથજી. ૩
વાઘેલા શુભ વંશ અંશ સુર છે ક્ષત્રી તણા સર્વદા, .
કીધું નીર્મળ રાજ હિંદ ભુમીમાં ટેકી પુરા છે સદા;
આરંભુંજ ચરીત્ર પ્રીત ધરીને ગાવા ગુણો રાયજી,
થાશો શ્રી જગદીશ સ્હાય મુજને પ્રીતે નમું પાયજી. ૪

છપ્પા.

ભારદ્વાજ પવિત્ર, ગોત્ર છે પ્રસિદ્ધ માનું;
માધ્યંદીની અવટંક, વેદ તો યજુર પીછાનું.
અસમ નીમ ને ધવળ, પ્રવર આ ત્રણે છાજે;
કુળદેવ્યા વિખ્યાત, ક્ષેમ કલ્યાણી રાજે.
વળી સુરજવંશી ભૂપ છે, ભૈરવ ગોરો જાણુશો;
વર્ણુજ અગ્ની પવિત્ર તો, કાશી ક્ષેત્ર પ્રમાણુશો. ૧
વ્યાઘ્રદેવી વિખ્યાત, ખ્યાત અવનીમાં જેની;
પૂર્ણ પ્રસિદ્ધજ માત, વંશ વાઘેલા કેરી;
રક્ષણુ પોતે કરી, વંશ રાખ્યો છે સ્નેહે,
વાધ્યો પૂર્ણ પ્રભાવ, વંશ વાઘેલા છે તે.
ગુર્જર ગાદી ભોગવી, પ્રથક પ્રથકના ઈશ છે;
વર્ણવું હું વિસ્તારથી, વિમળ સુવંશ પ્રસિદ્ધ જે. ૨

હરીગીત છંદ.

વાઘેલ કુળના ભુપતિ, મે આપના વડીલો તણી,
કીર્તી કથી છે હોંશ ધારી, જેહ સમ પારસમણી;
અવલોકશો ધરી ખત આપ, પ્રતાપ પૂર્વજના અતી,
કીધેલ કામો સુરનાં, હુ શું વખાણું મુખથી. ૧
વીર ધરતા ધીર, બાહુ બળ વિશે પ્રોઢા હતા,
પ્રતિપાળ ગૌ ને દ્વીજના, અવની ઉપર તે રાજતા;
દુશ્મન સમીપે સિંહ સરીખી, ગર્જના મુખે કરે,
નમનાર આગળ તેથી વધુ તો, નમ્રતા મુખ આદરે. ૨
ભાટ ચારણ દ્વીજ વરને, કલ્પ વૃક્ષ રૂપી હતા,
જળ માગતા પય લાવીને, મુખ આગળે ઝટ આતપા;
કીર્તી વધી છે તે તણી, અવની પરે તો આસમે,
જસ વ્યાપીયો જે વિશ્વમા, રહેશે અચળ તા સૌ સ્થળે. ૩
પંડીત કવીનું પારખું, પરીપૂર્ણ તે કરતા દીસે,
વળી નવીન ગ્રંથ નિહાળતા, આનંદ ધરતા ઉર વિશે;
ગ્રામ ગ્રાસો આપીને, દુઃખ કાપતા પંડીત તણાં,
કીધી પરિક્ષા કારમી, ગ્રંથાવલલોકન તો ઘણા. ૪
ભાટ ચારણ તણી સુણીને, ભરી ભભકે વાણી તો,
ગામ વાટા આપીયા દુઃખ કાપીયાં દીન જાણી તો;
વૃતાંત આ વાઘેલનો, નીજ પુર્વજોની કીરતી,
દેખાડનારો આયનો, નહી ફેર જાણો તો રતી. ૫
પુર્વજ પરાક્રમ સુણીયાં, ધન્ય ભાગ્ય તેનું જાણજો,
પુર્વજ પરાક્રમ સુણુતા, કૃતાર્થ તેને માનજો,
પુર્વજ પરાક્રમ સુણશે, સૌ કષ્ટ તેના વામજો,
પુર્વજ પરાક્રમ સુણતા, ભય વ્યાધી તો લય પામજો. ૬

દોહરા.

કીર્તી કથનો છે કર્યા, ઉર ધરી નવ ભ્રાંત;
સજજન સ્નેહે વાચશો, વાઘેલા વૃત્તાંત. ૧

ગુર્જર પતિ ગુણીયલ હતા, દયા ધર્મ ધરનાર;
કામ કીધા પરમાર્થનાં, તેહ કીધો વીસ્તાર. ૨

ક્ષત્રી વર્ગ વાઘેલના, વાચો કરી વીચાર;
પુર્વજ કીરતી સુણવા, ધરશો મનમા પ્યાર. ૩

શ્રી વાઘેલા વૃત્તાન્ત.

શ્રી જગતનિયંતા પ્રભુ જેઓ ક્ષીર સાગરમાં શેષનાગ ઉપર શયન કરી પોઢેલા છે તેઓના નાભીકમળથી બ્રહ્મા ઉત્પન્ન થયા તેમણે સૃષ્ટી ઉત્પન્ન કરી. કોઇ વખત અધર્મીઓથી કંટાળી પૃથ્વી બ્રહ્માને શરણે ગઇ, ને અધર્મીઓના ભારથી પોતાને મુક્ત કરવા સ્તુતી કરી, જે વખતે બ્રહ્મા હથેળીમાં જળ લેઇ સૂર્યનારાયણને અર્ઘ આપતા હતા, જેથી તેમણે પૃથ્વીની સ્તુતી સાંભળીને તેના દુઃખનો નાશ કરનાર કોઈ પરાક્રમી ક્ષત્રી ઉત્પન્ન કરવાની પોતાના મનમાં ઇચ્છા કરી. તેમની ઇચ્છાની સાથેજ હથેળીના ચાપુઆમાં જે અર્ઘ આપવાનું જળ હતું તેમાંથી તમામ આભૂષણ, સુશોભીત વસ્ત્ર ને તમામ આયુધો ધારણ કરેલો એક વીર ક્ષત્રી ઉત્પન્ન થયો. ને તેણે બ્રહ્માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાને પ્રગટ કરવાનું કારણ પુછયું. બ્રહ્માજીએ તેને પૃથ્વી ઉપરના અધર્મીઓનો નાશ કરવાની આજ્ઞા કરી કાશીપુરી ને તેની આસપાસના પ્રદેશનું રાજ્ય આપ્યું.

પોતાની હથેળીના ચાપુઆમાંથી ઉત્પન્ન થવાના કારણથી તેનું નામ ચૌલુક્યદેવ પાડયું. આ વીર ક્ષત્રી પુરૂષે આજ્ઞા મુજબ અધર્મીઓને હરાવી પૃથ્વીનો ભાર કમી કર્યો. તેના વંશમાં કેટલીક પેઢીએ સોળંકદેવ નામે પરાક્રમી રાજા થયો જેણે પોતાના નામ ઉપરથી પોતાના વંશજોનું સોળંકી એ નામ ધારણ કર્યુ. જેથી તે વખતથી એ વંશના ક્ષત્રી સોળંકીઓની શાખાથી પ્રસિદ્ધ થયા ને તેઓનું રાજ્ય ઉત્તરમાં કનોજની નજીકના ટુકટોડા (મથાવતી) જેને કલ્યાણનગર કહેતા તેમાં હતું. તેમજ તેમની એક શાખા દક્ષિણ હિંદુસ્તાનમાં પણ વશી હતી.

એ વંશમાં કલ્યાણનગરમાં મહાપ્રતાપી ભુવડ નામે રાજા ઈ. સ. ૯૯૬ સંવત ઉપરના અરસામાં રાજ્ય કરતો હતો. તેણે પોતાના પરાક્રમથી ઘણા દેશો જીતીને ત્યાંના રાજાઓને પોતાને ત્યાં ખંડણી ભરતા કર્યા હતા એ સ-

જાની પાસે સોળ પટાવત ઘણા પરાક્રમી ને હિમ્મતવાન હતા. તેમનાં નામ મીર, ચંદ, દ્રઢ, ભટ્ટ, વેદ, સિંહ, વીર, સિંધુ, ગીરી, ધીંગ, સામત, ધીમત, ધન્વી, પટ્ટ, ભીમ અને મહારથી હતા. આવા શુરવીર સાંમતો હોવાથી ભુવડરાજા ભાગ્યશાળી ગણાતો હતો ને તેઓના પરાક્રમથી ભુવડનું રાજ્ય શુકલ પક્ષના ચદ્રની પેઠે દરરોજ વૃદ્ધિ પામતું હતું.

ગુજરાતની ગાદી ઉપર એ વખતમા ચાવડા વશનું ભૂષણ જયશિખર નામે રાજા રાજ કરતો હતો. તે પણ મહાપરાક્રમી ને બળવાન હતો. તેની રાણીનું નામ રૂપસુંદરી. તે શાણી ને પતિવ્રતા હતી, ને એ રાણીનો ભાઇ સુરપાળ ઘણો બહાદુર ને ક્ષત્રી કુળને દીપાવનાર યોદ્ધા હતો

ભુવડ રાજાએ ગુજરાતની કીર્તી એ દેશના શકર નામે કવી પાસેથી સાભળી તે દેશ જીતવાની ઇચ્છા થવાથી પોતા પટાવત મીરને ઘણી ફોજ આપીને મોકલ્યો, પણ સુરપાળે દગાથી તેની ફોજ ઉપર છાપો માર્યો જેથી મીરને હારીને પાછા જવું પડયુ. આ અપમાનથી ભુવડ પોતાના પટાવતો તથા બેસુમાર સૈન્ય સાથે આવ્યો ને જયશિખર પાસેથી ગુજરાતનું રાજ્ય જીતી લીધું. એ લડાઇમા જયશિખર સ્વર્ગે ગયો. તેની રાણી રૂપસુંદરી જે સગર્ભા હતી તેને તેનો ભાઈ સુરપાળ અરણ્યમા મુકી આવ્યો જ્યા ભીલડીઓએ તેનું રક્ષણ કર્યું. સવત ૭૫૨ ના વૈશાખ શુદી ૧૫ ને રોજ ગુર્જરપતિની મહારાણી પતિવ્રતા રૂપસુંદરીને કુંવર જન્મ્યો. તે કુંવરનું નામ જૈન સાધુ શિલગુણસુરીએ તેમનો જન્મ વનમા થવાથી વનરાજ પાડ્યુ ને બાળપણમા પોતે રક્ષણ કરી પાસે રાખ્યો. ને તે પછી વનરાજ પોતાના મામા સુરપાળની પાસે ઉછરી યુદ્ધની તાલીમ લેઈ ભુવડ રાજાના સરદારો સામે બહારવટાં કરવા લાગ્યો, ને ઘણોજ પરાક્રમી નિપજ્યો.

ભુવડ રાજાએ ગુજરાતનું જીતેલું રાજ્ય પોતાની દીકરી મીનળદેવીને જીવાઇમા આપ્યું હતું, ને તેના રક્ષણ સારૂ એક સારો કારભારી નીમી સ્વદેશ ગયો હતો.

પોતાની વૃદ્ધાવસ્થામાં ભુવડ રાજા તીર્થયાત્રા કરવા નીકળ્યા ને ફરતા ફરતા માળવામા પધાર્યા ત્યારે મહાકાળેશ્વર મહાદેવની પુજા શેવાના ખરચસારૂ આખા માળવા દેશની ઉપજ શિવાર્પણ કરી હતી. તેમજ આબુનો દેશ તેના રાજા પાસેથી જીતી લેઇ તે દેશની ઉપજ અચળેશ્વર મહાદેવની શેવામા અર્પણ કરી તે બન્ને દેશના રક્ષણનુ કામ ત્યાના રાજ્યકર્ત્તા જેઓને પોતે જીતી લીધેલા હતા તે પરમાર રાજાઓને સોપ્યું હતું.

ભુવડ રાજાનો પાટવી કુંવર કરણુ હતો, તે પણ પરાક્રમી હતો. તેના પછી તેનો કુમાર ચંદ્રાદિત્ય રાજા થયો; તેની ગાદી ઉપર કુમાર સોમાદિત્ય જે નીતીનો ભંડાર હતો તે રાજા થયો; તેના પછી ભુવનાદિત્ય જે ભુવડથી ચોથી પેઢીએ હતો તે ગાદીપર બેઠો. આ ભુવનાદીત્યને રાજ, બીજ ને દંડક નામે ત્રણ કુમાર હતા. બીજકુમાર આંખે દેખતા નહોતા, પણ બહુજ ચતુર ને ઘોડાની પરીક્ષાનો શાળીહોત્ર નામનો ગ્રંથ શીખેલા હતા જેથી ચક્ષુ નહોતાં તોપણુ ઘોડાની પરીક્ષા કરી જાણુતા હતા.

એક વખત રાજ તથા બીજકુમારને પોતાના પીત્રાઇઓ સાથે કાંઇ કજીઓ થતાં તેમના હાથે પીત્રાઇનું ખૂન થયું તેથી ગોત્રઘાતની હત્યાના પ્રાયશ્ચિત સારૂ તેઓ શ્રી કાશીક્ષેત્રથી ગંગાજળની કાવડો ભરી સાધુના વેશે પોતાના ખભા ઉપર ઉચકી દ્વારકામાં શ્રી રણછોડરાયને ચઢાવવા સારૂ નિશ્ચય કરી પોતાના રાજમાંથી કાશીક્ષેત્રમા ગયા. ત્યા એક વરસ રહી ખુબ દાન પુન્ય કરી આખા કાશી નગરને જમાડયુ અને શેલડીનો વાઢ કરાવી તે પાકટ થઇ ત્યારે બ્રાહ્મણો પાસે લુંટાવી દીધી; અને પછી કાવડો સાથે ચાલ્યા, તે ગુજરાતમાં પાટણુ આવી શહસ્રલીંગ તળાવની પાળે ઉતર્યા. જે વખતે ગુજરાતમાં ચાવડા વંશના વનરાજ મહારાજના કુળના છેલ્લા રાજા સામતસિંહ ચાવડાનું રાજ્ય હતું, તેનો એક ખાસદાર રાજાની સભર ઘોડીને પાણી પાવા સરોવર ઉપર આવ્યો. રાજ તથા બીજના ભગવા પોશાકથી ઘોડી અચકાઇને ઉભી રહી તેને ચલાવવા ખાસદારે ચાબુક માર્યો, જેના અવાજથી બીજ સોળકીએ ખાસદારને ઠપકો દેઇને કહ્યુ કે ઘોડીને તે જે ચાબુક મારી તેથી ઘોડીના પેટમાં જે પંચકલ્યાણી વછેરો છે તેની ડાબી આખ ફોડી નાંખી. ખાસદારને આ બીના નવાઇ જેવી લાગી, ને મુકામે આવી સામતસિંહને આ વાત કહી. સામતસિંહ દારૂ અતીશય પીતો હતો. આ વાતથી તેણે બીજને કોઈ મહાત્મા જાણી સામતસિંહ તેમની પાસે આવ્યો ને તેમની આકૃતિ ને ભવ્ય ચહેરો જોઇ ચેતી ગયો કે આ કોઈ પ્રતાપી પુરૂષ છે. જેથી તેમની સાથે શરત કરી કે જો તમારા કહેવા મુજબ ઘોડીને ડાબી આંખ ફુટેલી એવો પંચકલ્યાણી વછેરો અવતરશે તો મારૂં અરધું રાજ્ય તમોને આપીશ ને મારી બહેન લીલાદેવી (સેનાજી) પરણાવીશ. પણ જો વાત જુઠી ઠરશે તો તમારી પાસેનું સર્વસ્વ ખુંચી લેઈ ગરદન મારીશ. રાજ તથા બીજે આ વાત કબૂલ કરી અરસપરસ લખાણુ કરી લીધું ને તેઓ ત્યાં રહ્યા. થોડા દિવસે બીજે કહ્યા મુજબ ઘોડીને પંચકલ્યાણી પણ ડાબી આંખ ફુટેલો એવો વછેરો અવતર્યો.

આ પ્રમાણે થવાથી સામતસિંહે તેમને અરધું રાજ્ય આપવા કબૂલ કર્યું

પણ નાત જાત જાણ્યા શિવાય પોતાની બહેન પરણાવવાની સાફ ના કહી. પણ જ્યારે રાજ તથા બીજ તરફથી તેના જાણવામાં આવ્યું કે તેઓ સોળકી વશના કુળભૂષણ ભુવડ રાજાના વશજ છે ત્યારે તે ઘણો ખુશી થયો ને પોતાની બહેન લીલાદેવી જેનું બીજું નામ સેનાજી હતું તે બીજની ભલામણથી તેના ભાઇ રાજ સાથે પરણાવ્યા. બીજ પોતે આધળો હોવાથી પોતાને પરણવાની ઇચ્છા ન હોવાથી રાજ સાથે લગ્ન કરાવ્યું.

આ પ્રમાણે સબંધ થવાથી બન્ને ભાઈ ત્યા કેટલીક મુદત રહ્યા. એ અરસામા લીલાદેવી (સેનાજી) સગર્ભા થયા ને પુત્ર પ્રસુતીની વેદનાથી મરણ પામ્યા; જેના ગર્ભાશયમાથી કુવરને કાઢી લીધો. આ કુમારનો જન્મ મૂળ નક્ષત્રમા થવાથી તેનું નામ મૂળરાજ પાડવામા આવ્યું. ચાવડા રાજા સામતસિંહ ને પુત્ર ન હોવાથી આ પ્રતાપવાન ભાણેજને પોતાનો દત્તક કરી લીધો. મૂળરાજ ઉદય પામતા સૂર્યના જેવો પ્રતાપી હતો, ને તેના પ્રભાવથી બાલ્યાવસ્થામા સર્વને પ્રીય લાગી ઘણી પ્રખ્યાતી પામ્યો હતો.

સોળકી રાજકુમાર રાજ પોતાના રાણી સ્વર્ગે જવાથી અત્યત દિલગીર થયા ને પોતાના ભાઈ બીજને સાથે લેઇ દ્વારકાની યાત્રા કરવા સારૂ નીકળ્યા. માર્ગમા જતા તેઓ કચ્છ દેશમા આવ્યા તે વખતે ત્યા લાખા ફુલાણી જાડેજાનું રાજ્ય હતું. લાખાનો માનીતો ઘોડો નામે પાખુપસર (પાખોની પેઠે ચાલનાર) ત્રણ પગે ઉભો રહી એક પગ અદ્ધર રાખી લુલો ચાલતો તેની ઘણા હકીમો પાસે દવા કરાવેલી પણ આરામ થતો નહોતો; જેથી રાજા ઘણો ઉદાસ રહેતો. બીજ ઘોડાનો પરીક્ષક છે એમ જાણી તે આનંદ પામ્યો ને ઘોડો તેમને બતાવ્યો. બીજને જણાયું કે ઘોડાને સ્વપ્ન ઘા લાગેલો છે એટલે ઘોડો ઉભો ઉભો ઉંઘતો હશે ત્યારે તેને સ્વપ્નમા એવો ભાસ થએલો કે તે લડાઇમાં ગએલો ત્યા જેને એક પગમા ગોળી વાગેલી છે. આવા ડરથી ઘોડો હમેશાં ગોળી વાગેલા માની લીધેલા લુલા પગને ઊચોને ઊચો રાખતો. બીજ સોળકીએ એક વખત ઘોડો ઉભો ઉભો ઉઘતો હતો ને પગ ઊચો રાખી રહ્યો હતો તેજ વખતે લાખાને કહી એકદમ લડાઇનો ડકો દેવરાવ્યો ને તમામ લડાઇનાં વાજા વગડાવી લઢાઇના જેવોજ સોરાસોર કરી મુકયો. ઘોડાએ એકાએક જાગ્રત થઇને લડાઇમા જવાના શૂરમાં પોતાનો લુલો ગણાતો પગ જમીન ઉપર મુકી દીધો. તેવોજ બીજ સોળકીએ તેને તેલ વગેરેનું મરદન કરાવી ગોઠવ્યો ને ઘોડાની બીક ભાગી ને પગને આરામ થયો. આથી લાખોફુલાણી ઘણો ખુશી થયો. ને પાટણનો તેમની ચાવડા સાથની સગાઇનો

સંબંધ જાણી પોતાની બહેન રાયાંજીને રાજ સોળંકી સાથે પરણાવી. ને બંને ભાઇઓ લાખાના દરબારમા આનંદથી રહ્યા.

રાજ સોળંકીથી લાખાની બહેન રાયાંજીને રાકાયત નામે કુમાર ઉત્પન્ન થયો. એક દિવસ એક બીજાના કુળની ચરચા થતાં સાળા બનેવી વચ્ચે મોટો કજીઓ થયો. સોળંકીએ પોતાનું કુળ શ્રેષ્ઠ કહ્યું ને લાખો જાડેજાનાં વખાણ કરવા લાગ્યો. તેના પરિણામમા લાખાએ પોતાના બનેવી રાજ સોળંકીનું માથુ કાપી નાખ્યું. ને આધળો બીજ સોળંકી ત્યાંથી નાશી પાટણના દરબારમાં પોતાના ભત્રીજા મૂળરાજ પાસે ગયો. લાખાની બહેન પોતાના સ્વામીની પછવાડે સતી થઈ સ્વર્ગમા ગઈ. રાકાયાત પોતાના મામાના રક્ષણમા ઉછરવા લાગ્યો. કહેવાય છે કે એક વખત રાજ, બીજ અને લાખો કેરાકોટ પાસે પાધરવાડી નામના બાગમા સોકટા બાજી રમતા હતા, તેવામા અતિતની જમાત નજીક થઈને જતી હશે, તેમણે ડંકો વગાડયો. લાખાએ પૂછ્યું કે આ મારા પાદરમા મારી રજા શિવાય ડંકો કોણે વગાડયો? જેની તજવીજ કરી નોકરોએ કહ્યું કે અતિતની જમાતમા વાગે છે, જેથી તે ડંકો ફોડી નાખવા હુકમ આપ્યો અને નગારૂં ફોડી નખાવ્યું. જેથી રાજકુમારે તેમને ઠપકો દીધો કે બિચારા અતિતનું નગારૂં શા સારૂ ફોડાવ્યું? લાખે કહ્યુ કે મારા પાદરમાં મારી રજા શિવાય વગાડવા દેઉં નહીં. રાજે પૂછ્યું કે કોઈ જોરાવર વગાડાવે તો શું કરો? લાખે તેનું પણ ફોડી નાખવા હિમ્મત સાથે કહ્યું. તે વખત રાજે કાંઈ જવાબ દીધો નહીં. પછી પોતે બંને ભાઈ ત્યાથી દ્વારકાની યાત્રા સારૂ ગંગાજળની કાવડો સાથે ગયા, ત્યા ગંગાજળ રણછોડજીને ચઢાવી બહુ દાન પૂન્ય કર્યાં, ગોમતીમા સ્નાન કર્યું, સાત વાર બધી દ્વારકા જમાડી. પછી ત્યાંથી પાછા આવતાં કેરાકોટ આગળ પોતાનો ડંકો વગાડયો. લાખો સામો લઢવા આવ્યો. લઢાઇમા રાજ સોળંકી પોતાના બસે રજપુતો સાથે લઢયો પણ આખરે બધા મરાયા. બીજ પાટણ મૂળરાજ પાસે ગયો. રાજની જાડેજી રાણી રાયાંજી પતિ સાથે સતી થયા, ને રાકાયાત પોતાના મામા લાખાની પાસે રહ્યો.

પાટણમાં મૂળરાજ યોગ્ય ઉંમરનો થવાથી તેના કાકા બીજ સોળંકીએ તેને પોતાના મામા સામતસિંહજી પાસેથી અર્ધા રાજ્યની માગણી કરાવી. જેના જવાબમા સામતસિંહે કહ્યું કે મેં તારા પીતાને "લીંબુ ઉછાળ" રાજ આપ્યું છે, માટે એક લીંબુ હાથમાં લેઇ તેને જોરથી આકાશ તરફ ઉછાળવું. તે નીચે જમીન ઉપર પડે તેટલીજ મુદત રાજ ભોગવવું એવું હમેશ કરવાને વાસ્તે આપેલું છે. માટે તે પ્રમાણે તારે રાજ ભોગવવું હોય તો મારી ખુશી છે.

આવા સામતસિંહના જવાબથી બીજ સોળંકીએ મૂળરાજને શિખવ્યું કે તારે હમેશાં લીંબુ ઉછાળી ગાદી ઉપર બેસવું ને લીંબુ પાછું પડતા અગાઉ રાજ્યના કોઈ મોટા સરદાર, કારભારી, ઉમરાવ વગેરેને જાગીર કે રોકડ ઇનામ આપવા ફરમાવવું. તું રાજા હોવાથી તારૂં કરેલું મંજુર ગણાશે. આ પ્રમાણે બીજ સોળંકીની શિખવણી મુજબ મૂળરાજે રાજ્યના મોટા મોટા સરદારો વગેરેને જાગીરો તથા બક્ષીસો આપવા માંડી, તેથી રાજ્યના તમામ સરદારો વગેરેનો મૂળરાજ ઉપર ઘણોજ પ્રેમ વધ્યો. તેઓને લાગ્યું કે મૂળરાજ જો ગાદીપતિ થશે તો તે મહાન, ઉદાર ને બૂજ જાણનારો રાજા નીવડશે.

વળી બીજ સોળંકીએ મૂળરાજને શિખવ્યું કે તારે માંસના ટુકડા કરી તારી પાસે હમેશાં રાખવા ને ચાલતાં ફરતાં તે કડકા ઉછાળવા જેથી ગીધ, ગરજણ, કાગડા વગેરે માંસાહારી પક્ષીઓ તારા માથા ઉપર હમેશ માંસની લાલચે ભમ્યા કરશે. આ પ્રમાણે મૂળરાજે માંસાહારી પક્ષીઓને પોતાના માથા ઉપર ભમ્યા કરવાની કળા અજમાવી.

એક વખત મૂળરાજે ગાદી ઉપર બેશી લોહીવાળું લીંબુ કરી ઉછાળ્યું, તે તેના માથા ઉપર ભમનારૂં માસાહારી પક્ષી તેને માસનો લોચો સમજી અદ્ધરથી ઝડપી લેઇ ચાલ્યું ગયુ, જેથી લીંબુ ભોંય ઉપર પડયું નહીં. સામતસિંહે મૂળરાજને ગાદી ઉપરથી ઉઠવા કહ્યું. મૂળરાજે જણાવ્યુ કે આપણી શરત મુજબ જયા સુધી લીબુ જમીન ઉપર પડેલું બતાવો નહીં ત્યાં સુધી ગાદી ઉપરથી ઉઠીશ નહીં. આવા જવાબથી તકરાર થઇ ને સામતસિહે તેને જોરજુલમથી ગાદીએથી ઉઠાવવા પ્રયાસ કર્યો, પણ સામતસિહનું તમામ કારભારી, સરદાર વગેરે મંડળ મૂળરાજના લાભમા ફરેલું હતું, જેથી મૂળરાજે પોતાના મામાની તથા નજીકના તેમના ભાયાતો વગેરેની કતલ કરાવીને ૭૫૦ ચાવડાઓનો નાશ કરાવી પોતાના સોળકી વંશની પાટણની ગાદી ઉપર સ્થાપના કરી રાજ્યાસન ઉપર સવત ૯૯૮ ઇસ્વીસન ૯૪૨ મા બેઠો.

સોળકીઓના ઇતિહાસ લખનાર કહેછે કે, તે ચાવડાઓ ગર્વિષ્ટ, પાપી, મદીરાપાન કરનાર, લોકોને દુઃખ દેનાર અને બ્રાહ્મણો તથા દેવોનો તિરસ્કાર કરનાર હતા, માટેજ મૂળરાજે તેમનો નાશ કર્યો. દતકથાથી એમ પણ જણાય છે કે સામતસિંહની હયાતી સુધી, ભુવડે ગુજરાત જીત્યું ત્યારથી તે મૂળરાજે રાજ કબજે લીધું ત્યાસુધી, ચાવડાઓ ગુજરાતનું રાજ્ય કરતા, પણ તે ભુવડના વંશજોના ખંડીઆ તરીકેજ હતા, જેથી મૂળરાજે રાજ્ય લીધું તે ગેરવ્યાજબી રીતે ગણાય નહી.

મૂળરાજે સંવત ૯૪૮ ની સાલમાં પાટણની ગાદીએ સોળંકી વંશની સ્થાપના કરી. પોતે ગાદી ઉપર બેઠો, તે અરસામાં તેના ઉપર અજમેરના રાજાએ તથા તેલંગણના સેનાપતી બાર્પે ચઢાઇ કરી. મૂળરાજ બરોબર સમજુ ને વિચારવત હતો. તેણે ધાર્યું કે મારાથી એકી વખતે બંનેને જીતી શકાશે નહીં, જેથી અજમેરના રાજા સાથે મૈત્રી કરી તેને રાજી કર્યો, ને તૈલગણના સેનાપતી બાર્પને હરાવ્યો.

કચ્છમાં રાજ સોળકીનો નાનો કુમાર રાકાયાત જેનું બીજું નામ ગંગામહ પણ હતું તે મૂળરાજનો ઓરમાન ભાઈ પોતાના મામા લાખા ફુલાણીના દરબારમાં ઉછરી મોટો થયો. તે ઘણો બુદ્ધિમાન, હિમ્મતવાન ને પરાક્રમી હતો. પોતાના બાપને પોતાના મામાએ મારેલો એ વાત તેના જાણવાંમાં આવી ત્યારથી તેના મામા ઉપર તેને બહુ રીસ હતી, પણ તે બહારથી દેખાડતો નહીં. પૂખ્ત ઊમરનો થતાં તેનું લગ્ન કરાવવામાં આવ્યું ને પ્રભુકૃપાથી રાકાયાતને ત્યાં પણ એક કુમારનો જન્મ થયો હતો. દતકથાથી જણાય છે કે કચ્છના રાવ લાખાને સમુદ્રમાં બેટમા નિવાસ કરનાર પરી સાથે પ્રેમ બંધાએલો હતો; જેથી લાખો દર રવીવારે બેટમાં પરી પાસે જતો હતો. કોઇક વખત અનિવાર્ય હરકતને લીધે જઈ શકાતું નહીં તો બાળકની પેઠે મોટે સ્વરે રૂદન કરતો; ને તે રૂદન દરમિયાન રડવાનું તેને કોઈ કારણ પુછતું તો તેને ગરદન મારવાની શિક્ષા કરતો હતો. આવો તેનો દૃઢ નિશ્ચય હતો.

એક વખત રવીવારે ન જઇ શકાવાથી લાખો નિયમ મુજબ રોતો હતો તે વખતે ભાણેજે આવી મામાને રોવાનું કારણ પુછયુ. જવાબ ન મળવાથી બે ત્રણ વાર પુછયુ. લાખે શાન્ત થયા પછી પોતાના પ્રધાનને બોલાવી પોતાના નિયમનો ભંગ કરનાર ભાણેજને મારી નંખાવવાની આજ્ઞા કરી. પ્રધાને રાજાને સમજાવી હત્યા ન કરતાં ભાણેજને સમુદ્રમાં નંખાવી દેવાની સલાહ આપી. રાજાએ તે કબૂલ કરી એક ભાગી તુટી હોડીમાં બેસાડી રાકાયાતને સમુદ્રમાં હડસેલી મુકાવ્યો.

રાકાયાત હિમ્મત નહીં હારતાં નાવડાને હલેસાથી હાંકી પ્રભુ સાનુકુળ હોવાથી એક બેટમાં જ્યાં રાવ લાખાની માનીતી પરી (અપ્સરા) રહેતી હતી, તેજ બેટ ઉપર જઇ ચઢયો. નાવડામાંથી ઉતરી બેટમાં જતાં અલૌકિક મહેલ ને તેમાં સ્વર્ગપુરી જેવી રચના જોઇ બહુ રાજી થયો; ને નિઃશંક તે મહેલમાં પેઠો, તો ત્યાં રત્નજડીત હિંદોલા ઉપર એક અપ્સરાને તમામ વસ્ત્રાભુષણ સાથે સજ્જ થએલી બેઠેલી દીઠી. રાકાયતને જોતાંજ તેણે આવો ભાણેજ તમો ક્યાંથી

ભુલા પડ્યા, આવા મિષ્ટ શબ્દોથી બોલીને ખરા અંતઃકરણથી તેનો આદર-સત્કાર કર્યો.

પોતાને આવા વિકટ ને ભયંકર બેટમાં ભાણેજ તરીકે પીછાનવાવાળું કોણ હશે, એમ વિચારમા તે આશ્ચર્ય પામ્યો. પછી જ્યારે મામી તરફથી પોતાને ઓળખાણ મળ્યુ ત્યારેજ પોતાના મામાના રડવાનો ખરો હેતુ તે સમજ્યો. કેટલાએક દિવસ મામી પાસે બેટમા સુખચેનમા ગાળ્યા. પછી મામીને એક વખત થોડી મુદતને વાસ્તે ક્યાંઇક જવાનું હોવાથી તેણે ભાણેજને ત્યાં રહેવા કહ્યું. પણ અંદરનો ઓરડો જે બંધ હતો તે ઉઘાડવાની સખત મનાઇ કરી. તેનું કારણ પુછતા તેણે જણાવ્યું કે એમાં જે ઉમદા પરી છે તે તમારા પોતાના વાસ્તેજ છે પણ તમારા મામાના કરતાં સવાયું પરાક્રમ કરી સ્વર્ગલોક પ્રાપ્ત કરો તોજ તમોને તે મળે.

અપ્સરાને લાખો સંસારની ખટપટમા ગુંચવાઇ પોતાનાથી ઘણીવાર જુદો રહે તે પ્રિય નહોતું, જેથીજ તેણે લાખો કોઇ લડાઇ લઢી સ્વર્ગમા આવે તે હેતુથી ને તે હમેશા પોતાના પતિ તરીકે પોતાનીજ પાસે રહે તે ઇચ્છાથી તેણે રાકાયતને ઉશ્કેર્યો. તુરતજ તેણે તે પ્રમાણે કરવાની કબુલત આપી મામીની રજા લેઇ ત્યાથી નીકળ્યો ને તેનીજ કૃપા ને સહાયતાથી ટુંક મુદતમાં તે પોતાના મામાના પાટનગરમાં સુખ શાન્તીમા આવી પહોંચ્યો. તેને જોઇ લાખો આશ્ચર્ય પામ્યો, ને ભાણેજે પણ મામાને પ્રણામ કરી બેટની સર્વે હકીકત જાણી આવ્યો છે એમ મર્મમા જણાવ્યુ. પોતાની છાની વાત ભાણેજે જાણી એથી લાખો જરા ઉદાસ થયો પણ તેને તે વાત ગુપ્ત રાખવાની ઇશારત કરી પોતાની પાસે રાખ્યો.

રાકાયતના મનમા પોતાના મામાથી સવાયું પરાક્રમ કરી સ્વર્ગપદ પામી પરીને વરવાની અત્યંત આતુરતા હતી. જેથી તેણે યુક્તિ રચી, પોતાનો ઓરમાન ભાઇ મૂળરાજ સોળંકી જે ગુજરાતનો મહારાજ હતો તેને મળવાનો વિચાર કર્યો, ને પોતાના મામાની માનીતી ઘોડી ઉપર સંધ્યાકાળ પછી સ્વાર થઇ રાતમાં પાટણ આવી મૂળરાજને જગાડીને મળ્યો. ને પોતાનું ઓળખાણ આપીને કહ્યું કે હું તો મારા મામાનો આશ્રિત હોવાથી મારાથી કશું બની શકતું નથી પણ મારા મામાએ આપણા પિતાને માર્યા છે તેનું વેર લેવાને તમો કેમ ઉશ્કેરાતા નથી? એવો બોધ કરી લઢવા તૈયાર કર્યો. મૂળરાજે પૂછ્યુ કે આ લઢાઇમાં તમો કોનો પક્ષ કરશો? જેના જવાબમાં રાકાયતે કહ્યું કે મેં મારા મામાનો અત્યાર સુધી આશ્રય લીધો છે માટે હું તેમના તરફથીજ

તમારા સામો લડીશ પણ ખરા અંતઃકરણથી તમારો જય ઈચ્છીશ. આ પ્રમાણે વાતચીત કરી તુરત પાછો કચ્છમાં જઈ પરોઢ પહેલાં ઘોડી તેના ઠેકાણે બાંધી પોતાના મકાને જઇ સુઈ રહ્યો.

દરરોજના નિયમ મુજબ લાખો સવારમાં ઘોડારમાં આવી પોતાની ઘોડીની સંભાળ લેતો, તે પ્રમાણે આવી જોતાં ઘોડી શ્રમિત થએલી ને તેના કાનમાં ગુજરાતની ઉડેલી રેતી ચોટેલી જોઇ તેણે ખાસદારને ઘોડી સંબધી હકીકત પુછી કે આ ઘોડી કોણે છોડી હતી? ખાસદારે જણાવ્યું કે ભાણેજ રાકાયાત ઘોડી રાત્રે લેઇ ગયા હતા. જેથી તેને ખાતરી થઇ કે આ ઘોડી લેઇ જરૂર ભાણેજ પાટણ તેના ભાઈ મૂળરાજને મળી આવેલો હોવો જોઇએ. તેની ખાત્રી કરવા તેણે રાકાયતને પુછયુ. તેણે કબુલ કર્યું કે હું મુળરાજને મળી આવ્યોછું. ને તેઓ ફોજ સાથે થોડી મુદતમા તમારી સાથે લઢવા સારૂ જરૂર આવશે. લાખો પરાક્રમીને શુરવીર ક્ષત્રી, યુદ્ધનો ઘણો હોંશીલો હતો જેથી તેને પણ શુર ચડયુ ને પોતે પણ તૈયારી કરાવી. જુનાગઢનો રાજા ગ્રહરીપુ જે લુટારાનો ધંધો કરી ગીરનારના યાત્રાળુઓને તથા બીજાં તીર્થોના યાત્રાળુઓને હેરાન કરતો હતો ને કોઇથી વશ થતો નહોતો, તેને હરાવીને નરમ પાડવાને સોમનાથ મહાદેવે સ્વપ્નામા મૂળરાજ સોળંકીને દર્શન આપી આજ્ઞા કરી. જેથી મૂળરાજ ફોજ લેઇ પ્રથમ જુનાગઢ ગયો ને ગ્રહરીપુને લઢાઈમાં હરાવી તેને માર્યો.

રાવ લાખાને ગ્રહરીપુ સાથે મિત્રતા હતી ને મૂળરાજે ગ્રહરીપુને માર્યો તેથી લાખાને મૂળરાજ ઉપર ઘણો ક્રોધ ચઢયો ને પોતાની ફોજ સાથે કચ્છમાંથી નીકળી જુનાગઢ તરફ ચાલ્યો. સૈન્યમાં રાકાયત પણ સાથેજ હતો. મૂળરાજ પણ ગ્રહરીપુને મારી કચ્છમા જવા ચાલ્યો. તે બંને રાજાઓની ફોજ આટકોટ (જે રાજકોટ નજીક છે) ત્યાં ભેગી થઇ. બને ફોજો વચ્ચે ભયકર યુદ્ધ ચાલ્યુ. મૂળરાજને લાખો સામ સામા આવી ગયા તેવોજ મૂળરાજે લાખાને ભાલાનો ઘા જોરથી ઉગામ્યો તે જોઈ રાકાયત આગળ ધશી આવ્યો ને પોતાના વડીલ ભાઈનો ભાલો જે લાખાને મારવા ઉગામેલો તેનો ઘા પોતાના અગ ઉપર લાગવા દીધો પણ તે ઘા લાગતા અગાઉ પોતે પોતાના મામા લાખાને એવા જોરથી ભાલો માર્યો કે તેના ભાલાથી લાખાનો અને મૂળરાજના ભાલાથી રાકાયતનો પ્રાણ ગયા. આ રીતે આટકોટની લઢાઇમાં લાખો અને તેનો ભાણેજ બંને પરાક્રમ કરી સ્વર્ગમા પોતાની માનીતી પરીઓની સાથે સુખ ભોગવવા ગયા. આ બનાવ સવત ૯૦૧ ના કારતક સુદી ૩ ને શુક્રવારે બન્યો એમ વહીવચાથી જણાય છે.

આ વિશે એક બીજી પણ દંતકથા રાસમાળામા છે તે એવી કે લાખો તથા રાકાયાત (ગગામહ) પૂર્વ જન્મમા ઇંદ્ર રાજાની દરબારમા દેવલોક હતા. એક વખત અપ્સરાઓનો દેવ સભામા નાચ થતો હતો. તે વખતે આ બન્નેએ અપ્સરાઓની કાંઈ મશ્કરી કરી અને અપ્સરાઓએ પણ પ્રેમ દેખાડયો. આવી અસભ્યતા જોઇ ઈંદ્રે તેમને શ્રાપ દીધો કે તમે મૃત્યુલોકમા અવતરો. આ બે દેવોના કાલાવાલાથી ઈંદ્રે શ્રાપનો અનુગ્રહ કર્યો કે તમો પરાક્રમ યૂદ્ધમાં કરી કોઇ શૂરા ક્ષત્રીને હાથે મરણ પામી સ્વર્ગમા આવશો ને આ અપ્સરાઓ તમારી સ્ત્રીઓ થશે. એ લાખો દેવરૂપમાથી મનુષ્ય થયો ને રાકાયાત તેનો ભાણેજ થયો. એક વખત લાખો પોતે રડતો હતો ત્યારે રાકાયતે રોવાનું કારણ પૂછયુ. તેણે કહ્યુ કે તારા બાપને મે માર્યો, તેનું કારણકે મને પૂર્વ જન્મનું સ્મરણ છે જેથી મારે શૂરા ક્ષત્રીને હાથે મરવું છે. જેથી તે મને મારશે તે હેતુથી મેં તેમની સાથે લઢાઇ કરી પણ તે તો મરાયા હવે એવા કીયા પરાક્રમી સાથે લઢાઇ કરૂં કે જે મને જીતી શકે.

પછી રાકાયાતને વહાણમા બેસાડી સમુદ્રમાં મોકલ્યો તેને વહાણવાળાએ એક બેટ આગળ ઉતારી મૂકયો. પછી તે એક ભવ્ય બાધેલા મહેલમા ગયો, ત્યાં પરીઓ હીંદોળા ઉપર બેઠી હતી તેમાની બેએ ઉઠીને આવો ભાણેજ ભલે આવ્યા એમ સબોધી તેના દુખડા લીધા. ત્રીજી પરી ધુમટો કાઢી આઘી ઉભી રહી. રાકાયાતે પોતે તેમને ઓળખતો નથી એમ કહ્યુ તેથી તેમણે કહ્યુ કે અમો પરીઓ છીએ અને ઇંદ્રના શ્રાપથી આહી રહીએ છીએ. વળી એમ કહ્યું કે આ ધુમટો કાઢનાર તમારી સ્ત્રી છે માટે તમો યુદ્ધમા પરાક્રમ કરી સ્વર્ગમાં આવો તો મામા ભાણેજ અમોને વરો. પછી રાકાયાતે કચ્છમા શી રીતે જવું તેનો ખુલાસો પૂછ્યો જેથી પરીઓએ રાતમા તેને પલગમા સુતેલો કચ્છમા પહોચાડયો. વળી પરીઓએ તેને કહ્યુ કે એક જત્ર કોઈ કલીઆરને શીંગડે બાધજો જેથી સાત વરસ સુધી જેટલી જગોમા કલીઆર ફરશે તેટલી ધરતીમા દુકાળ પડશે જેથી લાખો બીજે ઠેકાણે જઇ રહેશે ત્યા પાટણના રાજાને હાથે મરશે; અને તમો પણ તે યુદ્ધમા સ્વર્ગે જશો. લાખાની રજા મગાવી પોતાના મામાને મળ્યો ને સર્વે હકીકત જણાવી. ગુપ્ત રીતે જત્રી કલીઆરને શીંગડે બાધ્યો ને સાત દુકાળ કચ્છમા પડયા. લાખો પોતાના સૈન્ય સાથે આટકોટમા રહ્યો. ત્યાર પછીની હકીકત મૂળરાજને હાથે લાખો મરાયો ત્યાંસુધીની ઉપરના વૃત્તાતને મળતી છે. લાખો મૂળરાજને હાથે મરાણો તેની સાબીતી એક કચ્છી દુહાથી જણાય છે: —

૪૦૫૬

અચી કુલાણી ફ્રેરથો, રારો મડાણું;
મૂળરાજ સાગ ઉપતી, લાખો મરાણું.

ઉગ્ર રીપુના નિગ્રહથી પોતાનું પ્રીય કરેલા એવા એના ઉપર તેજ ક્ષણે એ ત્રણુ દેવાગના સહિત દેવતાઓએ પુષ્પવૃષ્ટી કરી.

આટકોટ આગળ "લાખા ગરદી" નામની જગો પ્રસીદ્ધ છે ને કહેવાય છે કે ત્યા એક હજાર ખાભીઓ છે.

જે વખતે રાકાયત મરાયો તે વખતે તેની સ્ત્રીને એક પુત્ર ધાવણો હતો, બાઇ પતિવ્રતાને સતી હતી. પતિનું મરણ સાભળી તેને સત ચઢયુ ને પોતાના બાળ કુમારને વાઘેશ્વરી માતાના દેવળમા જગદબાને આશરે મુકી પોતે સતી થઇ બળી સ્વર્ગે ગઇ. કહેવાય છે કે જગદબાએ વાઘણુનું સ્વરૂપ ધારણુ કરી આ બાળકને ધવરાવવા માડયો ને તેજ સ્વરૂપે તે બાળક પાચ વરસનો થયો ત્યા સુધી રક્ષણુ કર્યું.

એક વખત મૂળરાજ પોતે શીકારે ગયેલો ત્યા જાણુવામાં આવ્યુ કે જંગલમા વાઘેણુના પગલા સાથે એક નાના બાળકનાં પગલા જણાય છે. આ સમાચાર જાણી તેને નવાઈ લાગી ને તેની ખરી ચોકશી કરવાની ઇચ્છા થવાથી તેણે શીકારીઓને તજવીજ કરવા મોકલ્યા. તેઓ સમાચાર લાવ્યા કે ડુંગરની એક ખોમા વાઘેણુ સુતી છે ને તેના પેટ ઉપર બાળક રમે છે. આ જાણી મૂળરાજ એકદમ ત્યા ગયો ને પોતાની નજરે જોયુ.

બાળક મોટો થવાથી તેના વડીલને સોંપવાની માતાજીની ઇચ્છા હતી જેથી મૂળરાજે બદુકનો અવાજ કરતાની સાથે માતાજી અદ્રષ્ય થઇ ગયા ને બાળક એકલો રહ્યો. મુળરાજે બાળકને પોતાના ખોળામાં લીધો તેની સાથેજ આકાશવાણી થઈ કે એ તારા ઓરમાનભાઇ રાકાયતનો કુમાર તેની સ્ત્રીએ સતી થતાં માતાજીના રક્ષણુમા મુકેલો તેજકુમાર છે. મુળરાજને અત્યત હર્ષ થયો ને વાઘેશ્વરી માતાએ રક્ષણુ કર્યું, માટે તે બાળકુવરનું નામ વ્યાઘ્રદેવ પાડી તેને લેઈ રાજધાનીમા આવ્યો ને પોતાના રાણીને કુમાર સોંપ્યો.

આ કુમાર મોટી ઉમરનો થયો ત્યારે મુળરાજની આજ્ઞા લેઇ કેટલાક રસાલા સાથે શ્રી કાશી વગેરેની યાત્રા કરવા નીકળ્યો. તે યાત્રા કરી પાછા વળતાં હાલના રેવાના રાજ્યમા આવ્યો. તે વખતે એ દેશનું નામ ભાઠ દેશ કહેવાતું. ત્યાંના રાજા કનકદેવે પોતાને ત્યાં વ્યાઘ્રદેવને રાખી પોતાની કુમારી રતનમતી તેમની સાથે પરણાવી ને પોતાને પુત્ર ન હોવાથી પોતાનું રાજ્ય તેમને સોંપ્યુ ને પોતે તીર્થ યાત્રા કરવા ગયો.

વ્યાઘ્રદેવે પોતાની બહાદુરીથી આસપાસનો મુલક જીતીને રાજ્યમાં ઘણો વધારો કર્યો. વ્યાઘ્રદેવને પાચ કુમાર થયા. પાટવી કરણદેવજી, બીજા કધરદેવજી, ત્રીજા સુરતદેવજી, ૪ શોહાગદેવજીને ૫ મા શ્યામદેવજી હતા.

પાટવી કુમાર કરણદેવ એ પોતાના પિતા વ્યાઘ્રદેવની ગાદી ઉપર બેઠો, કધરદેવે રેવાના રાજ્યની પૂર્વેમા કસોટાનો ઇલાકો જીતી ત્યાં પોતાની ગાદી કરી જેમનો વશ તે રાજ્યમા ચાલે છે. સુરતદેવ પૂર્વ દેશમા ગયા. સોહાગદેવ દક્ષિણમા ગયા; ને નાના શ્યામદેવ ગુજરાતમા પાછા આવ્યા ને મૂળરાજના દીકરા પાસેથી કૂટાયા ગરાસમાં ધોળકા (વૈરાટ) ની ભુમી મેળવી ત્યા નિવાસ કર્યો. તેના વંશમા કેટલીક પેઢીએ ધવળદેવ થયો તેણે પોતાના નામ ઉપરથી વૈરાટ નામ બદલી ધોળકા નામ પાડયુ. તે વંશની હકીકત વાઘેલાઓની હકીકતમાં આગળ જણાશે.

મૂળરાજ સોલકીએ પાટણમાં શાન્તિમા રાજ્ય કર્યું. તે જગત પ્રતાપાળ ને ઉદાર મનનો સદ્‌ગુણથી ભરેલો હતો. સર્વ રાજાઓ સૂર્યની પેઠે તેની પુંજા કરતા ને જે લોકો પોતાનો દેશ તજી તેના રક્ષણ તળે આવી વસતા તે સંપૂર્ણ સુખ પામતા. તે શરણાગત વત્સલ હોવાથી તેને ચક્રવર્તિ પદ મળ્યુ હતુ. તેણે પોતાના શત્રુઓમાના અર્ધાને ઠેર કર્યા ને અર્ધાઓને તેઓનુ રાજ્ય છોડાવી ભીખારીની પેઠે વગડામા રખડતા કર્યા એવું જૈન આચાર્યો કહે છે.

મૂળરાજનું લગ્ન પારકરના સોઢારાણા સામતસિંહજીના કુવરી અંદકુંવર સાથે થયું હતું જેથી તેને ચામુડ (ચદગર) નામે કુંવર થયો. બાલ્યાવસ્થામાં તે અસાધારણ બુદ્ધિનો જણાયો. મૂળરાજની વૃદ્ધ અવસ્થા થવાથી ને માતુલપક્ષના સબંધીઓની હત્યા કરવાથી તેના મનને ઘણો પરીતાપ થયો, જેથી પોતે પવિત્ર સરસ્વતી નદીના ત્રટ ઉપર આવેલા સિદ્ધપુરક્ષેત્રમા ગયો, જેને તે વખતે શ્રીસ્થળ કહેતા હતા; ને ત્યાં ચામુંડકુવરને સાથે લેઇને ગયો. ત્યાં ચામુંડના પ્રૌઢ પરાક્રમથી દુશ્મન રાજાનો નાશ થયો. આથી મૂળરાજને ભારે હર્ષ થયો ને ધામધુમ સાથે પોતાના રાજ્યમા પાછો આવ્યો. બાદ બ્રાહ્મણો બોલાવ્યા. ૧૦૫ ગંગાજમુનાના સંગમ પાસેથી આવ્યા, ૧૦૦ શ્યામવેદી ચ્યવનાશ્રમમાથી આવ્યા, ૨૦૦ બ્રાહ્મણો કન્યાકુબ્જથી આવ્યા, ૧૦૦ શ્રી કાશીક્ષેત્રથી, ૧૭૨ કુરૂક્ષેત્રથી આવ્યા, ૧૦૦ ગંગાદ્વારથી ને ૧૦૦ નૈમીષ્યારણ્યથી આવ્યા ને ૧૩૨ કુરૂક્ષેત્રથી બીજા તેડાવ્યા. એ રીતે ૧૦૦૯ બ્રાહ્મણોને ભેગા કર્યા. જેમના અગ્નીહોત્રના કુંડમાથી નીકળેલા ધુમાડાએ આકાશને અચ્છાદન કર્યું. તેમના યજ્ઞ કાર્યથી પ્રસન્ન થઇ મૂળરાજે તેમને શ્રીસ્થળ (સિધ્ધપુર) અને શીહોર નગર

એકસો પચીસ, એકસો પચીસ ગામ સાથે હજાર બ્રાહ્મણોને આપ્યાં. ને તેની સાથે પુષ્કળ ગાયો શણગારીને આપ્યાં.

બાકીના નવ બ્રાહ્મણોએ પોતાના વિદ્યાર્થીઓ સાથે રાજાનું દાન લેવું યોગ્ય નથી કારણ તેનો પૈસો અધર્મથી ઉત્પન્ન થએલો હોય છે એમ ધારી દાન લેવાની ના પાડી, ને ટોળી વળી એકાંતે જઈ બેઠા. પણ રાજાની હઠ આગળ તેમનું ચાલ્યુ નહીં, ને ખભાત સાથે ૧૩ ગામ તેમને લેવાની જરૂર પડી. તેઓ ટોળી વળીને બેઠા માટે ટોળકીયા કહેવાયા ને જે જથાના બ્રાહ્મણો શહસ્રની સખ્યામાં હતા તે શહસ્ર કહેવાણા ને તેની સાથે તેઓ ઉત્તરમાંથી આવેલા હોવાથી ઔદિચ્યની સજ્ઞા જોડાઈ જેથી આજે પણ ઔદિચ્ય સહસ્ર ને ઔદિચ્ય ટોળકીયાની સજ્ઞાથી પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે મૂળરાજે દાન પુન્ય કરી પોતાના પાપની પ્રભુ તરફથી ક્ષમા મળી એમ ગણી સતોષ માન્યો. ને પોતાના પુત્રને બ્રાહ્મણોની યોગ્ય રીતે સભાળ રાખવાની ભલામણ કરી પોતે સિદ્ધપુરમા રમ્યાશ્રમ નામે મહેલ બધાવી તેમા રહ્યો. ને બાકીનું આયુષ્ય તેમા પુરૂં કરી શ્રી લક્ષ્મીપતિની પાસે વૈકુઠમાં વાસ કર્યો. મૂળરાજે સને ૯૪૨ થી ૯૯૭ સુધી ૫૫ વરસ ગુજરાતનું રાજ કર્યું.

મૂળરાજની ગાદી ઉપર તેમનો પાટવી કુમાર ચામુંડ બેઠો. તેને પોતાના પિતાની હયાતીમાંજ પરાક્રમી નીવડેલો આપણે જોઇ ગયા છીએ. તેણે પોતાનું રાજ્ય સારી રીતે ચલાવ્યુ; ને ભડારમાં, ફોજમા ને કીર્તિમાં પણ વધારો કર્યો. તેનામાં એકે ખોડ નહોતી. પોતાના પિતાએ જે જે ભુમીદાન આપેલાં તે તેણે પાળ્યાં. આ પ્રમાણે આ પરાક્રમી રાજાએ ઈ. સ. ૯૯૭ થી ઈ. સ ૧૦૧૦ સુધી ૧૩ વરશ રાજ કર્યું. તેને ત્રણ કુમાર વલ્લભસેન, દુર્લભસેન ને નાગરાજ હતા.

ચામુંડની ગાદી ઉપર પાટવી કુમાર વલ્લભસેન બેઠો. તે પોતાની નાની ઉમરથીજ રાજનીતીમા કુશળ, નમ્ર અને શુરવીર હતો જેથી ચામુંડ ઘણોજ પ્રસન્ન થતો. બીજો કુમાર દુર્લભસેન પણ એવો હોશીયાર હતો કે તેના સામા થવાને કોઈ પોતાની મુડી ઊંચી કરી શકતા નહીં. જોશીઓએ પણ તેની જન્મોતરી જોઇને કહ્યું હતું કે તે મોટો પરાક્રમી થશે ને શત્રુઓ ઉપર જય મેળવશે, ડહાપણના માર્ગને ઉત્તેજન આપશે ને રાજાધીરાજ કહેવાશે. સહુથી નાનો ભાઇ નાગરાજ પણ શાણો ને ઠરેલ હતો. ચામુંડ રાજ પોતાના પાટવી

કુમાર વલ્લભસેનને રાજ સોંપી શ્રી કાશીક્ષેત્રની યાત્રા કરવા સારૂ ગયો. માર્ગમા માળવાના રાજાએ તેનું અપમાન કર્યું.

કાશીની યાત્રા કરી પાટણ આવ્યા પછી ચામુંડરાજે પોતાને કરેલા અપમાન બદલ માળવાના રાજાને શિક્ષા કરવા પાટવી કુમાર વલ્લભસેનને મોકલ્યો. માર્ગમાં તેને શીતળા નિકળ્યા જેથી તેણે ઘણા દાન પુન્ય કર્યા, જીવવાની આશા છોડી ને માર્ગમાજ તે દેવલોક પામ્યો. જેથી તમામ સૈન્ય આક્રંદ કરતું પાટણ પાછું આવ્યુ. પોતાના પાટવી કુમારના મરણના ખેદકારક સમાચાર સાભળી ચામુંડદેવને ઘણોજ પશ્ચાતાપ થયો તેથી પોતાના બીજા કુમાર દુર્લભસેનને ગાદી સોપી પોતે ભરૂચ નજીક પવિત્ર નર્મદા નદીને કાઠે આવેલા શુકલતીર્થ ક્ષેત્ર કે જે સ્થળે પાપ નિવારણ કરવા સારૂ મગધ પ્રાતના રાજા ચદ્રગુપ્ત પોતાના મુખ્ય પ્રધાન ચાણાકય સાથે રહ્યા હતા તેજ સ્થળે આવીને આવીને રહ્યા, ને જગ્તનિયતા પ્રભુની શેવામા પોતાનુ બાકીનું આયુષ્ય પુરૂં કરી સ્વર્ગે ગયા.

દુર્લભરાજે ગુજરાતનું રાજ્ય સારી રીતે ચલાવ્યુ. ઘણા યવનોને જીત્યા, દેરાં બધાવ્યા અને ધર્મનાં કામ કર્યાં. જૈન ધર્મના જીનેશ્વર સુરીથી તેને સારો બોધ મળ્યો હતો. તેણે પાટણમા દુર્લભ સરોવર નામે સુદર તળાવ બધાવ્યુ. તે જીવતા પ્રાણીઓ ઉપર આચાર્યના બોધથી ઘણી દયા રાખતો. દુર્લભરાજ વિશે રત્નમાળામા લખ્યુ છે કે દુર્લભ કદમા ઉંચો હતો, તેનું મુખ ગૌર હતું, તેનું વલણ વૈરાગ્ય ભણી ઘણું હતું, તે પાર્વતીપતિ શકરનો પૂર્ણ શ્રદ્ધાળુ ઉપાસક હતો, તેમજ જ્ઞાની હતો જેથી તેને એકાએક ક્રોધ ચઢતો નહીં. તેને સાધુ પુરૂષોની સગત, ન્હાવું, ધોવું, દાન પુન્ય કરવું અને પવિત્ર ગંગા નદીને કિનારે વસવું એ ઘણુજ પ્રિય હતું.

પોતાની બહેનને પરણાવવા સારૂ તેણે સ્વયવર રચાવ્યો હતો. તેમા તેણે મારવાડના મહેદ્ર રાજાને યોગ્ય ગણી તેની સાથે લગ્ન કર્યુ હતું. મહેંદ્ર રાજાની બહેન દુર્લભદેવીએ દુર્લભસેનને પસદ કરી તેની સાથે પરણી હતી; ને દુર્લભદેવીની નાની બેન ચામુંડરાજના નાના કુમાર નાગરાજ સાથે પરણી હતી. નાગરાજને એક કુમાર થયો, જેનું નામ ભીમદેવ રાખવામા આવ્યું હતું. આ જન્મથી દુર્લભસેનને તથા તેના પિતાને ઘણોજ આનદ થયો ને દરબારમાં તથા આખા રાજ્યમા મોટો મહોત્સવ કરાવ્યો. તેના જન્મ વખતે આકાશવાણી થઈ કે એ મોટો પરાક્રમી નીકળશે.

દુર્લભસેનને દીકરો નહોતો જેથી ભીમદેવને તેણે પોતાની દેખરેખ નીચે

કેળવી ગાદીપતિને યોગ્ય બનાવ્યો ને રાજનિતીનું શિક્ષણ ઉત્તમ પ્રકારનું અપાવ્યું.

જ્યારે ભીમદેવ મોટો રાજ્યનો ભાર વેઠી શકે તેવો થયો ત્યારે દુર્લભસેને તેને પોતાની ઇચ્છા કહી દીધી કે આત્માના કલ્યાણ સારૂ મારે કોઈ તીર્થમાં જઇને વસવાની મરજી છે માટે મને રાજ્યના ભારમાથી મુક્ત કર. ભીમે કેટલીક મુદત આનાકાની કર્યા બાદ તે કબુલ કરીને પોતાને રાજ્યાભિષેક કરવા દીધો. આ પ્રમાણે ભીમદેવને રાજ્ય સોપી દુર્લભસેન શ્રી કાશીક્ષેત્રમાં ગયો ને ત્યાં ગંગા ત્રટના પવિત્ર સ્થળમા ગૌરીપતિના ધ્યાનમાં નિમગ્ન રહી કૈલાસપદ પામ્યો. દુર્લભસેને ઈ. સ. ૧૦૧૦ થી તે ઇ. ઈ. ૧૦૨૨ સુધી ૧૨ વર્ષ રાજ્ય કર્યું.

ચામુંડની હયાતીમાં અને વલ્લભસેન અને દુર્લભસેનના રાજ્ય કારભારમાં ગીજનીના બાદશાહ મહમુદ ગજનવીએ હિંદુસ્તાનની લક્ષ્મી લુંટવા સારૂ ને હિંદુઓને પોતાના ધર્મમા વટલાવવા સારૂ બાર વાર હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી. તેમાની છેલ્લી ચઢાઈ ગુજરાતમા સૌરાષ્ટ્રમા આવેલા પવિત્ર પ્રભાસ પાટણના સોમનાથ મહાદેવનું દેવળ લુંટવા સારૂ કરી, અને એકાએક તે પાટણ આવ્યો ને ત્યાથી સોમેશ્વરના પવિત્ર સ્થળમા જઇ ઘેરો ઘાલ્યો. આ વખતે ત્યા રક્ષણ અર્થે રહેલા ક્ષત્રીઓએ ખૂબ પરાક્રમ કર્યું ને શુરા ભીમદેવે તેના ૩૦૦૦ યોદ્ધા માર્યા, પણ આખરે તેનો જય થયો. ભીમદેવ નાશી છુટયો. સોમનાથના પવિત્ર દેવળનો મહમદે નાશ કર્યો ને અસખ્ય દ્રવ્ય લુંટી લીધું, ને પછી સ્વદેશ ગયો.

ભીમદેવ ઇંદ્રના જેવો પ્રતાપી હતો, યુદ્ધકળામા પ્રવીણ અને બાણાવળી હતો. તે શરીરે પુષ્ટ અને ઉંચો હતો. તેનું આખુ શરીર રૂંવાટાથી ભરેલું હતું. તેનો ચહેરો થોડો ઘણો સ્યામ પણ ઘણો દિપાયમાન હતો, જેથી તેની ખૂબસુરતીમાં ઉલટો વધારો થતો. તે ઘણો તીખા સ્વભાવનો ને યુદ્ધાશસ્ત હતો. મ્લેચ્છોના સામા થવાને તે ડરતો નહીં. તેણે રાજ્ય ઉત્તમ પ્રકારે ચલાવ્યું. તે વ્યભિચારીઓના અપરાધ માફ કરતો નહીં. ચોરોને યુક્તિથી પકડી શિક્ષા કરતો. તેથી તેના રાજ્યમાં ચોરીઓ ઓછી થતી હતી. તે જીવરક્ષા ઘણી સારી રીતે કરાવતો. કેટલાક રાજાઓ પોતાના શત્રુઓની બીકથી ભીમદેવને શરણે આવીને રહેલા હતા, અને કેટલાક રાજાઓ તેની નોકરીમાં આવીને રહ્યા, જેથી તે રાજાધિરાજ કહેવાતો હતો. પુંડ્ર અને આંધ્ર દેશના રાજાઓએ તેને નજરાણા મોકલ્યા હતા. મગધ દેશમાં તેની કીર્તિ સારી પ્રસરી હતી. કવિઓએ માગધી અને બીજી ભાષામાં એના વખાણની કવિતાઓ રચી તેના ગુણ ગાયા હતા, તેથી એની કીર્તિ એટલી વધી ગઇ હતી કે તેને

જાણે નજરે દીઠો હોયની એમ આઘેના દેશના લોકો પણ તેને ઓળખતા હતા. ભીમદેવના જાણવામા આવ્યુ કે સિધ દેશ અને ચેદી દેશના રાજાઓ તમારી કીર્તિનો ધિક્કાર કરે છે, અને તમારી નિંદાયુક્ત ગ્રથો તેમણે રચાવ્યા છે. આ રાજાઓને શિક્ષા કરવાનો વિચાર ભીમદેવે પોતાના પ્રધાન સાથે કરવા માડયો. તેના જાણવામા આવ્યુ કે તે બહુ જોરાવર છે ઘણા રાજાઓને જીતીને સિધ દેશના રાજાએ ખડીયા કર્યા છે, અને તે પચ નદની પાસે આવેલા પ્રદેશમાં નિરભયપણે રાજ્ય કરે છે; ને તેના પ્રતાપથીજ તે દુશ્મનોને જીતી પોતે પરાક્રમી કહેવરાવે છે. ભીમે પોતાની પરાક્રમી સૈન્યાસહિત તે રાજા ઉપર ચઢાઇ કરી ને તે નદીઓ ઉપર પુલ બધાવવા માંડયા; જે પુલ તૈયાર થયાથી તે નદીઓનું પાણી ગમે તેમ વહેવા લાગ્યુ. ભીમદેવને તે જોઇ ઘણી ખુશી ઉપજી, પુલ ઓળગી તે દેશના રાજા હમ્મુક સાથે તેણે લડાઈ ચલાવી તેમાં ભીમદેવે તે રાજાને હરાવીને પોતાના તાબામાં લીધો.

પછી ભીમે ચેદી દેશ ઉપર ચઢાઇ કરી રસ્તામાં આવેલા રાજાઓને પોતાના તાબે કરતો ગયો. ચેદીના રાજા કરણે ભીમની કીર્ત્તિ આગળથી સાંભળી હતી જેથી તેને લડાઇ કરવાનુ મન નહોતું. તેના જાણવામાં આવ્યુ હતું કે ભીમદેવને જીતવો તે ઘણું વિકટ કામ છે. ભીમના પ્રધાન દામોદરે (ડામર) કરણ રાજાને જણાવ્યુ કે ખડણી આપવાનું કબૂલ કરશો તો અમો સલાહ કરીશું. ભીમે ઘણા રાજાઓને જીત્યા છે, તેણે દશાર્ણવના રાજાને, કાશીના રાજાને અને બીજા ઘણા રાજાઓને તાબે કરી લીધા છે. વળી ભદ્રભટ્ટ નામના ગજબધના રાજાએ દુર દેશથી આવીને પોતાનું શરણાંગતપણું બતાવ્યું છે. તીલંગ દેશનો તતીક રાજા પણ પોતાના હથીયાર છોડી નમી પડયો છે. અયોદ્ધાનો રાજા જેણે અગાઉ કોઇને ખડણી આપેલી નહીં તેણે પોતે ગાર્દના રાજાપાસેથી લીધેલો ખજાનો ભીમદેવને આપી દીધો છે. આવાં ભીમનાં મહાન પરાક્રમ સાભળી કરણે થોડીવાર ઘડભાંગ કરી પોતાનું આશ્રીતપણું કબૂલ કીધું. ને માળવાના રાજાપાસેથી જે સોનાની પાલખી પોતે લીધી હતી તે ભીમદેવને ભેટ મોકલી. તેની સાથે હાથીઓ, સોનું, પવનવેગી ઘોડાને બીજા કીમતી નજરાના ભેટ કર્યા. જેથી ભીમે ખુશી થઈ સલાહના કોલકરાર કર્યા ને જયોત્સવ કરાવતો પાટણ આવ્યો. ત્યાં નગરના લોક જાણે મોટો ઉત્સવ હોય તેવી રીતે વસ્ત્રાલકાર પહેરી રાજાના સામા ગયા, ને નગરને શણગારીને પોતાના રાજાના જયોત્સવની નિશાનીમાં ખુબ આનંદ જણાવ્યો. ભીમના વખતમા કોઇ રાજા ગુજરાત ઉપર હુમલો લાવ્યો નહોતો, જેથી તેની રૈયતને હેરાન થવું પડયુ નહોતું. તેના તરફથી રૈયતનું ઘણું રક્ષણ થતું જેથી

રૈયત રાજી રહેતી. માળવાનો રાજા સિંગભટ્ટ પુત્ર વિનાનો હતો તે મૃગયા કરવા ગયેલો ત્યાં મુંજની ઝાડીમાથી એક બાળક તેને જડયો તેને ઉછેરીને પોતે મોટો કર્યો ને યુવરાજ ઠરાવ્યો. ત્યારબાદ પોતાની રાણીને સીંધળ નામે પુત્ર થયો. સિંગભટ્ટ રાજાએ પોતાના અવસાન વખતે મુંજના ભોથામાંથી જડેલા બાળક(જેનું નામ પોતે મુંજ પાડયુ હતું)ને પોતાની ગાદી આપી તેના જન્મની ખરી હકીકત તેને જણાવી દીધી ને પોતાના ખરા હકદાર દીકરા સીંધળને દગો નહીં કરવાની ભલામણ કરી.

મુંજ ઘણો ડાહ્યો રાજા ગણાયો. પોતાના રૂદ્રાદિત્ય નામના પ્રધાનની સલાહ પ્રમાણે વરતી રાજ્યમા વધારો કર્યો. તેના જન્મ બાબતની ખરી હકીકત તેની સ્ત્રી જાણતી હતી તેને મારી નખાવી, ને સીંધળને દેશમાથી કાઢી મુકયો; કારણ સીંધળ મહા ઉન્મત્ત હતો. મુંજની આજ્ઞાઓનું તે ઉલ્લઘન કરતો, તેથીજ મુંજે ક્રોધે ભરાઈ તેને દેશની હદ બહાર કાઢયો હશે. સીંધળ ગુજરાતમાં આવી કાસહદ (કાસદ્રા) ગામમા આવીને રહ્યો હતો એમ જણાય છે. તેનો પુત્ર ભોજ જે જગપ્રસિદ્ધ દાનેશ્વરી ગણાય છે તે થયો.

ભોજ બાળપણમાથી દરેક સારી વાતમાં પ્રવીણ થયો હતો. વળી જોશીઓએ તેના જન્માક્ષર જોઇ ભવિષ્ય વર્ત્યું હતું કે ભોજરાજા પચાવન વરસ સાત મહીના ને ત્રણ દિવસ સુધી દક્ષિણ અને ગૌડ દેશનું રાજ્ય ભોગવશે. આ સમાચાર મુંજરાજે જાણતા ભોજને ગાદી મળે તો પોતાનો પુત્ર ગાદી વિનાનો રહે એવા ડરથી ભોજને મારી નાખવાનો દ્રઢ નિશ્ચય કરી તે નિર્દય કામ પોતાના વત્સરાજ નામના મત્રીને સોપ્યુ.

વત્સરાજે પ્રથમ ઘણી આનાકાની કરી રાજાને બોધ કર્યો, પણ સ્વાર્થઅંધ રાજાએ કશું માન્યુ નહીં જેથી વત્સરાજે લાચારીથી કબૂલ કરી ભોજરાજાને વગડામા લેઈ તેનું શીર છેદ કરવાનો મુંજરાજનો હુકમ સભળાવ્યો. જે વખતે ભોજરાજાએ તાડપત્ર ઉપર પોતાના શરીરમાથી કાટાવતી રૂધીર કાઢી તેનાથી એક શ્લોક મુંજરાજાને પહોચાડવા લખીને આપ્યો.

मांधाता स महीपतीः कृतयुगा लंकार भुतो गतः
सेतुर्येन महोदधौ विरचीत क्वासै दशा स्यांतकः
अनेचापी युधीष्टर प्रमतयो यावद्भवान भुपते
नैकेनापि समंगता वसुमती मन्ये त्वया यास्यती. १

અર્થ–સત્યયુગના અલંકાર રૂપ માધાતા રાજા મરી ગયો. જેણે મહા

સમુદ્રના ઉપર પાળ બાંધી રાવણનો નાશ કર્યો એવા રામ રાજા પણ ક્યાંઈ જતા રહ્યા, તેમજ એ વિના યુધીષ્ટર આદી લેઇને બીજા રાજાઓ થઈ ગયા, પણ તેમનામાંથી કોઇ સાથે પૃથ્વી ગઇ નથી, તથાપી મને એમ લાગે છે કે હે મુંજરાજા પૃથ્વી તમારી સાથે આવશે. આ શ્લોક ભોજે લખી વત્સરાજને આપ્યો. વત્સરાજ વિદ્વાન હોવાથી તેણે આ શ્લોકનું રહસ્ય સમજી ધાર્યું કે આ શ્લોક વાંચતાંજ મુંજરાજા જ્ઞાની હોવાથી તેને વૈરાગ આવશે, ને ભોજને માર્યાના પશ્ચાતાપ બદલ તે આત્મહત્યા કરવા તૈયાર થશે. માટે ભોજને ન મારવાનો દ્રઢ નિશ્ચય કરી વત્સરાજે ભોજને પોતાને ઘેર લાવી ભોંયરામાં સંતાડયો ને ઉદાસીન ચહેરે મુંજપાસે જઇ ભોજનો આપેલો શ્લોક દેખાડયો. તો વત્સરાજની ધારણા મુજબ શ્લોક વાંચતાંજ મુંજ ઉદાસ થઇ ગયો, બને આંખોમાંથી અશ્રુનો પ્રવાહ ચાલ્યો, ને ભોજને મારી નખાવ્યાનો ઉંડો ઘા તેના અંતઃકરણને લાગ્યો, ને તેની વેદનામાં આત્મહત્યા કરવા તૈયાર થયો. વત્સરાજે તેને શાન્ત પાડી ભોજને નહીં મારવાના સમાચાર કહ્યા જેથી મુંજે પંડે ભોજને પોતાની પાસે તેડાવી ઘણા પ્રેમથી આલીંગન દેઇ યુવરાજ સ્થાપ્યો.

મુંજરાજાનું મરણ તેલેંગ દેશમાં ત્યાંના રાજાને હાથે હારીને લઢાઇમાં કેદ પકડાઈને ત્યાંજ થયું; જેથી તેની ગાદી ભોજરાજાને મળી આ ભોજરાજા મહા દાનેશ્વરી ને પ્રતાપી હતો. તેના વિશે એમ કહેવાય છે કે તે નિત્ય નિત્ય પ્રત્યે એવો વિચાર કરતો કે ભાગ્ય સદા સરખું રહેતું નથી, ને જગત પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે. આવા વિચારથી તેની પાસે જે યાચકો આવતા તેને તે પુષ્કળ દાન આપતો. આ પ્રમાણે ન કરવા તેના પ્રધાને ભોજને શિખામણ દીધી જેથી તેને તે જગો ઉપરથી દુર કર્યો.

ભોજરાજાની પાસે ભીમદેવે સંધી કરવા સારૂ સંધી વિગ્રહક મોકલ્યો હતો. આ બે રાજાઓ વચ્ચે કેટલીક વાતચીત કવિતાના વાક્‌વિનોદમાં થઈ હતી; પણ તેનું પરિણામ છેવટ સારૂ આવ્યું નહોતું. આ બે રાજાઓ વચ્ચે સંધી થઈ નહીં. પ્રસંગ આવે એક બીજાને તાબે કરવા તજવીજ કરતા હતા. ભીમ જ્યારે સીંધ જીતવા ગયો ત્યારે ભોજરાજાએ પોતાના કુલચંદ્ર સેનાપતીને ગુજરાત જીતવા મોકલ્યો, જે પાટણ લુંટીને પાછો ગયો. તેમજ ભોજ એક વખત નગર બહાર દેવળમાં પુજા કરવા ગયેલો તે સમયે ભીમની સૈન્યાએ તેને પકડી લીધો. આ પ્રમાણે રસાકસી ચાલતી હતી તેનું સમાધાન ભોજરાજા દેવલોક પામ્યો ત્યાંસુધી થયું નહોતું. ભોજરાજાએ મરતી વખત પોતાના પ્રધાનોને કહ્યું હતું કે મારા શબને સ્મશાનમાં લેઈજતી વખત મારા બંને હાથ ઉઘાડા મુકાવજો કે જેથી સહુના જાણવામાં આવે કે ભોજરાજા જેવો ખાલી

હાથે જગતમાં આવ્યો હતો તેવોજ રાજ સમૃદ્ધી અને સાહેબી મુકીને ખાલી હાથે ચાલી ગયો. ભોજરાજા ગુજર્યોથી તેનો દેશ કાશીના રાજાએ લુંટયો, ને ભીમદેવને માળવા દેશની ઉપજ લેવાનો ઠરાવ તેના પ્રધાન ડામર મારફત થયો.

ભીમદેવની રાણીનું નામ ઉદયામતી હતું. જે રાણીથી તેને કરણ નામે પ્રતાપી પુત્ર થયો. આ રાણીએ અણુહીલવાડ પાટણમાં એક વાવ કરાવેલી, તે એકલીજ માત્ર ખંડેર અવસ્થામાં રહેલી છે. બાકી બીજાં બધાં આગળનાં કામોનો નાશ થએલો છે. આ વાવને રાણીની વાવ કહે છે. ભીમદેવને કરણ શિવાય બીજા બે દીકરા તેના પહેલાં જન્મેલા હતા. જેમાંના એકનું નામ ક્ષેમરાજ હતું; ને તેની માનું નામ બકુલાદેવી હતું, તે હલકા કુળની હતી એમ કહેવાય છે. ક્ષેમરાજનું બીજું નામ કેટલીક વાર હરિપાળદેવ કરીને લખાએલું છે. અને તે તેની વાનપ્રસ્થ અવસ્થામાં વિષ્ણુની પુંજા કરવા ઉપરથી પડયું હશે.

એક જૈનઆચાર્યે ભીમદેવના બીજા કુમાર મૂળરાજ વિશેની નીચેની આશ્ચર્યકારક વાત કરે છે. એ વાત ઉપરથી તે વખતમાં ઉપજ ઉઘરાવવાની કેવી રીતભાત હતી, તે જાણવાને સાધન મળે છે; ને વળી ગુજરાતના હાલના ખેડુતો ઉપજ માગતી વેળાએ તે ન આપવાને જે આડાઈ બતાવે છે તેમના કરતાં તે વખતના ખેડુતો સારા અને યોગ્ય મેહેરબાનીની કદર પીછાનતા જણાય છે.

ભીમદેવના વખતમાં ગુજરાતમાં એક વેળા મોટો દુકાળ પડયો, ત્યારે ડંડાહી અને વિશાષક ગામના કુંટુંબીકો રાજાને જમીનની ઉપજનો ભાગ આપવા અશક્તિમાન હતા. જેથી તેમનો તપાસ કરવાને રાજ તરફથી તલાટી મોકલ્યો, તે જે લોકોની માલ મિલકત પકડાઇ તે લેઈ તેમને રાજધાનીમાં લાવ્યો ને રાજા આગળ રજુ કરાવ્યા. મૂળરાજકુમાર જે સાચું બોલનાર અને તેજ પ્રમાણે બોલ્યું પાળનાર ગણાતો હતો. તે એક પ્રસંગે પોતાના સેવક સાથે ફરતો હતો ત્યારે તેણે ખેડુતોનું દુઃખ જાણ્યું, જેથી તેને ઘણી દિલગીરી સાથે આંસુ આવ્યાં. ને તરતજ પોતાની ઘોડે બેસવાની ચતુરાઇથી રાજાને પ્રસન્ન કર્યા. અને રાજા તરફથી કાંઇ માગ એમ વચન મળતાં તેણે પેલા કુંટુંબીકોનાં લીધેલાં નાણું પાછાં આપવા વિનતી કરી. રાજાને પોતાનો આવો સર્વગુણસંપન્ન કુમાર જોઈ હર્ષનાં આંસુ આવ્યાં. તેણે કુંવરની માગણી કબૂલ રાખી, તેમનાં નાણું પાછાં અપાવ્યાં, એટલુંજ નહીં પણ કુંવરને તેના પોતાના વાસ્તે કાંઇ માગવાનો આગ્રહ કરાવ્યો. છુટેલા તમામ લોકો મૂળ-

રાજનો ચરણ સ્પર્શ કરવાને આવ્યા, ને તેમાંના કેટલાક તો તેની જાથુ ચાકરીમાં રહ્યા; ને જેઓ પોતાને વતન ગયા તેઓએ તેની પ્રતાપવંત કીર્ત્તિ ચારે દિશામાં ફેલાવી મુકી.

આ પ્રતાપવંત કુમાર ઘણું જીવ્યો નહીં ને પોતાના દયાળુ ને પરોપકારી કાર્યથી શાન્તિમાં ગુજરી સ્વર્ગે ગયો. તેના મરણથી રાજ્ય દરબારના સર્વે મનુષ્યો અને તમામ રૈયત ઘણીજ દિલગીર થઇ, ને જે લોકોના ઉપર તેણે ઉપકાર કર્યો હતા તેઓ તેના ગુજરવાથી દુઃખના દરીઆમા પડ્યા.

ધીમે ધીમે વિદ્વાન લોકોના દિલાસા રૂપી જ્ઞાનના ઉપદેશથી દિલગીરીનો ડુંગર દબાયો. બીજે વરસે પુષ્કળ વરસાદ થયો ને ખેડુતોએ ઘણા હર્ષ સાથે ઉમંગ સહિત પોતાના ફળદ્રૂપ ક્ષેત્રોમાં અગણીત માલ પકવ્યો. જેથી ગયા વરસનું તથા ચાલતા વરસનું ગણોત ભેગુ આપવા સારૂ તેઓ રાજાના દરબારમા ગયા. ઉદાર રાજાએ પાછલા વરસની ઉપજ લેવાની ના પાડી. લોકોએ અત્યાગ્રહથી તે લેવા વિનતી કરી. છેવટે તે બાબતના ફેસલા સારૂ પંચ નિમાયું. તેમણે વિચાર કરી અભિપ્રાય આપ્યો કે બને વરસની ઉપજ રાજાએ લેવી ને તેમાથી પ્રતાપી કુમાર મૂળરાજ જે સ્વર્ગે ગયેલો છે તેના કલ્યાણ ને મુક્તિને સારૂ ત્રિપુરપ્રસાદનું દેવાલય બંધાવવામા તે નાણા વાપરવાં.

ભીમદેવે પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાના કુળની રીત મુજબ પોતે ઇશ્વરભક્તિમા લીન થઇ સ્વર્ગ સુખ મેળવવા સારૂ તપશ્ચર્યા કરવાના હેતુથી પાટવી કુમાર ક્ષેમરાજને રાજગાદી સોપવાનો વિચાર જણાવ્યો. પણ ક્ષેમરાજે પોતાને આપવા ધારેલી ગાદી નહીં લેવાનો દ્રઢ નિશ્ચય કરેલો હતો, કારણ તેને પોતાના પુજ્ય પિતાજીથી જરા પણ જુદા પડવું ગમતું નહોતું, તેથી તેણે પુત્ર ભાવ જણાવી કહ્યુ કે હું આપની વૃદ્ધાવસ્થામાં આપની સાથે રહીશ. કેટલીક ખેચતાણ થયા પછી ભીમદેવ તથા પાટવી કુમાર ક્ષેમરાજે મળી નાના કુમાર કર્ણને ગાદી ઉપર સંવત ૧૧૨૮ના ચૈત્ર વદી ૭ સોમવારે હસ્ત નક્ષત્ર અને મીન લગ્નમાં બેસાર્યો ને બંને ત્યાગી થયા. ત્યાર પછી થોડીજ મુદ્દતે ભીમદેવ સ્વર્ગે ગયો. તેણે ઇ. સ. ૧૦૨૨ થી ઇ. સ. ૧૦૭૨ સુધી ૫૦ વર્ષ રાજ કર્યુ. ક્ષેમરાજને પોતાના પિતાના વિયોગથી ઘણોજ પરીતાપ થયો ને સરસ્વતીના કીનારે મુંડીકેશ્વર નામે પવિત્ર ધામ છે ત્યાં જઈ રહ્યો. આ સ્થળ દેથળી ગામની બહુ નજીક છે માટેજ ક્ષેમરાજના કુમાર દેવપ્રસાદને તે કરણ રાજાએ આપ્યું હતું કે જેથી કરીને તેને પોતાના પિતાની વાનપ્રસ્થ અવસ્થામાં સેવા કરવાને સુગમ પડે.

આગળ ઉપર આપણા જોવામા આવશે કે આવા ધીરજવાન, પ્રતાપી ને સંતોષ ધારણ કરનાર પુરૂષો કે જેણે રાજગાદીની લેશ માત્ર ઇચ્છા ન રાખી, તેના વંશજોજ ગુજરાતના મહારાજાધિરાજ થયા છે; જેથી ઇશ્વર સંતોષીને વગર માગે લાભ આપે છે તે સહેજ જણાશે.

આ ક્ષેમરાજ આપણને શ્રવણની પિતૃભક્તિ યાદ અણાવે છે. શ્રવણે પોતાના માતપિતાને કાવડમાં બેસારી કાંધ ઉપર લેઇ તિર્થાટન કરાવ્યું, તેવીજ રીતે આ પ્રતાપી રાજકુમારે પોતાને મળતી રાજગાદીનો જરાપણ લોભ ન રાખતા છોડી દીધી, ને પિતાની યોગાવસ્થામાં સાથે રહી જંગલનાં પડતા કષ્ટો સહન કર્યા. શ્રવણ જાતે એક ગરીબ વૈશ્ય હતો તેમજ શ્રીમંત નહોતો જેથી પોતાનું વતન છોડી યાત્રાર્થે દેશાટન કરવાનુ સુલભ હતું, પરંતુ ક્ષેમરાજને તો આખી ગુર્જર ભુમીનું રાજ્ય તજવાનુ હતું તે કાંઇ ઓછી હિંમતની વાત ગણાય નહીં. જેથી ક્ષેમરાજની પિતૃભક્તિ ઘણીજ પ્રસંશાપાત્ર હતી એમ કહેવું તેમા જરા પણ અતિશયોક્તિ નથી.

ક્ષેમરાજનો દીકરો દેવપ્રસાદ પણ તેનાજ સ્વભાવનો જણાયો છે. તેણે પણ પોતાના પિતાની સેવા કરવાનું સારી રીતે બની શકે તેટલા સારૂ પિતાના આશ્રમની નજીકના દેથળી ગામમા નિવાસ કરવાનું પસંદ કરેલું જણાય છે.

બાણાવળી ભીમદેવ તપશ્ચર્યા કરવા સારૂ કરણને રાજ્ય સોપીને ગયો ત્યાર પછી કરણે ગુજરાતના રાજ્યને ઘણી આબાદાની ઉપર આણ્યું. તેને પરદેશી કોઈ રાજા સાથે લડાઇમા ઉતરવું પડેલું નહીં તેનો લાભ એ થયો કે જે ખંડીઆ રાજા કબજે થતા નહોતા, ને તેના પુર્વજોને તેઓના વાસ્તે જે લડાઇઓ ચલાવવી પડતી હતી તે તેણે ચાલુ રાખી ને તેઓને હરાવીને પોતાને ત્યાં ખંડણી ભરતા કર્યા. તેની સાથે બીજુ મહાભારત કામ એ કર્યું કે ગુજરાતના ભીલો (કીરાતો) જે ભાગવતમા પ્રસિદ્ધ થએલા વેનરાજાના કુમાર નિષાદના વંશના હતા તેમને વશ કરવામાં ધ્યાન લગાડયું. નિષાદનું બીજુ નામ કૈયો હતું. તે આબુની આજુબાજુના જંગલોમાં પોતાનું રાજ્ય ચલાવતો હતો. તેનો દીકરો અજાનબાહુ હતો તે પણ તેના બાપના જેવો શૂરો ને પરાક્રમી હતો. તેણે પોતાના પિતાના પ્રાતો ઉપર રાજ્ય કર્યું. તેનો પુત્ર ગોહો થયો તે બારવાનો ધંધો કરતો હતો. તે પવિત્ર ગંગા નદીના ત્રટ ઉપર રહેતો હતો, ને તેણેજ રામને ગંગાનદીમાં નાવમાં બેસારી સામે કિનારે ઉતાર્યા હતા; અને તે રામચંદ્રનો ખરો અને માનીતો મિત્ર થઈ પડયો હતો, તેનાથી બધા ભીલ લોકોની ઉત્પત્તિ થઇ. ત્યાર પછી તેઓની દશ શાખા

થઇ. મહાભારતમાંથી પણ જણાય છે કે એ કેયાનો વંશ ગુજરાતમાં હતો. ધોળકા જે અસલ વૈરાટ ગણાતું, ત્યાંનો રાજા સુદર્શના નામની કેયા કુળની રાણી પરણ્યો હતો ને તેના સો ભાઇઓ કેયા કહેવાતા; અને તેમણે પાંડવોની રાણી દ્રુપદીને ફસાવવાની ગોઠવણ કીધી જેથી ભીમસેને તે તમામ કેયાને માર્યા હતા. આ કેયાઓએ દુર્યોધનનો મિત્ર ત્રીગર્ત દેશનો રાજા જે શુશર્મા નામે હતો તેને હરાવ્યો હતો. વળી માંધાતા રાજાના બાપ યૌવનાશ્વથી કોળી લોકોની ઉત્પત્તિ થઈ એમ પણ કહેવાય છે. તેઓનો પૂર્વજ કોળી હતો ને હમેશ જંગલમાં રહેતો ને તેને એક ઋષીએ ઉછેરી મોટો કર્યો. ભાટ લોકોથી જણાય છે કે તે વસ્તીમાં ઝાઝા ઉપયોગી નહોતા, પણ જંગલમાં તો સિંહ જેવા હતા. આ લોકો સિંધુનદીના કાંઠા પાસે ઘણી મુદત રહ્યા. પછી હીંગળાજ માતા તેઓને નળ પાસેના મુલકમાં લાવ્યાં. નળ એ ધોળકા તાલુકાની પશ્ચિમમાં એક મોટું સરોવર છે. તેની લંબાઇ લગભગ પદર ગાઉની અને પહોળાઈ છ સાત ગાઉને આશરે છે. તેમાં ઘણુંજ પાણી કાયમનું રહે છે. માહા માસ સુધી પાણી મીઠું રહે છે ને પછી ખારાશ થતી જાય છે. ઘણા વિદ્વાનોનું ધારવું એમ છે કે તે, સમુદ્ર પાછો હઠવાથી તેનો રહેલો શેષ ભાગ છે. આ નળની પાસેના મુલકમા તેઓ આવ્યા. તેઓ પોતાની સાથે બીડ નામનું કંદ લાવ્યા, તે દુકાળના વખતમાં અફળ જાય તેવું નથી. આ વખતમા તે લોકો મેર અથવા કોળી કહેવાતા. અને સોનંગમેર તેઓમા મુખ્ય હતો. તેને બાર દીકરા હતા. તેઓમાં મોટો દીકરો નરવાહન હતો તે નળ બાવળીમાં જઇ વસ્યો. ત્યાં હીંગળાજ માતાજીને તેઓને વાસ્તે બાંધેલા દેવળમા પધરાવ્યાં હતાં. આ દેવળ હાલ નથી પણ નળના એક બેટ ઉપર તેમનું રહેઠાણ બતાવવામાં આવે છે, ને તેનો એક આરો હોગળાજનો આરો એ નામે પ્રસિદ્ધ છે.

બીજો દીકરો ધનમેર અથવા ધાડ હતો તેણે ધધુકા વસાવ્યું. તે એટલો બળવાન થયો કે પોતાને રાજા કહેવરાવતો. તેની પાસે ૧૫૦૦૦ પાળા અને ૧૮૦૦૦ સ્વાર હતા. ૮ આઠ હાથી તેણે રાખ્યા હતા. બીજા ભાઇઓને અકેકું ગામ મળ્યું હતું. આ વખતે ગુજરાતમાં ઝાઝી વસ્તી નહોતી, અને વગડો પડતર બહુ રહેતો હતો, તેથી તે લોકોનું જોર ઘણું રહેતું. ને આજની માફક તે વખતમાં પણ લુંટફાટનો ધંધો તેઓ કરતા ને રાતના રાજા કહેવાતા.

આ લોકોને વશ કરવાનું મોટું માન કરણ રાજાને ઘટે છે. કારણ કે તેના પહેલાં થઈ ગએલા રાજાઓથી તે જાતને વશ કરવાને બન્યું નહોતું.

તેઓને બીજા દેશના મોટા રાજાઓ સાથે હમેશાં લઢાઇઓમાં મચ્યા રહેવું પડતું, જેથી તેઓથી દેશને થાળે પાડવાને બની શકેલું જણાતું નથી. આપણે જોયું કે કરણરાજાને કોઈ પરદેશી રાજાઓ સાથે લડાઇમાં ઉતરવું પડયું નથી, જેથી તેણે મેવાશી લોકોને વશ કરવામાં પોતાનું મન લગાડયું. અને પ્રભુ-કૃપાથી તે, તે કામમાં જશ પામ્યો.

કરણરાજાના અમલમાં સાબરમતી અને કચ્છના રણની વચ્ચેના મુલકમાં તેઓનું જોર વિશેષ હતું; ને આશોભીલ નામે તેમનો નાયક હતો, તે આ-શાવળી ગામમાં રહેતો હતો. આ ગામ હાલ અમદાવાદની પાસે છે. કરણરા-જાએ તેના ઉપર ચઢાઈ કરી. આ વખતે તેની મદદે અગણિત કામઠીવાળા ભીલ લોકો હતા; તોપણ કરણે તેને હરાવીને માર્યો ને તે સ્થળે કોચરબ માતાનું મંદીર બંધાવ્યું. આ નામનું ગામ હાલ સાબરમતીને કાંઠે જોવામાં આવે છે. વળી પ્રબંધ ચિંતામણી ગ્રંથમાં લખેછે કે તે જગોએ આ મહાન રાજાએ કરણમેરૂપ્રસાદ અને પોતાના ઈષ્ટદેવ શ્રી કરણેશ્વર મહાદેવનું દેવા-લય ને જયતીદેવીનું મંદીર બધાવ્યા. વળી કરણસાગર નામે તલાવ બંધાવ્યું અને કરણાવતી નગર વસાવ્યું.

સદરહુ કરણસાગર મોઢેરા ગામની નજીકમાં હતું એમાં કાંઈ સંશય જેવું નથી; કારણ ત્યાં આગળ કરણસાગર નામનું ગામડું છે ને તેની શીમમાં ભાગી ગએલા સુદર સરોવરની ઘણી નિશાનીઓ જણાય છે. ને ત્યાં આસપાસના ગામડાના લોકો કહેછે કે એ જગોએ દશ મૈલના ઘેરાવાનું સુંદર સરોવર હ-તું, તે સિદ્ધરાજના બાપ કરણરાજાએ બંધાવેલું હતું. વળી તેની નજીક બે સુંદર દેવળો છે તેની બાંધણી એવી ઉત્તમ છે કે જે વખતે દુશ્મન લોકોની બીલકુલ ભીતી નહીં હોય, તેવા શાન્તિના સમયમાં આ દેવળો બંધાવેલાં છે. એ કરણસાગર સરોવરમાં પાણી લાવવા સારૂ રૂપેણ નદી તેમાં વાળી લીધી હતી, તે લગભગ ૮૦૦ વરસ સુધી તે પ્રમાણે બાંધેલી રહી; ને ઈ. સ. ૧૮૧૪ માં રૂપેણ નદીનો બંધ ઘણોજ વરસાદ થવાથી તુટયો, ને કરણસાગર જેવું મહાન સરોવર પાણી વિનાનું થઇ પડયું.

મોઢેરા ગામ ઉપરથી મોઢ બ્રાહ્મણ તથા મોઢ વાણીયાની ઉત્પત્તિ કહેવાય છે. તેઓ છ પ્રકારના કહેવાય છે તે ઉપરથી જણાય છે કે મોઢેરા મોટું શહેર હશે. જૈન ગ્રંથોમાં તેનું નામ માઘરપુર અથવા માઘબંકપટ્ટણ લખ્યું છે. ને અસલના વખતમાં કચ્છના રણની હદમાં દરીઓ હતો, એમ જે અટ-કળ ધારવામાં આવે છે તે પ્રમાણે તે દરીઆની લગોલગ હશે.

રૈવતાચળ અથવા ગીરનાર ઉપર નેમીનાથનું એક સુંદર દેવળ છે, તે પણ કરણરાજાનું બધાવેલું કહેવાય છે, ને તેમના નામ ઉપરથી તે કરણવિહાર કહેવાય છે.

કરણરાજાને પોતાના આયુષ્યનો કેટલોક ભાગ વિત્યા છતાં પોતાની ગાદીને દીપાવનાર યુવરાજ નહોતો. જેથી તે ઘણો ચિંતાતુર રહેતો હતો. એક પ્રસંગે પોતે દરબાર ભરી બેઠા છે તેવામા દક્ષિણ દેશમાથી એક ચિતારો આવ્યો તેણે કરણરાજાને એક સુંદર રાજકન્યાની છબી બતાવી. જે જોઈ રાજા ઘણો ખુશી થયો ને તેના વખાણ કરી તે કન્યાને પરણવાની પોતાની ઇચ્છા બતાવી. આ સુંદર કુંવરી દક્ષિણમા ચંદ્રાપુરના રાજા જયકેશીની દીકરી હતી. રાજાના આગ્રહથી તેને ગુજરાતમા તેડાવી પોતે ઘણા હર્ષથી તેની સાથે લગ્ન કરી પોતાની પટરાણી કરી સ્થાપી.

ચિતારાના કહેવા મુજબ રાણીમાં પોતાને સુંદરતા ન લાગવાથી રાજાનો પ્રેમ તેમના ઉપર થયો નહીં જેથી તે રાણી જેઓનું નામ મીનળદેવી હતું તે ઘણા દિલગીર રહેતા હતા. તેમજ રાજ્યનું નિમકહલાલ પ્રધાન મંડળ તથા રાજ્યની રૈયત પણ ઉદાસીમા રહેતા, કારણ કે રાજાની ગાદી ભોગવનાર રાજકુમાર થવાની આશા હવે રહી નહીં. તેમણે રાજાને ઘણો સમજાવ્યો પણ તે સહુ વ્યર્થ ગયું. રાજાની પ્રીતિ એક નમુંજલા નામે વારાંગના ઉપર હતી. જેથી પ્રધાને યુક્તિ કરી રાજાએ નમુંજલા સાથે મળવાનો જે વખતનો સંકેત રાખ્યો હતો તેજ સમયે વારાંગનાને બદલે મીનળદેવીને મોકલવાની ગોઠવણ કરીને તેમને તે પ્રમાણે વરતવા કહ્યું. મીનળદેવીએ આ કામ અમર્યાદિક ધારી કેટલીક આનાકાની કરી, પણ પ્રધાનોના દ્રઢ આગ્રહને કાલાવાલાથી તેઓ ગયાં. પોતે પ્રસિદ્ધ રીતે ઉઘાડા નહીં પડતાં રાજાનો પ્રેમ પોતે મેળવી લીધો, ને રાજાના હાથની અમુલ્ય વીંટી એંધાણ તરીકે રાખવા સમજાવી પોતે લેઇ લીધી ને મહેલમાં આવ્યા.

રાજાને જ્ઞાન થતા નમુંજલા સાથે પોતાનો સંબંધ જોડાયાનો તેને અતિશય ખેદ થયો, ને તેના પ્રાયશ્ચીતમા સાત લોઢાના તવા ઉના કરી તેની સાથે ભેટી બળી મરવાનો પોતે નિશ્ચય કર્યો. આ વખતે મુંજાલ પ્રધાને રાજાને ઠગવાની તમામ યુક્તિ જાહેર કરી; જેથી રાજા પોતે ભ્રષ્ટ થયો નથી એમ ખાતરી થવાથી ઘણોજ આનંદ પામ્યો. આ મેળાપથી રાણીને ગર્ભ રહ્યો તે વખત તેમને સ્વપ્ન આવ્યું તેમા તેમણે પોતાના મુખમા સિંહ પ્રવેશ કરતો જોયો તે ઉપરથી કુંવરનું નામ જયસિંહ પાડ્યું ને તેથી તે પૂર્ણ

પ્રતાપી ને મહાભાગ્યવાન મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહની માતુશ્રી થયાં. સિદ્ધરાજનો જન્મ પાલણપુરમાં થયો ને ગાદી ઉપર સવત ૧૧૫૦ ના પોસ વદ ૩ શનીવારે શ્રવણ નક્ષત્રમાં ગાદી ઉપર બેઠા.

કરણરાજાએ ઇ. સ. ૧૦૭૨ થી તે ઈ. સ. ૧૦૯૪ સુધી ૨૨ વર્ષ રાજ કર્યુ. ને વૃદ્ધાવસ્થામાં પોતાનું અતઃકરણ વિશ્વનિયતાની ભક્તિમા રાખ્યુ, ને આયુષ્ય પૂર્ણ થતા સ્વર્ગમા ગયો. જ્યારે કરણરાજા દેવલોક પામ્યો ત્યારે સિદ્ધરાજ બાલ્યાવસ્થામા હતો. કરણરાજાએ ૨૯ વર્ષ ૮ માસને ૨૧ દિવસ રાજ્ય કર્યું. કરણ રાજા ગુજર્યાના સમાચાર સાભળી તેમના ભાઈ ક્ષેમરાજનો કુમાર દેવપ્રસાદ જે દેથળીમા હતો તે ઘણો દિલગીર થયો ને ચિતા ખડકાવી પોતે જીવતો બળી મુઓ તે વખતે તેને ત્રિભૂવનપાળ નામે દીકરો હતો, તે બાળ રાજા સિદ્ધરાજના રથનુ પારૂ હમેશા તેની પાસે રહેતો હતો. રાજ્યનો તમામ કારભાર પ્રથમ મીનળદેવીના ભાઇ મદનપાળ ચલાવતો હતો. પણ તે રાજ્યમા ઘણોજ જુલમ કરતો જેથી તમામ પ્રજા તેનાથી કટાળી ગઈ. બળી તેના કેરથી દરબારમા પણ તે સર્વને અણગમો થયો હતો. તેણે રાજ્યનો ઘણોજ માનીતો લીલો કરીને વૈદ હતો, તેની પાસેથી જબરાઈથી દુઃખ દેઇને ઘણો પૈસો લેઈ લીધો. આ પ્રમાણે થવાથી તેના સામુ વેર લેવાને એક ટોળી બંધાઇ, ને સામતુ પ્રધાને બાળરાજાને પોતાને ઘેર રાખી યુક્તિથી મદનપાળને તેનાજ સિપાઇઓને હાથે મારી નખાવ્યો.

આ વખતે તમામ સત્તા માતા મીનળદેવીના હાથમાં આવી. રાજમાતા પાસે સામતુ, મુંજાલ ને ઉદો આ ત્રણ પ્રધાન હતા તેઓ ઘણા સારા માણસ હતા. ઉદાએ ઝીંઝુવાડાનો કિલ્લો બધાવ્યો. તેઓ જાતે વાણીયા હતા ને જૈન ધર્મ પાળતા હતા.

વીરમગામ આગળ મીનલસર (મુનસર) તથા ધોળકા આગળ મલાવ આ બે સુદર સરોવર જે ગુજરાતમા અદ્યાપિ પ્રસિદ્ધ છે તે મીનળદેવીએ બધાવ્યાં.

ધોળકામા મલાવ તળાવ બધાવતા તેણે ઇનસાફની હદ વાળી છે. પ્રથમ સરોવરનો પાયો ખોદાવવાનુ કામ ધોળકાથી કોઠ તરફ હાલના મલાવ તળાવથી લગભગ સવા ગાઉ ઉપર હતું, ને તે જગો તે વખતની ભાગોળ હતી. મતલબ કે ત્યાં સુધી વસ્તી ઘણીજ ઓછી થશે જેથી આ તળાવ ગામથી દોઢ ગાઉ ઉપરાત દુર પડશે, માટે ગામની વચમા બધાય તો સારૂ; તે ઉપરથી રાજ તરફથી રૈયતનાં ઘરો વેચાતા લેઇ તળાવની ગોઠવણ કરી. તમામ લોકોએ રાજીખુશીથી કિમત લેઇ પોતાના મકાન આપ્યા. મહારાણીનો ઇરાદો તળા-

અને ગોળ બનાવવાનો હતો, પણ એક બાજુએ એક ગુણકાનું ઘર હતું તેણે પોતાનું ઘર આપવાની ના કહી. મહારાણી તરફથી તેને દ્રવ્યની બહુ લાલચ આપી પણ કઠોર અંતઃકરણની નાયકાએ પોતાનું મકાન ખુશીથી આપવાને તો કબુલ કર્યુંજ નહીં. જ્યારે આવી રીતે ન આપવાનું કારણ રાજમાતા તરફથી પુછવામા આવ્યું ત્યારે તેણે કહ્યું કે આપને આ સરોવર ગોળ અને સુંદર બનાવી જગતમાં કીર્તિ પ્રાપ્ત કરવી છે, ને મારે આપનું તળાવ ગોળ ન થવા દેતાં તેમાં એક ખાચો રખાવી, આખું જગત મને પણ આપ સાહેબની સાથે યાદ કરે તેમ કરવું છે આ જાણી મહારાણીએ તેના ઉપર ગુસ્સે ન થતાં ક્ષમા આપી પોતાનું સરોવર ગોળ ન કરાવતા ખાચો પડવા દીધો, જે આજે પણ તેવી સ્થીતીમાં ચાલુ રહી ચૈલુકય કુળના પ્રતાપી સિદ્ધરાજ મહારાજાના સદગુણી માતુશ્રી મીનળદેવીના પવિત્ર ઇન્સાફીપણાનો દાખલો લોકોને બતાવે છે. ને ત્યારથી પડેલી કહેવત છે કે "ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જો." આ કહેવત લગભગ ૯૦૦ વરસ થયા તોપણ હજુ ચાલે છે.

નર્મદા નદી જે ગુજરાતમા બહુ પ્રસિદ્ધ પવિત્ર છે તેના ત્રટ ઉપર ભાહુલોદ (ભાલોદ) નામે આરો શુકલતીથ નજીકનો છે. એ વખતમા ત્યા આગળના સોમનાથ મહાદેવની પ્રસિદ્ધી બહુ હતી ને લાખો યાત્રાળુઓ હિંદુસ્તાનના જાદા જુદા ભાગમાથી યાત્રા સારૂ આવતા હતા. યાત્રા આવનાર પાસેથી ત્યાં ભારે કર (વેરો) રાજ તરફથી લેવામા આવતો, ને તે કર નહીં ભરનાર યાત્રાળુને નર્મદામાં સ્નાન કરવાનો તથા સોમેશ્વર મહાદેવના દર્શન કરવાનો લાભ મળતો નહીં. જેથી કેટલાક યાત્રાળુઓ નિરાશીથી પાછા ફરતા હતા. મીનળદેવી પોતાને પીયર ચંદ્રાપુરથી જ્યારે કરણરાજા સાથે લગ્ન કરવા સારૂ પાટણ પધારતા હતા, તે વેળા એક બ્રાહ્મણે આશીર્વાદ દેઈ વિનતી કરી કે આપ ગુજરાતનાં પટરાણી થાઓ છો તો ભાલોદ આગળ લેવાતો કર બંધ કરવા આપનાથી બનતી તજવીજ કરશો. તેના કારણમા તેણે જણાવ્યુ કે આપ પૂર્વભવમાં બ્રાહ્મણી હતા, ને તમો ભાલોદ યાત્રા સારૂ ગયેલા ત્યા કર ભરવાની રકમ તમારી પાસે ન હોવાથી તમે ઘણા કાલાવાલા કર્યા, પણ રાજના કર ઉઘરાવનારે તમોને સ્નાન કરવા દીધુ નહી જેથી તમે નર્મદાના કાઠા ઉપર અનશનવૃત (અન્નનો ત્યાગ) લેઇને તમારો દેહ છોડયો, ને એ પુન્યથી રાજકુંવરી અવતરી ગુર્જરેશ્વરનાં પટરાણી થયા છો માટે એ કર બીલકુલ કાઢી નાખવા મારી અરજ છે. મહારાણીએ પોતાનાથી બનતી સગવડે તેમ કરવા કબુલ કર્યું. પાટણ આવ્યા પછી કેટલીક મુદત બની શકયું નહીં પણ જ્યારે સ્વતંત્ર થયાં ત્યારે સિદ્ધરાજને તેડી ભાલોદ યાત્રા સારૂ પધાર્યાં. ત્યાં પોતાને બ્રાહ્મણે કહેલી

હકીકત ખરી લાગી. જેથી તેણે મહારાજા સિદ્ધરાજને બધી હકીકત સમજાવી. મહારાજે કર ઉઘરાવનાર મંત્રીને બોલાવી યાત્રાના કરનો હિસાબ જોયો તો એક તરફ ગુજરાતની ઉપજ જેટલી તે કરની ઉપજ લગભગ ૭૨ લાખ રૂપીયાની હતી. તોપણ સિદ્ધરાજે પોતાની માતા ઉપરની મમતાથી માતાને કહ્યું કે તમારો મારા ઉપરનો પ્રેમ અને પુત્રવાત્સલ્ય જોઈ મારા રાજ્યની ગમે તેટલી ઉપજ ઘટે છે તોપણ હું તે કર લેવાનો માફ કરૂં છું. પછી તે કર ઉઘરાવવાનો બંધ કરવાની પંચને આજ્ઞા કરી. મીનળદેવીએ સિદ્ધરાજ સાથે મહાદેવ સોમનાથનાં પૂર્ણ શ્રદ્ધા ને ભક્તિભાવથી દર્શન કર્યાં ને સુવર્ણથી પોતાની તુલા કરી સવા કરોડ રૂપીઆનું દાન કર્યું, ને તે સુવર્ણ તથા એક હાથી મહાદેવજી ને ભેટ કર્યો. જે વખતે તરૂણ સિદ્ધરાજ મહારાજ પોતાની માતા સાથે તીર્થ યાત્રા કરતો હતો, તે અરસામાં માળવાનો યશોવર્માન રાજા પોતાના લશ્કર સહિત ગુજરાત જીતવા પાટણ આવ્યો. તે વખતે પાટણના રક્ષણનું કામ પ્રધાન સામતુ કરતો હતો. તેણે કાતો પોતાનામાં દુશ્મન જેટલું શૌર્ય ન હોવાથી લઢવાનો વિચાર બંધ રાખ્યો અગર લઢાઈથી રાજ્યની ખુવારીની બીકથી લઢાઇ ન કરતા તેને નાણાં આપી પાછો વાળ્યો.

સિદ્ધરાજ મહારાજ યાત્રા કરીને ઘેર આવ્યો, ને તેના જાણવામાં સમાચાર આવતાં મંત્રીનું કરેલું કાર્ય તેને પસંદ પડયુ નહીં. તેણે ઘણો ક્રોધાયમાન થઈ સામતુને ઠપકો દીધો, ને પોતાની જાતે માળવા ઉપર ચઢાઇ કરી વેર વાળવાનો નિશ્ચય કર્યો. આ વખતે પાટણમા શહસ્રલીંગ નામનું સરોવર પોતે બંધાવવા માંડયું.

આ સરોવર તેની વાતો ને દંતકથાઓથી ગુજરાતમાં ઘણી પ્રસિદ્ધી પામેલું છે. એને માટે ખોદાણ કરેલું તે હજી પાટણ આગળ જોવામા આવે છે. પણ બાંધણી માંહેલું કશુ રહેલું નથી. આ તળાવ ગોળ અથવા બહુ બાજુવાળુ હતું. એને મળતી આવે એવી થોડી ઘણી બાંધણીઓ હજુ ગુજરાતમાં ઘણા સ્થળે જોવામા આવે છે. જેવી રીતે વીરમગામમા મુનસર તળાવને ફરતા ચોગરદમ દેહરાં હાલ આપણા જોવામાં આવે છે, તેવીજ રીતે એ સરોવરને પણ હશે, અને તેથીજ એ મહાન સરોવરને શહસ્રલીંગ નામ આપ્યુ હશે. આ સુંદર સરોવર અકબર પાદશાહના વખત સુધી હતું એમ જણાય છે. કારણ કે અકબરનો વજીર બેહેરામ રીસાઇને આગ્રાથી મક્કા હજ કરવા જવા સારૂ ગુજરાતમાં આવ્યો, ત્યારે તે પાટણમાં જે તળાવની પાસે હજાર દેહેરાં હતાં તે જોવા સારૂ ગયો હતો, ને તે શહસ્રલીંગ સરોવર હશે એમાં શક નથી.

તળાવનું કામ પૂર્ણ થઇ રહ્યા પછી સિદ્ધરાજે માળવા ઉપર જવાની સત્વર તૈયારી કરવા સારૂ સર્વ સ્થળેથી પોતાની સેન્યા એકઠી કરાવી ત્યા જવા નીકળ્યો. માર્ગમા જે જે રાજ્યો અને શહેરો આવ્યં તે સર્વને જીતીને તે રાજાઓને પોતાના ખંડીઆ તરીકે ગણી સાથે લેતો. ને પોતાની સેન્યાને રસ્તામા ખાડા ટેકરામા ચાલવાની હરકત પડે નહી માટે તેઓને પુરાવીને રસ્તો સપાટ કરાવતો હતો. કેટલાક ભીલના આગેવાનો પણ અત્યન્ત ચચળાઈ બતાવવા રાજાના સેન્યની સાથે ચાલ્યા, તે જેમ રામચન્દ્રની આસપાસ હનુમાનની સૈન્યા ચાલતી હતી તેવા દેખાવા લાગ્યા. આ રીતે સવારી માળવામા પહોચી ને ક્ષિપ્રા નદીને તીરે મુકામ કર્યો. તબુ તથા રાવઠીઓ નાખવામા આવી, હાથીઓ અને ઘોડાઓ હારબધ બધાયા; અને જેવી ઘટે તેવી રીતની ગોઠવણ કરાવી દીધી. ને સિદ્ધરાજ જયસિંહના તબુમા ગાન તાન ને રામજણીના નાચ થવા માડયા. માળવા દેશ જીતી લેવા સારૂ સિદ્ધરાજે બાર વરસ સુધી લડાઈ ચલાવી. ને તેમા તેને ઘણી કીર્ત્તિ મળી, પણ ધારાનગરી લેવાઈ નહી; ને તેના કરેલા તમામ હુમલા નિષ્ફળ ગયા. જેથી તેણે નિરાશ થઇ પોતાના મુંજાલ મત્રીને હવે પછી શુ કરવું તેની સલાહ પુછી તે મત્રીને સામા પક્ષના કોઇ નાશી આવનાર માણસથી સમાચાર મળ્યા કે કિલ્લાના દક્ષિણ બાજુના દરવાજા તરફથી હુમલો કરવામા આવે તો તે સફળ થાય ખરો. આ હલ્લો કરવામા સિદ્ધરાજ પોતે પ્રથમ આગળ નીકળ્યો. તેના જે માનીતા હાથી ઉપર તે પોતે બેઠો હતો, તેણે ન માની શકાય તેટલું બળ કરીને લોઢાની સાંકળો જડેલા ત્રણ દરવાજામાથી બે દરવાજા તોડી પાડયા, પણ આવો ભારત શ્રમ કરવાથી તેનો જીવ ગયો, ને આ દેવાગી પ્રાણી પોતાના ધણીનું કાર્ય કરીને સ્વર્ગે ગયો.

બે દરવાજા તુટવાથી સિદ્ધરાજને ઘણુ લાભ થયો અને તે નગરમા પેશી શકયો. યશોવર્માન ઘણા શૂરને બહાદુરીથી સામો લઢયો, પણ હાર્યો ને સિદ્ધરાજના હાથમા પકડાઈ ગયો, એટલે સિદ્ધરાજની પૂર્ણ ફતેહ થઇ; ને તેથી ગુર્જરપતિનુ નિશાન ધારાનગરીના કિલ્લા ઉપર પવનની મદ મદ લેહેરોમાં ફરકવા લાગ્યુ.

આ વિજય કરી માળવામાથી ગુજરાતમાં આવતાં સિદ્ધરાજે જે નાયકો યાત્રાળુઓને લુંટી હેરાન કરતા, તેઓને હરાવીને તેમના કિલ્લા કબજે કરી તેઓને નસાડી મુકી દેશને નિર્ભય કર્યો.

માળવા જીતી ત્યાંના રાજા યશોવર્માનને પકડી લાવેલા તેને પાટણ

નગરમાં પ્રવેશ કરતી વેળા જયોત્સવ વખતે પોતાના હસ્તી ઉપર બેસાડી યશ પતાકા રૂપ ગણ્યો હતો, તે જોવાને લોકોની ઠઠ મળી હતી તે વખતે દ્વાશ્રય ગ્રંથના કર્ત્તા જૈન ગુરૂ હિમાચાર્યે સિદ્ધરાજની કીર્ત્તિ નીચેના શ્લોકથી ગાઇ હતી.

श्लोक

भूमिं कामगवि स्वगोमयरसैरासिंच रत्नाकरा
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप त्वं पुर्णकुंभी भव
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा
त्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः

ભાવાર્થ-સિદ્ધરાજ પૃથ્વીને જીતીને આવે છે માટે અહો! કામદુધા! તમે તમારા ગોમયરસવડે ધરતી! સીચન કરો. અહો! સમુદ્ર! તમે મોતીના સ્વસ્તિક પુરો. અહો ચંદ્ર! તમે તમારા પૂર્ણ તેજથી પ્રકાશ કરો. અહો! દિશાના હાથીઓ તમે તમારી સુંઢોવડે કલ્પતરૂના પાંદડાનુ તોરણ ધારણ કરો.

આ પ્રમાણે રાજા વિજય યાત્રા કરી નગરમા પધાર્યો. જૈન મતના પંડીત હિમાચાર્યે વ્યાકરણનો મોટો ગ્રંથ બનાવ્યો હતો, તે બાબત તેમના પ્રતિપક્ષીઓનું એવું કહેવુ હતું કે એ ગ્રંથ તેમણે સંસ્કૃત વ્યાકરણને આધારે બનાવેલો છે. આ તેમનું કહેવુ ખોટું પાડવા સારૂ હિમાચાર્યે સભા કરી ને તેમા પ્રમુખ થવાનુ કામ સિદ્ધરાજને સોપવામા આવ્યુ. સભામા હિમાચાર્યેનું વ્યાકરણ કીમતી ગણાયુ, ને મહારાજ સિદ્ધરાજનો અભિપ્રાય પણ હિમાચાર્યના લાભમા ઉતર્યો પછી તે વ્યાકરણને રાજ્યહસ્તી ઉપર મુકી નિશાન ડંકા સાથે નગરમા ફેરવી રાજભંડારમા પધરાવ્યો. હિમાચાર્યના પ્રતિપક્ષીઓએ કહ્યુ કે તે ગ્રંથમા કાંઈ રાજા સંબંધી વખાણ નથી. આ સાભળી રાજાના મનમા કાંઈક ખેદ થયો, પણ હિમાચાર્યે દ્વાશ્રયનો ગ્રંથ સોળકી રાજાઓની હકીકતનો લખી રાજાને બતાવ્યો જેથી રાજા ઘણો પ્રસન્ન થયો.

ત્યાર પછી સિદ્ધરાજે મૂળરાજ (ક્ષેમરાજના ભાઇ) ને અગ્નીદાહ દીધેલી જગોએ બંધાવેલા ત્રીપુરૂષપ્રસાદ વગેરે દેવળોના રક્ષણ સારૂ તથા જાથુ ખરચ સારૂ તથા બીજા દેવાલયો સારૂ એટલો બધો ખરચ કરવા માડયો કે તેને તેમ કરતો અટકાવવાને માળવાના રાજા યશોવર્માને સિદ્ધરાજને બોધ કર્યો ને કહ્યુ કે અમારો માળવા દેશ લાખો રૂપીઆની ઉપજનો છે પણ તે ગુજરાતના આગળ છેક નમતી દશામાં આવી ગયો છે તેનું મુખ્ય કારણ તપાસશો તો એ જણાશે કે અમારા પુર્વજોએ દેવાલય વગેરેમાં એટલો બધો પૈસો

ખરચ્યો કે અમારે આવી દશાને પહોચવું પડયું; ને આપ આ પ્રમાણે ખર્ચ કરો છો તેથી મને ડર લાગે છે કે કાળે કરીને તમારા વશજોને હલકી સ્થીતીમાં આવવું પડશે, તો પછી તેઓને આપે બાધેલા નીમનોકી ખરચ કમી કરવા પડશે.

સિદ્ધરાજને આ બોધ ભાગ્યેજ પસંદ પડયો હશે; કારણ તેણે આવી હકીકત જાણ્યા છતા દેવળો, જળાશયો બાંધવામા પોતાની ઉદારતા ઘટાડી નથી, તેમજ પરમાર્થના કાર્યનો સિદ્ધરાજ મહારાજને પોતાના પૂર્વજોનો વારસો એ કાર્યોને ઉત્તેજન આપવાનો મળેલોજ હતો. ચાલુક્ય ચક્રવર્તિ ભુવડ મહારાજે માળવા દેશ જીતી શ્રી મહાકાળેશ્વર મહાદેવની શેવામાં અને આબુનો દેશ જીતી અચળેશ્વર મહાદેવની શેવામાં અર્પણ કરી, તેના રક્ષકોનું કામ પરમાર રાજાઓને સોંપ્યાનુ આગળ લખી ગયા છીએ. તેનાજ વશમાં થએલા મૂળરાજ સોળકીએ પણ રૂદ્રમાળો બાધી હજારો ગામ બ્રાહ્મણોને દાનમાં આપ્યાનું પણ લખી ગયા છીએ તે પ્રમાણે તેજ વંશના પ્રતાપી સિદ્ધરાજે પૂર્વજોના પગલે ચાલી અક્ષય કીર્તિ મેળવી છે.

માળવા જીતીને આવ્યા પછી સિદ્ધરાજે પોતાના પૂર્વજ મૂળરાજ સોલકીએ બધાવેલા રૂદ્રમાળાનો શ્રી થળક્ષેત્રમાં પુનરોદ્ધાર કરવામાં તથા મૂળરાજના વખતનું અધુરૂં રહેલું કામ પુરૂં કરવામા પોતાનું ચિત્ત લગાડયુ; ને તે વાસ્તે પોતાના હોશીયાર અને ચપળ કારીગરોને રોકયા. ને રૂદ્રમાળાનું કામ પુરૂં થએ શકરનું ભગવું નિશાન તે ઉપર ચઢાવી મહાદેવની સ્થાપના કરી.

ભવિષ્યવેત્તાએ કહ્યુ કે જેવી રીતે પ્રભાસપાટણનો નાશ મુસલમાનોએ કર્યો તેવીજ રીતે આ પવિત્ર સ્થળને પણ થવાનો સભવ છે. જયસિંહે આ સાભળી ખેદ પામી બીજા અશ્વપતિની મૂર્તિઓ કોતરાવી મુકી. તેની પાસે પોતાની મૂર્ત્તિ પણ પ્રાર્થના કરતો હોય તેવા ઘાટની કરાવીને મુકી; ને તેની નીચે લેખ કોતરાવ્યો કે કાળે કરીને દેશ નાશ કરવામા આવે તો ભલે, પણ કૃપા કરી આ દેવાલયનો નાશ કરવો નહી. સિદ્ધરાજની આ ધારણા ખરી પડી નહીં ને મુસલમાન લોકોએ ગુજરાત જીત્યો ત્યારે રૂદ્રમાળાની પણ માઠી વલે કરી. આજે પણ તેના ત્રણ માળના ઉભા રહેલા થાભલા પોતાના તૈયાર કરાવનાર મહારાજા સિદ્ધરાજ જયસિંહના માન સ્મરણાર્થે ઉભા રહી આપણને તેમની પાસે તેડાવવાને આગ્રહ કરતા હોય એમ જરા આઘેથી જોનારને ભાસે છે; ને સ્વદેશ હિતેચ્છુ જે જે પુરૂષો તેને પોતાની આંખથી જુએ છે તેઓના ચક્ષુમાંથી આપણા દેશનાં અનહદ કળાકૌશલ્ય અસલના સમયનાં જોઈ અશ્રુપાત થયા શિવાય રહેતો નથી. આ ઉદાર રાજાએ તે વખતે જૈન ધર્મી

દેવાળયો ઉપર ધ્વજા મુકવાની છુટી આપી; અને શ્રીસ્થળ ને બદલે સિદ્ધપુર-નગર એ નામ પ્રસિદ્ધ કરાવ્યું. જે અદ્યાપિ પર્યંત ચાલે છે. જૈન લોકો કહે છે કે સિદ્ધપુરમાં એ સ્થળે મહાવીર સ્વામીનું દેરૂં પણ બધાવ્યું હતું.

આ કામોથી પરવારી સિદ્ધરાજ માળવે ગયો. ત્યાં તેને આનંદદાયક સમાચાર મળ્યા કે શહસ્રલીંગ તળાવ બધાઇને તૈયાર થયુ છે ને તેમાં જળ પણ ભરાયું છે. પછી ગુજરાતમાં આવતા માર્ગમા શ્રીનગરમા મુકામ કર્યો. જૈન દેવાલયો ઉપર ધજા જોઇ તેણે બ્રાહ્મણોને પુછયુ. તેમણે પોતાનાં દેવાલયો ગણાવ્યાં, પછી મહારાજે કહ્યું કે જૈન દેવાલયો ઉપર મારા હુકમ શિવાય અહીં ધજા કેમ ચડે છે; તેના જવાબમા ઋષભદેવના વહીવટ કરનારે મહાજને પાછલા લેખો રજુ કરી સાબીત કરી આપ્યુ કે તેમ કરવાને અમને આજ્ઞા મળેલી છે. બ્રાહ્મણોએ પણ તે વાત સ્વીકારી ને મહારાજે એક વર્ષ પછી તમામ દેવળો ઉપર ધજા ચઢાવવાની પરવાનગી આપી. સિદ્ધરાજના દરબારમાં માળવાનો રાજકુમાર જગદ્દેવ પરમાર શૂરો ને બહાદુર સામંત ગણાતો હતો. તેના ઉપર મહારાજાની પૂર્ણ કૃપા હતી. તેના વિશે ભાટ લોકો લાંબા કથનની અને આનંદદાયક વાર્ત્તા કહે છે જે સાભળી દરેક ક્ષત્રીને તેના પ્રત્યે પૂજ્યભક્તિ પેદા થયા શિવાય રહેતી નથી.

સિદ્ધરાજે નોંધણ રાજા ઉપર ફોજ મોકલી તેણે ઘણી વખત વઢવાણ વગેરે શહેરોને ઘેરો ઘાલ્યો પણ તેમા ફાવ્યા નહીં. આખરે રાહખેંગારના વખતમાં પોતે જાતે ચઢયો ને રાહખેંગારને જુનાગઢમા હરાવી તેનું રાજ્ય જીતી લીધુ. રાહ યુદ્ધમાં સ્વર્ગે ગયો અને તેની પતિવૃતા પત્નિ રાણકદેવીને પરણવાની સિદ્ધરાજે ઘણી ઇચ્છા કરી પણ તેણે તે વાત કબુલ કરી નહીં; ને વઢવાણમાં ભોગાવાને કિનારે ચિતા ખડકાવી સતી થઈ. તેની દેહેરી આજે પણ વઢવાણ શહેરમાં છે; ને વાર તેહેવારે ઝાલા વંશની રાણીઓ જે પોતાના પતિ સાથે સતી થઇ સ્વર્ગે સંચરી છે તેઓની દેહરીની પ્રતીમાઓને સુશોભીત વસ્ત્રાલંકાર ધારણ કરાવે છે ત્યારે આ દુખીયારી રાણકદેવીની ખંડીત થએલી મૂર્તિને પણ ધારણ કરાવવામાં આવે છે. આ રાણકદેવી વિષે તુરી લોકો ઘણી દયાજનક અને કરૂણારસથી ભરેલી વાર્તા કહે છે.

રાહખેંગારના મરણ પછી સૌરાષ્ટ્રનો રાજકારભાર સજણ નામે પોતાના એક સુભટને સિદ્ધરાજે સોંપ્યો. તે વનરાજના પ્રધાન ચાંપાના વંશનો હતો. તેણે ગીરનાર ઉપર નેમીનાથનું દેહરૂં બાંધવામાં તે દેશની ત્રણ વરસની ઉપજ ખરચી નાંખી. સિદ્ધરાજે જ્યારે તેની પાસે ત્રણ વરસની ઉપજનો હિસાબ

માગ્યો, ત્યારે તેણે દેવાલયના થયેલા ખરચનો હિસાબ બતાવી મહારાજાની ક્ષમા માગી. જેથી રાજા ખુશી થયા અને પોતાના પૈસાથી તેને હાથે સારૂં કામ થએલુ હોવાથી સતોષ પામી તેને તે જગો ઉપર કાયમ રાખ્યો. એટલુંજ નહીં પણ શેત્રુજય અને ઊજાયતના પવિત્ર ધામ પણ તેન સ્વાધીન કર્યો. સિદ્ધરાજ ત્યાથી પછી સોમેશ્વર આવ્યો અને ત્યાની યાત્રા કરી ઉપર જણાવેલાં બે જૈનતીર્થોની મુલાકાત લીધી; ને ઋષભદેવની પુજા સારૂ બાર ગામ આપ્યા.

સિદ્ધરાજના વખતમા ધર્મ સબધી વાદવિવાદ ઘણા થયા છે. તે પણ બ્રાહ્મણ અને જૈનધર્મીઓને એકલાને નહીં, પણ જૈનમાર્ગમા શ્વેતાબર ને દિગમ્બર આ બે માર્ગ છે તે બનેને સામાસામી થઈ હોય તેમ જણાય છે.

કુમુદચદ્ર કરીને દિગમ્બર મતનો સાધુ કર્ણાટક તરફથી એટલે રાજમાતા શ્રી મીનળદેવીના પીયર તરફથી દિગ્વિજય કરતો પાટણ આવ્યો. તેને પોતાના પીયેર તરફનો જાણી મીનળદેવીએ સારૂં સન્માન કરાવ્યુ. તેણે સિદ્ધરાજના જૈન પડીતો સાથે વાદવિવાદ કરવાની મરજી જણાવી. જેથી શ્વેતાબર તરફથી દેવસુરી કરીને કરણાવતીનો વિદ્વાન સાધુ ને હિમાચાર્ય તની સાથે વાદવિવાદ કરવાને તૈયાર થયા. સભા ભરવાનો દિવસ મુકરર ઠરાવો તે દિવસે મહારાજા ગાદી ઉપર બિરાજ્યા. કુમુદચદ્ર પોતાના મસ્તક ઉપર શ્વેત છત્ર ધરાવી પાલખીમા બેસી ઠાઠમાઠથી આવ્યો. સભામા ધર્મ સબધી ઘણી ચર્ચા થઇ. કુમુદચદ્રનું કહેવું એવું હતું કે સ્ત્રીઓ વસ્ત્ર ધારણ કરે છે જેથી તેમને મુક્તિ મળતી નથી. હિમાચાર્યનુ કહેવુ એથી ઉલટુ હતું. સ્ત્રીઓને મુક્તિ મળતી નથી, આ વાક્ય વિષે શ્વેતાબરે એ મહારાણીને સમજાવીને કુમુદચદ્ર ઉપર તેમનો અભાવ થાય તેમ ગોઠવણ કરી, અને મીનળદેવી તરફથી મળતો આશ્રય બધ કરાવ્યો. આખર કુમુદચદ્ર હાર્યો ને તેને દેશ મુકી જવું પડયું. રાજા સિદ્ધરાજ હિમાચાર્ય ઉપર ઘણો પ્રસન્ન થયો ને તે સુરીના ઘણા વખાણ કરી પોતાની આગળીયે વળગાડી મહાવીર સ્વામીના દેવળમા સ્વજન સહિત પુજા સારૂ ગયા. સિદ્ધરાજે હિમાચાર્ય સુરીને પરાતીજ અને દેહેગામની વચ્ચેનાં બાર ગામ ઘણા આગ્રહથી આપ્યા.

દુનિઆમા ચાલતા ધર્મોમા કીયો ધર્મ સારો ને કીયા ધર્મનુ સેવન કરવાથી મુક્તિ મળે વિગેરે હકીકત સિદ્ધરાજ ઘણા ધર્માચાર્યોને પુછતો, તો તે દરેક પોતાનો ધર્મ શ્રેષ્ટ છે એમ જણાવી પોતાનાજ ધર્મની બડાઇઓ હાંકતા હતા; ને પારકા ધર્મની નિદા કરતા હતા. જયસિહને આવું ધર્માચાર્યોનુ બોલવું ઠીક લાગતું નહીં. તેને સૌથી સારો ખુલાસો હિમાચાર્યથી

મળ્યો. તેમનું કહેવું એમ હતું કે કળીયુગમાં માણસ ધર્માચરણ ગમે તે પ્રકારનું પાળે તો તેના મહિમાથી તે અજ્ઞાન છતાં તેમને મુક્તિ મળે છે. કોઇ ધર્મને બાધ નહી કરનાર હેમાચાર્યનો જવાબ સિદ્ધરાજ મહારાજને મનમાનતો લાગ્યો ને તેથીજ તેણે ગુરૂ ઉપર વધારે પ્રસન્નતા દેખાડી હશે.

સિદ્ધરાજે શ્રીસ્થળમાં પોતાના પૂર્વજ મૂળરાજે બધાવેલા રૂદ્રમાળનો જીર્ણોદ્ધાર કરાવ્યો ને તેમણે તેડાવી ગામો આપેલા બ્રાહ્મણોના વંશજોને તે ગામોના નવા પટ્ટા કરી આપ્યા; ને વિશેષમાં ભાલદેશમાં બીજાં ૧૦૦ ગામ આપ્યા.

કેટલાક બ્રાહ્મણોને શીહોર વગેરે ગામ જંગલી જાનવરોના ત્રાસથી ભય ભરેલા લાગ્યા જેથી તેમણે મહારાજાને ગુજરાતમાં રહેવાની મરજી જણાવી. તેણે તેઓને તેમ કરવાની આજ્ઞા આપી, ને સાબરમતીને કાંઠે આસામ્બીલી ગામ આપ્યુ, ને શીહોરથી જે માલ આવે તેની જકાત માફ કરાવી.

માળવા દેશ જીતી લીધા પછી જયસિંહદેવનું તે દેશમા ઘણીવાર જવાનું થતું. એક વખત તે તરફ જતા એક રથ ઘણો ભારે હતો જેથી પહાડી રસ્તામા જઇ શકે તેમ નહોતું તેથી વારાહી ગામ રસ્તામાં આવ્યું ત્યાં રથ મુકાવ્યો; ને પોતે માળવામાં ગયા.

રાજરથ જેવી ભારે વસ્તુના જવાબદાર એક જણને થવું તે ત્યાંની રૈયતને ઠીક લાગ્યું નહીં ને કોઇએ તેમ કરવાની હિમ્મત ધરી કબૂલાત આપી નહીં. જેથી તેમણે સર્વાનુમતે તે ઘણાજ કીમતી અને સુશોભીત, સુંદર કારીગરોથી તૈયાર કરેલા ઉત્તમ રથના કકડા કરી અકેકો વહેંચી પોતાને ઘેર લેઈ ગયા, ને પોતાને સાચવવાના કકડાનું ભારે યત્નથી રક્ષણ કર્યું. સિદ્ધરાજે પાછા આવતાં ત્યાં મુકામ કરી રથ મગાવ્યો. ત્યારે તે લોકોએ મહામુશ્કેલીથી સાચવી રાખેલા કકડા લાવી મહારાજા પાસે રજુ કર્યા જે જોઇને તે વિસ્મય પામ્યો, ને તે લોકોને મોઢેથી રથ બાબતનો વૃત્તાંત સાંભળી ખૂબ હસ્યો; ને પોતાના રથનો નાશ થયો તેના બદલામાં બીજી કાંઈ શિક્ષા ન કરતાં તેમને વારાહીના અબુદ્ધ' એવું ઉપનામ આપીને પોતાનો ક્રોધ બતાવ્યો. આ ઉપનામ ઘણા વખત સુધી ચાલ્યું હતું. બીજી વખત માળવાથી આવતાં પાટણ નજીકના ઊંઝા ગામમાં મહારાજાએ મુકામ કર્યો. તે ગામનો મુખી હિમાળોજી કરીને હતો, તેની અને સિદ્ધરાજના મામાની અટક એક હતી. વળી રાજમાતા મીનળદેવીનાં કરણરાજા સાથે લગ્ન થતા અગાઉ તેમને હિમાળોજીને ત્યાં આશ્રય મળેલો હતો. આ ગામ કડવા કણબી કે જેઓ ખે-

તીના કામમાં ઘણા ચાલાક અને હોંશીયાર ગણાય છે, તેઓના રહેઠાણથી વખણાએલું છે. તેઓની કુળદેવ્યા ઉમિયા માતાજીનું ઘણુંજ સુંદર દેવળ છે.

રાત્રીને વખતે તે ગામના ગામડીઆ ખેડુતો ચોરા આગળ બેસી વાતો કરતા હતા; ત્યાં સિદ્ધરાજે યાત્રાળુને વેશે જઇને તેમની થતી વાતચીત સાંભળી. તે લોકોએ પોતાના રાજાના અત્યંત વખાણ કર્યાં ને તેની ચાલાકીનાં અને પોતાના નોકરો સાથેની રીતભાતના તેમજ લાયક વર્ત્તણુકના વખાણ કર્યાં, તે સાંભળી રાજા પોતાના મનમાં ઘણો આનંદ પામ્યો. તે લોકોએ રાજાના સુખમાં એક ખામી જણાવી કે સર્વે પ્રકારનું રાજાને સુખ છતાં તેના વશનો કુળદીપક કુંવર નથી, એટલા આપણે કમ નશીબવાન છીએ. રાજાજીને આ વૃત્તાન્તથી પુત્ર ન હોવાનો શોક ને પોતાની રૈયતના ઉમળકાથી આનંદ આ બે સાથે ઉપજ્યાં ને તે વિશે વિચાર કરતો ઉતારે ગયો. બીજે દિવસે ગામડીઆ રાજાની મુલાકાતે ગયા. એ વખતે રાજા બીજા ખડમા હતા જેથી તેઓ રાજાને બેસવાની ગાદી આગળ જઇને બેશી ગયા. તેમને તે રીતે વર્તતા અટકાવવાને કારભારીઓએ તથા બીજા કામદારોએ મહેનત કરી તે ફોગટ ગઈ. સિદ્ધરાજે પોતે આ જોયું. પણ તે ઘણો સાદો અને ભલો હતો. વળી આગલી રાતની તે લોકોની રાજભક્તિ તેણે જોઈ હતી જેથી તે લોકોને તે સ્થળેથી ન ખસેડતાં ત્યાજ બેશી રહેવા દીધા; ને આવો મર્યાદાનો ભગ થયા છતા રાજા જરા પણ ગુસ્સે ન થયો તેથી તેના કામદારોને ઘણું આશ્ચર્ય લાગ્યું.

સિદ્ધરાજ ગૌર વરણનો અને શરીરે દુબળો હતો પણ તેનો ચેહેરો સારો હતો. કાંડા સુધી તેના હાથના પોંચા કાળા હતા. તે સર્વ શુભ ગુણ સપન્ન ને યુદ્ધમા યશસ્વી, શુરવીર ને દયાના કામમા પણ મહાન ઉદાર હતો, પોતાના નોકરોને તો તે સ્વર્ગના કલ્પવૃક્ષ જેવો હતો. તેનો ઉદાર હાથ સર્વને વાસ્તે છુટો રહેતો હતો. તેના સબધીઓમાં તો તે મેઘની પેઠે વરસતો, અને રણસગ્રામમાં સિહના જેવો હતો. પણ તેનામાં વિષયાસક્તપણાનો દોષ હતો, જેથી તેના હાથે બે ખોટાં કામ થયા. તે પોતાનો ખાનગી વખત પણ આળસમાં કાઢતો નહીં ને રાતની વેળાએ વેશ બદલી નગર ચર્ચા જોવા સારૂ નીકળતો. નાટકશાળામાં ને સંસારીક મડળીઓમાં તે ગુપ્ત રીતે જતો, ને પોતાના અંતઃકરણને ગમત મેળવતો હતો. અને કોઇ વખત તેમાંથી તેને લાભ પણ થયા છે. તે કીર્તિનો ઘણો ભુખ્યો હતો. પોતાને એક પણ પુત્ર થવાની તેને ઘણી હોંશ હતી પણ તેની તે ઇચ્છા પુરી થઈ નહીં. વળી કોઇ સારો કવી પોતાની પાસે રાખવાની તેની ઘણી મરજી હતી તે પણ પુરી થઇ નહીં. એકદરે થએલ હિદુ રાજાઓમાં તે ઉચી પદવીને લાયક ગણાયો હતો.

તે શુરવીર, વીર્યવાન ને સાહસીક રાજા ગણાયો છે. તેનો ઇતિહાસ લખનારે તેને ગુર્જરનો શૃગાર અને ચાલુકય કુળનો દીપક લખ્યો છે. તેજ પ્રમાણે તેના નામને તે વિશેષણો લાયક હતાં. તેણે મેળવેલું રાજ્ય ઘણું વિસ્તીર્ણ હતું. અચળગઢ અને ચદ્રાવતીના પરમાર તેના આશ્રિત હતા; ને તે અણહિલવાડની ઉત્તરમાં મજબુત કિલ્લા ગણાતા. મોઢેરા અને ઝીંઝુવાડા એ પશ્ચિમમાં કિલ્લા હતા. ડભોઇ અને ચાપાનેર એ પૂર્વમાં કિલ્લા હતા. તે શિવાય ઘણા કિલ્લા તેની પાસે હતા. એકદરે જોતા તેની પૂર્વે થઇ ગએલા રાજાઓ પાસે જેટલું રાજ્ય હતું, તેના કરતા સિદ્ધરાજ પાસે ઘણું વધારે હતું ને તે વધારો તેણે પોતાના પરાક્રમથી કર્યો હતો. તેના રાજ્યની હદ ઉત્તરમા આબુની પેલી મેર આલોડની પાડોશ સુધી જેમા કચ્છનો સમાવેશ થઇ જાય છે, ત્યાંસુધી હતી. સોરઠમા અને માળવામા તેની આણ વર્તાઇ હતી. અને દક્ષિણમાં તેનું રાજ્ય ઠેઠ દક્ષિણ દેશ સુધી વિસ્તાર પામ્યુ હતું. ને કોલ્હાપુરના રાજાને તેણે ભય ઉપજાવ્યુ હતું. કનોજના રાજા સાથે તેને લડાઇઓ થઈ હતી, ને તે વખતે તેણે પવિત્ર ભાગીરથી નદીમા પોતાની તરવારો ધોઇ હતી. આ પ્રમાણે થવાથી તેની ચોગરદમ ફેલાતી સત્તાનો અટકાવ કરવાનું મેવાડના રાજાએ તથા અજમેરના રાજાએ યોગ્ય ધાર્યું હતું. ચિતોડના એક લેખમા લખ્યુ છે કે જયકોશમા તેનું અગ જડી લીધું હતું; અને તેનાં કૃત્ય પૃથ્વીના પડ ઉપર ગાજી રહ્યા હતાં. વળી તે દેશના લખનારા પણ કબુલ કરે છે કે તેના પરાક્રમ હરેક રાજસ્થાનના પુસ્તકમાં નોંધાએલાં છે. સિદ્ધરાજે ઈ. સ. ૧૦૯૪ થી તે ઇ. સ. ૧૧૪૩ સુધી ૪૯ વરસ રાજ્ય કર્યું છે.

સિદ્ધરાજને પુત્ર નહોતો જેથી તેના પીતા કરણના ઓરમાન ભાઈ ક્ષેમરાજના વંશમા ગાદી ગઈ. ક્ષેમરાજ કે જે પોતે ગાદી ન લેતાં પિતાની સાથે તપ કરી તેમની સેવા કરવા સારૂ સિદ્ધપુર રહ્યો હતો; જેને વાસ્તે પછવાડે લખાઈ ગયું છે તેજ સતોષી પુરૂષ હતો. તે ક્ષેમરાજને દેવપ્રસાદ નામે દીકરો હતો તે પણ પોતાના વૃદ્ધ પિતાની ચાકરી કરવા સારૂ સિદ્ધપુર સમીપના દેથળી ગામમાં રહેતો હતો ને પોતાના કાકા કરણના મરણના સમાચાર સાંભળી પોતે ચિતા ખડકાવી બળી મુઓ હતો.

દેવપ્રસાદને ત્રીભુવનપાળ કરીને એક કુંવર હતો તે સિદ્ધરાજ બાળ અવસ્થામા હતો ત્યારે તેની પાસેજ રહેતો હતો ને યુદ્ધમાં હમેશાં સિદ્ધરાજની આગળજ રહેતો હતો.

આ રીતે જેના પૂર્વજોએ ગાદીનો પોતાનો હક છતાં બીલકુલ લોભ નહીં

રાખેલો એવા ક્ષેમરાજ, અને જેણે પોતાના કાકાના મરણના સમાચાર સાંભળી જીવતા ચિતા ખડકાવી દેહ તજ્યો એવા દેવપ્રસાદ, અને જેણે પોતાનો દેહ રાજશેવામાં અર્પણ કરી સિદ્ધરાજ મહારાજની એક નોષ્ટાથી અને પૂર્ણ પ્રમાણીકપણે શેવા બજાવી એવા તેના પિત્રાઇ ભાઇ ત્રીભુવનપાળના વશમા ગાદી ગઇ. જેની હુમેશા નિર્મળ વૃત્તિ છે તેને પરમાત્મા સારાંજ ફળ આપે છે ને સંતોષીની ઈચ્છાઓ વગર માગે પૂર્ણ કરે છે તે સમજવાને આ દ્રષ્ટાંત બહુ બોધકારક છે.

ત્રીભુવનપાળને મહિપાળ, કીર્તિપાળ, અને કુમારપાળ આ ત્રણ કુમારો હતા તેમાં કુમારપાળ ઘણો હોંશીયાર શૂરો ને કષ્ટ સહન કરી શકે એવો વીરપુરૂષ હતો.

કોઇ હસ્તરેખા જોનારે સિદ્ધરાજ મહારાજને કહેલું કે આપના રાજ્યાસને કુમારપાળ બેસશે. આ તેને સારૂં લાગ્યુ નહીં જેથી તેનો નાશ કરાવવાની સિદ્ધરાજની ઇચ્છા થઈ. આ સમાચાર કુમારપાળના જાણવામાં આવવાથી હુમેશાં તે ડરીને નાસતો ફરતો હતો ને જૈન સાધુને વેશે દેશાટન કરતો હતો. તે એક વખત પાટણમા આવેલો, અને સિદ્ધરાજે પોતાના પિતાના શ્રાધને દિવસે તમામ જૈન સાધુઓને જમવા તેડયા હતા, તેમા ભેગો કુમારપાળ પણ આવ્યો હતો. સિદ્ધરાજે તમામ સાધુઓને પોતે અર્ધપાદ્ય પુજા કરવા માંડી તેમા કુમારપાળની પુજા કરતા તેના કમળપત્ર જેવા સુવાળા પગ ને ઉર્ધ્વ રેખા વગેરે બીજી ચક્રવર્તિ મહારાજા જેવી રેખાઓ જોઈ સિદ્ધરાજ ચકિત થયો. પોતાને સિદ્ધરાજે ઓળખ્યો એમ સમજી કુમારપાળ ત્યાથી નાશી ગયો ને દેથળી ગામે જતો રહ્યો. તેની પછવાડે સિદ્ધરાજે પકડવા મોકલેલા સ્વાર પડયા પણ જેના નશીબમા ગુજરાતનું વિશાળ રાજ ભોગવવા સર્જીત થએલું એવો કુમારપાળ પકડાયો નહીં. બે વખત તો છેક આવેલી અણીએથી બચ્યો. એક વખત આલીંગ નામના કુંભારે પોતાની ભઠ્ઠીમાં સતાડયો. ને સ્વારો તેની નજીક આવી તજવીજ કરીને ગયા પણ પત્તો લાગ્યો નહીં. આ આલીંગ કુંભારને પોતે જ્યારે રાજા થયો ત્યારે કરેલા ઉપકારના બદલામાં ૭૦૦ ગામો બક્ષીસ આપ્યાં. તેટલા ગામોના ગામેતી બનવાથી પોતાને કુભાર નામ રાખવાની શરમ લાગવા માંડી જેથી (સગરા) નામ ધારણ કર્યું, તે આજે પણ તેના વશના કુભારો કહેવરાવે છે. બીજીવાર એક ખેડુતે પોતાની વાડ કરવા સારૂ કાટાનો ઢગલો કરેલો તેમાં પેશીને બચ્યો. તે ઢગલો જો કે સિદ્ધરાજના સ્વારોએ સારી પેઠે તપાશીને જોયો હતો પણ કુમારપાળના જોરાવર નશીબે તેમને ભુલાવ્યા. અને તેઓ નિરાશ થઇને પાછા ગયા. આ રીતે કષ્ટ

સહન કરતો તે આગળ ચાલ્યો. રસ્તામાં એક વૃક્ષ નિચે વિરામ લેવા તે બેઠો. પાસે ખરચી પણ નહોતી; ભૂખ, ચિંતા અને બીક આ ભેગાં કષ્ટોથી તે અ-મુંઝાઇને નિરાશ થઇ નિશ્વાસ મુકી વિચાર કરતો હતો, તેવામાં પ્રભુએ તેને ચમત્કારિક રીતે મદદ આપી. એક ઉંદરનું તે ઝાડ નીચે દર હતું તેમાથી તે એક રૂપીઓ બહાર લાવ્યો, ને ત્યાર પછી એક પછી એક એમ વીશ રૂપીઆ બહાર લાવી પછી પાછા તે રૂપીઆ દરમાં લઇ જવા માડ્યા. કુમારપાળે તેને ભડકાવી તમામ રૂપીઆ પોતે લેઇ લીધા ને આ મદદ પ્રભુ તરફથી મળી એમ માની ઇશ્વરનો ઘણો ઉપકાર માન્યો. આગળ ઉપર જ્યારે પોતે રાજા થયો ત્યારે આ ઉંદરની લીધેલી થાપણના બદલામાં એજ સ્થળે એક મહા-દેવનું દેવળ બધાવ્યું એમ કહેવાય છે.

મુસાફરી કરવાનું સાધન પ્રભુ કૃપાથી મળ્યા પછી તે લેઇને તે આગળ ચાલ્યો. ને એક વાણીઓ ખટલા સાથે પરગામ જતો હતો તેમની પાસેથી માગી-ને પોતે ખાવાનું ભાતું લીધું, કારણ આ વખતે તેને ત્રણ ઉપવાસ થયા હતા. ત્યાથી પોતે સ્તંભતીર્થ (ખભાત) આવ્યો ને ઉદાયન મહેતાને ત્યા મળવા સારૂ ગયો. ત્યા સમાચાર મળ્યા કે મત્રી તો જૈનના અપાસરે ગયા છે જેથી કુમારપાળ અપાસરે ગયો. ત્યા જોયુ તો હિમાચાર્ય પાસે ઉદાયન મત્રી બેઠા હતા. હિમાચાર્યે કુમારપાળને જોતાજ તુરત હવે પછી થનાર ગુજરાતનો મહા-રાજા એમ કહી આશિર્વાદ દીધો. આ સાભળી કુમારપાળને ઘણુ આશ્ચર્ય લાગ્યું, ને આ પ્રમાણે બનશેજ નહી એમ પોતાનો શક જાહેર કર્યો. પણ હિમાચાર્યે જ્યારે ખાત્રીથી ફરી કહ્યુ ત્યારે તેનો વિશ્વાસ બેઠો ને તેમ થાય તો પોતે જૈન ધર્મ પાળવો એવો તેણે દ્રઢ નિશ્ચય કર્યો.

ઉદાયન મત્રી પાસેથી જોઈતો સરસામાન તથા નાણું લેઇ પછી તે માળવામા ગયો. ત્યા કદગેશ્વરના દેવળમાં એક પત્થર ઉપર નીચેની મત-લબનો લેખ વાચી તે ઘણુ આશ્ચર્ય પામ્યો· જ્યારે વિક્રમનું વર્ષ ૧૧૯૯ મું પુરૂં થશે ત્યારે હે પરદુ:ખભજન વિક્રમરાજા તારા જેવોજ પરાક્રમી રાજા કુમાર-પાળ ગુજરાતમાં થશે.

કુમારપાળ આ વખતે માળવામાં હતો ત્યારે તેણે પોતાના કાકા સિદ્ધ-રાજ જયસિંહના મરણના સમાચાર સાંભળ્યા કે તુરત ત્યાંથી ગુજરાતમાં આ-વવાને નીકળ્યો. પુરતાં સાધનો પાસે નહીં હોવાથી તેને ગુજરાતમાં આવતાં ઘણું કષ્ટ સહન કરવું પડ્યું હતું. તે સીધો માળવામાંથી પાટણ આવ્યો, ને પોતાનો બનેવી જે સિદ્ધરાજ મહારાજનો મુખ્ય સેનાપતી હતો તે કહાનદેવને

ઘેર પોતે ગયો. કુમારપાળ આવ્યાના સમાચાર જાણી ઘણા આદરમાનથી તે તેને પોતાના મંદીરમાં તેડી ગયો. સિદ્ધરાજે પોતાના મરણ અવસરે કુમારપાળને ગાદી નહીં આપવા બાબત પોતાના મંત્રીઓનો કોલ (વચન) લીધો હતો. કહાનદેવે તે પ્રમાણે કરેલું કે નહીં તેની ખબર નથી. કારણ એ સમયમાં સિદ્ધરાજનો પરમપવિત્ર આત્મા પરમાત્મા પાસે પરલોકમા સિધાવી ગયો હતો.

કહાનદેવ કુમારપાળને તેડી બીજે દિવસે સવારમાં દરબારમાં ગયો. ત્યાં મંત્રીઓ ગાદી કોને આપવી તે બાબતની ગડભાગ કરતા હતા, પ્રથમ એકને ગાદી ઉપર બેસારવા ઇચ્છા કરી; પણ તેના પોશાક ને રીવાજ ઉપરથી તે કોઇને યોગ્ય લાગ્યો નહીં. બીજાને પુછવામા આવ્યું કે સિદ્ધરાજ મહારાજે મુકેલા ૧૮ દેશોનો રાજકારભાર શી રીતે ચલાવશો? તેણે જવાબ આપ્યો કે જે રીતે તમો પ્રધાન બતાવશો તે રીતે વહીંવટ ચલાવીશું.

જે પ્રધાનોએ સિદ્ધરાજ મહારાજના કડક અને વીર્યવાન હુકમો સાંભળેલા તેમને આ શબ્દો નિસ્તેજ લાગ્યા જેથી તેને પણ પસંદ કરવામાં આવ્યો નહીં. કુમારપાળને પણ તેજ પ્રશ્ન પુછવામાં આવ્યો, તે સાંભળી કુમારપાળ ગાદી ઉપરથી ચમકી ઉઠયો, ને આંખો રાતી ચોળ કરીને મ્યાનમાથી અરધી તલવાર ખેંચી. આ જોઇ સર્વે જણ સાબાશ સાબાશ બોલી ઉઠયા; જે શબ્દથી રાજસભા ગાજી ઉઠી ને કુમારપાળને સર્વાનુમતે રાજ્યગાદી ઉપર બેસાર્યો. તેના બનેવી કહાનદેવે તથા બીજા સામતોએ ગાદીને દંડવત્ પ્રણામ કર્યા ને આ રીતે કુમારપાળ શંખનાદ ને વાજીત્રોના અવાજની ધુન સાથે પોતાના પૂર્વજોના પવિત્ર રાજ્યાસન પર બેશી રાજ્ય કરવા લાગ્યો. જ્યારે તે રાજગાદી ઉપર બેઠો ત્યારે તેની ૫૦ વરસની પાકી ઉંમર થઇ હતી, અને તેને પરદેશ ભટકવાથી પાકો અનુભવ મળ્યો હતો, જેથી તેના જુના કારભારીઓને અને તેને અણબનાવ થયો. તેથી તેઓને નોકરીથી દુર કરી રજા આપી. તેઓએ કુમારપાળને મારી નખાવવાનો મનસુબો કરી એક વખતે જે દરવાજેથી તે મહેલમાં આવવાનો હતો ત્યાં મારા મુક્યા. પણ આગલા ભવની શુભ કરણી આગળ આવી જેથી તે ચેતી ગયો અને તે દિવસે તે દરવાજેથી ન જતાં બીજા દરવાજાથી ગયો ને તેણે તે કારભારીઓને મારી નંખાવ્યા.

કહાનદેવ તેનો બનેવી હતો ને તેનાજ આશ્રયથી કુમારપાળને ગાદી મળી હતી. તેથી કહાનદેવનું પોતે સારૂં માન રાખતો. તોપણ કહાનદેવ તેને હલકો ગણી માન મરતબો નહીં આપતાં ઘણાં અપમાન લાયક વચનો

બોલતો; જેથી કુમારપાળને ખોટું લાગતું. તેમ ન કરવા તેણે કહાનદેવને ઘણી વાર શિખામણ દીધી. તે ન માનતાં ઉલટા તડુકીને સામા જવાબ દેવા મંડયો ને કુમારપાળની આજ્ઞાઓ ઉલ્લઘન કરવા લાગ્યો; અને આગળ ઉપર કુમારપાળની કરેલી આજ્ઞાઓ નહીં માનવાનો તેણે પક્કો ઠરાવજ કરી ન રાખ્યો હોય એમ જણાયુ. આથી કુમારપાળે ક્રોધે ભરાઇ તેને મારી નખાવ્યો. આ થવાથી તેનો તમામ સામતો ઉપર ભારે ત્રાસ બેશી ગયો ને બધા તેનાથી ડરીને સ્વસ્થપણામાં આવ્યા. ને ધારવા લાગ્યા કે પોતાનો બનેવી જેનાથી પોતાને રાજ મળ્યું તેણે ગુન્હો કર્યો તો તેનો નાશ કરાવ્યો તો પછી આપણે જો ગુન્હામા આવ્યા તો બચવાનો ઉપાયજ નહીં, એમ ધારીને સમાધાનીથી વર્તવા લાગ્યા. જે દીવાને આપણે સળગાવીએ તે દીવો આપણને નહીં દઝાડે એમ ધારીને જે અજ્ઞાન માણુસ તેની બળતી જ્યોતને આંગળી અડકાડે તો તે દાઝયા શિવાય રહેજ નહીં, તેજ રીતે અમોને થશે એમ સહુ મત્રીમડળ સારી રીતે સમજી ગયું.

કુમારપાળે ગાદી ઉપર બેસતાંજ ઉદાયન મહેતો કે જેણે સ્તભતીર્થ (ખભાત)માથી તેને સારો આશ્રય આપ્યો હતો તેના દીકરા ચાહડને પોતાનો મુખ્ય મંત્રી બનાવ્યો.

ઉદાયનનો બીજો દીકરો વાહડ કરીને હતો તે સિદ્ધરાજ મહારાજનો માનીતો હતો; જેથી તેણે કુમારપાળ સાથે વેર રાખી નાગોરનો રાજા આન્ન (આનાક) જે વિશળદેવ ચહુઆણનો પુત્ર હતો તેને લઢવા સારૂ ભંભેર્યો. ને સમજાવ્યું કે ગુજરાત ઉપર જ્યારે આપનું લશ્કર જશે ત્યારે ઘણા સામંતો આપણને મળી જશે. આ પ્રમાણે સમજાવીને તેને ગુજરાત ઉપર લાવ્યો. કુમારપાળ તેના સામો લઢવા ગયો. પણ તેના પહેલાં તેણે પોતાનું રાજ્ય દેશના ઘણા શત્રુઓથી નિષ્કંટક કર્યું હતું. આ લઢાઈમાં કુમારપાળના ઘણા સામંતો શત્રુઓને મળી જતા જોઇને તેણે પોતાનો હાથી દુષ્મન રાજાની સમીપમાં લેઈ જવાની હાથીના મહાવતને સુચના કરી કે જેથી દુષ્મન સાથે સામા સામી લઢવાનું બની આવે. આ પ્રમાણે મહાવતે બને સૈન્યની વચમાં ભીડમાં પોતાનો હાથી ચલાવ્યો. એટલે વાહડ વચ્ચે આવી પોતાના રાજાને મારવા પોતાના હાથી ઉપરથી કુદી પડયો; પણ કુમારપાળના મહાવતે પોતાના હાથીને પાછો હઠાવી દીધો. જેથી વાહડની ચોટ અફળ થઈ ને પોતે ભોંય ઉપર પડયો, જેથી તેને કુમારપાળના માણુસોએ ઝાલી લીધો. પછી કુમારપાળે આન્ન રાજાને ચેતાવ્યો, ને પછી તીર માર્યું જેથી તે હાથી ઉપરથી નીચે ગબડી પડયો ને ગુર્જર સેન્યા જયજય કરતી પુરમાં પાછી આવી.

આ વિશે દ્વાશ્રયગ્રંથમાં વધારે હકીકત છે એમ રાસમાળાથી જણાય છે. તેમાં જણાવે છે કે જ્યારે સિદ્ધરાજ જયસિંહ મરણ પામ્યો ત્યારે નાગોરનો આન્ન રાજા જે લાખ ગામનો ધણી હતો ને સિદ્ધરાજનો તાબેદાર હતો તેણે વિચાર્યું કે ગુજરાતનું રાજ્ય સિદ્ધરાજના ગુજરવાથી નિસ્તેજ છે, માટે તેને હાલમાં જીતી લેઇ નબળું પાડવાનો સારો લાગ છે એમ વિચારી માળવાના વલ્લાળ રાજા સાથે દોસ્તી કરી ને તેને ગુજરાત ઉપર ચઢાઇ કરવાને ઉશ્કેર્યો. વળી ગુજરાત નજીકના ને પોતાના રાજ્ય સમીપના કેટલાએક રાજાઓને બી-કથી અને કેટલાકને સારી આશા આપી પોતાના પક્ષમા લીધા. કુમારપાળને તેના બાતમીદારોથી જાણવામા આવ્યું કે આન્ન રાજા મોટુ લશ્કર લેઈ ગુજરાત ઉપર આવે છે અને તેને કંથકોટનો રાજા અને આપણો સેનાપતી વાહડ મળી ગયા છે. વળી માળવાના રાજા વલ્લાળ સાથે તેણે સંકેત કરી મુકયો છે કે જે પ્રસંગે તે હલ્લો કરે તેજ પ્રસંગે તે પણ હલ્લો કરે. આ સમાચાર સાંભળી કુમારપાળ ઘણો ક્રોધાયમાન થયો; ને તેણે પોતાનું લશ્કર ભેગુ કરવા માંડયું. તેને ઘણા ખંડીયા રાજા આવી મળ્યા. ઘણા કોળી લોકો પણ આવ્યા. તે પોતાનું સૈન્ય લેઈ આબુ સુધી ગયો. ત્યા તેને આબુનો રાજા વિક્રમસિંહ તથા ઝાલોડનો રાજા પોતાનો મહાનભુપતી સમજી પોતાના સૈન્ય સાથે આવી મળ્યા.

આન્ન રાજાના જાણવામાં આવ્યું કે કુમારપાળ પોતાના સૈન્ય સહિત સામો આવ્યો છે, ત્યારે પોતાના પ્રધાનોની મરજી ઉપરાંત ચાલી તેણે યુદ્ધની જોઇતી ગોઠવણ કર્યા શિવાય લડાઇ શરૂ કરી ને પોતે હાથી ઉપર બેશીને પડે યુદ્ધમા ચઢયો. અધુરી ગોઠવણે યુદ્ધનાદ થવા માંડયા, ને ગુજરાતના સ્વારો આકાશમાથી જેમ સૂર્ય ઝળકે તેમ પર્વતની તળેટીઓમાથી બહાર આવવા લાગ્યા. આન્ન રાજાના લશ્કરે ગુર્જર સેન્યા ઉપર બાણવૃષ્ટી કરવા માંડી અને જો કે તેઓના એક મુખ્ય લશ્કરની હાર તેના છત્રપતિ રાજાઓની સર-દારી નિચે હતી તોપણ તે ગુજરાતી લશ્કર આગળ ટકી શકી નહીં. જેથી આન્ન રાજા પડે આગળ આવ્યો ને સિદ્ધરાજનો વારસ કુમારપાળ અને તે બને સામાસામી થયા. કુમારપાળે કહ્યું કે જ્યારે તું એવો જોરાવર હતો ત્યારે સિદ્ધરાજને માથુ કેમ નમાવ્યું હતું? આ ઉપરથીજ તારૂં ડહાપણ ને જોર જ-ણાઇ આવે છે. જો કદાપી તને જીતી લીધા શિવાય પાછો જવા દેઉં તો મારા કાકા જયસિંહની કીર્તિને ઝાંખ લાગે, ને સ્વર્ગમા બેઠા બેઠા તે મારી નામર્દાઇ ઉપર તીરસ્કાર કર્યા શિવાય રહે નહીં. એમ બોલતા બોલતાં બન્ને મારામારી ઉપર આવી ગયા. ગુર્જરનો સેનાપતી ચાહડ હતો ને મારવાડીઓ તરફથી ગો-વીંદરાજ હતો. ઘણીવાર યુદ્ધ ચાલ્યું. આખરે આન્નરાજાને એક બાણ વાગ્યું ને તે હાથી પરથી પડયો. તેના સામતો કુમારપાળની આજ્ઞાને આધીન થયા.

આ યુદ્ધ થયા પછી કુમારપાળ કેટલોક વખત રણક્ષેત્રમાં રહ્યો. આન્ન રાજાએ ઘણા હાથી ઘોડા કુમારપાળ રાજાને ભેટ કર્યા; ને પોતાની કુંવરી તેને પરણાવવા વિનતી કરી. થોડીવાર તો તે વાત કુમારપાળે કબુલ કરી નહીં પણ આખરે માન્ય કરી; ને જયનાં વાજા વગડાવતો પોતાની રાજધાની અણહીલપુર પાટણમાં આવ્યો, ને આખા રાજ્યમાં આનંદ ઉત્સવ થયો.

આન્ન રાજાએ પોતાની કુવરી જલનાને ગોર સાથે પાટણ કુમારપાળ સાથે પરણાવવા મોકલી તેની સાથે કુમારપાળનું લગ્ન થયું. આન્નરાજા તરફથી સારી ભેટ આપવામાં આવી. આ બાબતની ધામધુમ ચાલે છે તેવામાં સમાચાર મળ્યા કે માળવાના રાજા વલ્લાળ સામા યુદ્ધ કરવાને જે બે સામતોને મોકલ્યા છે તે ઉલટા દુશ્મનોને મળી જઇને પાટણ ઉપર ધસારો લાવે છે. આ સાભળી કુમારપાળને ઘણું શૂર ચઢ્યું.

સિદ્ધરાજ જયસિંહે જેમ માળવાના રાજા યશોવર્માનને જીતીને કીર્તિ મેળવી હતી તેમ કુમારપાળને વલ્લાળ રાજાને જીતીને જશ લેવાનો જુસ્સો ઉપજ્યો; ને પોતાનું સૈન્ય લેઈ સામો લઢવા ગયો, તેના સામું યુદ્ધ કરી તેને હરાવ્યો; ને હાથી ઉપરથી બાણ મારીને તેને નીચે ગબડાવી પાડયો અને જીતનાં વાજા વગડાવતો પાછો આવ્યો.

આ વૃત્તાંતને આબુ ઉપરના તેજપાળના દેવળના લેખથી સાબીતી મળે છે. તેમાં એમ લખ્યું છે કે અચળેશ્વર ને ચંદ્રાવતીનો પરમાર યશોધ્વજ હતો તેણે જાણ્યું કે ચાલુકય કુમારપાળ લઢાઈ કરવા આવે છે એટલે માળવાના રાજા વલ્લાળ પાસે દોડી ગયો. વળી એક લેખ ચિતોડના લાખણના મંદીરમાં છે. તેમાં સંવત ૧૧૫૧ની સાલ છે તેમાં કુમારપાળ સોલંકી વિશે એમ જણાવ્યુ છે કે એ તો કોના જેવો કહેવાય કે જેણે પોતાના દુર્જયવડે પોતાના સર્વે શત્રુઓને દળી નાખ્યા, જેથી તેની આજ્ઞા પૃથ્વી ઉપરના બીજા રાજાઓએ માથે ચઢાવી; જેણે શાકંભરીના રાજાને પોતાને પગે લગાડયો; જે પોતાનાં હથીયાર લેઇને શીવાલીક પર્વત સુધી જાતે ચઢયો ને ગઢપતિઓની પાસે પોતાને નમન કરાવ્યુ; તથા સાલપુરા સરખા નગરમાં પણ જેણે એમજ કર્યું.

આ બનાવ બની રહ્યા પછી કુમારપાળ એક વખત દરબારમાં બેઠો હતો, ત્યાં કેટલાએક માગણોએ કોકણના રાજા મલ્લીકાર્જુનનાં બહુ વખાણ કર્યા ને તેને રાજાઓનો પિતા કહ્યો. આથી કુમારપાળને ઘણો ક્રોધ ચઢયો ને મલ્લી-

કાર્જુન પોતાનાં ખોટાં વખાણ કરાવી પોતાને મહા પરાક્રમી સમજે છે તો તેનો નાશ કરવો એવો વિચાર કરી તેનો પરાજય કરે એવો કોઈ પરાક્રમી સામંત પોતાના દરબારમાંથી શોધવા લાગ્યો. ઉદાયન મંત્રીનો દીકરો આમ્રભટ કરીને હતો તેણે આ બીડું ઝડપ્યું ને સૈન્ય તૈયાર કરી દક્ષિણમાં ચાલ્યો. કલાવીણી નામની નદી મહા મુશ્કેલીથી ઉતરી સામા કાંઠે ગયો. તેના ઉપર મલ્લીકાર્જુને એકાએક છાપો માર્યો ને તેને હરાવી કાઢયો. આ પ્રમાણે થવાથી આમ્રભટે રાજધાની સમીપમાં પોતાનો મુકામ કર્યો. કાળો તંબુ ઠોકાવી ને કાળાં વસ્ત્ર તથા કાળું છત્ર ધારણ કરાવ્યું. આવા કાળા દેખાવથી કુમારપાળે તપાસ કરાવી તો માલુમ પડયું કે આમ્રભટ હાર પામીને પાછો આવ્યો છે. આવું તેનું માન ભંગ થએલું જોઇ તેને દિલાસો આપી નવું સૈન્ય જુવાન અને શુરવીર યોદ્ધાઓનું આપી તેને ફરી મલ્લીકાર્જુન ઉપર મોકલ્યો. તેણે પ્રથમ નદી ઉપર પુલ બંધાવી પછી તમામ ગોઠવણ સહીત નદી ઉતરી મલ્લીકાર્જુન ઉપર હલ્લો કર્યો. તે રાજા ઘણા પરાક્રમથી લઢયો, પણ આખરે ગુજરાતનું સૈન્ય જય પામ્યું. મલ્લીકાર્જુન આમ્રભટને હાથે માર્યો ગયો. તેની રાજધાની લુંટાવીને કુમારપાળ મહારાજાની તે દેશમાં આણ વર્તાવીને પછી તે ગુજરાતમાં આવ્યો.

પાટણમાં કુમારપાળ સભા ભરીને બેઠો હતો ત્યાં આવી આમ્રભટ કે જેનું બીજું નામ આમ્બડ હતું તેણે મલ્લીકાર્જુન રાજાનું મુસ્તક સાષ્ટાંગ પ્રણામ કરી કુમારપાળના મુખ આગળ રજુ કર્યું. તે સાથે સોનું, મોતી, રત્ન, મૂલ્યવાન ધાતુનાં વાસણ, હાથી, ઘોડા તથા બીજી લુંટ પણ રાજાના સનમુખ રજુ કરી. રાજા આ જોઇ ઘણો ખુશી થયો; ને તેનો ઘણો સત્કાર કર્યો. મંડળેશ્વર મલ્લીકાર્જુન જે પદ "રાજાઓના પિતા" ધારણ કરતો હતો તે પદવી કુમારપાળે પોતાના પરાક્રમી સામંત આમ્રભટને આપી.

કુમારપાળના વખતમાં હેમાચાર્યનું પ્રાબલ્ય ઘણુંજ વધી ગયું. એ હેમાચાર્ય ધંધુકાના મોઢ વાણીઆનો દીકરો હતો. તેનો બાપ મેશ્રી ધર્મ પાળતો હતો ને શ્રાવકનો ધર્મ તેનાં માતુશ્રી પાળતાં હતાં. તેના બાપ પરગામ ગએલા તે અરસામાં દેવચંદ્ર આચાર્યની માગણીથી તેની માએ હેમાચાર્યને આચાર્યને સોંપી દીધો. તેઓ તેને કર્ણાવતીમાં પોતાનો અપાસરો હતો ત્યાં તેડી ગયા. પછી જ્યારે તેનો પિતા ઘેર આવ્યો ને સમાચાર જાણ્યા ત્યારે ઘણોજ ખેદ પામ્યો ને પુત્રનું મુખ જોયા શિવાય અન્ન નહી ખાવાનો નિયમ લીધો. પછી આચાર્યના નામ ઠામની પુછપરછ કરી કર્ણાવતીમાં તેમની પાસે ગયો.

પણ ઉદાયન મંત્રીના બોધથી તેણે પુત્રને દિક્ષા લેવા દીધી. તે આગળજતાં પ્રખ્યાત થયો ને હેમાચાર્યના નામથી પ્રસિદ્ધિ પામ્યો. હેમાચાર્યે અભિધાન ચિંતામણી, જૈન દેવનાં સ્તવન, પવિત્ર યોગશાસ્ત્ર, ત્રીષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર, વિંશતી વિતરાગસ્તવન, વિતરાગ સ્ત્રોત્ર, દ્વાશ્રય, હેમકોશ ને હેમવ્યાકરણ વગેરે ઘણા ગ્રંથો રચ્યા છે. આ હેમાચાર્યે કુમારપાળને ખંભાતમાં આગળ ગુજરાતના રાજા થવાની આશીષ આપેલી; જેથી રાજ્ય મળ્યા પછી હેમાચાર્ય ઉપર રાજાની ઘણી શ્રધા બેઠી. પછી ઉદાયન મંત્રીએ એમનો ફરી મેળાપ કરાવ્યો. આથી રાજા ઘણો પ્રસન્ન થયો; ને તેમને પોતાના પ્રાણ સમાન ગણવા લાગ્યો. તેથી બ્રાહ્મણોને તેમનો ઘણો ડર લાગવા માંડયો ને તેમના ઉપર અપરાધ મુક્યા. તેમાં એક અપરાધ એ હતો કે હેમાચાર્ય સૂરજને માનતા નથી તેનો ઉત્તર હેમાચાર્યે એમ જણાવ્યો કે મારી બ્રાહ્મણો કરતાં તે દેવ ઉપર ઘણી શ્રધા છે જેથી આ મહીમાવત તેજના સાગર સૂર્યનારાયણને હું નિરતર મારા અંતઃકરણમાંજ રાખુંછું; તે અસ્ત પામ્યા પછી શોકમાં નિમગ્ન થાઉંછું જેથી અન્નનો અહાર પણ કરતો નથી.

એક વખત કુમારપાળે હેમાચાર્યને પુછયું કે મારે કાંઈ ધર્મ કામ કરવું છે તે બતાવો કે હુ તેના ઉપર ધન ખરચું. ત્યારે સોમનાથ પાટણનું દહેરૂં જે દરીઆના મોજાના ઘસારાથી તુટી ગયું હતું, તેનો જીર્ણોદ્ધાર કરવાની આચાર્યે સલાહ આપી.

કુમારપાળે તે કામ કરવા સારૂ ભાઉ બૃહસ્પતી નામનો કનોજનો બ્રાહ્મણ હતો તેને નીમ્યો. આ બ્રાહ્મણ બહુ હોંશીયાર હતો. તે યાત્રા કરવા સારૂ કાશીએ ગયેલો ત્યાંથી ગુજરાતમાં આવ્યો હતો. તેના ઉપર કુમારપાળની ઘણી મહેરબાની હતી. સોમનાથના દેરામાં એક લેખ હતો તેમાં ભાઉ વિશે લખે છે કે સિદ્ધરાજ જયસિંહ જ્યારે સ્વર્ગે ગયો ત્યારે ચક્રવર્તિ રાજા હતો તેની ગાદીએ કુમારપાળ થયો. ભાઉ બૃહસ્પતી તેનો મુખ્ય પ્રધાન થયો. કુમારપાળ કલ્પતરૂ જેવો હતો તેણે પોતાનો ભંડાર શિક્કો, અને બીજું સર્વ બૃહસ્પતીને સોંપ્યું. અને તેને આજ્ઞા કરી કે દેવપટૃણનાં દેવળો પડી ગયેલાં છે તેનો જીર્ણોદ્ધાર કરો. ભાઉ બૃહસ્પતીએ ત્યાં જઈ સોમનાથનું ધામ કૈલાસ નુતન જેવું કરી મુકર્યું; પછી તેણે પોતાનું કામ જોવા સારૂ રાજાને બોલાવ્યો. જ્યારે કુમારપાળે આવીને જોયું ત્યારે તે ઘણો પ્રસન્ન થયો ને ગુરૂનાં વખાણ કરતા કહ્યું કે મારૂં હૃદય ઘણુંજ પ્રસન થયું; તમને અને તમારા પુત્રને મારા રાજ્યમાં હું મુખ્ય જગ્યા આપું છું, આ પ્રમાણે લખ્યું છે.

સોમનાથના દેરાના કામનો પાયો નાખતી વખત જેમને રાજાએ અધિકાર સોંપેલો તે પંચોએ સ્વસ્તિપત્ર લખ્યું તે વખતે રાજાએ ગુરૂને પુછયું કે દેવળનું કામ પુર્ણ થતા સુધી મારે શો નિયમ રાખવો. આચાર્યે માંસ મદીરા તજવાનું કહ્યું. તે પ્રમાણે તેણે મહાદેવની પીંડી ઉપર જળ મુકી નિયમ લીધો. બે વર્ષે કામ પુરૂ થયું ત્યારે તે નિયમ મુકાવવા ગુરૂને કહ્યું. તેમણે પ્રભાસપાટણમાં શ્રી સોમનાથ મહાદેવની રૂબરૂ તે મુકવા બોધ કર્યો. પછી રાજા કુમારપાળ ઘણા હર્ષની સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શન સારૂ પધાર્યો. તેમને શેત્રુંજ્ય વગેરે ઠેકાણે યાત્રા ગયેલા ત્યાંથી હેમાચાર્ય પણ આવીને ભેગા થયા. ભાઉ બૃહસ્પતી સામો આવ્યો અને કુમારપાળ મોટા આનદથી રાજેશ્રી દબદબા તથા વાજીંત્રના નાદ સહિત નગરમાં પેઠો, અને સોમેશ્વરના પગથીયે ચઢીને મહાદેવને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા, ને હેમાચાર્યે પણ શકરને પ્રણામ કર્યા. બૃહસ્પતીના કહેવા પ્રમાણે રાજાએ ઘણી શ્રધા સહીત સોમેશ્વર મહાદેવની પુજા કરી; અને સોનાથી પોતાની તુલા કરીને તેનું દાન કરી દીધું; તથા હાથી ભેટ કર્યો. શંકરની આરતી પોતે ઉતારી. ત્યા આગળ હેમાચાર્યે સાક્ષાત સોમેશ્વર મહાદેવનાં રાજાને દર્શન કરાવ્યાં, ને શંકરે રાજા કુમારપાળને આજ્ઞા કરી કે તમારે હેમાચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તવું. પછી હેમાચાર્યે તેને જીવતા સુધી માંસ મદીરા બંધ કરવાનો નિયમ લેવરાવ્યો. અને પાટણમાં આવ્યા પછી પોતાના તમામ રાજ્યમાં એટલે ૧૮ દેશોમાં જ્યાં પોતાની આણ વરતાતી હતી ત્યા ૧૪ વરસ સુધી જીવહીંસા કરવાની મના કરી; અને બ્રાહ્મણો યજ્ઞમાં જીવનું બલીદાન આપતા હતા તે બધ કરાવ્યું. અને તેને બદલે નાળીયેર, સોપારી અને દાણા હોમવાનો તથા કોળાનો ઉપયોગ કરવાનો રીવાજ શરૂ કરાવ્યો.

પલ્લી દેશમા આ આજ્ઞા પાળવામાં આવી જેથી મૃગચર્મ ધારણ કરનાર યોગીઓને તે વિના ભારે હરકત પડવા માડી. વળી પાચાળ દેશના લોક જે ઘણા હિંસક હતા પણ કુમારપાળના તાબાના હતા તેથી તેઓને પણ તે છોડી દેવાની અગત્ય પડી. માંસ વેચનારાઓનો ધધો બંધ કરાવ્યો. તે બદલ તેઓને ત્રણ વરસની ઉપજ સામટી આપી દીધી. ભાઉ બૃહસ્પતિ હમેશા સોમેશ્વરનાં દેરાનો અધ્યક્ષ હતો પણ તે જૈનધર્મની નીંદા કરતો જેથી હિમાચાર્યના આગ્રહથી કુમારપાળે તેને કેટલીક મુદત સુધી તે જગો ઉપરથી ખસેડયો. પણ તે જ્યારે આચાર્યને મળી ગયો ત્યારે તેને તેની જગો પાછી અપાવી.

કોઇએ કુમારપાળને કહ્યું કે કેદારનો ખસ રાજા પોતાના બળવડે યાત્રાળુઓને લુંટે છે, એટલુંજ નહીં પણ તેણે કેદારેશ્વર મહાદેવનું દેહેરૂં જીર્ણ-

દ્ધાર કર્યા વિના ખંડેર થઇ જવા દીધું છે. રાજા કુમારપાળે પોતાનો પ્રધાન મોકલી તે રાજાને ઠપકો આપ્યો અને તે દહેરાનો જીર્ણોધાર કરાવ્યો.

કોઇ સમયે મહાદેવે સ્વપ્નામાં આવી કુમારપાળને કહ્યું કે તારી શેવાથી હું ઘણોજ પ્રસન્ન થયો છું ને મેં પાટણમાં આવી વસવાનો દૃઢ નિશ્ચય કર્યો છે. આ ઉપરથી રાજાએ પાટણમા શ્રી કુમારપાળેશ્વર મહાદેવનું દેવળ બંધાવ્યુ ને તેમાં શંકરની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરાવી. તેમજ પાટણમાં કુમારવિહાર નામનું દેવળ બંધાવી તેમાં મુર્તિઓની પ્રતિષ્ઠા કરી. વળી દેવપટ્ટણમા જૈન ધર્મીઓનું દેવાલય બાંધ્યું. તેની યાત્રા સારૂ હજારો માણુસ જતા હતા. હિમાચાર્ય ગુરૂના બોધથી કુમારપાળે જૈન ધર્મના બાર નિયમ લીધા તેમાં ત્રીજો નીયમ એ હતો કે જે પુરૂષ અપુત્ર મરી જાય તેનો કોઇ વારસ ન હોય તો તેની મીલકત સરકારમાં જપ્ત થતી, ને તેનું દ્રવ્ય રાજભંડારમાં પહતું તે કુમાર પાળે બંધ કરાવ્યુ. વળી પોતાની જાત મહેનતનુંજ વાપરવું એવો પોતીકી જાતને વાસ્તે તેણે નિયમ રાખ્યો હતો. આ પ્રમાણે કરી પોતે આગળ સત્યયુગમાં થઇ ગયેલા રાજાઓથી પણ શ્રેષ્ટ છું એવું પોતાની રૈયત પાસે કહેવરાવવા લાગ્યો. સોરઠના રાજા સમરસીંહને આજ્ઞામા રાખવા સારૂ તેણે વઢવાણમાં સૈન્યા ભેગી કરી ને તેના સેનાપતિ તેણે ઉદાયન મહેતાને ઠરાવ્યા. તેમણે હાર ખાધી ને સખત ઘા લાગ્યો. તેથી તેમને ભરૂચ અને શેત્રુંજય ઉપર દેવળ બંધાવાનો નિયમ લીધેલો તે પૂર્ણ નહી થવાનો ડર પેઠો જેથી તેમણે તે કામ પોતાના દીકરાઓને સોપ્યું. વાહદે શેત્રુજયના દેહેરાં ઇ. સ. ૧૧૫૫ માં પૂર્ણ કરી તેની પાસે પોતાના નામ ઉપરથી વાહદપુર નામે નગર વસાવ્યું. ભરૂચનાં દેવાલય બાંધવાનું કામ આમ્રભટે માથે લીધું હતું તેને નર્મદા નદી ભરૂચ કિલ્લાની છેક લગોલગ વહે છે તેના ઓચીંતા પુરને લીધે કેટલીક વાર હરકત વેઠવી પડી. પણ આખરે પોતે ફતેહ મેળવી ને પોતાનું કામ સંપૂર્ણ કરવામાં જય મેળવ્યો. વળી તેજ પ્રસંગમા મહારાજા કુમારપાળે સ્તંભતીર્થ (ખંભાત)મા જે અપાસરામા ઉદાયન મંત્રીને મળવા જતા હિમાચાર્યનો મેળાપ થયો હતો ને પોતે જંગલનો રાજા હતો તે વખતે હિમાચાર્યે હવે પછી થનાર ગુજરાતના મહારાજા એ ભવિષ્યની શુભ વાણી ભાખી હતી તે સ્થળે દેવળ બંધાવ્યું.

કુમારપાળે છેલી ચઢાઈ લામગામ (શાકંભરી) ના રાજા ઉપર કરી ને પોતાના માનીતા મંત્રી ઉદ્દાયનનો દીકરો વાહદ જે તે દેશનો સારો અનુભવી હતો, ને જેણે પ્રથમ તે રાજા પાસે રહી પોતાના રાજા સાથે લઢાઈ કરી હતી, તેજ વાહદ પછીથી પોતાના રાજાની નોકરીમાં દાખલ થયો હતો તેનેજ તે

કામ વાસ્તે પસંદ કરી યુદ્ધનો નાયક ઠરાવવામાં આવ્યો. તેણે બાળશ નગરનો કિલ્લો લેઇને તેનો નાશ કરી દીધો, ને ત્યાં ચાલુક્ય ચક્રવર્તિ કુમારપાળ મહારાજાની આણ વર્ત્તાવી દીધી. તે જ્યારે પાછો આવ્યો ત્યારે કુમારપાળે તેને સારૂં માન આપ્યું. પણ તેના બોહળા ખર્ચને લીધે થોડો ઠપકો સહન કરવો પડયો.

દિલ્હીમાં ફીરોજશાહનો લાટ એ નામે એક મિનારો છે, જેમાં ઇ. સ. ૧૧૪૬ ની સાલનો એક લેખ છે તેમાં તે વખતમાં શાકંભરીમાં વિગ્રહરાજ નામે રાજા રાજ્ય કરતો હતો એમ જણાય છે. તેથી તે નામને વાસ્તે શક રહે તેમ છે. કારણ કે તે વખતમાં તે નામનો રાજા નહોતો. તેથી વખતે વિગ્રહરાજ ઉપનામ હોય એમ જણાય છે. એક ગ્રંથમાં તે નામ વિશે આશ્ચર્યકારક ખુલાસો છે.

એક વખત સાંભર રાજાનો મંત્રી કુમારપાળ રાજાના દરબારમાં આવ્યો. જેને કુમારપાળે તેના રાજાની કુશળતાના સમાચાર પુછયા. તેના ઉત્તરમાં તેણે કહ્યું કે મારા રાજાનું નામ (વિશ્વલ) વિશ્વનો ધારણ કરનાર છે. તે નિરંતર કુશળજ હોય એમાં સંદેહ નથી. જેથી કુમારપાળનો વિદ્વાન મંત્રી કપર્દી પાસે હતો તેણે કહ્યું કે શલ અથવા શ્વલ ધાતુનો અર્થ એવો થાય છે કે સત્વર જનાર એટલે વિશ્વલનો અર્થ એટલે વિ (પક્ષી) ની પેઠે સત્વર ઉડી જાયછે તે અથવા નાશી જાય છે, એવો થાય છે. સંધીવિગ્રહકે તે સમાચાર જ્યારે પાછો પોતાના દેશમાં ગયો ત્યારે પોતાના રાજાને કહ્યા. જેથી તે રાજાએ પોતાના વિદ્વાનોને પુછી વિગ્રહરાજ એવું નામ ધારણ કર્યું. બીજે વરસે તેજ મંત્રી જ્યારે કુમારપાળ રાજાના દરબારમાં પાછો આવ્યો ત્યારે કપર્દી મંત્રીએ વિગ્રહરાજનો નાક વિનાના શીવ ને બ્રહ્મા (વિ=વિના. ગ્રહ=નાક. હર=શીવ. અજ=બ્રહ્મા.) એવો અર્થ કર્યો. પછી તે પણ સંધીવિગ્રહકે પોતાના રાજાને જણાવ્યું. જેથી કપર્દી મંત્રીની મશ્કરીની બીકથી તે રાજાએ પોતાનું નામ કવિબાંધવ રાખ્યું.

એક વખત કુમારપાળ રાજા સંઘ કાઢી શેત્રુંજયની યાત્રા જવા સારૂ નગરમાંથી નિકળી કિલ્લાની બહારના એક દેવાલય પાસે મુકામ કરી પડયો હતો, ત્યાં તેને સમાચાર મળ્યા કે ડાહલ દેશનો કરણ રાજા પોતાની ફોજ સાથે ચઢી આવે છે. તેની યાત્રાના કામમાં આવો અણધાર્યો અટકાવ કરનાર પ્રસંગ બન્યો તેથી ઘણો ખેદ થયો ને પોતાના વૃદ્ધ ગુરૂની સલાહ પુછી. હેમાચાર્યે ધીરજ આપી કે થોડા વખતમાં આપણને શુભ સમાચાર મળશે. તેવામાં બીજા હેરકો વધામણી લાવ્યા કે કરણ રાજા હાથી ઉપર બિરાજેલો

તેવામાં હાથી વડના ઝાડ તળેથી આવતો હતો ને રાજા નિદ્રામાં હતો તેથી તે વડના ડાળામાં ભરાઇ રહ્યો ને મરણ પામ્યો.

આ સમાચારથી સર્વેને બહુ આનંદ થયો, ને કુમારપાળ ઘણા હર્ષ સાથે શ્રી શેત્રુંજય જવા નીકળ્યો. માર્ગમાં ધંધુકામાં પોતાના ગુરૂની જન્મભૂમીમાં જે જગોએ તેમનો જન્મ થયો હતો તેજ સ્થળે વિહારપારણું એ નામનું દેવળ બંધાવ્યું. પછી શેત્રુંજય પહોચ્યો ને પોતાના વાઘભટ્ટ પ્રધાનના અનુમતથી આ પવિત્ર પર્વત ઉપર ચડવાનો નવો રસ્તો બાંધવામાં તેણે ઘણું નાણું ખરચાવ્યાં, ને ઉત્તમ માર્ગ તેયાર કરાવ્યો.

કુમારપાળને ગાદી ઉપર બેઠાને ત્રીશ વરસ થઈ ગયાં એટલે કચ્છના રાવ લાખાની માતુશ્રીએ મૂળરાજને દીધેલા શ્રાપની અસરનો પ્રારંભ થવા લાગ્યો ને રાજાને કોઢનો દુષ્ટ વ્યાધી થવા લાગ્યો. તે વખતે હિમાચાર્યની ઉંમર ૮૪ વરસની થઇ હતી. તેમણે પોતાનો અવસાનકાળ પાસે આવ્યો જાણી અનસન વૃત્ત લીધું. આથી રાજા વગેરે ઘણો ખેદ પામ્યા. હિમાચાર્યે કુમારપાળને કહ્યું કે તમારૂં આયુષ્ય પણ હવે છ મહીના બાકી છે ને તમો પણ અપુત્ર છો માટે તમારા દેહનું સાર્થક કરો. આ પ્રમાણે ઉપદેશ દેઈ હિમાચાર્યે દેહ છોડયો. રાજાએ ઘણો ખેદ કરી તેમના શબને રૂડી રીતે દહન કરાવ્યું, ને સ્મશાનની પવિત્ર રાખ પોતાને કપાળે ચોપડી ને સર્વે સામંતોએ પણ તેમ કર્યું. ઘણા દિવસ સુધી રાજાએ ગુરૂનો શોક પાળ્યો. પછી પોતે પણ લૌકિક કર્મ તજી દઈ ધ્યાન ધરવા માંડયું ને તેનો આત્મા પણ સ્વર્ગે ગયો. કુમારપાળે ઇ. સ. ૧૧૪૩ થી ઇ. સ. ૧૧૭૪ સુધી ૩૧ વરસ રાજ્ય કર્યું.

આ કુમારપાળ વિષેનો આપણો ઉપરનો વૃત્તાંત જૈન ગ્રંથોમાં નોંધેલો છે. પણ બ્રાહ્મણો તેથી જુદીજ રીતે કોઈ કોઇ સ્થળે કહે છે. એટલું તો ખરૂં છે કે રાજા જૈનધર્મી હતો, ને તે ધર્મ ઉપર તેની આસ્તા વિશેષ હતી, તેથી તે ધર્મવાળા પોતાને વાસ્તે કાંઈ અતિશયોક્તિ કરે તે કાંઇ અણસંભવતું નથી. બ્રાહ્મણોના વૃત્તાંતમાં રાજાના જુલમ વિષેનું એક દૃષ્ટાંત નીચે મુજબ છે:—

કુમારપાળ મેવાડના શિશોદીયા મહારાણાની કુંવરી સાથે પરણ્યો હતો, તે રાણી બ્રાહ્મણ ધર્મ પાળતી તેથી તેમને ડર હતો કે હું સાસરે જઇશ તો પોતાનો સ્વામી કુમારપાળ જેમ પોતાની બીજી રાણીઓને જૈન અપાસરે દર્શન કરવાને મોકલે છે તેમ મને પણ મોકલશે. તે ડરથી તે પાટણ આવતી નહીં. પછી કુમારપાળનો હજુરી બારોટ જયદેવ વચ્ચે જામીન થઇને રાણીને

ઉદેપુર જઇ પાટણ તેડી લાવ્યો. કેટલાક દિવસ વિત્યા બાદ હેમાચાર્યે કુમાર-પાળ રાજાને કહ્યું કે શીશોદીયણ રાણી બીલકુલ દરશને આવ્યાંજ નથી. તેથી રાજાએ રાણીને અપાસરે જવા આગ્રહ કર્યો પણ રાણીએ તે માન્યુ નહીં, ને ઢોંગ કરીને માંદી પડી. તેને જોવાને શહેરનાં પ્રતીષ્ઠિત પુરૂષોના બૈરાં જવા લાગ્યાં. તેવીજ રીતે જયદેવની સ્ત્રી પણ જોવા સારૂ ગઇ. બીજી સ્ત્રીઓ ગયા પછી જયદેવની વહુને બેસારી રાણીજીએ એકાંતમાં તેને કહ્યુ કે તમારા સ્વામી મને જામીન થઇને ઉદેપુરથી તેડી લાવ્યા છે તેવીજ રીતે મને સહી-સલામત ઉદેપુર પહોચાડી દો. જયદેવને તેની સ્ત્રીએ આ સમાચાર કહ્યા. તેણે બીજે દિવસે વેશ બદલાવી રાણીને દરબારમાથી પોતાના મકાનમા તેડાવ્યાં ને રતોવાઈ પોતાના જાતભાઇઓના રક્ષણ નીચે લઇ કિલ્લા બાહાર નીકળી ચાલ્યો. કુમારપાળના જાણવામાં આ સમાચાર આવતા બે હજાર સ્વાર લેઈ રાણીની પછવાડે પડયો. ને ઈડર દશ ગાઉ રહ્યુ ત્યા પકડી પાડ્યા. ભાટે રાણીને કહ્યુ કે ઇડર પહોચો તો ઉગરાય. મારી પાસે બસે ઘોડું છે તેમાથી એક પણ હયાત હશે ત્યા સુધી તમને હરકત નહીં થવા દેઉં. એમ કહી તે રાજા સામે લડાઇ કરવા ફર્યો. રાણીજીની હિમ્મત રહી નહીં ને તેમણે રથમા આપઘાત કર્યો. પછી દાસીએ જણાવ્યું કે લડાઇ શા સારૂ કરો છો? રાણી તો ક્યારનાં દેવલોક ગયાં છે. એ સાભળી કુમારપાળ ફોજ સાથે પાછો ફર્યો.

જયદેવ બારોટે કુમારપાળે પોતાની લાજ લીધી જેથી અત્યત ક્રોધે ભરાઈ, પોતે મરવાનો દ્રઢ નિશ્ચય કરી સિદ્ધપુર આવ્યો, ને પોતાની નાતમાં કકોત્રીઓ લખી કે કુમારપાળ રાજાએ આપણી નાતની પ્રતિષ્ઠા લઈ લીધી, માટે જેઓ મારી સાથે બળી મરવાને તૈયાર હોય તેઓએ આવવું. તેઓએ ત્રણ ઝમોર કરી. પહેલી સિદ્ધપુરમા સરસ્વતીના કિનારા ઉપર, બીજી પાટણથી તીરવાહને છેટે, અને ત્રીજી નગરના દરવાજા પાસે ખડકી તે દરેક ઝમોરમાં ૧૬ બારોટ પોતાની સ્ત્રીઓ સાથે બળી મુઆ. તેઓના શબની રાખ પોઠોમાં ભરી ગંગાજીમાં નખાવવા તેમનો ગોર જતો હતો, તે કનોજ આગળ આવ્યો. ત્યા જે નાકાદાર હતો તે જયદેવ બારોટનો ભાણેજ હતો. તેણે પોઠોમા માલ ભરેલો સમજી હાસલ સારૂ તે અટકાવી. ભાટના ગોરે તેને સર્વે હકીક્ત કહી પોઠોમાં રાખોડી હોવાનું કહ્યું. આ જયદેવના ભાણેજને જયદેવના તરફથી ઝમોરમાં આવવાની કંકોતરી લખાએલી હતી તે તેની માની પાસે આવતાં પોતાનો તે એકનો એક પુત્ર હોવાથી તેની માએ તેને ન બતાવતાં સતાડી હતી, તેથી જ્યારે ગોરના મુખે તેણે આ સમાચાર સાંભળ્યા ત્યારે ઘણોજ દિલગીર થયો. પછી પોતાનુ કુટુબ લેઇને તે પાટણ આવ્યો ને ઝમોર

ખડકીને તે પણ બળી મુઓ. એક ભાટની સ્રીને તુર્તનું બાળક જન્મેલું હતું તે પણ ગોરને સોંપીને તે પોતાના પતિ સાથે બળી સ્વર્ગમાં સચરી.

પાટણવાડામા જે હાલ ભાટ લોકો છે તે પોતાને એ બચી ગયેલા છોકરાનો વંશ કહેવરાવે છે. આ વૃત્તાન્ત ખરૂં હોય તો કુમારપાળ રાજાએ ધર્મના મોહમા લુબ્ધ થઇ મોટો અન્યાય કર્યો એમ ધારવું ભુલ ભરેલું ગણાશે નહીં.

કુમારપાળની ગાદીએ તેના ભાઈ મહીપાળનો દીકરો અજેપાળ બેઠો, તે માળવાના પરમાર રાજાની કુવરી સાથે પરણ્યો હતો. ગાદી ઉપર બેઠા પછી તેણે કુમારપાળે મહેરબાની દેખાડી ઘણોજ આશ્રય આપેલા જૈન ધર્મ ઉપર દ્વેશ રાખવા માંડયો. તે શીવ ધર્મ પાળતો હતો ને તેથીજ તેને તેમ કરવાની જરૂર પડી હશે.

ગ્રંથ કર્ત્તા જૈન ધર્મી હોવાથી તેમણે અજયપાળને ઘણો નિંધો છે. ને આપણે ઉપર જોઇ ગયા કે બ્રાહ્મણધર્મવાળાઓએ જેમ કુમારપાળને હાની લાગે તેમ કરવા શ્રમ કર્યો છે તેમ જૈનધર્મીઓએ અજયપાળ વાસ્તે કર્યું છે.

અજયપાળે પ્રથમ કુમારપાળના માનીતા કપર્દી મંત્રીને મુખ્ય મંત્રીની જગો આપી, પણ થોડા વખતમાં તેને માલમ પડયું કે તે મારી બરોબરી કરી મારૂં અપમાન કરે છે, તેથી તેને મારી નખાવ્યો. પછી રામચંદ્ર નામનો હેમાચાર્યનો શિષ્ય હતો તેના ઉપર કાંઇ કારણથી ક્રોધ થયો; જેથી તેણે મોતના ડરથી પોતાની મેળે આપઘાત કર્યો. પછી ઉદાયન મંત્રીનો દીકરો આમ્રભટ જે પરાક્રમી ને શુરવીર હતો તેને અજયપાળે દરબારમાં બોલાવ્યો, પણ તે આવ્યો નહીં ને પ્રસિદ્ધ રીતે રાજાને ખોટું લાગે ને ક્રોધ ચઢે તેવા શબ્દો કહ્યા જેથી તેને ક્રોધ ચઢયો. પછી આમ્રભટે પોતાના માણસો તૈયાર કરી રાજાના મહેલ ઉપર ચઢાઇ કરી તેમાં તે મરાયો. તેના મરવાથી લોક શોક કરવા લાગ્યા કારણ તે ઘણો વિદ્વાન હતો. તેઓ કહેવા લાગ્યા કે "બીજા યોદ્ધાઓ થશે પણ જ્યારથી ઉદાયનનો પુત્ર સ્વર્ગવાસ પામ્યો છે ત્યારથી પૃથ્વી ઉપર પડીતો થતા બંધ પડી ગયા છે".

અજયપાળને તેના વિજેપાળ નામના દ્વારપાળે દગાથી કટારી મારી જેથી તે દેવલોક પામ્યો. તેણે ઇ. ૧૧૭૪ થી ઇ. સ. ૧૧૭૭ સુધી ૩ વર્ષ રાજ્ય કર્યું.

અજયપાળની ગાદી ઉપર તેનો પુત્ર બીજો મૂળરાજ બાળ મૂળરાજ કહેવાય છે તે ગાદી ઉપર બેઠો. તેની માતા નાયકાદેવી તે પરમરડી રાજાની પુત્રી

થતી હતી. તેણે બાળરાજાને પોતાના ખોળામાં બેસાડયો ને ગાદરાડ ગઢ ઉપર યૂદ્ધ ચલાવવા માડયું; અને ઇશ્વર કૃપાથી તેનો ટેક ને દ્રઢતા જોઈ વગર મોસમનો વરસાદ વરસ્યો, જેથી તેણે મ્લેચ્છ રાજાને હરાવ્યો. મ્લેચ્છ તે શાહબુદ્દીન ગોરીજ હોવો જોઇએ. આ યુદ્ધમાં બાળમૂળરાજનો કાકો બીજો ભીમદેવ જે ભોળા ભીમદેવને નામે પ્રસિદ્ધ છે તે અગ્રેસર હતો. તે વખતે તે રાજા નહીં હતો પણ પોતાની ભાભીની વતી અને રાજપુત્રની વતી એક શુરવીર યોદ્ધા તરીકે રાજ્યભક્ત થઇ રાજ્ય કારભાર ચલાવતો હતો. બાળમૂળરાજે ફક્ત ઇ. સ. ૧૧૭૭ થી ઈ. સ. ૧૧૭૯ સુધી ૨ વર્ષ રાજ્ય કર્યું. એ બાળક અવસ્થામા ને અપુત્ર ગુજરવાથી તેનો કાકો બીજો ભીમદેવ (ભોળો ભીમ) ગાદી ઉપર બેઠો.

ભીમદેવના ગાદી ઉપર બેસવાની શરૂઆતમાજ માળવાનો રાજા સાહસદેવ તેના ઉપર ચઢી આવ્યો. તેને ભીમદેવે એવી મતલબનો સદેશો કહાવી મોકલ્યો કે જેથી તે રાજાની ભીમદેવ ઉપર આવવાની હીમત ચાલી નહીં, જેથી તે પાછો જતો રહ્યો.

એમ કહે છે કે તે સાહસદેવના પુત્ર અરજુનદેવે ગુજરાત લુંટયું હતું.

માળવાનો કોઈ લેખ જે ઇ. સ. ૧૨૧૦ ની સાલનો છે તેમા ભીમદેવને બીજો સિદ્ધરાજ, દેવ અને નારાયણનો અવતાર કરીને લખ્યુ છે. ભીમદેવ સબધી ગુજરાતનો ઇતિહાસ લખનારાઓએ ઝાઝુ લખ્યુ નથી. પણ તેની હકીકત ચદ બારોટના રાસા ઉપરથી ઘણી મળી છે.

આ બારોટ અજમેર (સામ્ભર) ના રાજા પૃથીરાજ ચહુઆણુનો દસોદી હતો. આપણા બીજા ભીમદેવને પૃથીરાજ સાથે લડાઇ થઇ છે ને તે થવાનું કારણ આપણા હિદુ રાજાઓને પાયમાલ કરી નાખનાર કુસપ ને અભિમાન તેમજ કન્યા પરણવા સબધીનું હતું.

દિલ્હીની ગાદીએ અનગપાળ કરીને રાજા હતો તેના ઉપર કનોજના રાજા વિજયરાજે ચઢાઈ કરી, તે વખત સામ્ભરમાં સોમેશ્વર કરીને રાજા હતો. તેને ક્ષત્રીપુત્રે કોઇ સ્થળે ચાલતા યુદ્ધમા ઘેર બેશી રહેવું યોગ્ય ન લાગવાથી તે પોતાની સેન્યા સહિત દીલ્હીના રાજાની મદદે ગયો. આ બે ભેગા થયા જેથી વિજયરાજનુ કાઈ ચાલ્યુ નહીં ને તે હારીને પાછો ગયો.

સોમેશ્વરે વિજયપાળને હરાવ્યો તેથી દિલ્હીમાં તેની કીર્તિ સારી પ્રસરી ને

અનંગપાળ તુંવારે પોતાની કુંવરી તેને પરણાવી. તેની સાથે ઘાડો સંબંધ કરી યોગ્ય સત્કાર કરી વિદાય કર્યો; જેથી તે જય વાદ્ય વગડાવતો અમેજર ગયો.

અનંગપાળને પુત્ર નહોતો; બે દીકરીઓ હતી, જેમાની કમળાદેવી ઉપર જણાવ્યા મુજબ સોમેશ્વરને અને બીજી રૂપસુદરી હતી તે કનોજનો જયચંદ્ર રાઠોડ જે પોતાનાં ફોઇ વિજયપાળ સગાથે પરણાવેલા તેમનો કુમાર હતો તેની સાથે પરણાવેલી હતી. અનગપાળે પોતાની ગાદી પોતાના અજમેરવાળા ભાણેજ સોમેશ્વરના દીકરા પૃથીરાજને આપી જેથી દિલ્હી તથા અજમેરની એકત્ર ગાદી થઈ. પૃથીરાજને એક પૃથા કરીને બેન હતાં તે ચિતોડગઢના રાજા શીશોદીયા કુળભુષણ સમરસિહ વેરે પરણાવ્યા હતા.

આ પ્રસંગે ચદ બારોટ આપણા ગુજરાતના રાજા ભોળા ભીમ વિશે લખે છે કે તે અણહીલપુરનો શૃગાર હતો, અગાધ સમુદ્ર જેવો બળવાન હતો ને તેની પાસે અજીત ચતુરગી સૈન્ય હતું; એ ચાલુક્યરાયને આશરે ત્રીલોક રહ્યા છે, ઘણા દુર્ગપતીઓ તેની શેવામા હતા, સિધ ભણી હકારાતાં વહાણ તેના સ્વાધીનમા હતાં. ધારાની ધરતીમા તેનાં આયુધીકસ્થાન હતાં. અમરસિંહ શેવડો કરીને એક જૈન સાધુ હતો તે ભીમદેવની શેવામાં હતો. એ પોતાના મત્રવડે કરીને સ્ત્રી પુરૂષ અને દેવોને વશ કરતો. વળી પારકરના યાદવ તથા સોઢા તેના આશ્રિત હતા; ને માળવામા પાલી ધરતીમાં અને આબુ ઉપર તે ફરતો હતો. આ વખતે આબુ ઉપર જેતશી પરમાર નામે રાજા હતો તેને સલખ નામે એક કુવર ને ઇચ્છની નામે એક કુમારી હતી. તે કુંવરી ઘણી સુદર હતી જેથી તેના ઘણાં વખાણ થતાં હતા. આ કુવરીની સગાઇ અજમેરના રાજા સોમેશ્વર ચોહાણના દીકરા પૃથીરાજ સાથે પ્રથમથી થએલી હતી. આ કન્યાને પરણવાની ગુજરાતના રાજા ભોળાભીમદેવને ઇચ્છા થઇ. જેથી તેણે તેનુ માગુ કર્યુ. અમરસીહ શેવડાને તે સારૂ મોકલ્યો. પ્રથમથી તેની સગાઇ કરેલી હોવાથી અને ભીમદેવ જૈનધર્મી હોવાથી આબુનો રાજા પોતે ભીમદેવનો ખડીયો હોવા છતાં તેનું માગણુ કબુલ કર્યુ નહીં. અમરસિંહે આવી ભીમને આ હકીકત નિવેદન કરી.

આબુપતિ પરમારે પોતાને હાથે સોમેશ્વરને પત્ર લખ્યો કે ગુર્જરપતિ કહે છે કે તારી કન્યા મને પરણાવ; નહીં તો આબુ ઉજડ થવા દે. તો શું સિંહનો ભાગ શિયાળ લેઈ જશે? જે કન્યા મેં વાગ્દાનથી પૃથીરાજને આપી છે તે ભીમદેવને આપવા ખુશી નથી. આ પ્રમાણે લખ્યું ને તે કન્યાને અજમેર પહોચાડી દીધી. ને પોતે ભીમદેવની સાથે યુદ્ધ કરવાને સજજ થઇને બેઠો.

ભીમદેવ ઘણો ક્રોધાયમાન થયો ને આબુપતિનો નાશ કરવાની ઇચ્છા કરી તે બોલ્યો કે સુતા સિંહને જગાડે, મણીધરના મુસ્તકનો મણી લેવા હોંશ રાખે તે ક્યાથી સુખે રહે એ પ્રમાણે કહી તેણે યુદ્ધ કરવાની આજ્ઞા કરી પોતાના સામંતોને તેડાવવાના પત્રો લખાવ્યા. ધુળના વાદળાથી આકાશ છવાઇ ગયું. ચારે બાજુએથી મોટી સેન્યા ભેગી થઈ. ત્યા ગીરનારનો ધણી આવ્યો. વિરધવળ વાઘેલો જે પોતાનો પિત્રાઈ હતો તે ઘણા આનદથી આવ્યો. કતારીઓ લોહાણો, રામપરમાર, પેરમ્ભનો ધણી, રાણીંગ ઝાલો, સારગદેવ સોઢો, ગગા ડાભી અને અમરસિંહ સેવડો સર્વે હાજર થયા. જૈન મત્રીશ્વર ચાચીંગ પણ હતો. એ પ્રમાણે ભોળા ભીમે આબુ ઉપર ડેરા નખાવ્યા. ને તે ગઢને ચારે બાજુએથી ઘેરી લીધો. પરમાર યોદ્ધા સજ્જ થઈ આવ્યા. ઘણા દિવસ યુદ્ધ ચાલ્યું પણ આખરે પરમારો પાછા હઠયા, તેમ ભીમદેવનું સૈન્ય આગળ ધશ્યુ; જેથી પરમારો નાઠા ને ભીમે આબુગઢ જીતીને તાબે કર્યો.

આ વખતે ક્ષત્રીઓએ સારી પેઠે સમજવું જોઇતું હતું કે દુશ્મનો નજીક છે, શાહબુદ્દીન ગોરી થોડે થોડે અતરે દેશ ઉપર હુમલા કરી વેરાન કરતો જાય છે ને તેથી આજ બીજાની તો કોઇ વખત આપણી પણ તેજ વલે થવાની. એવું સમજતા હશે પણ કર્મની ગહન ગતિએ અધાર પછેડો ઓઢાપલો જેથી તે કોઇને સુઝતું નહીં; ને આખરે આખા હિંદુસ્તાનની પાયમાલી થઇ.

શાહબુદ્દીન ગોરી કહેતો હતો કે પૃથ્વી નથી મુસલમાનની કે નથી હીંદુની. જેની તરવાર ચાલે તેની ધરતી છે. આપણામાં પણ કહેવત છે કે "ધીંગાની ધરતી."

ભોળા ભીમદેવની પાસે તેને યોગ્ય સલાહ આપે એવા ઘણા સામંતો હતા, ને તેમનુ કહેવું તેણે માન્ય કર્યુ હોત તો ગુજરાતની માઠી વલે થાત નહીં. ને કદાપી કાળની ગતીને લીધે થાત, તો તે પણ ઘણી મોડી થઇ શકત. પેરીમ્ભના ગોહેલ સામંતે કહ્યું કે લઢાઇ બધ કરવી જોઈએ, પરમારે કાંઈ અપરાધ કર્યો નથી. તે સિંહકટિ (ઇચ્છની) પાછી આપે એટલે પત્યુ; માટે એ અર્થ સરવા વિશે આપણે વિચાર કરવો જોઇએ. રાણીંગ ઝાલો કહેવા લાગ્યો કે યુદ્ધ વખતે યુદ્ધ વિશેનાજ વિચારો કરવા જોઇએ બીજી વાત કશા કામની નહીં. આપણે સાવધાની માત્ર એટલીજ રાખવાની કે શાહ (પાદશાહ) ની સાથે શત્રુના બધાય નહીં. વિરધવલ વાઘેલો કહેવા લાગ્યો કે ચહુઆણની સાથે આપણે પતાવી દેવું; ને એકઠા મળીને આપણે સુલતાનની સામા થવું.

યુદ્ધમા તેનો અંત આણવાથી આપણા હાથમાં ઘણો દેશ આવશે અને આપણી કીર્તિ ઘણીજ વધશે. એ રીતે સર્વે સામતોના અભિપ્રાય હતા. આપણે જોઇશું કે વાઘેલાના પરાક્રમી પૂર્વજે સર્વના કરતાં શ્રેષ્ટ મત આપી પોતાની ચતુરાઇનો આડો આંક વાળ્યો. પણ અમરસિંહે કહ્યુ કે તમો સર્વે કહોછો તે ખરૂં છે, પણ ભીમદેવને રૂચશે નહીં. ગમે તેમ થાય તોપણ કલહ નહીં છોડવાનો રાજાએ દ્રઢ મનસુબો કર્યો છે.

ભીમદેવ કહેતો કે જો કોઇ રજપુત એકવાર અપમાન સહન કરે તો પછી તે દરેક ઠપકાને પાત્ર થાય છે, એક હજાર પાપનો દોષ તેને માથે બેસે છે ને પછી તે નરકમા પડે છે ને તેને તેમાથી કોઈ તારી શકતું નથી. રજપુતના ભાગ્યમા તો જનમ મરણના ક્લેશ પોતાની તરવારથીજ ટાળવાનું લખ્યુ છે. હિંદુઓમા ચહુઆણ અને પરમાર મોટા છે તો પ્રથમ ચહુઆણ પાસેથી તેનો સર્વ કબજો છોડાવીશ. ને પછી શાહબુદ્દીન ગોરી સામો લઢીશ એવો મેં દ્રઢ સકલ્પ કર્યો છે. પછી ભોળો ભીમ આકરા સોગન ખાઇ બેઠો અને નોબત વગાડવાની આજ્ઞા આપી. ભીમદેવને ચહુઆણ સાથે વેર બધાયાનું એક બીજું પણ કારણ જાણવામા આવ્યું છે કે ભીમદેવનો કાકો સારગદેવ મરણ પામ્યો તેને સાત દીકરા પ્રતાપસિંહ, અરિસિંહ, ગોકળદાસ, ગોવીંદ, હરીસિંહ, શ્યામ અને ભગવાન હતા. તેઓ પરાક્રમી અને શુરવીર હતા. તેમણે રાણીંગ આલાને ઠેર કર્યો અને પછી ભીમદેવ ઉપર બહારવટે નીકળ્યા. જેથી ભીમ તેમને પકડવાની પેરવાઇ કરતો હતો; એવામા ભીમદેવના પોતાની સ્વારીના હાથીનું પુછડુ કાપી તેમણે ગુર્જરપતિને ઘણો ક્રોધાયમાન કર્યો. તેના ડરથી નાશીને તેઓ દિલ્હી પૃથીરાજ ચહુઆણને શરણે ગયા. તેણે તેમને સારૂં માન આપ્યુ. ને પોતાના દરબારમા પટા કરી આપીને રાખ્યા.

એક વખત પૃથીરાજ દરબારમા બેઠો હતો ને સભા ભરાએલી હતી તેમાં ચહુઆણ વશનાં વખાણ થવા લાગ્યા તેવામાં પ્રતાપસિંહે પોતાની મુછો ઉપર હાથ નાખ્યો એમ કહેવાય છે જેથી પૃથીરાજના કાકા કણ ચહુઆણે પોતાનું અપમાન થએલું સમજી તેને મારી નાખ્યો; તેથી તેના બીજા ભાઇઓ સામા થયા ને દરબારમા ભારે યુદ્ધ ચાલ્યું. તેમનાં માણસો બહારથી આવ્યાં ને દરબારમાં મારામારી તથા કાપા કાપી થઇ રહી. પૃથીરાજ મહેલમાં જતો રહ્યો ને સોળકીઓએ ત્રાસ વરતાવ્યો. પણ એકનું ઓસડ બે એ કહેવત મુજબ બાકીના બધા ભાઇઓ માર્યા ગયા.

પૃથીરાજ આ સાંભળી ઘણો ખેદ પામ્યો ને પોતાના કાકાને ઘણો ઠપકો

દેઇને કહ્યું કે તમે ઘણું ખોટું કર્યું. ઘેર આવેલા પરોણાને મારવા એના જેવું અધમ કામ બીજું એકે નથી. જગતમાં કહેવાશે કે ચહુઆણોએ ચાલુકયોને ઘેર તેડાવીને માર્યા. અજમેર નગરમા ત્રણ દિવસ સુધી હડતાલ પડી. જ્યાં ત્યાં અરે અરેના અવાજો સભળવા લાગ્યા. રાજમાર્ગમાં લોહીની નીકો ચાલી. ચદ બારોટ કીર્તિ ગાવા લાગ્યો કે ધન્ય છે ચાલુકયો ધન્ય છે તમારા માતપિતાને. સ્વપ્નમાં પણ તે લઢવાનો વિચાર કર્યો નહોતો. આ વાત પવનની પેઠે પ્રસરી ને તમામ દુર દેશાવરોમા પણ ફેલાઈ. જ્યારે ભીમદેવના સાંભળવામાં આવ્યું કે સારગદેવના પુત્રોને ચહુઆણોએ માર્યા, ત્યારે તે શોક અને ક્રોધથી બળ્યો ઝળ્યો થઇ ગયો. વેર વાળવાનો પ્રસગ મળે તેટલા સારૂ તેણે ચહુઆણને લખ્યું તે ઉપરથી સામ સામા લઢવાની વાત મન્જુર થઇ. ને એકદમ અજમેર ઉપર ફોજ લેઇ જવા ભીમદેવે પોતાના સામતોને કહ્યું. પણ વિરધવલે તેને સમજાવ્યો કે ચોમાસુ ચાલે છે ત્યાસુધી વિચાર બંધ રાખવો. ભીમદેવે તેનું કહેલું કબુલ રાખીને નિશ્ચય કર્યો કે શિયાળો બેસતાં ચહુઆણો ઉપર ચઢાઇ કરવી. કાળ વીતી ગયો ને ચાલુકયનો ક્રોધ નરમ પડયો.

ચદ બારોટ પોતાના રાસામા ગુજરાતના રાજા ભીમદેવ સાથે સોમેશ્વરને લડાઇ થઈ તેનુ વૃત્તાત ઘણીજ રસીક ભાષામા લખે છે.

ભીમદેવ ભારતમાં પ્રસિદ્ધ થએલા ભીમસેન જેવો બળવાન, જેની શીમા કોઇ દબાવી ન શકે તેવો અને જેની કીર્તિ ઘણી ભારે તેવો હતો. તેના અંતઃકરણમા સામ્ભરનો સોમેશ્વર સદા ખટકયા કરતો હતો. ને તેનો પુત્ર દિલ્હીપતિ પૃથીરાજ તેના અતઃકરણમા અગ્નિના ધીકતા અગારા જેવો હતો. પછી તેણે પોતાની ચતુરગી સેન્યા તૈયાર કરવા પોતાના પ્રધાનોની સલાહ લીધી. ને તે પ્રમાણે કરીને તેણે કહ્યું કે હવે હુ શત્રુઓના સેન્યનો કચ્ચરઘાણ કરી નાખીશ; ને તેઓનુ રાજ પડાવી લેઇને એક છત્રે રાજ કરીશ. તેણે રાર્ણીગ ઝાલાને તથા વીરધવલ વાઘેલાને અને પોતાના બીજા મુખ્ય સામતોને બોલાવી પૂર્ણ ક્રોધાયમાન ને શુરવીરપણાથી ને અગ્નિથી તપી ગયો હોય તે પ્રમાણે તપી જઇને પોતાના મનની સહુ અભિલાષા જાહેર કરીને તે બોલ્યો કે આપણે ત્વરાથી ચઢવાની તૈયારી કરીએ, અને બલીષ્ટ હાથી જેમ પોતાની સુઢવડે ધરતી ઉપરથી ધુળ ઉછાળી નાખે છે તેમ ચહુઆણના દેશનો આપણે નાશ કરીએ. ભીલ લોકો જેમ ઉંદરના દરની વલે કરે છે તેમ સામ્ભરના મુલકની આપણે તેવી વલે કરીએ. પછી તેમણે પોતાના તમામ શુરવીર પટાવતોને તેડાવ્યા. ને આગળના ઉભા થએલા કજીઆથી ઉકળીને તે બોલ્યો કે ભીક્ષ્મ અને કાડી રણસગ્રામમાં ઘણા શુરવીર છે, ને આપણને નિઃ-

સંશય જય અને કીર્તિ બંને સંપાદન થશે. ચાલો આપણે તેનું વેર લેઇએ. ભીમદેવ કહેતો હતો કે યુદ્ધના શબ્દો મને ઘણા આનંદદાયક લાગે છે, ને જ્યાં મધમાખીઓ ભમતી ફરે એવી ગુફાઓમાં ઉનાળામા, ચોમાસામાં અને શિયાળામાં મહા ઉગ્રતપ ને કષ્ટ કરવાથી તપસ્વી લોકોને મુક્તી મળે છે, તેજ મુક્તી શૌર્યથી આપણને ક્ષણુવારમા મળે છે. આ પ્રમાણે તેણે પોતાના શુ-રવીર યોદ્ધાઓને પાણી ચઢાવ્યુ ને કહ્યું કે આપણે પાકા શૂરથી લઢીશું તોજ આપણે જય પામીશું. કારણુ સાભરો ઘણા જોરાવર છે, ને સોમેશ્વર પ્રભાસપાટણમાં બિરાજેલા બીજા સોમેશ્વર જેવો છે. તે પ્રતાપવાન, ધીરજવાન ને બહાદુર છે, તેમ જ તેના પટાવતો અર્જુનના જેવા શૌર્યવાન છે, માટે તેઓને એકદમ જીતી લેવાની આશા રાખવી, એ ધુમાડાને બાચકા ભરવા જેવું છે. પછી તેણે જેમ ચોમાસામા આ સપાસના વહેળાઓનું પાણી નદીમાં આવી મળવાથી તે જેમ છલકાઇને યુવાવસ્થા ધારણુ કરે છે, તેજ રીતે તેણે પોતાની સેન્યા ચોગરદમથી ભેગી કરી. તેમાં સ્વાર અને પાળાઓ ઘણાજ હતા. ઘોડાઓને ચાલવાની ગતી તો ઉડતા પક્ષીઓને ભુલાવે તેવી હતી. હાથીઓની ચીસો મેઘના ગગડાટને ગભરાવી નાખે તેવી જણાતી હતી. શુરવીર યોદ્ધાઓ પૂર્ણ આનંદથી ભરેલા હતા. આથમતી વેળાએ સૂર્ય-નારાયણુ જેવા રળીઆમણા દેખાય છે તેવાંજ તેમના મુખકમળ આનંદથી પ્રફુલ્લિ-ત દેખાતાં હતા; તેમના મન તે વખતે પોતાની પ્રાણુપ્રિય સ્ત્રીઓ અને રત્ન સરખા પરીવાર ઉપર નહોતા પણુ બ્રહ્મના ઉપર તેમનું સંપૂર્ણ લક્ષ હતું. ક્ષીતિજમાંથી જેમ વાદળ ચઢી આવે છે તેવીજ રીતે ભીમદેવની સેન્યા ચારે બાજુએથી વધવા લાગી. ભીમને માથે રાજછત્ર ધારણુ થયું; ને યુદ્ધરૂપી ઝરાનું પણી પી-વાને તે તરસ્યો થયો. ભયંકર દેખાવના ભીલ્લ લોકો યુદ્ધને મોખરે થયા. તેમ-ના હાથમાં તીર કામઠાં ધારણુ કરેલા હતાં; તેમની પછવાડે હાથીઓની હારો ઝુલવા લાગી ને તેમની ચીસોના નાદથી આખુ જંગલ ગાજી ઉઠયું ને તેઓ-ની ઘટાઓના નાદ અને સાંકળોનો ખખડાટ મેઘની ગર્જનાને ભુલાવતા હતા. આ પ્રમાણે જેમ આખા ડુંગરા ને ડુંગરા ચાલતા હોય તેમ જણાતું હતું. રસ્તે ચાલતા તેઓએ ઝાડ તોડી પાડ્યાં ને તેઓના ચાલવાથી પૃથ્વી પણુ ધ્રુજી રહી હતી. તેઓની પાછળ ઢાલો ધારણુ કરેલી એવા પાળાઓ ચાલતા હતા. આ પ્રમાણે યોદ્ધાઓનું પુર જોઇને દરિયો ઉભરાઇ જતો હોય એમ લોકો ક-લ્પના કરવા લાગ્યા ને સ્વર્ગ, મૃત્યુ ને પાતાળના લોક કંપવા લાગ્યા. એવો પોતાના સૈન્યનો મહા ઉગ્ર દબદબો અને ઠાઠ જોઇને ભીમદેવને ઘણોજ આનંદ થયો.

આ પ્રમાણે સેન્યા સોમેશ્વરના સામ્ભર દેશમા દાખલ થઇ ત્યારે તેની

ઘરબાર છોડી નાસવા લાગી. જ્યારે સોમેશ્વરને આ વાતની જાણ થઇ ત્યારે તે પોતાના ઘોડા ઉપર સજ્જ થઇને યુદ્ધમાં જવા તૈયાર થયો. પૃથીરાજને તેણે દિલ્હી-માં રાખ્યો ને સામંતોને પોતાની સાથે લીધા. ખીચીરાવ પ્રસંગ, જામ યાદવ, દેવરાજ, શત્રુઓનો સંહાર કરનાર ભાણુ ભાટી, ઉદ્દીગબાહુ, બલિભદ્ર, અને કૈમાસ પણ સોમેશ્વર સાથે તૈયાર થયા. કણ અને સોમ તેમજ યુદ્ધમાં પર્વતસમ અચળ એવો જયસિંહ પણ સાથે ચઢયો. આ પ્રમાણે ક્રમમાં ગોઠવાઇ સામ્ભર રાજાની સેન્યા આગળ ચાલી ને તેનો ભાર શેષનાગને પણ ઝીલવો મુશ્કેલ થઇ પડયો. પૃથ્વી ધ્રુજવા લાગી. આ પ્રમાણે બે નદીઓના પૂરના પ્રવાહની પેઠે બન્ને સેનાઓ સામસામી થઇ. સોમ યુદ્ધમાં ઘણો હોશીલો હતો ને ભીમદેવ તો કદી યુદ્ધમાં પીઠ આપે નહીં તેવો બહાદુર હતો. કણે યુદ્ધનો આરંભ કર્યો, નોબતો ગઠગડી ને જેમ પવનના સપાટાથી તાડપત્રોનો ખઠખડાટ થાય તેવીજ રીતે ઢાલોના ગગડાટ સંભળાવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધ ઘણા જોસમા ચાલ્યુ. કણ ચોહાણે ખુબ પરાક્રમ દેખાડીને ભીમદેવની સેન્યાને પાછી હઠાવી દીધી. સોમેશ્વર અને ભીમદેવ યુદ્ધમાં પોતાના શુરવીરોને સાબાશીના અવાજોથી વધાવવા લાગ્યા. હાથમાં ખપ્પર ધારણ કરી દેવીયો તે સ્થળે આવી. તેઓને તે દિવાળીના પર-વથી અધીક આનંદનો દિવસ લાગતો હતો, તેઓની નોબતો ગડગડી ને માંસના ભક્ષણ કરનારાને આ યુદ્ધથી સંપૂર્ણ તૃપ્તી મળી. શ્રી મહાદેવ શંકર કદી પણ સંપૂર્ણ ન થઇ શકે તેવી રૂંઢમાળામાં જે ક્ષત્રી કુમારો પોતાનાં માતપિતા સગાં-વહાલાં ને પુત્ર પ્રિયાઓથી પોતાના રાજાને તથા પોતાની આબરૂ અને ટેકને વહાલો ગણીને યુદ્ધમાં આવી મોતને શરણ થઈ સ્વર્ગમાં અપ્સરાઓને વરેલા તેઓનાં મુસ્તકોને પરોવવા લાગ્યા.

સોમેશ્વર અને ભીમ યુદ્ધમા સામસામે થયા ને ભયકર યુદ્ધ ચલાવ્યું. પૃથ્વી ઉપર કેર વર્ત્તાયો. જાણે મોટા પર્વતો એક બીજાની સાથે અથડાતા હોય તેવું દીસવા લાગ્યું. મુડદા ઉપર મુડદાં પડવા લાગ્યાં ને લોહીની નદીઓ વ-હેવા લાગી, ને ચાતુર માસમા પૃથ્વી જેમ વરસાદના પાણીથી લસબસ થઈ જાય છે તેમજ ભારતભુમી શૂરા ક્ષત્રીના રૂધીરથી લસબસ થઇ રહી. સ્વર્ગમાં નિવાસ કરી દેવતાઓને પોતાના સંગીતથી હમેશાં આનંદ પમાડનાર ને પૃથ્વી ઉપરના શુરા ક્ષત્રીઓ યુદ્ધમા પૂર્ણ પરાક્રમ કરી સ્વર્ગે વિચરનાર રાજકુમારો સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખનાર અપ્સરાઓમાની એક પણ પતિ શિવાય-ની રહી નહીં.

બને પક્ષના ઘણા ક્ષત્રીઓ ઘાયલ થયા પણ કોઇએ યુદ્ધ છોડયું નહીં,

તેમજ પીઠ પણ બતાવી નહીં. જામ યાદવ જાણે હમણાં પૃથ્વીનો નાશ કરી નાંખશે એમ પોતાના શત્રુની જમણી બાજુએ ગાજી ઉઠયો. તેના સામે ખેંગાર પૃથ્વી ઉપરના અગ્નિના ભડકા સામો ચાલ્યો. જેમ બે ઉન્મત્ત સાંઢો સામસામી લઢે તેવી રીતે તેઓ વઢવા લાગ્યા. તેમણે હાથીઓને મારી પાડ્યા; ને જેમ કાળા પર્વતમાંથી લોહીનાં વહેળીયા વહેતાં હોય એવા દીસવા લાગ્યા. દેવ અને દૈત્ય સહુ તેમને જોઈ શાબાશ શાબાશ વદવા લાગ્યા ને દેવે કુલવૃષ્ટી કરી. બળીભદ્ર ધોળા હાથી ઉપર બેશીને લઢયો અને તેણે ખૂબ પરાક્રમ કર્યું.

સોમેશ્વર આગળ ધપ્યો તો મુચકુંદ રાજા જેમ ઉંઘમાંથી કાળયવનની લાત વાગવાથી ક્રોધસહિત જાગી ઉઠયા હતા ને જેવી લાલચોળ આંખો થયેલી હતી અથવા સગર રાજાના સાઠ હજાર પુત્રો કપીલ મુનીના આશ્રમમા પોતાનો ઘોડો લેવા ગયેલા તે પ્રસગે કપીલ મુનીને છછેડતા તે જાગી ઉઠે જેવી આંખો લાલચોળ દીઠામાં આવી હતી ને જેથી સાઠ હજાર રાજપુત્રો નાશ પામ્યા હતા તેવીજ લાલચોળ આંખો સોમેશ્વરે ભીમદેવની દીઠી.

દેવગુરૂ બૃહસ્પતી ને દૈત્યગુરૂ શુક્રાચાર્ય વચ્ચે જેમ એકબીજાને પરાજય પમાડવાને મંત્ર રૂપી બાણો દોડાદોડ કરી મુકે તેવીજ રીતે બંને રાજકુમારો લોહ બાણ ઉછળવા લાગ્યાં. દેશનું રક્ષણ કરનાર બન્ને રાજા હતા, બન્ને છત્રપતિ હતા બન્ને રાજાઓએ કવચ ધારણ કરેલાં હતાં, કાંતો યુદ્ધમાં જય મેળવવો કે કાંતો અપ્સરાને વરવું એવો બનેનો દ્રઢ નિશ્ચય હતો, બન્નેના મુખ આગળ રાજડકા થતા હતા, બને ઘણી મોટી પદવીવાળા અને આર્યભુમીના શણગાર હતા. ચોમાસાની કાળી રાતે પર્વત ઉપર દવ બળતો હોય તેવું રણક્ષેત્ર દેખાતું હતું. અપ્સરાઓ આ શૂરા રાજપુત્રોને વરવા માટે માંહોમાંહે કજીઓ કરવા લાગી ને યક્ષ ગાંધર્વો આ કજીઓ જોઇને ગાભરા બની ગયા.

આખરે યુદ્ધમા પૂર્ણ પરાક્રમ કરતો સામ્ભરપતિ સોમેશ્વર પડયો ને તેનાં પંચતત્વ પચતત્વમા મળી ગયા. સોમેશ્વર શ્રી શકરના ધામ કૈલાસમાં પધાર્યો ને શકરની શેવામાં જોડાયો. તેના યોદ્ધાઓએ તેને પડયો જાણી યુદ્ધમાં ઝપલાવ્યુ ને મરણીયા થઇને લઢયા પણ આખરે હાર પામ્યા. ભીમે હાથ ચલાવવો બધ કર્યો, ને આખા ચાલુક્ય સૈન્યમાં જયજયના નાદ થવા લાગ્યા; તેમજ ચહુઆણ સૈન્યમા હાયહાયના અવાજ ગાજી રહ્યા. આ રીતે સામ્ભર રાજાને જીતીને ભીમદેવ પોતાના રાજ ગુજરાતમાં પાછો આવ્યો, ને જયનાદથી તથા ઘણા આનદથી પોતાના રાજનગરમાં પધાર્યો.

પોતાના પિતાના મૃત્યુનો તથા સૈન્યનો પરાજય થયાનો વૃત્તાન્ત થીપૃ-

રાજે તે વેળાએ દિલ્હીમાં હતો ત્યાં સાંભળ્યું; આથી તે ઘણો દિલગીર થયો ને બાકી રહેલી સેન્યાને પાછી બોલાવી લીધી. તેણે પોતાના પિતાની યથાવિધી શાસ્ત્રાનુસાર ક્રીયાઓ કરી, તેણે સોળ દીવા કરાવ્યા. બાર દિવસ ને રાત્રી ભોંયપર પથારીએ સુતો, માત્ર દિવસમાં એકજવાર ખાધુ ન ખાધા જેવું જમતો; સ્ત્રી સંયોગથી દુર રહેવા લાગ્યો; બ્રાહ્મણોને ઘણુજ દાન અને દક્ષિણાઓ આપી. આઠ હજાર સુંદર જાતની ગાયો કસબી ઓઢા ધારણ કરેલી ખરીઓ અને શીંગડાએ સુવર્ણ મઢાવેલી ને આભુષણ ધારણ કરાવેલી પવિત્ર બ્રાહ્મણોને આપી; બીજા સોળ દાન કર્યા ને પોતાના પિતાનું વેર વાળ્યા શિવાય પાઘડી નહિ બાધવાનો તેણે નિયમ લીધો. પૃથીરાજ કહેતો હતો કે જેણે બાપનું વેર ન લીધું તેના જીવતરને ધિક્કાર છે. પછી તેણે પ્રથમ પોતાને રાજ્યાભિષેક કરાવવાનો વિચાર કીધો, ને જે બ્રાહ્મણો પૂર્ણ વિદ્વાન હતા ને પાપ નિવારણ કરવાની ક્રીયાઓ જાણતા હતા તેમને તેણે તેડાવ્યા. ને સોમેશ્વર જે યુદ્ધમા મરાણો હતો તેને વાસ્તે ઘણી ક્રીયાઓ તેણે કરાવી. વળી તેણે યુદ્ધમા પોતાને જય મળે તેટલા સારૂ પણ ઘણી ક્રીયાઓ કરાવી; ને બ્રાહ્મણોને ઘણી સુવર્ણ મોહરો અને દ્રવ્ય આપ્યુ.

આગળ પૂર્વે થઇ ગયેલા ચદ્રવશી સત્યવાદી યુધીષ્ટર રાજા જેને સત્ય બોલવાનો નિયમ હતો તેઓને જે સ્થળે રાજ્યાભીષક થએલો તેજ સ્થળે દિલ્હી (હસ્તીનાપુર) માં પૃથીરાજને રાજ્યાભીષેક કરવામા આવ્યો. સુદર સ્ત્રીઓ વસ્ત્રાલંકાર ધારણ કરી ગીતો ગાવા લાગી. તેમના ગળામાં ફુલોના હાર દીપી રહ્યા હતા, ને પોતાની પટરાણી ઇચ્છની આબુપતી પરમાર રાજાની પુત્રી થતી હતી ને જેના સારૂ ચહુઆણ અને ચાલુકય બને રાજવશોની પાકી ખરાબી થઈ ને દુષ્ટ મ્લેચ્છોથી પરાજય પામવો પડયો, તે બીરાજી હતી. કણ ચોહાણે પોતાના રાજાને હાથી ભેટ કર્યો હતો ને નીરદર પરમારે પણ તેમજ કર્યું. પૃથીરાજ ઉપર સુવર્ણના દાંડાનું રાજછત્ર ધરાયુ અને જયજય નાદ થઇ રહ્યા.

પૃથીરાજના મનમા પોતાના પિતાનું મરણ ઘણુંજ સાલતું હતું ને તેનું વેર લીધા શિવાય તેને શાન્તિ વળે તેમ નહોતું. ઉંઘમા પણ તેજ જપના કરતો. ને પોતાની સભામા પણ તેના મુખમાથી વેરના શબ્દો નિકળતા. તેનો આવો કલેશ જોઇને તેના સામંતોએ તેને ઘણી શિખામણ આપી કે જે યુદ્ધમાં ગુજરે છે, તેને યોગીઓ જે હજારો વરસ સુધી તાપ, વર્ષા ને શીત વેઠી ને ઉંધે મુસ્તકે લટકી અથવા એક પલાઠીયે બેશી અગર ઉભા રહી એકાગ્ર ચિત્ત રાખીને પરમેશ્વરનું ધ્યાન ધરીને જે સ્થળ સ્વર્ગનુ મળવા આરાધન કરે કરે છે તોપણ તેઓને તે મળવું દુર્લભ છે, એવું દુર્લભ પદ સ્વર્ગમાં નિવાસ

કરવાનું, યુદ્ધમાં ગુજરનારને તુરત મળે છે. આવી રીતે તેના સામંતોએ બોધ સાથે ધીરજ આપી જેથી તે શાન્ત થઈ સુતો. ને સવારમાં ઉઠીને ગુજરાત ઉપર ચઢાઇ કરવા સારૂ સૈન્ય તૈયાર કરાવવાની પોતાના સુભટ્ટોને આજ્ઞા આપી પોતે સભા ભરીને બેઠો.

કણ્ચોહાણ જેને નરવ્યાઘ્રનું ઉપનામ રાજ તરફથી આપવામા આવ્યું હતું તે રાજસભામાં આવ્યો. તેને જોઇ સર્વ સભા ઉભી થઇ. તે સાંકળેલા ને પાજરામાં પુરેલા વિકાળ સિંહ જેવો હતો. કૈમાસ, ચામુંડરાય, બળીભદ્ર જેની સેવામાં ઘણા રાજા એવો કુરભદ્દેવ, ચદ, ધીર, પુંડીર, અતતાય ચહુઆણ, લંગરીરાય, ગોવીંદરાય ગેહલોત વિગેરે આવ્યા. તે રાજસભામાં બેઠા. ને જેને સાક્ષાત દુર્ગાદેવી પ્રસન્ન છે એવો ચદ બારોટ પણ આવીને બેઠો. તે સર્વેને પૃથીરાજે ગુજરાત ઉપર ચઢવાની આજ્ઞા કરી જે સાંભળી જોશીને શુકન વાસ્તે બોલાવ્યો. તેણે શુભ મહુરત આપ્યુ જેથી પૃથીરાજ ખુશી થયો ને ઠરાવેલે વખતે અને ચોઘડીએ પોતાની નોબત ગગડાવી, અને સૈન્યા એકઠી કરી તેને લેઇ નગર બહાર આવ્યો તથા સારી જગો જોઈ મુકામ કર્યો. ભીમના જાસુઓએ આ વૃત્તાન્ત તેને જાહેર કર્યો કે પૃથીરાજ ચહુઆણ ઘણા સૈન્ય તથા વિજય યોદ્ધા તથા પુષ્કળ હાથી ઘોડા સહીત આપણા દેશ ઉપર ચઢી આવે છે, તેની સાથે પૃથીરાજ અને તેના બીજા સામતોએ તમને જીતવાના આકરા સોગન ખાધા છે, એ હકીકત પણ કહીને વિશેષમાં કહ્યું કે આપણે પણ તેને ભેટવાને પુરતી તૈયારી કરવી જોઇએ.

પરાક્રમી ભીમદેવ આ હકીકત સાંભળી ઘણો ક્રોધાયમાન થયો, ને તેનું અગ શૂરથી કંપવા લાગ્યું. તેની આખો લાલચોળ થઈ ગઇ. ને પોતાના પ્રધાનોને બોલાવી સર્વે હકીકત કહી લડાઇની તૈયારી સારૂ સૈન્ય તૈયાર કરવાની આજ્ઞા કરી. પોતાના મંડળીક રાજાઓને ખબર આપવા જાસુસો દોડાવ્યા. કચ્છમાંથી, સોરઠમાંથી, કાકરેજમાંથી ઘણું સૈન્ય પોતાના રાજાના આશ્રય સારૂ આવી પહોચ્યું, તેમજ ઘણા સામતો પોતાના સૈન્ય સહીત આવ્યા. પોતાનું પ્રરાક્રમી સૈન્ય જોઇ ભીમને ઘણો આનદ થયો. આ ગુર્જર સેન્યાની હકીકત પૃથીરાજના હેરકે જઇને તેને જણાવી ને કહ્યું કે ગુર્જર સેન્યા ઘણી બળવાન જણાય છે ને સમુદ્રના જેવી ગર્જના કરતી ચાલુકય સેન્યા તૈયાર થાય છે. પૃથીરાજે તે સાંભળી તેને જીતવાનો દ્રઢ નિશ્ચય કરી પોતાના શૂરા યોદ્ધાઓને વકાર્યાને બોલ્યો કે જ્યારે ગુર્જરપતિને જીતીએ તોજ આપણને પૂર્ણ શાબાશી મળે.

સાંજ પડી એટલે પોતપોતાને સ્થળે સુતા. કેમાસ, કણુ અને નીરદર આ-યુદ્ધ બાધી પૃથીરાજની પાસે સુતા. રાત્રે બોલતાં પક્ષીઓથી તેમના સાંભળવામાં સારા શુકન આવ્યા, તે સાંભળી કણુ બોલ્યો કે આ પક્ષીઓના બોલવાના શુકન આપણુને લાભ કર્ત્તા અને ભીમદેવને હાની કર્ત્તા છે. જ્યારે સોમેશ્વર અને ભીમદેવને યુદ્ધ થયુ ત્યારે ભીમદેવને આ શુકન થયા હતા. પ્રભાત થયે સહુ ઉઠી પરવારી તૈયાર થઈને ચાલ્યા એ પ્રમાણે તેઓ ગુજરાતને શીમાડે આવી પહોચ્યા. તેઓની સંખ્યા ૬૪ હજારની હતી. પૃથીરાજને માથે ચમર થતું હતું ને રાજછત્ર પોતાના સગા કણુને માથે ધરાવ્યું હતું. ભીમદેવની પાસે તેમણે ચદ બારોટને મોકલ્યો તેમણે ભીમદેવને ચીઢાવવા સારૂ કેટલાંક સાધનો દીવો, અંકુશ, નિસરણી, પાવડો, જાળ વગેરે રાખ્યાં હતાં. ભીમે તે જોઈ તેનું કારણ પૂછ્યુ. તેના જવાબમાં ચદે ભીમદેવને કહ્યું કે અમારા રાજાનું ફરમાન એવું છે કે તમો અંધારામાં સતાશો તો દીવાથી શોધી કાઢીશું. આકાશમાં જશો તો નીસરણીથી ચઢી પકડીશું. પાતાળમા પેસશો તો પાવડાથી ખોદી કાઢીશું. પાણીમા પેસશો તો જાળ નાખી તમને ખેંચી કાઢીશું. આ અકુશ માવતો જેમ હાથીને તેની મદદથી કબજે રાખે છે તેવી રીતે તે અંકુશથી તમને કબજે રાખીશું. આ પ્રમાણે ચદે કહેવાથી ભીમદેવે તેને કહ્યું કે પૃથીરાજે મારી પાસે તને મોકલ્યો તેના કરતા કણુને અગર નીરદરને મોકલવા હતા અગર પોતે જાતે આવવું હતું. ભાટનો દીકરો શબ્દો વતી લઢે, દૈત્ય ગાળોથી લઢે ને ભાઇઓ વારસા સારૂ લઢે તેમ તમે કરોછો પણ હુ કેવો છું તે તમે ભુલી નહી ગયા હશો. હુ મને ખીવરાવનાર અને છેડનારનો નાશ કરવાને શક્તમાન છુ. આ રીતે જવાબ આપી વિદાય કર્યો.

ચદ બારોટે પૃથીરાજ પાસે જઈ બનેલી હકીકત કહી ને પોતાની ભાટની રીતે તેને ઘણો વકારીને ક્રોધ ચઢે તેવી રીતે પોરશાવ્યો. જેથી તેને ઘણો ક્રોધ ચઢયો. ને પોતાના પરાક્રમી સામતોને પાસે બોલાવી નિરદરને કહ્યુ કે તમો ઘણા પરાક્રમી છો અને યુદ્ધમાં પાછા હઠો તેવા નથી ને તમારા પૂર્વજોએ ઘણા પરાક્રમ કર્યાં છે વિગેરે કહી મોતીની માળા તેને આપી તેમજ કણુ ચોહાણને પોતાનો રાજ ઘોડો અર્પણ કર્યો. કણુ ચોહાણે કહ્યું કે હે ભુપતી જ્યાસુધી મેં સોમેશ્વરનું વેર વાળ્યું નથી ત્યાંસુધી મારા જીવતરને ધિક્કાર છે. પૃથીરાજે તેને ધીરજ આપીને કહ્યુ કે હે ભાઈ દેવની ગતી ન્યારી છે તેનો કોઈ પાર પામ્યા નથી. જુઓ કે રામચદ્ર જેવા સીતાજીનું કોઇ વખત રક્ષણ કરી શક્યા નહીં, પાંઠવો સતી દ્રોપદીના ચીર ખેંચતી વેળા તેનું રક્ષણ કરી શક્યા નહીં, સુગ્રીવ પોતાની સ્ત્રી તારાનું પોતાના જોરથી રક્ષણ કરી શકયો નહીં અને દુર્યોધન પોતાના મિત્ર કરણનું રક્ષણ કરી શકયો નહીં. માટે તે દૈવગતી જા-

જુવી. તેવી રીતે સોમેશ્વરનું મૃત્યુ ભીમને હાથે સર્જીત થએલું મિથ્યા થઇ શકે નહીં; માટે તે બાબત તમારે શોચ કરવો નહીં ને આ યુદ્ધમાં ખરા શૂરથી લઢવું.

આ પ્રમાણે પોતાના સરદારોને દિલાસો આપી તેઓને વખાણી યુદ્ધમાં પૂર્ણ પરાક્રમી થવાને ઉશ્કેરે છે, તેવામાં તેને સમાચાર મળ્યા કે ભીમદેવ મોટા સૈન્ય સાથે આવે છે. જેમ કોઇ મોટા મણીધર નાગને છેડીને તેને ચીડવ્યો હોય, અગર કોઈ મદોન્મત્ત સિંહને હેરાન કરી ક્રોધાયમાન બનાવ્યો હોય, અગર ઉનાળામાં અગ્નિની એક ચીંગારી મોટા વિશાળને ફળદ્રુપ અરણ્યને સળગાવી થોડા સમયમાં તેનો નાશ કરી નાખે, એવા પ્રકારથી ભીમદેવ ક્રોધથી પ્રજ્વલીત થયો છે. યુદ્ધ ચાલુ થયુ ને યોદ્ધાઓ ફક્ત પોતાનો દેહ યુદ્ધને વાસ્તેજ નિર્માણ થએલો છે એમ સમજી સસારને તુચ્છ ગણી મારો, મારો, મારોના પોકારથી દુશ્મનો ઉપર તુટી પડ્યા. ભીમદેવે પોતાના લશ્કરની વ્યુહ રચના કરી હતી કે જેથી દુશ્મનો તેના લશ્કરને ભેદી શકે નહીં. તેવીજ રચના પૃથીરાજે પણ કરાવી હતી. તુમુલ યુદ્ધ થવા માંડયુ. ને લોહીની નદીઓ વહેવા લાગી. સાભ્રમતી નદી જે નિર્મળ પાણીથી વહેતી હતી તે હવે રૂધીરના પ્રવાહથી ચઢેલા પુરની મિશાલે વહેવા લાગી, ને તેમાં ઘાએલ થઈ પડેલા મનુષ્યો, ઘોડા હાથી ને ભાગી નિરૂપયોગી થએલા'હથીઆરો ખેંચાવા લાગ્યા. દેશમાં હાહાકાર થવા લાગ્યો. શેષનાગ ધરાનો ભાર ઝીલી શકયો નહીં. સૂર્યનારાયણ પોતે જગત ભ્રમણ કરવાનું ભુલી જઇ એક સ્થળે સ્તભી રહ્યા. દેવ અને ગાધર્વો વિમાનમા બેશી આકાશમા આવી પૃથ્વી ઉપરના આ પરાક્રમી અને શુરવીર દેવતાઓનું ભયકર યુદ્ધ પૂર્ણ આનદથી જોવા લાગ્યા. અપ્સરાઓ પોતાને પતિ મળવાના પૂર્ણ આનદમા મગ્ન થએલી આવીને યુદ્ધ ભુમી ઉપર ઝુમી રહી. અને એ પેલા શૂરા ક્ષત્રીને હુ વરીશ, હુ વરીશ એમ બોલી પોતાની બીજી સખીઓના હાથ તરછોડવા લાગી. મહા રૂદ્ર શંકર પોતાના ધ્યાનમાથી જાગી ઉઠયા ને પોતાની ડોકને ભયકર રીતે સુશોભીત કરી મનુષ્યોના મુસ્તકની રૂંઢમાળાને શૂરા ક્ષત્રીઓના મુસ્તકોથી પરોવી આનદમાં મગ્ન થવા લાગ્યા. કાળીકા વિગેરે દેવીઓ રૂધીર પી તૃપ્ત થઇ કલ્લોલમા ગાવા લાગ્યાં. અને ગીધ વગેરે હીંસક પક્ષીઓ મરદાલ લોહીને બદલે આ શૂરા ક્ષત્રીઓનું વીર્યવાન લોહી પીને સતોષ પામવા લાગ્યાં આ પ્રમાણે ભયકર યુદ્ધ મચી રહ્યુ.

પૃથીરાજ અને ભીમદેવ પોતાના યોદ્ધાઓને શાબાશ શાબાશ ના શબ્દોથી વધાવી લેઈ હીંમત વધારાવે છે, ને શૂરા ક્ષત્રીઓ જ્યાંસુધી દેહમાં પ્રાણ છે, ત્યાંસુધીજ પંચમહાભુતથી બનેલું આ શરીરનું ખોળીઉ ઉપયોગી છે, ત્યારપછી તે કશા પણ ઉપયોગમાં આવનાર નથી, વિગેરે વિચારો કરી પૂર્ણ જો-

શથી ઝંપલાવી પડે છે, તેઓએ પોતાના પ્રાણથી પણ કીર્ત્તિને અમુલ્ય ગણી છે. કાયર યોદ્ધાઓની ચીસોના પોકાર તથા શુરા ક્ષત્રીઓ ઘાએલ થઈ પડતાં અરે અરે શબ્દ ઉચ્ચારતા તે નગારખાનાના અવાજોથી સભળાતા નહીં. યુદ્ધનાં કઠોર વાજીન્ત્રોથી કાયરને પણ શુર ચઢે એ રીતે આ સ્થળ ગાજી રહ્યુ હતું. યોદ્ધાઓ શૂરમાં ધશી દુશ્મનોના સૈન્ય ઉપર પડતા હતા. કહેછે કે બળી રાજા પાસે વામને જ્યારે યાચના કરી ત્યારે ત્રણ ડગલા ધરતી માગી હતી, ત્યારે તેમાં સ્વર્ગ મળ્યું હતું; પણ આ શૂરા ક્ષત્રીઓને ફક્ત એક ડગલું આગળ ધસવાથી તેમના નશીબને વાસ્તે સ્વર્ગ મુકરર થયું હતું, આ પ્રમાણે અર્ધા પ્રહર સુધી યુદ્ધ ચાલ્યુ. ચૌલુક્ય સેન્યા પાછી હઠી જેથી પૃથીરાજના સૈન્યને વિશેષ શૌર્ય આવ્યું. પૃથીરાજે પોતાનો ઘોડો ચાલુક્ય સેન્યામા ખેડયોને પૂર્ણ પરાક્રમ કરી ભીમદેવને માર્યો એમ ચંદ બારોટ કહે છે પણ તે વાત અસભવીત છે. કારણકે પૃથીરાજે ગુજરાત જીતી શાહબુદ્દીન ગોરી સાથે લઢાઇ કરી તેમા પકડાયો ત્યાસુધી ભીમદેવ ગુજરાતની ગાદી ઉપર રાજ્ય કરતો હતો એમ સારા પુરાવાથી જણાય છે. અર્થાત સમજવાનું કે આ લડાઇમા ભીમદેવનો પરાજય થયો ને પૃથીરાજ જીતના વાજા વગડાવતો પોતાના રાજ્યમા ગયો.

ત્યારપછી ભીમદેવને શાહબુદ્દીન ગોરી સાથે બે લઢાઇઓ થઈ તેમા પ્રથમ લઢાઇમાં તેને હરાવીને મારી કાઢયો, પણ બીજી લઢાઇમા તેનો પરાજય થયો. તોપણ તે ગુજરાતનું રાજ્ય સુખરૂપે ઈ. સ. ૧૧૭૯ થી તે ઇ. સ. ૧૨૪૨ સુધી ૬૩ વર્ષ ભોગવી સ્વર્ગે ગયો.

પાછળ આપણે જોઈ ગયા કે આ ગુર્જર દેશની રસાળ ને પરમ પવિત્ર ભૂમી ચાવડા વશના રાજાઓએ તથા ત્યારપછી સોળકી (ચાલુક્ય) વશના રાજાઓએ ત્રણસે વર્ષ લગભગ ભોગવી ત્યારપછી તે ચાલુક્ય વશની એક શાખા જે વાઘેલા નામથી પ્રસિદ્ધ છે તેના હાથમા ગઇ. ધવળદેવ કે જેના નામથી ધોળકા શહેર વસ્યું છે, તેમના પુત્ર અરણોરાજ હતા. આ અરણોરાજ જેને લવણપ્રસાદ નામે પરાક્રમી પુત્ર હતો, તેની રાણીનું નામ મદનરાગિણી હતું. તે લવણપ્રસાદ ઘણો ડાહ્યો ને સદ્ગુણી હતો, તેથી તેના ઉપર મહારાજા ભીમદેવ ઘણી પ્રીતિ રાખતો હતો. ભીમદેવ જો કે ઘણો બળીઓ હતો અને યુદ્ધમા પૂર્ણ પરાક્રમી હતો પણ તે કાચા કાનનો અને ભોળા મનનો હતો. જેથી તેના જૈન મત્રી અમરસિહ સેવડાના ભમાવ્યા પ્રમાણે ઘણીવાર અજાઈ જઇ અનીતીનાં તથા વગર વિચાર્યાં કામ કરતો હતો, તેનું પરીણામ એ થયું કે તેણે પ્રથમની લઢાઇમા પૃથીરાજ ચહુઆણના બાપ સોમેશ્વરને હરાવીને માર્યો, પણ તેના દીકરા પૃથીરાજની સાથેની લઢાઇમાં પોતાને ભારે હાર ખાવી પડી.

તેવીજ રીતે શાહબુદ્દીન ગોરીને પ્રથમની લઢાઈમા હરાવ્યો પરતુ બીજી લ-ઢાઇમાં તેના વજીર કુતબુદ્દીનથી હારવું પડયુ. આ રીતે પારકાં રાજ્યોથી પો-તાનુ અપમાન થયું એટલુંજ નહીં પણ એ પ્રસગનો લાભ લેઇ તેના સરદારો પણ પોતાનાથી ફાવતો મુલક દબાવી પડવા ચુકયા નહીં. લઢાઇના કામમાંથી તે બરોબર પરવારી શકતો નહીં, જેથી તેનાથી રાજ કાજમાં લક્ષ અપાતું નહી, તેથી રૈયત ઘણી હેરાન થતી. તેના અનીતીમાન કારભારીઓ જુલમ કરી રૈય-તના ધિક્કારને પાત્ર થતા, તેમજ તેના મડળીક રાજાઓ મુલક દબાવી તેનો હમેશને વાસ્તે પોતાનો કબજો કરવાને ચુકતા નહીં. આથી દેશમાં ઘણો ગર-બડાટ વધી ગયો ને પાડોશના રાજાઓ પણ ધીમે ધીમે મુલક બથાવી પડવા મડ્યા.

રાજાને ભરત્રાના ખડાણી રૂપી કરના વાસ્તે કારભારીઓના જુલમથી મ-ડળીક રાજાઓએ તથા સરદારોએ મુલક દબાવી પોતાનો કરવાથી રૈયત છેક ગભરાઇ ગઇ, ને રાજા છતા અરાજા જેવી બની ગઈ. આ જોઇ રાજ્યના શૂરા, પરાક્રમી ને નીમકહલાલ સામત અરણોરાજ જે રાજાનો નજીકનો ભાયાતજ હતો તેને ઘણુ ખોટુ લાગ્યું. અને પોતાના પરાક્રમી પૂર્વજોએ મહા મહેનતે સપાદન કરેલી પૃથ્વીને આવી રીતે ભેળાતી જોઇને તેનાથી સહન થઈ શકયું નહીં. તેથી તેણે પોતાની રાજધાની પોતાના પિતા ધવળદેવના નામ ઉપર-થી વશેલા ધોળકા શહેરમા કરી ફોજનો જમાવ કરી મડળીક રાજાઓને વશ કરવાનુ કામ આરભ્યું. તે ઘણો આગ્રહી ને હિમતવાન હોવાથી તેણે ઘણી બા-હાદુરી કરી પોતાના કામમા ઘણો યશ મેળવીને કેટલોક મુલક હસ્તગત કરી લીધો ને ધવળપુરમા નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યો. અરણોરાજ પછી તેના પ-રાક્રમી પુત્ર લવણપ્રસાદે પણ પોતાની રીતી મુજબ યુદ્ધમાજ કાળ નિર્ગમન કરી પોતાના વડીલોએ મહાશ્રમે મેળવેલી અને ભીમદેવના વખતમા વેરાઇ જવી પોતાની ગુર્જર ભૂમી પાછી ઘેર લાવવાનો ઉદ્યોગ જારી રાખ્યો. તેનો કુમાર વીરધવળ થયો તે પણ પોતાના પિતાના જેવો શૂરો હિમતવાન અને સાહસીક પુરૂષ હતો જેથી તેણે આખો ગુર્જર દેશ પોતાને તાબે કરી લીધો એમ આપણે જોઇશું.

એક વખત લવણપ્રસાદ રાત્રે પોઢયો હતો, ત્યાં તેને એક માંગળીક સ્વપ્ન થયું. સવારમા ઉઠી તેણે પોતાના કુમાર વીરધવળને તે સ્વપ્નની હ-કીકત કહી, ને તેના પરીણામ વાસ્તે પોતાના રાજ પુરોહીત સોમેશ્વરને બો-લાવવાની આજ્ઞા કરી. જે ઉપરથી વીરધવળે સોમેશ્વરને તેડાવ્યા. તેમને આદ-

સ્માન સહિત આસન આપી પૂજા અર્ચન કરી રાજાએ પોતાને રાત્રીમાં આવેલા સ્વપ્નની હકીકત કહેવા માંડી ને કહ્યું કે હે ગુરૂરાજ સ્વપ્નમાં શ્રી શકર કૈલાસપતિની પૂજા કરવા સારૂ હું જાણે કૈલાસ પર્વત ઉપર ચઢયો, તો તે પવિત્ર ડુંગરને ઘણો સુશોભીત જોયો, તે પર્વતની સુંદર રચના નિહાળતો નિહાળતો હુ શ્રી શંકરના ધામમા પહોચ્યો, તો વેદીકા ઉપર પાર્વતી સહવર્તમાન શ્રી શકર બીરાજમાન થએલા મેં જોયા. તેમની ઉગ્ર કાન્તિ જોઈ હું બહુ આનદ પામ્યો. તેમણે કોપીન ધારણ કર્યું હતું, માથે મોટી જટા વિંટાએલી હતી, ને ડોકમાં શુરા ક્ષત્રીઓ જેઓ યુદ્ધમાં પૂર્ણ પરાક્રમ કરી સ્વર્ગમાં અપ્સરાઓને વરેલા છે, તેઓના સ્મરણ સારૂ તેઓના ડોકાઓથી સુશોભીત થએલી એવી રૂંઢમાળા ધારણ કરી હતી, તેમજ નાગના અલંકાર આખે શરીરે ધારણ કર્યા હતા ને સર્વાંગે વિભૂતી ચોળેલી છે; જેમને જમણે પડખે હીમાચળની પુત્રી જગતજનેતા સાક્ષાત જગદબા દુર્ગા બિરાજમાન થએલા છે ને જટામાં ગંગાજી ધારણ કરેલા છે, આવી રીતે અલૌકીક શકરના દર્શન કર્યાં. સમીપમાં નદીને બેઠેલો જોયો, પાસે તેમના પાર્ષદો પોતાના સ્વામીની આજ્ઞા બજાવી રહ્યા છે આ પ્રમાણે જોઈ હુ મારા અતઃકરણમા બહુ આનદ પામ્યો, ને શકરને સાષ્ટાગ દડવત પ્રણામ કરી યથાવિધિ પૂજન કર્યું, ને ચદન પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, આરતી વિગેરે ઉતારી પાસેના માનસરોવરમાથી સુદર ધોળા કમળો લાવી તેમના મુસ્તકે ચઢાવ્યા. આ પ્રમાણે પૂજા કરી રહ્યા પછી ત્યાથી જરા દુર જઇ એકાગ્ર ચિત્તથી હુ શકરની સમાધી મુદ્રા કરતો હતો, તેવામા એક સુંદર સ્ત્રી ઉભેલી મેં જોઇ. તેણે સુદર શ્વેત વસ્ત્ર ધારણ કરેલા હતા. તેનું સુદર મુખ શરદ રૂતુની પૂર્ણીમાના ચદ્ર જેવુ પ્રકાશમાન થઈ રહ્યું હતું, તેની કોટમાં સુદર ધોળા પુષ્પની માળા શોભી રહી હતી, ને તેના આખે અગે સુવાસીત ધોળા ચદનનો લેપ કરેલો હતો. આવી સુદર સ્ત્રીને જોઈ હુ વિસ્મય પામ્યો ને પૂર્ણ આનંદ પામી આશ્ચર્યતાથી કેટલીકવાર તેના સામું જોઈ રહી મેં તેને પુછયું કે આપ કોણ છો? ને આ પવિત્ર શ્રી શકરના ધામમા કેમ પધાર્યા છો? તેણે મારા મુખ સામુ જોઈ આનંદથી મુખ મલકાવીને કહ્યુ કે હે પ્રતાપી રાજપુત્ર હુ શત્રુ રાજાઓથી પીડાએલી ગુર્જર દેશની રાજલક્ષ્મી છું. પૂર્વે થઈ ગયેલા તમારા પૂર્વજો જેઓ પરાક્રમી પરદુખભજન અને પરોપકારને અર્થે પોતાના પ્રાણ પાથરે તેવા રાજાઓના ભુજને વિશે હુ રહેલી હતી, ત્યારે મને પૂર્ણ હર્ષ થતો હતો, પણ કાળના નિયમ પ્રમાણે જગતની ઘટમાળ ફર્યા કરે છે તે યોગ મુજબ તેઓ તો સર્વે સ્વર્ગે પધાર્યા. હમણા જે ગુર્જર ગાદી ઉપર રાજા છે તે ભોળો છે, પોતાના જૈન મત્રીની સલાહ પ્રમાણે ચાલી વગર વિ-

ચાર્યાં કામ કરી મને ખુવાર કરે છે, વળી તેનાથી દેશનું રક્ષણ થતું નથી જેથી તેના મત્રીઓ અને માંડળીક રાજાઓ પૃથ્વી દબાવી પડયા છે, તેમજ કેટલીક પૃથ્વી પરદેશી રાજાઓ દબાવી પડયા છે. તે રૈયત ઉપર ઘણા પ્રકારના કર નાંખી અતિશય જુલમ કરી રૈયતને ત્રાહે ત્રાહે પોકરાવે છે, તેમનાથી તે પ્રજા પણ કટાળી ગઈ છે, ને તેવા માંડળીક રાજાઓને જીતી તેઓએ કબજે કરેલી ભૂમી પોતાના રાજ્યમા મેળવી શકે તેટલું ભીમદેવથી બની શકે તેમ નથી. તેમજ હાલમાં આખા ચાલુકય વંશમા તારા જેવો પરાક્રમી શૂરવીર ને હિંમતવાન કોઈ બીજો પુરૂષ નથી કે જે પોતાના પૂર્વજોની માનીતી પૃથ્વીની ઘટતી સંભાળ લેઈ શકે. તારા જેવો કોઇ હોંશી નથી કે ચાલુક્ય વંશના જવા બેઠેલા નામને પૂર્ણ કીર્તિ અપાવે. ચાલુકય વશના સારા રાજા વિના તમારાજ માણસોએ અને પારકા રાજ્યવાળા દુષ્મનોએ તેમજ મડળીક રાજાઓએ પણ મારી માઠી વલે કરી છે. જે જગોએ પ્રતાપી સૂર્યવશી ભુવડ રાજાના વંશના મૂળરાજે મહા શ્રમે મેળવેલા ગુર્જર દેશના ચાલુકય રાજાઓ પૂર્ણ પરાક્રમ સાથે કીર્તિધ્વજ ઉડાડતા, ને જયજયના ડકાના અવાજ સંભળાતા તેજ સ્થળ હવે ભયાનક લાગી વનપશુના અવાજ સભળાવા લાગ્યા છે. આથી હુ પૂર્ણ શોકમા લીન થઇ ગઇછુ, ને તને વિનતી કરૂંછુ કે હે પરાક્રમી રાજા તું અને તારો પુત્ર વીરધવળ મળીને તે જીતો, તેમા પ્રભુ તમને યશ આપશે. તમો પરાક્રમી છો જેથી પરમાત્મા તમને નક્કી સહાય થશે, આવું બોલી તેણે પોતાના હાથમાની શ્વેત પુષ્પમાળા મારી ડોકમા નાખી તે પછી તે તુર્ત્ત અતર્ધ્યાન થઈ ગઈ. આ બનાવ બન્યા પછી હુ ઝટ જાગ્યો. આ સ્વપ્ન શું દેખાડે છે તે કૃપા કરીને અમને કહો.

સોમેશ્વર પુરોહીતે કેટલીક વાર વિચાર કરીને કહ્યું કે આ સ્વપ્નુ ઘણું માંગળીક છે, ને તે ઘણાજ ઉત્તમ શુકન દેખાડે છે. એ સ્વપ્નથી એમ જણાય છે કે તમો પિતા તથા પુત્ર વિજય યાત્રા કરો તેમાં તમને સંપૂર્ણ યશ મળશે, ને તમારા પૂર્વજોની રાજગાદી તમોને મળશે. તમારા શત્રુઓનું તેજ તમારા આગળ મદ પડશે, માટે તમે સત્વર આ કામમાં લક્ષ આપો. વળી મારે એક વિનતી કરવાની કે આપના હાલ જે મત્રીઓ છે તેમનાથી આ મહાભારત કામ બની શકે તેમ નથી ને તેમની સહાયતાથી દેશ જીતવો મુશ્કેલ છે, માટે આપ બીજા મંત્રીઓ રાખો. વસ્તુપાળ અને તેજપાળ નામના બે શ્રાવક વાણીયા ઘણા બુદ્ધિવાળા ને વિદ્વાન છે, તે મંડળીક નગરમાં રહે છે તે યાત્રા સારૂ ગયેલા તે હાલ આપણા નગરમાં આવ્યા છે, માટે તેમને તેડાવી મત્રી સ્થાને રાખશો તો તમને યશ મળશે.

આ પ્રમાણે ગુરૂનાં વચન સાંભળી કુમાર વીરધવળ તથા તેમના પિતા અર્ણોરાજ ઘણા પ્રસન્ન થયા, અને પુરોહીતને સારૂ સન્માન તથા બક્ષીસ આપી તેમને ઘેર વિદાય કયા.

આગલા રાજાઓના વખતમા ચંડપ નામે ગુર્જરનો મંત્રી હતો, તેના પુત્રનુ નામ ચંડપ્રસાદ હતું, તેનો પુત્ર સોમ થયો તે ગુર્જરપતિ પ્રસિદ્ધ સિદ્ધરાજ જયસિંહ મહારાજનો કોશાધિકારી હતો. તેનો પુત્ર અશ્વરાજ થયો; તેની સ્ત્રી કુમારદેવીને ત્રણ પુત્ર થયા. પહેલો મલ્લદેવ, બીજો વસ્તુપાળ અને ત્રીજાનું નામ તેજપાળ હતું. વચલો પુત્ર વસ્તુપાળ તે ઘણોજ બુદ્ધિમાન અને વિદ્વાન હતો. ને નાનો પુત્ર તેજપાળ તે યુદ્ધના કામમા ઘણો શૂરો હતો. એક વખત તે યાત્રા કરવા સારૂ નિકળેલા તે સૌરાષ્ટમાં યાત્રાઓ કરી ગુજરાતમા આવ્યા, તેમને વીરધવળે પોતાના પિતાના સ્વપ્નના પ્રસંગમાજ ત્યા આવેલા હોવાથી આદરમાન સહીત પોતાના દરબારમા બોલાવ્યા. તેમણે રાજાને પ્રણામ કર્યા. રાજાએ યોગ્ય સન્માન કરી તેમને બેસાડ્યા. પછી વીરધવળે કહ્યુ કે તમારી આકૃતી તમારા ઉત્તમ ગુણોને વર્ણવી આપે છે, ને તમારી નમ્રતા એ તમારા ઉત્તમ કુળની નિશાની બતાવે છે, તેમજ તમારી વાણી તમારૂં શાસ્ત્રજ્ઞપણું એટલે વિદ્વત્તા જણાવી આપે છે, તમારા જેવા સારા માણસો રાજકાજ કરવાને યોગ્ય છે. અમારા પુરોહીત સોમેશ્વરના કહેવાથી અમે તમારા ગુણ સાંભળ્યા છે. જો કે તમો ભરજુવાનીમાં છો તોપણ તમારા મુખ ઉપર કામની વિક્રિયા બીલકુલ જણાતી નથી, તેમજ ધનવંત છતાં તમારામાં જરા પણ ગર્વ જણાતો નથી. વળી નહારા માણસો સામે પણ તમે વાકુ વચન બોલો એવા જણાતા નથી. પરમેશ્વરે તમને સારા ઘડ્યા છે, ને તેથી અમો આનંદ પામીએ છીએ. અમારા પૂર્વજોની પૃથ્વી શત્રુઓના હાથમાં ગઈ છે, ને તે પાછી મેળવી અમારા બાપદાદાના નામ કીર્તિમંત કરવાં એવો અમારો વિચાર છે, માટે તમોને મંત્રી નીમવાની અમારી પિતાપુત્રની ઇચ્છા છે. સારા હોંશીયાર અને નીમકહલાલ મત્રી હોય તોજ રાજા નિશ્ચિંતપણાથી તેને ભરોસે રહી સુખે ઉંઘી શકે છે. દરેક માણસને જગતમાં લક્ષ્મી મેળવવી તે ઘણું સુલભ છે, પણ પુરૂષ રૂપી રત્ન અગર યોગ્ય માણસ મળવું ઘણુંજ દુર્લભ છે. પછી વસ્તુપાળે કહ્યુ કે ખરો સેવક તેને જાણવો કે જે પોતાના સ્વામી સાથે નિરતર હસતું વદન રાખી પ્રસન્ન વદનવડે બોલે, ને તેની સાથે તે પુણ્યવંત ને ગુણવંત હોય, તેમજ જે સેવક ઉપર રાજાની અતિશય કૃપા થઇ તેનામા સુચીતપણુ, કુલીનપણુ, ડાહાપણ ને સૌદર્ય આવે છે. મેહ વરસવાથી વૃક્ષો તથા છોડ તાજાં થઇ ફળને પામે છે, તેવીજ રીતે રાજાની કૃપા

રૂપી મેઘની ધારાથી સેવકના જ્ઞાનનો પણ ઉદય થાય છે. હવે હું આપને કાંઈ વિનંતી કરૂંછું તે ઉપર ખોટુ ન લગાડતાં પુખ્ત વિચાર ચલાવશો.

હાલમાં રાજાઓ ઘણા અવિવેકી થયા છે, તેઓ સેવકના કામની કદર જાણતા નથી. તેઓ લોભી સેવકને અધિકાર સોંપે છે, ને નઠારા સેવકની અયોગ્ય કરણીથી રૈયતને વેઠવો પડતો ત્રાસ અને પ્રજાનો નિસાસો રાજાને માથે પડે છે. જેથી તે રાજાઓના રાજ્ય લાંબી મુદત સુધી નભી શકતાં નથી. હાલના રાજાઓમાં આ મોટું દુષણ છે. કોઇ સેવક પોતાના લોભ શિવાય રાજશેવા કરતો નથી. પણ ખરો સેવક તેને જાણવો કે જે સ્વામીભક્ત હોય અને આ લોકમા નિંદા થાય તેવું કામ કરે નહીં, ન્યાયમાર્ગે ચાલે અને ખળ અને લુચ્ચા પુરૂષોને શિક્ષા કરી હમેશાં તેમનો અનાદર રાખે; વળી પોતાના સ્વામી સારૂ રાજ્ય જીતીને તેની કીર્તિ ઉજવળ દિપાવે. આ પ્રમાણે વાતચિત કરી તેણે કહ્યું કે હુ આપની આજ્ઞા માથે ચઢાવુંછું, પણ વળી નમ્રતા સાથે વિનતી કરૂંછું કે અમો હાલ મંડળીક નગરમાંથી સહકુટુંબ આવ્યા છીયે, અમારે ઘેર ત્રણ લાખની સમૃદ્ધિ છે કદાપી અમારા વિશે ઉધું સમજાવી આપને ક્રોધ ઉપજે એવી રીતે કોઇ દ્વેષી સાધન ઉત્પન્ન કરે જેથી આપની અકૃપા થાય તો અમારી પાસે જે ત્રણ લાખની સમૃદ્ધિ છે તે ખુંચી ન લેતા લેઇને જવા દેવા. અમારૂં પોતાનું જે ધન છે તે લુંટી લેવાનો વિચાર ન રાખવો. વાણીઆઓનું આવું વિવેકી ને નમ્રતા ભરેલું બોલવું સાભળી રાજા ઘણો આનંદ પામ્યો. કારણકે તેથી તેમના વિચાર પિતાપુત્ર બંને સારી રીતે સમજી શક્યા. અને તેઓને ધીરજ આપી તેમની માગણી પ્રમાણે વર્તવા કબુલ કર્યું ને તેમને મત્રી મુદ્રા પહેરાવી. પછી તેમણે દેશ જીતવાનો મનસુબો કર્યો.

પ્રથમ જે લોકો ફાટેલા હતા ને છકી જઈ ઘણા અભિમાનમાં ભરેલા હતા તેમને દડ્યા. સાત દિવસ થયા તેટલામા તો તે રાજ્યનો જુનો અધિકારી જેણે અન્યાયથી અને લોકો ઉપર જુલમ કરી ઘણું દ્રવ્ય સપાદન કર્યું હતું, ને જે ઘણોજ ઉદ્ધત અને છકેલો હતો તેનો એકવીશ લાખ દ્રામ દંડ લીધો, ને તેને પાધરો દોર કર્યો. આ પ્રમાણે દ્રવ્યની સાહિત્ય મેળવી તેનાથી ઉંટ, ઘોડા વિગેરે યુદ્ધને વાસ્તે જાનવરો રાખ્યાં, તેમજ લશકરમાં વધારો કરાવી તેજ મુજબ જરૂરી હથીઆરો સંપાદન કીધાં, ને તે સામગ્રીથી વસ્તુપાળે ધોળકા ફરતાં પાંચશે ગામના પટેલો જે ઘણા જુલમી અને છકેલા ગણાતા હતા તેમને દંડ્યા, ને લોકોને કનડી ઘણા જુના વખતથી ધનનો સંચય કરેલો તે સર્વ લુંટી લીધું. વળી વહેપારમાં છપ્પન દોઢુ છયાશી ગણી રૈયત ઉપર જુલમ કરી અ-

ન્યાયથી પૈસો મેળવી ઠગનાર વહેપારીઓને પણ મારી પેઠે દંડવા માંડ્યા. આ પ્રમાણે ન્યાયથી ચાલનાર પાસેથી નહીં પણ જેણે અન્યાયથી ઘણાં કુકર્મ કરી ખોટે માર્ગે દ્રવ્ય મેળવી સઘરી રાખેલું તે "શેઠ લડાવે પળી પળી ને રામ લડાવે કુપ્પા" કહેવત મુજબ તેજપાળે તે સર્વ લુંટી રાજ્યનો ભંડાર તર કર્યો. ને તેના સાધનથી યુદ્ધનાં ઘણાજ ઉપયોગી સાધનો મેળવવા લાગ્યો. પછી ખંભાત અને ધોળકાનું અધિપતિપણું વસ્તુપાળને સોંપી લવણપ્રસાદને ધોળકાની રાજગાદી ઉપર બેસાડી ધીરધવળ પોતાના શુરા સરદાર તેજપાળને લેઇ વિજયયાત્રા કરવા સારૂ નીકળ્યો. ને તેણે નજીકના પ્રાંતોમા ફરી અન્યાયથી લક્ષ્મી મેળવનાર અને પ્રજા ઉપર જુલમ કરનારને સારી રીતે દંડ્યા ને તે પ્રાંતોમાથી ખંડણી ઉઘરાવવા માંડી. જેમ જેમ લક્ષ્મી વધારે મળતી ગઇ તેમ તેમ વીરધવળનો લોભ વધતો ગયો, ને તેજપાળની સલાહથી સૌરાષ્ટ્ર કે જ્યાં ધનવંતા ઠાકોરો રહે છે તેમને દંડવાની ઇચ્છા કરી.

પોતાના વિજયી સૈન્ય સાથે આ બને શુરવીરો તે દેશમા ગયા. પ્રથમ તેમણે વઢવાણના રાજાને તથા ગોહેલવાડના રાજાને નમાવી તેમની પાસેથી ખંડણી મેળવી. પછી તેઓ વામનસ્થળીમા ગયા. ત્યા વીરધવળના બે સાળા સાગણ અને ચામુંડ નામે રાજ કરતા હતા તેમની ઉપર પોતે પ્રથમ ચઢાઇ ન કરતાં તેઓ પોતાનું ઉપરીપણુ કબુલ રાખે તો સારૂં એવા વિચારથી તેની સાથે વીષ્ટી કરવા સારૂ પોતાની રાણી જયતલદેવી જે તેમની બેન હતી તેને મોકલી. તેણે પોતાના ભાઇઓને કહ્યુ કે મારો સ્વામી વિજયી છે, તે ગુજરાતના ઘણા રાજાઓને જીતી ખંડણી ઉઘરાવતો તમારી પાસે આવ્યો છે, તે બહુ જોરાવર અને અજીત છે ને તેના સામો થનાર તેનાથી જય મેળવી શકતો નથી, કારણ તેનો સેનાપતિ પણ ઘણો ચતુર ને ખગરનાર છે તે અદંડને દંડે અને અનમીને નમાવે તથા અભગ્નનો નાશ કરાવે તેવો છે. માટે તમો તેમને મળીને રાજી કરો; નહીં તો તમારા રાજ્યને પાયમાલ કરશે. તેના મદોન્મત ભાઇઓને તેમની બેને દીધેલી શિખામણ પસંદ આવી નહીં. તેમણે તેને કહ્યું કે તારા અંતઃકરણમા કદાપી એમ ધારણા હશે કે મારો પતિ મારા ભાઇઓ સાથે લઢાઇમા લઢતા કદાપી ગુજરે તો પછી હુ વિધવા થાઉં અને ઘણું દુખ પામું. પણ તેની તું લેશ માત્ર ફીકર કરીશ નહીં. તારા પતિને અમે યુદ્ધમાં હણીને પિતા જેવી રીતે લાડમાં તને રાખતા તેવીજ રીતે અમો પાળીશું. માટે તે વાતનો તારે શોક કરવો નહીં. જયતલદેવીએ પોતાના ભાઇઓને કહ્યું કે હું મારા પતિના મરણના ડરની બીકથી તમારી પાસે સંધી કરવા સારૂ આવી નથી, પણ તમારા મરણથી મારા પિતાના વંશનો ઉચ્છેદ

થશે તે ભયથી સંધી કરવા સારૂ આવીછું. મારો સ્વામી આ પૃથ્વી ઉપર એક વીર જેવો છે, તેનો ઉપરવટ નામે ઘોડો સૂર્યના સપ્તમુખી ઘોડાને અગર ઇદ્રના ઉચ્ચિશ્રવા નામના અશ્વના વેગને હઠાવે તેવો છે, તેના ઉપર તે સ્વાર થાય છે. મારો સ્વામી રામચંદ્રના જેવો બાણાવળી છે જેમ સત્ય બોલનાર સત્યવાદી પુરૂષનું વચન ખાલી જતું નથી, તેમજ તેણે છોડેલું બાણ નકામું જતું નથી. તે ખડકનો ખેલ કરી જાણે છે. ને તેના દુશ્મનોને તે યમપુરીના રાજા જેવો છે. જેણે પારકી શક્તિ જોઇ નથી તે પોતાને બળવાન સમજે છે, તેનું પરિણામ આખરે બળદના જેવડા થવા સારૂ દેડકીએ પોતાનું પેટ ફુલાવ્યું, જેથી આખરે મરી ગઇ તોપણ બળદના જેવડુ થવાયું નહીં, તેના જેવું આપ કરોછો. આ વિગેરે જયતલદેવીએ પોતાના ભાઇઓને ઘણોજ બોધ કર્યો, પણ અભિમાનમા અંધ થએલા તેના ભાઇઓએ માન્યું નહીં. થાકીને તેણે પોતાના પતિ પાસે જઇને સર્વે હકીકત જાહેર કરી. પછી વીરધવળે પોતાના સાળાઓ સાથે યુદ્ધ આરભ્યું. આકાશમા સૂર્યનારાયણ યુદ્ધમા ઘોડેસ્વારોની વાગતી પડઘીઓના સપાટાથી ઉડતી ધુળના આચ્છાદનથી ઢંકાઇ ગયો, બંને પક્ષના હજારો યોદ્ધા મરાયા, અને વઢતાં વઢતા બને લશ્કરો એટલા પાસે પાસે આવી ગયા કે એક બીજાના યોદ્ધા શેળભેળ થઇ ગયા. મારો મારો એવા અવાજ ચારે મેરથી સંભળાવા લાગ્યા ને શૂરવીરની પણ છાતી ફાટી જાય એવું પૂર્ણ જોશથી યુદ્ધ ચાલ્યું. એવામા વીરધવળ હણાયો એવી ખોટી બૂમ બને લશ્કરમાં ચાલી આથી વાઘેલા યોદ્ધા નિરાશ થતા હતા, તેવામાં વીરધવળ પોતે ઉચ્ચિશ્રવા સમા પોતાના ઉપરવટ નામના ઘોડા ઉપર બિરાજેલો ને જે અત્યારસુધી લશ્કરમા બાણોના વરસાદમા ઢંકાઈ શત્રુઓ ઉપર ભારે શૌર્યથી બાણવૃષ્ટી કરતો હતો તે આગળ આવ્યો. આથી તેના શુરવીર યોદ્ધાઓને નવું શૌર્ય આવ્યુ, ને બમણા જુસ્સાથી દુશ્મનો ઉપર તુટી પડયા. વીરધવળે પોતાનો ઘોડો પૂર્ણ વેગથી ચલાવી પોતાના સાળાની સમીપ લાવી તેમને કહ્યુ કે તમે સમજો. મારા પોતાના અંતરના સગા છો જેથી સમજીને તાબે થાઓ તો વધારે સારૂં. જેમાં તમારી અને મારી બંનેની આબરૂને અને મહત્તા છે. નહીં તો પછી લાચારીથી છેલ્લો ઉપાય લેવો પડશે. તમારામાં જો ઘણું શૌર્ય હોય તો સામા થાઓ. આ પ્રમાણે તેણે તેમને ઘણોજ બોધ કર્યો, પણ જેનું બગડવાનું સર્જીત થએલું છે તેઓને બોધ લાગતો નથી. ને બીજાઓ ગમે તેટલી શીખામણ દે તોપણ સીધો રસ્તો સુઝતો નથી. જુઓ કે લંકાપતિરાવણનું મોત શ્રી રાંમચંદ્રને હાથે હોવાનું તથા લંકાનું રાજ્ય ગુમાવવાનું તેના નશીબમાં લખાએલું હતું, તો તેને મંદોદરી જેવી પોતાની સતી નારીની તથા વિભીષણ જેવા જ્ઞાની બધુની તથા અંગદ જેવા પરાક્રમી

સલાહકારની સલાહ ગોઠી નહીં પણ ઘણીજ તુચ્છ લાગી. તેવીજ રીતે આ બંને ભાગ્યહીન ભાઇઓને થયુ. તેમણે વીરધવળની શીખામણ માની નહીં, અને બંને યુદ્ધમાં મરાણા. પછી વીરધવળ વામનસ્થળીમાં પેઠો ને પોતાના સાળાઓનો સાચવેલો દ્રવ્ય ભંડાર ઉઘાડી તેમાંથી કોટી ધન લીધું, ૧૪૦૦ ઘોડા લીધા, ને વળી મણી મુક્તાદીક રત્નો પણ લીધાં. પછી જયનાં વાજાં વગડાવી નગરનું રાજ્ય પોતાના સાળાના દીકરાઓને સોંપી તેઓને પોતાના ખંડીયા રાજા બનાવી પરાક્રમી યોદ્ધાઓને ગ્રાસ બાંધી આપી, વીરધવળ પોતાના મત્રી સહીત બેટ નગરમાં ગયા. ત્યાંના રાજાને પણ તાબેદાર ઠરાવી પુષ્કળ દ્રવ્ય લેઇ પૂર્ણ જય સાથે પોતાના રાજ્ય ધોળકામાં આવ્યો. ।

જાબાલીપુરમાં ઉદયાસંહજી રાવળ નામે રાજ કરતો હતો, તેને સામતસિંહ, અનંગપાળ, ને ત્રીલોકપાળ આ નામે ત્રણ ભાઇઓ હતા. તેમને પોતાના મોટા ભાઇએ આપેલા ગરાસથી સતોષ થયો નહીં, જેથી નોકરી સારૂ નીકળ્યા તે વીરધવળના દરબારમાં આવી પ્રતીહાર પાસે રાજાને કહેવરાવ્યું કે અમો ત્રણ રાજપુત્રો સેવા સારૂ આવ્યા છીયે માટે આપની મરજી હોય તો હજુરમા આવીએ. વીરધવળે તેમને પોતાની પાસે બોલાવી આદરમાન સહીત બેસાડ્યા. તેઓ ઘણા રૂપાળા અને શૂરા ક્ષત્રી હતા. રાજાએ તેમને સેવાના પગાર સંબધી પુછતા દરેક જણે લાખ દ્રામ માગ્યા. આ રકમ રાજાને ઘણીજ ભારે લાગી, તેથી વિચાર્યું કે તેટલી રકમમાં સો યોદ્ધાનું ખર્ચ નીભાવાય. જેથી તેટલો બધો પગાર આપવાની વીરધવળની મરજી થઇ નહીં, જેથી તે વખતે મત્રી વસ્તુપાળ તથા તેજપાળે રાજાને શિખામણ દીધી કે આ માણસો (ત્રણ યોદ્ધાઓ) શૂરા છે, અને તેમને રાજ્યમા રાખવા લાયક છે. કેમકે નીતિશાસ્ત્રમા કહ્યું છે કે રૂડા પુરૂષના સગ્રહથી ધનનો સગ્રહ થાય છે; આ પ્રમાણે મત્રીઓએ સારી રીતે કહ્યુ, પણ તે વાત વીરધવળને પસદ પડી નહીં, જેથી તેણે તે સામતોને પાનના બીડા આપી વિદાય કર્યા.

આ સામતો ત્યાથી નીકળી સમુદ્રત્રટે ભદ્રેસરમાં ભીમસિહ પઢીઆર નામે રાજા રાજ કરતો હતો ત્યા ગયા. આ રાજા ઘણો બળીઓ અને ધનવાન હતો જેથી તે કોઇની આણ માનતો નહોતો, તેણે તેમની હકીકત સાભળીને રાજી થઇ તેમણે માગેલા મુસારાથી બમણી નીમનોક કરી આપી પોતાના રાજ્યમા રાખ્યા. આ ભીમસિહ પરમારને વીરધવળે પોતાના આશ્રિત થઇ તાબે રહેવા બારોટ સાથે કહાવ્યું. તેના જવાબમાં તેણે વીરધવળને પોતાના આશ્રિત થવા કહાવ્યું. આથી વીરધવળને ઘણો ક્રોધ ચઢયો, ને તેણે તેના ઉપર ચઢાઇ કરવા સારૂ ગુર્જર સેન્યા ભેગી કરી. પછી તેણે ભીમસિંહને ક-

કેહેવરાવ્યું કે પંચગ્રામ આગળ લઢવું છે, માટે તમારી સૈન્યા લેઇ તમારે ત્યાં આવવું. તે પ્રમાણે ભીમસિંહ પણ પોતાના સૈન્ય સાથે ત્યાં આવ્યો. યુદ્ધ થવા લાગ્યું. શૂરા ક્ષત્રીઓ સિંહનાદ કરવા લાગ્યા. અપ્સરા(વારાંગના)ઓ નૃત્ય કરવા લાગી ને યાચકોને પુષ્કળ ધન બને રાજાઓ તરફથી અપાવા માડ્યું. આ પ્રમાણે ત્રણ દિવસ સુધી યુદ્ધ ચાલ્યુ. યુદ્ધનો એક દિવસ બાકી રહ્યો ત્યારે વસ્તુપાળ તેજપાળે રાજાને કહ્યુ કે જે ત્રણ મારવાડી સામતો આપણે ત્યા નોકરી રહેવા આવ્યા હતા, અને આપણે નાણાના લોભીઆ બની ન રાખતાં વિદાય કર્યા તેમને આ ભીમસિંહે તેમના માગવાથી બમણો દરમાયો કરી આપીને પોતાની નોકરીમા રાખ્યા છે. આ સાભળી વીરધવળને ઘણો પશ્ચાત્તાપ થયો અને બોલ્યો કે જે થવાકાળ હતું તે બન્યુ હવે તેમા આપણો ઉપાય નથી. યુદ્ધમા ક્ષત્રીઓ જય થાય કે મરણ થાય તેની થોડી દરકાર રાખે છે. જીવીને જશ મેળવે તો જગતમા કીર્ત્તિ વધે છે. યુદ્ધમા મરી જાય તો સ્વર્ગની અને અપ્સરાની પ્રાપ્તી થાય છે, જેથી તેઓને તો બને રીતે લાભકારક છે. માટે તે વાતનો બીલકુલ ઉચાટ ન કરતા યુદ્ધમા મડ્યા રહી શત્રુનો પરાભવ થાય તેમ કરવું એજ આપણી મહત્તા છે. આ પ્રમાણે વાતચીત કરે છે એવામાં દ્વારપાળે આવી જાહેર કર્યું કે બહાર કોઇ અનુચર આવી ઉભો છે, ને તે આપની પાસે આવવાની મરજી જણાવે છે. તેને બોલાવી રાણાએ તેને આવવાનું કારણ પુછ્યુ તો તેણે કહ્યુ જે ત્રણ મારવાડી સામતો સામતસિંહ, અનંગપાળ અને ત્રીલોકપાળ આપના દરબારમાં નોકર રહેવા આવેલા ને આપે તેમના મોટા દરમાયા જાણી નહીં રાખેલા તેઓ હાલ ભીમસિંહને ત્યાં નોકર છે, તેમના મોકલવાથી હુ આપની પાસે આવ્યોછું. તેમણે આપને કહેવરાવ્યું છે કે અમો ત્રણે તમારી સાથે લઢવાના છીએ. માટે આપ તૈયાર થઇને કાલે યુદ્ધમાં આવજો. આ પ્રમાણે કહીને તે ગયો.

સવારના પોહોરમાં ક્ષત્રી યોદ્ધાઓ પોત પોતાનાં આયુદ્ધ બખતર સજી તૈયાર થયા ને માગણોને દાન આપવા માંડયું. આ વખતે પેલા મારવાડી યોદ્ધાઓએ પોતાના એક વરસનો ત્રણ ગણો ગ્રાસ રાજા પાસેથી ચુકાવી લેઇ યાચકોને આપી દેઈ પોતાનું પરમાર્થપણું ને ઉદારવૃત્તી પ્રસિદ્ધ કરી. તે પછી કવચ આયુદ્ધ ધારણ કરી પોતાના અશ્વો ઉપર બેશી રણસંગ્રામમાં આવ્યા. આયુદ્ધો ખખડવા લાગ્યાં ને યુદ્ધનો ઝપાટો ખરા જોસ્સાથી ચાલ્યો. વીરધવળે ઘણી સાવધાનીથી યુદ્ધ કરવા માંડયુ. ને તેના મંત્રીઓ તેના રક્ષણની તજવીજ રાખતા, તે પણ યુદ્ધમાં ઝંપલાવી પડયા. આ વખતે દુશ્મન પક્ષ તરફથી પેલા ત્રણ મારવાડી સામંતોએ ઘણું જોર કર્યું, ને પૂર્ણ પરાક્રમથી વીરધવળની સૈન્યાને ઘણી હાની પહોચાડી. તે તથા વીરધવળ સામ સામી થઇ ગયા ને

તેમા વીરધવળ રાણો બાણુ લાગવાથી ઘોડા ઉપરથી મુર્છિત થઇને પડ્યા, એટલે પેલા સામતો તેના ઉપરવટ નામના ઘોડાને લેઈ પોતાના સૈન્યમાં જતા રહ્યા ને ઘોઠાને છાનો રાખ્યો.

વીરધવળ પડયો એવા સમાચાર ફેલાવવાથી ને સાયંકાળ થઇ જવાથી યુદ્ધ બધ રહ્યુ. રાત્રે ભીમસિહના માણુસો પોતાના રાજા પાસે જઇ બડાઇ હાકવા લાગ્યા કે વીરધવળને અમે પાડયો, પણ તેની વિશેષ સાબીતી તેઓમાથી કોઇ આપી શકયા નહીં. ને આ ત્રણ મારવાડીઓએ ઉપરવટ ઘોડો દેખાડયો. તેથી તેઓએ પરાક્રમ કર્યાની વાત સિદ્ધ થઇ તેથી રાજા ભીમસિહે તેમના ઉપર પ્રસન્ન થઇ ઘણો શીરપાવ આપ્યો. બીજે દીવસે વીરધવળ એટલો ઘાયલ થએલો હોવા છતા બેશીને સોગટાબાજી રમવા લાગ્યો. આ બીના ભીમસિહના અનુચરે તેને કહી. સધી કરવાની વિશિટ ચાલી પણ કોઇએ માની નહીં. ફરી યુદ્ધ લાબુ ચાલત પણ બીજા રાજાઓએ મધ્યસ્થ થઈ યુદ્ધની સમાધાની કરાવી. ઉપરવટ ઘોડો ભીમસિહે વીરધવળને પાછો આપ્યો. ને વીરધવળે ભદ્રેશ્વરની ભૂમી તેના કબજામા રહેવા દીધી, પણ તેને મડળીક રાજા ગણવા સરખુ થયુ. પછી વીરધવળ માગણોને દાનથી રાજી કરતો પુરો યશ પ્રાપ્ત કર્યા વિના રાજધાનીમા આવ્યો. ને તે ખટકો તેના અતઃકરણમાથી ખશ્યો નહીં, જેથી કેટલીક મુદત પછી તે રાજાનુ રાજ્ય તેણે જીતી લેઇ સંપૂર્ણ રીતે તે રાજ્યમા પોતાની આણ વર્ત્તાવી. ને પોતાના મનને શાન્ત કર્યુ.

લઘુ ભીમ રાજાના વખતમા જે મંડળીક રાજાઓ સ્વતત્રપણાનો લાભ લેઈ તેને ગાઠતા નહોતા તે બધાને તેણે પોતાના આયુદ્ધના જોરથી વશ કર્યા. ઘણા મડળીક રાજાઓ યુદ્ધ કર્યા વિના ધન આપીને તેને નમ્યા. વીરધવલે આ પ્રમાણે ઘણો ધનનો સગ્રહ કર્યો ને તેના સાધનથી ઘણુ મોટુ લશકર તથા તેને જોઇતા સાધનો તૈયાર કર્યાં. મોટા ઊચા કુળના ૧૪૦૦ રાજવશી ક્ષત્રીઓને તેણે પોતાની હજુરમા રાખ્યા, ને તેઓ તેના અગરક્ષક વજ્ર સમાન જોરવાળા હતા. તેઓને વીરધવળ પોતાની પાસેજ રાખતો અને જમાઠતો પણ પોતાની સાથેજ હતો. ને વારે વારે તેઓને જોઇતા સાધનો આપી તેમજ સરપાવ અને યોગ્યતા પ્રમાણે વસ્ત્ર તથા વાહનો આપીને રાજી રાખતો, જેથી તે કદી યુદ્ધમા પાછી પાની કરતા નહી. એ રાજવશીઓના બળથી, પોતાના સૈન્યના શૌર્યથી ને પોતાના બાહુબળથી તેણે ઘણા બળીઆઓને વશ કર્યા. સેનાપતિનુ તમામ કામકાજ તેણે તેજપાળને સોંપ્યું હતું.

તેણે ૧૪૦૦ રજપુતો લેઈ મહી નદીના કાંઠા ઉપર આવેલા ગોધરા દેશ ઉપર ચઢાઇ કરી જેની હકીકત નીચે પ્રમાણે છે.

ગોધરામા તે વખતે ઘુંઘલ નામે રાજા રાજ્ય કરતો હતો તે ઘણોજ જુલમી હતો. પોતાની રૈયતને પીડતો એટલુંજ નહીં પણ પોતાના દેશમાં જે યાત્રાળુઓ યાત્રા કરવા સારૂ ફરતા હોય તેઓને પણ તે લુંટયા શિવાય રહેતો નહીં, જેથી તેનો ત્રાસ ચોગરદમ ફેલાયો ને તેના રાજ્યતરફ પરાયા માણસોને જવું મુશ્કેલ થઇ પડતું હતું, આ વાત જ્યારે વીરધવળના જાણુ-વામાં આવી, ત્યારે તેણે એક ભાટ સાથે શિખામણના વચનો કહાવી તેમ ન થવા સારૂ બોધ કર્યો. ને કહેવરાવ્યુ કે તમો સમજશો તો સારૂં છે નહીંતો જેવા બીજા રાજાના હાલ થાય છે તેવાજ તમારા થશે. આ પ્રમાણે વીરધ-વળનો સંદેશો ભાટના મુખેથી સાભળી તે ઘણોજ ક્રોધાયમાન થયો ને તેના આવેશમાં પોતાનો ભાટ વીરધવળ રાજાના દરબારમાં કાજળની ડાબલી અને સાડી આપીને મોકલ્યો ને વીરધવળને કહેવરાવ્યું કે દરેક રાજાને હુ તો આ સાડી પહરી આખમા કાજળ આજેલી સુંદરીઓના જેવાજ ગણું છું, મારા સ-માન કોઇ શુરવીર ક્ષત્રી આખા ભરતખડમા નથી; આ પ્રમાણે તેણે કહેવ-રાવ્યુ. વીરધવળ ઘણોજ નમ્ર ને ઠરેલ ગંભીર સ્વભાવનો હતો, તેથી ભાટ ઉપર ગુસ્સે ન થતા તેને યોગ્ય સન્માન આપી વિદાય કર્યો. પછી પોતાના રાજ-મ ડળને તથા શૂરા ક્ષત્રીઓને બોલાવી ઘુઘલ રાજા સૌ ક્ષત્રીઓને સ્ત્રી સમાન ગણી પોતાના મનમા ઘણો અહમેવ ધારે છે, માટે તેને વશ કરવાને શું કરવું તે બાબતનો તેમનો અભિપ્રાય માગ્યો, આ ઉપરથી સર્વે મડળે એક મત થઇ તેને જીતી લેવાનો વિચાર જણાવ્યો. જેથી તેજપાળના ઉપરીપણા નીચે ૧૪૦૦ શૂરા યોદ્ધાઓ સહિત ગોધરા ઉપર મોકલવા એક મોટુ સૈન્ય તૈયાર કરી વિદાય કર્યું. તેણે પ્રથમ પોતાના સૈન્યનો ઘણો ભાગ છાનો રાખી થોડી ફોજ મોકલી ગોધરાની ગાયો વળાવી. આથી નગરમા હાહાકાર વર્તાયો ને ગોવાળો ત્રાસ ભરેલી બૂમો મારતા રાજા આગળ હકીકત જાહેર કરવા સારૂ ગયા. આથી રાજા પોતાના સૈન્ય સહિત યુદ્ધ કરવા સારૂ અને ગાયોને પાછી વાળવા સત્વર નીકળ્યો.

શાસ્ત્રમાં કહ્યું છે કે વૃત્તિ છેદ થતી હોય, દ્વિજનું મરણ થતું હોય, રા-જાને પકડયો હોય, ગાયોને પકડી હોય, કોઇ શરણાંગતને ઉગારવો હોય, સ્ત્રી જાતીનું હરણ થયું હોય, મિત્રને માથે આવેલી આફતો મટાડવી હોય તો તેઓના આત્માનું રક્ષણ કરવું એવા શસ્ત્રધારીઓનો ધર્મ છે. તે ધર્મ તજીને

જે શસ્ત્રધારી હથીઆર ન પકડે તો તેનું મુખ જોઇને સૂર્ય પણ અપવિત્ર થાય છે; ને પવિત્ર થવા સારૂ બીજા સૂર્યને ખોળે છે.

પછી તે ધુંધળ પોતાની બળવાન સૈન્યા સાથે ગાયો પાછી વાળવાને ચાલ્યો. તેને માન શુકન થવા લાગ્યા. ગાયોના પગલે પગલે તે તેજપાળના સૈન્ય સમીપ આવી પહોચ્યો ને તેણે વાઘેલાના સૈન્ય ઉપર બાણોનો વરસાદ વરસાવી મુકયો. પછી તેજપાળ ઉઘાડો પડયો; તે જાણી તેણે ઘણોજ જોશ પોતાના યોદ્ધાઓને આપ્યો, અને તેઓને ઉશ્કેરી યુદ્ધ ચલાવ્યું. ઘણા દિવસ સુધી લઢાઇ ચાલી પણ કોઇએ પાછી પાની કરી નહીં. તેણે પોતાની તમામ સૈન્યા મગાવી ઘણુંજ શર દેખાડયુ, જેથી તેજપાળ આદી ઘણા વિસ્મય પામ્યા. અને પોતાનુ સૈન્ય ઘણું નાશ પામતું જોઇને તેણે સાત પરાક્રમી સામતોને પાસે બોલાવીને કહ્યુ કે આપણે હવે કેમ કરવું? જેમ વીરધવળ લાજે નહીં તેમ કરવું. જો આપણે હારીશું તો વિરધવળના દરબારમા આપણે શું મુખ લેઇને જઇશું. આ પ્રમાણે કહી તેમને શર ચઢાવ્યું. પછી તેઓ ધુધળના સૈન્ય સાથે ઘણા જોશથી લઢયા, તેથી તેના સૈન્યના પગમા નવું જોર આવ્યું. તુમુલ યુદ્ધ થયુ; બને બાજુના લડવૈયા શેળભેળ થઇ ગયા; કોઇ પાછી પાની કરે નહીં, બાણોની વૃષ્ટીથી આકાશ આચ્છાદન થઇ ગયું; સૂર્ય ઢકાઇ ગયો. શૂરા ક્ષત્રીઓ પુર આવેશમા પોતાની આગળ પાછળ શું થાય છે તેની દરકાર કર્યા વગર મરણીયા થઇને લઢવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધ ચાલ્યું. તેજપાળ ને ધુંધલ સામ સામ આવ્યા, તે વખતે તેજપાળે તેને કહ્યુ કે મારા રાજાને સાડી અને કાજળની ડાબલી જે હાથથી મોકલી હતી તે તારા પરાક્રમી હાથનું શૌર્ય હવે અમને દેખાડ. તે સાભળી તેણે તેજપાળને કહ્યુ કે મારૂ ભૂજબળ તને દેખાડુ છુ, એમ કહી તેના ઉપર ખુબ અસ્ત્રશસ્ત્ર ફેકવા માડયા. તે જોઇ તેજપાળ તથા તેની સાથેના આઠ સામતોએ ખૂબ પરાક્રમ કરી તે ધુધલ રાજાને ઘોડા ઉપરથી પાડી નાખ્યો. પછી તેને જીવતો ઝાલી લેઇને કાષ્ટ પીંજરમાં ઘાલી પોતાના સૈન્યમા પહોચતો કર્યો, ને પોતે કેટલુંક માણસ લેઇ ગોધરામાં દાખલ થયો. અઢાર કોટી સુવર્ણ કોપ લીધો, ૪૦૦૦ ઘોડા લીધા, એક મુંડક શુદ્ધ મુક્તાફળ લીધા, દીવ્ય અસ્ત્ર, દીવ્ય વસ્ત્ર વિગેરે જે જે પોતાને ગમ્યું તે સર્વ પોતાના રાજાને ભેટ કરવા સારૂ તેણે લીધું. પછી તેની ગાદી ઉપર તેના વશના કોઇ રજપુતને જે વીરધવળની આજ્ઞામાં રહી તેનું ઉપરીપણું સ્વીકારવાને કબુલ હતો તેને બેસાડયો, ને ધુંધલના કાષ્ટ પીંજર સાથે પોતાના સૈન્ય સહવર્ત્તમાન જીતના વાજીત્ર વગડાવતો રાજધાનીમાં પોળકે આવ્યો. તેણે ધુંધળને લાવીને રાજાની સન્મુખ મુકયો, અને અઢાર કોટી સુવર્ણ કોશ

વગેરે જે જે લુંટ ત્યાંથી લાવ્યો હતો તે સર્વે રાજાની પાસે રજુ કરી ને કાજળની ઢાબલી ઘુંઘલની કોટે બાંધી ને સાડી તેને પહેરાવી. આથી તે પોતાની જીભ કરડીને મરી ગયો. ધોળકામા તેજપાળ જીતીને આવ્યાથી ઘેર ઘેર આનંદ ઉત્સવ થઈ રહ્યો. તેજપાળ વગેરે સામતો જેમણે યુદ્ધમાં ખુબ પરાક્રમ કરી ગોધરાના રાજાને હરાવ્યો હતો, તેમને સારા શીરપાવ આપીને મોટા ગ્રાસ બાંધી આપ્યા. તે વખને સોમેશ્વર પુરોહીતે કરેલા શ્લોકનો ભાવાર્થ એવો થાય છે કે દુસ્તર કાદવ અને પાણીએ ભરેલો માર્ગ છે, તેમાં વળી હજારો ખાડા છે ને ગાડામા ઘણો ભાર ભરેલો છે તેથી તેમાં ગાડું ચાલતું નથી, તે જોઇને ગાડાવાળો ખેદ પામે છે, અને કાંઠો તો ઘણો વેગળો છે; હવે હું ઉચીત જેની (અગુઠા પાસેની આગળી) કરીને કહુંછુ કે એવા સંકટમાં ધવળ વિના ભાર વહન કરવાને કોણ સમર્થ છે? અર્થાત વીરધવળ રાજાજ સંગ્રામમાં જીતવાને સમર્થ છે. આ સાભળી રાજા તથા પ્રજા ઘણા પ્રસન્ન થયાં. અને રાજાએ સોમેશ્વર પુરોહીતને ઘણું દાન આપી સતુષ્ટ કર્યો. પછી સભા વિસરજન થઈ ને સહુ લોકો આનદ સહિત પોત પોતાના મકાને ગયા.

વીરધવળે ખભાતના રક્ષણનું કામ વસ્તુપાળને સોંપ્યુ હતું. આ મંત્રી ઘણો ડાહ્યો ને વિચિક્ષણ હતો. ને જેવો તેજપાળ યુદ્ધના કામમાં શુરવીર નાયક હતો તેવોજ વસ્તુપાળ રાજ ચલાવવામા અને રાજનીતિ જાણવામા નિપુણ ગણાતો હતો. તેણે ખભાત નગરમા ઘણો સુધારો કર્યો, તેથી તેને ત્યાંની પ્રજા ઘણું માન આપતી હતી. પ્રધાનપદ ધારણ કરીને જ્યારે તે ખંભાતમાં પેઠો તે વખતે લોકોએ મોટો ઉત્સવ કર્યો, ઘેરેઘેર તોરણ બધાવ્યા ને હર્ષનાં ગીત ગાવા માડયા, અને દિવાળીના દીવસોથી અધીક આનંદનો સમય માની રમત ગમતો ચાલવા માડી. વસ્તુપાળના આગળના વખતમા જે જે મત્રીઓ થઈ ગયા તેથી ખભાતની પ્રજા બહુ દુખી હતી. તેઓ જુલ્મી લાચીઆ અને પોતાનું ઘર ભરવામા કુશળ હતા, જેથી રૈયત ઉપર ઘણા પ્રકારના કર નાખતા, તેમને લુંટતા, અને રજાડતા હતા. આથી રૈયત પણ ઘણી શોકાતુર રહેતી. તે કાળ બદલાયો અને તેમના ભાગ્યોદયમા સારૂં સુખ જોવાનું નિરમાણ થએલું જેથી વસ્તુપાળ જેવો રાજમંત્રી તેમને મળ્યો. જેથી આનદમાં જેટલો વધારે આનદ થાય તે પ્રમાણે પ્રજા તૈયાર હતી. નગરની સ્ત્રીઓ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને ગીત ગાવા લાગી,, વાજાવાળાઓ પોતાનાં વાજાંમાં મંગળીક ગાયનોની ધુન મચાવી રહ્યા. જેમ ધાન્ય સારૂં ઉગેલું હોય તો તે ખેતરને ધન્યવાદ ગણાય, જેમ જળ ભરેલું હોય તો તે સરોવરને ધન્ય કહેવા „ અને પ્રભુએ સુસંતતી આપી હોય તો તેના માતપિતાને ધન્ય ધન્ય ગણાય,

જેના ઘરમા પતિવ્રતા સ્ત્રી હોય તો તેના પતિને ધન્યવાદ અપાય, તેમજ વસ્તુપાળ મંત્રી તરીકે ખંભાતમા આવવાથી ખંભાતની પ્રજા પણ પોતાને ધનભાગ્ય માનવા લાગી. આગલા કારભારીથી કંટાળેલી પ્રજાને તેણે સુખી કરી. દુષ્ટ અધીકારીઓ રૂપી રોગ પ્રજાને નડતો હતો તે વસ્તુપાળ વૈદે નાડ પકડીને મટાડયો. તે ન્યાય પ્રમાણે પ્રજાનું પાલન કરતો, તેમજ પોતાના તાબાના સેવકોને રૈયત ઉપર જરા પણ જુલમ ન થાય તેમ કરવા ઘણી સખ્તાઈથી આજ્ઞા આપી હતી. આખા રાજ્યમાંથી ચોરી અને વ્યભીચારનુ તો તેણે મૂળથી નામ કાઢી નાખવાનો ઇરાદો કીધો હતો, ને તેટલા વાસ્તે તેનો નાશ કરવા પોતાની જાતે ઘણો શ્રમ લેતો હતો. તેના ભયથી ગુણકાઓ પણ બહુ પતિ કરી શકતી નહોતી, જેથી તેમનો ધંધો બંધ થવા લાગ્યો અને તેઓ શાન્તિથી એક પતિ સાથે ગૃહસંસાર ચલાવવા લાગી. તેના વખતમા સારા ગુણના પુરૂષોની ઉત્તમ રીતે પુજ થવા લાગી. અને પાપી, પાખંડી ને અધર્મનો અન્ત થવા લાગ્યો. ખંભાત બંદર હોવાથી કેટલાક ચાચીઆ વહાણવટીઓ નગરમાથી અને ગામડામાથી બૈરાઓને અને નાના છોકરાઓને ગમે તે પ્રકારથી પકડી લાવીને વહાણમા બેસારી તેઓને પરમુલકમા લેઈ જઈને વેચી દેતા હતા, તેને વાસ્તે તેણે સખત બંધી કરી અને તેમ કરતા તે લોકોને અટકાવ્યા.

નગરમા છાશ વેચવાનો અટકાવ તેણે કર્યો, જેથી ગરીબગુરબા આશીર્વાદ આપવા લાગ્યાં. તેના વચનો સર્વે પ્રજાને અમૃત જેવા મીઠા લાગતા હતા ને તેને રૈયત ઘણુંજ ચાહતી હતી. તે વિદ્વાન અને હોશીયાર પુરૂષોને ઘણું માન આપતો હતો. તેણે ખંભાત શહેરની સ્થિતિ ઘણા ઉત્તમ પ્રકારે સુધારી નવા નવા સુંદર ફુલોને વનસ્પતિથી સુશોભીત એવા બાગ તેણે કરાવ્યા. ઉત્તમ પ્રકારનાં સરોવર અને વાવો તેણે બંધાવી. પ્રવાશી લોકોને ઉષ્ણ કાળમાં તૃષાનું કષ્ટ સહન કરવુ ન પડે તેટલા સારૂ ઠેકાણે ઠેકાણે પાણીની પરબો મંડાવી. ખંભાતમાં એક જુદી બ્રહ્મપુરી બંધાવીને તે ઘરો વિદ્વાન અને પોતાના ધર્મમાં પરીપૂર્ણ એવા બ્રાહ્મણોને તેણે આપ્યાં. તેમા સદા શામવેદની ધુન્ય ચાલતી હતી, ને તેમની સ્ત્રીઓ વસ્તુપાળના તેમજ વીરધવળ રાજા જેણે આવો શાણો મંત્રી મોકલ્યો તેના યશનું ગાન કરતી હતી, તેણે સન્યાશીઓને સારૂ મઠ બંધાવી ત્યાં રહેવાની તથા જમવાની સગવડ કરી આપી હતી. જૈન સાધુઓ સારૂ પૌષધશાળાઓ બંધાવી. પોતે જૈન ધર્મનો ચુસ્ત વણીક હતો છતાં જૈન અને વેદ ધર્મ બન્નેને સમાન માનતો હતો એ તેની મોટાઇની નિશાની છે.

વસ્તુપાળ જેવા પુરૂષો જવલ્લેજ હોય છે કે પોતે ગમે તે ધર્મ પાળે પણ સર્વે ધર્મોને સમાન ગણે. આ પ્રમાણે ગુણનો હોવાથી સર્વે વિદ્વાનોએ

તેને મધ્યસ્થ ગણ્યો હતો. કેટલાક અધિકારીઓ લોભમાં અંજાઇને પાપનાં કર્મ છે તેને લોકો તરફથી આવો પૂજ્યભાવ ન મળતા શ્રાપના ટોપલા મળે છે, જેથી આખરે તેનો જયવારો આવતો નથી, પણ આ અધિકારી તેવો નહોતો. તે તો મહા ન્યાયથી વર્ત્તીને પ્રજાને પાળતો જેથી તેને પ્રજાની હજારો આશીષો મળતી.

આ વખતમાં ગુજરાતની રાજલક્ષ્મી સારી છે ને ત્યાના રાજાએ ઘણા રાજાઓને દડીને અથાગ દ્રવ્ય સપાદન કરેલું છે, એ વિખ્યાતી ઘણા દેશોમા ચાલતી હતી જેથી લેભાઇને તે રાજ્યને તાબે કરવાના હેતુથી દક્ષિણના સિંઘણ રાજાએ એક મોટું લશ્કર તૈયાર કરી ગુજરાત ઉપર ચઢાઈ કરી. આ સમાચારની ગુજરાતમા જાણ થતા રૈયત ઘણી ફીકરમા પડી તે એટલે સુધી કે દુશ્મનના ડરથી કોઈ નવું ઘર ચણાવે નહીં. તેમજ ધાન્યનો સગ્રહ પણ કરે નહીં. સૌના મનમા કાળનું ચક્ર આવવાનો ડર પેશી ગયો. જેથી પ્રજા ઘણું ગભરાવા લાગી. રૈયતને રાજા તરફથી ઘણો દિલાસો મળ્યો, અને હીંમત આપવામા આવી. પછી લવણપ્રસાદ પોતે તથા વીરધવળ બને સાવધ થઈ તેના સામું યુદ્ધ કરવાને પોતાના બળવાન સૈન્ય સાથે નીકળ્યા. તેમનું સૈન્ય સખ્યામા તો સિંઘણની સૈન્યા કરતા કમી હતું પણ પરાક્રમ, શૌર્ય અને યુદ્ધકળામા તો તેની ફોજથી ઘણુ ચઢીઆતું હતું. આ પ્રમાણે શત્રુનું સૈન્ય જ્યારે તાપી નદીના કિનારે આવ્યુ ત્યારે લવણપ્રસાદ મહી નદીના કિનારા સુધી પહોચી ચુકયો હતો. શત્રુનું સૈન્ય ત્રાસદાયક રીતે વર્ત્તતું હતું. ને ગામડા બાળતું અને રૈયતને ઘણુંજ રજાડતું આવતું હતું. તેના સળગાવેલા ગામડાંઓના ધુમાડા આકાશે પહોંચતા ને સૂર્યને પણ ઢાકી નાખતા હતા. તે જોઇને તેમના સૈન્ય સંબધી જ્ઞાન સહુને થતું હતુ. આ પ્રમાણે બે સૈન્યા સામ સામી થઈ, લવણપ્રસાદે એક હાથમાં આયુદ્ધ અને બીજા હાથમા કુમાર વીરધવળનો હાથ પકડયો હતો. યુદ્ધ પૂર્ણ જોશમા ચાલ્યું, તેવામા પડ્યા ઉપર પાટુ એ કહેવત મુજબ તેમને થયુ. મારવાડના ચાર રાજાઓ તેમને સિંઘણ સાથેના યુદ્ધમાં રોકાએલો જાણી નિરાતે ગુજરાત જીતી લેવાના હેતુથી ફોજ લેઇને આવ્યા, જેથી વીરધવળના સૈન્યને બમણો માર થયો, તોપણ તે હિમ્મત હાર્યો નહીં; ને બને બાજુએ સગ્રામ ચલાવ્યો. એવામા વળી બીજો બનાવ એ બન્યો કે ભરૂચ અને ગોધરાના રાજા વીરધવળના મડળીક હતા ને તેઓ આ યુદ્ધમાં વીરધવળ તરફથીજ લઢવા સારૂ આવ્યા હતા, તેઓ પણ પોતાને સ્વતત્ર થવાનો આ સારો લાગ જોઈ તેમણે ધાર્યું કે આ યુદ્ધમાં વાઘેલા જીતી શકે તેમ નથી જેથી આપણે સ્વતત્ર થવાને ઠીક લાગ છે. આ ઇચ્છાથી ક્ષત્રીપણાને કલક લગાડી વિશ્વાસઘાત રૂપી મહા મોટું પાતક ગ્રહણ કરી તેઓ વાઘેલાના

દુશ્મન મારવાડી રાજાઓ સાથે છાનામાના કોલકરાર કરીને મળી ગયા. આ ખબર જ્યારે વીરધવળના જાણવામા આવી ત્યારે તે જરા પણ ગભરાયો નહીં, કારણ તેને સારી રીતે માલુમ હતું કે તેઓ તેના લશ્કરમાં હોઇને પણ ન હોવા જેવાજ હતા; કારણ તે અંતઃકરણથી ચાહીને વીરધવળને જય અપાવવા યુદ્ધ કરે તે બનવું અસંભવિત હતું. તોપણ તેઓ દુશ્મનને મળી ગયા તેથી તેના સૈન્યને વધારે શ્રમ પડે તેમા કાંઇ સંદેહ જેવું નહોતું. તોપણ જેમ સમુદ્રના જળમાંથી થોડું પાણી કમી થયે તે સુકાઈ જતો નથી તેમજ વધારે આવે તો તે છલકાઇને ઉભરાઇ જતો નથી, તેવીજ રીતે અને કાનશિયાળ જીવડાના પગમાથી એક પગ ભાગે તુટે તો લાંબી સંખ્યામા તેના પગ હોવાથી તેને તેની કશી ગરજ રહેતી નથી, તે પ્રમાણે આ વાઘેલા રાજા વીરધવળને થયુ. તે હિંમત હાર્યો નહીં ને પાકા શૂરથી અને જુસ્સાથી યુદ્ધ ચલાવ્યુ. આ વખતે લવણપ્રસાદ તથા વીરધવળને પોતાના સામા ચાર મારવાડી રાજા, દક્ષીણનો સીંધણ રાજા ને પોતાના ફુટેલા મંડળીક ગોધરાનો અને ભરૂચનો રાજા એ રીતે સાત જોરાવર શત્રુઓ સાથે લઢવાનું હતું. તોપણ બાપ કે દીકરાની મુખમુદ્રા ઉપર જરા પણ ભય કે દિલગીરીનો અંશ નહોતો. તેઓ આનંદમા જેમ પોતાની રાજસભામા વાગ્વિનોદમા બેઠા હોય તેવીજ આનંદી મુખાકૃતિથી આ યુદ્ધ ચલાવતા હતા. તેમણે સિંધણના સૈન્ય સાથે ઘણા શૌર્યથી યુદ્ધ કર્યુ. વૃદ્ધ લવણપ્રસાદે બહુજ બાહાદુરી દેખાડી ને દક્ષિણી સૈન્યાને ઘણીજ કાપી નાખી તેમનું જોર કમી કર્યું. પછી મારવાડી ઉપર પડયો ને પૂર્ણ પરાક્રમ દેખાડી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા. સિંધણની સૈન્યા વાઘેલાના મારથી એટલી તો ત્રાસી ગઈ હતી કે જે વખતમાં વાઘેલાઓ બીજા છ રાજાઓ સાથે લડતા હતા તે પ્રસંગે તેમણે ધાર્યુ હોત તો તેમને વધારે હેરાન કરી શકત. પણ સિંહના માર્ગમા અગર ગુફામાથી સિંહ ઘણે દુર ગયો હોય તોપણ હરણથી તે રસ્તે જઈ શકાતું નથી. તે પ્રમાણે ત્રાસી ગએલા સિંધણના સૈન્યથી વાઘેલાની પછવાડે પડી શકાયુ નહીં. તેમ થયું હોત તો વીરધવળને જીતવુ મુશ્કેલ પડત. પણ તેના સારા નસીબે દક્ષિણીઓના અંતઃકરણમા તેનો ભારે ત્રાસ બેસી ગયો હતો. લવણપ્રસાદને ઉપરના ચાર મારવાડી રાજાઓ તથા પોતાના બે વિશ્વાસઘાતી મંડળીક રાજાઓ ઉપર ઘણી રીસ ચઢી હતી, જેથી તેમને પરાજય પમાડયા શિવાય તેનો જુસ્સો શાંત પડે તેમ નહોતો. આ પ્રમાણે ચાલતા મામલાના પ્રસંગમા એક નવો બનાવ બન્યો; તે એ કે સિંધુ રાજાના દીકરા શંખે એક દૂત મોકલી ખભાતમા રહેલા મંત્રી વસ્તુપાળને કહેવરાવ્યુ કે તેની સાથે યુદ્ધ કરવા તૈયાર થવું.

એક વખત ધોળકેથી વસ્તુપાળ શુભ મહુરત જોવરાવી પોતાના રાજાની આજ્ઞા લઈ ખભાત ગયો, તે પ્રસગે આખા નગરની રઇયત તેને તેડવા સારૂ સામી ગઇ ને દરબારમા આવીને પણ તેને ઘણું માન આપ્યું. પણ એક વહાણવટી કે જેનું નામ સદીક 'તું તે મળવા આવ્યો નહીં. તે વાત વસ્તુપાળે જાણુતા એક સેવક મોકલી તેને પોતાને મળવા આવવા વાસ્તે કહેવરાવ્યુ. સદીકે પ્રત્યુત્તરમાં કહેવરાવ્યુ કે હુ કોઇ અધિકારીને મળવા જતો નથી, ને નમતો પણ નથી, તો તમોને નવી રીત કરી મળવા આવવાનો નથી. તમો મને મળવા આવો, તમારી ઇચ્છા હશે તે હું પૂર્ણ કરીશ. તમારી જે ઇચ્છા હોય તે મારી પાસેથી મગાવો પણ મળવા સારૂ તો હુ કદી આવવાનો નથી.

સદીક ઘણોજ શ્રીમત હતો. મોટા મોટા બદરોમાં તેની વખારો હતી. વળી ઘોઘા બદર પાસે વડુઆ નામે બેટ છે તેનો શખ નામે રાજા હતો તે તેનો મિત્ર હતો; ને પોતે પણ ઘણો અહકારી હતો; પોતાની પાસે હથીઆરબધી ઘણા માણુસો રાખતો. આ કારણથી તેણે વસ્તુપાળને નમ્યું આપ્યુ નહીં. જેથી વસ્તુપાળે આગ્રહથી કહેવરાવ્યું કે જો તમો મને મળવા નહીં આવો તો શિક્ષા થશે. આ ઉપરથી સદીકે પોતાના પ્રિય મિત્ર શંખને ખુલાસો પુછયો કે વસ્તુપાળ મને નમાવવાને આગ્રહ કરે છે માટે મારે શી રીતે કરવું? આ ઉપરથી શખે પોતાનો દૂત મોકલી કહેવરાવ્યું કે સદીક મારો મિત્ર છે, માટે એને તમારે કનડગત કરવી નહીં. તે ઉપરથી મત્રીએ કહેવરાવ્યુ કે પરાક્રમી માણુસો કાઇ ભૂતથી બીતા નથી તેવીજ રીતે હુ તમારાથી ડરતો નથી માટે લઢવાની ઇચ્છા હશે તો સુખેથી તૈયાર થવું.

હવે જે વખતે ગુર્જર સૈન્યા દક્ષીણુના સીંઘણુ રાજા તથા ચાર મારવાડી રાજા તથા છુટેલા બે મડળીક રાજા એ રીતે એકી વખતે સાત રાજાઓ સાથે લઢવામાં રોકાઇ હતી તેજ અરસામાં શખે પોતાનો દૂત મોકલી ગુર્જર મત્રી વસ્તુપાળને લઢાઇ ઉભી કરવાનું કહેણુ નીચેની રીતે કહેવરાવ્યું; એવા વિચારથી કે સાત રાજાઓ સાથે યુદ્ધ ચાલે છે, જેથી વસ્તુપાળ ગભરાઇને ખંભાતનો કબજો આપણુને સોપી દેશે. હે શાણુા મત્રી વસ્તુપાળ તું ઘણો ડાહ્યો અને નિમકહલાલ પ્રધાનછે તે અમારા જાણુવામાં સારી પેઠે છે. તું સમજુ અને બહાદુર છે, ને તેથીજ અમે તને ચાહીએ છીએ. તારા રાજાને માથે મોટું સંકટ પડયું છે તે તારા જાણુવામાં છે, તને માલમ તો હશે કે ખંભાત બંદર અમારા પૂર્વજોનું છે, ને તે હવે પાછું લેવાની અમારી ઇચ્છા છે. જો તારે તે નગરના મંત્રી રહેવાની ઇચ્છા હશે ને તું આવીને અમને નમીશ તો હું તને તે જગો પર કાયમ રાખી સારૂં ઇનામ અને મોટો ગરાસ આપીશ, પણ

જો તું તે નહીં સ્વીકારે તો તે તારી પાસેથી ખુચી લેઇ બીજા અધિકારીને સોંપવું પડશે. તું ગુણવાન ને પરાક્રમી છે તેથી અમો તને તે જગોએ કાયમ રાખવાની ઈચ્છા રાખીએ છીએ. અમારી માગણી તારે કબુલ ન હોય તો અમારી સામા લઢવા સારૂં તૈયાર થવું. પણ તારે સારી પેઠે સમજવું જોઈએ કે તારો રાજા એકલો મોટા આઠ દુશ્મનોને એકી વખતે પહોચી શકવાનો નથી; જેથી તેને ભારે હરકત વેઠવી પડશે. આ વચન વસ્તુપાળને વજના ઘા સમાન લાગ્યાં. પણ તે શાણા વણિક મત્રીએ કાઇ પણ અભિમાનનો વિકાર નહીં જણાવતા તે દૂતને કહ્યું કે ભલે તારા રાજાને લડવાની હોશ હોય તો ખુશીથી આવે. અમે તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર છીએ. ગંગા નદીના પ્રવાહને વટોળીયો પોતાના સપાટાથી ધૂળ ઉઠાડી મલિન કરવા ઇચ્છે તો તેમ બનતું નથી. કારણ વટોળીયાની ધૂળને પવિત્ર પાણી કાદવ બનાવી નીચે દાબી દેઈ પોતે તો પોતાની અસલ સ્થિતિ માફક સ્વચ્છજ રહે છે, તેમજ તમો આવીને ખભાત લેઇ કબજે કરો એ બનવું તો મુશ્કેલ છે. શૂરા ક્ષત્રી રાજાઓનેઃ તો ધર્મ છે કે તેણે પોતાનું કર્ત્તવ્ય બજાવીને યશ પ્રાપ્ત કરવો, પણ તારા જેવાના ડરાવ્યાથી ડરીને બાયલા બનવું તે તો હીચકારા પુરૂષનું કામ છે. તારો સ્વામી રાજા થઇને ખભાતના બદરની માગણી કરે છે તે તેને યોગ્ય નથી. અમારા રાજાએ ખંભાત હથિયારના જોરથી લીધુ છે અને તે તમારે પાછુ લેવાની ઇચ્છા હોય તો આયુધના જોરથી લેવાની આશા રાખવી. આવી નીતિબહારની યાચના કરવાથી તે કદી પાછુ મળનાર નથી. વળી તારો રાજા કહેવરાવે છે કે "તારો વીરધવળ રાજા એકલો ઘણા સાથે શી રીતે વઢશે?" તો કહેજે કે નિશ્ચળ અને દ્રઢ પુરૂષો છે તેઓની સહાયતાથી તે પુરૂષો ગમે તેવા કઠણ યુદ્ધ પ્રસગમા જય મેળવે છે. માટે અમને પરમેશ્વરનો મોટો વિશ્વાસ છે. આ નગરનો જે વીરધવળ પતિ છે તે છોડી બીજો પતિ કરવાની તેની ઇચ્છા નથી. માટે ખભાત નગરીને જો તારો રાજા પોતાની કરવા ઈચ્છતો હશે તો માર્યો જશે. માટે તારા રાજાને કહેજે કે વિચાર કરી સમજીને બેસી રહેવામાજ આબરૂ છે. આ ઉપરનો સદેશો દૂતે જઈ પોતાના સ્વામી શખને કહ્યો જે સાભળી તે ઘણો ક્રોધાયમાન થયો તે પોતાની સૈન્યા સજ્જ કરી આયુધ વિગેરે ધારણ કરી ઘણી ઉતાવળથી ખંભાત પાસે આવી સરોવર કાઠે તબુ નખાવીને ત્યા મુકામ કર્યો, ને પોતાના આવ્યાની જાણ કરવા સારૂ ઢોલ વગડાવ્યાં. વસ્તુપાળ સારી રીતે જાણતો હતો, કે દુશ્મન નક્કી આવશેજ. જેથી તે પણ તૈયાર થઇને બેસી રહ્યો હતો. વસ્તુપાળના સુભટો આનદી, શૂરા ને ધૈર્યવાળા હતા. તેમણે આખે અગે ચદનના લેપ કર્યા, સુંદર પુષ્પોની માળાઓ ધારણ કરીને જેમ કોઈ વરરાજા

પોતાની વિવાહિત કન્યાને પરણવા સારૂ જાય ને અલંકારો ધારણ કરે તે-વાજ આ પ્રતાપી ક્ષત્રીઓ યુદ્ધમાં જય મળે તો કીર્તિરૂપી કુમારી સાથે લગ્ન કરવા સારૂ અને ઇશ્વરેચ્છાથી યુદ્ધમા કામ આવી જાય તો સ્વર્ગની અપ્સરા-ઓને વરવા સારૂ તેઓ તૈયાર થઇ અલંકાર ધારણ કરી જયનાદ વગાડતા ચાલ્યા. તેઓની સાથે વસ્તુપાળ મત્રી પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ ચાલ્યો. ને શખની સાથે યુદ્ધ મચાવ્યુ. તેની સાથે ભુવનાદિત્ય વિગેરે ઘણા શૂરા સુભટો થયા. વસ્તુપાળનું પરાક્રમ જોઇ શંખથી નગરમા પેસાયું નહીં. તેમજ નગરમાં પેસવાની તેની હિમત પણ ચાલી નહીં. તે વેગળેથી તાબુતમાં મુસ-લમાનના નાના છોકરાઓ જેમ પટા ખેલે છે, તેવી રીતે વસ્તુપાળને જોઇને શખ પટા ખેલવા લાગ્યો. શખ પાસે ઘણુ સૈન્ય હતું પણ વસ્તુપાળ તેનાથી લેશ માત્ર ડગ્યો નહીં. કારણ કે બાહાદુર પુરૂષ એકલો હોય તોપણ પોતાના ઝાઝા દુષ્મનોથી ડરતો નથી, ને તે પોતે ઘણાનો વિનાશ કરી નાખે છે, તેવીજ રીતે વસ્તુપાળે કર્યુ. મોટુ ભયકર યુદ્ધ થયું, યુદ્ધનાદ આગળ સમુદ્રના મો-જાના ગગડાટથી નરમ પડી ગયા, જે જે પરાક્રમી અને વીર ક્ષત્રીઓ યુદ્ધમાં લડતા મુઆ તેઓ સ્વર્ગની અપ્સરાઓને વરી દેવની પક્તિમા જઈ બિરા-જ્યા. વસ્તુપાળ મત્રી જૈનધર્મી હતો ને તે ધર્મમા હિસાનુ મોટુ પાપ છે તે વૃત્ત યુદ્ધમા જઈ વસ્તુપાળે તોડયુ. તેનો ખેદ મટાડવાને તેણે બાણવૃષ્ટિમાં ઝપલાવ્યુ.

વસ્તુપાળના સામતો ઘણા પરાક્રમી અને બહાદુર હતા તેમણે શખના ઘણા સૈન્યનો નાશ કર્યો. પછી ભુવનાદિત્યે શખ સામે યુદ્ધ મચાવ્યુ. બંનેને તુમુલ્ય યુદ્ધ થયું બને મલ્લની પેઠે સામસામી બાઝયા. હથીઆર સામે હથી-આર અથડાયાં, ભુજાભુજી ને કેશાકેશી ચાલી, શખે સંગ્રામસિંહનું શરીર ખડકવતે ચુરેચુરા કર્યુ, પછી ભુવનપાળને હણ્યો. પોતાના પરાક્રમી અને રત્ન સમાન બે સામતો પડ્યા, એટલે વસ્તુપાળના ક્રોધમાં બાકી રહી નહીં. પછી વસ્તુપાળના પાળા વીરમ ને શંખના પાળા જયંતનું સામ સામી યુદ્ધ થવાલાગ્યુ. પછી વાચીગદેવ, સોમસીહ, ભુવનસીહ, ઉદયસીહ, વિક્રમસીંહ, અને હીર પ્રધાન એમણે શખના સેન્ય સામે યુદ્ધ કર્યુ. શખના મનમાં લાગ આવેતો ખભાત નગરમા પેશી જવાનો વિચાર હતો, પણ સગ્રામસિંહે તેમ થવા દીધુ નહીં. શખે વસ્તુપાળનું ઘણુ સેન્ય હણ્યુ. તે જોઇ વસ્તુપાળે પો-તાના માહેકનામના શુરા ક્ષત્રીને પુછયુ કે હવે આપણે કેમ કરવું. આપણો પ્રતાપવત રાજા લાજે નહીં તેમ કરવું જોઇએ. આ પ્રમાણે કહી વિચાર કરી ઘણા રજપુતોની ટોળી મળી, શખ પાસે જઇ તેને ઘોડા ઉપરથી નિચે ઢોળી

પાઠયો. ને કેટલાક તેને વસ્તુપાળે હણ્યો અને કેટલાક તેને ભુવનપાળે હણ્યો એમ કહેછે. પણ તેને મારીને જીતનાં વાજાં વગડાવ્યા. ને જયજય કારના નાદ સાથે વસ્તુપાળ ખંભાત નગરમાં પેઠો અને શખનું રાજ પોતાના કબજે કરાવ્યું. ને પછી શખનો મિત્ર વહાણવટી સદીક જે આ કજીઆનું મુળ હતો તેનું ઘર લુંટાવી લીધું. તેના ઘરમાંથી હીરા મોતી માણેક સોનું અને ઘણુંજ રોકડ દ્રવ્ય મળ્યું. વસ્તુપાળે શખને હણ્યો તે બાબત સોમેશ્વર પુરોહીતે નિચેનો શ્લોક કહયો છે.

श्लोक. श्री वस्तुपाळ प्रतिपक्ष कालत्वया प्रपन्ने 'रुषात्तम त्वमु
तीरेऽपि वार्द्धेर कृतेऽपिमात्स्ये रुप प्रसंगनेन शंखः

અર્થઃ-શત્રુઓના કાલ હે વસ્તુપાલ શખને હણ્યો, તેથી તું પુરૂષોત્તમ વિષ્ણુના જેવો થયોછે. પુરૂષોત્તમને તો શંખ ને હણુવા સારૂ મચ્છારૂપ ધારણ કરી સમુદ્રમા વસવુ પડયું હતું, પણ તેં તો મચ્છરૂપ ધર્યા વિના સમુદ્રને કાઠે રહીને શખને હણ્યો.

વિરધવળ શત્રુઓને હણીને જ્યારે પોતાના નગરમાં આવ્યો ત્યારે ત્યાના લોકો અતી આંનદ પામ્યા. લોકોએ ધાતુના રસથી પોતાનાં ઘર ધોળાવી તેના ઉપર સુંદર ચિત્રો ચીત્રાવ્યા, ગુણકાઓ પોતાના હાવ ભાવને કટાક્ષથી પુરૂષોને મોહીત કરતી સુંદર નૃત્ય કરવા લાગી, નાના પ્રકારનાં હર્ષનાં વાજીત્ર વાગવા લાગ્યા, દેવળોમા ઘંટના નાદ થવા લાગ્યા, ને સૌ લોકમાં આનંદ ફેલાયો. આ પ્રમાણે વિજય પામેલા મત્રીને તેની પ્રજાએ ઘણાજ ઉમગ સહીત વધાવી લીધો. એ તેના ઉપર તેમની પુર્ણ મમતા દેખાડી આપેછે. નઠારા રાજાનું રાજ પ્રજાને કંટાળા ભરેલું લાગેછે. ને તેનો સત્વર નાશ થવાની અતઃકરણમાં ઇચ્છા રાખેછે. રૈયતને રાજા પોતાના પીતા સમાનછે. અને પુત્ર જેમ પોતાના પીતા ઉપર વહાલ રાખેછે તેમ રૈયત પોતાના રાજા ઉપર વહાલ રાખેછે. તેમ છતા કોઇ રાજા અન્યાયી વિષયી જુલમી કે કુકર્મી નિકળેછે. તો પણ રૈયત ઘણીવાર કષ્ટ સહન કરી મુગે મોઢે તે સહન કર્યા કરેછે. ને જ્યારે હદ ઉપરાંત જુલમ થાય ત્યારેજ બીજો ઉપાય શોધવા તજવીજ કરે છે.

શુરા ક્ષત્રીઓ વિશે અને તેમના ખરા ટેક વિશે પણ જણાવવાનું કે રાજા જો સહુ ઉપર સમદ્રષ્ટિ અને કૃપા રાખતો હોય તોજ તેના કામ સારૂ તેના ઉપર માયા રાખી શુરા ક્ષત્રીઓ પોતાનો પ્રાણ આપતાં પાછા હઠતા નથી.

વિરધવલને વિશે આપણે જેયુ કે એકીજ વખતે તેને સાત દુશ્મનો સાથે

લડાઈમાં ઉતરવું પડયું હતું, ને જેને માથે આવી આફત આવે તે ભાગ્યેજ જય મેળવી શકે. ઇતીહાસનાં પાનાં તપાસતાં આવા સામટા સાત શત્રુઓ સાથે એકીજ વખતે યુદ્ધ કરવું પડે તેવો દાખલો આ દાખલા સિવાય બીજો ભાગ્યેજ બન્યો હશે. ને આ દાખલાઓ ક્ષત્રીઓના શુરાતનનો તથા પોતાના રાજા ઉપરનો તેમનો સંપુર્ણ ભાવ બતાવી આપેછે. તેમજ રાજા પણ કેવા હિમતવાન બહાદુર ને મરણથી ડરે નહીં તેવા હતા તે આ દાખલાથી પ્રત્યક્ષ જણાઇ આવેછે. આ પ્રસંગે વીરધવલે પોતાનું મન જો જરાપણ ઢચુપચુ કર્યુ હોતતો તેને જય મેળવવો ઘણો મુશ્કેલ હતો, વીરધવલ પાસે વસ્તુપાળ તથા તેજપાળ મંત્રી હતા તે તેના સારા ભાગ્યોદયથીજ હતા. એવા મંત્રી જવલ્લા રાજાઓનેજ મળેછે. કે જે પોતાના રાજાઓના હીતને સારૂ પોતાની જાતે ગમે તેવાં દુખ ભરેલાં કષ્ટો પણ સહન કરેછે.

વીરધવલે ખડીઆ રાજા જે અગાઉ બીજા રાજાને ખંડણી ભરતા હતા તેઓને પોતાના ખડીઆ ઠરાવી તે કર પોતાને મળવાનો બંદોબસ્ત કર્યો. જેથી તે રાજાઓ તરફથી ઉત્તમ પ્રકારની ભેટ તેને મળતી હતી. તે નિતીથી ને જેથી કોઇ પ્રકારથી રૈયતને રાજા વિશે ખોટો વિચાર ન આવે તે પદ્ધતીથી રાજ ચલાવતો હતો. એના રાજમાં અરસ પરસ કોઇ મનુષ્યોને વિરોધ થતો નહીં. જંગલના ભીલ લોકોને પણ તેણે વશ કર્યા હતા. રાજાના ડરથી ચોર લોકો ચોરી કરવાનો નીચ ધંધો ભુલી ગયા હતા, ને રાજાએ તેમને ખેતી વિગેરે કરવાનાં ઉત્તમ પ્રકારનાં સાધનો આપી સારે રસ્તે ચઢાવ્યા હતા. તેની સાબીતી વાસ્તે એટલુંજ કહેવાનું કે પાલનો મુલક કે જ્યાં આજ પણ પહેરેલાં લુગડાં સાચવી સહી સલામત આવીએ તો ધન્ય ભાગ્યની નિશાની ગણાય, તેજ સ્થળે આ ટેકી રાજાએ જંગલમાં કાટાનાં જાળાંને શુંદર ઘરેણાં અને વસ્ત્ર પહેરાવીને વગર ચોકીએ રાખી મુકયાં હતાં, પણ ત્યાંથી કોઇ પણ ચોર તેને ત્યાંથી ઉપાડવાની હીંમત ધારી શકતો નહીં. આ ઉપરથી તેના રાજમાં ચોરી વિશે કેવો સરસ બંદોબસ્ત હશે તેની અટકળ ડાહ્યા માણસો તુરત કરી શકશે. રાજાનાં ડરથી વ્યભિચાર પણ તદન નાશ પામ્યો હતો અને ગુણકાઓ પણ બહુ પતી કરવાનું તજી દેઇ એક પુરૂષ સાથે ઘર સંસાર ચલાવવા લાગી હતી. ને તેજ ઉપરથી આગળ આપણે જોઇ ગયા તેમ વસ્તુપાળે ખંભાતના બંદરમાં આ નિયમને અનુસરીને નીતીનો મારગ ચલાવ્યો હતો. સારા રાજાના મંત્રીઓ તેના જેવા સારાને ઉદ્યોગી હોયછે. આ પ્રમાણે વીરધવલ રાજાએ મર્યાદા માર્ગ સ્થાપી રૈયતના લાભમાં ઘણાજ ઉત્તમ પ્રકારના બંદોબસ્ત કર્યા હતા. રાજ ચલાવવાના કામમાં આ નિપુણ રાજાએ સૂર્યે

નો ગુણ ધારણ કર્યો હતો. જેવી રીતે સૂર્યનારાયણ પોતાના અગણિત કિરણો વડે સમુદ્ર નદીઓ સરોવર અને ઝરણાના પાણી પોતે ચુશી લેઇ વરાળ રૂ આકાશમાં લેઇ લેછે, અને તેજ જગ રૈયતના કામ પ્રસંગે ચોમાસામા પૃથ્વ ઉપર પાછું વરસાદ રૂપે આપેછે, જેથી ધાન્ય ઘાસ વિગેરે પાકી મનુષ્ય અ પશુ પખીઓનું પોષણ થાયછે. તેજ રીત આ પ્રતાપી રાજાએ ધારણ કર્ય હતો. પોતાની રૈયત પાસેથી યોગ્ય કર લેઇને તે પાછો નેમનાજ ઉપયો ગમાં વાપરવો આ તેનો શુભ હેતુ હતો ને તેથીજ તેની પ્રજા પણ સદ આનંદમાં રહેતી.

યાત્રાળુ લોકોના સુખ સારૂ તેણે ઠેકાણે ઠેકાણે સદાવૃતો એટલે અનક્ષે બધાવ્યા હતા. તેમા ભુખ્યાઓને મિષ્ટાન ભોજન તબોળ સહીત આપવામ આવતા હતા. ઘણા હોશીયાર વૈદ્યોને તેણે સારા પગારથી અને ઔષધનું ખ આપી તેણે પોતાના રાજમાં ગામે ગામ રાખ્યા હતા. ને તેઓનો રાત દિ સનો ધધો એ ગણાતો કે રૈયતમા ફરીને તેઓના રોગ ટાળવા અતઃકરા પૂર્વક મહેનત કરવી. ને તેઓને સુખી કરવામાજ પોતાનું આયુષ્ય ગાળ એક ધર્મવાળો બીજા ધર્મવાળા સાથે ટટો કે અદેખાઈ કરે નહીં, તે ઉ પણ તે સખ્તાઇથી બદોબસ્ત રાખતો. દેશ પરદેશના પડીતોને તે ઘણુજ મા આપી પોતાના દરબારમાં રાખી યોગ્ય સન્માન કરવા કદી ચુકતો નહી જેથ તેના દરબારમા ઘણા પડીતો રહેતા હતા.

વિદ્યા અને કળામા સપુર્ણ કુશળતા ધારણ કરેલી એવા ઉત્તમ પડીતો સભામા રાજા પોતાનો ઘણો વખત નિર્ગમન કરવા બિરાજતો. અને ધર્મ ત ન્યાય સબધી ચર્ચા સાભળી પોતાના જીવને ઘણો આનદ પામતો હતો. રાજાનો પુરોહીત શોમેશ્વરદેવ જે એક મહા કવી ગણાતો હતો, તેણે વી ધવળ તથા વસ્તુપાળ તેજપાળના સબંધી કીર્ત્તી કૌમુદી નામનુ સુદર કા રચ્યું છે. સોમાદિત્ય, કમળાદિત્ય, નાના પડીત વિગેરે ૧૦૮ મહા પડીતો તે દરબારમા રહેતા હતા અને તેઓને રાજ તરફથી ભારે વર્ષાસનો આપવામ આવતા હતાં. પરદેશથી આવેલા કવીઓની પરીક્ષા કરીને તેમને તેમની યો ગ્યતા પ્રમાણે પારીતોષક આપવાને આ પ્રતાપી ને ઉદાર રાજા કદી પણ ચુક નહીં. પણ તે વખતમા કવીઓની પરીક્ષા લેવાની પદ્ધતિ ઘણી કઠણ હ સંસ્કૃત કાવ્યોની સમશ્યા પુર્ત્તી કરવાનો ધારો હતો, તે એવી રીતે કે રાજકુ એક છેલું ચરણ કહે જેની આગળના ત્રણ ચરણ પરીક્ષા આપનારે પોતા અક્કલથી બરોબર મેળવી શ્લોક પુર્ણ કરી આપવો જોઇએ. વળી રાજા પ પોતાની નજરમા જે વિષય પસંદ કરે તેના ઉપર શીઘ્ર કવિતા કરાવતા.

વખતમાં સંસ્કૃત ભાષાના કવિઓનુંજ માન હતું. હાલના સમયમાં જેમ ભાટ ચારણો લાંબા લાંબા જુસ્સા ભરેલા અર્થ વગરના ને અશૂદ્ધ વાકયો બોલી પોતાના હાથના લ્હેકા કરી શુરભરી છટાથી ને પોતાના શુશોભીત રાગથી રાજાઓને રીઝાવે છે, તેવી રીતે રીઝે તેવો આ રાજા નહોતો. જેથી તેના સમયમા એવા કવીઓને જોઇએ તેટલું માન મળતું નહીં.

એક વખત આ વીરધવળ રાજાના બને મંત્રી ખંભાતમા પારસનાથને નમવા સારૂ ગયા હતા. તેઓ દેરામા પ્રભુજીનું નમન કરવા પેસે છે તેવામાં વિદ્વાન પડીતોની એક ટોળી ત્યા આવી તેમાના મુખ્ય આચાર્યે એક સંસ્કૃત શ્લોકનું પુર્વાર્ધ ભણ્યુ કે अस्मिन्न सारे संसारे सारं सारंग लोचना એનો એવો અર્થ થાય છે કે આ અસાર સંસારમા મૃગનયની સ્ત્રી એજ એક સાર છે. આ સાંભળી વસ્તુપાળ તેજપાળને તે યતિઓની ચાલ વિશે વહેમ પડયો કે આ વાકય કેવળ શ્રૃંગાર રસનું છે ને તે વાકય આવા પવિત્ર સ્થાનમાં શુદ્ધ યતિએ બોલવું તે કેવળ ગેરવ્યાજબી છે. જેથી તે વિષયી હશે. ને જે ગુરૂમાં સારા આચરણ ન હોય તે ગુરૂને નમન પણ ન કરવું કારણ તે દોષથી ભરેલો છે. તે પોતાના દેહનું સાર્થક થવાનો શુદ્ધ માર્ગ જાણતો નથી તો તે આપણને શી રીતે મુક્તી અપાવશે. ધર્મગુરૂ કેવા જોઈએ કે જે પોતાની જાતીનું સાર્થક કરે, ને શેવકને પણ તેવીજ રીને દેહનું સાર્થક થવાનો ઉત્તમ માર્ગ પોતે તેને બોધ આપીને બતાવે. આ પ્રમાણે વિચાર કરી મત્રી તેમને નમ્યા શિવાય દેવળમા જઇ દર્શન કરી પાછા બહાર આવી તે પૂર્વાર્ધ પોતે ભણી તેનો અર્થ યતિને પુછયો. ત્યારે તેણે તે શ્લોકનું ઉત્તરાર્ધ ભણી નીચે મુજબ પુરો કરી આપ્યો કે यत्कुक्षि प्रभवाह्येते वस्तुपाळ भवादृशा. એ વાક્યનો અર્થ એવો થયો કે જે સ્ત્રીની કુખમાથી હે વસ્તુપાળ તારા જેવા ઉત્પન થયા છે માટેજ હુ સ્ત્રીઓની સ્તુતી કરૂછુ. એવું સાભળી વસ્તુપાળનો શશય નાશ પામ્યો.

એકવાર આ બને મત્રીઓએ પુરોહીતની સમક્ષ રાજા વીરધવલને કહ્યું કે તમે ગુજરાત દેશની પૃથ્વી પોતાને સાધ્ય કરી અને બીજા રાજાઓને પણ મડળીક બનાવી આપને કર ભરતા કર્યા. જો આપ આજ્ઞા કરો તો હવે અભિષેકોત્સવ એટલે આપને ગાદી ઉપર બિરાજી રાજા થવાનો પ્રયોગ કરીએ. પછી વીરધવલ બોલ્યો કે

श्लोक—अजित्वा सार्णवा मुर्वी मनि विविधैर्मखैः
अदत्वाचार्थ मर्थिभ्यो भवेयं पार्थिवः कथम्.

અર્થ—સમુદ્રપર્યંત પૃથ્વી જીત્યાવિના વિવિધ યજ્ઞ કર્યા વિના યાચકોને ધન

આપ્યાવિના હું રાજા કેમ થાઉં રાજા તો મેં થવાય નહીં. પણ રાણો એ ઉપનામ જે મારા નામ સાથે જોડાયું છે તે બસ છે, મને તે વધારે પ્રીયછે. આવાં વિરધવલનાં સાદાં વાક્ય શું ઓછાં સંતોષ ભરેલાં છે તેણે મોટાઇનો આ વખતે શીમા વગરનો આડો આંક વાળ્યો છે આવો સંતોષ ધારણ કરવો તે વડાઇનું લક્ષણ છે.

રાજાની આજ્ઞાથી વસ્તુપાળ મંત્રીએ સોમેશ્વર વગેરે પંડીતોને મોટી મોટી વૃતિઓ બાંધી આપી. અને તેવીજ રીતે આ પ્રતાપી રાજાએ પોતે પોતાના પ્રાણથી વહાલા પોતાના સરદાર અને પટાવતોને સારા સારા ગ્રાસ બાંધીઆપ્યા જેથી તે આખા પોતાના રાજ્યમાં સહુને વહાલો હતો માટે તેણે પ્રજા તરફથી જગતપ્રીયની ઉત્તમ પદવી મેળવી હતી.

એક સમયે ગ્રીષ્મઋતુમાં ચદ્રશાળામાં પલંગ ઉપર વીરધવલ પોઢયો હતો ને એક શેવક તેની પગચપી કરતો હતો જે વખતે રાજા ઉંઘતો નાઉંઘતો એવી સ્થીતીમાં હતો. તે વખતે જે શેવક પગચંપી કરતો હતો તેને લોભની વૃતી થવાથી રાજાને ઉંઘતો જાણી તેણે પગની આંગળીયે જે રત્ન જડીત મુદ્રિકા પહેરી હતી તે ધીમે રહી કાઢી પોતાના મુખમાં રાખી. આ હકીકત આ ચતુર રાજાના જાણવામાં તુરત આવી પણ તે કાંઇ બોલ્યો નહીં, અને ઉંઘતાનુંજ ડોળ રાખીને પડી રહ્યો. શેવક પોતાના મનમાં ઘણો આનંદ પામ્યો કે આ વૃત્તાન્ત રાજાના જાણવામાં બીલકુલ આવ્યોજ નથી. જેથી મારૂં દાળીદ્ર ફીટી જશે ને મારે હવે રાજશેવા કરવાની પણ જરૂર રહેશે નહીં. બીજે દિવસે સવારમાં રાણાએ પોતાના ભડારી પાસે ગઇ રાતે શેવકે જે વીંટી ચોરી હતી તેના જોટાની અને તેના જેવીજ બીજી મગાવીને પોતે તેજ આંગળીએ પહેરી. નિયમ પ્રમાણે રાજા રાત્રે પોતાના પલગમાં સુતો અને તેજ શેવક પગચપી કરવા બેઠો, અને રાજાને પગે પોતે ચોરેલી અગુઠી જેવીજ પહેરેલી જોઇને ઘણો ગભરાવા લાગ્યો, અને આશ્ચર્યતાથી અને ભયથી થર થર કાંપવા લાગ્યો. અને વિચાર કરવા લાગ્યો કે મારી ગુપ્ત ઠેકાણે સંતાડેલી મુદ્રિકા રાજાની પાસે શી રીતે આવી. તેનું આવું ભયભીત પણું જોઇને રાજાએ કહ્યું કે શેવક કાલે તો તેં મુદ્રિકા લીધી પણ હવે આજ લેઇશ નહીં. આવા રાજાનાં વાક્ય સાંભળી શેવકતો મરણ તુલ્ય થઇ ગયો. અને રાજાનાં વચન તેને વજ્ર જેવાં કઠણ લાગ્યા કવિઓ કહેછે કે

શ્લોક હસન્નપિ नृपोहंति मान यन्नपि दुर्जनः
स्पृशन्नपि गजोहंति जिघन्नपि भुजंगमः

અર્થ. હસતો પણ રાજા હણે અને દુર્જન માન દેતો પણ હણે હાથી

સ્પર્શ કરતો પણ હશે અને સાપ સુંઘતો પણ હશે. આ પ્રકારની દાસની દિનતા જોઇને રાજાના મનને દયા આવી તેણે વિચારીને ચાકરને કહ્યુંકે બીહીશ નહીં. તેં જે મુદ્રિકા ચોરી તેમાં તારો લેશ ભાર વાંક નથી અમોએ તારા ખર્ચ જેટલી જીવીકા તને બાંધી નહીં આપી હોય તેથીજ આ કામ તેં કર્યું છે. હવે તને બેસવાને સુંદર ઘોડોને અર્ધ લાખની જીવીકા કરી આપીશ. આ સાંભળી શેવકને ઘણો આનંદ થયો લજ્જા યુક્ત મુખથી રાજાનાં સામું જોઇ શકયો નહીં, તેમજ પોતાના આત્માને ધિક્કારવા લાગ્યો. જ્યારે રાજાએ તેને પુર્ણ ધીરજ આપી ત્યારેજ તેના ચિતને શાન્તી વળી. ને રાણાને લાખો આશીષ દેવા લાગ્યો. આ વખતે આપણે વીરધવલ રાણાની ક્ષમાને હદથી વધારે શાબાશી આપવી ઘટેછે કે પોતે રાજા છતાં શેવકે પોતાની રત્ન જડીત મુદ્રિકા ચોર્યા છતાં ને તે પોતે જાતે જોયા છતાં જરા પણ ક્રોધ ન કરતાં ઉલટો તેને શાતા પમાડી તેને મોટી નીમનોક કરી આપે. આવા વિરલા થોડાજ મળી આવશે. આવા ગુણોને લીધેજ જગત તેને વખાણતું એમ કહેવાને જરા પણ શશય જેવું નથી. તેમજ રૈયત પણ તેને પોતાનો પ્રતિપાળ અને ધર્મની મુર્ત્તિ જાણતા હતા.

વિરધવલ રાણો ધોળકામાં નિશ્ચીંત પણાથી રાજ કરે છે ને ધર્મના કામો કરવામાં તથા શાસ્ત્રની ચર્ચા સભળવામા પોતાનો વખત નિગર્મન કરેછે. વસ્તુપાળ મંત્રી પોતાના પ્રાણથી વહાલી રાજ શેવા છે એમ ગણી રાત દિવસ ખંતથી તેમાં તન રાખી રાજ શેવા કર્યા જાયછે, ને સર્વ પ્રજા સ્વસ્થપણે પોતપોતાના કામકાજમા નિમગ્નછે, તેવામા દિલ્હી ભણીથી એક હેરકે શ્વાસ ભર્યો આવીને મંત્રીને સુચના આપીકે ત્યાંના સુલતાન મોજદ્દીનનું અગણીત લશ્કર આપણા દેશ ઉપર ચઢી આવેછે. વસ્તુપાળે હેરકને યોગ્ય સન્માન તથા તુષ્ટીદાન આપી રાણાની હજુરમાં લેઈ ગયો. આ વાત હેરકના મુખેથી સંભળી તેણે મત્રીને પુછયુંકે હવે આપણે શો ઉપાય લેવો. તે લોકો દગા ખોરછે માટે આપણે પાકી સાવચેતીથી રહેવું. જુઓ આ લોકોએ આગળ ઘણીવાર દગાકરી હીન્દુ રાજયોને પાયમાલ કરી નાખ્યા છે. એમણે અર્ધભીલ રાજાને જીત્યો હતો, શિલાદિત્ય રાજાને જીત્યો હતો, સાતસેં યોજન ધરતીના ધણી કનોજના જયચદ્ર રાઠોડને પણ તેમણે જીત્યો હતો. દિલ્હીના પૃથીરાજ ચહુઆણે શાહબુદ્દીન ગોરીને વીશ વાર પકડી બાંધીને છોડી મુકયો હતો પણ છેલ્લીવારે તેણે પૃથીરાજને દગાથી બાંધ્યો, માટે આપણે સાવચેતીથી વર્ત્તવું. પછી રાણાશ્રીની આજ્ઞા લેઈ મંત્રી એક લાખ ઘોડા લેઇને ચઢયો ને વિચાર કર્યો કે મુસલમાન લોકો જ્યારે સર્વને દગાથી મારે છે તો તેને પણ

આપણે યુક્તિથી હણીશું તો તે ખોટું કર્યું એમ કહેવાશે નહીં. એમ ધારી તેણે અર્બુદાચળનો રાજા ધારાવર્ષ નામે વીરધવળ રાજાનો મંડળીક હતો તેને કહ્યું કે મ્લેચ્છ લોકો જ્યારે આબુ પર્વતની ઘાટી (ખીણો) માં દાખલ થાય ત્યારે ઘાટીનો માર્ગ બંધ કરાવી અને સુચના મને કરવી. મુસલમાનોની ફોજ ખીણોની અંદર આવી અને આબુપતીએ પોતાને મળેલી આજ્ઞા પ્રમાણે કર્યું જેથી વસ્તુપાળે મલેચ્છના સૈન્ય ઉપર હુમલો કર્યો. કેટલાએક યવનો બૂમો પાડવા લાગ્યા, કેટલાએક તોબા તોબા પોકરવા લાગ્યા, તેમને નાશી જવાનો કોઇ પ્રકારનો લાગ મળ્યો નહીં. જે મુસલમાનો હોંશ ભર્યા ગુજરાત ઉપર ચઢી આવ્યા હતા ને હિંદુ પ્રજાનો નાશ કરી તેમને વટલાવી તેમના બૈરા છોકરાને પકડી ગુલામો કરવાની ઉમેદ મનમા રાખતા હતા તેમાના પોતાના પાદશાહને થએલા ભુડા હેવાલ કહેવા જવાને ભાગ્યેજ બચ્યો હશે. તેમના ધડથી જુદા પડેલા માથાના ગાડા ભરાવી વિજયનાદ કરતો મત્રી પોતાના રાજધાની તરફ ચાલ્યો. અને મુસલમાનોનાં ધડ ડુગરના ગીધ, ગરજણ, સમળી કાગડા વિગેરે માસાહારી પશુ પક્ષીઓની ઉજાણી થવા સારૂ આબુની ખીણોમા રખડતા રહેવા દીધા.

આ પ્રમાણે તેણે જય મેળવી લાખ મુસ્તક ભરેલા ગાડા ધોળકામા લાવી ને પોતાના સ્વામીની હજુરમા દેખાડ્યા. આથી રાણો ઘણોજ પ્રસન થયો અને મત્રીના અતિશય વખાણ કરીને તેને ઘણીજ બક્ષિસ તથા ગરાસ આપ્યો.

દિલ્હીના બાદશાહ સાથે આ પ્રમાણે વેર વધવાથી મત્રી હમેશાં વિચારમા રહેતો હતો કે કોઇ વખત ગુજરાતને માથે લઢાઇનું દાવાદળ આવી આવી પડશે, તેની ફીકરમા તેવું ન બનવા પામે તેવા વિચારની ગોઠવણી કરતો રહેતો હતો, ને તેના ઉપાય શોધતો હતો. હમેશા સારા મત્રીઓ રાજાને પોતાના રાજની જેટલી ચીતા હોય છે તેનાથી વિશેષ ચિતા પોતે રાખે છે. જેથી ગુજરાતના રાજને દિલ્હીના પાદશાહની મિત્રાઇમા આણવાની તે તક જોતો હતો, તેવામા એક એવો પ્રસગ બન્યો કે જેથી વસ્તુપાળની ધારેલી ધારણા સપુર્ણ રીતે પુરી પડી.

દિલ્હીના સુલતાન મોજદીનની વૃદ્ધ માતા મક્કા યાત્રા જવા સારૂ ગુજરાતમા આવી કોઇ વહાણવટીને ત્યા આવ્યા. આ સમાચાર વસ્તુપાળના જાસુસોથી તેના જાણવામા આવ્યા. જેથી તેણે બદર ઉપર તેઓ જાય તે વખતે પોતાને ખબર આપવાની તેઓને આજ્ઞા કરી, ને તે મુજબ જ્યારે તેઓ બંદરે જતાં હતાં ત્યારે હેરકોથી તે બાબતની ખબર મળવાથી પોતાના ભીલોને મોકલીને તેમનુ સર્વસ્વ લુટાવી લીધુ. જે બાબત વહાણવટીઓએ તે વૃદ્ધ

રાજમાતા તરફથી મંત્રીને ફરીઆદ કરી કે મોજદીન સુલતાનની માતા અ-મારી સાથે યાત્રા કરવા સારૂ આવે છે, તેમને માર્ગમાં તમારી પ્રજામાંહેના ભીલ લોકોએ લુંટી લીધાં. આ હકીકત સાભળી મંત્રીએ ભારે દિલગીરી દેખાડીને જેમ ભારે શ્રમ કરીને લુંટનો પત્તો મેળવ્યો હોય તેવી રીતે લુંટેલી તમામ ચીજો પાછી મંગાવી આપી. પછી રાજમાતાને પોતાને ત્યાં તેડી ગયો ને તેમની ઘણી પરોણાચાકરી કરી. પછી તેણે તેમને પુછયું કે માતાજી તમારે યાત્રા જવાની ઇચ્છા છે? તેના જવાબમાં તેમણે યાત્રા જ-વાનોજ પોતાનો દ્રઢ નિશ્ચય જણાવ્યો. જેથી તેમને પોતાને ત્યા થોડા દિવસ વધારે થોભવાની વિનતી કરી, તેથી તેઓ મંત્રીના કહેવા મુજબ ત્યાં રહ્યાં. પછી સુતારોને બોલાવી તેણે એક સુંદર તોરણ તૈયાર કરાવ્યું. પછી યાત્રાના કામ સારૂ જે જે સામગ્રીની જરૂર હતી તે તમામ ભેગી કરી. વળી ત્યાં યાત્રા જવામાં ત્રણ માર્ગ આવે છે, જેમા દરિઆમાં વહાણમાં બેશીને જવાનો, ઉંટ ઉપર બેશીને જવાનો, અને ઘોડાની સ્વારીનો; આ પ્રમાણે ત્રણ પ્રકારના માર્ગને વાસ્તે જે જે સામગ્રીની જરૂર હતી તે તે પ્રકારની તમામ સામગ્રી તેણે તૈયાર કરાવી. મક્કાના રાજાને ભેટ કરવા સારૂ ઉત્તમ પ્રકારની ચીજો તેમને આપી; ને પોતાના સુતારોને તે તોરણ ગોઠવવા સારૂ ડોશીની સાથે મક્કે મોકલવા સાથે લેઇ પોતે બંદર ઉપર વળાવવા સારૂ ગયો ને તેમને માર્ગમાં કોઇ પ્રકા-રની હરકત પડે નહીં તે બાબતનો પાકો બંદોબસ્ત કર્યો. સુખરૂપે મક્કા પ-હોચ્યા પછી ગુજરાતના સુતારોએ પોતે બનાવેલું તોરણ મક્કાના દરવાજાને બાંધ્યું જેથી ત્યાનો રાજા તથા આવેલા યાત્રાળુઓ ઘણા રાજી થયા. તેમણે ત્યાના રાજાપાસે ઘણા દીવા કરાવ્યા ને તેને ઘણી ભેટ ધરી જેથી ત્યાં તેમને ભારે યશ મળ્યો. આ પ્રમાણે સુખરૂપે મક્કાની યાત્રા કરી મોજદીન સુલતા-નની માતા સુખરૂપે ખંભાતના બંદરમા પાછાં આવ્યા તે વખતે મંત્રી તેમને બંદર સુધી સામો તેડવા ગયો; ને નગરમાં પેસતી વખતનો પ્રવેશોત્સવ કરા-વ્યો. તેમને દશ દિવસ સુધી દરબારમાં રાખી પછી પાંચસેં ઘોળા વછેરા ને નાના પ્રકારના વસ્ત્રાલંકાર સાથે રાખીને તેણે મોજદીનની માતાને કહ્યું કે મા-તાજી આપ આજ્ઞા કરો તો અને આપનો પુત્ર સુલતાન મારી યોગ્ય બરદાસ કરે તેવી આપની પાકી ખાત્રી હોય તો હુ આપને ઠેઠ દિલ્હી સુધી પહોચા-ડવા સારૂ આવું. ડોશીએ કહ્યુ કે ત્યા મારૂંજ ચલણ છે ને મારો પુત્ર કદી મારી આજ્ઞા લોપતો નથી, માટે તમો સુખેથી ચાલો. પછી પોતે મહારાણા વીરધવળની આજ્ઞા લેઇ વસ્તુપાળ ઠેઠ દિલ્હી ગયો. જ્યારે દિલ્હી બે ગાઉ રહી ત્યારે પોતે ડોશીની આજ્ઞાથી ત્યાં મુકામ રાખીને પડયો, ને માતાજી

દિલ્હી ગયાં. ત્યાં સુલતાન મોજદીન પોતાની સ્વારી સાથે સામો આવી પોતાની માતાને આનંદથી મળ્યો ને પુછયું કે માતાજી આપે સુખરૂપે યાત્રા કરી? તેનો જવાબ રાજમાતાએ કહ્યો કે આપ જેવા પ્રતાપવાન પુત્રની હું માતા છતા મને યાત્રામાં કશી હરકત પડે તેમ બનેજ નહીં. પછી કહ્યુ કે તારા જેવોજ પ્રતાપી વસ્તુપાળ કરીને એક પુત્ર છે તેણે મને સુખ સાતામા યાત્રા કરાવી. વસ્તુપાળ સબંધી સુલતાને પોતાની માતાને વિશેષ પુછતા કેવા વિનયથી પોતાની ઉત્તમ પ્રકારની બરદાસ કરી તે ડોશીએ એવી સરસ યુક્તિથી કહ્યું કે તેથી સુલતાન ઘણો રાજી થયો ને તેને પોતાની સાથે દિલ્હી ન લાવવાનું કારણ પુછયું. જેથી ડોશીએ તેને પોતાની સાથે તેડી આણ્યાની ખબર આપી, જેથી સુલતાન ઘણો ખુશી થયો; ને તેના મર્ત્તબા મુજબ તેને તેડવા માણસો વગેરે મોકલી દિલ્હીમા તેડાવી તેના ઉપર પોતાનો પ્રેમ જણાવ્યો. અને પોતાની માતુશ્રીની આવી ઉત્તમ પ્રકારે ચાકરી કરી તેથી તેને ઘણી સાબાશી આપી અને તેની નજરમા આવે તે પોતાની પાસે માગવા તેને કહ્યું. આ વખતે પોતાની જાતને વાસ્તે વસ્તુપાળને ઘણુ માગવાનું હશે અને તે તેણે માગ્યું હોત તો બાદશાહ આપવાને કદી પણ આનાકાની કરત નહી. પણ આ ઉદાર અને સતોષી મંત્રીએ પોતાની જાતને સારૂ કશુ ન માગતાં ફક્ત પોતાના ગુર્જર સ્વામી પ્રત્યે બાદશાહનુ રાજ રહે ત્યાસુધી સધી રાખી માયા પ્રીતિથી વર્ત્તવા અરજ કરી. બાદશાહે તે ઘણી ખુશીથી અગીકાર કરી તે પ્રમાણે વર્ત્તવા વચન આપ્યુ.

વસ્તુપાળની મોટાઇ અને સ્વામીભક્તિ જોઇને તે ઘણોજ ખુશી થયો અને તેને ઉત્તમ પ્રકારનો શરપાવ આપી ગુજરાત દેશમા પહોચતો કર્યો. વસ્તુપાળ મોટા હર્ષ સાથે ગુજરાતમા આવ્યો; અને પોતાના રાજાને ધોળકામાં આવીને મળ્યો. વીરધવળે તેને દિલ્હીમાં બનેલી સર્વ હકીકત પુછી જેના જવાબમા તેણે ત્યા બનેલી સર્વ હકીકત કહી સભળાવી. પોતે બાદશાહ પાસે જે માગણી કરી તે પણ કહ્યું. વીરધવળે સર્વ હકીકત સાભળી ઘણા પ્રસન્ન થઇ દશ લાખ મોહરો વસ્તુપાળને બક્ષિસ આપી જે તેજ વખતે આ મહાન અને લોભરહીત મત્રીએ બ્રાહ્મણોને વ્હેંચી દીધી. તે વખતે કવિઓએ તેના ઘણાં વખાણ કરી સસ્કૃતમા શ્લોક કહ્યો; જેની મતલબ એવી છે કે કમળ ઘણાં શ્રીમંત છે તોપણ એકલા (દ્વીજરાજ) ચદ્રને જોઈ સકોચ પામે છે અને લાખ દ્વીજરાજ (બ્રાહ્મણો) આવે તોપણ વસ્તુપાળના હસ્તકમળ વિકાસ પામે છે. શત્રુઓનુ ઉચ્ચાટન કરવામાં તથા લક્ષ્મીનું આકર્ષણ કરવામા અને

રાજાનું મન વશ કરવામાં હે વસ્તુપાળ મંત્રીશ્વર તારો સિદ્ધ થએલો મંત્ર સ્ફૂર્ણ પામે છે.

આ પ્રમાણે બ્રાહ્મણોએ ઘણી સ્તુતિ કરવા માડી ત્યારે વસ્તુપાળ જે ઉદાર અને મોટા મનવાળો હતો તે શરમાઈને નીચુ જોવા લાગ્યો. તે વખતે મહા-નગરના નાના પડીતે જે શ્લોક કહ્યો તેની મતલબ કે તું એકલોજ ભુવનને ઉપકાર કરનારો છે એવું સત્પુરૂષો કહે છે, તે સાભળીને તને લાજ આવે છે તેથી તું પૃથ્વીતળ ભણી જુએ છે તેનું મૂળ કારણ હું જાણું છું. હે સરસ્વતિના મુખને શોભા આપનાર વસ્તુપાળ તું બળી રાજાના જેવો દાનશીળ છે. એ બળી રાજા પાતાળમા છે તેને અહીં આણવા માટે પૃથ્વીમાં માર્ગ ખોળે છે. તેજ વખતે કમળાદિત્ય કવીએ એક શ્લોક કહ્યો તેની મતલબ કે વસ્તુપાળે લક્ષ્મીને ચપળ જાણીને યાચકોને આપી દીધી; એ લક્ષ્મીએ કીર્ત્તિ નામની દીકરી જણી તે દીકરી ભુવનમા રમણ કરે છે તે વાત સાભળીને એ લાજે છે માટે એ મહાન છે.

એ વખતે વસ્તુપાળના જાણવામા આવ્યું કે ગીરનારની યાત્રા કરનાર યાત્રાળુઓ પાસેથી ભરડા લોકો આગળના રાજાઓએ બાંધી આપેલો કર ઉ-ઘરાવે છે તેથી લોકો ઘણા પિડાય છે. પછી મત્રીએ તે ભરડાઓને બોલાવી મહારાજા વીરધવળની સંમતીથી કુહાડી નામે ગામ આપ્યુ અને તે ત્રાસ-દાયક કર ઉઘરાવવાનું કામ બંધ કરાવ્યું. આધળા, લુલા વિગેરે નિરાશ્રીત થયેલાં હોય તેઓને ઘેર તે અન્ન પહોચાડતો હતો. તે પણ પરદુઃખભજન ગણાયો છે. સારા મત્રીના ઉજ્વળ યશ તેના સ્વામીને દિપાવે છે. ઉત્તમ પ્ર-કારના સુવર્ણમા કુંદન મળે તેવીજ રીતે મહારાજ વીરધવળ જે સર્વ ગુણ સપન્ન દાનેશ્વરી અને વિદ્યાનો વિલાસી હતો તેને વસ્તુપાળ જેવો શ્રેષ્ટ મંત્રી મળ્યો હતો જેથી કશી ખામી રહી નહોતી.

વીરધવળને બે કુમાર વીરમદેવ અને વીશળદેવ હતા. વીશળદેવ ઠરેલ અને શાણો તેમજ ગભીર હતો; તેવોજ વીરમદેવ ઘણો બહાદુર હતો અને શૂરાઓમાં વખણાતો હતો; પણ તેવોજ તેનામા અવિચારીપણાનો મોટો અ-વગુણ હતો, જેથી સારા નરતાની તુલના તે બરોબર કરી શકનો નહીં. એક વખત આકાશમાં વીજળી થઇ તે વીજળી રખેને પોતા ઉપર પડે એમ ધારી તે પોતાનો નાશ કરે ત્યાર પહેલા પોતેજ નાશ તેનો કરવો એવું વિચારી ગુસ્સામાં તેને મારવા તરવાર ખેંચી ઉંચો કુદો.

એક વખત ધોળકામા એકાદશીને દિવસે ઘણા લોકો એક મોટો મેળો

ભરાયો હતો ત્યાં ભેગા થયા હતા. તે દિવસે એક મોટું પર્વ હતું ને તે પર્વનો મહિમા એવો હતો કે એક ઝાડ કે જે ત્યાં મુકરર કરેલું હતું તે ઝાડ નીચે યથાશક્તિ ૧૦૮ સોપારી, દમડા, ફળ કે જે પોતાનાથી બની શકે તે ભેટ કરવું એવો ચાલ હતો. વીરમદેવ પોતે પણ આ મેળામા હતો તેણે ૧૦૮ દમડા મુક્યા. એ અરસામાં કોઇ વણીકે આવી ૧૦૮ મોતી મુક્યા. આ શુરવિર પણ ઉછાછળા યોદ્ધાથી તે સહન થઇ શકયુ નહીં. તેને ઘણુ અપમાન લાગ્યું; અને ક્રોધના આવેશમા વાણીઆએ પોતાનાથી વધારે અવેજ મુકી મારૂં અપમાન કર્યું, એમ બરાડતો ઉઘાડી તલવાર લેઇ તેની પુઠે દોડયો. નરમ દાળનો ખાનાર અને ઢીલી કાછડીનો ખોસનાર શેઠ તો હાફતો હાફતો મોતના ડરથી નાઠો ને તેની પુઠે વીરમદેવ પડયો. ભયનો માર્યો વાણીયો થરથરી ગયો. તેના મુખમા શ્વાસ માય નહીં વસ્ત્રો વેરણછેરણ થઈ ગએલાં છે; ને થોડીવારમા વીરમને હાથે માર્યો જવાના ડરથી નાસતો વાણીયો વીરધવળ રાણો જ્યા સભા કરીને બેઠો છે ત્યા આવી પહોચ્યો. તેની પુઠે વીરમદેવ પણ આવ્યો. તેને જોઈ રાજાએ તેને સખત ઠપકો આપ્યો ને કહ્યુ કે દાન કરવામા વાણીયો તારાથી વધ્યો તેની અદેખાઇ કરવાની તારે શી જરૂર હતી? વાણીઆઓને તો હુ મારો જંગમ કોષ ગણું છું ને મારી હયાતી સુધી કોઇથી તેને દુભાવી શકાનાર નથી. વાણીઆઓથીજ મારૂં રાજ્ય શોભે છે. આ પ્રમાણે વીરમને બોધ સાથે ઠપકો આપીને તેને વીરમગામ આપી ત્યા રહેવાની ગોઠવણ કરી આપી. આ ગોઠવણ વીરમદેવને ગમી નહીં પણ પિતાની આજ્ઞા પાછી ફરે નહીં તેથી લાચારીથી તેણે ત્યા રહેઠાણ કર્યુ.

વીશળદેવ ઘણો ડાહ્યો હતો જેથી તેના ઉપર હમેશા રાજા પ્રસન્ન રહેતો હતો. તેનામા કેટલાએક ગુણ પરદુઃખભંજન વિક્રમ જેવા હતા, ને રાજમત્રી વસ્તુપાળ પણ ઉત્તમ પ્રકારનુ માન તેનેજ આપતો હતો. વસ્તુપાળના મનમાં વીરમદેવનો બિલકુલ ભરોસો નહોતો. તે ધારતો કે વીરમદેવ ખળ છે તેથી તે કોઇક દિવસ ઓચિંતુ રાજ્યને જોખમમા નાખશે, જેથી તે હમેશા સાવધાન રહેતો; ને લશ્કરને પણ જાગ્રતિમાં તૈયારજ રાખતો હતો. એવામા રાણા વીરધવળને મોટો વ્યાધી થયો જેમાથી તે બચી શકશે નહીં એમ જણાયુ. જેથી વીરમદેવ પોતાના બળવાન યોદ્ધાઓને લેઇને બાપને જોવા આવવાના હેતુનું ડોળ દેખાડી વીરમગામથી ધોળકે આવ્યો. તે વેળા આ ચતુર મત્રી તેનો વિચાર સમજી ગયો. જેથી સુવર્ણકોશ, ભડાર, હાથી, ઘોડા વિગેરે ઉપર પોતાના ભરોસાના અને અંગના માણસોની નીમનોક કરી જેથી વીરમદેવનો વિચાર કાંઇ પણ પાર પડયો નહીં. પછી પોતાને વાસ્તે બધાવેલા મહેલમાં

જઇને વીરમ રહ્યો હતો. ત્રણ દિવસ મદવાડ ભોગવીને આ પરાક્રમી શૂરો અને પરદુખભજન મહારાણો વીરધવળ સ્વર્ગે ગયો. પ્રજા મહા શોકસાગરમાં પડી. નગરમાં અને આખા રાજ્યમાં હડતાળ પડી. આ વખતે વીરમદેવ સજ્જ થઇને ગાદીપતિ થવા સારૂ પોતાના બળવાન યોદ્ધાઓ સાથે આવતો હતો; પરતુ મંત્રીએ તેનો શ્રમ મિથ્યા કર્યો ને વીશળદેવને વ્યાજબી હકદાર રાજા ગણી તેને રાજગાદી ઉપર બેસાડયો, ને તેના નામની આખા રાજ્યમાં દુવાઇ ફેરવી.

વીરધવળ રાજાના ઉપર તેમના હજુરી ચાકરી કરનાર ચાકરોનો ઘણો પ્રેમ હતો. સારા રાજાઓ પોતાના નોકરોને કેવા માનથી તથા પ્રેમથી રાખે-છે તેનો ઉત્તમ દાખલો વીરધવળ રાણા જેવો બીજો ભાગ્યેજ મળી શકશે. કહે છે કે તેને જ્યારે અગ્નિસસ્કાર કરવામા આવ્યો ત્યારે શોક સમુદ્રમાં બુ-ડેલા તેના ૧૮૦ ચાકરો તેના બળતા શબની ચિતામા પડીને બળી મુઆ ને તેથી પણ વધારે મરવાનો સભવ હતો પણ વસ્તુપાળ મત્રીએ ફોજની મદદ લેઇને તેમ થતું અટકાવ્યું.

આ જગ્યાએ વીરધવળની મહત્તાની પરિસીમા ગણાય છે. ચાકરો તેની ચિતામા પડતા મુકી બળી મરે તે તેની તેમના ઉપરની માયાની અવધી છે. વીરધવળ પોતાના શેવકોને કલ્પવૃક્ષ જેવો હતો ને તેથીજ તેને તેઓ વધારે ચહાતા હશે. તેમજ તેની રૈયત પ્રત્યેની લાગણીનો ઉત્તમ નમુનો વીરમ વા-ણીઆને પોતાની બરોબરી કરવા સારૂ તરવાર લેઇ મારવા દોડયો તે વખતે જોયો છે. તેણે પોતાની સભા દેખતા વીરમને કહ્યુ હતું કે વાણીઓ તો મારો જગમ કોપ છે ને હુ મરના સુધી તો તેમને દુખ પડવા નહીં દેઊ. આ વીરધવળના શબ્દો તેની રૈયતને અમૃત કરતા પણ વધારે વ્હાલા હતા.

રાણા વીરધવળના મરણ પછી પાટવી કુમાર વીશળદેવ સવત ૧૨૮૧. ઇ.સ. ૧૨૨૫ મા ગાદી ઉપર બેઠો. આ રાજાના જન્મ સબધીની દતકથા અદ્દ્ભુત અને મનોરજક છે. કહે છે કે મહારાણા વીરધવળને સંતતી નહોતી, જેથી તેણે પવિત્ર બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવ્યો; ને તેના પ્રભાવથી રાણી મહીંષિ જેને લાડમાં રત્નાગી કહેતા તે રાણીને ગર્ભ રહ્યો. તે વાત બીજી રાણી-ઓ જે તેની શોકયો હતી તેમના જાણવામાં આવી, તેમનાથી તેનું આ સુખ સહન થઇ શકયું નહીં ને પોતાના પતિના વંશની ઉન્નતી તરફ લેશ માત્ર પણ વિચાર ન કરતાં તે રાણીને શી રીતે દુઃખ દેવાય તે તરફ તેમણે ન-જર દોડાવી, જેથી મત્રજત્રથી પ્રવીણ એવા એક ગોરજીને તેમણે તેડાવ્યો; ને ગર્ભમાં રહેલી સંતતીનો પ્રસવ ન થાય તેનો ઉપાય પુછયો. ગોરજીએ એક

અડદનું, પુતળું બનાવી તેનો કેટલોએક વિધિ કરી એક મોટી માટલીમાં ઘાલીને ઉંડુ જમીનમાં દટાવ્યું, ને કહ્યું કે જ્યા સુધી આ પુતળું જમીનમાં દાટેલું રહેશે ને બહારનો પવન તેને લાગશે નહીં, ત્યા સુધી એ બાઇને કદી છુટાછેડા થશે નહીં. આ પ્રમાણે ગર્ભનો પ્રસવ અટકવાથી પુરા માસ થયા પણ રાણીને પ્રસવ થયો નહીં. દશ બાર પંદર અને છેવટ વીશ માસ થવા આવ્યા પણ પ્રજા અવતરી નહીં. ગર્ભ મુક્ત ન થવાથી રાણીને અતી કષ્ટ થવા માંડ્યું; ને બહુજ ગભરાવા લાગી. આખરે જીવતરથી કંટાળી રાજાની આજ્ઞા માગી નર્મદામા જલશાઇ કરવાની ઇચ્છા રાખી ત્યાં જવા નીકળી, ને ડભોઇ પહોચી. ત્યાં નજીકમા એક તેગા નામના ગામડાને પાદર મુકામ કર્યો. રાણી સાથે માણસોનો એક નાનો રસાલો હતો. રાણી પોતાને થતા અસહ્ય કષ્ટથી મોટેથી બુમો પાડતી હતી. નજીકમાં એક મોટા સિદ્ધ મહાત્માનું રહેઠાણ હતું. રાણીની બુમો સિદ્ધના સાભળવામા આવી, જેથી પોતે તે દુખીઆરા માણુસ સબંધી તજવીજ કરી લાવવા પોતાના શિષ્યને આજ્ઞા કરી. તેણે સર્વ હકીકતથી વાકેફ થઇ પોતાના ગુરૂને જાહેર કરી. ગુરૂએ સમાધી ચઢાવી સર્વ હકીકત જાણી લીધી. પછી પોતે રાણી પાસે આવી તેને દિલાસો આપી શાન્ત કરી; ને એક નવીન અને ડહાપણ ભરેલી યુક્તિ તેને બતાવી અને કહ્યુ કે તમારા સ્વામી જ્યા છે ત્યા આજ વધામણીનો પત્ર લખીને મોકલાવો કે ડભોઇ મુકામે મને કુંવર અવતર્યો છે. રાણીએ વિનતી કરી કે આવતી કાલે મારે નર્મદામાં જલશાઇ કરવી છે, તો આ જુઠી વધામણી મોકલવાથી શો ફાયદો છે? ગુરૂજીએ એ સંબંધી ખુલાસો ન કરતાં પાછળથી ફાયદો બતાવવાનું કહ્યુ, ને રાણીએ લાચારીથી ગુરૂજીની આજ્ઞા માની પોતાના કારભારી પાસે પત્ર લખાવી એક સાઢણી સ્વાર તૈયાર કરાવી તેને પાટણ મોકલ્યો. આ કંકોતરી મહારાજા વીરધવળ દરબાર ભરીને બેઠા હતા ત્યાં વાચવામા આવી. મહારાજાના હર્ષનો પાર રહ્યો નહીં. તેમણે ઘણા દાન પુન્ય કર્યા, વધાઇના વાજા વગડાવ્યા, ને પુત્ર જન્મ ઉત્સાહનો મોટો સમારંભ કરી આખા શહેરમા હાથી ઉપર ભરી સાકરો વહેચાવી, કારાગ્રહના કેદીઓને બંધનમુક્ત કર્યા, ભાટ ચારણો ને બ્રાહ્મણો આશીર્વાદના શ્લોકો તથા કવિતાઓ બોલવા મંડ્યા ને આખા નગરમા જયજયકાર થઇ રહ્યો. જે વખતે પૂર્ણ આનંદ સઘળે થઇ રહ્યો તે વખતે ખરા દુઃખમાં તે રાણીની શોકયોજ હતી. તેઓએ આ બીના શાથી બની તે સબંધી વિવિધ વિચાર કર્યા ને પુતળુ દટાવનાર ગોરજીને બોલાવી આ પ્રમાણે થવાનું કારણ પુછ્યું. ગોરજી તો પોતાના વિચારમાં અડગજ હતો. તેણે પ્રસવ થયાની વાતને ખોટીજ કહી; પણ રાજાએ કરેલી ધામધુમથી રાણીઓને ગોરજીની વાત ઉપર ભરોસો આવ્યો

નહીં ને તેને તેઓએ ઘણોજ ઠપકો દઈ ધિક્કાર આપ્યો; ને દાટેલા પુતળાની શી વ્યવસ્થા થઈ છે તે જાણવા સારૂ તે પુતળાને ખોદી કાઢવા પ્રયત્ન કર્યો. ખોદતાં કોઈ રાણીના કોદાળીના ઘાથી તે માટલું ફુટી ગયુ; ને અંદરના પુતળાને બહારના પવનનો સ્પર્શ થયો. પુતળુ સલામત હતું જેથી રાણીઓ બીકી પડી ને પસ્તાવો કરવા લાગી.

જે વખતે પુતળાને પવનનો સ્પર્શ થયો તેજ વખતે ડભોઇ પાસેના તેગા ગામમા, જ્યાં રાણીનો મુકામ હતો ત્યા જેને વીશ માસથી પ્રસવ થયો નહોતો, તે રાણીને તુરતજ છુટા છેડા થયા ને સુંદર કુમારનો જન્મ થયો. આ કુમારનો જન્મ વીશ માસે થવાથી તેમનું નામ વીશળદેવ પાડવામા આવ્યું. રાણીએ પોતાના કષ્ટથી મુક્ત થઇને ગુરૂજીને સર્વ હકીકત જાહેર કરી. રાણીને ગુરૂજીએ ખોટી વધામણી મોકલવાનું ખરૂં કારણ હવે સમજાવ્યુ; ને તેની શોકયો તરફથી તેને આ દુઃખ આપવામા આવ્યુ છે, તે પણ બધી હકીકત સમજાવી, ને આજ તમામ હકીકતનો ખરો કાગળ લખવા સારૂ ભલામણ કરી. રાણીએ તેજ વખતે તમામ હકીકતનો વિગતવાર પત્ર લખી રાણા વીરધવળને મોકલ્યો. તે પત્ર વાચવામા આવ્યો ત્યારેજ રાણાના જાણવામાં સર્વ હકીકત આવી ને બીજી રાણીઓ જેઓએ મુર્ખાઇની ઉતાવળમાં માટલું ફોડી નાખ્યું હતું તેઓ ઘણુજ પસ્તાવા લાગી.

રાણા વીરધવળે બીજી રાણીઓની અદેખાઇથી પોતાની માનીતી રાણીને આટલું બધું કષ્ટ થયાનું જાણ્યુ ત્યારે તેને વિચાર થયો કે જે શોકયોએ આટલો બધો પ્રપચ કર્યો છે તેઓ જો રાણી કુવરને તેડી અહી આવશે તો તેઓનો નાશ કરવા ચુકશે નહીં. એવો વિચાર કરી પોતાના ડાહ્યા મંત્રીની સલાહ લેઈ રાણીને રાજધાનીમા પોતાની પાસે નહીં તેડાવતાં ડભોઇમાંજ કુવર મોટો ને સમજણો થાય ત્યાંસુધી રહેવાની આજ્ઞા કરી તે પ્રમાણે લખી મોકલ્યુ. આજ પ્રતાપી કુમાર પાટણનો મહારાજાધિરાજ થયો ને આગળ ઉપર ઘણીજ નામના કાઢી.

આ રાજાને પોતાની જન્મભુમી ડભોઇ જ્યા તેણે પોતાની બાલ્યાવસ્થા ગુજારી હતી, તે સ્થાન ઘણુંજ પ્રિય હતું. જેથી પોતે સ્વતત્ર થયો ત્યારે તે નગરને કોટ બાધવાનો વિચાર કર્યો; ને તે કામ હીરા નામના પ્રખ્યાત શીલ્પશાસ્ત્રીને સોંપ્યુ. આ હીરો ઘણોજ ચતુર સલાટ હતો. તેણે કોટ બાંધવા માંડયો, તેને વાસ્તે વપરાતા પત્થર સોનગઢના ડુંગરમાંથી આવતા હતા. આ હીરાને એક રખાયત સ્ત્રી હતી જે તેને ઘણીજ પ્રિય હતી. હીરાએ કોટ

બાંધવા માંડયો ને તેને એક સુંદર દરવાજો બાંધવા માંડયો. તેમાં એટલી બધી કારીગરી વાપરી કે તે ઘણો પકાયો છે. દરવાજાનું કામ પુરૂં થવા આવ્યું ને કોટ ચણાતો હતો તેવામા તેની રખાયત જેનું નામ તેનબાઇ હતું, તેણે હીરાને પોતાનું નામ રાખવા કાંઇ મકાન બાંધવા આગ્રહ કર્યો; ને તે પણ એક સુંદર સરોવર બાંધવા કહ્યુ. આ ઉપરથી હીરાએ પોતાની પ્યારી માશુકની ઇચ્છાને તાબે થઈ ડભોઇથી સાત મૈલ દુર એક ભવ્ય તળાવ બાંધવા માંડયું; ને તેમા ઘણીજ ઉંચી જાતના પત્થર વાપર્યા. આ પત્થર ડભોઇના કોટ સારૂ જે ગાડા સોનગઢથી આવતા હતાં તેમાથી લેવા માંડ્યા; ને તે પત્થરોથી તે સુંદર સરોવર બાંધ્યું. આ ગોઠવણ ગુપ્ત હતી જેથી વીશળદેવ મહારાજના પાટણમા રહેવાથી જાણવામા આવ્યુ નહીં. આ સરોવરનું નામ તેન તળાવ પાડયું, જે અત્યારે પણ મોજુદ છે. વડોદરેથી ચાણોદ જતી રેલ્વેમાથી તે દેખાય છે. તેની પાસેના ગામડાનુ નામ પણ એ તળાવના નામ ઉપરથી તેન તળાવજ કહેવાય છે. ને પોતાની માશુકના પ્રેમમાં આંધળા થએલા પુરૂષો પોતાની જાતના જોખમ ખેડી કેવા મહાન કામો કરવા હિમ્મતવાન થાય છે તે બતાવવાનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

આ પ્રમાણે તેન તળાવમા ઘણાજ પત્થરો વપરાયાથી ડભોઇનો કિલ્લો ચણવામા હીરો સલાટ પત્થર વાપરી શકયો નહીં. તેથી તેણે કોટ ઈટ માટીથી ચણી શોભા સારૂ બને બાજુએ પત્થર ગોઠવવા માંડ્યા. આથી ડભોઈની પ્રજા ઘણી નારાજ થઈ. તેઓની ધારણા પોતાના નગરને મહારાજાની આજ્ઞા થવાથી તમામ પત્થરનો કોટ થશે એવી હતી, પણ આ પ્રમાણે થવાથી તેઓ ઘણા નાઉમેદ થયા; ને મહારાજાને આ હકીકત જણાવવાની ઈચ્છા કરી. પણ મહારાજા પાસે હીરાનું ઘણુજ માન હતું તેથી ત્યાં જાહેર કરવાની તેમની હિમ્મત ચાલી નહીં. આખરે સર્વાનુમતે ઠરાવ કરી રાજમાતા જે હયાત હતાં ને જેઓનુ ડભોઈમાં લાબી મુદતનું રહેઠાણ થએલું હોવાથી ઘણા સારા માણસોના સમાગમમા આવવાનું થએલું હોવાથી તેમને આ હકીકત જાહેર કરવા ઠરાવ કર્યો. તે પ્રમાણેનો પત્ર લખી પાટણ મોકલાવ્યો. રાજમાતાએ આ પત્ર વાંચી પોતાના પુત્રને જણાવવા એક નવીન યુક્તિ યોજી. તે દીવસે કુમાર વીશળદેવને જમવાની રસોઇ પોતાને હાથે તૈયાર કરી ને તેમાં વેડમી (પુરણપોળી) નું જમણ બનાવી તૈયાર કર્યું. આ પુરણપોળીના જમણમાં પ્રથમ તુવેર કે ચણાની દાળને ચઢવી એકરસ થયેથી તેમા ગોળ, ખાંડ કે સાકર નાખી તેને એકરસ કરી માવા જેવું થાય ત્યારે ઉતારી ઘઉંની કણુકની ચોટલી જેવું કરી વચ્ચે સદરહુ માવો જેને પુરણ કહેછે તે નાખી કોરો વાળી લેઇ તેની રોટલી

વણી શેકે છે, તેને પુરણપોળી કહે છે, તેવી બનાવી મહારાજાના ભાણામાં પીરશી.

મહારાજા વીશળદેવે પોતાની રસોઇ પોતાની માતુશ્રીએ તૈયાર કરેલી ને તેમાં હમેશના જેવી ઝીણી રોટલી ન જોતાં જાડી રોટલી જોઇ ત્યારે ઘણું આશ્ચર્ય પામ્યો. જમતાં રોટલીની વચ્ચેથી જ્યારે પુરણના લોચા જણાયા ત્યારે વિચારમા પડયો. તેની મુખમુદ્રા ઉપરથી રાજમાતા સમજી ગયાં ને વિચારવાનું કારણ પુછતાં વીશળદેવે જવાબ આપ્યો કે આપ મને કાંઇક શીખામણ આ-પો છો. જે ઉપરથી તેની માતુશ્રીએ મ્હોં મલકાવી શી શીખામણ આપું છું તે વિશે પુછ્યુ? રાજાએ કહ્યુ કે બીજી તો સમજણ પડતી નથી પણ મારા રાજ્યમા ઉપરથી આ રોટલીના ઉપરના પડ જેવી સુંદર ટાપટીપ છે પણ અં-દર તો આ પુરણના લોચા જેવા ગરબડગોટા હોવા જોઇએ એવું સમજાય છે. તેની માએ તેનું અનુમાન ખરૂં જણાવી ડભોઇના કિલ્લા વિશે કહ્યું કે હીરો સલાટ ડભોઇના કોટમાં ઇંટ માટીનું ચણતર કરી આજુબાજુ શોભા સારૂ પત્થર ગોઠવે છે, ને સારા પત્થરથી તેની રખાયત સ્ત્રી તેનાના આગ્રહથી સુંદર તળાવ બાંધ્યુ છે. આ સમાચાર જાણી રાજા ઘણોજ ગુસ્સે થયો ને એકદમ ડભોઇ આવીને સર્વે તપાસ્યુ. હીરા ઉપર પોતાને ઘણોજ ક્રોધ ચઢયો, જેથી તેણે જે દરવાજો ઘણોજ સુંદર બાંધ્યો હતો ને જેની કમાન વાળવાની અધુરી હતી તેજ દરવાજામા તેને જીવતો ચણાવી લેવાની આજ્ઞા કરી પોતે પાટણ પાછો ગયો.

ચણવાનું કામ કરનાર કડીઆ હીરાના સગાવહાલા ને આશ્રિત હતા, તેઓએ તેનબાઇના કાલાવાલા ને આગ્રહથી કિલ્લાનો ઓસાર (પહોળાઇ) જે ઘણો મોટો હતો તેમાં ભોંયરા (ટાકા) જેવું ચણી વચ્ચે ફરવા હરવાની છુટ રાખી હીરાને અંદર ઘાલી ચણી લીધું. પણ પવન જવા આવવાને એક બાકું રાખ્યું, તેમાંથી અંદર પવન આવવાની છુટ રહી. તેનાં દરરોજ આખો દીવસ રાત ચાલે તેવો ઘીનો દીવો કરી બાકોરામાં મુકતી, અને દરરોજ શેર ઘી બાકોરામાં રેહતી તેના રેલા અંદર ઉતરે તે ચાટીને દીવાના અજવાળાથી તે જીવતો રહ્યો.

દરવાજાની કમાન તે કડીઆ વાળી શકયા નહીં, જેની મહારાજાને પાટ-ણમાં ખબર આપી, તેથી તેમણે ઘણા શીલ્પશાસ્ત્રીઓ મોકલ્યા, પણ કોઇના-થી મનમાનતી રીતે કામ થઇ શકયું નહીં. જેથી મહારાજા ડભોઈ આવ્યા ને દીલગીર થયા. સર્વેના કહેવાથી જાણવામાં આવ્યું કે હીરા જેવી કમાન વળી શકશે નહીં. આ કહેવાનું કારણ બધાને હીરાને ભોંયરામાથી કઢાવવાની મરજી હોવી જોઇએ. મહરાજાએ જણાવ્યું કે છ માસથી તેને ચણી લીધો છે તો તેનું

ક્યાંથી લાવીએ? તે વખતે તેનબાઇએ મહારાજાને નમન કરી સર્વે હકીકત જાહેર કરી ઘી રેઠવાની હકીકત જાહેર કરી કે પ્રભુ કૃપાથી તે જીવતો છે. મહારાજાએ કિલ્લો તોડાવી તેને બહાર કાઢયો તો પીળા દેડકા જેવો થઈ ગએલો અર્ધમુઆ જેવો જણાયો. તેને સારી રીતે ઔષધો ખવરાવી સાજો કર્યો. છ માસે પોતાની પ્રથમની સ્થિતિ પ્રમાણે થયો, ત્યારે તેણે દરવાજાનું કમાન વાળવાનું કામ પુરૂં કર્યું. જે દરવાજો હજુ સપૂર્ણ સારી સ્થિતિમા છે ને અહીંથી પાચ હજાર ગાઉ દુરના રહેવાશીઓ જેઓ આપણા રાજ્યકર્તા છે તેઓને ચકિત કરી નાખે છે; ને તે ચણાવનાર મહારાજા વીશળદેવનું અને તૈયાર કરનાર હીરા કડીઆનું નામ આપણા હૃદયને આનદ આપે છે. આ દરવાજામા મહાકાળીનું સ્થાનક છે ને એક લેખ છે તે ઘણો ખવાઇ ગયો છે જેમાં સંવત ૧૩૦૮ ની સાલમાં તે તૈયાર થયાનું જણાય છે.

ડભોઇના કિલ્લા વિશે રાસમાળામા લખે છે કે તેની બન્ને બાજુએ જે જગા આગળ મળે છે ત્યાં આગળ સાકડો ખુણો થાય છે; ને બીજી બાજુઓના કરતા લંબાઇમા વધી જાય છે. ટુકી બાજુએ આશરે ૮૦૦ વાર ને લાબી બાજુએ આશરે ૧૦૦૦ વાર લબાઇની છે. ઝીંઝુવાડાના કિલ્લા કરતાં સદરહુ કિલ્લો કાંઇક નીચો છે. ને તેના ત્રણ દરવાજા પણ ત્યાંના કિલ્લાના દરવાજાથી ઉતરતા છે; પણ તેમનો બદલો ચોથા દરવાજાએ વાળી દીધો છે. તે હીરાનો દરવાજો કહેવાય છે. તેની યોજના ઘણા યત્નથી કરેલી છે અને કદમાં બહુ ચઢીઆતો છે. ખુણાના બુરજ માહેલો એક છે તેની અનુપતા એટલી બધી છે કે પરિસીમા એથી જણાય છે. કિલ્લાની ભીંત અદરની બાજુએ ઓકતી છે. આ કિલ્લામા બીજું વખાણવા જેવું કામ એ છે કે માહેની બાજુએ તેમા એક સ્થભપક્તિ છે, તે કિલ્લાની ભીંતની હારોહાર ચાલેલી છે; ને તેના ઉપર કેટલાક ફુટ પહોળાઇની એક ગચ્છી આવી રહેલી છે તેણે કરીને એક લાબો અને ઢંકાએલો દ્વાર મડપ બનેલો છે અને તે હિદુ કિલ્લેદારોનું અમુલ્ય આશ્રયસ્થાન થઇ પડયુ હશે. ડભોઇના કિલ્લામા અનિયમીત આકાર નો કુડ અથવા તળાવ છે.

મહારાજા વીશળદેવ પોતાના પિતા રાણા વીરધવળના મરણ પછી સંવત ૧૨૯૯ ઇ. સ. ૧૧૪૩ માં ગાદી ઉપર બેઠો. આ ઘણો પ્રતાપી રાજા થયો, તેમજ તેના મત્રીના ઉત્તમપણા વિશે તો આપણે ઘણા દાખલા આગળ જોયા છે. તેણે પોતે મેળવેલું દ્રવ્ય તો પુન્યના કામમાં વાપરી દીધું છે. વીરધવળના દેવલોક થયા પછી ને વીશળદેવના ગાદી ઉપર બેઠા પછી આ વણીક મત્રીને પોતે મેળવેલા પૈશાના મદથી અગર બીજા કારણથી વિશેષ અભિમાન

આવ્યું. તેનું પરિણામ એ થયું કે તે રાજાની આજ્ઞા બરોબર પાળવા લાગ્યો નહીં. પણ આ મોટા દિલનો મહારાજા તે મનમાં ન લાવતાં સર્વે ક્ષમા કરી નિભાવી લેતો. તોપણ તે ઝાઝા દિવસ નભ્યું નહીં. આખરે તેણે રાજકાજમાં લક્ષ ન આપવા માંડયું, જેથી વીશળદેવે નાગદેવ નામના નાગર બ્રાહ્મણને મંત્રીપદ આપ્યું. તેથી વસ્તુપાળ બમણો ક્રોધે ભરાયો ને નાગદેવ ઉપર વિશેષ અદેખાઈ કરવા લાગ્યો; ને એવા ગુન્હા થવા લાગ્યા કે જેથી રાજાએ તેને કાંઇ નશીએત આપવાનો ઇરાદો કર્યો. પરંતુ રાજાના પુરોહીત સોમેશ્વરદેવે તેમ કરતાં રાજાને વાર્યો ને કહ્યું કે તેણે આગળ આપણને ઘણા ઉપકાર કર્યા છે માટે તે આપણા અંતઃકરણમાં રાખીને તેને ક્ષમા આપવી જોઇએ; ને આપ રાજા છો માટે મ્હોટું પેટ રાખીને તેને નિભાવી લેવો જોઇએ. આ પ્રમાણે ગુરૂના ઉત્તમ બોધથી તેનો ક્રોધ શાન્ત પડયો ને જુજ રકમ દંડ તરીકે લેઈ તેને પોતાને ઘેર જવા દીધો. આ પછી વસ્તુપાળ જૈન અપાસરામાં જઈ જતીઓ પાસે પોતાના ધર્મનાં પુસ્તકોનું શ્રવણ કરી સંસારનો લોભ મુકી દેહનું સાર્થક કરવામાં પોતાનો વખત સુખરૂપે નિર્ગમન કરવામાં ગુંથાયો.

ધોળકામાં જૈન સાધુઓનો એક અપાસરો સરીઆમ રસ્તા ઉપર હતો, તેમાંથી કચરો વાળીને તે મદીરના અધીષ્ઠાતાના કોઇ ચેલાએ રાજમાર્ગમાં ફેંકયો. જે વીશળદેવના મામા સિંહદેવ જેઠવા ઉપર પડયો; જેથી તેણે ક્રોધાયમાન થઇ તે ચેલાને એક સોટી મારી. ચેલાએ આ ફરીયાદ પોતાના ગુરૂને કરી, ને તે વસ્તુપાળના જાણવામાં આવી ને ચેલાના અંગ ઉપરનો સોળ પડેલો પોતે જોયો. તેથી તે ઘણોજ ક્રોધાયમાન થયો; ને પોતાના ક્ષત્રી શેવકોને કહ્યું કે એવો કોઇ ક્ષત્રી છે કે જે મારા ગુરૂનું અપમાન કરનાર મામા સિંહને યોગ્ય નશીએત પમાડી શિક્ષા કરે? આ આજ્ઞા સાભળી ભ્રણપાળ નામે શેવક તૈયાર થયો; ને વસ્તુપાળની આજ્ઞા લેઇ તેના કહેવા પ્રમાણે જેઠવા સિંહદેવે ચેલાને સોટી મારવામાં જે હાથ ઉપયોગમાં લીધો હતો તે કાપી નાખવાનું પણ લેઇને તે ચાલ્યો. જે વખતે સિંહદેવ રાજગઢમાંથી નીકળી પોતાના મુકામપર જતો હતો, તે વખતે આ શેવકે તેને ઉભો રાખી વિનતી કરી કે મંત્રી વસ્તુપાળે આપને કાંઈ ગુપ્ત સંદેશો કહેવરાવ્યો છે, તે એકાંતમાં કહેવાનો છે માટે જરા મારી સાથે આવો. આ પ્રમાણે કહીને મામા સિંહને તે પોતાની સાથે જરા એકાંતમાં તેડી ગયો. સિંહદેવના મનમાં તે વખતે કોઇ પ્રકારનો શક નહીં હોવાથી તેની સાથે ગયો; ને તે વસ્તુપાળનો માનીતો શેવક હોવાની ખાતરી હોવાથી તેણે બિલકુલ આનાકાની પણ કરી નહીં. તેણે વાત કરવાનું મિષ કરી સિંહને ભુલાવામાં નાખી પોતાની પાસેનું હથીઆર કાઢી તેનો

હાથ એવી ત્વરાથી કાપી લીધો કે સિંહ જે ઓચીંતા બનાવથી આભો થઇ ગયો હતો તે તેને કશું કરી શકયો નહીં. તે વિશ્વાસઘાતી શેવક દોડીને વસ્તુપાળની હજુરમાં ગયો ને તેના મુખ આગળ સિંહદેવનો હાથ નાખ્યો. આથી વસ્તુપાળ ઘણોજ ખુશી થયો ને તેને શાબાશી આપી. પછી તેણે વિચાર કર્યો કે હવે આપણે જીવવાના નથી કારણ મોટા સાથે વેર બધાયું છે તો તે કદી આપણાને જીવતા મુકશેજ નહીં. તેથી ખુણામાં મરવું તેના કરતા હથીયાર બાધી સામા થઈ લઢીને મરવું એમા કીર્ત્તિ છે. એમ ધારી પોતાના શેવકોને કહેવા લાગ્યો કે આજે આપણે બળીયા સાથે લઢી સ્વર્ગે જવાનું છે, આજ કોઇ આ શત્રુને જીતી ઘેર જઇ પોતાની પતિવ્રતા નારીઓના હાથની રસોઇ જમો એ બનવું અશકય છે, કારણ રાજાના મામા સાથે આ યુદ્ધ કરવાનું છે, ને જેથી રાજાને પણ ક્રોધ ઉપજે તેવું કામ આપણે હાથે થયુ છે, જેથી રાજા પણ આપણુને છોડશે નહીં. માટે જેઓને મારી સાથે યુદ્ધમા રહી સ્વર્ગપદ મેળવી અપ્સરાઓને વરવાની ઇચ્છા હોય તે મારી સાથે રહો, ને જેઓને ઘેર જઇ મૃત્યુલોકનું અલ્પ આયુષ્ય ભોગવી કુતરા બિલાડાને મોતે મરવાની ઇચ્છા હોય તો સુખેથી પોતાને ઘેર જાઓ, હુ ખુશીથી રજા આપુ છુ. પણ યાદ રાખજો કે આવેલું મોત કોઇ દિવસ છોડવાનું નથી. કાતો લોઢાની કોઠીમાં પેસો કાતો ચોકી કરનાર લાખ રખવાળ રાખો ને ગમે તેટલો શ્રમ કરો પણ મોત કદી વહેલા કે મોડા છોડવાનું તો નથીજ. વળી તે ક્યારે કીયા સ્થળે તથા કેવી રીતે આવશે તેથી પણ આપણે અજાણ્યા છીયે, તેના કરતા યુદ્ધમાં શત્રુના સામા નિડરપણે લઢીને સ્વર્ગપદ મેળવવું તેના જેવું ઉત્તમ કામ એકે નથી. આ પ્રમાણે વસ્તુપાળનો ઉત્તમ બોધ સાભળીને તેના શૂરા યોદ્ધાઓ શાબાશ શાબાશ બોલી આયુદ્ધ ધારણ કરી તેની સાથે ઉભા રહ્યા ને બોલ્યા કે અમો ક્ષત્રીઓ મોતથી ડરતા નથી. તેને અને અમારે તો ઘણી પ્રીતિ છે. તે અમારી સાથે ને સાથેજ ફરે છે, ને અમે પણ તેના ભાઇબધજ થયેલા છીએ, જેથી અમને તેનો બીલકુલ ડર લાગતોજ નથી. આ પ્રમાણે વાતચીત કરી વસ્તુપાળ તેના નાના સૈન્ય સાથે રાજાના મામા સિંહની સૈન્યા આવવાની રાહ જોતો ઉભો રહ્યો. આણી તરફ સિંહના માણુસોને તેનો હાથ કપાયાની ખબર મળતાજ તેઓ વસ્તુપાળ ઉપર ઘણા રીસે ભરાયા. અને સિંહના ઉપરીપણા નીચે હથીઆરો સજી વસ્તુપાળને તેના પુત્રપૌત્રાદિક કુટુબ સાથે હણવાનો પાકો નિશ્ચય કરી કીકીઆરી કરતા રાજગઢ પાસે થઇને ચાલ્યા. રાજાને આ વાતની જાણુ થતાં તેણે સિંહના સૈન્યને અટકાવીને તેને આ પ્રમાણે સજજ થઇને જવાનું કારણ પુછયું. તેના ઉત્તરમાં સિંહનો હાથ વસ્તુપાળની

આજ્ઞાથી તેના શેવકે કાપ્યો માટે તેને હણવા જઇએ છીએ એમ જાણવામાં આવ્યુ. આથી રાજાએ તેમને ધીમા પાડીને કહ્યુ કે ખરૂ જોતા તો આ તકરારમાં સિંહદેવનો અપરાધ વિશેષ છે કારણ ધર્મગુરૂના ચેલાએ અજાણથી કચરો નાખ્યો ને તે પોતાના ઉપર પડયો તો તેમણે ગાભીર્યતા રાખી તેને ક્ષમા કરવી જોઇતી હતી. પણ તેમ ન કરતાં તેમણે એક જૈનાચાર્યના શિષ્યને શિક્ષા કરી તે એમનો મોટો અપરાધ છે; ને તેથી ક્રોધમા આવી તેનો પરાક્રમી શેવક વસ્તુપાળ તે સાખી શકે એ બનવું ઘણું અશકય છે, માટે તમો ધીરજ રાખો હુ તેનો યોગ્ય બદોબસ્ત કરૂં છું. આ પ્રમાણે તેમને અટકાવી પોતાના પુરોહીત સોમેશ્વરદેવને તેડાવી રાજાએ સર્વે હકીકત તેમને કહી ને પુછયુ કે ગુરૂજી હવે આપણે શું કરવુ? આ તો "બાડીયા સાપને બે પાસનો મરો" અગર "સુડી વચ્ચે સોપારી" આ કહેવત મુજબ થયુ છે. જો મામાને નરમ પાડીશુ તો તે રીસાશે ને તેમને ઘણુંજ ખોટુ લાગશે. વળી ક્ષત્રીઓને પોતાને થએલું અપમાન કદી વિસરતું નથી. બીજી પાસ વસ્તુપાળ મત્રી કે જેણે આગળ ઉપર આપણી ઉત્તમ નોકરી બજાવી છે તેનો નાશ થાય માટે આપ આજ્ઞા આપો તેમ કરીએ.

પુરોહીત સોમેશ્વરે તમામ હકીકત સાભળી રાજાને ધીરજ આપી. પોતે વસ્તુપાળ પાસે જઇ આ વાતની ઘટતી તજવીજ કરી આવવાનું કહીને ચાલ્યો. તેણે વસ્તુપાળ પાસે જઇને ઠપકો દીધો કે શાણા મત્રીવર તમે આવું વગર વિચાર્યું કામ શું સમજીને કર્યું? અલ્પ કામ સારૂ મોટા સાથે વેર કરવું તે જ્ઞાનીને સમજુ માણસો કદી સારૂં ગણતા નથી. આ બનાવથી સિંહ ઘણો ઉશ્કેરાયો છે; ને પોતાનું સેવક મડળ લેઇને રાજગઢમા આવ્યો છે. રાજા વીશળદેવ પણ ક્રોધે ભરાયો છે. પરતુ તેણે મામાને વારી રાખ્યો છે. હશે, થવા કાળ આગળ કોઇનું ડહાપણ કામમા આવતું નથી. તમો ખેદ પામશો નહીં, હું હમણા આપને રાજા સાથે સધી કરાવું છુ. આ સાભળી વસ્તુપાળે નમ્રતાથી સોમેશ્વરદેવને કહ્યું, ગુરૂજી હું હવે મોતથી બીતો નથી ને તેમ થવાનુંજ છે, એમ સમજીને મેં આ કામ કરાવ્યું છે. મેં બહુ દિવસ ખાધું પીધું, સુખ ભોગવ્યુ, નાના પ્રકારના વૈભવ ને મોજશોખ કર્યા, તેવીજ રીતે ઘણા પ્રકારનાં કષ્ટો પણ સહન કર્યાં; આ સસારમા મારે જે કર્ત્તવ્ય કર્મ કરવાનાં હતાં તે હું કરી ચુકયો છું, અર્થાત સસાર પાર ઉતરી ચુકયો છું. હવે મારે કશું કરવાનું બાકી રહ્યુંજ નથી; ને મોત તો વગર પુછે જ્યારે ત્યારે એકવાર પકડીને લેઇ જવાનું છે, તેના કરતાં પરાક્રમી પુરૂષો સાથે યુદ્ધ કરી સ્વર્ગ અને મૃત્યુલોકમાં અમર કીર્ત્તિ મેળવીને મરવું એ ઉત્તમ પ્રકારનો માર્ગ છે; ને તેથીજ મેં

વૃદ્ધાવસ્થામાં તેમ કરવાનો વિચાર કર્યો છે. મારા ગુરૂને તેણે લાકડી મારી તેથીજ હુ કોપાયમાન થયો છું, ને મારા પ્રાણને પણ મેં વહાલો ન ગણતાં તેની સાથે યુદ્ધ કરી મરવાનો નક્કી વિચાર કરી રાખ્યો છે. કોઇ વખત અનાયાસ મોત પકડે તેના કરતા યુદ્ધમા મોત આવે તેના જેવું ઉત્તમ એકે નથી. કહ્યુ છે કે

ગીતી.

જીવિત તણું સાફલ્યજ, એવો યશ ચોગરદમથી લૂટયો,
યશ અ ગ જો રહ્યું તો, પરાળરૂપ આ શરીર ભલે છૂટો.

અર્થ—ઉદ્યમથી મેળવેલું તો લુંટાયું, પારકે હાથે યશ ગયો. હવે શરીર રૂપી પરાળ પાળવું તે પાલન મનસ્વી કેમ કરે?

આવી રીતે વસ્તુપાળને મરવા નો દ્રઢ નિશ્ચય જોઇ સોમેશ્વરે આવી સર્વે હકીકત રાજા વીશળદેવને જણાવીને કહ્યુ કે મત્રી પણ છેલ્લા પાટલા ઉપર બેઠા છે તે તેણે પણ મરવાનો દ્રઢ સકલ્પ કરેલો જણાય છે. તે સિંહના માણસોની પેઠે સિહના જેવો સામો તૈયાર થઇને ઉભો છે. પરતુ હે રાજન આ પ્રસગે હુ જે વિનતી કરૂં છું તે લક્ષમા લેવા જેવી છે. આપણા આ શૂરા મત્રીએ આગળ ઘણા યુદ્ધ કર્યા છે તેથી આયુષ્યને તો તે તૃણવત માને છે; ને કહે છે કે **तृणं शूरस्य जिवितं** શૂરાનું જીવન તરણા જેવું છે. આવો મોટો યોદ્ધા અલ્પ કારણ સર મરે તે ઠીક ગણાશે નહીં. વસ્તુપાળે તમારા ઉપર ઘણા ઉપકાર કર્યા છે; અને તમારા પિતાના વખતમા હાલ જે રાજ્ય તમો ભોગવો છો તે મેળવી આપવામા અથાગ કષ્ટ તેને સહન કરવા પડયા છે. એની વૃદ્ધાવસ્થામા એનું મત્રીપદ તમે ખુંચાવી લેઇ તેની કીર્ત્તિને ખામી પહોચાડી છે. તેથી એના મનને ઘણોજ ખેદ ઉત્પન્ન થયો છે. પોતાના ઉપર ઉપકાર કરનારને તેની વૃદ્ધાવસ્થામા સારા રાજાએ પાળવો જોઇએ, તેને બદલે તમો તો તેને મારવા તૈયાર થાઓ છો, તો તેથી જગતમા તમારૂં સારૂં કહેવાશે નહીં. આપ તો જ્ઞાની, સમજુ ને ગભીર છો, જેથી વિસ્તારીને કહેવાની જરૂર નથી. વીરમદેવને બદલે આપને રાજ્ય અપાવવામા પણ તેનો ઉત્તમ પ્રયાસ હતો, એ આપણા ઉપર પણ તેનો ઓછો ઉપકાર નથી. એણે આપની ઉન્નતિ કરવામાં અને આપને શ્રેષ્ટ પદે પહોચાડવામાં ઓછો શ્રમ કર્યો નથી. તે ઠેકાણે ઠેકાણે પોતાનો દેહ યુદ્ધમા ઝપલાવી શૂરા ક્ષત્રીઓથી પણ ન બની શકે તેવા પરાક્રમ પોતે જાતે વાણિયો અને જૈનધર્મમાં દોષ છે તે જાણતાં છતા પણ કરતો હતો; અને યુદ્ધમા વાગેલા ઘાની નીશાનીઓનાં

ચાઠાં તેના શરીર ઉપર એટલાં બધાં છે કે આપ તેને તપાસો તો તેના ઉપર પુજ્યબુદ્ધિ આવ્યા શિવાય રહેશે નહીં. મંત્રીએ આપણું રાજ્ય સાચવવામાં ઉત્તમ પ્રકારનું લક્ષ આપ્યું છે, માટે મારી અરજ સ્વીકારી તેના થએલા અપરાધની ક્ષમા આપશો એવી મારી યાચના છે. અત્યાર સુધી એકાગ્ર ચિત્તથી રાજા વીશળદેવ ગુરૂનું કહેલું સર્વે સાભળી રહ્યો હતો તેણે ગુરૂને કહ્યું કે આપના સદ્બોધથી સારૂં નરતું સમજવાને હું શક્તિમાન થએલો છું; ને તેથી આપનું તમામ બોલવું હુ અક્ષરે અક્ષર ખરૂં માનું છું ને તે મારે કબુલ છે. મારે તેના ઉપર બિલકુલ દ્વેષ નથી; ને સારા રાજાનો ધર્મ એવો છે કે એવા શેવક ઉપર ક્રોધ પણ કરવો નહીં. માટે સિંહને તથા તેના શેવકોને સમજાવી પાછા વાળો. આ પ્રમાણે થવાથી તે ક્ષત્રીઓ રાજા ઉપર ઘણા રીસે ભરાયા. પણ કેટલાક બારોટોએ વચ્ચે પડી સમાધાની કરી તેમને પાછા ઘર તરફ વિદાય કર્યા.

આ શૂરો મત્રી વસ્તુપાળ સવત ૧૨૯૮ માં માંદો પડયો, અને જૈનધર્મના પવિત્ર તીર્થ શત્રુંજય ઉપર જઇને ત્યા રહ્યો, જ્યા બાકીનું આયુષ્ય પુરૂં કર્યુ. તેનાં પ્રરાક્રમોએ ને સ્વામીભક્તિના ઉગ્ર પ્રભાવે તે સ્વર્ગમાં વસ્યો. તેના પછી ૧૦ વરસે તેનો ભાઇ તેજપાળ પણ સવત ૧૩૦૮ મા સ્વર્ગપદ પામ્યો.

હાલ જે ધોળકા કસ્બો છે ને અસલથી જે વાઘેલાની ગાદીનું પવિત્ર સ્થળ ગણાયું છે, તેના વિશે કઇંક લખવું નિરર્થક ગણાશે નહીં. ધોળકાને કેટલાક લોકો વૈરાટ નગર કહે છે, કે જે નગર કૌરવ પાડવના સમયમાં પુર આબાદાનીમાં હતું. ત્યાં વૈરાટ નામે રાજા હતો, તેના કુંવરનું નામ ઉત્તરકુમાર અને દીકરીનું નામ ઉત્તરાકુમારી હતું. હસ્તિનાપુરમાં કૌરવ પાંડવ આ પિત્રાઇઓ દ્યુત રમ્યા તેમાં શરત એવી હતી કે જે હારે તે રાજ્યપાટ જીતનારને સોપી બાર વરસ સુધી વનવાસ ભોગવે; ને છેલ્લા તેરમા વરસમાં એક વરસ ગુપ્ત રહેવું; ને ગુપ્ત રહેલા પકડાય તો ફરી તેજ મુજબ તેર વરસ વનમાં રહેવું. કર્મસંજોગે પાંડવો હાર્યા ને રાજપાટ કૌરવોને સોંપી બાર વરસ વનમાં રહ્યા; ને છેલ્લા તેરમા વરસમાં આ વૈરાટ નગરમા વેશ બદલી રાજાના દરબારમાં નોકરો બનીને રહ્યા. કૌરવોએ તેમની તજવીજ સારૂ જીમુત નામના મલ્લને મોકલ્યો, તેને ભીમસેને રસોઇયા રૂપે રહીને માર્યો. તેમજ દ્રૌપદી જે રાણી પાસે દાશી રૂપે રહી હતી તેના ઉપર બદનજર કરવાથી ભીમસેને રાણીના સો ભાઇઓને માર્યા. તેમજ કૌરવો જે ગાયો વાળી જતા હતા તેમને અર્જુન જે વ્યંઢળ રૂપે નોકર રહી ઉત્તરાકુંવરીને ભણાવતો હતો તેણે ઉત્તરકુંવરને મહારથી બનાવી પોતે સારથી થઇને તેમને હરાવી

નસાડ્યા. એજ આ પવિત્ર વૈરાટ નગર છે, એમ દંતકથાથી જણાય છે. વૈરાટ ઠરાવવાને બીજી પણ દંતકથાઓ તેની નજીકનાં સ્થાનો સાથે સંબંધ ધરાવી જણાવે છે; ને તેના નીચે પ્રમાણે દાખલા છે. ૧ પાંડવોની નિશાળ, જ્યાં અર્જુન ઉત્તરાકુંવરીને બ્યંઢળરૂપે ભણાવતો હતો ને ભીમસેને જ્યાં રાણીના ભાઈ કીચકને દ્રૌપદી ઉપર બદનજર કરવાથી માર્યો હતો તે જગા. તે હાલ મસજીદના રૂપમાં ફેરવાઇ ગઇ છે પણ અસલની આર્ય બાંધણીની છે, ને તેમાં હિંદુઓના દેવળના કોતરણી કામથી ભરપુર બનેલા સુશોભીત થાંભલા દશ અવતાર વગેરેના ચિત્રના, મુસલમાનોના હાથે નાક, કાન, હાથ વગેરે ખંડિત થએલા જોવામાં આવે છે. તે મસજીદને પાંડવોની નિશાળ તરીકે હિંદુઓ ઓળખે છે. ૨ વૈરાટ નગરની ગાયો પાંડવોને ઉઘાડા પાડી ફરી વનવાસ મોકલવાના હેતુથી કૌરવોએ વાળેલી; ને જેને પાછી વાળવા ઉત્તરકુમારને રથમાં બેસાડી બ્યંઢળરૂપે અર્જુન ગએલો ને કૌરવોને હરાવી પાછા આવતાં ગોધાવી ગામ આગળ વાછડાને ધવરાવ્યા, જેથી "ગોધાવી" ગામ કહેવાય છે. ૩ ગોધાવીથી વૈરાટ આવતાં ગાયો તરસી થઇ જવાથી જમીનમાં બાણ મારી જળનું સરોવર ભરી ગાયોને તૃપ્ત કરી તે જગો મોડાસરની ભાગોળમાં બાણગંગા નામે પ્રસિદ્ધ છે. ત્યાં અર્જુને અંત્રેશ્વર મહાદેવનું સ્થાપન કર્યાનું કહેવાય છે; તે મહાદેવનું દેવળ પણ તળાવના કિનારા ઉપર છે. ૪ ભીમસેને દુર્યોધન તરફથી આવેલા જીમુત મલ્લ સાથે યુદ્ધ કર્યું, મલ્લ નાઠો ને ગામથી દુર જઈ કુંડે પડયો ને ભીમે તેની પુંઠ પકડી, તેઓના પગના ઘસારાથી વચલી જમીન ઉપશેલી રહી ગોળાકાર ઊંડું કુંડ થયું તેને ભીમકુંડ કહે છે ને તે કેરાળા ગામ પાસે છે. ૫ ધોળકાના એક ભાગની બહાર જ્યાં ધર્મરાજાએ વનવાસની મુદત પુરી થઈ જવાથી ધૂળનો ઢગલો કરી પોતાના રાજ્યાભિષેકનું મુહુર્ત સાચવવા પોતે ગાદી ઉપર બેઠેલા, દ્રૌપદી અરધાંગે બેઠા, સહદેવ નિકુળ બે છડીદાર બનેલા, ભીમે છત્ર ધર્યું ને અર્જુને રાજસેવા કરી. આ પ્રમાણે જે સ્થળે ધામધુમ કરેલી તે ટેકરાની પણ કલ્પિત નીશાની બતાવે છે. ધોળકા નજીક ધનવાડા ગામે એક ખીજડા (સમડી)નું મોટું ઝાડ હતું, ત્યાં પાંડવોએ વૈરાટ પ્રવેશ કરતી વેળા પોતાના ધનુષ્યબાણ સંતાડયા હતા એવું ધોળકાના લોક માને છે.

આ બધા પુરાવા કલ્પીત છે. દર્શનીક પુરાવો માલમ પડતો નથી. તેથી એમ અનુમાન થઇ શકે છે કે કૌરવ પાંડવના સમય ને પાંચ હજાર વરસ વીતેલાં હોવાથી દર્શનીક સાબીતી રહી શકે નહી. એ તો ખરૂં છે કે ધોળકા ઘણું જુનું, ભવ્ય અને સુશોભીત બાંધણીનું ઘણાજ ઉત્તમ પ્રકારના મકાનોથી

અને દેવાલયોથી ભરપુર એવું નગર હતું; અને હાલ પણ તેનાં જુનાં ખંડેર શહેર બહાર ઘણે લાંબે સુધી જોવામાં આવે છે, તેથી એમ પણ લાગે છે કે હાલના કરતા તે ઘણું મોટું શહેર હશે. બ્રાહ્મણોના ઈષ્ટદેવ મહાદેવનાં શિવાલયો ઠામ ઠામ ને ઘણીજ જુની વખતનાં બાંધેલા જણાય છે, તેથી એમ જણાય છે કે પૂર્વે થઇ ગયેલા રાજાઓના વખતમાં બ્રાહ્મણોનું જોર વિશેષ હશે. રણમુક્તેશ્વર અને તાત્કાળેશ્વર, ધોળનાથ, નાગનાથ ને સિદ્ધનાથ વગેરે શકરના જુના દેવળો છે. તેમજ મલાવ વગેરે તળાવોથી પણ જણાય છે કે તેની ઉત્પત્તિ જુના વખતથી હોવી જોઇએ. ધોળકા વધારે ખ્યાતીમાં તો વાઘેલાની ગાદી પછી હાલના ઇતિહાસીક સબંધમાં આવેલું છે. તેની ખ્યાતી પૂર્ણ વીરધવળના વખતમાં થઇ; ને તેનો મધ્યાનનો સૂર્ય પણ તેજ વખતમાં તપ્યો એમ ગણાય; કારણ આખા ગુજરાતની રાજધાનીનું શહેર એજ હતું.

ધોળકા કરણ વાઘેલાના રાજ્ય સુધી જો કે ગાદી વીશળદેવે પાટણમાં કરી તોપણ રાજ્યના ઘણા નિકટના સબંધમા જોડાએલુંજ હતું; ને વાઘેલા રાજાઓની ઉન્નતિનું સ્થાન પણ તેજ હતું. હાલ પણ તે આગળની કાંઇક સ્થિતિ સાચવી રહ્યુ છે. કારણ ત્યાર પછી તે મુસલમાનોનું મુખ્ય સ્થાનક હતું; ને કસ્બાતી તાલુકદારોથી ખીચોખીચ હતું. ત્યાં બાવન જોડી તાલુકદારો હતા; ને તેમની નોબતો અને ડંકાના ગગડાટથી તે નગર દીપી રહ્યું હતું. જેથી હિંદવાણી વટલાઇને મુગલાણી બની હોય તેવું જોનારને લાગ્યા શિવાય રહેતું નહીં. હાલ તે પ્રતાપી નામદાર અંગ્રેજ સરકારના વાવટા નીચે છે. આ વાઘેલા વૃત્તાન્તમાં તેમની ગાદીના મૂળ સ્થાન ધોળકા વિશે લખેલી સદરહુ હકીકત નકામી ગણાશે નહીં.

વસ્તુપાળ મત્રી ઉપર રાજાની ઇતરાજી થવાથી તેની જગોએ નાગદેવ નામના નાગર બ્રાહ્મણને મંત્રી નીમ્યો હતો, તે પણ વસ્તુપાળ જેવો બહાદુર પરાક્રમી ગણાયો હતો. તેની સ્હાયથી વીશળદેવે ૧૮ રાજ્ય જીતી લીધાં તે ત્યાંના રાજાઓને પોતાના ખડીયા તરીકે ગણાવ્યા.

ગુજરાતની ગાદી ઉપર સોળંકી વશનો ભોળો ભીમદેવ રાજા હતો ત્યારે તે પોતાના એક જૈન મંત્રીની સલાહથી તેની મરજી પ્રમાણે ચાલતો, જેથી તેને ભોળો ભીમ તરીકે ઓળખ્યો છે, તેના સમયમાં પૃથીરાજ ચહુઆણ તથા મુસલમાનો સાથે યુદ્ધમાં ઉતરવાથી રાજ્ય નબળી હાલતમાં આવી ગયું હતું. તેના મરણ પછી ત્રીભોવનપાળ ગાદી ઉપર બેઠો, ને તેણે બે વરસ રાજ્ય કર્યું. પણ તેનાથી રાજ્ય સચવાયું નહીં, જેથી આખરે વીશળદેવને પોતાના

પૂર્વજોની ગાદી સંભાળી પોતાના પિતા વીરધવળના અનુમત મુજબ ગાદી ઉ-પર બિરાજવું પડયું, જેથી વાઘેલા વંશનો પ્રથમ રાજા વીશળદેવ ગણાયો છે.

વીશળદેવ પણ પોતાના પિતાની પેઠે વિદ્વાનોને કલ્પવૃક્ષ જેવો હતો. તેને વિદ્યાનો ઘણો શોખ હતો. તે નિરંતર પોતાની હજુર પાંચસેં પંડીતો રાખી તેમની સાથે વિદ્યાવિનોદ તથા ધર્મ સંબંધી ચર્ચા ચલાવતો હતો. પાંચસેં વેદીયા બ્રાહ્મણો નિરંતર તેની હજુરમાં વેદનું અધ્યયન કરી રાજ્યને ઉત્તમ સ્થિતિનું જણાવતા હતા; ને તેમની વેદધ્વનીથી નગરનું મહાલય દીપી રહેતું. તેણે પાટણમાં અઢાર કરોડ ધન વાપરીને મોટો પુસ્તકનો ભંડાર બંધાવ્યો હતો, તેમા અનેક પ્રકારના પુસ્તકો જ્ઞાનના ભરેલાં ભેગા કરી તેનો સંગ્રહ કરાવ્યો હતો.

સોમનાથના દેવળનો સૌરાષ્ટ્રમા મુસલમાનોએ નાશ કર્યો હતો; ને જે દેવળને તેના વડીલ કુમારપાળ રાજાએ સમરાવી જીર્ણોદ્ધાર કર્યો હતો તે દે-વળનો તેણે ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. વિજાપુર અને વીશળપુર આ બે નગરો તેણે બંધાવ્યાં હતાં, તે અદ્યાપિ પણ જોવામાં આવે છે. તેણે હજારો જગોએ ભુખ્યા ગરીબ લોકોને અન્ન મળવા સારૂ સત્રાગાર એટલે દાનશાળા-ઓ બંધાવી હતી; ને તેમાંથી નિરંતર અનાથોને ભોજન સારૂ અનાજ મળતું હતું. આ રાજાએ ૮૪ સરોવર બંધાવ્યાં હતા તથા ૪૬૦ વાવો તૈયાર કરાવી હતી. આટલા પરમાર્થથી જાણે તેણે કાંઇ કર્યું નથી એમ ધારી રેવા નદી (નર્મદા)ને કાંઠે મોટો યજ્ઞ કરવાનો વિચાર પોતાના નાગદેવ મંત્રીની સલાહથી કર્યો. તેને વિશે એવી દંત કથા કહેવાય છે કે વીશળદેવનાં માનીતાં રાણી સવારમા નાહી દેવશેવા કરી સૂર્યનારાયણ સામાં ઉભા રહી સૂર્યને અર્ધ્ય આપ-તા હતાં. જેવા ચંદનનાં છાંટા સૂર્યનારાયણ સામા નાખ્યા તેવો એક કપોત (હોલો) રાણીના માથા ઉપર આવીને બેઠો, જેની પાંખને એક ચંદન નો છાંટો લાગ્યો હતો. માથા ઉપર હોલો બેસવાથી અપશુકન કહેવાય છે; ને જેના માથા ઉપર બેસે છે તેનું છ માસમાં મરણ થાય છે, એવો વહેમ હોવાથી રાણી ચિંતામાં પેઠાં ને તે હકીકત તેમણે વીશળદેવને કહી. તેમણે સોમેશ્વર ગુરૂને જણાવ્યું. તેમણે રાણીને શાન્તિ સારૂ કપોત વિધાન નામનો યજ્ઞ કરવા કહ્યું, જેથી રાજાએ પંડીતો પાસે રેવા ત્રટે ઉપર જણાવેલો યજ્ઞ શરૂ કરાવ્યો. યજ્ઞનું કામ ચાલતું થયુ, બ્રાહ્મણો મંત્ર ભણવા લાગ્યા, સામેના બાજટ ઉપર સોનાનો કપોત બનાવી તે મુકયો હતો; ને તેને યજ્ઞમાં હોમવાની પુજા ચાલતી હતી, તેવામા વડનગરના નાગરો રેવાજી યાત્રા કરવા સારૂ આવ્યા તે પૈકી એક બ્રાહ્મણ આ યજ્ઞ જોવા ગયો. સોનાનો કપોત જોઇ

પોતાનું ડોકું ધુણાવ્યું. રાજા વીશળદેવ નવતર બ્રાહ્મણને ડોકું ધુણાવતો જોઇ આશ્ચર્ય પામ્યો ને ડોકું હલાવવાનું કારણ પુછયું. પ્રથમ તો ઘણીવાર તેણે વાત ઉડાવી પણ રાજાના અત્યાગ્રહથી તેણે કહ્યું કે યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ પૂર્ણ વિદ્વાન હોય તો આ સુવર્ણના કપોતની જરૂર પડે નહીં, પણ જે કપોત રાણીના માથા ઉપર બેઠેલો હોય તેને પોતાના મંત્રના પ્રભાવથી તે જગોએ હાજર કરે. બધા બ્રાહ્મણો આ સાભળી ચકિત થયા ને રાજાના અત્યાગ્રહથી તેણેજ યજ્ઞનું કામ કરવા માંડયું. અંજળીમાં જળ લેઈ મંત્ર વિધિથી નાખતાં જીવતા હોલાઓનું ટોળુ આવી બાજઠ ઉપર બેઠુ. પછી તેમાંથી બીજા હોલાઓ જવા સારૂ બીજી અજળી છાંટી જેથી તમામ હોલા ઉડી ગયા. જે હોલો રાણીના માથા ઉપર બેઠેલો તેજ બેશી રહ્યો. તેને ઓળખવા રાણીને કહેતાં તેના ઉપર ચદનના છાંટાની નિશાની હતી, જેથી બધાને ખાતરી થઇ ને તેનો હોમ કર્યો. આથી રાજા ઘણો ખુશી થયો ને તેને સજીવન કરવા બ્રાહ્મણની પ્રાર્થના કરી. બ્રાહ્મણે મત્રના જોરથી તે હોલાને સજીવન કરી તેને ઉડાડી મુકયો. આથી મડપમાં આનંદ ઉભરાયો. રાજાએ તેને પુષ્કળ દ્રવ્ય આપવા માંડયું તે તેણે પોતે નાગર હોવાથી દાન ગ્રહણ કરવા ના પાડી. રાજાએ અત્યાગ્રહથી તેને એક પાનની બીડી આપવા માગણી કરી, તે અંગીકાર કરી રાજાની આપેલી પાનની બીડી તેણે લીધી. તે બીડીમાં રાજાએ ગુપ્તપણે છ ગામોનાં નામ લખી કૃષ્ણાર્પણ આપ્યાનું લખ્યું હતું. આ ચીઠી વાંચી બ્રાહ્મણ ખિન્ન થયો. પોતે નાગર ને દાન લેવાની પોતાની જ્ઞાતીની રૂઢીની મના તેથી તે વડનગરા નાગરોથી જુદો પડયો. તેને સાઠોદ, નડા, પુડા, થોભાવી, ચાણોદ અને કરનાળી આ છ ગામ મળ્યાં. મુખ્ય સ્થાન સાઠોદના નામ ઉપરથી તેઓ સાઠોદરા નાગર કહેવાય છે. આ રાજાના પૂર્વજ મહારાજા મૂળરાજ તથા તેના વંશના સિદ્ધરાજ મહારાજે પણ બ્રાહ્મણોને ગામો આપ્યાની હકીકત આગળ અવલોકી ગયા છીયે. આ પ્રમાણે એક નાગરને પ્રશ્નોલ ગામ આપ્યું તેના વંશજો પ્રશ્નોરા કહેવાય છે. એકને કૃશ્નોલ ગામ આપ્યું જેના વંશજો કૃશ્નોરા કહેવાયા; પણ હાલ તેમની વસ્તી ગુજરાતમાં જણાતી નથી. જેને વીસનગર વગેરે આપ્યાં તેના વંશજો વીસનગરા ગણાય છે. મેવાડમાં ચિત્રોડમાં જઈ વશ્યા તે ચિત્રોડા નાગર ગણાય છે. આ પ્રમાણે નાગરો છ પ્રકારના, વડનગરા, વીસનગરા, સાઠોદરા, પ્રશ્નોરા, કૃશ્નોરા, ને ચિત્રોડા, આ પ્રકારે છ જાતના છે. તેમજ મોઢ પણ છ જાતના છે જેથી "ખટ મોઢા ખટ નાગરા" આ કહેવત થઇ છે. આ છ પ્રકારના નાગરોમાં બેટી વહેવાર અરસપરસમાં રાખતા નથી. નાગરખંડમાં ૭૨ ગામો મળ્યાનું લખ્યું છે તે આ જાતના નાગરોમાં મળીને પુરાં થાય છે.

વીશળદેવ રાજા વૈષ્ણવ ધર્મ પાળતો હતો, પણ તે શીવ અને વિષ્ણુ બંને દેવોને સમાન ગણતો હતો. એ મહાન રાજા પ્રજાને સુખે સુખીઓ અને પ્રજાને દુઃખે દુખીઓ હતો. તેથી રૈયત તેને પોતાના પિતા સમાન ગણતી હતી; ને પોતે પણ તેને ઉત્તમ પ્રકારથી પાળતો હતો. યથાર્થ અને વ્યાજબી ન્યાય આપવામાં તે હમેશાં તત્પર રહેતો, જેથી તાબાના અધિકારીઓ પણ રૈયત ઉપર જુલમ કરી શકતા નહીં. પોતાના વૈષ્ણવ ગુરૂના બોધથી, કુમારપાળે જેમ પોતાના જૈન ગુરૂ હેમાચાર્યના બોધથી મૃગયા રમવાનું તજ્યું હતું. તેવીજ રીતે પોતાની ઉત્તર અવસ્થામાં મૃગયા રમવાનો ત્યાગ કર્યો હતો; ને કુમારપાળની માફક દેશમાં જીવહિંસા કરવાની અને મદીરા પીવાની જેમ બને તેમ સખતાઇ વાપરી બંદોબસ્ત કરાવ્યો હતો જેથી તે મહાન પ્રતાપી રાજા ગણાયો છે.

વીશળદેવના વખતમાં મોટો દુકાળ પડયો હતો જેથી રૈયતને તે દુષ્ટ કાળના ત્રાસમાંથી બચાવવાને તેણે પોતાનો ભંડાર ઉઘાડો મુકાવ્યો હતો; જેથી રૈયત કાળના સંકટમાથી મુકત થઇ હતી. તેણે વીશળનગર અને ડભોઇ (દર્ભાવતી) આ બે નગરોને કિલ્લા બંધાવ્યા છે. ડભોઇના કિલ્લા સબંધીનું વૃત્તાન્ત આપણે આગળ વાચી ગયા છીએ.

મહારાજા વીશળદેવે ગુજરાત દેશનું ઇ. સ. ૧૨૪૩ થી તે ઈ. સ. ૧૨૬૧ સુધી રાજ કર્યું છે. તેમની ગાદી ઉપર કુમાર અરજુનસિંહજી બેઠા.

પ્રભાસપાટણના એટલે સોમેશ્વરના દેશમા ઇ. સ. ૧૨૬૪ ની સાલનો એક લેખ છે તેમાં અરજુનદેવને વિશે લેખ છે તેમા લખે છે કે "શ્રી પરમેશ્વર ભટ્ટાર્ક શ્રી ચાલુકય ચક્રવર્તિ મહારાજાધિરાજ શ્રીમદ અર્જુનદેવ," આ પ્રમાણે લખ્યું છે. તે પણ પોતાના પિતાના જેવો પરક્રમી હતો ને ઘણો ઉદાર કહેવાતો. તેણે અણહીલવાડ પાટણમાં રાજ કર્યું; ને તે શીવ ધર્મ પાળતો હતો. તેના ખંડીઆ રાજાઓમાંના કેટલાકનાં નામ જણાયા છે, તે નીચે પ્રમાણે: "રાનીક શ્રી સોમેશ્વરદેવ, સો વસા ચંદ્રાવતીનો પરમાર રાજા અને ચાવડા ઠાકોરો વાલુકદેવ, રામદેવ અને ભીમસિંહ અને બીજાઓ હતા. તેના પ્રધાનનું નામ શ્રીમલ્લદેવ હતું, વળી આશ્ચર્યજનક વાત એ છે કે તેની પાસે કેટલાક મુસલમાન કારભારીઓ હતા. જેવા કે બેલાકુલનો હુરમઝ, અને નાખુદા નુરૂદ્દીન, ફીરોજનો દીકરો, ખોજા ઇબ્રાહીમ આ અધિકારીઓ હતા, પણ તે શા કામ ઉપર તે સમજાતું નથી; પણ નાખુદાના નામ ઉપરથી કલ્પના થઇ શકે છે કે દરિઆના વહેપારના રક્ષણ સારૂ તેઓને રાખવામાં આવ્યા હશે; ને આવા પ્રતાપી રાજાના વખતમાં તેઓ કયાંથી અને શી રીતે

આવ્યા તે કાંઈ પણ જણાયું નથી. આ રાજાએ ઇ. સ. ૧૨૬૧ થી તે ઈ. સ. ૧૨૭૪ સુધી ૧૩ વરસ રાજ કર્યું છે. તેના પછી લવણરાજે રાજ્ય કર્યું કહેવાય છે, પણ તેનો કશો આધાર જણાતો નથી; ને તેના વિશે વધારે ન લખતાં તેના એટલે અર્જુનદેવના પછી સારંગદેવને મહારાજા ગણ્યા છે. આ રાજા પણ પોતાના પૂર્વજોના જેવો ખબરદાર હતો તેના વિશે આબુના ઈ. સ. ૧૨૯૪ ના લેખમાં પુરાવો છે, ને તેને અણહીલપુરનો રાજા લખેલો છે. તેના હાથ નીચે ચદ્રાવતીના રાજા વીશળદેવને તેનો મંડળીક જણાવ્યો છે. સારંગદેવે ઈ. સ. ૧૨૭૪ થી તે ઈ. સ. ૧૨૯૬ સુધી ૨૨ વર્ષ રાજ્ય કર્યું. તેના પછી તેની ગાદી ઉપર કરણદેવ બેઠા.

કરણ રાજા જાતે ડાહ્યો હતો તોપણ તેના વખતમા ગુજરાતના સુખનો સૂર્ય અસ્ત પામ્યો, ને દેશના કમનશીબે અને મુસલમાનોનું પ્રબળ વધવાથી આ પવિત્ર દેશ મુસલમાનોને હાથ ગયો. દિલ્હીની ગાદી ઉપર ખીલજી વંશનો જલાલુદ્દીન નામે પાદશાહ હતો, તેના દુષ્ટ ભત્રીજા અલાઉદ્દીને રાજ્યના લોભની ખાતર પોતાના ભલા અને વિશ્વાસુ કાકાને પોતે દગાથી માર્યો, ને પોતે ગાદી ઉપર બેસી તેના કુંવરો વિગેરેને મારી નાંખ્યા; ને પોતાના કપાળમાં હમેશને વાસ્તે અને નહીં ભુસાય તેવી "અલાદીઓ ખુની"ની કાળી મેશ જેવી છાપ ધારણ કરી; ને પોતે દગા પ્રપચથી ને સૈન્યના જોરથી ઘણા મુલક જીત્યા; ને પછી ગુજરાતનું રાજ્ય જે ઘણા વરસથી મુસલમાનોનાં આયુધ નહીં જોવાથી સ્વસ્થતામા ચાલતું હતું ને જ્યાના લોક મોજશોખ અને વૈભવમાં પડી એશઆરામ ભોગવનારા થઇ ગયા હતા, અને યુદ્ધનો પ્રસંગ લાંબા વખતથી નહીં આવેલો હોવાથી થતી પ્રજાને કેળવવા ઉપર અને હથિઆર કેમ વાપરવાં તે જાણવાને પણ શક્તિમાન રહી નહોતી; ને લોઢાનાં હથિઆરો કટાઇને નિરૂપયોગી જેવાં થઈ ગયાં હતાં. તે અરસામાં એવો ગંભીર બનાવ બન્યો કે જેથી અલાઉદ્દીનની ફોજને ગુજરાત જીતવાની લાલચ થઇ.

કરણ રાજાની પાસે માધવ નામે નાગર બ્રાહ્મણ કારભારી હતો, તેને એક ભાઈ કેશવ હતો. માધવની સ્ત્રી રૂપસુંદરી જે અતિશય સુંદર હતી, ને જાતે પદ્મની હતી, તે કરણ રાજાના જોવામાં આવી; તેથી તેને અંતઃપુરમાં લાવવા આ અવિચારી અને વિષયી રાજાને ઇચ્છા થઇ. જેથી તેણે પ્રધાન માધવને કચ્છ દેશમાં ઘોડા ખરીદ કરવા સારૂ મોકલ્યો; ને તેજ દિવસે કેટલાંક હથિઆરબંધ માણસો તેની સ્ત્રી રૂપસુંદરીને તેડી લાવવાને મોકલ્યાં. માધવનો નાનો ભાઈ કેશવ જે ઘણો બાહાદુર ને હિમ્મતવાન હતો

તે સામો થયો; ને તેણે રૂપસુંદરીને નહીં લેઈ જવા દેતાં તે કરણના હથિઆરબંધ માણસો સાથે લઢયો. પણ એકનું ઓસડ બે તે મુજબ તે રૂપસુંદરીના સુંદર રૂપનો ભોગ થઇ પડયો; ને તેનો પવિત્ર આત્મા પોતાની પવિત્ર ફરજ બજાવી યુદ્ધમાં સ્વર્ગે ગયો. રૂપસુંદરીને રાજભુવનમાં આણવામાં આવી; ને તેની દેરાણી ગુણસુંદરી જે કેશવની સ્ત્રી થતી હતી, તે પોતાના પતિના શબને ખોળામાં લેઈ સતી થઇ બળી મુઇ. તેણે મરતી વખતે કરણ રાજાને શ્રાપ દીધો કે તારૂં મોત એવે સ્થળે ને એવી વખતે થશે કે તે કોઇ જાણશે પણ નહીં ને તું રખડીને મરીશ.

માધવ જે પાટણથી એક બે મજલ પહોચ્યો હતો, તેને આ ખબર મળતાં તે ઘોડા લેવાનાં નાણાં સાથે લેઈ ક્રોધ ભરેલો પાટણ પાછો ન આવતાં પોતાના એક મિત્રને સાથે લેઇ પરભાર્યો દીલ્હી ગયો, ત્યાં અલાઉદ્દીન ખુનીને મળી ગુજરાત દેશ જીતવાને ઉશ્કેર્યો; અને તેને કેટલાંક નજરાણા આપવાનાં કરી તેનું મોટું સૈન્ય તૈયાર કરાવ્યુ. અલાઉદ્દીને પોતાના ભાઇ અલીફખાં તથા વજીર નસરતખાનની સરદારી નીચે તે સૈન્ય માધવ સાથે ગુજરાત ઉપર મોકલ્યું. તેમણે ગુજરાતમાં આવી તે એકદમ જીતી ધીધું. કરણ રાજા આ વખતે સાવચેતી રાખી પોતાના મંડળીક વગેરે રાજાઓને બોલાવી બહાદુરીથી તેમના સામે લઢયો હોત તો મુસલમાનોને ગુજરાત દેશ જીતવો કઠણ પડત, પણ કાળચક્રના ભુલાવાથી માણસ જાત ગભરાઈ જાય છે.

પાપી અલાઉદ્દીનને તેના કૃત્યની યોગ્ય શિક્ષા આગળ મળી. હિંદુઓનાં પુરાણોથી જણાય છે કે જ્યારે દ્વારકાંમાં શ્રી કૃષ્ણના રાજ્યમાં યાદવોનું જોર વધ્યું, અને તેઓ અધર્મી થવા લાગ્યા ત્યારે શ્રી કૃષ્ણ જે પરમાત્મા મનાય છે, તેમણે વિચાર કર્યો કે જ્યારે યાદવોનું જોર વધશે ત્યારે આગળ તેઓ રાક્ષસોને વટલાવે તેવા દુરાચારી બનશે. આવી પ્રેરણા થવાથી જાદવોના કેટલાક જુવાનીઆઓને દુર્બુદ્ધિનો અંશ ઉત્પન્ન થયો; ને તેનો ભોગ થએલા યાદવ કુમારોએ એક ઋષી યોગાવસ્થામાં એકલીન થઈ સમાધીષ્ટ થઇને બેઠા હતા, તેઓની મશ્કરી કરવાનો તેઓએ ઠરાવ કર્યો. એક જુવાન જાદવને છોકરીનો પોશાક પહેરાવી સ્ત્રી બનાવી તેના પેટે ત્રાંસળુ બાંધી તેમણે ઋષીની પાસે જઇ ધ્યાનમાથી જગાડી વિનંતી કરી કહ્યું કે આ આ સ્ત્રી જે ગર્ભવતી છે તેને શું અવતરશે? ધ્યાનમાંથી જાગેલા મહા મુનીએ તેઓને પોતાની મશ્કરી કરવા આવેલા જાણીને ક્રોધાગ્નિથી તપી જઇને કહ્યું કે એમાંથી જે નીપજશે તે તમારા વશનું નિકદન કાઢી નાખવાને સાધનભુત થશે. આથી

જુવાન છોકરા હસી પડ્યા; ને ઋષીની મશ્કરી કરીને ત્રાંસળુ છોડી બતાવ્યું. પછી નગરમાં આવી પોતાના વૃદ્ધોને ઋષીની મશ્કરી સંબંધી બનેલી હકીકત કહી સંભળાવી. ઋષી શ્રાપથી સૌ ચિંતાતુર બન્યા અને મહારાજા શ્રી કૃષ્ણને તેમણે સર્વ હકીકત નિવેદન કરી. તેમણે સહુને ધીરજ આપી તે ત્રાંસળુ સમુદ્ર કાંઠે પત્થર સાથે ઘસી નાંખવાની યુક્તી દેખાડી તે પ્રમાણે તેમણે કર્યું; ને વધેલો કડકો પાણીમાં તણાઇ ગયો ને તેના ઘસાએલા ભુકાથી એક જાતનું સરકટ જેવું ઘાસ ઉગ્યું, તે તણાતું પ્રભાસપાટણ તરફ ગયું ને જે કડકો તણાયો હતો તે એક માછલીએ ગળ્યો. તે પારધીને હાથ પડી, તેના પેટમાંથી નીકળેલા કડકાને તેણે પોતાના ભાલુડાની અણી ઉપર ચોડયો જે તેને તીરની જગાએ ઉપયોગમાં આવતો હતો

યાદવો યાત્રા કરવા સારૂ પ્રભાસપાટણમાં આવ્યા, ત્યાં હદ ઉપરાંતનું વારૂણી (મદીરા)નુ પાન કરીને ઉન્મત્ત બન્યા. તેથી ગાંડા બની એક બીજા સાથે લડવા લાગ્યા. તેનું પરિણામ એ થયું કે તેઓમા અરસપરસ ઘણું વેર વધી પડયું; ને શસ્ત્રને ઠેકાણે ઉગેલા સરકટના ભોથાનો ઉપયોગ કર્યો; જેથી આખા જાદવકુળનું નિકંદન થયું. કૃષ્ણ જે એક પીંપળાના વૃક્ષ નીચે આ બનાવથી દિલગીર થઈ સુતા હતા તેમને ત્રાંસળાના કડકા જડેલા બાણવાળા પારધીએ બાણ માર્યું જેથી તે સ્વર્ગે ગયા. આ પ્રમાણે ત્રાંસળાના સાધનથી જેમ આખા જાદવ કુળનું નિકદન થયું તેવીજ રીતે આ પાપી અલાઉદ્દીનને ત્રાંસળારૂપી એક નોકર મળ્યો, જેણે તેના આખા કુટુંબનું નિકદન કરેલું આપણે જોઇએ.

ગુજરાત દેશ જીતી ખંભાત લુંટતા અલફખાને કાફુર નામનો એક ગુલામ મળ્યો; તે ઘણોજ સુંદર હતો. તેના રૂપથી મોહિત થઇ તેને બાદશાહની હજુરમાં મોકલ્યો. બાદશાહ ખુશી થયો; ને તેને પોતાની હજુરમાં રાખ્યો. આ ગુલામને અલાઉદ્દીને મોટે દરજ્જે ચઢાવ્યો. દિવસે દિવસે બાદશાહની મમતા તેના ઉપર ઘણીજ વધી ગઇ; ને તેને પોતાનો મુખ્ય પ્રધાન બનાવ્યો અને પોતાના પુત્રો કરતાં પણ તેના ઉપર હદથી વધારે ભરોંસો રાખવા લાગ્યો. તેનું પરિણામ એ આવ્યું કે તેને રાજા થવાનો લોભ લાગ્યો. તેથી તેણે અલાઉદ્દીનને ઝેર દેઇને મારી નાખ્યો; અને ફક્ત મુબારક શિવાયના તેના આખા કુટુંબનો નાશ કરાવી નાખ્યો. મુબારક યુક્તિથી બચ્યો. તેણે પાપી કાફુરને મારી નખાવ્યો. આગળ ઉપર મુબારકને ખુશરૂ નામના માણસે માર્યો; ને તેને ગાજીખાં તઘલખે માર્યો. એ રીતે આ ખુની અલાઉદ્દીનના કુટુંબનું નસંતાનવળી ગયું. પ્રભુ હમેશાં મોડા કે વહેલો પણ પાપી

માણુસોને તેમના કૃત્યનો બદલો આપ્યા શિવાય રહેતો નથી. એ આ અલાઉદ્દીન ખુનીના દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે; અને ભલું કરનારનું ભલું અને ભુડું કરનારનું ભુડું થયા શિવાય કદી પણ રહેતું નથી.

આ જગોએ યાદવો અને તેમના ત્રાંસળા સબધીનું આપેલું દૃષ્ટાંત કોઇને નિરૂપયોગી લાગશે અને તે વિશેષ ઉપયોગી નથી; તોપણ જેવી રીતે આ ત્રાંસળાથી આખા કુળનું નિકંદન થયું, તેવીજ રીતે પાપી મલેક કાફુરરૂપી ત્રાસળીથી અલાઉદ્દીનનું તથા તેના આખા કુટુંબનું નિકંદન થયું. મલેક કાફુર રૂપમાં રૂપાળો પણ હૈયાનો કાળો મેશ જેવો હતો, તેની સાથે દગાખોર અને પ્રપચી હતો.

અલાઉદ્દીનની ફોજે આવી ગુજરાતનું રાજ્ય કરણ પાસેથી જીતી લીધું. ક્ષત્રીના સુખનો સૂર્ય અસ્ત પામ્યો, રાજધાની મુસલમાનોને હાથ ગઇ, ફરીથી તે ઠાઠમાઠ, રાજવૈભવ ને સત્તા મળવા પામ્યાંજ નહીં. ગુર્જરભુમી રંડાઈ ને વિધવા થઇ. હજારો ક્ષત્રાણીઓ પતિ વિનાની થઇ ગઈ ને તેથી તેઓ પોતાના પતિ સાથે સ્વર્ગે ગઇ; ને તેટલાજ બાળકો રખડતાં થઇ ગયાં. કેટલીક ક્ષત્રાણીઓ મુસલમાનોને હાથે પકડાઇ. ધનમાલ લુંટાઇ ગયાં. આ પ્રમાણે ગુર્જર રાજ્ય ઉપર દુઃખનું દાવાનળ ફેલાયું. જ્યાં જુએ ત્યાં ઉદાસી ને હાયહાયના શબ્દો કાને પડવા લાગ્યા. રાજધાનીની આસપાસ ધોળે દહાડે શિયાળોએ રોવા માડયુ; અને કોઈ વખત નહીં જોએલું એવું ભારે કષ્ટ જોઈ રૈયત પણ ગભરાઇ ગઇ. વાયુની આંધી આવીને અગર નદીઓને પુર આવીને જેમ થોડી વારમાં શાંત થઇ જાય છે, તેવીજ રીતે આગળના સમયમાં મુસલમાનોની ફોજો આવી દેશમાં મારફાડ અને લુંટ કરી થોડીવાર ટકી પોતાના દેશમાં પાછી જતી રહેતી હતી જેથી આ દેશને ઝાઝું સહન કરવું પડતું નહોતું. ફક્ત વાગેલા ઘાના રૂઝાવા જેટલો શ્રમ કરવો પડતો હતો; અને ઇશ્વર ઇચ્છાથી આ દેશની ભુમી એવી તો રસાળ હતી કે તે ઘા રૂઝાવાને ઝાઝી લાંબી મુદત લાગતી નહોતી. પણ આ કાંઇ તેવો ઘા નહોતો. આ તો દુશ્મનો ઘાયલ કરી નાંખી પાછા હથિઆર સહિત છાતી ઉપર ચઢી બેઠા હતા, જેથી ફરીથી ઉભા થઈ તેનું ઓસડ કરાવી શકે તેવી આ ગુજરાતની ભુમીને સત્તા રહીજ નહોતી; તેથી જે આપત્તિ પડે તે પડ્યા પડ્યા ટગર ટગર જોઇ સહન કર્યા શિવાય બીજો ઇલાજ નહોતો. કરણ રાજા કદાપી એવા વિચારથી ગુર્જરભુમી છોડી ખસી ગયો હશે કે જેવી રીતે મહમદ ગીઝનવીના ઓચીંતા ચઢી આવવાથી તે વખતના ચાલુક્ય રાજાને રાજધાની છોડી નાસવું પડયુ હતું, તેવીજ રીતે આ મુસલમાનો ઓચીંતા ચઢી આવવાથી પો-

તાને બીલકુલ તૈયારી કરવાનો વખત મળી શકયો નહીં હોય. તેમજ લાંબા અંતરથી એટલે લગભગ સો વરસથી મુસલમાનો ગુજરાત ઉપર ચઢી આવ્યા નહોતા તેથી ક્ષત્રીઓ એશઆરામમાં અને મોજશોખમાં મોજીલા થઈ ગયા હતા; ને તેથી તેમનાં હથિઆરોને કાટ ખાઇ ગયો હશે, તેથી એકાએક મોટી તૈયારી કરવાને બન્યું નહીં હોય, તેથી એકાદ નહીં જેવી લડાઇ કરીને પોતે ખશી જવાનો ઈરાદો કીધો હશે. તેના અંતઃકરણમાં એમ પણ હશે કે તે લોકો તેમના હમેશના રિવાજ મુજબ રાજ્ય લુંટીને ચાલતી પકડશે એટલે સ્વસ્થપણે ગુજરાતને આબાદ કરીશું. પણ તેની આ બન્ને ધારણાઓ ભૂલભરેલી હતી. તે લોકો દેશ લુંટી પોતાને વતન પાછા જવા સારૂ આવ્યા નહોતા પણ ગુર્જરભુમીને પોતાની પત્નિ કરવા સારૂ આવ્યા હતા. તેના શરીરીરનું લોહી ચુસી પોતે તૃપ્ત બનવા સારૂ આવ્યા હતા. બિચારી ગુર્જરભુમી તે દિવસથી પરદેશીની સ્ત્રી થઇ પડી છે. તે પોતાના શૂરા ક્ષત્રી પતિને ફરી વરવા પામીજ નથી. હાલ પ્રતાપી અગ્રેજ પતિના વખતમાં તેને શાન્તિ વળી છે.

કરણ રાજા પોતાની ધારણામાં નિષ્ફળ થયો, જેથી દક્ષિણમાં બાગલાણના મુલકમાં જઇને રહ્યો. ત્યા પણ તેને એકવાર મુસલમાનોની સાથે લડાઇમાં ઉતરવું પડયુ હતું. પછી છેવટ તેના વિશે શું થયું તે કાંઇ જાણવામાં આવ્યું નથી. કરણ રાજાએ ઇ. સ. ૧૨૯૬ થી ઈ. સ. ૧૩૦૪ સુધી ૮ વરસ રાજ્ય કર્યુ છે.

અલાઉદ્દીનની ફોજ ગુજરાત જીતી દિલ્હી પાછી ગઇ. આગળના મુસલમાન પાદશાહોની પેઠે ત્યાંથી ખડણી ઠરાવી તેના કુવરને રાજ સોંપવામાં આવ્યું હોત તો ઉત્તમ હતું; અને તેથી ગુર્જર ભુમીને લાગ આવે કોઈ વખત સ્વતત્ર થવાને બની શક્ત, પણ તેમ ન કરતાં આ લોભી પાદશાહે ગુર્જર દેશ ઉપર પોતાના ભાઇ અલીફખાનને પ્રતીનીધી નીમીને મોકલ્યો. તેણે આવી પાટણમાં ગાદી કરી અને ત્યાં એક સુંદર જુમામસીદ બંધાવી. લોકો કહેછે કે આ મસીદમાં થાંભલા એટલા બધા છે કે તે ગણી શકાતા નથી. જ્યારે તે મસીદ બંધાવવામાં આવી હશે, ત્યારે તો તે શહેરની મધ્યોમધ્ય હશે, પણ હાલ તો તે છેક વગડામા પડી છે જેથી પાટણનો ઘણો ભાગ ઉજડ થઈ ગયો હશે, અગર હાલનું પાટણ મુળ રાજ્યગાદીથી એટલું દુર વસ્યું હશે, એમ જણાય છે.

કરણ રાજા પાસેથી જ્યારે ગુજરાતનું રાજ્ય છુટયું ત્યારે તેને પુત્ર હતો કે નહીં, તે ગુજરાતના ઇતિહાસમાં બતાવવામાં આવ્યું નથી, પરતુ કેટલીએક

જગોએથી તથા વાઘેલાના બારોટ લોકોની તવારીખથી તેમજ રાસમાળા વગેરેના આધારથી જણાય છે કે જ્યારે કરણે રાજ્ય છોડયું, ત્યારે તેને કોલાદેવી શિવાય બીજી બે રાણીઓ હતી; અને વાઘેલાના વંશનો વિસ્તાર ચલાવનાર તે બને રાણીઓને અકેક પુત્ર હતો. એક કચ્છના કેરૂકોટના દેશળજી જાડેજાની દીકરી અમરકુંવરબા, તેમના કુમાર વિરસિંહજી હતા. બીજાં રાણી જેસલમેરના ગજસિંહજી ભટ્ટીનાં કુંવરી તાજકુંવરબા હતાં, જેમના કુમાર સારંગદેવજી હતા. કરણ રાજાએ આ બને રાણીઓને હાલ જેમ રાજાની રાણીઓને રજવાડાની રીત મુજબ પોતાના રાજ્યની ને વભાની યોગ્યતા મુજબ એક ગામથી માંડીને પોતાનાથી બની શકે તેટલી જીવાઇ આપવામાં આવે છે, તેજ પ્રમાણે આ રાજાએ પણ પોતાની બને રાણીઓને પોતાના પીયરથી નજીક પડે તેવી રીતની મોટી જીવાઇ આપેલી જણાય છે. વરશગની અમરકુવર માતુશ્રીને સરધાર જીલ્લો જે કચ્છની લગોલગ છે તે ૬૫૦ ગામ સાથે, અને સારગની મા તાજકુવરબાને ભીલડી જીલ્લો જે ગુજરાતની ઉત્તર હદ તરફ પાલણપુર પ્રગણામા છે ને જ્યાથી જેસલમેર સુગમ પડે તે ૬૫૦ ગામનો આપ્યો હતો. જેથી કરણ રાજાનું રાજ્ય ગયું તે વખતે આ કુંવરો પોતાની માતાઓ સાથે મોસાળમાં હતા, જેથી તેમને તથા તેમને મળેલાં ગામોને પાદશાહના લશ્કર તરફથી ઝાઝી સતાવણી થઈ હશે નહીં. જેથી તેઓએ પોતાનાં ગામોમાં રાજગાદી સ્થાપી પોતાનું બળ જમાવી રાજ કરવા લાગ્યા. એ તો ખરૂં કે તેઓ બરોબર રીતે સ્વતંત્ર રાજ્ય જમાવી શક્યા હશે નહીં. આ બને મહા પુરૂષો આગળ ઉપર ગુજરાતમાં જે વાઘેલાની રાજગાદીઓ થઇ ને હાલ જે વાઘેલા નામ ધરાવનાર ગુજરાતમા ક્ષત્રીઓ છે તેમના પૂર્વજો હશે, એમ માનવામા શંકા રાખી શકાશે નહીં.

કચ્છમાં કેરોકોટ એ નાનું ગામડુ છે ને હજુ પણ તેજ નામ કહેવાય છે. તે કચ્છમાં પટ ચાવની પાસે છે અને વળા જેમ આગળ જુનું અને વિસ્તીર્ણ નગર હતું એમ કલ્પી શકાય છે, તેમ ત્યાં પણ નિશાનીઓ છે. સામ્ભર રાજાએ જયારે અણહીલવાડ ઉપર ચઢાઇ કરી ત્યારે માલદેવ જે કંથકોટમાં ભરાઇ રહ્યો હતો, તે કથકોટને કેરોકોટ બે એકજ હોય તોજ નકશામાં તેનું નામ આવી શકે બાકી કેરોકોટ એવું નામ નકશામાં નથી. વિરસિંહની ગાદી સરધારમાં થઈ જેથી તેના વંશજો સરધારા વાઘેલા કહેવાય છે; અને સારંગની ગાદી ડીસા પાસેના ભીલડી ગઢમાં થઇ જેથી તેના વશના ભીલડીઆ વાઘેલા ગણાય છે.

ભીલડીઆ વાઘેલા ભીલડીગઢ નજીકનાજ પ્રાંતમાં છે; અને ઘણુખરૂં

રાજ્ય મુસલમાનો અને બીજા ઠાકોરો દબાવી પડ્યા છે. લગભગ ૭૫ થી ૧૦૦ સુધી ગામો એ વંશના વાઘેલાઓની પાસે હશે. ભીલડીગઢ તેમના પૂર્વજોએ ખોએલો જણાય છે, કારણ કે હાલ તે પાલનપુરના નવાબ સાહેબને તાબે છે ને તે છેક ગામડાની સ્થિતિમાં આવી ગયું છે. ' વાઘેલા ક્ષત્રીઓની તો ત્યાં બીલકુલ વસ્તી રહીજ નથી.

ભીલડી ડીસાના કાંપથી ૭ ગાઉ દુર છે. તેને ફરતી ગાઉ ગાઉ સુધી પીલુડી ને કેરડા વગેરેની ઝાડી છે. ગામમાં પેસતાં ડાબે હાથે મોટા ઘેરાવાનો તમામ પત્થરનો બાંધેલો મોટો કુવો છે, તે ઘણોજ ઉંડો છે. તેમાં કોઇ લેખ જણાતો નથી. પણ કુવો ઘણોજ જુનો હોવાથી હવાડાના પત્થરમાં દેવળના શીખરના કડકાઓ તથા થાંભલાઓ વિગેરે વાપર્યા છે, તેમાં કોઇ કોઇ સ્થળે અક્ષરો વગેરે જોવામા આવે છે; જેમા એક પત્થરમાં સંવત ૭૭ની સાલ જણાય છે જેથી તે કુવો ઘણો પ્રાચીન હોવો જોઇએ, અગર તે ગામ એટલા વખતનું જુનું હોવું જોઇએ. જો કે ગામ ઘણું નાનું છે પણ ભીલડીગઢમાં આગળ વસનાર જૈન લોકોએ તેને જાત્રાનું સ્થાન બનાવી દીધું છે; જેથી તે તરફના જૈનો ત્યાં જે એક તે ધર્મનું દહેરૂં છે ત્યાં યાત્રા કરવા સારૂ વર્ષમાં અમુક દિવસે આવે છે. તેથી તેમની જુની બાંધણીની નાની ધર્મશાળા છે; ને તેની પાસે એક મંદીર છે તેમાં એક જીનેશ્વર સ્વામીની પ્રતીમા છે, જે કેટલીક મુદતથી જમીનમાંથી દટાએલી નીકળી છે. તે પ્રતીમા ઉપર સંવત તેરસેંના સૈકાનો લેખ છે. મોટુ દહેરૂં તો ગામની બહાર આવેલું છે, કે જે દેવળ ભીલડી ગઢની પૂર્ણ આબાદાની વખતે ગામની મધ્યે હશે, એવું તેની ચારે બાજુએ આવેલાં ખંડેરોથી સિદ્ધ થાય છે. તે દેવળ જીર્ણ થઈ ગયું હતું, પણ હાલ તેનો જીર્ણોદ્ધાર થાય છે ને ચારે બાજુએ વંડો કરી લીધો છે; તેમજ એક નવો કુવો પણ બંધાવ્યો છે. દેવળને ત્રણ શીખર અને એક દ્વારમંડપ છે; પરંતુ દેવળમાં પ્રતીમાઓ નથી. તે તો ભોંયરામાં પધરાવેલી છે. તે ભોંયરામાં ઉતરવાનું કામ જરા મુશ્કેલ છે; ને કદાપી શરીરે ઘણા પુષ્ટ માણસને તો અંદર ઉતરવું ભયંકર છે. આ ઉપરથી અનુમાન થાય છે કે મુસલમાની રાજ્યમાં તેમના ત્રાસથી પ્રતીમાઓને ભોંયરામાં ગુપ્ત રાખવામાં આવી હશે. પ્રતીમાઓ મોટા કદની એક ધોળી અને બીજી શ્યામ છે. આ દહેરામાં પ્રતીમા છે તેમાં સંવત તેરના સૈકાનો લેખ છે. આ દેવળથી આશરે ૪૦૦ કદમ દુર એક મોટા પત્થરનો બાંધેલો નિર્જળ કુવો છે તેનો ઘાટ ઉત્તમ છે; ને તેને બાંધતાં ઘણો ખર્ચ થયો હશે. તે કુવા વિશે એમ કહેવાય છે કે પાટણના કોઇ જાતના વાણીયા જ્યારે તેઓના પૂર્વજો ભીલડીમાં રહેતા હશે, તે વખતની એક તેમની માતાજીની પ્રતીમા તે કુવામાં દટાએલી હશે, જેથી તેમણે તે

કુવામાંથી પોતાને કાઢવા પોતાના કોઇ સેવકને સ્વપ્નું આપેલું. તેથી તેણે આવી ઘણા કોશ જોડી કુવો ગળાવ્યો, તે એટલે સુધી કે કુવો અંદરથી બેશી ગયો ને થોરો ભાગ તુટી પડયો ને જળ વિનાનો થઇ ગયો. ઉપરથી આશરે ૨૫ ગજ બાંધેલો રહ્યો છે તેવીજ હાલતમાં જોવામાં આવે છે. એ દહેરાની પાસેથી ખોદતાં જમીનમાંથી સુંદર આરસ પહાણના દટાએલા પત્થરો નીકળે છે. દેરા નજીકથી એક સુંદર કાળા આરસની પ્રતીમા ઘણી સુંદર અને ઉત્તમ પ્રકારની કારીગરીની જમીનમાથી ખોદતાં જડી આવેલી છે; ને તેવીજ રીતે જીનેશ્વરસુરીની તથા બીજી પ્રતીમાઓ જમીનમાંથી નીકળે છે. ગામથી થોડે દુર અદ્યાપિ પણ રાજગઢ કહેવાતો એક મોટો ટેકરો છે; ને તેમાંથી પણ ખોદીને લોકો આરસ લેઇ જાય છે. એ ઠેકાણે અસલ રાજમહેલ હશે એમ જણાય છે. તે તરફ એક ગાઉ સુધી જુની ઈંટોના કડકા પડેલા જોવામાં આવે છે, જેથી તે જમીન વાવેતરને વાસ્તે તદન નિરૂપયોગી છે. ગામની આસપાસ પાળીઆ પણ ઘણા છે. ગામમાં પેસતા ડાબે હાથે કુવાથી ૪૦૦ કદમ દુર ભોંયમા થોડા ઘણા દટાએલા પાળીઆ છે, તેમાં સંવત ૧૩૫૦ લગભગના લેખ છે, પણ સાલ અને નામ કરતાં વધારે હકીકત સમજાતી નથી. તેઓના નામની સાથે વાઘેલાઓના શબ્દ લખેલા છે તે ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે ભીલડી તે અરસામા મોટું શહેર હશે. આજ પણ ચોમાસામા જમીન ધોવાઇ જવાથી ભોયમાથી તાંબાના શિક્કા અને કોઇ વખત રૂપાના કોરી જેવડા કડકા જડે છે. ત્યાના લોકોની દંતકથાથી કહેછે કે અસલ એ જગો ઉપર ત્રંબાવટી નામે નગર હતું; ને ત્યાંના રાજાનુ નામ ગર્ધવસેન હતું. પણ આ દંતકથા માનવાને કોઈ પ્રકારનું સાધન જોવામા આવતું નથી. જે પાળીઆ જોવામા આવ્યા તે ઘણાખરા વાઘેલાનાજ છે, જેથી તેઓને મુસલમાનો અગર બીજા દુશ્મનો સાથે લઢાઇમાં ઉતરવું પડેલું તેમાં જેઓ ગુજરેલા તેમના હશે. તે ઘણા જમીનમાં દટાએલા હોવાથી તેનો ભાવાર્થ સમજાઈ શકાતો નથી. વળી ગુજરાતના જુના નકશામાં ભીલડીની હદની જગોએ ત્રંબાવટી લખાએલું છે જેથી તેનુ કાંઈ કારણ હોવું જોઇએ.

જેવી રીતે ભીલડીગઢ તેના વંશવાળા પાસે રહ્યો નથી, તેમજ સરધાર પણ વાઘેલાના હાથમાં રહ્યું નથી. તેનું કારણ આગળ જોવામાં આવશે.

સરધારની ગાદી ઉપર વરશંગદેવ કે જેનું બીજું નામ ધવળદેવ કહેવાય છે તે બેઠા. તેમના પછી અનુક્રમે વિશળદેવ અને ત્યાર પછી નોંઘણજી ગાદી ઉપર બેઠા; તેમના પછી વિજપાળજી; તેમના પછી સુરશંગજી તથા લુણકરણજી; તે કચ્છમાં ગયા જેનો વંશ ગેડી, પળાંસવા વગેરેમાં છે. સુરશંગજી

પછી અજબશગજી, દેવકરણજી,[1] પ્રતાપશંગજી અને માંડણજી એ અનુક્રમે રાજા થયા. ત્યાર પછી ધમળકરણજીને રાજ્ય મળ્યુ, તેમણે સરધારની ગાદી પોતે પાટવી અને ગાદીના હકદાર છતાં પોતાના પિતાની મરજીથી નાના ભાઇને સોપી પોતાના પૂર્વજોનુ જુનુ રાજ્ય મેળવવાની ઉમેદથી આવીને મુ-સલમાનો પાસેથી કલોલ અને સાણંદના પ્રગણા જીતી લીધાં ને કલોલમાં ગાદી કરી.

ધમલકરણજીને બે કુમાર વીરસિંહ અને જેતસિંહ હતા. તેઓને ભાટ લોકોએ પોતાની વાર્ત્તામાં વરહો અને જેતો એ ઉપનામથી ઓળખાવ્યા છે. તેઓનો ગરાસ અમદાવાદના સુલતાન અહમદશાહે જીતી લીધો. તેથી આ બંને ભાઇ પોતાના ૫૦૦ સ્વારો સાથે બાદશાહ સામે બારવટે નીકળ્યા અને બાદશાહના મુલકમા બહારવટા કરવા લાગ્યા. પણ બાદશાહ કાયર થયો નહીં, તેમજ ગરાસ પણ પાછો મળ્યો નહિ. એ રીતે બાર વરસ સુધી બહારવટાં કર્યાં ને તેમના સ્વાર ઘટીને ૧૫૦ રહ્યા ને હેરાન થઈ ગયા.

એક વખત કડી પાસે ભેમેરી તલાવડી નજીક તેમનો મુકામ હતો, એ વખતે નાસમધ ગામનો અખો ભંડારી નામે રજપુત પરોઢમા ખાતરનુ ગાડું ભરી જતો હતો, તેના ચાકરે અખાને કહ્યું કે ભાઈ તલાવડી ઉપર બહાર-વટીઆ પડયા છે. અખાએ કહ્યુ કે બહારવટીઆમાં કાંઈ દમ નથી. તે બાર બાર વરસથી બહારવટું કરે છે છતા ગરાસ પાછો વળતો નથી; તેમની પાસે જો મારા જેવો હોય તો ત્રણ દિવસમા ગરાસ પાછો વાળી આપે. આ વાત-ચીત વરહા જેતાના માણસોએ સાભળી ને તેમણે બને ભાઇઓને વાત કરી, જેથી તેઓ બને અખા પાસે આવ્યા ને કહ્યું કે તમે શું બોલ્યા? આ ઉપ-રથી અખો ગભરાયો અને બોલ્યો કે મેં તો હસતા હસતા કહ્યુ હતું. બંને ભાઇઓએ કહ્યું કે તમોને ચઢવાને એક હજાર રૂપીઆનો ઘોડો આપીએ ને તમો અમારી સાથે ચાલો. અખાએ કબુલ કર્યું ને તેમની સાથે ગયો. તેણે બન્ને ભાઈઓને સલાહ આપી કે અહમદશાહ બાદશાહની બેગમ દર શુક્રવારે મકરબાનો રોજો જે સરખેજ પાસે છે ત્યાં દરશન કરવા આવે છે તે વખતે જો બેગમોના રથ વાળો તોજ તમારૂં કામ થાય, પણ કામ જીવ સટોસટનું છે. આ ઉપરથી બને ભાઈઓએ ખુશીથી કબુલ કર્યું; ને શુક્રવારે જ્યારે બેગમો મકરબાના રોજામાં આવી ત્યારે પોતાના દોઢસો ઘોડા સાથે જઇ રો-જાને વીંટી લીધો. બેગમોની સાથે, બાદશાહના ભયથી ડરી કોઈ દુષ્મન ન-જર કરી શકે નહિ, તેથી ઝાઝા સ્વાર આવતા નહોતા; ને જેઓ આવતા તે પણ રોજાથી ઘણા દુર રહેતા. તેથી બંને ભાઈઓ હીંમત રાખી રોજામાં

દાખલ થયા. અજાણ્યા, હથીયારબંધ સ્વારોને દેખી બેગમો ગભરાઈ ગઈ, ને જયારે તમે કોણ છો ને પાદશાહનો ડર નહિ સમજતાં આ રોજામાં જયાં જનાનો છે ત્યાં પેસવાની કેમ હીંમત કરી એવું તેમને પુછવામાં આવ્યું, ત્યારે તેમણે જવાબ દીધો કે અમે વરહો અને જેતો બંને વાઘેલા ક્ષત્રી ભાઇઓ છીયે. બાદશાહે અમારો ગરાસ છીનાવી લીધો છે, જેથી બાર વરસથી બહારવટે છીયે; હજુસુધી અમારો ગરાસ પાછો સોંપતા નથી, માટે મરવા નો દૃઢ નિશ્ચય કરી આજ તો મરવા સારૂ આવ્યા છીયે. અમો તમને પકડી જઇશું ને જયા સુધી બાદશાહ અમારો ગરાસ અમને પાછો સોપશે નહિ ત્યાં સુધી તમોને કબજે રાખીશું, અમને મોતની બીક નથી. આથી વડી બેગમ ઘણીજ ગભરાઈ ને કહ્યું કે જો તમે અમારા રથ વાળી જશો તો અમારે આપઘાત કરી મરવું પડશે; અને તેનો સ્રીહત્યાનો દોષ તમોને લાગશે માટે તમો વિચાર કરો. તમે મારા ધર્મના ભાઈ છો; ને ધર્મની જગોમાં હુ પ્રતિજ્ઞા કરીને કહુ છું કે હુ તમારો ગરાસ તમને ત્રણ દિવસમા પાછો અપાવીશ. તમો મને આબરૂભેર જવા દો. બંને ભાઇ સમજી ગયા કે હવે ઝાઝું કરવામા માલ નથી, જેથી તેમને જવા દીધા; અને અમો કયાં રહીયે એવું પુછતા બેગમે તેમને ઘોડીકુવા ગામમા જઇ રહેવાની ભલામણ કરી કહ્યું કે આવતી કાલે બાદશાહ તરફથી તેડવા આવશે માટે તમો નિર્ભયપણે આવજો. એવું કહી બેગમો ગઇ તે વખતે બેગમોના સ્વારોએ તેમની સાથે લઢવાની મરજી બતાવી તેમને મના કરી કે તેઓ અમારા ધર્મના ભાઈ છે, તેમણે અમને આબરૂભેર જવા દીધી છે માટે તેમને કનડશો નહિ. આ પ્રમાણે બેગમો શહેરમા ગઈ અને બને ભાઇઓ પોતાના સ્વાર સાથે ઘોડીકુવે ગયા. બેગમને ઉદાસ જોઇ બાદશાહે તેનું કારણ પુછયું. બેગમે કહ્યું કે જો આજ વરહા અને જેતાએ મારી આબરૂ ન સાચવી હોત અને મારો રથ વાળી ગયા હોત તો મારે આપઘાત કરીને મરવું પડત. તેઓને મેં મારા ધર્મના ભાઇ કહ્યા છે ને તેમણે મારી પ્રતિષ્ઠા સાચવી છે માટે કોઈ પ્રકારથી અપમાન અગર ગુસ્સો નહીં કરતાં તેઓને બોલાવી તેમનો ગરાસ પાછો સોપો. બાદશાહ બેગમ ઉપર બહુ પ્રેમ રાખતો તેથી તેનું વચન તેને માન્ય કરવાની જરૂર પડી, અને પોતાના માણકચંદ અને મોતીચદ નામના બે કામદારોને તેમને માનપૂર્વક તેડી લાવવા ઘોડીકુવે મોકલ્યા. તેમણે જઇ બાદશાહનો હુકમ તેમને કહ્યો. બને ભાઇઓ તેમની સાથે આવવા કબુલ કરી અમદાવાદ આવ્યા, જે વખતે સાજનો સમય થવા આવ્યો હતો. નદી ઉપર કેટલીએક સ્રીઓ અવિવેકથી નહાતીધોતી તેમના જોવામાં આવી. તેથી આ સ્રીઓ શી જ્ઞાતીની હશે એમ કારભારીઓને પુછયુ. તેમણે કહ્યું કે વા-

સ્ત્રીઓ બ્રાહ્મણની સ્ત્રીઓ હશે. તે ઉપરથી જેતાએ કારભારીઓને તેમની જ્ઞાત પુછી ને તેમણે જાતે વાણીયા છીએ એમ કહ્યું, તે ઉપરથી તેણે વરહાને એકાંતમાં કહ્યું કે મોટા ભાઇ જે સ્ત્રીઓ મર્યાદા રહિત જણાય છે તેઓની જાતીના આ કારભારીઓ છે. પાદશાહ કદાપી આપણને પકડીને દગાથી કેદ કરશે તો આ કારભારીઓ આપણને છોડાવી શકશે નહીં, માટે આવાની બાંહેધરીથી હજુરમાં જવું મને તો જોખમભરેલું લાગે છે. તેથી તેમણે કારભારીઓને કહ્યું કે પાકી બાહેધરી શિવાય અમો આવી શકીશું નહિ. બાદશાહ અમોને કેદ કરે તો તમો અમને બચાવી શકશો ? તેનો જવાબ કારભારીઓ તરફથી સંતોષકારક મળ્યો નહિ જેથી તેઓ પોતાના મુકામ ઘોડીકુવે પાછા જતા રહ્યા. કારભારીઓએ બનેલી સર્વે હકીકત બાદશાહને જાહેર કરી. બીજે દિવસે પાદશાહે પોતાના બે મુસલમાન અમીરોને મોકલ્યા; તેમણે ઘોડીકુવે જઇ પાકી બાહેધરી આપી તેઓને અમદાવાદ તેડી આણ્યા. તે વખતે સંધ્યાકાળ થવા આવી હતી, અને તેઓ રાજમાર્ગે ચાલતા હતા. સામેથી કોઇ મુસલમાન સ્ત્રી બુરખો ઓઢી આવતી હતી. તેના જોવામાં આ સ્વારો આવ્યા; ને પોતે ઓઝલવાળી હોવાથી ખાનદાન સ્વારો પોતાને જુએ તે તેને વ્યાજબી લાગ્યું નહિ. સંતાવાની જગો જોઇ, પણ તે ન મળી આવવાથી પાસેના કુવામાં પડતું નાખ્યુ. તેના ધબકારાથી કેટલાક માણસોએ દોડી આવી તેને કુવામાંથી બહાર કાઢી. તે જીવતી હતી તેથી તેને કુવામાં પડવાનું કારણ પુછવામાં આવ્યું. તેણે કહ્યુ કે મારી સામે સારા માણસો આવતા હતા ને તેઓ મને જુવે તેના કરતાં મરવું વધારે સારૂં એમ ધારી કુવામાં પડી હતી, પણ મારા કમનશીબે જીવવા પામી. વાઘેલા ભાઈઓ જેઓએ આ તમામ બનાવ જોયો હતો તેઓને આવા ખાનદાન કુટુંબની જાતના સરદારોની બાંહેધરી મળેલી હોવાથી હિમ્મત આવી અને દરબારમાં ગયા. બાદશાહે તેમની માનપૂર્વક મુલાકાત લીધી, ને લાંબી મુદતના પરિશ્રમથી થાકી ગયેલા આ બંને ભાઈઓને હજામતો કરાવી નાહીધોઇ સ્વચ્છ વસ્ત્ર પહેરાવ્યાં; આ બંને ભાઈઓએ એટલું બધું કષ્ટ સહન કર્યું હતું કે જ્યારે તેમનાં જુનાં વસ્ત્રો તપાસ્યાં ત્યારે તેમાથી દોઢ શેર તો જુઓ અને લીખો ભરેલી હતી. આ પ્રમાણે સ્વચ્છ થયા પછી બાદશાહે તેમનો ગરાસ તેમને પાછો સોંપ્યો; ને પુછયું કે તમો આ ગ્રાસ શી રીતે વેંચશો? તે ઉપરથી બને ભાઇઓએ સમજુત કરી મોટાભાઇ વરહા (વીરસિંહે) કલોલ ને તેનાં ૨૫૦ ગામ મીઠાપાટનાં લેવા અને નાના જેતસિંહે સાણંદ જે તે વખતે ખારા પાટને નામે પ્રસિદ્ધ હતો તેનાં ૨૫૦ ગામ લેવા કહ્યું ને તે પ્રમાણે વહેંચી લીધાં. મુખ્ય એગમની ભલામણ ને આગ્રહથી તેમજ પોતે વરહા અને જેતાને ભાઈ તરીકે

ગણેલા હોવાથી તેમની બેન લાલાને પાદશાહની સાથે પરણાવી એમ કહેવાય છે. પ્રભુકૃપાથી સાણુંદનાં ગામ હાલ સારી સ્થિતિમા આવ્યા છે ને તેમાં ઘઉં, કપાસ, ડાંગેર વિગેરેનું વાવેતર થાય છે.

વિરસીંહે કલોલમાં ગાદી કરી અને જેતસીંહે સાણુંદમાં ગાદી કરી. વિરસીંહના વંશની હકીકત આગળ લખાશે.

જેતસિંહજી સાણુંદમા રૂડી રીતે રાજ્ય કરી ગુજર્યો. તેમની ગાદી ઉપર તેમના તેમના પછી અનુક્રમે ગોપાળજી, નાયાભાઇ, નોંઘણજી, વરસાજી, ભીમસિંહજી, દુધોજી, વીરધવળજી, સારંગદેવજી, જેસિંહજી, જેતસિંહજી, અનરાજજી, જેસિંહજી ને માલસિંહજી ગાદી ઉપર બેઠા. પછી સારગદેવજીના વખતમાં અમદાવાદના બાદશાહે તેમના ઉપર ચઢાઇ કરી. સારગદેવ સારી રીતે લઢયા પણ બાદશાહની ફોજ સામે ટકી શકયા નહીં. બાદશાહી ફોજે સાણુદ લુટયું ને દરબારનો મહેલ જે ઘણોજ ઉંચો હતો તે પાડી નંખાવ્યો. કહેવાય છે કે બાદશાહના અમદાવાદના મહેલ ઉપરથી તેણે સાણુદના દરબારના આ ભવ્ય મહેલ ઉપર મુકેલા દીવાનું અજવાળુ જોયું, જેથી પોતાના મહેલ કરતા આ મહેલ ઉંચો જાણી એ રાજય જીતી લેવાની ઇચ્છા કરી તેણે તે જીતી લીધું ને મહેલ પડાવ્યો, તેમજ રાજ્ય પણ ખાલસે કરવા ધાર્યું. પણ શૂરા સારગદેવજીએ તેમની હોશ પુરી પડવા દીધી નહીં. તેણે બાદશાહ સામે જબરાં બહારવટાં કરવા માંડ્યાં; અને બાદશાહને તથા તેના તાબાની રૈયતને ઘણી રંજાડવા માડી. આખરે બાદશાહે સમાધાની કરવા સારૂ બાહેધરી મોકલી ને પોતાની પાસે તેડાવી તેમની સાથે સલાહ કરી તેમના ઉપર ચઢેલી બે વરસની ખડણી માફ કરી ને પોતાના અવિચારથી તોડી પાડેલો મહેલ ચાર માળનો પોતાના ખર્ચે બંધાવી આપ્યો. પરતુ તેના બદલામાં સાણુદમાં બાદશાહી થાણું મુકવાનો ઠરાવ થયો. તે વખતથી સાણુંદમાં મુસલમાનોનો પગ પેઠો. સારગદેવજીની ગાદી ઉપર તેમના પાટવીકુમાર ભીમસીંહજી બેઠા. તેમણે પોતાના ભાઇ ડુંગરજીને બાર ગામ દદુકા, કાણેટી, રનોડા, નીધરાડ, માણકોલ, સાંકોડ, ચલોડા, રનોડા, શેખડી, કોચીઆણ, વેજલપુર અને મેમર એ રીતે આપ્યાં. તે ગામો ડુંગરજીના વશવાળાએ ગુમાવ્યાં છે ને કેટલાંક ભાઈ ભાગે વેચાઈ ગયાં છે. તેઓ દદુકીયા વાઘેલા કહેવાય છે.

મહારાણા ભીમસીંહજીના વખતમાં સાણુંદમાં મુસલમાનોનું થાણું હોવાથી તેઓ ભાગદાર તરીકે ગણાયા અને વાંટા તળપદની હદ નક્કી કરી ને ત્યાં વાલીનાથ મહાદેવનું સ્થાપન કર્યું હતું.

મહારાણા ભીમસિંહજીનાં પહેલાં રાણી માણુસાના ચાવડા ઠાકોરની દીકરી રામકુંવરબા હતાં, તેમને કુમાર કરણુશગજી થયા. બીજાં રાણી કંથારીઆના ઝાલા સામશગજીનાં કુવરી રાજકુંવરબા હતાં તેમના કુમાર મેળોજી થયા. આ શિવાય તેમને વાઘજી તથા વીહોજી આ બે કુમારો હતા. વાઘજીને પીંપણ વગેરે ગામ અને વીહોજીને મોરૈયા ગામ જીવાઇમાં આપ્યાં હતાં.

મહારાણા ભીમસિંહજી જ્યારે દેવલોક પામ્યા, ત્યારે પાટવીકુમાર કરણુસિંહજી લગભગ ૨૫ વરસના, અને મેળોજી ૨૦ વરસના હતા. રાજ્યનો કારભાર વાઘેલા શંગજી જે કાવીઠીયા વાઘેલા હતા તે કરતા હતા. આ શંગજીના મૂળ પુરૂષ વીડોજી વાઘેલાની ગાદીએથી ઉતર્યા હતા; ને તેમને કાવીઠા વગેરે ચાર ગામ જીવકમાં મળ્યા હતાં. તેમના વંશમાં આ બહાદુર શગજી થયા. તેઓ ભારભારી હતા, જેથી પાટવી કુમાર તેઓની સલાહ મુજબ રાજ્ય ચલાવતા હતા. તે રાજ્યનો ઘણો નિમકહલાલ ને શૂરો વજીર ગણાતો હતો. તેમણે કુંવરોનું રક્ષણ કરી રાજ્યને આબાદ કર્યું હતું.

એક વખત સાણુદમા દરબારગઢની આગલી ડેલી ઉપર શંગજી બેઠા હતા; અને ગરાશીયાનો ડાયરો ભરાયેલો હતો, કસુબા પીને પૂર્વે થઇ ગયેલા શૂરવીરો સબધી ચર્ચા ચલાવતા હતા, ફટાયા કુમાર મેળોજી પણ સંગજી સાથે બેઠેલા હતા, એવામાં ધોળકા તાલુકાના સરોડા ગામ, જ્યાં શેરડીનો ખૂબ પાક થાય છે ને જે ગામ સાબરમતી નદીને કાંઠે છે, તે ગામના પટેલે શેરડીના મોકલેલા પાંચ ભારા કાગળ સાથે આવ્યા. શગજીએ કાગળ વાંચી ભારા લેઈ તેમાંથી ત્રણ ભારા તથા કાગળ કરણુસિંહજીને પહોચાડ્યા; અને બે ભારા ડાયરામાં વેચવા સારૂ અને મેળોજી પણ ત્યાંજ બેઠેલા હતા જેથી વાપરવા રાખ્યા. કરણુસિંહજીએ પત્રમાં પાંચ ભારા લખેલા વાંચ્યા પણ પોતાની પાસે બે કમી આવ્યા જેથી તેનું કારણ પુછયું. ભારા લાવનાર હજુરીએ કહ્યું કે શગજીએ બે ભારા ડેલી ઉપર મેળોજીભાઈ તથા ડાયરો બેઠેલો હોવાથી ત્યાં રાખ્યા છે. કરણુસિંહજીના મનમા તો આ વિશે તે કારણ સંબંધી વિચાર નહોતો. પણ શગજીની સાથે દ્વેષ રાખનારા ખટપટી માણુસોએ તેમને ઠસાવ્યું કે શંગજીની આ રીત બીલકુલ સારી નથી. આજ આવી રીતે મેળોજી ડાયરામાં છે જેથી બે ભારા રાખ્યા તો ફટાયા ગરાસ તેમને આપતી વખત રાજ પણ પાંચ દુ ભાગે વહેચવા તજવીજ કરે. તેમના અંતઃકરણમાં એવીજ ધારણા હશે તેનું બીજ.આ શેરડીના ભારામાંથી રોપ્યું. આ પ્રમાણે કહી તેમણે કરણુસિંગજીના મનમાં શંગજી કાવીઠીયા ઉપર દ્વેષ ઉત્પન્ન કરાવ્યો.

શગજીના મનમાં આવો ખિલકુલ વિચાર નહોતો. તેની ધારણા તો એ

હતી કે મેળોજીભાઈ જે શેલડી ખાવા લાયક અને નાના છે તે અહીં બેઠા છે, વળી દુઃખમાં ભાગ લેનાર અને જરૂર વખતે પ્રાણને પણ વ્હાલો નહીં કરનાર ભાયત, ઉમરાવ અને સરદારો પણ આંહી બેઠા છે ને આ નવાઇની ચીજ છે તે બધાને વહેંચાય તો સારૂં, એજ ધારણાથી ભારા કરણસિંહજીને પુછયા સિવાય બહાર રાખ્યા; પણ આથી તો દુષ્ટ લોકોના ભભેરવાથી કરણસિંહજીને ખોટુ લાગવાનુ થયુ. તેમણે શગજીને બોલાવી પત્રમાં લખ્યા મુજબ પાંચ ભારા ન મોકલવા ખુલાસો પુછયો, જેનો જવાબ શગજીએ ઉપર જણાવ્યા મુજબ આપ્યો; પણ કરણશંગજીએ તે માન્યું નહીં. શગજીએ બહુ પ્રકારે સમજાવ્યું પણ તેમના મનમાથી તે વાત ખશી નહીં; ને શગજીને કહ્યું કે આજે તો તમે મેળોજીને શેલડીમાં પાંચ દુ ભાગ પડાવ્યો તો કોઇ વખત તમે રાજ્યમાં પણ તેવા ભાગ પડાવવા ખટપટ કરો તેથી મારે તમારૂં કામ નથી. આ ઉપરથી શગજીને ઘણું ખોટું લાગ્યું અને ગુસ્સામાં કહ્યું કે મારા મનમાં તો કાંઇ નહોતું પણ હવે પ્રતિજ્ઞાપૂર્વક કહુ છું કે પાંચ દુ ભાગ નહીં, પણ રાજ્યનો અર્ધોઅર્ધ ભાગ ન વહેંચી આપું તો મને ક્ષત્રી નહીં પણ અધમ જાત જાણજો. કરણસિહજીએ તેના બોલવા ઉપર લક્ષ આપ્યું નહીં, તેમજ શાન્ત પાડવાની તજવીજ કરી નહીં; જેથી શગજી ક્રોધાયમાન ચહેરે કુમાર મેળોજીને લેઇ દરબારમાથી ચાલી નીકળ્યો.

મહારાણા કરણસિહજીને ત્રણ રાણીયો હતી. પહેલાં રાણી ઈડરના રાઠોડ ચદ્રભાણની દીકરી નદકુવરબા હતાં, બીજાં રાણી શીઆણીના ઝાલા દેવીશગની દીકરી દેવકુંવરબા હતાં; ને ત્રીજાં રાણી મુળીના પરમાર રાજાની દીકરી કુવરબા હતાં. તેમજ કુમાર મેળોજીનાં પહેલાં રાણી સંસ્થાન ભુવાના ઝાલા સુલતાનશગજી રાયધરજીનાં કુંવરી ધીરાંજીબા હતા અને બીજાં રાણી વાઘોદરના જાડેજા જશવતશંગજી હરપોળજીનાં કુંવરી બાજીરાજબા હતાં.

આ પ્રમાણે કરણસિંહજી તથા મેળોજી આ બે ભાઇઓમા કુસપનું બીજ રોપાયુ. દતકથાથી જણાય છે કે શગજી ઘેર આવી દ્વારકાં ગયો ને રણછોડરાયનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કર્યું ને તેમને પ્રસન્ન કર્યા. ત્યાંથી તેને તરવાર મળી તે લેઇ ઘેર આવી કુમાર મેળોજીને લેઇને સાણંદની ગાદી ઉપર બહારવટે પોતાના મળતીઆ અને સબધીઓને લેઇને નીકળ્યો અને બહારવટાં કરવા લાગ્યો.

શંગજીએ ઘણા બહારવટાં કરી ઠાકોરને અને રૈયતને ઘણો ત્રાસ આપ્યો. તેનો ત્રાસ અનિવાર્ય હતો. મોતથી તો તે ડરતોજ નહીં અને કેશરીયાં કરીને ઝપલાવતો. ખેડુતો ઉપર પણ તેનો ત્રાસ ઘણો હતો. એવી દતકથા છે કે

એક કણબણનો ધણી શંગજીને હાથે મરાયો, ત્યારે તેણે બીજા સાથે નાંતરૂં કર્યું. તે પણ શંગજીને હાથે મરાયો. એ રીતે અનુક્રમે તે કણબણના છ ધણીઓ શંગજીને હાથે મરાયા. આથી કણબણ પણ કાયર થઈ ગઈ. પોતાના સાતમા ધણીને ઘેરથી એક વખત કુવે પાણી ભરવા ગઇ હતી ત્યાં અચાનક શગજી આવી પહોચ્યો; અને પોતે ખુબ તરસ્યો થએલો હોવાથી તેની પાસે પીવાનું પાણી માગ્યુ. તે બાઇએ શગજીને પાણી પાયું ને તેને ન ઓળખતાં કહ્યું કે ભાઈ શંગજી નામે બહારવટીઓ થયો છે, તેણે મારા છ ધણીઓને માર્યા ને હું સાતમે ઘેર નાતરે આવી છું, તેને પણ જો મારશે તો મારે મહા દુઃખ થશે. શંગજીને તેની દયા આવી ને કહ્યું કે હુંજ શગજી'છું, હવેથી તારા ધણીને મારીશ નહીં; પણ તારા ધણીને હું ઓળખતો નથી માટે તેની ઓ-ળખાણ સારૂ તેના અંગરખા (કેડીઆ) ને જમણે ખભે તારા ઘાઘરાના રાતા લુગડાનું મોટું થીંગડુ મારજે, જેથી તેને ઓળખીને હું મારીશ નહીં, તેમજ મારી સાથેના સ્વારોને પણ સમજુત કરીશ કે તેઓ તેને મારશે નહીં. કણ-બણ આથી ખુશી થઈ ને પોતાના ધણીને વાત કરી; ને કહ્યા મુજબ કેડીઆને જમણે ખભે થીંગડું માર્યું.

શગજીએ પોતાના માણસોને સમજુત કરેલી કે જમણે ખભે રાતું ઘા-ઘરાનું થીંગડુ હોય તેને મારવો નહીં જેથી તે મરતો બચ્યો. આ પ્રમાણે તે કણબીએ બીજા કણબીઓને કહ્યું; ને તેમણે પણ પોતાના કેડીઆને થીંગડાં રાતાં મરાવ્યાં, જેથી શગજીએ તથા તેમનાં માણસોએ કોઈ નિશાનીવાળાને માર્યો નહીં. આ વાત ફેલાવાથી તમામને કેડીયે (અંગરખે) રાતા થીંગડાની નિશાનીઓ થઇ.

એક વખત શંગજીએ સાબુંદમાં પેશી લુંટફાટ કરી અને તુરત નાઠો. નાના ભાઇ મેળોજીને પણ સાથેજ રાખેલા હતા. તેઓ ત્યાંથી નાઠા ને પાંચ સાત ગાઉ જઇ એક ચોવાડ ખેતર હતું તેમાં ખાવાનું તૈયાર કરાવતા હતા, તેવામાં કરણસિંહ ફોજ સાથે આવી પહોચ્યા. ત્યાં લડાઇ થઈ તેમાં શંગજીનો સગો નાનો ભાઇ મરાયો. અને શંગજી કુમાર મેળાજીને લેઇ નાશી ગયો. શંગજીએ વિચાર્યું કે આજે મારો ભાઇ મરાયો, પણ કોઇ વખત લઢાઇના પ્રસંગમાં મેળોજીને નુકશાન થાય તો મારી પ્રતિજ્ઞા નકામી જાય, માટે તેમને કોઇ નિર્ભય સ્થાને મોકલવા. એવો વિચાર કરી ઇડરની પોળોમાં જ્યાં મેળો-જીની ફોઇ હતાં ત્યાં મેળોજીને તથા તેમની રાણીઓને ભલામણ કરીને મુકી આવ્યો; અને પોતાનાં બહારવટાં ચાલુ રાખ્યાં. લાંબી મુદત ત્યાં રહેવાનું થવાથી મેળોજીને ત્યાં ભુવાવાળાં રાણીથી કુમાર પૃથીરાજજી અને બાઈબાહરની

જાડેજી રાણીથી ભોજરાજજી, રામચંદજી અને ભાણુસિંહજી આ ત્રણ કુમાર થયા; અને કુંવરી શામજીબા થયાં.

મેળોજીને થોડી થોડી વારે પાછું જોવાની ટેવ પડેલી હતી. એક વખત પોળોના રાવ તથા મેળોજી સોકટાંબાજી રમતા હતા, તે વખતે થોડી થોડી વારે મેળોજી પાછું જોતા હતા જેથી રાવે મશ્કરીમાં કહ્યું કે મેળોજી તમે વારે વારે પાછું કેમ જુઓ છો? શું તમારા મનમા એમ આવે છે કે તમારા ભાઇ કરણસિંહજી તમોને અહીં આવીને મારી જશે? પણ હિમ્મત રાખો આ તો ઇડરની પોળો છે, અહીં કરણસિહજી તો શું પણ તેમના બાપની પણ મારા રાજ્યમાં પેસવાની હિમ્મત ચાલે નહીં. મેળોજીએ જવાબ દીધો કે મારા ભાઈ કરણસિંહને આપ ઓળખતા નથી, આપના રાજ્યમા તો શું પણ આપના જનાનખાનામાં સતાડો તો ત્યાં પણ આવીને મારે એવો એ હિમ્મતવાન અને વીર પુરૂષ છે. આ ઉપરથી રાવે કહ્યું કે જો કરણસિહજી તમને મારા રાજ્યમાં આવીને મારે તો તેને પકડવા માટે જ્યાસુધી જવું પડે, તેટલી જમીન હુ કૃષ્ણાર્પણ આપું. આ પ્રમાણે વાતચિત થયા પછી કેટલીક મુદતે રાવને તો તે વાત વિસારે પડી, પણ પોતાના મોટા ભાઈનું થએલું અપમાન મેળોજીના અંતઃકરણમાથી ખસ્યુ નહીં. ગમે તે પ્રકારે પોતાનો મોટો ભાઈ ઈડરની પોળોના સંસ્થાનમાં આવી પોતાને મારે અને જતો રહે તો પોતાના કુળનું અભિમાન સચવાય; આવું તેના મનમા આવ્યુ જેથી તેણે કરણસિહજીને સાણુંદ એક પત્ર લખ્યો. તેમાં લખ્યુ કે જો તમે મારા વડીલ બધુ હો, વાઘેલા–કુળનું અભિમાન હોય, આપણા પૂર્વજોની કીર્તિને ડાઘ અડવા દેવો ન હોય, તેમજ મારા વચન ઉપર આપને ભરોસો હોય તો પોળોમા આવીને મને મારીને પાછા જતા રહો. આ પ્રમાણે લખી પોતાને તથા રાવને થએલી તમામ હકીક્ત લખી, આ પત્ર કોની સાથે મોકલવો તેની ઘડભાંગ કરવા લાગ્યો. એવામા સાણુંદના રબારી ત્યા સાંઢો ચરાવવા આવેલા મળ્યા. તેમના મુખ્ય માણસને પોતાની ઓળખાણ આપી પોતાનો પત્ર સાણુંદ પહોચાડવા કહ્યું. તે તેણે કબુલ કરી એક જલદ સાંઢ લેઈ સાણુંદ જવા તૈયાર થયો. પત્રમાં વળી એવી પણ સુચના કરી કે હુતાશનીને દિવસે રાવ તેનું પુજન કરવા જશે ત્યારે હુ સાથે જઇશ; ને પુજન કરી પાછા વળતી વખતે હુ પાછળ રહીશ તે લાગ જોઇ તમે મને મારજો. આ પ્રમાણેનો પત્ર લેઇ રબારી સાણુંદ આવ્યો અને કરણસિહજીની સભામાં આવી પત્ર આપ્યો. તેમણે વાંચ્યો અને પોતાના ભાયાતો સરદારો અને ઉમરાવોને વંચાવ્યો. આ પત્ર વાંચી તેઓ અરસપરસ હસવા લાગ્યા, અને કરણસિંહજીને સમજાવ્યું કે ઈડરના રાજ્યમાં આપણને બોલાવવા અને આપણું ત્યાં કાટલું કરી નાખવાની પોળોના રાવ

સાથે મળી જઇને તેમણે આ યુકતી ખોળી કાઢી છે, માટે ત્યા જવું એ ભય ભરેલું છે. એ પ્રમાણેનો તેમનો અભિપ્રાય જાણી પોતે વિચાર કર્યો કે પોળોના રાવ મારા પણ સગા છે. તેમજ મારે પણ પ્રભુકૃપાથી દીકરાઓની પ્રજા છે જેથી કદાપી હુ ત્યા મરાઇશ તો પણ રાજગાદી તેને હાથ જવાની નથી; પણ ભાઇએ આપણા કુળનો ટેક રાખવા સારૂ પોતાનું મોત પોતાને હાથે માગ્યું છે, માટે આબરૂને ખાતર ત્યાં નક્કી જવું. આવો તેનો દ્રઢ આગ્રહ જોઇ સહુ તૈયાર થયા ને જરૂરી સામાન ઉંટો ઉપર લેવરાવી દડ મજલ ચાલ્યા, પણ ઠરાવેલે વખતે પહોચી શકાયું નહીં. આણી તરફ હુતાશનીને દિવસે રાવ પોતાના સૈન્ય સાથે હુતાશનીના પુજન સારૂ ચાલ્યા. મેળોજી પણ સાથે હતા. પુજન કરી બધા પાછા વળ્યા, પણ મેળોજી પોતાના ભાઇની શહા જોતા સહુથી પાછળજ રહેતા. દરવાજાની અંદર પેઠા પણ ત્યાં સુધી કરણસિંહજી આવ્યા નહીં. આથી મેળોજી બહુ ઉદાસ થયા ને વિચાર કર્યો કે કાઇ અંદેશો પડયો હશે જેથી તે આવ્યા નહીં. સ્વારી દરબારમા ગઇ; અને પોતે નિરાશ થએલા દરબારગઢની બહાર નજીકમાં જ્યા પોતાનો ઉતારો હતો ત્યા આવ્યા અને સ્નાન કરવા સારૂ પાણી મગાવી નહાવા સારૂ ચોગાનમાં બેઠા.

કરણસિંહ પોતાના રસાલા સાથે હુતાશનીવાળી જગોએ આવ્યા ત્યારે કોઇ દીઠુ નહીં, જેથી વિચાર કર્યો કે વખત થઇ જવાથી મારો ભાઇ નિરાશ થઈ પાછો ગયો હશે. પછી પોતે ઘોડેથી ઉતરી હથીઆરો સહીત એકલા ગામમા ચાલ્યા; અને પોતાના આવતા સુધી તમામ સ્વારોને તૈયાર થવા સમજાવ્યું. મેળોજીનું મકાન પુછતા પુછતા તેમના ઉતારા નજીક આવ્યા. પોતાના વડીલ બંધુનો સાદ સાંભળી તેઓ ઉભા થયા ને પોતાની પાસે બોલાવ્યા. બંને ભાઇઓ ખૂબ ભેટયા અને પુષ્કળ આસુ આવ્યા. મેળોજીએ પોતાના ભાઇનો આટલે સુધી આવવા સારૂ અને પોતાના કુળના અભિમાન સારૂ ઉપકાર માની પોતાને મારવાની વિનતી કરી. મેળોજીને મારવાની કરણસિંહે સાફ ના કહી અને પોતાની સાથે સાણંદ તેડી જવા આગ્રહ કર્યો અને કહ્યું કે હું તને અર્ધું રાજ્ય આપીશ. માટે જરૂર ઘેર ચાલો. મેળોજીએ માન્યું નહીં ને વડીલ ભાઇને પોતાને મારી નાંખવા સારૂ ઘણાજ કઠણ સોગન આપ્યા. પછી મેળોજીને તરવારના ઘાથી માર્યા; અને તુરત આવી પોતાના સ્વારો સાથે ચાલી નીકળ્યા. મેળોજીના મરણની બૂમ ફેલાતાં અને રાજગઢમાં સમાચાર પહોચતાંજ તુરત રાવ પોતાનું સૈન્ય તૈયાર કરાવી કરણસિંહજીની પુઠે પકડવા સારૂ પડ્યા, પણ તેમનો ભેટો થતા અગાઉ કરણસિંહજી ઇડરની હદ બાહાર નીકળી ગયા હતા, જેથી રાવ પાછા ગયા. કરણસિંહજી સુખરૂપે સાણંદ આવી પહોચ્યા.

શંગજી બહારવટામાં હતો જેથી કેવા કારણથી મેળોજીને કરણસિંહે માર્યો

તે ખરી વાત તેના જાણુવામાં આવી નહીં. માત્ર એટલુંજ જાણી શકયો કે કરણુસિંહે પોળો જઇને મેળોજીને માર્યો. આ ઉપરથી તેના મનમાં બમણો ક્રોધ ઉત્પન્ન થયો; અને કરણુસિંહજીને ઠેર મારવાની પોતે દ્રઢ પ્રતિજ્ઞા કરી; અને તાલુકાની વસ્તીને ઘણી હેરાન કરવા લાગ્યો.

એક વખત શંગજી આવી સાણંદના બજારમાંથી નાણાવટીની થેલીઓ ઉપાડી ગયો. તેના સમાચાર સાંભળતાં કરણુસિંહજી ૫૦૦ સ્વાર સાથે તૈયાર થઇ તેની પુઠે પડયો ને મનમાં નિશ્ચય કર્યો કે ગમે તે પ્રકારે આ વખતે શંગજીને માર્યા શિવાય પાછા આવવું નહીં; એવો દ્રઢ નિશ્ચય કરી તેની પુંઠ પકડી પણ મુળી લગભગ પહોચ્યા ત્યાં સુધી શગજીનો મેળાપ થયો નહીં. મુળીમા પોતાનું સાસરૂં હતું ને પરમાર રાણી પોતાના બાળકુમાર વીશોજી સાથે મુળી ગયેલાંજ હતાં જેથી તેઓ મુળીમાં આવ્યા. પોતાના સસરા તરફથી તેમની સારી બરદાસ થઈ. દરબારગઢની બહાર એક મકાનમાં તેમનો ઉતારો હતો ત્યાં રાત્રે મેડા ઉપર સુતા. પરમાર રાણી પણ પોતાના બાળકુમારને લેઈ ત્યાંજ મળવા આવેલાં ને તેઓ પણ રાત્રે ત્યાંજ હતાં. દાદર બધ કર્યો હતો. આગળને પાસે દરવાજા ઉપર પહેરો હતો.

શંગજી નાસતો નાસતો મુળીથી પંદર ગાઉ ઉપર ધાંદ્રુ નામનું ગામ છે ત્યાં રાત્રે પહોચ્યો; ને વાળુ કરી પોતાના ભત્રીજા હાથીજીને સાથે લેઇ ત્યાંથી મુળીમા આવ્યો ને સાણંદના ઠાકોરનો ઉતારો પુછી તેથી વાકેફ થયો; અને લાગ જોઈ પોતાના ભત્રીજા સાથે ચઢી ઉતરી બને ઓરડામાં ગયા. ત્યાં દાદર બંધ હતો. શગજીએ હાથીને કહ્યું કે જો તું કરણુસિંહજીને મારી તેમના અને મેળોજીના કુવરોને અર્ધોઅર્ધ રાજ વહેંચી આપવાની હિમ્મત રાખતો હોઉં તો હુ દાદરને તોડી પાડું; ને તેમ કરવાની તારામા હિમ્મત ન હોય તો આ દાદર તું તોડી નાખ તો હુ ઠાકોરને મારી મારા બોલ્યા પ્રમાણે કરીશ. ભત્રીજા હાથીએ દાદર તોડવાનું કબુલ કર્યું; અને માથા ઉપર લુગડાં વીંટી દાદરમાં ચઢી પાછો થોડાં પગથીયાં ઉતરી એવા જોરથી દાદરમાં માથું માર્યું કે દાદરના કડકા થઇ ગયા, પણ તેનું માથું ગરદનમાં પેશી ગયું ને તેનો પ્રાણ ગયો. શગજી મેડી ઉપર ગયો ને રાજાને કાંડુ પકડી ઉંઘમાંથી જગાડી કહ્યું કે હુ શગજી છું. તમે મારા સગા ભાઇને માર્યો છે તેનું વેર તમારા આ કુવરને મારી નાખીને અને મારા ધણી તે તમારા ભાઇ મેળોજીને માર્યો તેનું વેર તમને પોતાને મારીને લેઉ છું, એમ બોલીને બનેને મારી નાખ્યા. પરમાર રાણી આ જોઈ ગભરાઈ ગઇ હતી અને થર થર ધ્રુજતી હતી, તેને કહ્યું કે તમો સાણંદ જાઓ; અને મેળોજીના દીકરાને ઈડરથી તેડાવી તમારા દીકરા તથા તેમને

અર્ધો અર્ધ રાજ્ય વહેંચી આપો. તેમ નહી બને તો હુ બીજા દીકરાઓને પણ મારીશ. આ પ્રમાણે બોલી નીચે ઉતરી પોતાના ભત્રીજા હાથીનું માથું કાપી લેઇ ઘણીજ ત્વરાથી ત્યાંથી નાઠો, તે ઘાંટુમાં આવ્યો અને ત્યાંના લોકોને કહ્યું કે હું સાણુંદના ઠાકોરને મારીને આવ્યો છું, જેથી મુળી અને સાણુંદ બનેનો ચોર છું. મારે પગલે હમણાં ફોજ આવશે અને મને શોધી આપવા સારૂ તમને હેરાન કરશે માટે તમો નાશી જાઓ; એ પ્રમાણે કહી ત્યાંથી તે નાઠો.

કરણસિંહની રાણી જે ગભરાઇને દીગમુઢ થઇ ગઇ હતી. તે સાવધ થતાં તેણે બુમ પાડી. ઘણા માણસો દોડી આવ્યા, મુળીના ઠાકોરને ખબર થઇ અને તે પણ આવ્યા ને મુળીની ફોજ તથા સાણુંદની ફોજ શંગજીને પગલે ચાલી તે ઘાટુમા આવી અને શગજીને બતાવવા કહ્યું. લોકોએ તેના નાશી જવાની વાત કહી, પણ તેમણે તે માની નહી અને અત્યંત ક્રોધના આવેશમાં અને શગજીને છાનો ગામમાં સતાડેલો છે જેથી આખું ગામ બાળી મુકીશું તો તેનો પણ અંદર નાશ થશે એમ ધારી ગામમાંથી કોઇને બહાર ન નીકળવા દેતાં કાટા ખડકી આખુ ગામ બાળી મુકયુ. કુતરૂં કે બિલાડું પણ બચવા પામ્યાં નહીં, જેથી તે ઘાંટુનો કેર કહેવાય છે. આજે પણ તે તરફ જેને આકરા સોગન આપવા હોય તેને ઘાટુના કેરના સમ આપવામાં આવે છે. આ પછી સાણુંદની ફોજ રાણીજીને તેડી સાણુંદ પૂર્ણ નિરાશ થઇને આવી ને આખા નગરમાં હાહાકાર વર્ત્તાઇ રહ્યો.

સાણુંદના ભાયાતો, સરદારો, પટાવતો તથા મહાજને મળી વિચાર કર્યો કે કુટુંબ કલેશથી અવધી થઇ છે, માટે હવે તો સમાધાન થાય તો સારૂં. રાણીએ પણ શંગજીનો સદેશો કહ્યો, પછી શગજી કાંઈ વધારે નુકશાન કરશે એ ડરથી બંનેના દીકરા વચ્ચે સરખું રાજ વહેંચવાનો ઠરાવ કરી બાંહેધરી આપી શંગજીને તેડાવ્યો. તેણે આવી મેળોજીના કુટુંબને પોળોથી તેડાવી મંગાવ્યું. પછી પોતાને હાથે અરધો અરધ વહેચણી કરી. તેમાં પાટવી ફટાયાનો એટલો ફેર રાખ્યો કે બબે ગામનો વરાડ કરી પાટવીને સારી ઉપજનાં ને ફટાયાને કમી ઉપજનાં ગામ આપ્યાં. જેથી કરણસિંહજીના પાટવી કુમાર અરજનસિંહજીની સાણુંદમાં ગાદી થઈ; અને મેળોજીના પાટવી કુમાર પૃથીરાજજીની આવળામાં ગાદી થઈ.

કહેવાય છે કે શંગજી આ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી પછી દ્વારીકાં ગયો ને રણછોડજીની સનમુખ બાહારના ચોગાનમાં ઉભા રહી પોતાને પ્રસાદીની મળેલી તરવાર પાસે મુકી પ્રાર્થના કરી કે મેં ઘણીજ હત્યાઓ કરી છે ને હજારો સ્ત્રીઓને ધણી વગરની અને છોકરાને નબાપાં કરી મુક્યાં

છે, તેમજ મે મારા ધણીને દગાથી માર્યો છે, તેમજ કુમારની બાળહત્યા કરી છે, જેથી મારા પાપનો કાંઈ પણ પાર રહ્યો નથી; પણ આ બધું જો મારા પોતાના સ્વાર્થની ખાતર કર્યું હોય તો આ પાપી ખોળીયાને કશું થશો નહીં, પણ મેં મારા ક્ષત્રીપણાના ટેક સારૂ અને મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સારૂ અને મારા પોતાના સ્વાર્થ વગર આ કાર્ય કર્યું હોય તો હે રણછોડરાય મારો પ્રાણ તત્ક્ષણ નીકળી જજો. આ પ્રમાણે બોલવા પછી તુર્ત તેનો પ્રાણ ગયો. અને તેજ સ્થળે દ્વારીકામા તેનો પાળીઓ છે એમ કહેવાય છે. શગજીના ભાઇઓને મેળોજીના કુમાર પૃથીરાજે પોતાના ગામોમાથી તેના કરેલા ઉપકારના બદલામાં કેટલાક ગામોમા વાટા આપ્યા છે.

શગજી સુદ્ધાંત ચાર ભાઇ હતા. મેળાજી, વીશોજી તથા કાકાજી હતા આ ચારેના વિસ્તારની ચાર શાખાઓ થઇ છે. તેઓ શગાણી, મેળાણી, વીશાણી અને કાકાણી કહેવાય છે; અને તેઓના ગરાસ પૈકીનો કેટલોક તેમના વશજોના હાથમાં ટકી રહ્યો છે.

શંગજીના બહારવટાની કથા ભાટ ચારણો ઘણી રમીલી ભાષામા કહે છે ને એક બીજાની વાતમા કેટલોક હેરફેર પણ રહે છે. મુળ વાતનુ રહસ્ય તેમના દરેકમા કાયમ રહે છે. એક દતકથામા વધારે ફેરફાર સાંભળવાથી તે હકીકત પણ દાખલ કરવી યોગ્ય લાગ્યાથી નીચે મુજબ દાખલ કરી છે.

કહે છે કે સાણંદની ગાદી ઉપર ભીમસિંહજી ઠાકોર હતા તેમને બે કુમાર પાટવી કરણશગજી અને નાના મેળોજી હતા. પાટવી કરણશગજી ઉપર તેમના પિતાનું વિશેષ હેત નહોતું જેથી તેમને દરબારગઢની બહાર એક સાધારણ મકાન અને માત્ર એક ઘોડો આપ્યો હતો. તેમના માતુશ્રી પણ તેમની સાથેજ રહેતાં. આ પ્રમાણે કેટલીક મુદત ચાલ્યું. જ્યારે ભીમસિંહજી દેવલોક પામ્યા ત્યારે કરણસિંહજીની ઉમર પુખ્ત એટલે ૩૦ વરસની અને મેળોજીની ૨૫ વરસની હતી. કારભારી શંગજી કાવીઠીયા જે તેમના પિતાના વખતમાંજ હતા તેમનેજ કાયમ રાખ્યા હતા. પોતાના નાના ભાઇ મેળોજી જે પોતાના પિતાને બહુ પ્રીય હતા, તેમને કરણશગજીએ પોતે જે દરબારી મકાનમાં રહેતા હતા તેજ મકાન રહેવા સારૂ અને જે ટટ્ટુ પોતાને બેસવા મેળેલો તેજ આપ્યો હતો. તે મકાનમાં મેળોજી સહકુટુબ રહેતા હતા. ખરચ પણ પુરતો આપતા નહોતા. શગજી કાવીઠીયાને મેળોજી ઉપર ઘણો પ્રેમ હતો. શેલડીના ભારાનો પ્રસગ બનેલો હતો તેથી કરણશગજીને શંગજી કાવીઠીયા ઉપર વહેમ હતો તેજ અરસામાં એક વખત કરણશગજી ગામ બહાર એક તળાવ જે ત્યાંથી ગાઉ

ઉપર હતું ત્યાં સુંદર વૃક્ષોની ઘટામા પોતાના દરબારી મંડળ સાથે ગોઠ (જ્યાફત) કરવા વિચાર કરી ડંકા નિશાન સાથે ગયા. મેળોજીને નિમંત્રણ કર્યું નહોતું, તોપણ પોતાની માતુશ્રીના આગ્રહથી વગર આમત્રણે પોતાના ટટ્ટુ ઉપર ગયા ને પોતાના ઘોડાને પીઠ ઉપર પડેલા મોટા ભાઠામાંથી નીકળતું પરૂ તળાવમા તેને ઉભો રાખી ધોતા હતા, ત્યાં શગજી અનાયાસ આવ્યા ને કુમારને આ પ્રમાણે કરતા જોઇ દીલગીર થઇ પોતે તેમાં મદદ કરવા લાગ્યા. આ બનાવ કરણશગજીના માણસોના જોવામા આવ્યો ને તેમણે તેને દેખાડયો. પોતાના ભાઇને આ પ્રમાણે મદદ કરતા જોઇ કરણશગજીને ઘણો ક્રોધ ચઢયો; ને શગજી આવ્યા ત્યારે તેમને ઠપકો દીધો. શૂરો શગજી ઠપકો સહન કરી શકયો નહીં; અને અરસ પરસ બોલાચાલી થઇ. શગજી ત્યાંથી પોતાના મળતીઆ સામતો સહિત મેળોજીને લેઇ ચાલી નીકળ્યો ને તેને મનાવવા કરણશંગજીએ લક્ષમા લીધું નહીં. સાણંદમાં આવી તેમણે પોતાના કુટુંબ કબીલા સાથે કાઠીયાવાડ તરફ પ્રયાણ કર્યું, ને મોરબીના ઠાકોર અલીઆજીના આશ્રયથી ત્યાંથી બે ગાઉ ઉપર ધાંટુ ગામ હતું ત્યાં પોતાના કબીલા સાથે રહ્યા. તેમના રક્ષણ સારૂ વીશ સીધી સ્વારો મુકી શગજીએ તથા તેના સ્વારોએ સાણંદની ગાદી ઉપર બહારવટાં કરવા માંડ્યા.

કરણશંગજીએ શગજીના કામો ઉપર ચોકશી રાખવા બે ભરવાડો રાખ્યા હતા તેઓ તેને પગલે ધાટુ આવી ફકીરને વેશે રહ્યા; ને જ્યારે શંગજી, મેળોજીને સાથે લેઇ બહારવટુ કરવા ચાલ્યો ત્યારે અગાઉથી આવી કરણશંગજીને ચેતાવ્યા. શગજી પોતાના માણસો સાથે રાતમા સાણંદ નજીકના એક ખેતરમા છુપાયો હતો ત્યા અને તેઓ ગાફેલ હતા, તે અરસામાં કરણશંગજીના લશકરે આવીને તેમને ઘેરી લીધા ને લઢાઇ થઇ તેમા ફટાયા કુવર મેળોજી તથા શગજીના માશીના દીકરા માલજી મરાણા; ને શગજી કેટલાક માણસો સાથે નાશી ગયો. મેળોજીના શબને જે જગોએ અગ્નીસસ્કાર કર્યો હતો, તે સ્થળે આવી રાત્રે ચીતા છાટી તે સ્થળે પ્રતિજ્ઞા કરી કે હું ઠાકોર કરણશગજીને બાર મહીનામા ઠેર મારીશ. આ પ્રમાણે કરી તે ધાટુ ગયો; ને બીજીવાર આવી ગાણેશર ગામ જે કોઠ નજીક છે ત્યાનો એક પટેલ દ્રવ્યવાન હતો તેને પકડીને મારવા માંડયો, પણ તેની સ્ત્રી જેને આ સાતમું ઘર હતું મતલબ કે તેના આગલા છ સ્વામી શગજીને હાથેજ બહારવટામાં મરાણા હતા ને આ સાતમા સાથે ઘર માંડયું હતું તેના કાલાવાલાથી તેને માર્યો નહીં. ને હવે પછી પોતાને હાથ અગર પોતાના માણસોને હાથે તે ન મરાય તેને સારૂ તેના અંગરખાની જમણી બાહ્યે રાતા લુગડાનું થીંગડુ મારવા કહ્યું.

તેણે તે પ્રમાણે કર્યું ને થોડી મુદતમાં દેખાદેખી આખા ભાલ મુલકમાં તે પ્રમાણે મરદોની જમણી બાંહે રાતા લુગડાના થીંગડા દેવાયા.

શંગજીએ સાણંદનું બજાર લુટયું અને કરણશંગજી તેની પાછળ પડ્યા પણ શંગજી પકડાયો નહીં. પોતાના સસરાના ગામ મુળી નજીક આવી પહોચેલા હોવાથી કરણશંગજી ત્યાં ગયા; ને પોતાના માટે આપેલા ઉતારામાં મુકામ કર્યો. તેમનાં રાણી જે તે વખતે પોતાના પીયર મુળીમા હતા તે બાળ કુમાર સાથે ત્યાં આવ્યાં ને રાત રહ્યા. શંગજીએ પોતાના ભત્રીજા હાથીજી સાથે આવી રાત્રે કરણશંગજી તથા બાળ કુમાર વીશોજી જ્યાં સુતા હતા તે ઓરડામાં આવી હાથીજીએ પોતાનુ માથુ મારી દાદર તોડી નાખ્યો જેમાં તેનો પ્રાણ ગયો. શંગજીએ ઠાકોરને જગાડી તેમને તથા બાળ કુમારને મારી નાખ્યા; ને રાણીને કરણશંગજી તથા મેળોજીના દીકરાને રાજ્ય અર્ધા ભાગે વ્હેંચવાની સમજુત કરી. ભત્રીજા હાથીજીનું માથુ લેઈ ધાંટુ આવ્યો; ને પોતાના ખટલાને નવા નગર મુકી આવ્યો. મુળી તથા સાણંદના લશ્કરે પછવાડે આવી ધાંટુ ગામ બાળી મુકયું. પછી શંગજીને બાહેધરી આપી સાણંદ તેડાવ્યો. ત્યા તેણે અર્ધો અર્ધ રાજ્ય વહેંચી આપ્યું, ને પછી પોતે દ્વારકા ગયો ને ત્યાં તેનો દેહ પડયો. મરતી વખત તેની ઉમર ૧૧૦ વર્ષની હતી એમ કહેવાય છે.

આ બે દતકથાઓમા ફેર પડે છે પણ આ નજીવા કજીઆમા બને રાજપુત્રોના પ્રાણ ગયા ને રાજ્ય અર્ધા ભાગે શંગજીને હાથે વહેચાયું એ વાત ચોક્કસ ખરી છે.

સાણુંદ અને કોઠ એસ્ટેટ.

આ સંસ્થાનનાં કેટલાએક ગામ ધોળકા તાલુકામાં અને કેટલાંએક સાણુંદ તાલુકામાં છે. સાણુંદ જ્યારથી જેતસિંહજી (જેતાજી)એ ત્યાં ગાદી સ્થાપી ત્યારથી તેમના વંશજોનું ગાદીનું સ્થાન છે ને તેમાં ઠાકોર સાહેબનો મોટો વાંટો (ગામ તળીઆના વાંટા સુદ્ધાત) છે ને ત્યાં મોટો દરબાર બાંધેલો છે તેમજ કોઠમાં પણ ઘણા વરસ રાજગાદી હતી જેથી ત્યાં પણ દરબાર બાંધેલો છે.

આ સંસ્થાનમા લગભગ એક લાખ ઉપરાત એકર જમીન છે ને વસ્તી શુમારે ૧૪૦૦૦ માણસોની છે. તાલુકાના ગામો એક જથે નથી પણ અંગ્રેજ સરકારનાં ગામો સાથે શેળભેળ થઇ ગયેલાં છે, જેથી શીમાની દિશાઓ લખાય તેમ નથી. સાણુંદ તાલુકામા મોડાસર, ગોરજ, ફાગડી, સરી, સોયલા, રૂપાવટી, બોળ, કલાણા, નીધરાડ, તેલાવ, કોલટ અને વાઘરેલાની દેવતી એ રીતે બાર ગામો છે. તેમજ વાટા સાણુંદ ગામનો, પીપણ, કાણેટી, માણકોલ, ભાટોની દેવતી, ચાગોદર, અને મટોડા મળી સાત વાટા છે; તેમજ કોઠ તાલુકામાં કોઠ, જવારજ, સરગવાળા, ગુંદી, ભોળાદ, વટામણ, કાળીયાપુરા, બળદાણા અને દેવરથળ આ નવ ગામો છે. અને કૌકા, રીંઝા, નભોઇ, મફલીપુર, બદરખા, રનોડા, સાકોદરા, શીઆવાડા, રૂપાલ, કોચરીઆ, રનોડા, આંકોડ એ ધોળકા તાલુકાના વાંટા છે; તેમજ માતર તાલુકામાં નાયકા (તેની હદમાં ધરમપુરા નામે પરૂ બાંધેલું છે), કરોલી ને વડાળાના વાંટા છે. દસક્રોઇ તાલુકામા મહીજડા, મીરોલી અને ટીંબાના વાટા છે. તેમજ અરણેજ, મેમર અને બેગવામા છુટી જમીન છે. આ શિવાય સાણુંદ તાલુકાના ગોરજ ગામની હદમાં રણુમલગઢ નામે પરૂ વસાવ્યું છે. તેમજ કોઠ ગામની હદમાં રૂપગઢ, કેશરગઢ, ટપરગઢ, શીહોરીનું પરૂ આ રીતે ચાર પરા તેમજ ગુંદી ગામની હદમા લખમીપુર નામે બધાવ્યા છે ને તેઓ આબાદ છે. આ શિવાય સરપાવ એલાઉન્સના સાણુંદ તીજોરીમાથી રૂ ૧૪૮) તથા ધોળકા તીજોરીમાંથી રૂ૩૬–૪–૦ દર સાલ મળે છે. રાજ્યની વાર્ષિક પેદાશ દોઢ લાખ રૂપીયાને સુમારે છે તેમાથી વાટાઓની સમરી લોકલફંડ સાથે રૂપીઆ અડતાળીશ હજારને આશરે નામદાર સરકારને ભરવા પડે છે.

સાણુંદ ગામમાં વાંટા તળપદની હદ જુદી થએલી છે. તળપદ નામદાર અંગ્રેજ સરકારના તાબામાં અને વાંટા ઉપર ઠાકોર સાહેબની માલકી છે. સાણુંદમાં અંજાર માતાનું દેવળ છે જે વાઘેલાના પૂર્વજો તરફથી બંધાયેલું તે મહારાણા અરજનશંગજીએ દુરસ્ત કરાવેલું છે. તેમજ કોઠ નજીકમાં કોઠેશ્વર

મહાદેવનું ઘણું પ્રાચીન દેરૂં તથા તેની પાસે એક કુંડ છે તે પણ ઠાકોર સાહેબના પૂર્વજોનાં બંધાવેલાં છે. વળી ગણેશ ધોળકા નામના ઉજડ ગામ પાસે ગણપતીની પ્રાચીન જગો છે, તે વિશેની દંત કથા નીચે મુજબ છે. જે જગો ઉપર હાલ ગણપતીની જગો છે તેની પાસેના ટેકરા ઉપર ગણેશ ધોળકું એ નામે ગામ હતું, ત્યા ચાવડા રજપૂતની ઠકરાત હતી ને તે સાણંદના ઠાકોર સાહેબનો ખંડીયો હતો. એક વખત સાણંદથી ઠાકોર પોતાના જનાના સહિત ફરવા નીકળેલા ને તેમણે ગણેશ ધોળકા નજીક ઉતારો રાખવાથી ચાવડાના જનાનામાં પોતાના જનાનાને મુકામ અપાવેલો ત્યા ચાવડાના ઘરના બૈરાંએ રાણીઓને તેમના મોભા પ્રમાણે આવકાર આપ્યો નહીં; અને રાણીઓના મનને ખોટુ લાગે તેવી વર્તણુંક ચલાવી, જેથી તેમણે આ હકીકત ઠાકોરને જાહેર કરી ને ચાવડા ઠાકોરના જાણવામા પણ તે હકીકત આવી, પણ તેણે પોતાનાં બૈરાને ઠપકો આપ્યો નહીં, તેમજ ઠાકોર સાહેબ આગળ પણ દિલગીરી દેખાડી નહીં, અને પોતાની સ્ત્રીઓએ કરેલા અપમાન બાબત પોતે ખુશી થયો હોય તેમ જણાવ્યું. આ વાત જ્યારે ઠાકોર સાહેબે જાણી ત્યારે તેમને ઘણો ક્રોધ ચઢયો ને ચાવડાને ક્ષમા માગવા જણાવ્યું પણ તે ઉપર તેણે લક્ષ આપ્યું નહીં; ને સામા થવાની તૈયારી કરી જેથી તેની સાથે લઢી દરબારશ્રીએ તેનું ગામ ખાલસા કરી લીધું. જેથી તેણે પોતાના ઈષ્ટદેવ ગણપતી હોવા છતા ને પોતે તેમનું પુજન કરતો હતો છતાં તેમણે તેનું રક્ષણ કર્યું નહીં જેથી ગણપતી ઉપર ક્રોધે ભરાઇ તેમની પ્રતીમા ઉપર એક કુહાડીનો ઘા કર્યો જે આજ પણ ગણપતીની પ્રતીમા ઉપર જોવામા આવે છે. આથી તેને ગણપતીનો શ્રાપ થયો ને તેના કુટુંબનો નાશ થઇ ગયો. તે ગામ પણ ઉજડ થઇ ગયું; અને ત્યાની તમામ વસ્તી કોઠમા આવીને વશી. હાલમાં ત્યાં એક પણ ઘર નથી. ત્યા પડેલા ઇંટોના કડકા તથા નળીયાના કડકા ઉપરથી ત્યાં ગામ હશે એમ જોનારને સહેજ અનુમાન આવે છે. વળી એમ પણ કહેવાય છે કે જ્યારે ધોળકા વાશ્યું ત્યારે પ્રથમ ગણપતીની સ્થાપના આ જગોએ કરી હતી ને ધોળકાની સ્થાપના પણ ત્યાંજ કરેલી જેથી પણ તે ગણેશ ધોળકા કહેવાય છે.

સાણંદ તાલુકાની ઘણી જમીન ક્યારીની અને ગોરાડુ છે; ને કેટલીક જમીન કાળી ભોંય છે. કોઠ તાલુકામાં ઘણી કાળી ભોંય, ગોરાડુ અને થોડી ક્યારી જમીન છે. નીપજમાં ઘઉં, કપાસ, ડાંગેર અને ગોરાડુ અનાજ નીપજે છે. કોઠમાં છોકરાઓની નિશાળ તથા કન્યાશાળા ને પોસ્ટ ઓફીસ છે; તેમજ બોળાદ, જવારજ, વટામણ, મોડાસર વગેરે ગામોમાં સરકારી નિશાળો છે.

મોડાસર ગામમાં અંત્રેશ્વર મહાદેવ નામની મહાદેવની જગો અર્જુન (પાંડવ) ના વખતની છે ને બાણગંગા નામનું તળાવ છે. આ મહાદેવનું દેવાલય પણ ઠાકોરના પૂર્વજોએજ બંધાવેલું છે.

આગળ જણાવ્યા મુજબ ઠાકોર કરણશગજીનું મૃત્યુ શગજી કાવીડીયા ને હાથે મુળીમાં થયું ને ત્યાર પછી શંગજીએ આવી કરણશગજીના દીકરા અરજનશગજી તથા મેળાજીના દીકરા પૃથીરાજ વચ્ચે રાજ્યની અર્ધોઅર્ધ વહેંચણ કરી આપી; જેમાં અરજનશગજીને સાણંદ તાલુકાના ૧૨૫ ગામ મળ્યાં, તેમણે સાણુંદમાં રાજગાદી કરી. અને મેળોજીના દીકરા પૃથીરાજની બાવળામાં ગાદી થઈ. આ વહેંચણ ઘણુંકરી સવત ૧૬૬૫ મા એટલે ઈ. સ. ૧૬૦૯ માં થઇ, જે વખતે જહાંગીર પાદશાહ હીંદુસ્તાનની ગાદી ઉપર હતા. મહારાણા કરણશગજી ને અરજનશગજી તથા વીશોજી તથા અગરશંગજી તથા નારણશગજી ચાર કુમાર હતા. પાટવી અરજનશગજી ગાદી ઉપર બેઠા, વીશોજી મુળી ગામમાં શગજીને હાથે મરાયા અને અગરશગજીને આમળીયાળા, ભાઇલા, ચાંગોદર, દેવતી વગેરે સાત ગામ આપ્યા અને નારણશગજીને ઝાંપ, આપ્યું ને સાણુદમા પોતાની પાસે રાખ્યા. ગાગડ (બાવળા) ની ગાદીનું વૃત્તાંત આગળ લખાશે.

મહારાણા અરજનશગજીને ત્રણ રાણીયો હતી. પહેલાં શીહોર (હાલ ભાવનગર)ના ગોહેલ ભીમશગજી અજેશગજીના કુંવરી રામકુવરબા, તેમના કુમાર પાટવી ગોપાળશગજી અને ઘેલોજી આ બે હતા. બીજાં રાણી કુદણી (હાલ લીમડી) ના ઝાલા પ્રાગમલજીના કુંવરી હરીકુંવરબા હતાં, ત્રીજા રાણી નવા નગરના જામ રાવળજીનાં કુવરી બાજીરાજબા હતાં તે મહા સતી થયાં હતાં. અરજનશગજીએ સવત ૧૬૬૫ થી સવત ૧૬૯૪ સુધી ૨૯ વર્ષ રાજ કર્યું. અરજનશગજીની ગાદી ઉપર પાટવી કુમાર ગોપાળશગજી સંવત ૧૬૯૪ માં બેઠા. તેમણે પોતાના નાના ભાઇ ઉદેશગજીને રાસમ, ચરલ, વાસણા, મેણ, મુઝેરા આ રીતે પાચ ગામ આપ્યાં; ને ભાઈ ઘેલાજીને વારતી (રૂપાવટી) ગામ આપ્યું. તેના વશવાળા વારતીઆ વાઘેલા કહેવાયા ને ઉદેસિંહજી ના વંશવાળા રાશમીયા વાઘેલા કહેવાય છે. ગોપાળશગજીનાં પહેલાં રાણી ગાંફના ચુડાસમા ઠાકોર અરજનશંગજીનાં કુંવરી રામકુંવરબા હતાં, તેમના કુમાર પાટવી વજેરાજ ને કુવરી અમરતકુવરબા થયાં, તેમને દેવડાના રાવ શેશમાલજી સાથે પરણાવ્યાં હતાં. બીજાં રાણી વાસણના રાઠોડ વીરશગ જગતશંગજીનાં કુવરી જશકુંવરબા હતાં, ત્રીજા રાણી પણ વાસણના રાઠોડ ચેલાજી વાઘજીનાં કુંવરી જશકુવરબા હતાં, ચોથાં રાણી નીમજના ચહુઆણ

શકરાજી માનસિંહનાં દીકરી દેવકુવરબા હતાં, અને પાંચમા રાણી ગામ પાટેલના દેવડા સુરગણસિંહજીનાં કુંવરી અંજનકુવરબા હતા. આ રીતે તેમને પાચ રાણીઓ હતી. ગોપાળશંગજી ઘણા ઉદાર ને દરીઆવ દિલના હતા. તેમણે ભાટ ચારણોને શાસન આપવામા પોતાનો સખી હાથ લંબાવી અચળ કીર્તિ મેળવી છે. તેમણે ચારણોને સાત વાંટા આપ્યા કહેવાય છે. આ પ્રતાપી રાણા જેવા ઉદાર તેવાજ શાણા હતા. જેથી શીહોરના યુદ્ધમાં તેઓ સામેલ હતા ત્યાં યુદ્ધમા પૂર્ણ પરાક્રમ કરી શત્રુ સાથે લઢતાં સ્વર્ગે ગયા હતા ને અક્ષય કીર્તિ સપાદન કરી હતી. તેમણે સંવત ૧૬૯૪ થી સંવત ૧૬૯૯ સુધી ૫ વર્ષ રાજ્ય કર્યું. તેમણે ગઢવી રાજલને શરી ગામ આપ્યું હતું.

ગોપાળશગજીની ગાદી ઉપર પાટવી કુમાર વજેરાજજી સવત ૧૬૯૯ ના આસો માસના કૃષ્ણપક્ષમાં બેઠા. તેમના પહેલા રાણી લખતરના ઝાલા જેશગજીના દીકરી અમાનકુવરબા હતા, તેમને પાટવી કુમાર રાજશંગજી અને બીજા સુલતાનશગજી થયા. બીજાં રાણી ગોહેલ અજેશગ નારણશગના કુવરી સાહેબકુવરબા હતા, તેમના કુમાર કરમરશગજી હતા. ત્રીજાં રાણી વાસણાના રાઠોડ જગમાલજી ભોજરાજજીના કુવરી સાહેબકુવરબા હતા, તેમનાં કુવરી જશકુંવરબા થયા તે શીરોહીના રાવ સુલતાનશગજી વેરે પરણ્યાં હતા. ચોથા રાણી માણસાના ચાવડા ગોવીંદશગજી અદેશીંગજીના દીકરી જેતકુવરબા હતાં. તે ઘણા દયાળુ ને પરોપકારી હતા. તેમણે ટુંકી મુદત રાજ્ય કર્યું છે. કરમરશગજીને વાસણા, ધોળી, રાયપુર ને અડાસર ગામ તથા સુલતાનશગજીને રડુતાપરૂ આપ્યા હતા.

વજેરાજજીની ગાદી ઉપર પાટવી કુમાર રાજશગજી સવત ૧૭૦૦ એટલે ઇ. સ. ૧૬૪૪ ની સાલમા બેઠા. તેમની રાણીઓ પૈકી પહેલા જાડેજા વશના હતા. બીજા રાણી ગાફના ઠાકોર રાયશીંગજીના દીકરી વજેકુવરબા હતા જેમના પાટવી કુમાર જગમાલશગજી થયા. ત્રીજા રાણી જાદવ ખેતશીના કુવરી હરકુવરબા હતા તે મહા સતી થયા. તેમની દેહેરી સાણંદમા છે. ચોથી રાણી શીયાણીના ઝાલા વીરસિંહજીના કુવરી અજેકુવરબા હતાં તેના ભાવશગજી અને માનસિંહજી આ બે કુમાર હતા. પાંચમા રાણી માણસાના ચાવડા ભોજરાજજીની કુવરી જગાજીબા હતા, તે મહાસતી થયા છે. તેમની પણ સાણંદમા દેહેરી છે. છઠ્ઠી રાણી શીહોરના ગોહેલ રાજુજીનાં કુવરી અજુબા હતાં તે પણ સાણંદમા મહાસતી થયા તેમની દેહેરી છે. કુવર માનસિંહજી સોકા ગામને પાદર પોતાના પરાક્રમથી દુશ્મનો સાથે લઢતાં સ્વર્ગે ગયા ત્યાં તેમની દેહેરી છે. મહારાણા રાજસિંહજી ઘણા ઉદાર હતા ને તેમણે ભાટ ચાર-

ણોને ઘણાં શાસનો આપ્યા છે; અને બારોટ ભુનાને પાંચ ગામમાં વાંટા આપ્યા હતા. તેઓ સવત ૧૭૩૯ માં દેવલોક પામ્યા.

રાજશંગજીની ગાદી ઉપર પાટવી કુમાર જગમાલજી સવત ૧૭૩૯ માં બેઠા. તેમના પહેલા રાણી જાડેજા જગતશગજી રામશગજીનાં કુવરી અભયકુવરબા હતા, બીજાં રાણી રોહેડાના દેવડા અરજનશગજીનાં કુવરી પ્રતાપકુવરબા હતાં જેમના પાટવી કુમાર કરશનશગજી થયા. ત્રીજા રાણી શીયાણી (હાલ લીમડી)ના ઠાકોર રાજશગજીનાં કુવરી અજબકુવરબા હતા, તેમના કુમાર વાઘજી થયા. ચોથાં રાણી મેતલીના ઠાકોર હઠીશંગજીનાં કુવરી ભાવકુવરબા હતાં તેમના કુમાર ભારોજી થયા. પાંચમા રાણી શીહોરના ગોહેલ ગોવીંદશગજીનાં દીકરી આનદકુવરબા હતા તેમના પુત્ર કેશરીશગજી થયા. ભારોજીને મોટીબોરૂ તથા મેટાલ વગેરેનો ગરાસ મળ્યો હતો; અને વાઘજીને સરગવાળા ગામ આપવામાં આવ્યુ હતું, તે વાઘજીને કુવર નહોતો પણ બે કુવરીઓ હતી. વાઘજી દેવાના ઠાકોર ભાવશગજી રાયસિહજીની દીકરી રાજકુવરબા સાથે પરણ્યા હતા તેમનાં કુવરીયો મોટીબા તથા દેવબા હતા, તેમા મોટીબાને ભુજના રાવ દેશળજી સાથે અને દેવબાને દેવડા શીશોદીયા રાવળ ગોપાળશગજી વેરે પરણાવ્યાં હતાં. વાઘજી અપુત્ર ગુજરવાથી તેમનાં નાના દીકરી દેવબાએ સરગવાળા ગામને પાદર પોતાના પિતાની છત્રી કરાવી હતી ને તળાવમાં એક વાવ કરાવી હતી; ને ગામ સાણદથી આથમણી બાજુએ પનઘટનો કુવો કરાવ્યો છે, જે હાલ બાઇના કુવાના નામે પ્રસિદ્ધ છે. જગમાલશગજી ઠાકોર સવત ૧૭૫૧ એટલે ઇ. સ. ૧૬૯૫ મા સ્વર્ગ લોક પામ્યા.

જગમાલશગજીની ગાદી ઉપર પાટવી કુમાર કરશનશગજી સંવત ૧૭૫૧ મા બેઠા. તેમના વખતમાં ગુજરાતના પાદશાહી સુબા ખોજહમીરે સાણંદ લુંટયું, ને તેથી આ પરાક્રમી રાજપુત્રે બાદશાહ સાથે લાબી મુદત સુધી બહારવટા ચાલુ રાખ્યા ને પાદશાહી સુબાને કાયર કાયર કરી નાખ્યો. જેથી આખરે થાકીને સલાહ કરી, તેમાં સુબાએ અવિચારથી લૂટ કરેલી તેના બદલામાં જમાબધીમા રૂપીયા પદર હજાર છુટ મુકવા કબુલ કર્યું. સદરહુ ઠાકોરે સાણદમાં મેહેલ બંધાવ્યો તેમજ દરીખાનું દેહેરૂં બાગ અને કુવો કરાવ્યો. તેમનાં પહેલાં રાણી માણસાના ચાવડા ચદ્રભાણની કુવરી શામકુંવરબા હતાં. બીજાં રાણી વાસણાના રાઠોડ ચદ્રસેનની દીકરી જશકુંવરબા હતાં. ત્રીજાં રાણી ચદીસરના રાવળનાં કુંવરી રતનકુંવરબા હતાં તેમના કુમાર વીરોજી થયા. ચોથાં રાણી અડવાળના ઝાલા જસવતશંગજીનાં કુંવરી રતનકુંવરબા હતાં તેમના કુમાર પાટવી ભગવતશંગજી તથા બીજા કશળશંગજી થયા.

આ શિવાય જીજીરાજબા કરીને એક કુંવરી હતા તે શીરોહીના રાવ માનશંગજી વેરે પરણાવ્યાં હતા. પાચમા રાણી મેતલીના ઠાકોર સુરશગજીનાં કુવરી આણંદકુંવરબા હતાં તેમના હઠીશગજી તથા કુવરી અદીબા હતાં, તે હળવદ (હાલ ધ્રાંગદ્રા)ના ઝાલા રાજા પ્રતાપસિંહજી વેરે પરણાવ્યાં હતાં. છઠ્ઠાં રાણી ધ્રેળના જાડેજા સુજાગુરા ગજી કલ્યાણસિંહજીનાં કુવરી અજુબા હતા. સાતમાં રાણી ગાંફના ચુડાસમા ઠાકોર અગરશગજી દેવીશગનાં કુવરી હરીબા હતાં. ફટાયા કુવર કશળશગજીને ધીંગડા ચેખલા ગામ અને વીરાજીને ગુંદી ગામ તથા હઠીશગજીને શીમજ અને દડીઆનું પરૂ ગરાસમાં આપ્યા હતાં. વીરાજી ગુંદી પાસે અચળેશ્વર નામે પ્રસિદ્ધ મહાદેવની જગો છે ત્યા કાઠી લોકો સાથે લઢતા દેવલોક પામ્યા; ને તેમની છત્રી મહાદેવમા પેસતા જમણે હાથે બાધેલી છે. અપુત્ર ગુજર્યા જેથી તે ગામ ગાદીમા પાછુ આવ્યુ છે. હઠીશગજીના વશના શીમજમા ને કશળશગજીના વશના ધીંગડામા છે. મહારાણા કરશનશગજી દેવલોક પામવાથી પાટવી કુમાર ભગવતસિહજી સવત ૧૭૭૯ ઈ. સ. ૧૭૨૩ માં ગાદી ઉપર બેઠા. તેમના પહેલા રાણી ગાફના ચુડાસમા ઠાકોર દેવીશગજીનાં કુવરી રામકુવરબા હતા. બીજાં રાણી મોગરના ઠાકોર મેરાજીના લાડુકુવરબા હતા. ત્રીજાં રાણી માણસાના ચાવડા માવશગજીના કુવરી રૂપકુવરબા હતાં. ચોથાં રાણી દેવીશગજીના કુવરી રાજુબા હતા, તેમને એક કુવરી અજુબા હતાં તે ભૂજના રાવ લાખા વેરે પરણાવ્યા હતા. પાચમા રાણી જણીયાદરાના જાદવ જગન્નાથજીના કુવરી સુદરબા હતા તેમના કુમાર કલ્યાણશગજી થયા. છઠ્ઠા રાણી જાડેજા ઉનડજી હાથીજીના કુંવરી રાયાજીબા હતાં તેમના કુમાર અલીઆજી થયા તથા કુવરી કુલકુવરબા હતા તેમને જામ તમાચીજીને નવાનગર પરણાવ્યા હતાં; બીજા કુવરી બાજીરાજબા હતા તેમને હળવદ (હાલ ધ્રાંગદ્રા)ના ઝાલા રાજશગજી વેરે પરણાવ્યા હતા; ત્રીજા કુવરી અમજીબા હતા તે વાકાનેરના રાવ ભારાજીને પરણાવ્યા હતાં; તથા ચોથા કુવરી બદનકુવરબા હતા તે જામ લાખાને નવાનગર પરણાવ્યા હતાં. સાતમા રાણી શીઆણીના ઝાલા અદેસિહજી ભોજરાજાના દીકરી ભાઉકુવરબા હતાં. આઠમા રાણી વાસણાના રાઠોડ કાનજી મહારશગજીનાં કુવરી ચતુરકુવરબા હતા. નવમા રાણી ગારીયાધારના ગોહેલ કાધાજી સુલતાનજીનાં કુંવરી જગતાજીબા હતા. દશમાં રાણી દીયોરના ગોહેલ ગજશગજી હમીરશગજીનાં કુવરી મગજીબા હતાં, તેમના કુમાર નથુભાઇ હતા. અગીયારમા રાણી ધ્રોળના જાડેજા કલ્યાણશંગજી ખેતાજીનાં કુવરી જશકુવરબા હતા તેના કુમાર અરજનશગજી તથા જેશંગજી હતા. બારમા રાણી મેતલીના ઠાકોર રતનશગજી સૂરશગજીનાં કુવરી લાડુકુવરબા

હતાં, તેમના કુમાર સબળશંગજી તથા કુંવરી કરશનકુંવરબા હતાં. તેમને શીરોઇના રાવ પૃથીશંગજી સાથે પરણાવ્યા હતાં. પાટવી કુમાર સબળશંગજી હતા. આ ઠાકોર ઘણા દયાળુ ધર્માત્મા હતા. તેમણે સંવત ૧૭૯૯ સુધી ૨૦ વર્ષ રાજ્ય કર્યું.

ઠાકોર ભગવતશંગજી દેવલોક પામવાથી તેમની ગાદી ઉપર પાટવી કુમાર સબળશંગજી સંવત ૧૭૯૯ ઇ. સ. ૧૭૪૩ માં બેઠા. તેમનાં પહેલાં રાણી અંકેવાળીઆના ઝાલા વરહાજી સાંગાજીનાં કુંવરી કુલકુવરબા હતાં, તેમનાં કુંવરી અમુનબા થયાં તે ભૂજના રાવ ગોડને પરણાવ્યાં હતાં. બીજાં રાણી ગાટીઆધરના ગોહેલ પૃથીરાજજીનાં કુંવરી આણંદકુંવરબા હતાં. ત્રીજાં રાણી વાસણાના રાઠોડ દોલતશંગનાં કુંવરી હતાં. આ પ્રમાણે ત્રણ રાણીયોથી કોઇને કુંવરની પ્રજા નહોતી જેથી તેઓ સવત ૧૮૦૯ માં ૧૦ વર્ષ રાજ કરી દેવલોક પામ્યા ત્યારે તેમનાથી નાના ભાઈ અરજનશગજી ગાદી ઉપર બેઠા.

મહારાણા અરજનશગજી સવત ૧૮૦૯ એટલે ઇ. સ. ૧૭૫૩ માં સાણંદની ગાદી ઉપર બેઠા. આ ઠાકોર ઘણા બહાદુર, હિમ્મતવાન અને શૂરવીર હતા. તેમના વખતમાં વડોદરાના દામાજી ગાયકવાડે તેમના રાજ્ય ઉપર ચઢાઇ કરીને તે જીતી લીધું, જેથી આ પરાક્રમી ઠાકોરે તેમના સામાં બાર વરસ સુધી બહારવટાં ચાલુ રાખ્યાં અને પાટણથી પાવાગઢ સુધીના મુલકમાં હાક વગાડવા માડી; ને ગાયકવાડ મહારાજના તે વખતના ધોળકામાં રહેનાર થાણદારને માર્યો. આથી દામાજી ગાયકવાડ ઘણા કાયર થયા. તેમને શિખામણ રૂપી એક ચારણે નીચેનો સોરઠો કહ્યો છે.

મેહે કીધી મેદાન, પાટણથી પાવા લગી;
અરજન અવળો ભાણ, દામા દુભવીએ નહીં.

તેની મતલબ એવી છે કે હે દામાજી ગાયકવાડ, અરજનશગજી જે અવળા સૂર્યનારાયણના જેવો છે ને જેણે પાટણથી પાવાગઢ સુધીની ધરતી મેદાન કરી મુકી છે માટે તેને દુભવશો નહીં.

વળી બીજા કોઇ ચારણે નીચેનું ગીત કહ્યુ છે.

દળ મેળે દકળ લીયે તો ધર દામો, વઢવા સામો બીયો વજો
ઝાલાં કોક વમર જપ ઝાખત, આડો ન હવત રાણ અજો
ચોરાશી વઢવાણ ચહુએચક, સોધત કોક અતડેરો સાથ
ફોજ દખણુરી કશનહર ન ફેરત, હળવદ સોત ખ ખેરત હાથ

સુખે વાઢ દીયો સરધારે શાહુ સતારે વાત સણી
ભુપતીઆં અજમાલ ભગાઉત ઢાલ થયો ધર ભાલ ધણી.

આ ગીતની મતલબ એમ નીકળે છે કે જો ભાલનો ધણી અરજનશંગજી દામાજી ગાયકવાડના સામો ન થયો હોત તો તેમણે વઢવાણુ તથા ચોરાશી જીતી લેઇ હળવદ સુદ્ધાત ખુંચી લેઇ ઝાલાઓને હાથ ખંખેરાવ્યા હોત. ગાયકવાડની ફોજને કાઠીયાવાડમા પ્રવેશ કરતા અગાઉ પ્રથમ આ વાઘેલાના મુલક વચ્ચે થઇને જવું પડતું; અને વાઘેલા તેઓ સાથે લઢવા શિવાય રહેતા નહીં. તેમની લઢાઇમાં વાઘેલા કમજોર થતા અને ગાયકવાડને પણુ ઘણી મહેનત પડતી હતી.

અરજનશંગજીના બહારવટાનું ગીત જેને નિશાનીઓ કહે છે તે પુનાદ ગામના (જે સાણંદની ગાદીએથી કોઇ ચારણુને બક્ષીસ અપાએલું તેના વશના) ગઢવીએ બનાવેલી તે ક્ષત્રીઓને વધારે પ્રિય હોવાથી નીચે મુજબ દાખલ કરી છે.

સધ સાધાનર દેવતા પુજા સરસત્તી,
વાયક અખર કવી ઉગત દીજે બધવતી,
બરદાવા વાઘેલ ધર મોટ્રોય મેહેપત્તી,
શાંશણુ સાત સમપીયા કરવાય કીરત્તી,
રાજડરો જગમાલસો અણુભંગ પરત્તી,
ધોલકપર મજઢીબીઓ હરીયદ હરકત્તી,
ચુડાસમાને ચોરાશીયા ઉર ઝાલાય અત્તી,
ભીલા ફડક ચુવાલરા તટ સાભરત્તટી,
કશનશગ જગમાલરો ધન ભાલ ધરત્તી,
વાઢત્રે આગળ વિજળા ખળખડ વહત્તી,
ઘોડે પાખર ધાતીઆ ઘુઘર ઘમકત્તી,
જરી પસીના જીનજર કલગી થરકત્તી,
ઝબે અબાબી રેશમી ગજ ઘાવ ફરત્તી,
તગ ઓરગે તાણીઆ રેકાબ તરત્તી,
ભજ મુછા તરવાર ભજ ખત્રીઆ રજખેતી,
ગ્રીધા ટોળા ગહકીયાં હથકુડં શકત્તી,
ભગવત કશનશગરો ભારે બોહોભત્તી,
ચડે કડાલા ચાચરે પ્રવે દેવ પ્રપત્તી,

નાદંગી અત નારદા ઝણુકારાંય, તંત્તી,
બાગાં રગ બિછાયતાં શાયજાદાંય રીતી,
કથા પુરાણું ભાગવત પઢત દન પ્રતી,
હેમર હુકલ પાયઘે દરબારાંય નિતી,
ભણે ભંડારી ભારથે જોધાં બળ જીતી. ૧

અરજણુ ભગવતશાગરો દરજોણુ એકારી,
ભાલે જોગણુ ભળ હુળે પારાક્રમ ભારી,
ડંડીરોડ નગારીયા બધ સામત પથારી,
મરજાદા સીંહુ લઘણું પડજગ જથારી,
લાખ પવાડા લેખ તે ભારત કથા રી,
વાઘેલો વેરા વેહડ છે ધરા વસ્તારી,
ડડીરવાં કોડંડ તેં કડમાંય કટારી,
ધર ખેહાં,રવ નૃપ ધુવર, ભાદ્રવ ઘટારી,
ખાત્રી બધ અજમાલરો રાવત પઢારી,
ગરજે મરધા ગહુકીયા અસવાર તયારી,
ઝલતે ચલંતે ઝગમગે સેના હુસકારી,
લોહુગી સુરવાળ ટોપ ઓપે અગ જારી,
સીધું રાગ સરણાઇયાં હુકબાવન પ્યારી,
તુરી ભેર ટહુકીયાં કરણાટ હોકારી,
ભભકતા ફોજાં ભ્રખત આતસ ભંડારી,
જરી નીશાણુ જલેબરા કરળ ઝંધાંરી,
ત્રાસાં આરબ તડતડે બેરખ ઉભારી,
પીર પેગમર ઓલીઆ ઉસતાદ સધારી,
પુરને વાસ પ્રૈંવાસતે બીબીયાંય પોકારી,
કસબે પડેં ભગાણુ કે સુરજ કર લારી,
ધડક મરેઠાં મુગલાં ભાજત દ્વોસારી,
ભજે બરદ ભગવતરા મખ શરમ વજારી,
ટીલે સાણુદ ભાલધર તાલે તપસારી,
ઓળે કાઠી ઉગરે લેંકાર અતારી,
સકેજત કોળી શકો રણે,રાડ વચારી,
વીરમગામ વેરાટરાં બાંધી બોહુરારી,
અલા અજમાલ આંતરે લુંઠા લલકારી,

ગોહેલ જલધર નારીયા સબંધ વધારી,
અણુ રીતે અજમાલરી વરતે જગવારી,
ધર મુછાં કર પાચશે બરાજે છત્રધારી. ૨

અતરે દામો આવીઆ વેજાચલ તોડે,
ગોયલ ઝંડા ડુંગરે વનવા સાંય ગોડે,
નવ સહસ નાનોદપર ઘે સારવ ઘોડે,
ગોડીરવ કરતા ગેયદ ખેડા દિશ દોડે,
દામશગ દોહરાખાનકુ લખીયા ખત ઓડે,
કિલ્લો દે કે રાડ કરે ચઢ ઘાડેય ચોડે,
બહોત દખણી બાબીઆં છકજંગ છકોડે,
દોહરાખાન મહીનાદશુ ઝુબ્યો ખગ ઝાડે,
કાયમ ખેડુ કર કટક શર ઝડાય ખોડે,
દામશગ પાટણુ જપદલે નીશદીહ અખાડે,
ધારા ખેતર બાબીઆં મરહટ ધખાડે,
પહેલી રાઢ પઠાણીયાં પડીયા.ગજપાડે,
ડટણુ પટણુ હેદળાં વટોળ ઉડાડે,
બકા ગોહેલ બાબીઆં પરધરા ભમાડે,
ગુજર ચકવે દામ શગ મજ અમલ જમાડે. ૩

પાંચેસે ગુજરાત તર ગુજરાત ગુંજાવે,
કાઠી કટકા પડચડે દન શત.પ્રજાવે,
ભાલારે બળ ભાલીઓ દશ દેશ દબાવે,
બાઘેલા અજમાલને કોઇ ખીજ બતાવે,
ભેરવજંપાં કુણુ ભરે કોણુ સીંહ સતાવે,
સુતા કાળીનાગને કોઇ જાઈ જગાવે,
પ્રલેઅગની ફેલીઆ કોઇ ધ્રત ફેલાવે,
આભ લડધડ દેખતાં કોઇ હાથ ટકાવે,
સુદ્રાશણુ ચક્ર કોપીઆ કોઇ મંત્ર સધાવે,
કોઈ અકબર પાદશાહ શર શક ચલાવે,
રામ ધનુષાં સામહા કોઈ જુદ્ધ મીલાવે,
સોઇ બાતાં સુણુ દામશગ કથ કાગદ કાવે,
આવે સલામ હજુરકુ તો તલવાર બધાવે,
મફ્ત મલક ખાયગા કર્યું અનમી દાવે,

નામરદાં સબ નજરમે કોઇ મરદ ન આવે,
ગાયકવાડ ઉનાડ ઘર રણજીત રહાવે,
ફુતા ગણપત ફુંકડો લેઇ પાવ લગાવે,
કલમાં માંમદકા કુરાન કર પુરાન પઢાવે,
નવરોજા પેમાલ કર દશરા વધાવે,
સેનાપતકા તા વખત પુને લખ આવે. ૪

મેં રાજા ગુજરાતકા સધરાવ ઘરાણે,
ગઢા તળાવાં વાવ કઇ બનવાયાય નાણે,
પ્રત પાછા પગ સમહુરે મુખ નાવ ન આણે,
શત જગ ત્રેતા દવાપરે કલજગ હી જાણે,
ભાલ ધરાધર ભાલીઓ શાખી ચદ્રભાણે,
પાટ વેરાટ અસલ પોહો ઘર મેર પ્રમાણે,
માન દીયો મનોવરી રઢ રાવણ રાણે,
પાંચે સોને જીતીઆ એહી કોઇ પીછાણે,
અગથ કીયો દધી અ જળી ગળીઆ શર ગાણે,
હરધારી શોહો વસે એવું દલ આણે,
દેખ બહાદુર દામશગ વાઘેલ વખાણે,
ભજ મુછાં ભગવતરે મરદાં નર બાણે,
બચ્ચા નાગર ભાણ રે હુકમી ઘે તલાણે,
હઠ મરહઠ શી સાહેતાં બધ અબધ પ્રમાણે,
સાણંદ શામા આઉરા ઢાલાં નિહશાણે,
શીશા ઓર બીછાઇયાં બગતર જવાણે,
રિંછીં પાખર રેવંતા ગજરાજ ઘમશાણે,
વખો નરદાં નાહરાં એમ કહે ઉખાણે,
ધશળ કસુંબા ઘુ ખળાં ડકા રાવ રાણે,
છુટો સાણદ છત્રપતી અશમર, ઉબાણે,
હાથી અંકશવણ હુઓ માજા મહેરાણે,
નાગ કરંડા બાહરાં ભારથ પુરાણે,
હનુઓ લંકાં ઉપરાં ગરજયો ગેયણાંણે,
સીંહ બછુટાં શાંકળે જુટા ઇંદ્ર જાણે,
ડંડીકાર દવાનલાં ખાંડીં ખુરશાણે. ૫

સવત અરજણશંગરા ખાંઠા શીરોહીયા,

ગેંડા ઢાલ અસલરી એ કલગડ રોયા,
કમાના મુલતાનરી તીરકસ ટોયા,
લાહોર તોપ કીશોરલી બરીયાંન બલોયા,
એમદપર દીન ઉગતે દરવાજાય ઢાયા,
ચાક ચડોતર ચારસેં હક હાલક હોયા,
અરજણુરાણુ બાણુાવળી જગારંગ જોઈયા,
લશ્કર ઘાયલ ડોલીયા ચકરગ ખિલોઇયા,
સાણુદ લીધે દામશગ બિજમ બીખ બોયા,
તાણુતાં જેમ પીટતે ઠઠહી ઠઠ ઠોયા,
ઘોર ઠેકાણુા ઢુઢતે પેગમર મોયા,
એકા અગની ડાગ દે શીવ હાર પરોયા,
ભુત મરેઠા ભમતાં રણુખેત ડબોયા,
ભાલા અણીએ ભાલીએ દશ દેશ હીડોયા,
ખાટે પાટણુ દામશંગ હક નાહક ખોયા,
મધ ઘોલકપર મોરચા સમસાન હીસોયા, ૬

વાઘેલો વશીયા વસે કંથ જગત કહાઈ,
માથે સગડી મુકકર મુલક ફરીયાદે આઇ,
સુણો અરજ સો દામશગ કર્યુ કરના ભાઇ,
સાણુંદ અરજણુશગકુ આપીયેય બડાઇ,
બડો સરપાવ તાજીમદે થાણુાય બોલવાઇ,
રાજા રાજ પરજા સુખ આબાદીય પાઇ,
ઘર ઘર ગાવે મગળા ભર થાળ વધાઇ,
વાઘેલાકી બારવટ ખત્રવટ ચઢાઇ,
ભાયા ભડા તાજીમદે બડો હેત બઢાઈ,
રૈયત સબ નજરાન દે કુરનસ બજાઇ,
ઝાલા ગોહેલ ને જેઠવા ભુજનગર તાઈ,
આબેર અદીઆપરા અરૂ મરૂધર માઇ,
બાઘેલારા બખાણુરા કોઇ પાર ન પાઇ,
ચડ ચારણુ ગણુ રૂપ કેહે બોલે બરદાઈ,
ગોઠ કસુબા ગાવણું કેશર છટકાઇ,
સમજની લે તાનકુ ગત ભાવ બતાઇ,
મહેલા ઝોલા અંતરા ખસબોય ફેલાઇ,

દેગ તડાકા ટક દો સામુદ્ર ભુજાઈ,
ભગવત કરશનશગરો અજમાલ સવાઈ,
એણી રીતે કર બારવટ વૈકુંઠ સધાઇ. ૭

આ ચારણની બનાવેલી કવિતા જેને નિશાનીઓ કહે છે તે સાત બનાવેલી જેવી મળી તેવી દાખલ કરી છે. ચારણી કવિતામાં અતિશયોક્તિ હોય છે, પણ હકીકતનું રહસ્ય હોય છે. આ કવિતા લાબી હોવાથી કોઇ કટાળશે, પણ ક્ષત્રીઓને તે સાભળવાનો રસ પડે છે. વળી કોઇ દિવસ તેનો નાશ ન થઇ જાય તે સારૂ આ પુસ્તકમા તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેની મુખ્ય મતલબ દામાજી સાથે થએલી લડાઈ ને તેમાં અરજનશગજીએ તેમના ઉપર કરેલાં બારવટા, ધોળકાના સુબાને માર્યો અને રૈયત બહુ ગભરાવાથી દામાજી પાસે ગઇ ને દામાજીએ અરજનશગને તેમનો તાલુકો પાછો સોંપ્યો એ મતલબ છે.

અરજનશગજીના પહેલા રાણી લીમડી પાસે ગેડીના ઝાલા રામશંગજી અદેસિંહજીના કુંવરી કેશરકુવરબા હતાં. તેમના કુમાર કાયોજી થયા, તે પાટવી હતા; ને કુવરી જીજીરાજબા હતા, તે વાકાનેરના રાજ કેશરીશંગજી સાથે પરણ્યા હતાં. બીજાં રાણી ગાફના ચુડાસમા ઠાકોર અગરશગજી દેવીશગનાં કુવરી બાનજીબા હતા, તેમના કુંવરી મોગીબા થયાં તેમને હળવદના રાજ રાયસિહજી જશવતશગજી સાથે પરણાવ્યા હતાં. ત્રીજાં રાણી લાઠીના ગોહેલ જીજીભાઇ સૂરશંગજીના કુંવરી રતનકુવરબા હતાં. મહારાણા અરજનશગજીએ પોતાના પિતાને જે સ્થળે અગ્નિદાહ દીધો હતો તે જગોએ સાણદમા સવત ૧૮૪૦ ના ચૈત્ર વદી ૫ સોમવારે છત્રી કરાવી છે. મહારાણા અરજનશગજીએ સવત ૧૮૦૯ થી તે સવત ૧૮૪૨ સુધી ૩૩ વર્ષ રાજ્ય કર્યું.

અરજનશગજીની ગાદી ઉપર તેમના પાટવી કુમાર કાયોજી સવત ૧૮૪૨ ની સાલમાં બેઠા. તેમના પહેલાં રાણી વાસણાના રાઠોડ ભગવાનશગજી દોલતશગજીનાં કુવરી તખતકુવરબા હતા. બીજા રાણી મેતલીના ઠાકોર લાખાજી સૂરશગજીના કુવરી અજબકુવરબા હતાં, તેમના કુમાર નારશંગજી તથા કુવરી દેવકુવરબા હતાં તે ઇડરના રાવ ગભીરસિંહજી ભવાનસિહજી વેરે પરણાવ્યાં હતાં. ત્રીજા રાણી ધમડકાના જાડેજાનાં કુંવરી હતાં. ચોથાં રાણી તલસાણાના ઝાલા વેરાજીના કુવરી નાનીબા હતાં, તેમનાં કુંવરી વખતકુંવરબા હતાં તેમને પોરબદરના જેઠવા રાણા હલામણ સાથે પરણાવ્યાં હતાં; તથા બીજાં કુંવરી બાજીરાજબા તેમને હળવદના રાજ દાદાજી વેરે પરણાવ્યાં

હતાં. પાંચમાં રાણી વાસણાના રાઠોડ દાદુ ભગવતસિંહજીનાં કુંવરી જામબા હતાં તેમના કુમાર બાપુજી થયા. છઠ્ઠાં રાણી આશામીયાના જાડેજા લાખાજી અમરાજીનાં કુંવરી બાનજીબા હતાં ને સાતમાં રાણી વાસણાના રાઠોડનાં કુંવરી ગલબા હતાં. કાયાજીને આ સાત રાણીઓથી બે કુમાર હતા એમ જણાય છે. પરંતુ તેમની ગાદી ઉપર બેસવાને જ્યારે તે દેવલોક પામ્યા ત્યારે એક પણ કુમાર હયાત નહોતો. આ કાયાજી ઘણા બહાદુર ને શૂરવીર હતા ને તેમણે ઘણાં પરાક્રમ કર્યાં છે. તેમના વિશે એક દોહરો ભાટે નીચે મુજબ કહ્યો છેઃ-

કાયો કાળી નાગ ધુંધવતો સાણંદ ધણી
પરહદ ભરવા પાળ કોઠે આવે કાંયડા.

તે અપુત્ર ગુજરવાથી તે વખતે તેમની રૈયત ઘણીજ ઉદાસ થઇ ગઇ હતી. તેમણે સંવત ૧૮૪૨ થી સંવત ૧૮૫૯ સુધી ૧૭ વરસ રાજ્ય કર્યું. તેઓ કોઠમાં દેવલોક પામ્યા. તેમની છત્રી કોઠમાં બાંધેલી છે ને તેમા લેખ છે.

મહારાણા કાયાજી દેવલોક પામવાથી તેમની ગાદી ઉપર તેમના કાકા નથુભાઈ જેમને ગોરજ તથા બળદાણાનો ગરાસ આપવામા આવ્યો હતો, તેમના કુમાર કરશનશગ (કાંધાભાઇ) ગાદી ઉપર સવત ૧૮૫૯ ના વૈશાખ વદી ૧૩ ને ગુરૂવારે બેઠા. મહારાણા અરજનશંગજીએ પોતાના ભાઈ નથુભાઇને ઉપર મુજબનો ગરાસ આપ્યો હતો તથા જેશગજી જે પોતાના સગા ભાઇ હતા તેમને કુંવાર અને મોરૈયા આ બે ગામ તથા ડરણ અને ખરાટીના વાંટા આપ્યા હતા; ને અલીઆજી જેનું બીજુ નામ કાકાકુવર હતું તેમને લેખંબા તથા રામલપુર આપ્યા હતા.

મહારાણા કરશનશગજીના બાપ નથુભાઇનાં પહેલા રાણી આંબળીના ચુડાસમા ખોડાજીના કુંવરી અમજીબા હતા. બીજા રાણી ભડારીના ગોહેલ સબળાજીનાં કુવરી તાજુબા હતા. ત્રીજા રાણી પીંપળીના ચુડાસમા કરણશંગજી ગોપાળશગજીનાં દીકરી આછુબા હતાં. ને ચોથાં રાણી અડવાળના ઝાલા લાખાજી માનશગજીના કુવરી તાજુબા હતા, જેમના કુમાર કરશનશગજી (કાંધાભાઇ) હતા તેજ કાયાજીની ગાદી ઉપર બેઠા.

કરશનશગજીનાં પહેલાં રાણી ગેડીના ઝાલા બાજીભાઇ રામશગજીનાં કુંવરી જસુબા હતાં તેમને એક કુંવરી અજુબા હતાં, તે ઇડરના રાવ અમીરશીંગજી ગંભીરશીંગજી સાથે પરણાવ્યાં હતા. બીજા રાણી આસામીયાના જાડેજા વજેરાજજી અમરશગનાં કુંવરી બાજીરાજબા હતા. ત્રીજા રાણી પા-

લીંતાણાના ગોહેલ બાવાજી ઉનડજીનાં કુંવરી બાજીરાજબા હતાં તેમના કુમાર ભગવતસિંહજી થયા. ચોથાં રાણી કચ્છમાં કેરાના જાડેજા વજેરાજજી અમરશંગજીનાં કુંવરી જીજીબા હતાં. આ કરશેનશંગજી ઘણાજ ભલા ને ઉદાર હતા. તેમને ધર્મ ઉપર બહુ આસ્તા હતી. તેઓ સંવત ૧૮૫૯ થી સંવત ૧૮૯૧ સુધી ૩૨ વર્ષ રાજ્ય કરી સ્વર્ગે ગયા.

મહારાણા કરશનસિંહજીની ગાદી ઉપર કુમારશ્રી ભગવતસિંહજી સંવત ૧૮૯૧ ઇ. સ. ૧૮૩૫ માં બેઠા. તેમનાં પહેલાં રાણી વાસણાના રાઠોડ દોલતસિંહજી કીશોરસિંહજીના કુવરી વખતુબા હતાં. તથા બીજાં રાણી ધ્રોળના જાડેજા ઠાકોર ભુપતસિંહજી મોડસિંહજીનાં કુવરી ગંગાબા હતાં; જેમનું મોસાળ પાલીટાણે હતું. ત્રીજાં રાણી કચ્છમા રૂહાના જાડેજા ખેગારજી વજેરાજજીનાં કુંવરી જીજીરાજબા હતાં. ચોથાં રાણી ધ્રોળના જાડેજા ઠાકોર ભુપતશંગજી મોડજીના દીકરી રૂપાળીબા હતાં. તેમના કુમાર મર્હુમ ઠાકોર રણમલસિંહજી હતા. માહારાણા ભગવતસિંહજી ઘણાજ દયાળુ, ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધાવાળા અને નીતિવાન હતા. તેઓની માનગત ચાલતી હતી. ગર્ભવતી સ્ત્રીઓને છુટાછેડા ન થતા હોય તો તેમના નાડાને પલાળી તે પાણી નીચોવી આપતા ને તે બાઇને છુટા છેડા થતા હતા. વળી ચોથીયા તાવ સારૂ પણ તેમની માનગતો ચાલતી ને આજે પણ ચાલે છે. તેઓ જુઠું તો બીલકુલ બોલતાજ નહોતા અને હમેશા રાજ્ય વહીવટ કરતાં પ્રભુભકિત તેમને વધારે પ્રિય હતી. તેમણે ઘણા અનાથોને ઉદારતાથી આશ્રય આપ્યો હતો અને તેઓ ગરીબોનો માળવો ગણાતા હતા. તેમણે સવત ૧૮૯૧ થી સવત ૧૯૨૫ સુધી ૩૪ વર્ષ રાજ્ય કર્યું. તેઓ સંવત ૧૯૨૫ ના આસો વદી ૦)) ને રોજ દેવલોક પામ્યા હતા.

જ્યારે મહારાણા શ્રી ભગવતસિંહજી દેવલોક પામ્યા ત્યારે તેમનાં રાણી શ્રી રૂપાળીબા જે ધ્રોળનાં કુંવરી હતા તેઓને શ્રીમત હતું, જેમની કુખે સવત ૧૯૨૬ ના પોસ સુદી ૧૩ ને રોજ મર્હુમ મહારાણાશ્રી રણમલસિંહજીનો જન્મ થયો. જેથી તેમનાં વાલી તરીકે નામદાર અંગ્રેજ સરકારની પરવાનગીથી બાઈ શ્રી રૂપાળીબાએ રાજ્ય ચલાવ્યું. તેમના સગા ભાઇ જાડેજા કેશરીશગજી ભુપતશંગજી હતા તે ઘણાજ બાહાદુર ક્ષત્રી હતા તેમની સાહેતાથી તેમણે ઉત્તમ પ્રકારથી રાજ્ય ચલાવ્યું. કેશરીસિંહજી સંવત ૧૯૩૨ ની સાલમાં દેવલોક પામ્યા તોપણ બાઇએ હીંમત ન હારતાં ગંભીરતાથી રાજ્યવહીવટ ઠાકોર સાહેબની લાયક ઉમર થતાં સુધી ચલાવ્યો. માહારાણા અરજનશંગજીના વખતથી રાજ્યગાદી કોઠમાં હતી તે તેમણે સંવત ૧૯૪૦ માં સાણંદમાં કાયમનું

રહેઠાણ રાખ્યું. માહારાણા શ્રી રણમલસિંહજીનું પહેલું લગ્ન કોટડા સાંગાણીના ઠાકોર તોગાજી મહેરામણજીનાં કુંવરી બાઇ રાજબા સાથે સંવત ૧૯૪૪ના વૈશાખ સુદી ૯ ને રોજ થયું તે પ્રસંગે રૂપાળીબાએ ઘણીજ ધામધુમથી વિવાહ કર્યો હતો ને એવી ઉદારતાથી કામ કર્યું હતું કે તે વિવાહના પ્રસંગમાં લગભગ દોઢલાખ રૂપીયા ખર્ચ થયો હતો. ઠાકોર સાહેબ મહારાણા શ્રી રણમલસિંહજી પુખ્ત ઉમરના થવાથી સંવત ૧૯૫૦ની સાલમા શાસ્ત્રવિધી મુજબ રાજ્યાભિષેક કરાવી ગાદીએ બેઠા હતા તે વખતે કાઠીયાવાડના તથા ચુંવાળના કેટલાક રાજવંશીઓ તથા પોતાના ભાયાતો, ઉમરાવો પધાર્યા હતા, જે વખતે છબાસરના તથા મોટીઓરૂના પોતાના ભયાતો વચ્ચે સો વર્ષ ઉપરાંતથી ઉચાં દીલ હતાં તે બન્નેની વચ્ચે સમાધાન કરાવ્યું તે મહાન કાર્ય થયું છે ને તે હજુ ચાલે છે.

બાઇ શ્રી રૂપાળીબા સંવત ૧૯૬૭ના કારતક સુદી ૩ ના રોજે દેવલોક પામ્યાં છે. તેમનું ક્રિયાખર્ચ બન્ને બાલને તેડાવી સારી રીતે કરવામાં આવ્યું હતું.

ઠાકોર રણમલસિંહજીનું બીજું લગ્ન સાંઢખાખરાના ગોહેલ અગુભા અભેસિંહજીનાં કુંવરી હીરાબા સાથે થયું અને ત્રીજુ લગ્ન વાસવાડાવાળા શીશોદીયાનાં કુંવરી કુંદનકુંવરબા સાથે થયું રાણી શ્રી હીરાબા સાઢખાખરાવાળાંને સંવત ૧૯૬૦ ના આસો સુદી ૯ ને વાર સોમને રોજ દિવસ ઉદય પહેલાં પાટવીકુંવર જયવંતસિંહજીનો જન્મ થયો છે. તેમજ ઠાકોર સાહેબનાં એક રખાયત બાઈને સમરસિહજી નામે એક કુંવર છે.

માહારાણા શ્રી રણમલસિંહજી પોતાની ૪૩ વરસની ઉમરે સંવત ૧૯૬૯ કારતક સુદી ૪ ને બુધવારે દેવલોક પામ્યા છે. તેમની ઉત્તરક્રિયા બંને બાલ તેડીને મોટા ખર્ચથી કરી હતી.

પાટવીકુમાર શ્રી જયવંતસિંહજી રાજકોટ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરે છે.

મહારાજા ભૂવડ.

- કરણુ
  - ચંદ્રાદિત્ય.
    - સોમાદિત્ય.
      - ભુવનાદિત્ય.
        - રાજ.
          - મૂળરાજ.
            - ચામુંડ.
              - વલ્લભસેન. +
              - દુર્લભસેન. + ભીમદેવ.
                - કરણ.
                  - સિદ્ધરાજ જયસિંહ. + કુમારપાળ. + અજયપાળ.
                    - બાળમૂળરાજ. + ભોળો ભીમદેવ.
                      - ત્રિભુવનપાળ. + વિશળદેવ.
                        - *અર્જુનદેવ.
                - ક્ષેમરાજ.
                  - દેવપ્રસાદ.
                    - ત્રિભુવનપાળ
                      - મહીપાળ
                        - અજયપાળ. કુમારપાળની ગાદી ઉપર
                        - ભોળો ભીમદેવ બાળમૂળરાજની ગાદી ઉપર.
                      - કીર્ત્તિપાળ.
                      - કુમારપાળ. સિદ્ધરાજની ગાદી ઉપર.
                - મૂળરાજ. +
              - નાગરાજ.
                - ભીમદેવ. દુર્લભસેનની ગાદી ઉપર.
          - સંગામહ ઉરફે રાહાયત.
            - વ્યાઘ્રદેવ (રેવાના રાજ્યમાં ગયા.)
              - કરણદેવ. (રેવાની ગાદી)
              - કંધરદેવ (કસોટીની ગાદી.)
              - સુરતદેવ. (ગુજરાતમાં પાછા.)
                - ની ચોથી પેઢીએ ધવળદેવ.
                  - અરણોરાજ.
                    - લવણપ્રસાદ
                      - વિરધવળ.
                        - વિશળદેવ. ત્રિભુવનપાળની પાટણની ગાદી ઉપર.
              - સોહાગદેવ. (દક્ષિણમાં ગયા.)
              - શ્યામદેવ (પૂર્વમાં ગયા.
        - બીજ. +
        - દંડક. +

*અર્જુનદેવનો વંશ જુઓ પૃષ્ટ ૧૪૮.

અર્જુનદેવ.
|
સારંગદેવ.
|
ઠરણ.

- વિરસિંહ | સરધાર ગાદી
  - ધવળદેવ
  - વિશળદેવ
  - નોંધણજી
  - વિજપાળજી
    - સુરસિંહજી
      - અજબસિંહજી
      - દેવકરણજી
      - પરતાપજી
      - માંડણજી
      - ધમલકરણજી કલોલ આવ્યા.
        - વીરસિંહજી કલોલની ગાદી.
        - જેતસિંહજી સાણંદની ગાદી
          - ગોપાળસિંહજી.
          - નાયસંગજી
          - નોંધણજી.
          - વરહાજી
          - *ભીમસિંહજી
    - લુણકરણજી કચ્છમાં વાગડ.
- સારંગદેવ | બીલડીગઢ.

---

*ભીમસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૧૪૯.

- ભીમસિંહજી.
  - ધુ ધમલજી
    - વીરધવળજી.
      - સારંગદેવજી.
        - માલસિંહજી.
          - જેસિંહજી
            - અનરાજજી.
              - સારંગજી.
                - ભીમસિંહજી
                  - કરણસિંહજી
                    - અરજનસિંહજી
                      - ગોપાળસિંહજી
                        - વજેરાજજી
                          - રાજસિંહજી
                            - જગમાલસિંહજી
                              - કરશનસિંહજી
                                - *ભગવતસિંહજી
                                - વીરોજી (ગુંદી વગેરે)
                                - કશળસિંહજી (ધીંગડા વગેરે)
                                - હઠીસિંહજી (શામજ વગેરે)
                              - વાઘજી (સરગવાળા વગેરે) ×
                              - ભારોજી (મોટી બોરૂ વગેરે)
                              - કેશરીસિંહજી ×
                            - ભાવસિંહજી (ઉતેળીઆ, લોલીયા વગેરે)
                            - માનસિંહજી ×
                          - કરમરસિંહજી વાસણા વગેરે)
                          - સુલતાનજી (રડુ વગેરે)
                      - ઉદેસિંહજી (રાશમ વગેરે)
                      - ઘેલોજી (વારતી વગેરે)
                    - વીસોજી ×
                    - અગરસિંહજી (આંબલીઆળા વગેરે)
                    - નારણસિંહજી (ઝાપ વગેરે)
                  - મેળોજી. (ગાંગડ અર્ધું રાજ્ય)
                  - વાઘજી (પીપળુ વગેરે)
                  - વીરોજી. (મોરૈયા વગેરે)
                - ડુંગરજી. (દદુકા વગેરે બાર ગામ.)

---

*ભગવતસિંહજીનો વંશ જુઓ પૃષ્ટ ૧૫૦.

- ભગવતસિંહજી
  - સબળસિંહજી
    - અરજનસિંહજી
      - કાયોજી
        - નારસિંહજી ×
        - બાપુજી ×
  - અરજનસિંહજી (સબળસિંહજીની ગાદી ઉપર)
  - નથુભાઈ (બળદાણા વગેરે)
    - કરશનસિંહજી. (કે.પાજીની ગાદી ઉપર)
      - ભગવતસિંહજી.
        - રણમલસિંહજી
          - જયવતસિંહજી હાલના ઠાકોર સાહેબ
  - જેસિંહજી (કુંવાર વગેરે)
  - ઠાકોકુંવર ઉર્ફે અલીઆજી (લેખંબા વગેરે)

કુંવાર.

આ એસ્ટેટ સાણંદ તાલુકાના સાણંદ ગામથી પશ્ચિમ દિશામાં છે. તેના તાબામાં બે ગામ કુંવાર તથા મોરૈયા છે ને વાટા ડરણુ તથા ખરેડીના છે; તેમજ સવત ૧૯૮૧ મા કુંવારની હદમાં હીરાપુર અને ત્યાર પછી ગોકળપરા તથા હીરાપુર તથા ફતેપુર પણ તેનીજ હદમા વાસવામા આવ્યાં છે. એસ્ટેટનુ ક્ષેત્રફળ ૫૬૬૧ એકર છે તથા વસ્તી ૧૬૩૫ માણસની છે. વાર્ષિક ઉપજ રૂ. ૧૫૦૦૦) ને આશરે છે તે પૈકી જમાંબદીના રૂ.૨૪૨૮) નામદાર અગ્રેજ સરકારને ભરવા પડે છે. જમીન સપાટ તેમા મુખ્ય ભાગ કયારી અને કાળી ભોંય છે; જુજ ગોરાડુ છે. મુખ્ય નિપજમા ડાંગેર, કપાસ ને બીજુ ધાન્ય છે.

સાણંદના ઠાકોર મોટા ભગવતસિંહજીના પાંચ કુમારો પૈકી ચોથા જેશગજી હતા તેઓને આ ગરાસ આપવામા આવ્યો હતો. જેશગજીનાં માતુશ્રી ધ્રોળના જાડેજા કલ્યાણશંગજી ખેતાજીનાં કુવરી જશકુંવરબા હતાં. ઠાકોર અરજનશંગજી તેમના સગા મોટા ભાઈ થતા હતા. આ એસ્ટેટના મૂળ પુરૂષ જેશંગદેવજી હતા, તેમને પોતાના ભાઇ અરજનશગજી તરફથી આ ગામ સવત ૧૮૧૨ માં મળ્યાં હતાં. જેશગજીને ત્રણ કુમાર પચાણજી, રામાભાઈ અને સામતસિંહજી હતા. તેમાં પચાણજી ને સામતસિંહજી નિર્વંશ ગુજર્યા છે. ને રામાભાઈના દીકરા ખેમાભાઇ થયા. તેમના કુમાર શીવશગજી અને તેમના

કુમાર રાયસિંહજી હતા, જેમને ચાર કુમાર તેમાં મોટા ફતેહસિંહજી (ઓઘડભા), દાજીરાજ ગુજર્યા છે. ત્રીજા માધવશગજી તથા ચોથા કેશરીશંગજી છે તથા કુંવરીઓ ૧ બાજીરાજબા તે માણસાના ચાવડા ઠાકોર રાયશંગજી વેરે પરણાવ્યાં છે. ૨ બાઈ રાજબાને તલસાણાના ઝાલા નિત્યસિંહજી વેરે પરણાવ્યાં છે. ૩ બાકુંવરબાને મોઠાપરના જાડેજા દેવાજી વેરે પરણાવ્યાં છે. ૪ નાનાબાને માળવામાં પીપલોદના ડોડીઆ રૂપનાથશંગજી વેરે પરણાવ્યાં છે.

ફતેસિંહજીનું લગ્ન ખીરાઈના જાડેજા વાઘજીનાં કુંવરી રૂપાળીબા સાથે થયું છે તેમને મોટા કુમાર ભગવતસિંહજી તથા નાના મનુભા છે. ફતેસિંહજીનાં કુવરી મોંઘીબાને પીપલોદના ડોડીઆ વજેસંગ વેરે પરણાવ્યાં છે ને બીજાં કુવરી બાબાસાહેબ છે.

ઉપર જણાવેલા એસ્ટેટ પૈકી મોરૈયા ગામ શાહુકારને ત્યાં ગીરો મુકેલું છે ને ડરણ તથા ખરેટીના વાંટા શાહુકારને કરજ પેટે વેચેલા છે. કુંવારની હદમાં વસેલાં હીરાપર, રસુલપર તથા ફતેપુર પણ કરજ સારૂ વેચેલાં છે. ચાગોદરની વાંટડી એમના પૂર્વજોએ પરભારી મેળવેલી છે.

ભગવતસિંહજી કરશનસિંહજી.

સબળશગજી — અરજનશંગજી — નથુભાઈ — જેશંગજી — અલીઆજી

જેશંગજી:
પચાણજી + — રાજાભાઈ — સામતશંગજી +

રાજાભાઈ
ખીમાભાઈ
શીવશંગજી
રાયશંગજી

રાયશંગજી:
ફતેશંગજી ઉર્ફે ઓઘડભા — દાજીરાજ — માધવશગજી — કેશરીશંગજી

ફતેશંગજી:
ભગવતશગજી — મનુભા

લેખંબા.

આ એસ્ટેટ સાણંદ તાલુકાના સાણંદ ગામથી ઉત્તર દિશામાં છે. આ ગામનું ક્ષેત્રફળ ૧૨૨૮ એકર છે. વસ્તી ૨૨૭ માણસોની છે ઉપજ રૂપીયા ૪૦૦૦ ને આશરે છે. તે પૈકી જમાબંદી રૂ.૩૧૦) તથા લોકલફંડ રૂ. ૧૨) મળી કુલ રૂ.૨૭૨) ભરવા પડે છે. જમીન મુખ્યત્વે ક્યારી ને થોડી કાળી ભોંય તથા ગોરાડુ છે. મુખ્ય પેદાશ ડાંગેર તથા કપાસ છે.

સાણંદના આદીપતિ ઠાકોર મહારાણાશ્રી પહેલા ભગવતસિંહજી જે સંવત ૧૭૭૯ ના અરસામાં થયા તેમના પાંચ કુમારો પૈકી નાના અલીઆજી જેને કાકાકુમાર કહેતા તે આ એસ્ટેટના મુળ પુરૂષ છે. તેમને સાણદથી લેખંબા તથા રામલપુર તથા શીહોરીનું પરૂ આ ગામ મળ્યા હતાં. રામલપુર તથા શીહોરીનું પરૂ ઉજડ ટેકરા હાલ કોઠ ગામની હદમા તેના ભેગા જોડાઇને ખાલસા થઈ ગયા છે; અલીઆજીની માતુશ્રી જાડેજા ઉનડજી હાથીજીની દીકરી રાયાંજીબા હતાં. તેમને એક બેન કુલકુંવરબા હતા તે નવાનગરના જામને પરણાવ્યાં હતાં ને બીજાં બેન બાજીરાજબા હળવદના ઝાલા ગજશગજીને અને ત્રીજાં બેન અમીજીબાને વાંકાનેરના રાજ ભારાજી સાથે તથા ચોથા બદનકુંવરબાને જામ લાખા સાથે પરણાવ્યાં હતાં. તેમને આ ગામ સંવત ૧૮૧૨ માં મળ્યાં હતાં.

રામલપુર તથા શીહોરીનું પરૂ હાલ જે ઉજડ ટેકરા કોઠની હદમાં છે તે સાણંદના ઠાકોર સાહેબે ખાલસા કરી લેવાથી અલીઆજીએ ઠાકોર સામાં લાંબી મુદત સુધી બહારવટાં કર્યા હતાં પણ તેમાં ન ફાવવાથી ને સગાવહાલાની સલાહથી સમાધાની થઈ હતી.

તેમના કુમારનું નામ ડોસાભાઈ હતું તેમના પછી હરીશંગજી થયા જેમને ત્રણ કુમાર હાજીરાજ, હરભમજી ને રામશગજી હતા તેમાં હાજીરાજના કુમાર સરદારશગજી જે મોટા હતા તે નિર્વંશ ગુજરવાથી આ એસ્ટેટ હરભમજી એકલાને રહ્યું. તેમના નાના ભાઇ રામશંગજી પણ નિર્વંશ ગુજર્યા છે. હરભમજીને શીવશગજી તથા જાલમસિંહજી આ બે કુમાર હતા, તેમાં શીવશગજી મોટા ગુજરી જવાથી હાલ જાલમસિંહજી એકલા એસ્ટેટ ભોગવે છે.

- ભગવતશંગજી
  - સબળશંગજી
  - અરજનશંગજી
  - નથુભાઈ
  - જેશંગજી
  - કાકાકુંવર ઉર્ફે અલીઆજી
    - ડોસાભાઇ
      - હરીશંગજી
        - દાજીરાજ
          - સરદારશંગજી +
        - હરભમજી
          - શીવશંગજી +
          - જાલમસિંહજી
            - ભુપતશંગજી
            - જોરસિંહજી
        - રામશંગજી +

ધીંગડા.


આ એસ્ટેટમાં હાલ બે ગામ છે. ધીંગડા તે ધોળકા તાલુકામાં ધોળકાથી પશ્ચિમ દિશામાં છે અને ચેખલા ગામ સાણંદ તાલુકામાં સાણંદથી ઉત્તર દિશામાં છે આ બે ગામોનું કુલ ક્ષેત્રફળ ૧૧૧૯૫ એકર છે; વસ્તી શુમારે ધીંગડાની ૪૩૦ અને ચેખલાની ૯૬૪ તથા રામપુરામાં ૬૪ મળી ૧૪૯૦ માણસોની છે. એસ્ટેટની કુલ ઉપજ રૂપીઆ ૧૦૦૦૦ ને આશરે છે તે પૈકી નામદાર સરકારને જમાંબદી તથા લોકલફંડના મળી રૂ.૨૬૫૧ ભરવા પડે છે. ધીંગડામાં કાળી ભોય હોવાથી ઘઉં તથા કપાસની નીપજ છે ને ચેખલા ગામ ગોરાડુ હોવાથી ત્યાં જવાર, બાજરી, કઠોળ વગેરે નીપજે છે. આ શીવાય તેમને આસાંબલીનો વાંટો તથા વેજલકામા થોડી જમીન છે. તેમજ ચેખલાની હદમાં રામપુરા અને વીરમગામ આ નામનાં પરાં બાંધવામાં આવેલાં છે. સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા કરશનશગજી પહેલા જેમને ચાર કુમારો પાટવી ભગવતસિંહજી. ૨ વીરાજી. ૩ કશળશગજી ને ૪ હઠીશંગજી હતા જે પૈકી કશળશંગજીને તેમના મોટાભાઇ તરફથી આ ગરાસ મળ્યો હતો. તેમનાં માતુશ્રી અડવાળના ઝાલા જસવતશંગજી વજેશંગજીનાં કુંવરી રતનકુંવરબા હતાં તેમના પાટવી દીકરા ભગવતસિંહજી હતા તે સાણંદની ગાદી ઉપર બેઠા. અને નાના હઠીશંગજીને ઉપર લખેલો ગરાસ મળ્યો હતો. તેમના વંશની દોકડાવારી તથા પેઢીનામું નીચે મુજબ છે.


ધોંગડા ગામની દોકડાવારી.


દો.	બ.	નામ.
૪૧-૮		જીવાભાઇ વખતશંગજી
	૫-૨	જીવાભાઇ વખતશંગજી
	૫-૨	ઉદેશંગજી તખતશગજી
	૧૦-૪	નાથાભાઈ અભેશગજી
	૭-૦	દાદભા માધવશગજી
	૭-૦	કશળશગજી પુંજાભાઇ
	૧-૩	નાગભાઈ શીવશંગજી
	૧-૨	ગગુભાઇ શીવશગજી
	૧-૩	હરભમજી શીવશગજી
	૩-૮	સૂરશગજી ખેગારજી
	૪૧-૮	
૩૭-૮		ધીરશંગજી રામશગજી
	૧૮-૧૨	ધીરશંગજી રામશગજી
	૬- ૪	જેઠીભાઈ મોડજી
	૬- ૪	રઘાભાઈ અમરશગજી
	૬- ૪	હીમતશગજી હરીશગજી
	૩૭-૮	
૨૧-૦		દીપશંગજી રતનશગજી
	૫-૪	દીપશગજી રતનશગજી
	૫-૪	રૂપશગજી કાળુભાઇ
	૧૦-૮	ભાવશગજી ગોવીંદશગજી
	૨૧-૦	
૧૦૦-૦		

ચેખલા ગામની દોકડાવારી.

દો.	બ.	ગામ.
૪૪-૦		જીવાભાઇ વખતશંગજી
	૫-૮	જીવાભાઇ વખતશગજી
	૫-૮	ઉદેશંગજી તખતશંગજી
	૧૧-૦	નાથાભાઇ અભેશંગજી
	૭-૬	દાદભા માધવશંગજી
	૭-૫	કશળશગજી પુંજાભાઇ
	૧-૩½	નાગભાઇ શીવશગજી
	૧-૩½	ગગુભાઈ શીવશગજી
	૧- ૩½	હરભમજી શીવશગજી
	૧-૧૦½	સૂરશગજી ખેગારજી
	૪૪-૦	
૩૪-૮		ધીરશગજી રામશગજી
	૧૭- ૪	ધીરશગજી રામશગજી
	૫-૧૨	જેઠીભાઇ મોડજી
	૫-૧૨	રઘાભાઇ અમરશગજી
	૫-૧૨	હીમતશગજી હરીશગજી
	૩૪-૮	
૨૧-૮		દીપશંગજી રતનશગજી
	૫- ૬	દીપશગજી રતનશંગજી
	૫- ૬	રૂપશંગજી કાળુભાઈ
	૧૦-૧૨	ભાવશગજી ગોવીંદશંગજી
	૨૧-૮	
૧૦૦-૦		


કરશનશંગજી
ભગવતશંગજી
ગાદીપતિ
વીરોજી
ગુંદી
કલાળશંગજી
હઠીશંગજી
શીમજ
પથાભાઇ
પાતોભાઇ +
ભાલજી +
વરહાભાઇ
મોડભાઇ
કાકાભાઇ
માલુભાઈ
ગજાજી
વજેશંગજી
હરભમજી
મેઘાભાઈ
વાઘજી
અભેશંગજી
જેઠીભાઈ
જસાભાઇ
માધવશંગજી
તખતશંગજી
નાયાભાઇ
કલ્યાણશંગજી +
પચાણજી +
શીવશંગજી
ખેંગારજી
દાદભા
ખોડાભાઇ
કાયાભાઇ
જીવાભાઇ
ઉદેશંગજી
લઘુભા
માલુભા.
નાગભાઈ
ગગુભાઇ
હરભમજી
સૂરસિંહજી
વખતશંગ
પથાભાઈ
ગગુભા
બારોજી
મદારશંગજી
ઉમેદશંગજી
પુંજાભાઈ
નારશંગજી +
કલાળશંગજી
ભાવશંગજી +


વરહાભાઈ કશળશંગજી
લાખાભાઈ
રામાભાઈ
નથુભાઈ
બાજીભાઈ
રવાભાઈ
કેશરીશંગજી
રતનશંગજી
ગોવિંદશંગજી
મહોબતશંગજી
ભગતશંગજી
+
કાલુભા
દીપશંગજી
કરણશંગજી
પરમાતશંગજી
+
બાવશંગજી
રૂપશંગજી
લાખાભાઈ


મોડભાઈ કશળશંગજી
બળીઆજી
રવાભાઈ
અગાજી
દેવાજી
બાભાજી
બનાજી
રામશંગજી
દોલતશંગજી
+
મોડશંગજી
અમરશંગજી
હરીશંગજી
ધીરશંગજી
જેઠીભાઈ
વખતાજી
રાહાભાઈ
+
રઘાભાઈ
હાલુભાઈ
મઘાભાઈ
ગગુભા
રાયશંગજી
કાળુભા
+
બાલુભા
+
હીમતશંગ
અગરશંગ

શીમજ.

આ ગામ ધોળકા તાલુકામાં ધોળકાથી દક્ષિણ દિશામાં છે. સાણંદની ગાદીએથી હઠીશંગજી નામે ભાયાતને એ ગરાસ શીમજ, તથા હડીયાનું પરૂ સંવત ૧૭૬૯ માં ગ્રાસમાં મળ્યાં હતાં. સાણંદના પાટવી ઠાકોર પહેલા કરશનશંગજીના ચાર દીકરામાં એ સૌથી નાના હતા. તેમનાં માતુશ્રી મેતલીના ઠાકોર સૂરશંગજીનાં કુંવરી આણંદકુંવરબા હતાં. તેમના કુમાર હઠીશંગજી થયા તેમને સગાં બેન અદીબા હતાં તે હળવદના ઝાલા રાજ પ્રતાપશંગજી વેરે પરણાવ્યાં હતાં.

હઠીશંગજીના વંશમાંથી ગામ ગયાં છે પણ શીમજમાં વાંટો છે તથા બામણા ગામ તથા વીરોજા તાલુકે માતરમાં વાંટા છે ને તેઓનું ક્ષેત્રફળ આશરે ૧૫૦૦ એકર છે. ઉપજ આશરે રૂ.૩૫૦૦) છે.

હઠીશંગજીને મળેલો ગરાસ પુરતો નહિ લાગવાથી તેમણે બહારવટે નીકળીને પોતાની બેનને ત્યાં હળવદ રહેવા માંડયું ને ત્યાંજ ગુજર્યા. જેથી તેમના કુમાર તેજાભાઈ અને મેઘાભાઇ નાની ઉમરના હોવાથી તેમને હળવદના રાજાએ પેશ્વા સરકારના આશ્રય નીચે સોંપ્યા. જે તેમને પુને લેઈ ગયા ને ત્યાં બાર વરસ સુધી રહ્યા. પછી જ્યારે તેમના સુબાનું ગુજરાતમાં આવવાનું થયું ત્યારે તેણે સાણંદના ઠાકોરને ભલામણ કરી ત્યારે તેમણે શીમજ તથા હડીઆનું પરૂં આ બે ગામ ને બામણગામ ને વિશદ તથા વીરોજાનો વાંટો એ રીતે આપ્યાં. કાળે કરીને ગામો ગયાં છે પણ ઉપર જણાવેલા વાંટા રહ્યા છે.

તેજાભાઇને હાલુભાઇ, દેવાજી તથા અધાજી આ ત્રણ દીકરા હતા, જે પૈકી હાલુભાના વંશમાં હાલ કોઇ નથી. દેવાજી તથા અધાજીનો વંશ છે. અને મેઘાભાઈના ત્રણ દીકરા ચાંદાભાઈ, માનાભાઇ અને ભાભાભાઈ હતા તેમાં ચાંદાભાઇનો વંશ ચાલી બંધ પડયો છે ને માનાભાઇ તથા ભાભાભાઇનો વિસ્તાર છે. જેમની ભાગવારી તથા પેઢીનામું સાથે મુજબ છે.

રૂ આ પા.	
૦—૪—૦	રાયશંગજી તેજાભાઇ
૦—૧—૪	તખતશંગજી ફુલજી
૦—૧—૪	હોથીભાઈ હઠીશંગજી
૦—૧—૪	ચંદ્રશંગજી નારશંગજી
૦—૪—૦	માનાભાઇ નાજીભાઇ
૦—૪—૦	ઉદેશંગજી મહારશંગજી
૧—૦—૦	

- કરશનશંગજી
  - ભગવતશંગજી
  - વીરોજી
  - કશળશંગજી
  - હઠીશંગજી
    - તેજાભાઈ
      - હાલુભાઈ
        - લાખાભાઈ
          - દેશળજી
            - રધાભાઈ +
          - કરણજી +
          - સરદારશંગજી +
        - ગજાજી
          - હરીશંગજી
            - માધવશંગજી
              - ભીમશંગજી +
      - દેવાજી
        - ડોસાજી
          - વજેશંગજી
            - તેજાભાઈ
              - રાયશંગજી
                - મેધાભાઈ
                - જોરુભા
      - અધાજી
        - મુળુભાઈ
          - કશળશંગજી
            - અભેશંગજી
              - ગગુભા +
            - ફુલજી
              - રતનશંગજી
              - તખતશંગજી
                - અમરશંગજી
        - જીવાજી
          - હઠીશંગજી
            - હાથીભાઈ
              - મનુભા
            - માવશંગજી +
        - પથાભાઈ
          - ભગવતશંગજી
            - નારશંગજી
              - ચંદ્રશંગજી
    - ¶મેઘાભાઈ

¶મેઘાભાઈનો વંશ જુઓ પૃષ્ઠ ૧૫૯ મે.

- મેઘાભાઇ હઠીશંગજી
  - ચાંદાભાઇ
    - સાંગાભાઇ
      - બાવાજી
        - રામાભાઇ +
        - સામતશંગજી +
    - અમરશંગજી +
  - માનાભાઇ
    - રાહાભાઇ
      - નાજીભાઇ
        - માનોભાઇ
          - પરતાપશંગજી
          - મોતીભાઈ +
    - ભાવાભાઇ
      - રાજાભાઇ
        - સુલતાનશંગજી
          - કેશરીશંગજી
            - કાળુભા
  - ભાભાજી
    - રવાભાઇ
      - જાલમશંગજી
        - મદારશંગજી
          - ઉદેશંગજી
            - અમરશંગજી
            - રણછોડજી

મોટી બોરૂ.

આ એસ્ટેટનાં બે ગામ મોટી બોરૂ અને મેટાલ ધોળકા તાલુકાની હદમાં છે. મોટી બોરૂ ગામ ધોળકાથી દક્ષિણ દિશામાં અને મેટાલ પશ્ચિમ તરફ છે. આ ગામોનું કુલ ક્ષેત્રફળ ૧૫૧૩૯ એકર છે. સને ૧૯૧૧ ના વસ્તીપત્રક મુજબ વસ્તી ૧૩૧૭ માણસની છે. ઉપજ આશરે રૂ.૧૫૦૦૦) ને આશરે છે. તે પૈકી નામદાર સરકારને જમાંબંદી રૂ.૪૫૦૦) તથા લોકલફંડના રૂ.૪૧૩ મળી રૂ.૪૯૧૩) ભરવા પડે છે. તેની નજીકમાં ભોગાવો તથા સાબરમતી નદી છે. તેમાં દરીઆના પાણીનો વાધુ આવે છે. ભોગાવાનો સમુદ્ર સાથે સંગમ ત્યાંથી નજીકમાં થાય છે. મોટી બોરૂની જમીન કાળી છે જેથી ઘણો કપાસ, ચણાનું વાવેતર થાય છે. મેટાલની જમીન ગોરાડુ છે તેમાં જુવાર, બાજરી તથા કઠોળ નીપજે છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર જગમાલસિંહજી જે સંવત ૧૭૪૯ માં હતા જેમને ૪ કુમાર પાટવી કરશનશંગજી, ૨ વાઘજી, ૩ ભારોજી, ને ૪ કેશરીશંગજી હતા. વાઘજીને સરગવાળા ગામ આપેલું પણ તે નિર્વંશ ગુજરવાથી તે ગામ સાણંદ દરબારમાં પાછું લેવાએલું છે. અને ભારોજીને મોટી બોરૂ તથા મેટાલ ગામ આપેલાં હતાં. ભારોજી આ તાલુકાના મૂળ પુરૂષ છે. તેમનાં માતુશ્રી ભાવકુંવરબા મેતલીના ઠાકોર હઠીશંગજીનાં દીકરી હતાં. ભારોજી ઘણા પરાક્રમી હતા. તેમણે ગુજરાતના પાદશાહી સુબાની દીકરીને પકડેલી જેથી પાછળથી ભાણુપર ગામ તેમને મળ્યું હતું પણ હાલ તે ગામ તેમના વંશજોના હાથમાં નથી. આ ભારોજીએ પોતાની બહાદુરીથી ખંભાત

પ્રગણાના ગોલાણા, મેતલી, તારાપર, દલોલી, તામસા વિગેરે ગામોમાં વાંટા મેળવ્યા હતા. ભારોજીના કુમાર રોશમાલજી થયા જેમને બે કુમાર સતાભાઇ તથા કરણાભાઈ હતા. આ કરણાભાઇ ઘણા બહાદુર હતા તેમણે ધાડપાડુ કાઠી લોકો જે વારેવારે રૈયતને રંજાડ કરતા હતા તેમની સાથે લઢાઈ કરી ઘણા કાઠીઓને માર્યા અને પોતે પરમાર્થના કામમાં પોતાનો દેહ વાપરી અક્ષય નામના કરી યૂદ્ધમાં સ્વર્ગે ગયા. તેમના મોટા ભાઈ સતાભાઇ પણ શૂરવીર હતા તેમણે ભડલીના ખાચર હાથી સાથે લઢાઇ કરી હતી ને તે ખાચરને લડાઈમાં બરછી મારી તેના ઘોડા ઉપરથી તેને ઢોળી પાડી કાઠઠા સુદ્ધાંત તેનો ઘોડો વાળી લીધો હતો. ગરાશીયામાં ક્ષત્રીની ઘોડી વાળી લાવવી તે પરાક્રમનું કામ ગણાય છે.

સતાભાઈના કુમાર રામાભાઇ તથા કુંવરી અદીબા હતાં તેમને મોરબીના ફટાયા કુમાર વનાજી જેમને પાછળથી સરવડનો ગરાસ આપ્યો તેમની સાથે પરણાવ્યાં હતાં. વનાજી મોરબીમાં હતા તે તકનો લાભ લેઇ માળીઆના ઠાકોરે સરવડ લુંટવાના હેતુથી પોતાનું મીયાણાનું લશ્કર મોકલ્યું. જે વખતે સરવડના દરબારમાં કોઇ પુરૂષ નહોતા જેથી આ અદીબાએ ઓરડા આગળ તલવાર સાથે ઉભાં રહી મગની ભરેલી કોઠી આંગણાના ચોકમાં વેરાવી નાખી જેથી ઓરડામાં આવવા ઇચ્છનાર મીયાણા મગમાં લપશી પડતા તેમને તુરત કતલ કરતાં, આ પ્રમાણે કેટલાંક માણુસ મરાવાથી મીયાણા નાશી ગયા. અદીબાની વડારણ પણ બહાદુર હતી.

તેમના કાકા કરણાભાઈ લઢાઇમાં ગુજર્યા જેમને પ્રજા નહોતી. રામાભાઈને પથાભાઈ તથા નાગજીભાઇ ઉર્ફે બાપજીરાજ આ બે કુમાર તથા મોટીબા કુંવરી હતાં તેમને ખંભાળીયાના જાડેજા નારશંગજી સાથે પરણાવ્યાં હતાં. પથાભાઈના કુમાર મનુભાને નાગજીભાઈના કુમાર ભાવશંગજી તથા કલ્યાણશંગજી તથા હરીબા નામે કુવરી હતાં તેમને મોરબી ભાયાત ભેલાના જાડેજા ભુપતશંગજી સાથે પરણાવ્યા હતા તેમને કુમારશ્રી રાયશંગજી તથા કુંવરી ફુઇબા છે તે લખતરના ઠાકોર સાહેબ શ્રી કરણસિંહજી સાથે પરણાવ્યાં છે.

પોતાના પૂર્વજ ભારોજીએ ભારે શ્રમ કરી ખંભાત તાલુકામાં જે વાંટા મેળવ્યા હતા તે આ કાકા ભત્રીજાને માંહોમાંહે ખટપટ ચાલતી તેનો લાભ લેઇને ખંભાત દરબારે તે પડાવી લીધા. મનુભાને પુત્ર નહોતો; જેથી તેમના કાકા નાગજીભાઇના કુમાર ભાવશંગજી તથા કલ્યાણશંગજીને એસ્ટેટ મળ્યું. ભાવશંગજીને કુમાર હરીશંગજી તથા અમરસિંહજી અને છ કુંવરીઓ હતી. ૧ નાનીબાને ભુજ ભાયાત નાગરેચાના જાડેજા હાજાજી સાથે, ૨ માજીરા-

જબાને વઢવાણના ઝાલા ઠાકોર શ્રી ચદ્રસિંહજી સાથે; ૩ રૂપાળીબાને વઢવાણ ભાયાત વણાના ઝાલા લાલુભા અભેશંગજી સાથે, ૪ વખતુબાને પોરબંદરના રાણા શ્રી હમીરસિંહજી સાથે, ૫ જામબાને મોરબી ભાયાત સરવડના જાડેજા નાનભા ગગુભા વેરે, અને છઠ્ઠાં પામબાને ધ્રાંગધ્રાના ઠાકોર શ્રી હીંમતસિંહજી મેરૂભા સાથે પરણ્યાં છે. અમરશંગજી પોતાની ભરજુવાનીમાં સંવત ૧૯૪૧ ના કારતક વદી ૬ ને રોજ ગુજર્યા હતા. ઠાકોર શ્રી હરીશંગજી ઘણા હોંશીયાર ગણાતા હતા. તેમનાં ઠકરાળાં અંકેવાળીયાના ઝાલા વજેશંગજી મહારશંગજીનાં બેન બાકુંવરબા હતાં તેમના કુમાર ઉદેશંગજી હતા. બીજાં ઠકરાળાં મોરબી ભાયાત નાગડા વાસના જાડેજા શ્રી મોડજીનાં કુવરી કેશાબા છે. હરીશંગજી સવત ૧૯૬૩ ના મહાવદી ૬ ને રોજ દેવલોક પામ્યા છે.

ઉમેદશગજીનાં ઠકરાળાં ગોડળ ભાયાત ભાડવાના જાડેજાનાં કુવરી છે તેમનુ નામ બાઈજીલાલ છે. આ ઉમેદશગજી પોતાની ભર જુવાનીમાં સવત ૧૯૬૬ ના ભાદરવા સુદી ૨ ને રોજ દેવલોક પામ્યા છે. ઠાકોર શ્રી ભાવશગજીના ભાઈ કલ્યાણશગજીને કુમાર સરદારશગજી અને ૪ કુવરીઓ હતી. ૧ બા-કુવરબાને મોરબી ભાયાત લજાઈના જાડેજા અખેરાજજી વેરે, ૨ કુલજીબા અને ૩ જવજીબાને ભૂજ ભાયાત સાયરાના જાડેજા શગરામજી અને ૪ રામ-બાને સુદાસણના રાણા તખતશંગજી પરવતશંગજી સાથે પરણાવ્યાં હતાં. સર-દારશગજીનું લગ્ન સમલાના ઝાલા વખતશગજીનાં કુંવરી બાકુંવરબા સાથે થયું હતું. તેમના કુમાર જશવતસિંહજી છે. અને કુવરી મોંઘીબા તેમને લજાઈના જાડેજામાં પરણાવ્યાં છે. સરદારશગજી સંવત ૧૯૪૬ ના મહાવદી ૧૧ ને રોજ દેવલોક પામ્યા છે. આ એસ્ટેટના ઠાકોર જસવતસિહજી છે. તેમનું લગ્ન ધ્રાફાના જાડેજા કબરજી વેરાભાઈના કુવરી મોંઘીબા સાથે થયું છે. તેમને બે કુમાર મોટા નટવરસિહજી ને બીજા માધવશગજી છે.

ઉમેદશંગજીનો હીસ્સો આ એસ્ટેટમા ૫૭ દોકડાનો અને જસવતશંગજીનો ૪૩ દોકડાનો છે.

જગમાલસિંહજી સાણંદના ઠાકોર.

- કરશનસિંહજી સાણંદની ગાદી
- ભારોજી
  - શેશમાલજી
    - ¶સતાભાઈ
    - કરણાભાઈ +

¶સતાભાઈનો વશ જુઓ પૃષ્ટ ૧૬૨ મે.

- સતાભાઇ
  - રામાભાઇ
    - પથાભાઇ
      - મનુભા +
    - નાગજીભાઈ ઉર્ફે બાપજીરાજ
      - ભારશંગજી
        - હરીશંગજી
          - ઉમેદશંગજી +
        - અમરશંગજી +
      - કલ્યાણશંગજી
        - સરતાનશંગજી
          - જશવંતસિંહજી
            - નટવરસિંહજી
            - માધવશંગજી

ઉતેળીયા.

આ એસ્ટેટ ધોળકા તાલુકામા ધોળકાથી દક્ષિણ દિશામાં છે. તેમના તાબામા ધોળકા તાલુકામાં ઉતેળીયા તથા નાનીબોરૂ ગામ અને લોલીઆમા ભાગ છે, તેમજ સાણંદ તાલુકામા શેલા, છીછા ને પળવાડા ગામો છે ને ખેડા જીલ્લાના માતર તાલુકામા હરીઆળા તથા ખરેટી ગામો છે. તેમજ ખાલસા ગામોમાં ધોળકા તાલુકાના નાનોદરા પાસે વાસણા ગામમા વાટો તથા વીરમગામ તાલુકામાં જેતાપુરનો વાટો તથા સાણંદ તાલુકામા ઉપરદળનો વાટો અને માતર તાલુકામાં સોખડા તથા પુંજેરા અને માતર ગામમા વાટા છે. આ શિવાય કોથળી સાથના દર વરશે રૂ.૨૧૨) ધોળકા તાલુકાની તીજોરીમાથી મળે છે.

આ એસ્ટેટનું ક્ષેત્રફળ શુમારે ૨૨૪૨૦ એકર છે (લોલીઆના ભાગ શિવાયનું). વસ્તી ૫૫૮૩ માણસને શુમારે છે. જમાબંદી રૂ.૧૩૫૬૫) ને આશરે ભરાય છે. વાર્ષિક ઉપજ રૂ.૪૫૦૦૦) ને શુમારે છે. ઉતેળીયા પાસે ભોગવા નામે નદી છે તેમા હરીઆનો વાધુ આવે છે. ઉતેળોયા તથા નાનીબોરૂ તથા તથા લોલીઆની જમીન કાળી છે ને તેમા ઘઉં, કપાસ ને જુવારનું વાવેતર થાય છે. છીછા ને પળવાડાની કયારીની જમીન છે તેમાં ડાંગેર પાકે છે ને શેલા, હરીઆળા ને ખરેટી આ ગામોની જમીન ગોરાડુ છે તેમાં બાજરી, જુવાર, કઠોળ સારાં થાય છે. હરીઆળા પાસે વાત્રક નદી છે જેથી તેનો ભાઠો રસાળ છે. ઉતેળીયામા સરકારી નિશાળ તથા પોષ્ટ ઓફીસ છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા રાજસિંહજી હતા જેમને પાટવી જગમાલસિંહજી તથા બીજા ભાવશગજીને અને ત્રીજા માનસિંહજી આ ત્રણ

કુમારો હતા. પાટવી જગમાલશગજી ગાદી ઉપર બેઠા. બીજા ભાવશંગજીને લોટલા વગેરે ગામો આપ્યાં. ને નાના માનસિંહજી કાઠી લોકોની સાથે લડતાં સૌકા ગામને પાદર ગુજરી સ્વર્ગે ગયા હતા. ભાવશગજીના માતુશ્રી શીયાણીના ઝાલા વીરાજીનાં કુવરી અજેકુવરબા હતાં જેમને ભાવશગજી તથા માનસિહજી આ બે કુવર હતા. ભાવશગજીને સદરહુ ગરાસ સવત ૧૭૪૨ ની સાલમાં આપવામાં આવ્યો. તેમને પાંચ કુમાર હતા; મોટા અદેશગજી, બીજા અગરશગજી, ત્રીજા આશકરણજી, ચોથા અમરશગજી અને પાંચમા અભેરાજજી હતા. મોટા અદેશગજી પોતાના પિતા સવત ૧૭૬૦ માં દેવલોક થવાથી તેમની ગાદી ઉપર બેઠા ને પોતાના ચાર ભાઇઓને લોટલામાં ગરાસ આપ્યો. અદેસિહજી મહા બળવાન અને પરાક્રમી હોવાથી તેમણે સંવત ૧૭૮૬ મા ત્યાના ઝાલા ગરાશીયા પાસેથી ઉતેળીયા જીતી લીધું. ત્યાર બાદ ખીચા, પરવાળા, ઉપરદળ ને જેતાપર વગેરે ગામો નળકાંઠામા સપાદન કર્યાં ને ત્યા પોતાની આણ વર્તાવી. અને તે શિવાય લીંબાશી હાલ જે માતર તાલુકામા છે તે સવત ૧૭૯૦ ના અરસામા જીત્યું. ને ત્યા પોતાની ગાદી કરી. આ શિવાય તેમણે લીંબાશીની આજુબાજુના મરાળા, નનાનપર, હીરંજ, નગરા, વાવડી, ડાંમરી, સમાદરા, ઢેલ્ટી, સોખડા, માતર, ત્રાજ એ રીતે ઉપરનાં ગામોમા પોતાનો અમલ બેસાડયો.

જ્યારે મોટીબોરૂ વગેરે ગામો લેઈ ભારોજી સાણદ ગાદીએથી ઉતર્યો ત્યારે મોટીબોરૂ અને નાનીબોરૂના શીમાડા બાબત તથા ભાણપરા બાબત તકરાર પડી ત્યારે સાણંદના દરબારે વચમા પડી એવો નિવેડો કર્યો કે ભાણપરા મોટીબોરૂની હદમા રહે તેને બદલે સાણંદ સસ્થાનમાથી ગાણોલ ગામ સવત ૧૭૯૫ ની સાલમા અદેશગજીને આપ્યું. ત્યારથી તેમનો અમલ ગાણોલમાં ચાલુ થયો.

ઠાકોરશ્રી અદેશગજીને પેટે પુત્ર ન હોવાથી પોતાના ભાઇ આશકરણજીના કુમાર સબળશગજીના દીકરા જેતસિહજીને સવત ૧૮૦૦ ની સાલમાં દત્તક લેઇને સઘળો રાજકારભાર તેમને સોંપ્યો. આ પરાક્રમીને ડાહ્યા ઠાકોર અદેસિંહજીએ ખેડા નજીક લીંબાશીમાં રાજ ગાદી કરી તેમજ ઘણાં પરાક્રમ કરી કેટલાંક ગામ હથીયારથી અને કેટલાંક ગામ નાણાંથી સપાદન કર્યાં જે આપણે આગળ જોઈ ગયા છીએ. આ વીર પુરૂષ દીર્ધાયુષ્ય ભોગવી ઘણું દાન પુન્ય કરી સંવત ૧૮૦૨ માં દેવલોક પામ્યા. ચાલતી ઘટમાળના નિયમ મુજબ તેમના વશજોએ લીંબાશી ગુમાવ્યું પણ હાલ ત્યાં તેમના રાજમહેલનાં જુનાં ખડેર ઠાકોર અલીઆજીનો દરબાર એ નામથી પ્રસિદ્ધ છે.

તેમના પછી જેતશગજી ગાદી ઉપર બેઠા તેમણે પોતાના નાના ભાઇ

રામાભાઈને ગાબ્રોલ ગામ તથા સમાદરાનો વાંટા સંવત ૧૮૦૯ ની સાલમાં આપ્યો. ત્યાર પછી ત્રાજનો વાંટા માતરના બારોટને સંવત ૧૮૨૦ ની સાલમાં બક્ષિસ આપ્યો. ને તેજ સાલમાં પોતે દેવલોક પામ્યા.

ઠાકોર જેતસિંહજીને બે કુમાર મોટા અલીઆજી ને નાના ભાવસિંહજી હતા આ બે કુમારોની નાની ઉમરમાં તેમના પિતા દેવલોક પામવાથી ધોળકા તાલુકો અને તેની સાથે સપાદન કરેલાં ગામોમાંથી તેમની સત્તા ઉઠી ગઈ. હાલમાં તે ગામો પૈકી હીરંજ, નગરા, વાવડી, ડામરી ને સમાદરાની કોથળી સાંથના મળી રૂ.૨૧૨) ધોળકા તીજોરીમાંથી મળે છે અને માતર અને સોખડા આ બે વાંટા એસ્ટેટ નીચે કાયમ છે. તેનો વહીવટ તાલુકાથી થઇ તેની ઉપજ આવે છે. અલીઆજી ને ભાવશંગજી યોગ્ય ઉમરના થવાથી સવત ૧૮૩૫ ની સાલમાં ભાવશંગજીના ગરાસની બાબતમાં તકરાર પડવાથી તેજ સાલમાં ભાવશંગજી બહારવટે નીકળ્યા. ત્યાર પછી પાંચ વર્ષે સંવત ૧૮૪૦ માં નાનીબોરૂ ગામની શીમમાં ધીંગાણું થવાથી ભાવશંગજી ત્યાં મરાયા. હાલ તે જગોએ તેમની દેરી છે.

ઠાકોર અલીઆજી સંવત ૧૮૫૨ ની સાલમાં દેવલોક પામ્યા. તેમની ગાદી ઉપર તેમના કુમાર જીજીભાઇ બેઠા. તેમણે સારી રીતે રાજ ચલાવી ઉત્તમ પ્રકારની કીર્તિ મેળવી હતી. તે સંવત ૧૮૯૦ ની સાલમાં ૩૮ વર્ષ રાજ્ય કરી દેવલોક પામ્યા.

ઠાકોર જીજીભાઈની ગાદી ઉપર તેમના કુમાર બાપજીરાજ ઉર્ફે રાયસિંહજી સંવત ૧૮૯૦ માં બેઠા. તે વિદ્વાન અને કળાકૌશલ્યમા નિપૂણ ગણાતા. કાવ્ય અલકારમાં તે ઉત્તમ પ્રકારનું જ્ઞાન ધારણ કરતા હતા. જેથી ઘણા કવિઓ અને ભાટ ચારણો ઘણી રસિક અને ગુઢાર્થની સુદર કવિતા બનાવી તેમની હજુરમા આવતા. તેમની યોગ્યતા મુજબ યથાયોગ્ય ઠાકોર તરફથી શિરપાવ આપવામા આવતા હતા. તેમજ પોતે પણ ઘણી સારી કવિતા બનાવી જાણતા હતા. જેથી આજે પણ તેમનું નામ પ્રસિદ્ધ છે. આ નામાંકીત પુરૂષ સંવત ૧૯૦૨ ના જેઠ માસમા આ ક્ષણભગુર દુનીઆં છોડી પરલોકમાં સિધાવ્યા છે. તેમને ત્રણ રાણીઓ હતી. તેમાં પાલીતાણાના ભાયાત વાલુકડના ગોહેલના દીકરી જામબાને પેટે સવત ૧૯૦૨ ના આસો વદી ૧૧ ને રોજ અદેસિહજીનો જન્મ થયો. અને બીજાં અંકેવાળીઆના ઝાલાનાં દીકરી બાઇજીબાની કુખે સવત ૧૯૦૩ ના કારતક સુદી ૧૧ ને રોજ કુમાર હાજીરાજનો જન્મ થયો. આ બે ભાઇઓ નાની ઉમરના હોવાથી તેમના વાલીપણાનું કામ અદેસિંહજીનાં માતુશ્રી જામબાને મળ્યાથી રાજ્યની લગામ તેમના હાથમાં આવી હતી. જામબા સંવત ૧૯૧૨ ની સાલમાં દેવલોક પામ્યાં જે વખતે કુ-


ચ્રોની સગીર ઉમર હોવાથી એસ્ટેટને માથે નામદાર સરકાર તરફથી જપ્તી રાખવામાં આવી. તેમાં હાજીરાજને ગરાસ આપવાની બાબતમાં માણસોએ ખટપટ કરી જેથી બંને ભાઇઓની વચમાં અંદર અંદર તકરાર ઉત્પન્ન થઇ. જેથી સરકારે સ્વતંત્રપણે ખાલસા મુજબ વહીવટ કર્યો અદેસિંહજી સંવત ૧૯૨૩ ની સાલમાં ગુજર્યા. જેથી એસ્ટેટ પોતાને મળવા હાજીરાજે સરકારમાં અરજ કરી પણ એસ્ટેટ નહીં સોંપવાથી આખરે તે બાબત સીવીલમાં સને ૧૮૬૮ માં મુંબાઈ સરકાર સામે દાવો કર્યો. શાણી સરકારના નેક ઇન્સાફથી હાજીરાજને ઉત્તમ પ્રકારનો ન્યાય મળ્યો ને એસ્ટેટ તથા તેની જપ્તીમાં લીધેલી ઉપજ તમામ દાવાના ખર્ચે સાથે સોંપવા હુકમ સને ૧૮૭૦ ની સાલમાં થયો. તેથી સઘળી એસ્ટેટ હાજીરાજને સોપાઇ. ત્યાર બાદ થોડી મુદતે એટલે સંવત ૧૯૨૬ ના આસો સુદી ૧૦ એટલે કે વિજયાદશમી જે દિવસ શાસ્ત્રમાં ઘણો પ્રસિદ્ધ છે અને જે દિવસે યુધીષ્ટીર રાજાને રાજ્યાભિષેક થયો હતો, તેજ દિવસે હાજીરાજ ઉતેળીયાના રાજ્યાસન ઉપર બીરાજ્યા. હાજીરાજ મહા ઉગ્ર ભાગી હતા, કારણ કે જે એસ્ટેટ પાછી મળવાની આશા રાખવામાં આવી નહોતી તે એસ્ટેટ પાછળની સાલોની ચઢેલી ઉપજ સાથે તેમને સ્વાધીન થઈ. તે નિરાભિમાની, સાદા અને સુશીલ હતા, તેની સાથે પરમાર્થપણાનો મોટો ગુણ હતો. નિરાશ્રીતને યોગ્ય આશ્રય આપવો તેમાંજ તે પોતાનું ભૂષણ અને રાજ્યની મહત્તા ગણતા હતા. તેમનો પોશાક સાદો હતો અને તે હમેશાં ખુશ મિજાજમા રહેતા હતા. જગતનિયતા પ્રભુ ઉપર તેમની પૂર્ણ શ્રદ્ધા હતી જેથી ઘણોખરો વખત તે પ્રભુ પ્રાર્થનામાજ નિર્ગમન કરતા હતા. તેમજ રૈયત ઉપર પણ તેમનો પૂર્ણ પ્રેમ હોવાથી તે તેમને ઘણુંજ ચાહતી હતી. આ પ્રમાણે નેકીથી રાજ્ય કરી સવત ૧૯૩૯ ના માગશર સુદી ૪ ને રોજ આ ક્ષણીક સંસારનો ત્યાગ કરી પોતાની ૩૬ વર્ષ ને ૨૩ દિવસની ઉમ્મરે પરલોકમાં વાસ કર્યો.

ઠાકોર હાજીરાજને એક કુમાર સૂરસિંહજી અને ત્રણ કુવરીઓ છે. જેમાંનાં મોટાં કુવરી બાઇ રાજબાને લીમડીના મહારાજ જસવતસિંહજી મહારાજ સાથે પરણાવેલાં તે મહારાજ સંવત ૧૯૬૩ ના ચૈત્ર સુદી ૩ ને રોજ સ્વર્ગે જવાથી વિધવા થયા છે. બીજાં કુમારી માજીરાજબાને છોટાઉદેપુરના મહારાજ મોતીસિંહજી સાથે પરણાવેલાં જેમના કુમાર ફતેસિંહજી હાલ ઉદેપુરના મહારાજ સાહેબ છે. માજીરાજબા દેવલોક પામ્યાં છે. નાનાં કુંવરી નાનીબાને ઓળના પાટવી કુમાર શ્રી દોલતસિંહજી સાથે પરણાવ્યાં છે તેમના કુમાર ઓળની ગાદીપર ભવિષ્યના રાજ્યકર્ત્તા છે.

સૂરસિંહજીનો જન્મ દિવસ સંવત ૧૯૩૨ ના આસો સુદ ૧૨ ને રોજ,

છે. તેમનાં માતુશ્રી બાલુબા ખેરાળીના ઝાલા વેરાભાઈનાં દીકરી હતાં તે તેમને બાલ્યાવસ્થામાં મુકી દેવલોક પામ્યાં હતાં. જ્યારે તેમના પિતા દેવલોક પામ્યા ત્યારે તેઓ સગીર ઊમરના હતા જેથી રાજ્યની સત્તા તેમના પિતાનાં વૃદ્ધ માતા બાઈશ્રીબાને સ્વાધીન હતી. પરંતુ તેઓ સંવત ૧૯૪૬ ના કારતક સુદી ૪ ને રોજ દેવલોક પામવાથી તેમનો વહીવટ રાજ્યના જુના ને નીમકહલાલ કારભારી રાણા મેઘાભાઇ જે લીમડી દરબારના ભાયાત લોઈકાના ઝાલા ગરાશીયા છે તેમને સરકાર તરફથી સુંપાયો હતો. હાલ ઠાકોર સાહેબ પુખ્ત ઉમરના હોવાથી તેમને રાજ્યાભિષેક સવત ૧૯૫૩ ના વૈશાખ સુદી ૧૧ ને રોજ થયો છે ને પોતે સ્વતંત્ર વહીવટ કરે છે. ઠાકોર સાહેબ સૂરસિંહજીનાં લગ્ન સંવત ૧૯૫૦ ના માહા વદી ૨ ને રોજ અંકેવાળીયાના ઝાલા દોલતસિંહજીનાં કુવરી બાજીરાજબા સાથે તથા ખીરસરાના જાડેજા રાયસિંહજીના કુંવરી બાકુંવરબા સાથે મોટી ધામધુમથી થયાં છે, તેમાં બાજીરાજબાને મ્હોટા કુમાર હરીશ્ચંદ્રસિંહજી છે જેમનો જન્મ સવત ૧૯૬૧ ના ભાદરવા વદી ૯ ને રોજ થયો છે અને કુવરી સુવર્ણકુવરબાનો જન્મ સંવત ૧૯૫૨ ના અષાડ વદી ૨ ને રોજ થયો છે તેમજ તેમના બીજા કુવરી સરદારકુંવરબાનો જન્મ સંવત ૧૯૫૫ ના માગશર સુદી ૫ ને રોજ થયો છે.

બીજાં રાણી બાકુંવરબાને કુવરી હીમતકુવરબા છે જેમનો જન્મ સવત ૧૯૫૨ ના ફાગણ સુદી ૫ ને રોજ થયો છે. જેમને માળીઆના ઠાકોર જાડેજા શ્રી રાયસિંહજીના પાટવી કુમાર ગુમાનસિંહજી સાથે સવત ૧૯૬૪ ની સાલમાં પરણાવ્યાં છે. બાકુવરબાના કુમાર જેમનું નામ નાનભા છે તેમનો જન્મ સવત ૧૯૬૫ ના જેઠ વદી ૫ ને રોજ થયો છે.



*જીજીભાઇનો વંશ જુઓ પૃષ્ટ ૧૬૭ મે.

જીજીભાઈ

બાપુજીરાજ ઉર્ફે રાયસિંહજી

અદેસિંહજી +   હાજીરાજ

બાલુભા   સૂરાસિંહજી   નાનભા +

હરીશ્ચંદ્રસિંહજી   નાનભા

લોલ્લા.

આ ગામ ધોળકા તાલુકામાં ધોળકાથી દક્ષિણ દિશામાં છે. તેમના તાલુકદાર આ તાલુકદારો છે. એસ્ટેટનું ક્ષેત્રફળ ૭૩૯૬ એકર છે. વહીવટ ભાગવટીનો છે. ઉપજ આશરે રૂ.૧૦૦૦૦) ની છે તે પૈકી નામદાર સરકાર જમાબંદી તથા લોકલફંડના મળી રૂ.૧૯૪૮) ભરવા પડે છે. લોલ્લાની વસ્તી ૬૮૨ ની છે. જમીન કાળી છે પેદાશમાં કપાસ તથા ઘઉં છે. આ ગામની નજીકમાં ભોગાવો નામે નદી છે તથા ઓંકાર નામની નદી છે. ભોગાવામાં ઉનાળામાં પાણી રહેતું નથી ઓકારમાં રહે છે. દરીઆના ખારનું પાણી ત્યાં સુધી આવે છે. લોલ્લામાં સરકારી નિશાળ છે.

સાણંદની ગાદીએ મહારાણા રાજસિંહજી હતા તેમના બીજા કુમાર ભાવસિંહજીને લોલ્લાનો ગરાસ મળેલો તેમને પાંચ કુમાર તેમાં મોટા અદેસિંહજી હતા તેમણે પોતાના પરાક્રમથી ઉતેળીયા જીત્યું જેથી પોતાના ચાર ભાઇઓને લોલ્લાનો કેટલોક ભાગ આપ્યો જેથી અગરશંગજી, આશકરણજી, અમરશંગજી ને અખેરાજજી એ ચાર લોલ્લામાં રહ્યા. તેમાં અમરશંગજીનો નિર્વંશ થયો છે જેથી સદરહુ એસ્ટેટના ત્રણ મુખ્ય ભાગદારો છે.

ઉતેળીયા દરબાર અદેસિંહજીને દીકરો નહીં હોવાથી પોતાના ભાઇ આશકરણજીના કુમાર બળીઆજીના કુમાર જેતસિંહજીને પોતાની ગાદીએ દત્તક લીધા હતા. એ જેતસિંહજીએ પોતાના નાના ભાઇ રામશંગજીને આણોલ ગામ જે પોતાને પાછળથી સાણંદ ઠાકોર સાહેબ તરફથી મળેલું

તે તથા સમાદરાનો વાંટો આપ્યો હતો. તે રામશંગજીના વંશવાળા હજુ સુધી ખાય છે.

સદરહુ રામશંગજીના વંશવાળામાંથી એક પુરૂષે ગોંડળ જઇ ત્યાંના દરબારમાં જીવાઇ મેળવેલી ને ગામ મળેલું તે ચેખલીઉ ગામ તેના વંશવાળા પાસે છે.

લોહ્લાની દોકડાવારી.

દો. બ. વિ.	નામ.	
૩૩-૫-૪	ઠાકોર શ્રી સૂરસિંહજી દાજીરાજજી	
૬-૧૦-૮	ઠાકોર શ્રી સૂરસિંહજી દાજીરાજજી	
૨-૩-૭	જશવતશગજી રામશંગજી	
૦-૨-૧૧¾	લઘુભા દાદાજી	
૦-૨-૧૧¾	જેમાભાઇ દાદાજી.	
૦-૨-૧૧¾	નારશગજી હમીરશંગજી	
૦-૨-૧૧¾	વખતશગજી ગગુભા. /	
૦-૨-૧૧¾	ભાવશંગજી કુભાજી.	
૦-૨-૧૧¾	સામતશંગજી કુંભાજી	
૦-૨-૧૧¾	પથુભા કુંભાજી.	
૦-૨-૧૧¾	કાનાજી કુભાજી.	
૦-૧૧-૧૦¼	કાળુભા દાજીભાઇ	
૦-૧૧-૧૦¼	દેવીશગજી શીવશગજી	
૦-૧૧-૧૦¼	વખતશંગજી વજેશંગજી	
૦-૧૧-૧૦¼	વેહેરૂભા નારશગજી.	
૩-૫-૪	રામશંગજી મદારશગજી.	
૩-૫-૪	જશવતશંગજી મદારશંગજી.	
૩-૫-૪	હરભમજી સુરાભાઇ	આ ભાગ ઉતેળીઆ ઠાકોર સાહેબ પોતાનો છે એમ કહે છે.
૩-૫-૪	આણુંદશંગજી બાજીભાઇ.	
૬-૧૦-૮	તખતશંગજી મોતીભાઇ.	
૩૩-૫-૪		

૩૩-૫-૪ તા. ગગુભા પીરશંગજી
૧૬-૧૦-૮ ગગુભા પીરશંગજી
૪-૨-૮ ભગતશંગજી દાદાજી
૪-૨-૮ કરણુશંગજી દાદાજી
૮-૫-૪ જામુભા લધુભા

૩૩-૫-૪


૩૩-૫-૪ તા. ખીમાભાઇ જેઠીભાઇ
૪-૨-૮ ખીમાભાઇ જેઠીભાઈ
૪-૨-૮ રઘાભાઇ સબળશંગજી
૪-૨-૮ પરભાતશંગજી બાવાજી
૪-૨-૮ નારણુશંગજી બાવાજી
૮-૫-૪ ઓઘુભા ભોજાજી
૪-૨-૮ ભીખુભા રણછોડજી
૪-૨-૮ ફતેશંગજી શવાભાઇ

૩૩-૫-૪

૧૦૦-૦-૦

લોહાનું પેઢીનામું.

ભાવશંગજી મુળ પુરૂષ.



*આશકરણજી ભાવશંગજીના વંશ પાને ૧૭૧ મે.
*ગોડજી, #જસાજી, હેમાવાજી તથા ‡નાગજીના વંશ પાને ૧૭૦ મે જુઓ.

- ગોડજી અજાભાઈ
  - નાથાભાઈ
    - પચાણજી
      - ભારશંગજી ×
      - વજેશંગજી
        - ધીરશંગજી
          - ગગુભા ઉર્ફે જોરસિંહજી
        - દેવીશંગજી ×
    - બનેશંગજી ×
  - મુળુભાઈ
    - જાલમશંગજી
      - અભેશંગજી ×
      - દાદાભાઈ
        - ગગુભા ×
        - ભગતશંગજી
        - કલ્યાણશંગજી
          - ટપુભા
    - અમાભાઈ
      - રાયશંગજી ×
      - મધાભાઈ ×
      - લખુભા
        - જામુભા
  - નાગજી ×

- નાગજી વીશાજી
  - કશીઆજી
    - હાથીજી
      - શવાભાઈ
        - રણછોડજી
          - ભીખુભા
        - ફતેશંગજી
          - ગોવીંદશંગજી

- જસાજી અખેરાજજી
  - ભાણુજી
    - કેશાજી ×
  - માલજી ×

- બાવાજી અખેરાજજી
  - હાલુભાઈ
    - માલજી ×
    - ચાદાજી ×
    - દલાજી
      - રતનશંગજી
        - કેશાભાઈ
          - પરભાતશંગજી
        - બાવાજી
          - નારણશંગજી
  - હઠીશંગજી
    - કશળાજી ×
    - આશાભાઈ
      - ભુપતશંગજી ×
      - સબળશંગજી
        - જેઠીભાઈ
          - ખીમાભાઈ
            - નટવરશંગજી
          - જીવાભાઈ ×
        - રઘાભાઈ
          - નોઘણજી
            - મનુભા
          - રૂપશંગજી
            - હાલુભાઈ
          - હઠીભાઈ


આશકરણજી ભાવશંગજી.

- પૃથીરાજજી
  - મેઘરાજજી
    - પરતાપજી ×
- તેજાભાઇ ×
- નાનજીભાઇ
  - માલજી ×
  - ઉન્નડજી
    - સતાભાઇ
      - દીપશંગજી ×
      - સુરાભાઇ
        - પથાભાઇ ×
        - હરભમજી
      - બાજીભાઈ
        - દોલતશંગજી ×
        - આણંદશંગજી
- ભોજાજી
  - માડણજી
    - આશાભાઈ
      - રાધાભાઇ
        - મોતીભાઇ
          - જેઠીભાઇ ×
          - તખતશંગજી
            - ઉમેદશંગજી
- બજીઆજી
  - જેતશંગજી ઉતેળીઆની ગાદીપર દત્તક
  - રામશંગજી
    - મોડજી
      - રાજશંગજી ×
      - જીઆજી
        - તેજાભાઇ
          - હઠીશંગજી
            - રામશંગજી
              - જશવંતશંગજી
                - અગુભા
    - *વખતાજી
    - દેશળજી
      - ફુલજીભાઇ
        - હેમેરૂભાઇ
  - ભીમશંગજી ×
  - ¶ખેંગારજી

હેમેરૂભાઈ ફુલજીભાઇ

- શીવશંગજી
  - દેવીશંગજી
- વજેશંગજી
  - વખતશંગજી
- નારશંગજી
  - વેરાભાઇ

¶ખેંગારજી બજીઆજી તથા *વખતાજી રામશંગજીનો વંશ જુઓ પૃષ્ટ ૧૯૨ મે.


ખેંગારજી બળીઆજી
શેશાજી
ડોસાજી
સમતશંગજી ×
ભારોજી
મધરશંગજી
રામશંગજી
જશવંતશંગજી ×
સામતસિંહજી
ગગુભા
વખ્તાજી રામશંગજી (ચીખલીઉ)
વજેરાજજી
મુળુભાઈ
રવાભાઈ
રામશંગજી ×
ભગવાનશંગજી ×
કુંભોજી
ભારોજી ×
દેવોજી ×
નથુભાઈ
હરભમજી
દાજીભાઈ
દાનભાઈ
નથુભા
અમરશંગજી ×
કાનજી
સામતશંગજી
ભાવશંગજી
છત્રશંગજી
હમીરજી
ગગુભા
જેમાભાઈ
લઘુભા
નારશંગજી
વખતશંગજી
કાળુભાઈ
રાઘુભાઈ ×
રવાભાઈ

ગાણોલ.

આ એસ્ટેટ ધોળકા તાલુકામાં ધોળકાથી દક્ષિણ દિશામાં છે. તેનું ક્ષેત્રફળ એકર ૩૨૩૪–૩૮ છે. વસ્તી ૫૪૮ માણસની છે. વાર્ષીક ઉપજ રૂ૫૦૦૦) ને આશરે છે તે પૈકી નામદાર સરકારને જમાબંદી તથા લોકલફંડના મળીને રૂ૧૫૭૯) ને સુમારે ભરવા પડે છે. આ ગામની પાસે સાબરમતી નદી વહે છે.

આ એસ્ટેટના મુળ પુરૂષ ઉતેળીઆથી ઉતરેલા છે. જ્યારે મોટી બોરૂ તથા મેટાલનાં ગામ લેઈ સાણંદની ગાદીએથી ભારોજી ઉતર્યા ત્યારે તેમને અને ઉતેળીઆ દરબાર અદેશંગજીને મોટી બોરૂ તથા નાની બોરૂના શીમાડા તથા ભાણુપુરા બાબત તકરાર થઈ ત્યારે સાણંદ ઠાકોર સાહેબે વચમાં પડી એવો નિકાલ કરી આપ્યો કે ભાણુપુર ગામ મોટી બોરૂની હદમાં રહે, અને તેને બદલે સાણંદ ઠાકોર સાહેબે પોતાના રાજમાંથી ગાણોલ ગામ સંવત ૧૭૯૫ માં ઉતેળીયાના ઠાકોર સાહેબને આપ્યું ત્યારથી ગાણોલ ઉતેળીઆના તાબામાં હતું.

અદેશંગજીની ગાદીપર તે અપુત્ર હોવાથી પોતાના ભાઈ આશકરણજીના દીકરા બળીઆજીના મોટા કુંવર જેતસિંહજીને દત્તક લેઈ બેસાડ્યા. આ જેતસિંહજીએ પોતાના ભાઇ રામાભાઇને ગાણોલ ગામ તથા સમાદરાનો વાંટો આપ્યો જે તેમના વંશજોના હાથમાં છે. તેમનું પેઢીનામું લોહાના જેવું છે, ને ભાગવારી નીચે મુજબ છે.

દોકડા.		તાલુકદારનું નામ.
૩૮॥		તા. જશવંતશંગજી રામશંગજી
૩૦॥।		પચાણજી દાદાજી ગુજરવાથી વખતશંગજી પચાણજી
	૨॥ ૧	વખતશંગજી પચાણજી
	૨॥ ૧	લઘુભા દાદાજી
	૨॥ ૧	જેભાભાઇ દાદાજી
	૨॥ ૧	નારશંગજી હમીરજીનાં વાલી બાઈ ચાંદાબા
	૫) ૨	કાળુભા દાદાજી
	૫) ૨	રઘુભાઇ દાજીભાઇની વીધવા સાહેબબા
	૨॥ ૧	ભાવશંગજી કુંભાજી
	૨॥ ૧	સામતશંગજી કુંભાજી
	૨॥ ૧	કાનાજી કુંભાજી
	૨॥ ૧	પથાજી કુંભાજી
૩૦॥।		દેવીશંગજી શીવશંગજી
૧૦૦		

આ તાલુકદારોના પેઢીનામાનો સમાસ લોહાની હકીકતમાં દાખલ છે.

વાંસણા.

આ એસ્ટેટ સાણંદ તાલુકામાં સાણંદથી પશ્ચિમ દિશામાં છે. તેમના તાબામાં વાસણા ગામ અને ધોળકા તાલુકાના ધોળી તથા રાયપુરના વાંટા છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૨૨૦૨ છે. વસ્તી વાસણાની સુમારે ૪૩૪ માણસની છે. ઉપજ આશરે રૂ૮૦૦૦) ની છે તે પૈકી નામદાર સરકારને જમાબંદી તથા લોકલફંડના મળી રૂ ૬૧૯) ભરવા પડે છે. વાસણા પાસે રોહેર નદીની શાખા બીલવો નામે વહેળો છે. જમીન કયારી અને કાળી ભોંય છે. પેદાશમાં ડાંગેર, કપાસ અને ઘઉંની છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા શ્રી વજેસિંહજીને ત્રણ કુમાર પાટવી રાજશંગજી ગાદી ઉપર બીજા કરમરશંગજી જે આ એસ્ટેટના મૂળ પુરૂષ તેમને વાણસા, ધોળી, રાયપર અને અડાસર ગામ મળ્યાં હતાં. ત્રીજા સુલતાનશંગજીને રહુ આપવામાં આવ્યું હતું. કરમરસિંહજીનાં માતુશ્રી સાહેબ કુંવરબા ગોહેલ અજેશંગજી નારણશંગજીનાં કુંવરી હતા જેમને કુમાર કરમરશંગજી થયા. તેમને ભોજરાજજી, મેઘાભાઇ ને વછેરાજજી આ ત્રણ કુંવર થયા. જેમાથી વછેરાજજીનો વશ પાચ પેઢી ચાલી નિર્વંશ થયો છે ને બે ભાઇઓનો વંશ સહરહુ ગરાસ ભોગવે છે.

જેમની ભાગવારી તથા પેઢીનામું સાથે સામેલ રાખ્યું છે.

ભાગવારી દોકડાથી

૧પા ૨) મોતીભાઇ સરતાનશંગજી

૨ા ૧ાા મોતીભાઇ સરતાનશંગજી

૨ા ૧ાા વખતશંગજી પ્રાગજી

૨ા ૧ા ગવજીભાઈ ભાઇજી

૩ાા ૨ા બાજીભાઈ નાગજી

૩ાા ૨ા બાઈ બાકુંવરબા જેહાભાઇ રાહાભાઈનાં દીકરી

૧પાં ૨

૧પા ૨ સબળશગજી ડોસાભાઈ

ાા ૩ાા ભગતશંગજી સબળશંગજી

ાા ૩ા કરશનશગજી સબળશગજી

૧ાા ૩ા રૂપાભાઈ અગાભાઇ

૩ાા ૨ા મોતીભાઈ નાજીભાઈ

૩ા:. ૨ા બહેચરજી હીમતશગજી

૩ાા ૨ા દેવીશંગજી સુજાભાઈ

૧પા ૨

૧૮॥ મેપજી સજાજી
૬। અમરશંગજી મેપજી
૬। ગોવીંદશંગજી વીરાભાઈ
૬। ભાખરજી કશળશંગજી

૧૮॥

૧૮॥ કશીઆભાઈ ખેમાભાઇ
૧॥ ૧ શોમાભાઇ દાનશંગજી
૦॥ ૦॥ આણુંદશંગજી પુંજાજી
૦॥ ૦॥ ગોપાળજી પુંજાજી
૦॥ ૦॥ વખતશંગજી પુંજાજી
૧)૦॥ લધુભા મહારશગજી
૧)૦॥ નાગજી મેઘાભાઇ
૧)૦॥ શગરામજી મેઘાભાઇ
૧॥ ૧ મોતીભાઈ બહેચરજી
૧॥ ૧ જીવાભાઇ ડુંગરજી
૨॥ ૧॥ ઉદેશગજી સુરાભાઇ
૦॥ ૦॥ શંગજી ભાભાજી
૦॥ ૦॥ ચકરશગજી લખમણજી
૦॥ ૦॥ બાજીભાઇ ખોડાભાઇ
૦॥ ૧॥ સાહેબશંગજી દેવીશગજી
૧)૨॥ જીજીબા મનુભાઇ ખેંગારજીનાં વીધવા
૦॥ ૧। હઠીશંગજી માધવશંગજી
૧)૨॥ મોતીભાઈ કેશાભાઇ
૧)૨॥ મેહેરૂભાઇ હરદાસજી

૧૮॥

૧૫॥ ૨) નારશંગજી સામતશંગજી
૨॥ ૧॥ ફતેશંગજી આનજી
૦॥ ૨ હરીશંગજી સામતશંગજી
૦। ૩ સુરશગજી ભોજાજી
૦। ૩ અરજનશંગજી પરતાપશંગજી
૦। ૩ પરતાપશંગજી કાંધાજી
૦। ૩ ઉમેદશંગજી કાંધાજી
૦॥ ૨ ગલાબશંગજી રાયભાણજી
૦॥ ૧॥ શોમાભાઈ ગગજી
૦॥ ૧॥ હરીશંગજી રાવજી
૨॥ ૧॥ ગલજી જાલમશંગજી
૨॥ ૧॥ અલુભાઇ કાળુભાઈ
૨॥ ૧॥ દોલતશંગજી ભુપતશંગજી

૧૫॥ ૨

૧૫॥ ૨ જેહાભાઇ ત્રીકમજી
૫)૩॥ ગજાભાઈ સરદારશંગજી
૫)૩॥ નાથુભાઇ અદાભાઇ
૫)૩॥ અમરશંગજી રામશંગજી

૧૫॥ ૨

---

૧૦૦)

વાસણા.

રાજશંગજી સાણંદના મહારાણા

- રાજશંગજી સાણંદના મહારાણા
  - વજેરાજજી ગાદીપર
    - ભોજાજી
      - પાતાભાઇ
        - *કલાભાઇ
          - ભારોજી
            - પચાણજી
              - માલુભાઈ
                - સામતશંગજી
                  - નારશંગજી
                  - હરીશંગજી
                    - રણછોડજી
                    - પોપટભાઈ
                - દાદોજી
                  - કાધાજી
                    - માનશંગજી ×
                    - પરભાતશંગજી
                      - વેલુભાઈ
                    - ઉમેદશંગજી
                - *ભોજાજી
            - †લાખાભાઇ
            - રાણોજી
              - ખાનજી
                - ફતેશંગજી
                  - રાણોજી
          - ‡ભાવશંગજી
        - ¶સુલતાનજી
        - હમીરજી ×
      - §આશકરણજી
      - ‖સબળશંગજી
  - કરમરશંગજી
    - **મેઘાભાઇ
  - સુલતાનશંગજી રહુગામ
    - વછેરાજજી
      - શગરામજી
        - રાજાભાઇ
          - કુબેરજી
            - વાઘજી ×

- *ભોજાજી માલુભાઈ
  - પરતાપશંગજી
    - અરજનશંગજી
      - ગગુભા
  - રાજશંગજી ×
  - સુરશંગજી
    - મનુભા
    - ધીરશંગજી

---

* કલાભાઈ પાતાભાઇના દીકરા ભારોજી તથા ભાવશંગજી બે છે તે પૈકી વડીલ કીયા તે નક્કી થઈ શક્યું નથી. †લાખાભાઈ ભારોજી તથા ‡ભાવશંગજી કલાભાઇ તથા §આશકરણજી ભોજાજીનો વંશ પાને ૧૭૭મે; તથા ¶સુલતાનશંગ પાતાભાઇ અને ‖સબળશંગજી ભોજાજીનો વંશ પાને ૧૭૮ મે; તથા **મેઘાભાઇ કરમરશંગજીનો વંશ પાને ૧૭૫ મે જુઓ.

લાખાભાઈ ભારોજી

- હરીભાઈ
  - ભારોજી
    - રાવજી
      - હરીશંગજી
        - રામશંગજી
      - સાહેબશંગજી
      - તખતશંગજી
    - કલાભાઇ ×
- વજુભાઇ
  - રઘનાથજી
    - જીનાભાઇ ×
  - બનેશંગજી
    - ગગજી
      - કુબેરજી
      - શામાભાઈ
- કાકાભાઇ
  - રાયભાણજી
    - દેવીશંગજી ×
    - ગલાબશંગજી
      - મુળુભાઈ
        - જીવણજી

ભાવશંગજી કલાભાઈ

- અલુભાઈ
  - પાતાભાઇ
    - કાળુભા
      - અલુભાઈ ×
    - ભાવશંગજી
      - મોહબતશંગજી ×
  - ઉનડજી
    - બાવાજી
      - કરણજી
        - ભાખરજી ×
      - ભુપતશંગજી
        - દોલતશંગજી ×
        - ભાઇજી ×
  - જાલમશંગજી
    - ગગજી
      - કલ્યાણશંગજી

આશકરણજી ભોજાજી.

- બળીઆજી
  - રતનશંગજી
    - ભગવાનશંગજી
      - *ભીમજી

---

*ભીમજી ભગવાનશંગજીનો વંશ પાને ૧૭૮ મે જુઓ.

(૧૫૮) ભીમજી ભગવાનશંગજી

- જેસાભાઈ
  - મોતીભાઇ ×
  - રામશંગજી
    - અમરશંગજી
- ભળીઆજી
  - અદાભાઇ
    - નાથાભાઈ
      - ચંદનશંગજી
  - હાજાભાઇ
    - બહેચરજી ×
- સરદારશંગજી
  - રતનશંગજી
    - દાનશંગજી ×
    - ભુપતશંગજી ×
  - ભગતશંગજી
    - ગગુભા
  - ગજાભાઈ
    - ગલાબશંગજી
      - મોહબતશંગજી
    - કલ્યાણશંગજી
    - પુંજાજી

સુલતાનજી પાતઃભાઇ

- અજાભાઈ
  - બાપુભાઈ
    - સુલતાનશંગજી
      - પરાગજી
        - વખતશંગજી
          - ગગુભા
        - દોલતશંગજી
      - ભાઇજી
        - સુરશંગજી ×
        - ગવજી
          - ચનુભાઈ
          - રણછોડજી
      - મોતીભાઇ
        - બાપુભા
  - રાહોભાઇ
    - જેસાભાઈ
      - ગગુભા ×
    - ફલજી
      - દીપશંગજી
        - ચાદાભાઈ ×
      - નાગજી
        - બાજીભાઇ
          - કેશરીશંગજી
          - રાહાભાઇ
      - જહાભાઇ ×

સબળશંગજી ભોજાજી

- વેરાભાઇ
  - †માડાભાઈ
  - ગમાભાઇ
    - દાજીભાઈ
      - હાલજી
        - હીમતશંગજી
          - બહેચરજી
            - અરજનશંગજી
          - દાજીભાઈ ×
        - સુજાજી
          - દેવીશંગજી

---


†માડાભાઈ વેરાભાઇનો વંશ પાને ૧૭૯ મે જુઓ.

- માંડાભાઈ વરાભાઠ
  - રૂપાભાઇ
    - રામાભાઈ
      - ડોસાભાઈ
        - સબળશંગજી
          - ભગવતશંગજી
            - સૂરશંગજી
              - ગોવીંદશંગજી
          - કરશનશંગજી
            - દોલતશંગજી
            - મનુભાઇ
        - અગાભાઇ
          - બાજીભાઇ ×
          - રૂપાભાઇ
            - સતાભાઇ
            - હાથીભાઇ
      - ચેલાભાઇ
        - નાજીભાઈ
          - મોતીભાઇ
            - નથુભાઇ
            - કેશરીશંગજી
            - મુળુભાઇ
            - જોમશંગજી ×
          - [illegible]ંગજી ×
        - મુળુભાઇ ×

- મેઘાભાઇ કરમરશંગજી
  - ચકાભાઇ
    - ચાદાભાઇ
      - વીરાભાઇ
        - રવાભાઇ
          - સજાભાઇ
            - મેપજી
              - અમરશંગજી
                - અચરતશંગજી
            - ચાદાભાઇ
              - કશળશંગજી
                - ભાખરજી
                  - નાથુભાઈ
                - જકુભાઇ
            - વીહાભાઈ
              - જેઠીભાઈ
              - ગોવીંદશંગજી
    - ‡નાથાભાઇ

---

‡નાથાભાઇ ચકાભાઇનો વંશ પાને ૧૮૦ મે જુઓ.



‡અભેરાજજી નાથાભાઈ, તથા †શાંહાજી જેઠીભાઈ, તથા ¶ચેહાજી જેઠીભાઇનો વંશ પાને ૧૮૧ મે જુઓ.

- અભેરાજજી નાથાભાઇ
  - વખતાજી
    - જીવાજી
      - મેઘાભાઇ
        - મહારશંગજી
          - હથુભા
            - દેવીશંગજી
            - ગોવીંદશંગજી
            - ઉમેદશંગજી
          - જેસુભા
          - ભાખરજી
          - ભગવાનજી
        - નાગજી
          - મોતીભાઈ ×
        - શગરામજી
          - અભેરાજજી
            - ઉમેદશંગજી
      - અભેશંગજી ×
      - ગંભીરશંગજી ×
    - †ખેમાભાઇ
    - †ડુંગરજી

- †ખેમાભાઇ વખતાજી
  - પુંજાજી
    - આણંદશંગજી
      - રતનશંગજી
    - ગોપાળજી
    - વખતશંગજી
      - અરજનશંગજી
  - કશીઆજી
    - દાનશંગજી
      - સોમશંગજી
      - મોહબતશંગજી

- †ડુંગરજી વખતાજી
  - જીવાભાઇ
    - કલ્યાણશંગજી ×
  - રાજાભાઈ
    - બહેચરજી
      - મોતીભાઇ
    - મોટાજી

- શીંહાજી જેઠીભાઈ
  - માનોભાઇ
    - ફુલજી
      - દલાભાઇ
        - માનોભાઇ ×
        - તખતશંગજી ×
        - હાથીભાઇ ×
        - સુરાભાઇ
          - ઉદેશંગજી

- ચેહાજી જેઠીભાઇ
  - નથુભાઇ
    - અમોભાઈ
      - કેશાભાઈ
        - મોતીભાઈ
        - ફતેશંગજી
    - કાયાભાઇ
      - નારણજી ×
    - હનુભાઇ
      - હરદાસજી
        - મેહેરૂભાઇ ×
        - પરબતશંગજી
        - જલુભાઇ

રઢુ.

આ ગામ ખેડા જીલ્લાના માતર તાલુકાની હદમાં છે. ત્યાં ફક્ત વાઘેલાનો વાંટોજ રહ્યો છે. જેમાં તેમણે પરૂ બાંધ્યું છે. તેમના તાબામાં બીજો ડરણુનો નાનો વાંટો છે. જમીન રસાળ છે. સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા વજેસિંહજીને ત્રણ કુમાર, પાટવી રાજશંગજી ને ફટાયા કરમરશંગજી તથા સુલતાનશંગજી હતા તે પૈકી કરમરશંગજીને વાસણા, ધોળી, રાયપુર ગામો અને સુલતાનશંગજીને રઢુ તથા પરૂ આપવામાં આવ્યાં હતાં. સુલતાનશંગજીનાં માતુશ્રી લખતરના ઝાલા જેશંગજીનાં કુંવરી માનકુંવરીબા હતાં. ને તેમને પાટવી રાજશંગજી ને ફટાયા સુલતાનશંગજી આ બે કુમારો હતા. સદરહુ સુલતાનશંગજીના કુમાર ભોજરાજજી થયા. તેમના પુત્ર જીવણજી હતા તે સાત રાણીઓ પરણ્યા હતા. જેમાંની મોટી મહીડાની દીકરી હતી. તેણે પોતાની દીકરી નવા નગર પરણાવવા સારૂ સાણંદના ઠાકોર સાહેબ પાસેથી નાણું લેઇ ગામ રઢુ લખી આપ્યું હતું. જેથી ફક્ત તેમનો ત્યાં વાટોજ રહ્યો છે.

રઢુ ગામ સાણંદ દરબારે કબજે લીધેલું ને પોતાને નાણાંની જરૂર પડવાથી ધોળકાના કસબાતી શેરમીયાં સાહેબના વડીલોને ત્યાં ગીરો મુકેલું તે શેરમીયાં સાહેબનાં ગામ જ્યારે નામદાર સરકારે લેઇ ત્યારે લીધાં તેમના ભેગું રઢુ ગામ સરકારને કબજે થયું છે.

રઢુના ગરાશીયાઓનું પેઢીનામું નિચે મુજબ છે.

વજેરાજજી સાણંદના મહારાણા.
- રાજશંગજી (સાણંદની ગાદીપર)
- કરમરશંગજી (વાસણા વગેરે)
- સુલતાનશંગજી
  - ભોજરાજજી
    - ○જીવણજી

○જીવણજી ભોજરાજજીનો વંશ જુઓ પાને ૧૮૨ મે.

- જીવણજી ભોજરાજજી
  - જસાભાઇ
    - કાયાભાઈ
      - ફશીયાભાઇ
        - દુધાભાઈ
          - મોતીભાઇ
            - મેરૂભાઇ
            - રાયશંગજી
            - ભગવાનજી
      - બાવાજી
        - માલુભાઇ
          - સતાભાઇ
            - કેશરીશંગજી ×
            - દેવીશંગજી
      - રવાજી
        - અભેશંગજી
          - શીવશંગજી ×
          - ભીમજી
        - ભૂપતશંગજી
          - ફતેશંગજી
            - ભુલાભાઈ
          - અદેશંગજી
          - ખોડાભાઇ
    - ¶પથાભાઇ
  - †કલાભાઈ
  - ‡સબળાજી

- ¶પથાભાઇ મોડજી
  - મોડજી
    - જીવાભાઇ
      - અલુભાઇ
        - મોટોજી
      - રણછોડજી
        - ફુલજી

- †કલાભાઇ જીવણજી
  - દાદાજી
    - અજુભાઈ
      - ગોપાળજી
        - કલ્યાણશંગજી
          - નાથાભાઇ
            - ગલાબશંગજી
            - અગરશંગજી

- ‡સબળાજી જીવાજી
  - દેશળજી
    - જીબાવા
      - જાલમશંગજી
        - ફુલજી
          - અમરશંગજી
          - નારશંગજી
    - §દાજીભાઈ
    - ગગાભાઇ
      - નથુભાઇ
        - તખતશંગજી
          - ધુળોજી
        - સબળશંગજી
          - પુંજોજી
          - સરદારશંગજી

- §દાજીભાઈ દેશળજી
  - મેઘોજી
    - મદારશંગજી ×
    - દોલતશંગજી ×
  - વજેશંગજી
    - બનેશંગજી
      - નાથાભાઇ
      - રામશંગજી
  - હરીશંગજી
    - સામતશંગજી
    - ભૂપતશંગજી
    - ભોજુભા
    - છગનભાઈ
  - માધવશંગજી
    - રતનશંગજી
      - દેશળજી

રાશમ.

આ ગામ ધોળકા તાલુકામાં ધોળકાથી ઉત્તર દિશામા છે. ત્યાંના તાલુકદારને હાલ ત્યાં વાંટો રહ્યો છે. તેમજ વાસણા ચાચરાવાડીમાં વીઘાં ૯૦૦ ને પુંજેરામાં વીઘાં ૧૫૦ નો વાંટો છે. તેનું ક્ષેત્રફળ વીઘાં ૧૩૦૦ છે. ઉપજ આશરે રૂ૫૦૦૦) ની છે. નામદાર સરકારને રૂ૧૨૦૦) ભરવા પડે છે.

સાણંદની ગાદીએ મહારાણા શ્રી અરજનશંગજી હતા તેમને ત્રણ કુમાર હતા. પાટવી ગોપાળશંગજી. ૨ ઉદેસિંહજી. ૩ ઘેલોજી હતા. તેમાં ઉદેસિંહજી આ એસ્ટેટના મુળ પુરૂષ હતા. ને તેમના મોટાભાઈ તરફથી રાશમ, ચરલ, વાસણા, મેણી ને પુંજેરા આ ગામો મળ્યાં હતાં. કાળે કરીને તે ગામો ગયાં છે પણ હાલ તેઓ રાશમીયા વાઘેલા કહેવાય છે.

સાણંદના ઠાકોર જ્યારે ગાદી ઉપર બેસે ત્યારે તેમના ભાલ (કપાળ)માં રક્તનો ચાંલ્લો, રાશમીયા પોતાની આંગળીના રૂધીરથી ઠાકોર સાહેબને કરે છે. મેણીની કોથળી સાંથના રૂ.૨૦) નામદાર સરકાર તરફથી મળે છે. હાલ મુખ્ય ભાગદારો રામશંગજી મુળુભાઇ, મુળુભાઇ રાહાભાઈ તથા રાહાભાઇ વીશાભાઈ વગેરે છે.

વારતી (રૂપાવટી)

આ વારતી ગામનું બીજું નામ રૂપાવટી છે ને તે નામ પાડવાનું કારણ કે તે ગામમાં પાટીદારોની વસ્તી આબાદ થઈ ઘણું સારૂં બન્યુ હતું ને લોકો પણ શ્રીમંત હતા ને ઉપજ સારી આવતી જેથી તેને રૂપાવટી નામ આપ્યું હતું. આ વારતી ગામ સાણંદ દરબાર અરજનશંગજી તરફથી પોતાના ભાઇ ઘેલોજીને આપવામાં આપ્યું હતું. જેથી તેઓ વારતીઆ વાઘેલા કહેવાય છે. ઘેલાજીના વંશમાં વારતી ગામ રહ્યું નથી. સાણંદ દરબારને સોંપી દીધું છે ને તેના બદલામાં બળદાણા તાલુકે ધોળકામાં તેમને જીવક આપેલું છે તથા જુવાલ (કાઠીયા) માં વાંટો આપેલો તે ખાલસા થઇ ગયો છે. જેથી તેમના વંશના ગરાશીયા ત્યાં રહે છે. હાલમાં તેમાં બોઘાજી કશીઆજી તથા હરીશંગજી કરીયાજી તથા અભેશંગજી જેઠીજી ભાગદારો છે.

આમલીઆળા.

આ ગામ ધોળકા તાલુકાની હદમાં ધોળકા કસ્બામાં પૂર્વ દિશામાં છે. તેમાં વાઘેલા ગરાસીઆનો મોટો વાંટો રહ્યો છે. તેમજ ચાંગોદર, દેવતી, જુવાલ, મેઘાસરના પરામાં પણ વાંટા છે. આમલીઆળા વાંટાનું ક્ષેત્રફળ એકર ૪૯૧-૦ છે અને ઉપજ આશરે ૨૫૦૦, રૂપૈઆની છે; તે પૈકી સરકારને રૂા. ૩૫૨-૦-૦ ભરવા પડે છે. આ સીવાય ભાઇલા ગામમાં કોથળી સાંથના રૂા. ૯૩૯, દર વરસે સરકાર તરફથી મળે છે. આ ગામના સીમાડે સાબરમતી નામની નદી છે. જમીન ગોરાડુ અને કંઇક કાળી છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા કરણસંગજીના ચાર કુંવરો પૈકી અગરસંગજીને ગાદી તરફથી આંમલીઆળા, ભાયલા, ચાંગોદર, અમીપુરા, વાઘરેલાની દેવતી, જુવાલ, મેઘાસરનું પરૂં, મેલાસણા અને સીઆવાડા ગામ મળ્યાં હતાં. હાલ ગામ જતા રહ્યાં છે ને પ્રથમ જણાવ્યા મુજબ વાંટા રહ્યા છે.

આ તાલુકદારના વંશ પૈકી એક ભાયાતે કાઠીઆવાડમાં ભોડર, જાળીઉ ને ભોકડાનો ગરાસ મેળવ્યો છે ને તેમના વંશના ત્યાં ગામોતીઓ છે. આ સીવાય કોઠમાં, બકરાણામાં, માહાદેવપરામાં, મોઠાસરમાં, ચુડામાં, મેથાણમાં જેથરીમાં, ને વાઘરેલાની દેવતીમાં તેમના ભાયાતો રહે છે. તેમની ભાગવારી નીચે મુજબ છે.

આમલીઆળાની ભાગવારી.

દો. બ. વી.

૩૩-૫-૪ તાલુકદાર નથુભાઇ દાજીભાઇ

નથુભાઈ દાજીભાઇ, કાળુભાઇ વીરાભાઈ, પોપટભાઈ નારણજી, સુબા જસાભાઇ ભુપતસંગજીનાં વીધવા, ગગુભાઇ હઠીસંગ, ચાંદાબા અમરસંગજી ભુપતસંગજીનાં વીધવા, ભગવતસંગજી બાવાજી, અભેસંગજી કાંધાભાઇ, કેસરીસંગજી કાંધાજી, પુંજાજી રઘાજી, મનુભાઇ ભાવસંગજી.

૩૩-૫-૪ તાલુકદાર ગગજીભાઇ રામાજી

ગગજીભાઈ રામાજી, રતનજી જગમાલજી, સુરજબા અગરસંગજી અભેસંગજીનાં દીકરી.

૩૩-૫-૪ તાલુકદાર જામલસંગજી માલુભાઇ
જામલસંગજી માલુભાઈ (નિરવંશ), રાજુબા ગગજી
માલુભાઈનાં વીધવા, માધુભાઈ માતલજી, અમરસંગજી
કરશનસગજી

૧૦૦-૦-૦

ઝાંપ.

આ ગામમાં વાઘેલા ગરાસીઆનો મોટો વાંટો છે ને તેની હદમાં કુબેરપરૂ નામે ગામ સંવત ૧૯૩૬ માં વસાવેલું છે. ઝાંપના ગામતળીઆમાં પણ વાંટા તળપદમાં વહેંચાણુ થએલી છે. આ સીવાય તેમના તાબામાં સાંકોડ, ઉપરદળમાં વાંટા છે. આ ગરાસીઆ સાણંદમાંજ રહે છે.

મુળ પુરૂષ નારણસંગજી સાણંદની ગાદીએથી ઉતરેલા તે મહારાણા કરણસંગજીના કુંવર હતા ને તેમને ઝાંપ ગામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કેટલીક પેઢીએ ગામના પટેલીઆ સંગાથે ગામેતી ગરાસીઆઓમાં મુખ્ય જે કલાણસંગજી હતા તેમને તકરાર થએલી, જેથી તેમણે કોળી પટેલીઆઓને ઠેર માર્યા જેથી કોળી પટેલીઆએ ધોળકાના મીઆનો આશ્રય માગ્યો. જેમાં ગામમાં મીઆંનો પગ પેઠો ને મીઆંનો ગરાસ સરકારે લીધો જેથી ગામના માલીક સરકાર થયા અને ગરાસીઆને વાટો રહ્યો છે.

સાંકોડનો વાંટો પાછળથી મહારાણા કરસનસંગજીના વખતમાં ગાદીએથી મળેલો છે. તેના સંબંધમાં એવી દંતકથા છે કે મહારાણા કરસનસંગજી જે સાણંદના ઠાકોર હતા તેમનાં કુંવરી ઇડર પરણાવેલાં હતાં. દસરા ઉપર ઇડરમાં જે પાડો મારવામાં આવતો તે મારનાર ગરાસીઆને દસરા અગાઉ કેટલીક મુદ્દત સુધી ઘણો ઊંચો ખોરાક તેને મજબુત બનાવવા માટે આપવામાં આવતો હતો. આ વાત પોતાના સ્વામીથી સાણંદવાળાં કુંવરીએ સાંભળીને કહ્યું કે લડાઇમાં જનાર ક્ષત્રીને તૈયાર થવા સારૂ અગાઉથી સારો ખોરાક આપવામાં આવતો નથી. મારા પીએરમાં પણ પાડાનો ભોગ અપાય છે ને ઠાકોર સાહેબ જેને ફરમાવે તે પાડાનો વધ કરે છે. આ ઉપરથી ઇડરના રાવે તે પ્રમાણે કરી બતાવવા બાઇને કહ્યું જેથી તેમણે પોતાના પિતાને લખી કોઇ શુરા ક્ષત્રીને મોકલવા વિનંતી કરી, જે ઉપરથી આ ઝાંપીઆ વાઘેલા મોડજીને જવા ફરમાવ્યું ને તેમણે જઇ પાડાનો વધ કર્યો; જે ઉપરથી સાણંદ ઠાકોરે પોતાના સાકોડના વાટા પૈકી બસેં વીંઘાં જમીન તેમને આપી છે. હાલ તેમના વંશમાં મુખ્ય કાળુભા કુબેરજી, કેસુભા નથ્થુભાઇ અને મોડભાઇ સરદારસંગજી વીગેરે છે.

ગાંગડ.

આ સંસ્થાન ધોળકા તાલુકામાં ધોળકા કસ્બાની પશ્ચિમ દિશામાં ૧૦ મૈલને અંતરે છે. તેના તાબામાં ગાંગડ, શીયાળ, બગોદરા, રોહીકા, ભુરખી, ભુમલી, ભામસરા, બેગવા, ઢેઢાલ, ચીઆડા, ગુંદાનું પરૂ આ રીતે અગીયાર ગામ છે. ગાંગડની હદમાં વનકુટુ (કલ્યાણપુર) ને કોચીઆણું (કલ્યાણગઢ) આ બે પરાં હાલના ઠાકોર સાહેબના દાદા કલ્યાણશંગજી (ગગુભા) ના વખતમાં બંધાયાં હતાં. વાંટા બાવળા, ત્રાંસદ, જેકડા, વાલથેરા, વસાઈ; મહીજડા, ગામોમાં છે ને કરીઆણા તથા સરંડીમાં છુટક જમીન છે. ને કોથળી સાંથના નવાપરાના ધોળકા ત્રીજોરીમાંથી રોકડ હક રૂ ૧૨) મળે છે. આ તાલુકાનું ક્ષેત્રફળ આશરે એકર ૬૦૦૦૦ છે. ઉપજ આશરે રૂ ૫૫૦૦૦) હજારની છે. નામદાર સરકાર જમાબંદીના રૂ. ૧૬૭૪૩) ભરવા પડે છે. તાલુકાની વસ્તી સુમારે ૬૦૯૮ માણસોની છે. જમીન મુખ્યત્વે કાળી અને કાંઈ ગોરાડુ છે. મુખ્ય નિપજ ઘઉં અને કપાસ છે.

ગાંગડ તાબાના ભુરખી અને સાણંદ એસ્ટેટના ગુંદી ગામને શીમાડે અચળેશ્વર મહાદેવની પ્રસિદ્ધ જગો છે. ત્યાં ભાદરવા સુદ ૧૧ ને રોજ મેળો ભરાય છે.

આ તાલુકામાં રોરર નામની નાની નદી છે. ને શિયાળ ગામ નજીક નળ નામનું ઘણુંજ મોટું સરોવર છે. તે ઘણુંજ લાંબુ તેમ પહોળું છે. ઉત્તરમાં તેની હદ વિરમગામ તાલુકા સુધી ગયેલી છે ને પશ્ચિમમાં લીમડી સંસ્થાન સાથે જોડાએલી છે. જેથી તે એક મોટા સમુદ્ર જેવું છે. ને તેમાં સમુદ્રના જેવા શંખલા, માછલીઓ ને બીજા સમુદ્રમાં નીપજતા જેવા જીવો જણાય છે. ને તેથી વિદ્વાન લોકો કલ્પના કરે છે કે અસલ તે જગોએ સમુદ્ર હશે. શિયાળ નજીકની જમીનમાંથી થેક આ નામના મોટી જુવારના જેવા કંદ નીકળે છે ને તે ફરાળના ઉપયોગમાં આવે છે. વળી એ જમીનમાંથી કાંદા ખોદી કાઢે છે જે દુકાળના વખતમાં ઘણા ઉપયોગી ગણાય છે. તે કાંદાને કચરીને તેમાંથી લોટ કાઢે છે તેને બીડ કહે છે ને તેના રોટલા કરવામાં આવે છે અને દુષ્કાળના વખતમાં ગરીબોનો તે મોટો ખોરાક છે. વળી એક જાતનું ઘાસ ઉગે છે તેનાં બીયાંને કહેર કહે છે. ને તેને ભાગીને તેમાંથી નીકળતા ચોખા જેવા દાણાને બાફીને ગરીબ લોકો ખાવાના ઉપયોગમાં લે છે. જમીનનો ઘણો ભાગ ખારવાળો હોવાથી ત્યાં નજીકમાં પડતર રહે છે. દંતકથાથી કહેવાય છે કે શિયાળ આગળ એક મોટું બંદર કહેવાતું અને તેનો વૈભવ પણ સારો

હતો. ત્યાં એક પુરાતન ખીજડો (સમડો) હતો, જે ઘણી મુદતથી પડી ગયો છે, તેમાં ઘણુંજ મોટું ગંજાવર કડું જડી લીધેલું હતું ને તે આ પ્રસિદ્ધ બંદરમાં આવતાં વહાણો નાગરવા વાસ્તે ઘાલેલું હશે એમ અટકળ થાય છે. વળી શિયાળમાંથી કોઇ જગોએ પુરાતની ઇંટોનાં ચોસલાં નિકળે છે કે જેવાં હાલ મળી શકતાં નથી. શિયાળમાં ગાંગડ દરબારની ગાદી પણ કેટલીક મુદત સુધી રહેલી હતી.

ભુમલી પાસેના વહેળામાં એટલો ખાર રહે છે કે ત્યાં મીઠાના થર બાઝેલા જણાય છે. પણ કસ્ટમ ખાતા તરફથી તેને બગાડી નાખી ઉપયોગી રહેવા દેતા નથી.

આ તાલુકાના ગાંગડ ગામમાં સરકારી નિશાળ છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા ભીમસિંહજી ને કરણશંગજી તથા મેળોજી વગેરે કુમારો હતા. ભીમસિંહજી દેવલોક પામ્યા ત્યારે બંને પુખ્ત ઉંમરના નહોતા; જેથી કારભાર શંગજી કાવીઠીયા કરતો હતો. તેણે બહારવટાં કરી સાણંદનું રાજ કરણશંગજી તથા મેળોજીના કુંવરો વચ્ચે સરખે હિસ્સે વહેંચ્યાની હકીકત સાણંદ એસ્ટેટની હકીકતમાં સંપૂર્ણ લખી છે, જેથી અહીં દાખલ કરી નથી. મેળોજીનાં માતુશ્રી કંથારીઆના ઝાલા સામતસિંહજીનાં દીકરી રાજકુંવરબા હતાં. મેળોજીનાં પહેલાં રાણી સંસ્થાન ભુવાના ઝાલા સુલતાનશંગજી રાજધરજીનાં કુંવરી ધીરાંજીબા હતાં, તેમના પાટવી કુમાર પૃથીરાજજી થયા. બીજાં રાણી વાવોદરના જાડેજા જશવતશગજી હરધોળજીનાં કુંવરી બાજીરાજબા હતાં, તેમના કુમાર ભોજરાજજી તથા રાયશંગજી ને ભાણશંગજી હતા. અને કુંવરી શામજીબા હતાં તેને ઉદેપુરના રાણા રાયમલજી વેરે પરણાવ્યાં હતાં. ભોજરાજજીને રેથળ તથા સીંધરજ ગામ આપવામાં આવ્યાં હતાં ને રાયશગજી તથા ભાણશંગજી નિરવંશ ગુજર્યા છે.

સાણંદમાંથી અર્ધો ભાગ મળતા અગાઉ મેળોજી ઇડરમાં ગુજરેલા હોવાથી તાલુકો તેમના કુમાર પૃથીરાજજી જે પાટવી હતા તેમને મળ્યો હતો; ને તેમણે બાવળામાં ગાદી કરી હતી. પૃથીરાજજીનાં પહેલાં રાણી ગામ મેપના ઝાલા સુલતાનશંગજી કલ્યાણશગજીનાં કુવરી બાઇરાજબા હતાં. બીજાં રાણી કુંદણીના ઝાલા ખેતસિંહજી આગજીનાં કુંવરી હરકુંવરબા હતાં. તેમના કુમાર સબળશંગજી તેમજ કુંવરી જીજીરાજબા થયાં, જે ઇડરના રાવ વીરમદેવ સાથે પરણાવ્યાં હતાં. ત્રીજાં રાણી ગામ ખીરસરાના જાડેજા સાહેબશંગજી હરધોળજીનાં કુવરી માજીરાજબા હતાં તેમના કુમાર કલ્યાણશંગજી, વિશળદેવજી, કેશવશગજી તથા નારણશંગજી હતા. ચોથાં રાણી ગામ થા-

શીબાના શીશોદીયા પ્રતાપશંગજી સુરજમલજીનાં કુંવરી રાજકુંવરબા હતાં. તેમના કુમાર કરણશંગજી અને કુંવરી કશનકુંવરબા હતાં. તેમને બોધપુરના રાવ ઘોઘા સાથે પરણાવ્યાં હતાં. પૃથીરાજજી ઘણા ડાહ્યા ને વિચિક્ષણ હતા. તેમણે ૧૦૭ વરસનું દિર્ધાયુષ્ય ભોગવ્યું છે. તેમને ૭ કુમાર હતા. પાટવી સબળશંગજી, કલ્યાણશંગજી, વિશળદેવજી, કરણશંગજી, કેશવશંગજી ને છઠ્ઠા નારણશંગજી હતા. જ્યારે સબળશંગજી ગાદી ઉપર બેઠા ત્યારે પોતાના ભાઇ કલ્યાણશંગજીને જલાલપર, રામપર, સરંડી વગેરે ગામ આપ્યાં હતાં; અને વિશળદેવજીને ઇંયાવા વગેરે ગામ, કરણશંગજીને ધનાળા, વેજલક, ભાખડા વગેરે ગામ આપ્યાં હતાં; કેશવશંગજીને ખોડુ, બગોદરા વગેરે ગામ અને નારણશંગજીને વીંછીઆ, બરોડા, નાનોદરા વગેરે ગામ આપ્યાં હતાં. સબળશંગજી નિર્વંશ ગુજરવાથી તેમની ગાદી ઉપર તેમનાથી નાના ભાઇ કલ્યાણશંગજી બેઠા.

મહારાણા કલ્યાણશંગજીનાં પહેલાં રાણી કુંડણીના ઝાલા અમરશંગજીનાં કુંવરી દેવકુંવરબા હતાં. તેમના કુમાર જેશગદેવજી અને વીરમદેવજી હતા, અને કુંવરી રાજકુંવરબા હતાં જેમને દિવાન શ્રી દીપસિંહજી દેવડાવાળાને પરણાવ્યાં હતાં. કલ્યાણશંગજી ગુજરવાથી તેમના કુમાર જેસિંહદેવજી બાવળાની ગાદી ઉપર બેઠા.

અત્યારસુધીના ઠાકોરોની ગાદી બાવળામા હતી. મહારાણા જેસિંહજીનાં પહેલાં રાણી વરસોડાના ચાવડા અજેરાજજીનાં કુવરી અજુકુવરબા હતાં; તેમના કુમાર માલદેવજી અને કુંવરી હરકુવરબા હતા, તેમને ઇડરના રાવ ચંદ્રસિંહજી વેરે પરણાવ્યાં હતાં. જ્યારે જેશગદેવજી પોતાના કુમાર માલદેવજીને પરણાવવા શીહોર ગયા ત્યારે ૩૫૦ ઘોડા અને ૩૫૦ સોનાના વેઢ ભાટ ચારણોને આપ્યા હતા. આ મહારાણાએ સંવત ૧૭૧૫ ની સાલમાં રાણેશર ગામ એક ગઢવીને શાશનમાં આપ્યું હતું. "રવીયો ગઢવી" જે નામ ગુજરાતમાં મશહુર છે ને જે પોતાની ચતુરાઇથી આખા ગુજરાતમાં પ્રસિદ્ધ થયેલો છે તે આજ ચારણનો વંશ છે. હાલ રાણીશરમાં ચારણો વાંટો રહ્યા છે.

મહારાણા જેસિંહદેવજીએ અમદાવાદના પાદશાહી સુબા સાથે લડાઇ કરી હતી ને તેની સવારીનો હાથી પડાવી ખાન પકડી લાવ્યા હતા. તેમજ વીરમગામ તાલુકામાં આવેલું દેત્રોજનું પરગણું ૮૪ ગામ સાથે તેમણે જીતી લેઇ પોતાના તાલુકા સાથે મેળવી દીધું હતું; ને તે ઘણા વરસ સુધી તેમના વંશવાળા પાસે રહ્યું હતું. તેમણે મુસલમાનો સાથે લડાઇ કરી ઘેમેરી લડા-

વડીની ખાળ ઉપર ૬૦ તુર્કોને માર્યા હતા. તે ઘણા હોશીયાર, શૂરા અને બહાદુર હતા. તેમને યૂદ્ધ ઘણુંજ પ્રિય હતું; તેમણે ઔરંગજેબ બાદશાહના સૈન્ય સાથે લડાઇ કરી તેના નવ હલ્લા પાછા વાળ્યા હતા. મહારાણા જેશંગજી સ્વર્ગે જતા આગમચ તેમના પાટવી કુમાર માલદેવજીનું મરણ થયું હતું, તે એવી રીતે કે કાઠી લોકો જે બહારવટાં કરી પ્રજાને હેરાન કરતા હતા અને રાજ્યનાં ઢોર વાળી લેઇ જતા હતા તેમની પાછળ પડી મખીઆવ આગળ લઢાઇ કરી તેમાં આ શૂરો કુંવર માલશંગજી પોતાની ભરજુવાનીમાં પરમાર્થના કામમાં પૂર્ણ પરાક્રમ કરી અક્ષય કીર્ત્તિ મેળવી સ્વર્ગે ગયા અને તેમનાં પતિવ્રતા રાણી તેમની પછવાડે સતી થયાં. જેમની છત્રી મખીઆવને પાદર જોવામાં આવે છે; ને તેની પાસે માલદેવજીના નામથી માલાસર નામનું તલાવ ખોદાવેલું આજે પણ તેમનું સંભારણું યાદ કરાવે છે. આ બનાવ સંવત ૧૬૯૪ ના ફાગણ વદી ૨ ને વાર સોમવારે બનેલો એમ છત્રીના લેખ ઉપરથી જણાય છે. આ રીતે માલદેવજી અપુત્ર ગુજરવાથી જ્યારે જેસિંહદેવજી સ્વર્ગે ગયા ત્યારે તેમના કાકા વિશળદેવજી જેમને ઇયાવાનો ગરાસ આપેલો હતો તે આવી ગાંગડમાં ગાદી ઉપર બેઠા.

મહારાણા વિશળદેવજીનાં પહેલાં રાણી ગામ મગોડીના બીહોલા અજેશંગજી પુજશંગજીનાં દીકરી માનકુંવરબા હતાં, તેમના કુમાર રામશંગજી તથા ભાવશંગજી તેમજ કુંવરી લીલાકુંવરબા હતાં, તેમને શીશોદીયા રાવ સુરજમલજીને દેવડા પરણાવ્યાં હતાં. બીજાં રાણી વરસોડાના ચાવડા સુરતશગજી માવશંગજીનાં કુંવરી લાછાંજીબા હતા. તેમનાં કુંવરી હરકુંવરબા હતાં તે ઈડરના રાવ કલ્યાણમલજીને પરણાવ્યાં હતાં. ત્રીજાં રાણી શીયાણીના ઝાલા અદેસિંહજી આશકરણજીનાં દીકરી જીવાજીબાં હતાં, તેમની કુંવરી રાજકુંવરબા હતાં તેમને કચ્છના રાવ લાખા સાથે પરણાવ્યાં હતાં. ચોથાં રાણી ઓળગના ઝાલા દેવીસિંહ સૂરજમલનાં દીકરી પીપાંજીબા હતાં. તેમના કુમાર સબળશંગજી અને કુંવરી મોટીબા હતાં. તેમને દેવડાના રાજ માનસિંહજીને શીરોઇ પરણાવ્યાં હતાં. પાંચમાં રાણી ગામ પચ્છમના ઝાલા મેપસિંહજી પીરસિંહજીનાં કુંવરી રાધાજીબા હતાં. વિશળદેવજી ઘણા શાણા ને ઉદાર હતા. તેમણે પોતાના ભાઇઓને પોતે ગાદી ઉપર બેઠા પછી દરેકને નવ નવ ગામ પુરાં કરી આપ્યાં હતાં. તેમજ પોતાના કુમાર ભાવશંગજીને ઇયાવા, ગોવીંદા, દેહગામડા અને વીરડી ગામ આપ્યાં હતાં અને સબળસિંહજીને દુમાલી તથા મેમર વગેરે આપ્યાં હતાં.

મહારાણા વિશળદેવજી સ્વર્ગલોક પામ્યા પછી તેમના પાટવીકુમાર રામશંગજી ગાદી ઉપર બેઠા. તેમનાં પહેલાં રાણી શીયાણીના જાંબુએચા ઝાલા

કલ્યાણશંગજી આશકરણજીનાં દીકરી તાજકુંવરબા; તેમના કુમાર પૃથુરાજજી થયા. બીજાં રાણી હડમતીયાના જાડેજા અજેશંગજી રણમલસિંહજીનાં કુંવરી આમજીબા હતાં, તેમના કુમાર કેશરીશંગજી અને કુંવરી માજીરાજબા અને શાહબા હતાં. તેમને ભૂજના રાવ પ્રાગમલજી વેરે પરણાવ્યાં હતાં. ત્રીજાં રાણી ગાંફના ચુડાસમા ઠાકોર દેવીશંગજી રામશંગજીનાં કુંવરી રામકુંવરબા; તેમના કુમાર રતનશંગજી તથા કુંવરી અમજીબા; તેમને માળવામાં રામપુરામાં ચંદ્રાવત રાવ જોરાવરસિંહને પરણાવ્યાં હતાં. ચોથાં રાણી જાડેજી કનકકુંવરબા તેમના કુમાર કશીઆજી તથા કુંવરી રામકુંવરબા; તેમને ભૂજના જાડેજા રાવ દેશળજીને પરણાવ્યાં હતાં. પાચમા રાણી ખેરાડીના જાડેજા મેઘરાજજી જુણાજીનાં કુંવરી અજબકુંવરબા હતાં, તેમને કુંવરી મોટીબા થયાં તેમને દેવડાના રાવ સુલતાનસિંહજી સાથે શીરોહી પરણાવ્યાં હતાં. છઠ્ઠાં રાણી પીપરીઆના ગોહેલ જશવતસિંહજી ભોજરાજજીનાં કુવરી સતુબા; તેમના કુમાર ખેંગારજી, હમીરજી ને અદોજી હતા, જેમનો વંશ ચાલ્યો નથી. સાતમાં રાણી મેતલીના ઠાકોર લાખાજી કરણશંગજીનાં કુંવરી જશકુંવરબા હતાં; તેમના કુમાર જેશંગજી તથા ભાવશંગજી હતા, તે પણ નિરવંશ ગુજર્યા છે. આઠમાં રાણી મોહનપરના રેવર મોહનશંગજી ગગજીનાં કુવરી અજબકુંવરબા હતાં, તેમના કુમાર સુજાણશંગજી તથા કેશરીશંગજી હતા. તેમાં સુજાણશંગજી નિરવંશ ગુજર્યા છે ને કેશરીશંગજીને કેશરંડી તથા ગાણેશરનો ગરાસ આપ્યો હતો. તેમજ કશીઆજીને પીસાવાડા તથા વારશંગ વગેરે આપ્યાં હતાં.

મહારાણા રામશંગજી દેવલોક પામવાથી તેમની ગાદી ઉપર પાટવી કુમાર પૃથીરાજજી બેઠા. પૃથીરાજજીનાં પહેલા રાણી શીયાણીના ઝાલા અદેશંગજી આશકરણજીનાં કુંવરી ગોરાંજીબા હતાં, તેમના કુમાર શેશમાલજી હતા, જે પાટવી હતા અને કુંવરી લાડકુંવરબા હતાં, તેમને માળવામાં રામપુરાના ચંદ્રાવત જોરાવરસિહજી સાથે પરણાવ્યાં હતા. બીજા કુંવરી માવકુંવરબા; તેમને ભૂજના રાવ દેશળજી સાથે પરણાવ્યાં હતાં. આ ગોરાંજીબા ઘણાં ઉદાર અને દયાળુ હતાં. તેમણે ગાંગડની ભાગોળમાં એક વાવ બંધાવી છે જે અદ્યાપિ પણ સારી સ્થિતિમાં જોવામાં આવે છે. વાવની અંદર જે લેખ છે તેની નકલ નીચે મુજબ છે.

॥ श्लोक ॥

॥ श्री गणशाय नमः ॥

नत्वा श्रीम स्रादा सुतपद कमलां विघ्नराजं गणेशं ॥
रुद्रं श्री नं लकंठं-सकल गुणयुतां बुःऽव संज्ञां भवानी ॥

स्थीतान् गंगपुरेच भू सुरगणान नत्वा कृतेयं महा ॥
वापी मिष्ट जलाव भूव सुतरां दैवी कृपातः कृणात् ॥
श्रीमद् विक्रम भूपतेः शक गणा घ्यग्नं गना गात्रिम् ॥
१७५३ संख्येव शरके शुभेथव सब द्वीपटकु संख्ये १६२८ शाके ॥
मासे शुच्य भित्रे शित मतीपदी ध्वांतारि घस्रेऽज्यमे ॥
व × षा मृतेतो यरुप विमला वापि समाप्तिं गताः ॥
श्रीमद् व्याघ्र कुलोद्भवो नृपमणिर्भूपः पृथीराजकः ॥
स्तत्पुत्रा विशलश्चकंटक रिपुन्माथी च रामाभिधः ॥
स्तत्पुत्र पृथीराज इत्यधि महाराजौस्य पुत्रो धुन ॥
श्रीमान धर्मधुरंधर नृपमणि श्री शेशमल्लाभिध· ॥
तन्माता यशसे सुखाय सुरदां गोविप्र स सार्थिनां ॥
सो पुण्याय विपत्मणाश कृतये स्वर्गाय वर्गाप्तये ॥
गौरां जीत्यभिधा विधौ बुधजनै ख्यातान्नदात्री द्विजे ॥
वार्पींया विदधे चिरंवसतुसा चायुष्मति स्वपुरे ॥

नत्व नत्वा भाविनो भूमी पालान् ॥
भूयो भूयो राचते राम पौत्रः ॥
श्रीमान वापी धर्म सेतु निबद्धा ॥
काले काले रतृणी या भवद्भिः ॥
पंचै श्लोकै र्वर्णीता राज वापी ॥
काल द्वेना ईश्वरेण द्विजेन ॥
ऊदिच्यात्वे शुभ्र वंशे विराटे ॥
संस्थ माप्तोयेन विप्र प्रसाद ॥

શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિ શ્રીમ્નનૃપ વિક્રમાર્ક સમયાતિતઃ સંવત ૧૭૬૩ વર્ષે શાકે ૧૬૫૮ પ્રવર્તમાને અશાડમાસે શૂકલપક્ષે ૧ ઉપરાત ૨ વાર રવેઉ પુષ્ય નક્ષત્રા અત્ર દિને લખીત ગ ગાગડ વાસ્તે વગ શ્રી વાઘેલા મહારાણા શ્રી પૃથીરાજજી સૂત વિશળદેવજી સુત રામશગજીને ઘેર ભારજા તેજબાઇ સુત પૃથીરાજજીને ઘેર ભારજા ગોરાંજી તસપુત્ર શ્રી વાઘેલા મહારાણા શ્રી શેશમાલજી રાજકત્રં તસમ માતા ગોરાજીના પીતાશ્રી જાંબુએચા શ્રી વે-રાજીને ઘેર ભારજા અગરાંજીની પુત્રી બાઇ ગોરાંજીએ વાવ કીધી. શ્રી કૃષ્ણા-

શ્પ્રણુ બુધે લોક મુનીશાહીકને અર્થે કીધી. પશુ જીવાદીકને અર્થે કીધી. પરમેશ્વર પ્રીતે જે કોઇ રાજા પ્રજા આ પૃથ્વીને વિશે રહો એ એ વાવની રક્ષા કરજો. શ્રી કૃષ્ણાર્પણ બુધે કરજો. શ્રીરસ્તુ, કલ્યાણમસ્તુ, શુભંભવતુ. શ્રીગણેશાયનમઃ સંવત ૧૭૬૩ વર્ષે અશાડ સુદી ૨ ને રવેઉ અત્ર દિને લખીત ગ ગાંગડ વાસ્તવ્યં શ્રી વાઘેલા મહારાણા શ્રી શેશમાલજી રાજ કરે છે તેની માતા બાઇ ગોરાંજીએ વાવ કરી શ્રી કૃષ્ણાર્પણ બુધે શ્રી પરમેશ્વર પ્રીત્યે.

બીજાં રાણી ગામ વળાસણના રાઠોડ ગોરધનશંગજી નારણશંગજીનાં કુંવરી પરમાણકુંવરબા હતા. ત્રીજાં રાણી મેતલીના ઠાકોર અબાજી લખાજીનાં કુંવરી જીવાંજીબા હતા. ચોથાં રાણી પચ્છમના ઝાલા નાગજી ખેતજીનાં કુંવરી માનકુંવરબા હતાં. પાંચમા રાણી ગામ મોગરના ઠાકોર અદેભાણ જોગીદાસનાં કુંવરી શામજીબા હતાં. છઠ્ઠા રાણી ગામ આવરના ચહુઆણ રાજકરણ માલજીના કુવરી રાજકુવરબા હતાં, તેમનાં કુમારી આછુબાને રાવ વેરીશાલજીને શીરોઇ પરણાવ્યા હતા. સાતમાં રાણી ધ્રોળના જાડેજા જુણાજી (જવાનશંગજી) કલ્યાણશગજીના કુવરી બાજીરાજબા હતાં; તેમના કુમાર રૂપશંગજી તથા રતનશગજી આ બે થયા. તેમાં રૂપશગજીને છબાસર, વેજી ને વૈઠાનો ગરાસ, તેમજ રતનશગજીને કુંડળ તથા આંબેડીનો ગરાસ આપવામાં આવ્યો હતો. આઠમા રાણી સસ્થાન ગાફના ચુડાસમા નોંઘણજી પ્રાગજીનાં કુવરી દેવકુવરબા હતાં. પૃથીરાજજીએ નીતિથી રાજ કર્યું અને પોતાનો ઘણો વખત પ્રભુભજન અને પરમાર્થમાં ગાળ્યો હતો. તે સ્વર્ગે જવાથી તેમની ગાદી ઉપર પાટવી કુમાર શ્રી શેશમાલજી બેઠા હતા.

મહારાણા શેશમાલજીના પહેલાં રાણી ગામ વડેસરના રાવળ રાય ભાણચંદ્ર ભાણજીના કુંવરી અભુજીબા હતાં, તેમનાં કુવરી લીલાંજીબા હતાં તેમને વાંકાનેરના રાજસાહેબને પરણાવ્યાં હતા. બીજાં રાણી સમલાના ઝાલા બારાજી કરણાજીનાં દીકરી અનોપકુવરબા હતાં, તેમના કુમાર આશકરણજી, જે પાટવી હતા. ત્રીજાં રાણી ભડીયાદના ચુડાસમા બનેચંગજી અરજણશંગજીનાં કુંવરી રૂપાંજીબા હતાં, તેમના કુમાર મેઘરાજજી તથા કુવરી બાઇરાજબા હતાં તેમને વાંકાનેરના રાજસાહેબ સાથે પરણાવ્યા હતાં. કુમાર મેઘરાજજી નિરવંશ ગુજર્યા હતા.

મહારાણા શેશમાલજી દેવલોક પામ્યાથી તેમની ગાદી ઉપર મહારાણા આશકરણજી જે પાટવી કુમાર હતા તે બેઠા. શેશમાલજીના વખતમાં એક સુંદર કુવો ગાંગડમાં તળાવની પાળ ઉપર બંધાવ્યો છે તેને અદ્યાપિ પણ બાઇનો કુવો કહે છે.

મહારાણા આશકરણજીનાં પહેલાં રાણી અંકેવાળીયાના ઝાલા સાંગાજી અજાજીનાં કુંવરી જામબા; તેમના પાટવી કુમાર રામશંગજી થયા. બીજાં રાણી ગામ દુધરેજના ઝાલા અદેકરણજી જગન્નાથજીનાં કુંવરી રામકુંવરબા; તેમનાં કુંવરી અદીબા થયાં તે ભૂજના રાવ ગોડ સાથે પરણાવ્યાં હતાં. ત્રીજાં રાણી ગારીઆધરના ગોહેલ પૃથીરાજજી કાંધાજીનાં કુંવરી જીજીરાજબા હતાં. મહારાણા આશકરણજી દેવલોક પામવાથી તેમના પાટવી કુમાર રામશંગજી ગાદી ઉપર બેઠા.

આશકરણજીનાં મોટાં રાણી અજુબા (જામબા) પોતાના પતિની સાથે સતી થઇ સ્વર્ગે ગયાં હતાં; જેમની દેરી ગાંગડમાં તળાવની પાળ ઉપર બાંધેલી જોવામાં આવે છે.

રામસિંહજીનાં પહેલાં રાણી શીહોરના ગોહેલ રતનશંગજી ગજશંગજીનાં કુંવરી ગગુબા હતાં. તેમના કુમાર ચંદ્રસિંહજી તથા કુવરી આદીબા તથા આફુબા હતાં. આફુબાને હળવદના રાજ જસવતસિંહજી સાથે પરણાવ્યાં હતાં. બીજાં રાણી દેવલીયાના ઝાલા પૃથીરાજજી ભાવશગજીનાં કુંવરી સોનાબા હતાં. મહારાણા રામશગજી દેવલોક પામવાથી તેમની ગાદી ઉપર પાટવી કુમાર શ્રી ચંદ્રસિંહજી ગાદી ઉપર બેઠા.

મહારાણા શ્રી ચંદ્રસિંહજીનાં પહેલાં રાણી સંસ્થાન શીહોરના ગોહેલ રામશંગજી ભાવશંગજીનાં કુવરી સુજાણકુંવરબા હતાં. તેમના કુમાર શેશમાલજી તથા સુલતાનસિંહજી થયા; અને કુવરીઓ માવકુંવરબા, અમરતકુંવરબા તથા વખતકુંવરબા હતાં. તેમાં વખતકુંવરબાને ભૂજના રાવ રાયભાણજીને પરણાવ્યાં હતાં. અમરતકુવરબા તથા વખતકુવરબા નાની ઉમરમાં ગુજર્યાં હતાં. બીજાં રાણી વસાઇના ચાવડા જગરૂપજી સૂરજમલજીનાં કુંવરી માનકુંવરબા હતાં; તેમના કુમાર ગજશંગજી, દેશળજી ને કાકોકુવર થયા. મહારાણા ચંદ્રસિંહજી સ્વર્ગ લોક પામ્યા ત્યારે તેમને બાગમાં જે જગોએ અગ્નીદાહ કરેલો ત્યાં ચંદ્રેશ્વર મહાદેવનું સ્થાપન કર્યું છે.

મહારાણા ચંદ્રસિંહજીની ગાદી ઉપર પાટવી કુમાર શ્રી શેશમાલજી બેઠા. તેમનાં પહેલા રાણી સંસ્થાન ગાફના ચુડાસમા ઠાકોર નાગજી અગરશંગજીનાં કુંવરી કેશરકુવરબા હતાં. તેમનાં કુવરી દેવકુંવરબા; તે ગુજરી ગયાં હતાં. બીજાં રાણી અકેવાળીઆના ઝાલા અજેશગજી અભેરાજજીનાં કુવરી હરકુવરબા હતાં. તેમનાં કુવરી મોટીબા; તે પણ ગુજરી ગયાં હતાં. શેશમાલજી જ્યારે દેવલોક પામ્યા ત્યારે તેમને પુત્ર નહિ હોવાથી તેમના ભાઈ ગજસિંહજી ગાદી ઉપર

બેઠા, ત્યારે તેમના ભાઈ હાજીરાજને મખીઆવ અને સમાણીનો ગરાસ સંવત ૧૯૫૪ માં આપ્યો હતો. શેશમાલજી સંવત ૧૯૮૨ માં હયાત હતા એમ જણાય છે.

મહારાણા ગજસિંહજીનાં પહેલાં રાણી ભડીયાદના ચુડાસમા જેઠીશંગજી કરશનશંગજીનાં કુંવરી બાજીરાજબા હતાં; તેમના કુમાર રામશંગજી તથા ખુમાનસિંહજી (દાદાજી) હતા. બીજાં રાણી મેતલીના ઠાકોર સૂરશંગજી લાખાજીનાં કુંવરી મોટીબા હતાં; તેમના કુમાર અભેસિંહજી થયા. ત્રીજાં રાણી કુકરવાડાના ચાવડા ધીરજશંગજી ઉમેદશંગજીનાં કુંવરી ચંદાબા હતાં. મહારાણા ગજસિંહજી દેવલોક પામવાથી તેમના પાટવીકુમાર રામશંગજી ગાદી ઉપર બેઠા.

રામસિંહજીનાં પહેલાં રાણી આશામીયાના જાડેજા વજેરાજજી મૂળરાજજીનાં દીકરી જીજીરાજબા હતાં; તેમનાં કુંવરી માજીરાજબા; તે પાછાં થયાં છે. બીજાં રાણી અંકેવાળીઆના ઝાલા બનેશંગજી અજેશંગજીનાં કુંવરી અનોપકુવરબા હતાં તેમના કુમાર ગગુભા (હરીસિંહજી) અને અમરસિંહજી થયા. ત્રીજાં રાણી ભડીયાદના ચુડાસમા બાવાજી નથુભાઈનાં કુવરી શાહબા હતાં. ચોથાં રાણી ગાંફના ચુડાસમા મેળાજી બાવાજીનાં કુંવરી જસુબા હતાં. રામસિંહજી ઘણા પરાક્રમી અને ઇશ્વરભક્ત ગણાતા હતા. તેમના સ્વર્ગલોક પામતા અગાઉ પાટવી કુમાર ગગુભા (હરીશગજી) સંવત ૧૯૦૧ માં ગુજર્યો હતા. મરહુમ હરીસિંહજીનાં રાણી ભડીયાદના ચુડાસમા અમરસિંહજીનાં કુંવરી બાઇસાહેબ હતાં. તે નિર્વંશ ગુજર્યા હતા. તેમજ તેમના ભાઇ અમરસિંહજી પણ તેમના ગુજર્યા અગાઉ સવત ૧૮૯૯ માં ગુજર્યા હતા. જેથી મહારાણા રામસિહજી જ્યારે સંવત ૧૯૦૨ ના વૈશાખ સુદી ૧૨ ને રોજ દેવલોક પામ્યા ત્યારે તેમની ગાદી ઉપર બેસવા સારૂ તેમના બન્ને કુમાર પૈકી એકે હયાત નહોતા; જેથી તેમના નાના કુમાર અમરસિંહજીના કુમાર કેશરીસિહજી પોતાના દાદા રામસિંહજીની ગાદી ઉપર બેઠા. તેમનાં માતુશ્રી ખેડાના મહીડા ઠાકોર ગલાબસિંહજીનાં કુવરી બાઇરાજબા (બાનજીબા) હતાં. તે બાલ્યાવસ્થામાં સવત ૧૯૦૪ ના ભાદરવામાં દેવલોક પામ્યા.

જ્યારે બાળકુમાર કેશરીસિંહજી દેવલોક પામ્યા, ત્યારે ગાંગડની ગાદી ઉપર અભેસિંહજી ગજસિંહજીના પાટવી કુમાર કલ્યાણસિંહજી ઉર્ફે ગગુભા ગાદી ઉપર બેઠા. ગાદીના હક બાબત કલ્યાણસિંહજીને અને તેમના કાકા હાજીરાજ (દાદાજી)ના દીકરા અગરસિંહજી (બાપુભા)ને બાર વરસ સુધી કજીઓ ચાલ્યો હતો. તેમાં છેવટ ફેંસલો કલ્યાણસિહજીના લાભમાં થયો. આ

અમરસિંહજીના દીકરા જસુભા હતા. તેમનું લગ્ન ખેડાના મહીડા ઠાકોર જીજીભાઇ ગુલાબસિંહજીનાં કુંવરી મોટીબા સાથે થયું છે. જસુભાના કુંવર રામસિંહજીને ન્યાયની કોર્ટે ખરા ગણ્યા નથી.

કલ્યાણસિંહજીના પિતા અભેસિંહજીનાં પહેલાં રાણી ગેડીના ઝાલા માલસિંહજી બાવાજીનાં કુંવરી રતનકુંવરબા હતાં. બીજાં રાણી ભડીયાદનાં ચુડાસમા હોથીજીનાં કુંવરી અણુદીબા હતાં; તેમના કુમાર ગાદીપતિ ઠાકોર કલ્યાણસિંહજી છે; જેમનો જન્મ સંવત ૧૮૯૨ ના માહા શુદ ૧૧ મે રોજ થયો હતો. તેમના નાના ભાઇ રતનસિંહજી (ભાદાદા) હતા; તેમને બેઝવા ગામ આપવામાં આવ્યું હતું. તે નિર્વંશ ગુજરવાથી તે ગામ તાલુક નીચે પાછું આવ્યું છે. રતનસિંહજીનાં બ્હેન બાઇરાજબા હતાં, તેમને ભુજના રાવના ભાઇ જાડેજા હમીરસિંહજી સાથે પરણાવ્યાં હતાં જેમને તેરાનો ગરાસ છે. તે બાઇ દેવલોક પામ્યાં છે. બીજાં કુંવરી માજીરાજબાને વઢવાણ દરબારના નાના ભાઇ ઝાલા બાપુભા સાથે પરણાવ્યાં હતાં. તે બાઇ દેવલોક પામ્યાં છે.

મહારાણા શ્રી કલ્યાણસિંહજીને રાજ્યાભિષેકની ક્રિયા સંવત ૧૯૧૬ ના માહા શુદ ૧૧ ને શુક્રવારે થઇ હતી. મહારાણા શ્રી કલ્યાણસિંહજીનાં પહેલાં રાણી આડેસરના જાડેજા પ્રતાપસિંહજીનાં કુવરી વહુબા હતાં તે દેવ થયાં છે. બીજા રાણી કચ્છમાં આવેલા રૂવાના જાડેજા ખેંગારજીનાં કુંવરી કેશાબા હતાં; તેમના પાટવીકુમાર જસવતસિંહજી (ભાઇસાહેબ) હતા. ત્રીજાં રાણી વાવડીના ગોહેલ વખતસિહજી વકાભાઇનાં કુવરી માજીરાજબા હતાં; તેમનું લગ્ન સંવત ૧૯૧૮ ના વૈશાખ માસમાં થયું હતું. તેમને બે કુંવરીઓ થઇ ગુજરી ગઇ હતી. ચોથાં રાણી વળાના ગોહેલ ઠાકોર પૃથીરાજજીના કુંવરી બાકુવરબા હતા તેમના કુમાર નાનસિહજી (નાનભા) હતા. પાચમાં રાણી આડેસરના જાડેજા પ્રતાપસિહજી મેઘરાજજીના કુંવરી માજીરાજબા હતાં તે સવત ૧૯૬૩ ના ફાગણ શુદી ૧૧ ના રોજ દેવલોક પામ્યાં છે. મહારાણા કલ્યાણસિહજી ઘણા દયાળુ ને ઉદાર હતા. પોતાની જુવાનીમાં બને આંખોએ કાંઇ કારણથી એકદમ દેખાતું બધ થયું. તે દેવલોક પામતાં સુધી દેખાતું નહોતું; જેથી રાણી શ્રી માજીરાજબા ભણેલા તેમજ હીમતવાન હતા, તેમણે ઠાકોર સાહેબના અભિપ્રાય મુજબ વહીવટ ચલાવ્યો હતો. પાટવી કુમાર શ્રી જસવતસિહજી પોતાની ભરજુવાનીમાં પોતાના પિતાની હયાતીમાં સવત ૧૯૪૦ ના પોસ શુદી ૨ ને રોજ દેવલોક પામ્યા. તે ઘણા વિદ્વાન ને ડાહ્યા હતા. તેમનાં પહેલા રાણી રૂવાના જાડેજા ઠાકોર શ્રી વિભાજીનાં કુંવરી રાજબા છે તેમને કઇ પ્રજા નથી. બીજા રાણી વાવડીના

ગોહેલ શ્રી રામસિંહજીનાં કુંવરી બાલુબા હતાં જેમને કુંવરી જીજીરાજબા છે; તેમને વીરપુરના ઠાકોર શ્રી હમીરસિંહજી સૂરસિંહજી સાથે પરણાવ્યાં છે; અને પાટવી કુમાર શ્રી જુવાનસિંહજી છે, જે હાલના ઠાકોર સાહેબ છે; જેમનો જન્મ સંવત ૧૯૪૦ ના પોસ શુદી ૩ ને રોજ થયો છે.


મહારાણા શ્રી કલ્યાણશગજી સવત ૧૯૪૩ ની સાલમાં ઉત્તરાયનને દીવસે એટલે તા. ૧૩ મી જાનેવારીએ દેવલોક પામ્યા છે. ને ત્યારબાદ કેટલીક મુદતે તેમના નાના કુમાર નાનભા ભરજુવાનીમાં દેવલોક પામ્યા છે. નાનભાનું પ્રથમ લગ્ન આડેસરના જાડેજા ઠાકોર શ્રી લખાજીનાં કુંવરી બાઈરાજબા સાથે થયેલું તે દેવલોક પામ્યાં છે; ને બીજું લગ્ન વાંઢીઆના જાડેજા શ્રી મોડજીનાં કુંવરી કૃષ્ણકુંવરબા સાથે થયેલું હતું, તે બાઈ હયાત છે.

ઠાકોર સાહેબ જુવાનશગજીનાં મોટાં રાણી સરવડના જાડેજા ઠાકોર નાનભા ગગુભાનાં કુંવરી શ્રી પરતાપકુવરબા છે. જેમને કુમાર ખુમાનશગજી છે; તેમનો જન્મ સવત ૧૯૬૧ ના કારતક સુદી ૭ ને વાર સોમને રોજ થયો છે; ને નાનાં રાણી જાખોદરાના જાડેજા ઠાકોર કેશરીશગજી પરતાપશંગજીનાં કુંવરી જીજીરાજબા છે; તેમને કુમાર સાહેબશગજી છે, જેમનો જન્મ સવત ૧૯૫૯ ના શ્રાવણ સુદી ૧૫ ને વાર શનીને રોજ થયો છે તે પાટવી છે.

મહારાણા શ્રી સારંગદેવજી.

- ભીમશગજી
  - કરણશગજી. (સાણંદ)
  - મેળાજી. (બાવળા.)
    - પૃથીરાજજી.
      - સગરાશગજી. ×
      - કલ્યાણશગજી
        - જેસિંહદેવજી.
          - માલદેવજી.
            - ¶વિશળદેવજી.
      - વિશળદેવજી (પ્રથમ ધ્રયાવા, પછી ગાદી ઉપર)
      - કરણશંગજી (ધનાળુ વગેરે)
      - કેશવસિંહજી. (ખોડુ વગેરે.)
      - નારણસિંહજી. (વીંછીઆ, બરોડા વગેરે)
    - ભોજરાજજી. (રેથળ, સીંધરજ ગામ)
    - રામશગજી. ×
    - ભાણશંગજી. ×

¶વિશળદેવજીનો વંશ જુઓ પૃષ્ઠ ૧૯૮.


વિશળદેવજી માલદેવજી.
રામશ ગજી.
ભાવશ ગજી.
(ઇયાવા, બકરાણા વગેરે)
સબળશ ગજી.
(દુમાલી, મેમર.)
રાજજી
કેશરીશંગજી
(કેશરંડી, આણેસર)
રતનશંગજી.
×
કશીઆજી.
(વારશંગ વગેરે.)
ખેંગારજી.
×
હમીરજી
×
અદોજી.
×
જેશંગજી.
×
શેશમાલજી.
રૂપશ ગજી
(છબાસર, વેજી, વૈઠા.)
રતનશંગજી.
(કુડળ, આએટી)
આશકરણજી.
મેઘરાજજી.
×
રામશ ગજી.
ચંદ્રસિંહજી.
શેશમાલજી.
×
ગજસિંહજી.
દાજીરાજ
(મખીઆવ)
કાકાકુંવર.
રામસિંહજી.
અભેસિંહજી.
દાદોજી (દાજીરાજ)
વજેશ ગજી.
પથાબાઈ.
મગુભા (હરીશ ગજી)
×
અમરશંગજી
કલ્યાણશ ગજી.
રતનશંગજી.
(ખેગવા.)
કેશરીશંગજી.
(ઉમેટામા રહેછે.)
કેશરીશંગજી.
×
જસવતશંગજી.
નાનભા.
×
કાલુભા.
×
અમરશંગજી.
જુવાનશ ગજી.
જસુભા.
×
સાહેબશ ગજી.
ખુમાનશ ગજી.

મખીઆવ.

આ તાલુકો સાણંદ તાલુકામાં સાણંદ ગામથી પશ્ચિમ દિશામાં છે.* તેના તાબામાં મખીઆવ અને મેલાશણા તેમજ ધોળકા તાલુકાનું સમાણી ગામ છે. લીલાપર અને પાવા આ બે પરાં મખીઆવની હદમાં નવાં વાસવામાં આવ્યાં છે. ગામોનું કુલ ક્ષેત્રફળ ૮૩૩૪ એકર છે. ને વસ્તી સુમારે ૧૪૦૫ માણસની છે. તાલુકાની ઉપજ રૂ.૧૫૦૦૦) ને આશરે છે; તે પૈકી નામદાર સરકારને જમાબંદી તથા લોકલફંડ મળી રૂ.૩૧૭૮) ભરવા પડે છે. જમીન સપાટ છે; તેમાં મુખ્યત્વે ક્યારી અને કાળી ભોંય તથા જુજ ગોરાડુ છે. તેમાં કપાસ, ઘઉં ને ડાંગેરનો મુખ્ય પાક છે. મખીઆવમાં સરકારી નિશાળ છે.

ગાંગડના મહારાણા માલસિંહજી કાઠી લોકો સાથે લડતાં મખીઆવને પાદર યૂદ્ધમાં દેવલોક પામ્યા હતા, તેમની છત્રી તે ગામ પાસે છે; ને ત્યાં આગળ માલાસર નામનું તળાવ ખોદાવેલું હજુ તેજ નામથી પ્રસિદ્ધ છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણા શ્રી ચંદ્રસિંહજીને ચાર કુમાર, પાટવી શેશમાલજી, ૨ ગજસિંહજી, ૩ દાજીરાજ ને ૪ કાકાકુંવર હતા. તેમાંથી દાજીરાજને સદરહુ ગરાસ મળ્યો હતો. દાજીરાજનું બીજું નામ સુલતાનસિંહજી હતું. ગરાસ મળતા અગાઉ તેમને ગાંગડ દરબારની સામે કેટલીક મુદત સુધી બહારવટે ફરવું પડયું હતું, ને આખરે સાણંદ દરબારે બનેને સમાધાન કરાવી સદરહુ મખીઆવ અને સમાણીનો ગરાસ અપાવ્યો હતો; અને પોતે વડીલ હોવાથી દાજીરાજને પોતાના તરફથી મેલાસણા ગામ જે તે વખતે ઉજડ હતું, તે આપ્યું હતું. તે ગામ તેમણે આબાદ કર્યું હતું. લીલાપર નામનું પરૂં સંવત ૧૯૦૬ ને પાવા સંવત ૧૯૧૩ માં નવાં વાસીને મખીઆવની હદમાં આબાદ કર્યાં હતાં. દાજીરાજનાં માતુશ્રી સુજાણકુંવરબા શીહોરના ગોહીલ રામસંગજી ભાવસંગજીનાં કુંવરી હતાં. તેમના સગા મોટાભાઇ શેશમાલજી ગાદીપતિ ઠાકોર હતા. તેમનાં બે સગાં બેન પૈકી મોટાં વખતકુંવરબાને ભૂજના રાવ રાયધણજીને અને નાનાં બેન જીજીરાજબાને ઉદેપુરના મહારાણા ભીમસંગજી વેરે પરણાવ્યાં હતાં. દાજીરાજના કુંવરનું નામ બાપુભા હતું. તેમના વખતમાં ધ્રાંગધ્રાના રાજ સાહેબ ત્યાંથી રીસાઇને મખીઆવ આવ્યા હતા. ને જ્યારે મનામણું થયું ત્યારે સારી આબરૂ અને માન સાથે તેમને વિદાય કર્યા હતા. બાપુભાનાં બહેન બાઇસાહેબને ભૂજના ભાયાત આડેસરના દરબાર કલ્યાણસંગજી સાથે પરણાવ્યાં હતાં. આ બાઇએ કચ્છના રાવે આડેસર જીતવા લશ્કર મોકલેલું તેના સામે બાહાદુરીથી છ મહીના સુધી ટકાવ કર્યો હતો.

બાપુભાને ત્રણ કુમાર હતા. પાટવી મદારશંગજી, ૨ ભાવશંગજી; આ બે સગા ભાઇ ને ૩ કરણશગજી ઓરમાન ભાઈ હતા. મદારશંગજીનાં બહેન ભૂજના રાવ શ્રી દેશળજી સાથે પરણાવ્યા હતાં. મદારશગજીના કુમાર રાયસિંહજી અને કુંવરી જીજીરાજબા તથા રૂપાળીબા. તે પૈકી જીજીરાજબાને ભૂજના રાવ પ્રાગમલજી સાથે અને રૂપાળીબાને આડેસરના ઠાકોર લખાજી સાથે પરણાવ્યાં હતા. ભાવશંગજીને કુવર નહોતો. પણ વખતુબા તથા ચાંદાબા બે દીકરીઓ હતી. વખતુબાને વાઢીઆના ઠાકોર મોડજી સાથે તથા ચાંદાબાને ચુડાના ઠાકોર બહેચરશગજી સાથે પરણાવ્યાં હતા.

કરણશંગજીને બે કુમાર કાલુભા અને ધીરૂભા હતા ને બે કુવરીઓ ૪ પૈકી મોટા બાઇરાજબાને લીંબડીના પાટવી ઠાકોર હરભમજી સાથે, તથા બીજા બાકુવરબાને રાજકોટના પાટવી ઠાકોર મહેરામણજી સાથે, ત્રીજાં રૂપાળીબાને વઢવાણના ફટાયા કુમાર કેશરીશગજી સાથે અને નાનાં પામબાને સાંતલપુરના જાડેજા કેશરીશગજી સાથે પરણાવ્યા હતા. કાલુભાના કુવરનું નામ જસવતસિંહજી અને ધીરૂભાના કુમારના કુમારનું નામ બાલસિંહજી તથા કુંવરી અનોપકુવરબા છે. કાલુભાને બે કુવરીઓ ફુલજીબા તથા મોંઘીબા છે.

રાયસિંહજી ઠાકોર ઘણા વિદ્વાન ને ચાલાક હતા; ને પોતે 'શિવરંજન' નામનો ગ્રંથ ૧૯૨૦ માં લખ્યો હતો. રાયસિંહજી સવત ૧૯૩૬ ની સાલમાં ભરજુવાનીમાં દેવલોક પામ્યા છે. તેમને પાટવી કુમાર દેવીશગજી તથા નાના ફુલુભા છે. કુવરી બાઈ શ્રી જેઠીબા હતા; તેમને જોધપુર ભાયાત લીંબાયના ઠાકોર છત્રસિંહજી સાથે પરણાવ્યાં હતા, તે દેવલોક પામ્યા છે.

દેવીસિંહજીનાં લગ્ન વણાના ઝાલા મુળુભા રતનશંગજીનાં દીકરી રાજુબા સાથે થયા છે. તેમના કુમાર મનુભા છે અને બીજું લગ્ન કચ્છમાં બાડાના જાડેજા દેવાજી સુમરાજીના દીકરી લીરૂબા સાથે થયું છે. ફુલુભાનું લગ્ન ધ્રોળ ભાયાત ઇટાળાના જાડેજા મોટાજીનાં દીકરી બાઇરાજબા સાથે થયું છે. જસવતશગજીનું લગ્ન ચભાડીયાના ગોહેલ ખોડાભાઈનાં દીકરી બાકુંવરબા સાથે થયું છે અને બાલશંગજીનું લગ્ન લીમડીના પરમાર જીજીભાઇ જેહાભાઇના દીકરી સાથે થયું છે.

તાલુકામા રાયસિંહજીના કુમાર દેવીશગજી તથા ફુલુભાનો હિસ્સો બાર આનીનો અને કરણશગજીના દીકરા કાલુભા તથા ધીરૂભાનો મળી ચાર આનીનો ભાગ ઠરેલો છે.

મહારાણાશ્રી ચંદ્રસિંહજી.

- શેશમાલજી.
- ગજસિંહજી.
- હાજીરાજ (મુલતાનસિંહજી.)
  - બાપુભા.
    - મહારસિંહજી.
      - રાયસિંહજી.
        - દેવીસિંહજી.
          - મનુભા.
        - કુલુભા.
    - ભાવસિંહજી. ×
    - કરણસિંહજી.
      - કાલુભા.
        - જસવંતસિંહજી.
      - ધીરૂભા.
        - બાલસિંહજી
- કાકો કુંવર.

છબાસર.

આ તાલુકો ધોળકા તાલુકાની હદમાં ધોળકાથી પશ્ચીમ દિશામાં છે. તેના તાબામા છબાસર ગામ અને વેજી ગામનો વાંટો છે. કુલ ક્ષેત્રફળ એકર ૪૧૧૪ છે; ને છબાસરની વસ્તી ૪૮૫ માણુસોની છે. તાલુકાની ઉપજ રૂ.૫૫૦૦) ને આશરે છે. તે પૈકી નામદાર સરકારને જમાંબદી તથા લોકલફંડના મળી રૂ.૧૨૯૧) ભરવા પડે છે. મુખ્યત્વે કરી કાળી જમીન છે, જેમાં ઘઉં તથા કપાસ પાકે છે. ભાગબટાઇનો વહીવટ ચાલે છે.

ગાંગડના ગાદીપતિ મહારાણા શ્રી બીજા પૃથીરાજજીને ત્રણ કુમારો, પાટવી શેશમાલજી ૨ રૂપસિંહજી ને ૩ રતનસિંહજી હતા. જેમાંના રૂપ-સિંહજીને છબાસર, વેજી ને વોઠાનો ગરાસ મળ્યો હતો. રૂપસિંહજી અને રતનસિંહજી એ સગા ભાઇ હતા. તેમનાં માતુશ્રી ધ્રોળના જાડેજા જુણાજી (જવાનસિંહજી) કલ્યાણસિંહજીનાં કુંવરી બાજીરાજબા હતાં. રૂપસિંહજી ઘણા શાણા ને ઠરેલ ગણાતા હતા. તેમને પાંચ કુમારો હામોભાઈ, મોડભાઈ, તેજાભાઈ, જગતસિંહજી તથા કેશાભાઇ હતા; જેમાંના તેજાભાઈ તથા જ-ગતસિંહજી નિર્વંશ ગુજર્યા હતા; ને નાના ભાઇ કેશાભાઈને વોઠા ગામ આપ્યું હતું. અને મોડભાઇ તથા તેજાભાઇ એ છબાસર તથા વેજીનો ગરાસ રાખી છબાસરમાં રહ્યા હતા તેમનો વંશ છબાસરમાં છે. વેજી ગામ ખાલસા થયું છે પણ ત્યાં વાંટો રહ્યો છે.

છબાસરની ભાગવારી.

કો. બ. વી.   નામ.

૬૦–૦–૦ તાલુકદાર શીવશંગજી બાવાજી.

- ૧૨–૯–૪ શીવશંગજી બાવાજી.
- ૫–૩–૬ ચાંદાભાઈ દેવાજી.
- ૫–૩–૬ લધુભા દેવાજી.
- ૧૮–૮–૦ બાઈશ્રી રામબા જહાભાઇ રહાભાઇનાં વિધવા.
- ૯–૪–૦ બાઈશ્રી બાઇજીબા પ્રતાપશગજી અખાભાઇનાં વિધવા.
- ૯–૪–૦ તખતશંગજી અખાભાઇ.

૬૦–૦–૦

૪૦–૦–૦ તાલુકદાર સામતશગજી જેઠીભાઇ.

- ૬–૧૦–૧૦।।। સામતશગજી જેઠીભાઈ.
- ૬–૧૦–૧૦।।। રતનશગજી નારશગજી.
- ૬–૧૦–૧૦।।। અભેશગજી આણુંદશગજી.
- ૬–૧૦–૧૦।। હરભમજી માધવશગ તથા ચંદુભાઈ માધવશગજી સગીરનાં વાલી બાઇ શ્રી પામબા.
- ૪– ૭– ૧।।। મેરૂભાઇ સૂરશગજી તથા દાદુભાઇ સૂરશગજી.
- ૪– ૭– ૧।।। વજેશગજી હરીશગજી.
- ૪– ૭– ૧।।। બાઈશ્રી સોનબા પ્રભાતશગજી હરીશગજીનાં વિધવા.


૪૦– ૦– ૦

૧૦૦–૦–૦

પૃથીરાજજી ગાદીપતિ ગાંગડ.

- શેઘમાલજી ગાદીપતિ.
- રૂપસિંહજી
  - *હામોભાઈ
  - *મોડભાઈ
  - તેજસિંહજી ×
  - જગતસિંહજી ×
  - કેશાભાઇ (વોઠા ગામ.)
- રતનસિંહજી. (કુંડળ, આબેઠી.)

*હામોભાઇ તથા *મોડભાઇનો વંશ જુઓ પૃષ્ઠ ૨૦૩.



*મનુભાનો વંશ જુઓ પૃ૪ ૨૦૪

- મનુભા દેશળજી
  - આણંદસિંહજી
    - અભેસિંહજી
      - હીમતસિંહજી
      - જુવાનસિંહજી
    - બાવસિંહજી ×
  - વીરોજી
    - માધવસિંહજી
      - હરભમજી
      - ચંદનસિંહજી
    - કેશરીસિંહજી ×
  - ભુપતસિંહજી
    - શીવસિંહજી ×
  - ભીમજી ×
  - મોડભાઇ ×

વૌઠા.

આ તાલુકદારને વૌઠાનો વાંટોજ રહ્યો છે. તેમના મૂળ પુરૂષ છબાસરથી ઉતરેલા કેશાભાઇ હતા. એ વાંટાનું ક્ષેત્રફળ ૬૩૨ એકર છે. તેમજ સેતરા તાલુકે માતરમાં પણ તેમનો વાંટો છે. જમાબંધી તથા લોકલફંડ મળી રૂ૬૧૭-ના આશરે નામદાર સરકારને ભરવા પડે છે. જમીન રેતાળ છે. આ ગામ સાબરમતીને વાત્રકના સંગમ ઉપર છે અને ત્યાં કારતક સુદી ૧૫ ઉપર મોટો મેળો ભરાય છે ને લાખો માણુસ ભેગાં થઇ ત્રણ દિવસ સુધી રહે છે.

આ ગામ અસલ વાઘેલાના તાબાનું હતું. જમીન રેતાળ હોવાથી ગોરાડુ અનાજ પાકે છે ને સેતરામાં ડાંગેરની નીપજ છે.

ગાંગડના આદીપતિ ઠાકોર મહારાણા શ્રી પૃથીરાજજીના ત્રણ કુમારો પૈકી વચલા રૂપસિંહજીને છબાસર, વેજી અને વૌઠા આ ત્રણ ગામ મળેલાં હતાં. તેમને પાંચ કુમારો પૈકી નાના કેશાભાઇને આ ગામ આપવામાં આવેલું હતું. તે ગામ તેમના વંશવાળા પાસેથી ગયું છે; ને હાલ વાંટો રહ્યો છે.

આ તાલુકામાં રાયશંગજી બાવાજી, પરતાપશંગજી બાવાજી, મોટીબા મહારશગજી રવાભાઈની વિધવા, અને ગલાબશંગજી દેવીશંગજી નાની ઉમરનાની વાલી તેની મા હરીબા, આ ચારે દરેક પચીસ પચીસ દોકડાના સરખા હિસ્સેદારો છે.

વોડા.

- રૂપસિંહજી (છબાસર)
  - ડામોબાઇ (છબાસર)
  - મોડભાઇ (છબાસર)
  - તેજસિંહજી ×
  - જગતસિંહજી ×
  - કેશાભાઇ
    - જીવાભાઇ
      - કાળુભા
        - કાયાભાઇ ×
        - જાલમસિંહજી ×
    - સાગાભાઇ
      - વાઘજી
        - દેવાભાઇ
          - બનેસિંહજી
            - રામસિંહજી ×
          - મનુભા
            - દેવીસિંહજી
              - ગભાભસિંહજી
          - મુળુભા ×
          - મદારસિંહજી ×
        - વજેસિંહજી
          - બાવાજી
            - રાયસિંહજી
            - પરતાપસિંહજી
          - પચાણજી ×
    - વખતુબા ×

કુંડળ.

આ તાલુકો સાણંદ તાલુકાની હદમાં સાણંદ ગામથી પશ્ચિમ દિશામાં છે તેના તાબામા કુડળ ગામ અને ધોળકા તાલુકાનો આબેઠીનો વાંટો છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૩૪૨૮ છે. ઉપજ આશરે રૂપીયા ૬૦૦૦) ની છે. ભાગવટીનો વહીવટ છે. ને નામદાર સરકારને જમાંબંદી તથા લોકલફંડના મળીને રૂ ૧૪૧૫) ભરવા પડે છે. કુડળ ગામની વસ્તી સુમારે ૩૩૫ માણસની છે. જમીન ક્યારી અને કાળી જમીન છે, તેમા ડાંગેર અને કપાસ તથા ઘઉં નિપજે છે.

ગાંગડના ગાદીપતિ મહારાણા શ્રી બીજા પૃથીરાજજીને ત્રણ કુમારો; તેમાં પાટવી શેશમાલજી ૨ રૂપશગજી ને ૩ રતનશગજી હતા. શેશમાલજી ગાદી ઉપર બેઠા. રૂપશગજીને છબાસર, વેજી ને વૈઠા ગામ આપ્યાં હતાં; અને નાના રતનશંગજી જે આ તાલુકાના મૂળ પુરૂષ તેમને કુડળ અને આબેઠી ગામ મળ્યાં હતાં. તેમનાં માતુશ્રી ધ્રોળના જાડેજા જવાનશગજી અગરશગજીનાં કુંવરી બાજીરાજબા હતા. રૂપશગજી તથા રતનશગજી આ બે સગા ભાઇ હતા. રતનશંગજીના કુવરનું નામ હઠીઆજી હતું. તેમના દીકરા ખેંગારજી થયા. તેમના ત્રણ પુત્ર લાધાજી, મુળુજી તથા સામતસિંહજી હતા. જેમાના સામતસિંહજી નિરવંશ ગુજરવાથી લાધાજી તથા મુળુભાઇના વંશવાળા સદરહુ ગરાસ ખાય છે.

કુડળનું પેઢીનામું તથા ભાગવારી નિચે મુજબ છે.

પૃથીરાજજી (ગાંગડના ગાદીપતિ.)

- શેશમાલજી (ગાદીપતિ)
- રૂપસિંહજી (છબાસર, વેજી, વૈઠા ગામ)
- રતનસિંહજી
  - હઠીઆજી
    - ખેંગારજી
      - †લાધાજી
      - *મુળુજી
      - સામતસિંહજી ×

---

†લાધાજી અને *મુળુજીનો વંશ જુઓ પૃ ૨૦૭.

- લાધાજી ખેંગારજી
  - અલુભાઇ
    - મનુભા
      - બાપુભા
        - વખતસિંહજી ×
        - ફતેસિંહજી ×
      - ગગુભા
        - સામતસિંહજી તથા ખેંગારજી તથા હરીસિંહજી બધા નિર્વંશ ×
      - ખેમાભાઇ
        - વેનાભાઇ
    - ભગતસિંહજી ×
  - મેરૂભા
    - મદારસિંહજી ×
    - રતનસિંહજી
      - સુગાભાઇ
        - હરભમજી
          - લાલસિંહજી
          - દેવીસિંહજી
        - જસાભાઈ
      - શીવસિંહજી ×
  - બનેસિંહજી
    - જાલમસિંહજી
      - માધવસિંહજી
        - ઓધડભા ×
    - અરજનસિંહજી
      - જેઠીભાઇ
        - જીવુભા
          - ભુપતસિંહજી
        - ચાદાભાઈ
  - વજેસિંહજી.
    - કલ્યાણસિંહજી
      - ધીરસિંહજી
      - લધુભા
        - પરભાતસિંહજી
          - નાગસિંહજી
          - ઉમેદસિંહજી
          - મોહબતસિંહજી
    - હઠીભાઇ
      - નાથુભા

- મુળુજી ખેંગારજી (નાની પાટી).
  - અભેસિંહજી
    - રધાભાઇ
      - દાજીભાઇ
        - કેસરીસિંહજી
        - ચંદનસિંહજી
        - રાયસિંહજી
      - જેસિંહજી
      - પરભાતસિંહજી ×
      - ભુપતસિંહજી
    - રામસિંહજી ×
  - નારણસિંહજી
    - અખાભાઇ
      - નાથુભાઇ
        - અમરસિંહજી
      - બાવાજી
        - ભીખુભા

કુંડળની ભાગવારી.

કો.બ.વી.

૬૦-૦-૦ મોટી પાટી.

૬ાા ૦ાા બાઇ શ્રી માજીરાજબા, વખતસિંહજી બાપુભાનાં વિધવા તથા જીજીબા ફતેસિંહજી બાપુભાનાં વિધવા.

પા ૨ાા ખેંગારજી ગગુભાઇના વાલી બાલુબા ગગુભા મનુભાનાં વીધવા.

પા ૨ાા ખેમાભાઇ મનુભા.

૩ાા ૦ાા ધીરશંગજી કલ્યાણશંગજી

૩ાા ૦ાા પરભાતશંગજી લધુભાનાં વાલી બાઇ બાલુબા

૭) ૧ નારશગજી નાથુભા.

૭) ૧ જીવાભાઇ જેઠીભાઇ

૭) ૧ બાઈ જેઠીબા માધવશંગજી જાલમશંગજીનાં વીધવા.

૭) ૧ જશાવતશંગજી સુરાભાઇ તથા દેવીશંગજી હરભમજીનાં વાલી બાઇ અદીબા.

૭) ૧ બાઇ બાઇબા તથા નાનીબા શીવશંગજી રતનશંગજીનાં વીધવા.

૬૦

૪૦-૦-૦ નાની પાટી

૧૦-૦ નથુભા અખાભાઇ

૧૦-૦ બાવાજી અખાભાઇ

૬ાા ૨ાા કેશરીશંગજી દાજીભાઇ તથા ચાંદાભાઇ દાજીભાઇ તથા રાયશંગજી દાજીભાઇ

૬ાા ૨ાા હીમતશગજી જેશગજીનાં વાલી પ્રતાપબા, જેશંગભાઈ રઘાભાઇનાં વીધવા.

૬ાા ૨ાા ભુપતશગજી રઘાભાઇ

૪૦

૧૦૦ ૦-૦

કેસરંડી.

આ ગામ હાલ નામદાર અંગ્રેજ સરકારનું છે. પ્રથમ વાઘેલાઓનું હતું. ત્યાંથી ધોળકાના કસ્બાતી શેરમીઆના પૂર્વજોના હાથમાં ગયું હતું. ને તેમનાં ગામ સરકારે ખાલસા કર્યાં; જેથી આ ગામ પણ નામદાર સરકારના કબજામાં છે. તે ગામમા વાઘેલાનો મોટો વાટો છે ને તેની હદમાં આમલીઆળા નામનું પરૂ વાસવામા આવેલું છે. તેમજ આ ઠાકોરના તાબામાં ગાણેસરનો વાંટો પણ છે.

ગાગડના ગાદીપતિ ઠાકોર રામશંગજીના આઠ કુમારો પૈકી પાટવી બીજા પૃથીરાજજી અને બીજા કુવર જે કેશરીશગજી હતા તેમને સદરહુ કેસરંડી ને ગાણેસર ગામ આપવામાં આવ્યા હતાં. તેમના માતુશ્રી સામજીબા હડમતીઆના જાડેજા અજેશગજી રણમલસિંહજીના કુવરી હતાં. કેસરીશગજીનાં સગાં બે બ્હેન હતાં. માજીરાજબા, તથા સાહેબબા બનેને ભૂજના જાડેજા રાવ પ્રાગમલજી સાથે પરણાવ્યા હતા. કેશરીશગજીને હરદાસજી પણ કહેતા. તેમના કુમાર વજેરાજજી હતા. તેમના વંશનું પેઢીનામું નીચે મુજબ છે.

રામસિંહજી ગાંગડના ગાદીપતિ.

- પ્રથીરાજજી
- કેશરીસિંહજી
  - વજેરાજજી
    - જેતસિંહજી
      - અમરસિંહજી
        - ભા ખેગારજી
          - બાપુભા
            - મુળુભા
              - જાલમસિંહજી ×
            - હરીસહજી ×
            - નારણસિંહજી
              - લધુભા
        - વીશાજી ×
        - ખોડાજી ×
- કશીઆજી (વારશા ગ વિગેરે)

વારશંગ.


આ ગામ હાલ ખાલસા થઈ ગયું છે, પણ ત્યાં તાલુકદારનો વાંટો રહ્યો છે. વારશંગ, પીસાવાડા, અંધારી, ત્રાંસદ અને મેમર આ રીતે પાંચ ગામોમાં વાંટા છે. તેમનું કુલ ક્ષેત્રફળ એકર ૯૮૦ છે ને ઉપજ રૂપીયા ૨૫૦૦ ને આશરે છે. તે પૈકી નામદાર અંગ્રેજ સરકારને જમાંબંદી તથા લોકલફંડ મળીને રૂપીયા ૫૪૦) ભરવા પડે છે. મુખ્ય નીપજ ઘઉં, કપાસ, ચણા વગેરે છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણાશ્રી રામસિંહજીના આઠ કુમારો પૈકી ચોથા કશીઆજીને આ ગરાસ મળ્યો હતો. વારશંગ, પીસાવાડા, અંધારી, ત્રાસદ, મેમર વગેરે આખા ગામ મળ્યાં હતાં પણ તે ગામો તેમના વંશજો પાસેથી ગયા છે. હાલ વાંટા રહ્યા છે. કશીઆજીના માતુશ્રી જાડેજાની કુવરી કનકાજીબા હતા, જેમના કુવર કશીઆજી થયા. તેમનાં સગાં બેન રામકુવરબા હતા, તે ભૂજના જાડેજા રાવ દેશળજીને પરણાવ્યાં હતાં. કશીઆજીના કુમાર હરદાસજી હતા તેમને વઢવાણના દરબાર સાહેબ તરફથી બળદાણા ગામ જાગીરમા મળ્યુ હતું. તે ઘણા પરાક્રમી હતા, પણ તેમના વંશવાળા પાસે તે ગામ રહ્યુ નથી. તેમના ત્રણ દીકરા રાઘોભાઇ, ચાદાભાઇ અને શાંગાભાઇ હતા જેમાના શાગાભાઇનો વશ ત્રણ પેઢી ચાલી નિર્વંશ થયો છે. જેથી સદરહુ ગરાસ રાઘાભાઇ તથા ચાદાભાઇના વંશજો ખાય છે. બળદાણા ગામમાં સદરહુ તાલુકદારો ચાર પેઢી સુધી રહ્યા હતા તેમાં રાઘાભાઈના દીકરા બાજીભાઇ ઘણા ચાલાક અને શૂરવીર હતા, તે કાઠી લોકો જે ઢોર વાળી જતા હતા તેમની સાથે લઢતા સ્વર્ગે ગયા હતા; ને તે પણ દગાથી માર્યા ગયા હતા.

વારશંગની ભાગવારી.

દો. બ.	નામ
૪૩ાા	કાળુભા ભીમશંગજી
૨૮)૨	રાયશંગજી દેવીશંગજી
૧૪)૧	અગરશંગજી મદારશંગજી
૭)ાા	માધવશંગજી બનેશંગજી
૩ાા ા	દેશળજી ખોડાભાઇ
૩ાા ા	ચાદાભાઇ સરદારશંગજી
૧૦૦)	

રામસિંહજી ગાંગડના ગાદીપતિ



બકરાણા.

આ તાલુકો સાણંદ તાલુકાની હદમાં સાણંદ ગામથી પશ્ચિમ દિશામાં છે. તેના તાબામાં બકરાણા તથા ગોવીંદા ગામ અને ઇયાવામા ⅓ ભાગ છે. આ ગામોનું ક્ષેત્રફળ એકર ૮૮૬૦) ને આશરે છે ને વસ્તી સુમારે ૧૫૧૪ માણસોની છે. વહીવટ ભાગબટાઇનો છે. ઉપજ રૂ. ૧૪૦૦૦) ને આશરે છે. તે પૈકી નામદાર સરકારને જમાબંદી તથા લોકલફંડના મળી રૂ. ૨૯૨૫ ને આશરે ભરવા પડે છે.

જમીન ક્યારી અને કાળી ભોંય છે. મુખ્ય પેદાશમાં ડાંગેર, ઘઉં અને કપાસ છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણાશ્રી વિશળદેવજીને ત્રણ કુમાર, ૧ રામશંગજી પાટવી, બીજા ભાવશગજી અને ત્રીજા સબળસિંહજી હતા. તેમાના ભાવશગજીને આ સંસ્થાન ગરાસમા આપવામા આવેલું છે. પ્રથમ ગરાસ તરીકે ઇયાવા, ગોવીંદા વગેરે ગામ મળેલા પણ સદરહુ ભાવશગજીએ બકરાણાના ઝાલા ગરાશીયા પાસેથી તે ગામ જીતી લેઈ ત્યા પોતાનું રહેઠાણ કર્યું. ભાવશંગજી તથા પાટવી કુમાર રામશગજી આ બે સગાભાઈ હતા. ને તેમનાં માતુશ્રી માનકુવરબા તે મગોડીના ઠાકોર અભેસિંહજી પુંજસિંહજીના કુંવરી હતાં. ભાવશગજીનાં બેન લીલાજીબાને દેવડાના શીશોદીયા રાણા સૂરજમલ્લજી સાથે પરણાવ્યાં હતા. આ ભાવશગજીને ત્રણ કુમાર હતા વાઘાભાઇ, ભીમશગજી અને પરતાપશગજી (પાતાભાઈ) હતા. તેમા મોટા વાઘાભાઇ નિર્વંશ ગુજર્યા; જેથી ભીમસિંહજી પાટવી ગણાયા. તેમણે પોતાના નાનાભાઇ પાતાભાઇને ઇયાવામા ત્રીજો ભાગ આપ્યો હતો જેનો વશ ઇયાવામા છે.

ભીમશગજી ચવલા અને કુંડળ ગામ વચ્ચે કાઠી લોકો સાથે વઢતા ધીંગાણામાં દેવલોક પામ્યા હતા. જે તળાવડા પાસે તે દેવલોક પામ્યા છે તે "ભીમસિંહજીના જાળાં" આ નામથી અદ્યાપિ પ્રસિદ્ધ છે.

બકરાણા તથા ગોવીંદા ગામની ભાગવારી દોકડાથી.

દો. બ. વી. તાલુકદારનું નામ.
૬૧॥ ૦॥ ૨ જેઠીભાઈ રઘાભાઇ.
૨૩ ૦॥ ૨ જેઠીભાઇ રઘાભાઇ
૧૪ ૧) ૦॥ ૭॥) કશળીબા જાલમશગજી ડોસાભાઈનાં વીધવા.
૨૩ ૨॥ ૩ પરભાતશગજી કાયાભાઈ

પાા ૨ાા ૩) વેરાભાઇ પરભાતશંગજી
પાા ૨ાા ૨ાા શીવશગજી પરભાતશગજી

૧૧ાા ૧ા ૧ાા રામશગજી કાયાભાઇ

૬૧ાા ૦ાા ૨ ૨૩ાા ૨ાા ૩ા

૧૯) ૩ાા ૩ દોલતશગજી વખતશગજી
૬ા ૨ાા ૧ દોલતશગજી વખતશગજી
૬ા ૨ાા ૧ ભીમજી કેશરીશગજી તા. નારશગજી કેશરીશંગજી
૬ા ૨ાા ૧ હનુભાઇ સુરાભાઇ

૧૯) ૩ાા ૩

૧૯) ૩ાા ૩ કરણશગજી સજાભાઈ.
૩) ૩ા ૦ાા લધુભા કરણશગજી
૩) ૩ા ૦ાા તખતશગજી ખોડાભાઇની વાલી પુરીબા, ખો-ડાભાઇ જેઠીભાઇની વીધવા
૬ા ૨ાા ૧ બાઇ પામબા, કલ્યાણશગજી મહારશગજીની વીધવા
૬ા ૨ાા ૧ મેરૂભા બાપુભા.

૧૦૦ ૧૯) ૩ાા ૩

૬૬ાા ૨ાા ઈયાવા ગામમાં ૩ ભાગ છે તેની ભાગવારી
૧૫ાા ૦ાા તા. જેઠીભાઇ રઘાભાઈ
૯ાા ૩ાા જાલમશગજી ડોસાભાઈ
૭ાા ૨ા રામશંગજી કાયાભાઇ
૭ાા ૨ા વેરાભાઈ પરભાતશંગજી તા. શીવશંગજી પરભા-તશંગજી
૪ા ૦ાા કરણશગજી સજાભાઈ
૪ા ૦ા કલ્યાણશગજી મહારશગજી
૪ા ૦ા મેરૂભા બાપુભા
૪ા ૦ાા દોલતશગજી વખતશગજી
૪ા ૦ા હનુભાઇ ખોડાભાઇ
૪ા ૦ા ભીમજી કેશરીશંગજી તથા નારશંગજી કેશરીશંગજી


૬૬ાા ૨ાા

૬૬ાા ૨ાા

વિશળદેવજી ગાંગડના ગાદીપતિ.

- રામસિંહજી (ગાદી ઉપર)
- ભાવસિંહજી
  - વાઘાભાઇ ×
  - ભીમસિંહજી
    - સતાભાઇ
      - મેપોભાઈ
        - બાવાજી
          - જીજીભાઇ
            - રઘાભાઇ
              - જેઠીભાઇ (કાળુભા)
                - મેઘરાજજી (જીવુભા)
                - સરતાનસિંહજી
          - ડોસાભાઇ
            - દેવાભાઇ
              - જસાભાઈ
                - શીવસિંહજી ×
            - કેતુભાઇ ×
            - કશીઆજી
              - કેશરીસિંહજી ×
            - રતનસિંહજી ×
            - જાલમસિંહજી ×
        - દેશળજી
          - શેશાભાઇ
            - ભગતસિંહજી
              - કાયાભાઇ
                - પરભાતસિંહજી
                  - વેરીશાલજી
                  - શીવસિંહજી
                - રામસિંહજી
                  - તખતસિંહજી
                  - રાયસિંહજી ×
              - માધવસિંહજી ×
              - કાળાભાઈ ×
      - *રામાભાઇ
  - પાતાભાઇ (ઇયાવા ગામમા ½ ભાગ)
- સબળસિંહજી (દુમાલી વગેરે)

*રામાભાઇનો વંશ જુઓ પૃષ્ઠ ૨૧૫


રામાભાઈ સતાભાઇ
કાકાભાઇ
ભીમાભાઇ
અલુભાઈ
હઠીભાઇ
બાજીભાઇ
સતાભાઇ
મોડજી
અભેસિંહજી
સબળસિંહજી
ખેમાભાઇ
સુરાભાઇ
ગોપાળજી
સનાભાઇ
મદારસિંહજી
વીશાભાઇ
કેશરીસિંહજી
વખતસિંહજી
પથાભાઇ ×
અમરસિંહજી
માલુભાઈ ×
હનુભાઇ
રાયસિંહજી ×
કરણસિંહજી
જેઠીભાઇ
બાપુભા
મેરૂભા (દત્તક)
દોલતસિંહજી
ભીમસિંહજી
નારસિંહજી
રૂપસિંહજી ×
ખોડાભાઈ
લધુભા
ખોડાભાઇ
તખતસિંહજી
નોધાભાઇ
રવુભા
મેહેરૂભા (દત્તક)
ધીરૂભા
પુંજાભાઇ ×
કલ્યાણસિંહજી ×

ઇયાવા.

આ ગામ સાણંદ તાલુકામાં સાણંદથી પશ્ચિમ દિશામાં છે, જેમાં ½ ભાગ પાટવી બકરાણા તાલુકદારનો અને ½ ભાગ ઇયાવાના તાલુકદારનો છે; જેનું ક્ષેત્રફળ એકર ૧૦૦૨ છે ને ઉપજ આશરે રૂ.૨૦૦૦) ની છે. જમાબંદી બકરાણા ભેગી ભરાય છે. જમીન સપાટ, ઘણી કયારી અને કાળી ભોય છે. નીપજમાં ડાંગેર, કપાસ ને ઘઉં. વહીવટ ભાગવટીનો છે.

ગાંગડની ગાદીએથી ભાવસિંહજી સદરહુ ગરાસ લેઈ ઉતર્યા હતા. ગાદી ઉપર વિશળદેવજી ઠાકોર હતા ત્યારે પોતાના ભાઈ ભાવસિંહજીને તે આપ્યું હતું. ભાવસિંહજી જે ઘણા બહાદુર હતા તેમણે બકરાણા ગામ ત્યાંના ઝાલાઓ પાસેથી જીતી લીધું ને ત્યાં રહેઠાણુ કર્યું, ત્યારે પોતાના નાના કુમાર પરતાપસિંહજી (પાતાભાઇ)ને સદરહુ ગામમા ½ ભાગ આપ્યો હતો; જે પાતાભાઇના વશવાળાના વહીવટમા છે.

મહારાણા વિશળદેવજીને જ્યારે તેમના મોટા ભાઇ સબળસિંહજી ગાદી ઉપર હતા ને પોતે ફૂટાયા હતા ત્યારે ગાદીએથી ઇયાવા ગામ મળ્યુ હતું. પછી સબળસિંહજી નિર્વંશ જવાથી તેમના ભાઇ કલ્યાણસિંહજી ગાદી ઉપર બેઠા. તેમના પછી તેમના કુમ.ર જેશગજી ગાદી ઉપર બેઠા. તેમના કુમાર માલસિંહજી પોતાના પિતાની હયાતીમા મખીઆવને પાદર કાઠી લોકો સાથે લઢતા મરાણા; જેથી જેસિંહજીનો નિર્વંશ થવાથી ગાગડની ગાદી ઉપર ઇયાવેથી આવીને વિશળદેવજી બેઠા. જેથી ઇયાવા ગાગડના તાલુકા ભેગુ જોડાયું. જ્યારે ભાવસિંહજી જે તેમના કુમાર મોટા થયા ત્યારે પ્રથમ જે પોતાને મળેલું તેજ ઇયાવા ગામ પોતે હોશથી માગી લીધું હતું. જે ભાવસિંહજીના દીકરા પાતાભાઇને ½ ભાગથી આપ્યું છે. તેની ભાગવારી નીચે મુજબ છે—

ઇયાવા ગામના ½ ભાગના તાલુકદારોની ભાગવારી દોકડા ૩૩ા ૧ાની

દોકડા	બદામ	તાલુકદારનું નામ
પાા	૦ાા	નારસિંહજી જીબાવા
૨ાા	૦ા	જેઠીભાઈ રાણાજી
૨ાા	૦ા	દેવીસિંહજી રાણાજી
૧ાા	૧ા	મુળુભાઈ રાહાભાઇ
૧ાા	૧ા	વજેસિંહજી રાહાભાઈ
૧ાા	૧ા	સજેસિંહજી ડાહ્યાભાઇ
૧ા	૨ા	હઠીભાઇ ભીમજી

૧ા	રા	બાલુભા રાજાભાઈ
૧ા	રા	મુળુભાઇ કાયાભાઇ
૧ા	રા	મેપજી સરદારશગજી તથા વાઘજી સરદારશંગજી
૩ા	૩ા	બાઇ રામબા રઘાભાઈ અદાભાઇનાં વીધવા.
૧ાા	૧ાા	નાથુભાઇ મોટાજી
૧ાા	૧ા	ચંદ્રસિંહજી રતનશગજી
૧ાા	૧ાા	નારશંગજી સાંગાભાઇ
૧ાા	૧ા	પરભાતશંગજી સામતશંગજી
૩૩ા	૧ા	


દુમાલી.

આ તાલુકો ધોળકા તાલુકામા ધોળકાથી પશ્ચીમ દિશામાં છે. તેના તાબામાં દુમાલી ગામ અને મેમર ગામનો વાટો છે. દુમાલીની હદમાં આથ-મણે પાસે સાઢીડા નામનું પરૂ અને ખોડીઆરવાળુ પરૂ (ચાદા કૂવો) આ બે પરા વાસવામાં આવ્યા હતા. તાલુકાનું ક્ષેત્રફળ એકર ૩૨૪૫ છે. ઉપજ આશરે ૫૦૦૦) ની છે, તે પૈકી નામદાર સરકારને જમાબંધી તથા લોકલફંડના મળી રૂા. ૮૪૦) ભરવા પડે છે. વસ્તી દુમાલીની સુમારે ૪૪૮ માણસની છે. જમીન સપાટ છે, ને તે મુખ્યત્વે કયારી, કાળી અને ગોરાડુ છે. નીપજમાં ડાંગેર, ઘઉં અને કપાસ છે. જમીનનો વહીવટ ભાગવટીથી થાય છે.


ગાંગડના આદીપતિ ઠાકોર મહારાણા વિશળદેવજીને ત્રણ કુમારો હતા. પાટવી રામશંગજી ને બીજા ભાવશંગજી ને ત્રીજા સબળશંગજી હતા. ભાવશં-ગજીને ઇઆવા તથા ગોવીંદા અને સબળશગજી જે તાલુકાના મૂળ પુરૂષ તે-મને દુમાલી તથા મેમર ગામ આપવામાં આવ્યાં હતાં. સબળશંગજીની માતુશ્રી પીપાંજીબા તે ઓળંગના ઝાલા દેવીશગજી સૂરજમલજીના કુંવરી હતાં. તેમને કુંવર સબળશગજી હતા; અને કુંવરી મોટીબા હતાં, તેમને દેવડાના રાવ માનશંગજી સાથે શીરોઇ પરણાવ્યાં હતા. દુમાલી તાલુકદારોનું પેઢીનામું નીચે મુજબ છેઃ—


હુમાલી તાલુકદારોની ભાગવારી.

દો. બ. વી.	તાલુકદારનું નામ.
૨૭– ૦– ૦	તાલુકદાર જશવતશંગજી રાયશગજી
૧૭–૧૦–૧૦ ૨/૩	હરભમજી રામાભાઈ
૧૭–૧૦–૧૦ ૨/૩	કેશરીશગજી ભાવશગજી
૧૭–૧૦–૧૦ ૨/૩	દીપશગજી અરજનશગજી
૨– ૧૫– ૧ ૭/૯	દીપશગજી અરજનશંગજી
૨–૧૫–૧ ૭/૯	કાયાભાઇ અરજનશગજી
૫–૧૪–૩ ૫/૯	આણુદશગજી હઠીશગજી
૨–૧૫–૧ ૭/૯	ઓઘડભાઈ બનેશગજી તથા કુબેરજી બનેશંગજી નાની ઉમરના તેમનાં વાલી કુલજીબા.
૨–૧૫–૧ ૭/૯	બાવાભાઇ અભેશગજી
૧૭–૧૦–૧૦ ૨/૩	
૧૦–૦–૦	ખોડાભાઇ સુજીભાઈ
૧૦–૦–૦	કાળુભાઇ રાજાભાઇ નાની ઉમરનાની વાલી તેમના માતુશ્રી જામબા.
૧૦૦–૦–૦	



¶કુંભાજી, ‡કલીઆજી, *હરભમજી અને §ભાવસિંહજીનો વંશ જુઓ પૃ૪ ૨૧૫; તથા †ગજાજીનો વંશ જુઓ પૃ૪ ૨૨૦.


કુંભાજી સબળસિંહજી.
વીરાભાઇ
હઠીભાઈ
ભાઇજી
ડુંગરજી
વીશાજી
નથુભાઇ
નાજીભાઇ
રાજાભાઇ
કાળુભા
દાજીભાઇ
રાયસિંહજી ×
જેતસિંહજી ×
સામતસિંહજી
કેશળસિંહજી ×
ભોજરાજજી ×
સુલતાનજી ×
અભેસિંહજી
આભાજી ×
મુળુભાઇ
ખોડાભાઇ
ઓઘડભા
વાઘજી ×
કલીઆજી (કલ્યાણસિંહજી) સબળસિંહજી
જીવણજી
અમરસિંહજી
એચરજી
માડાભાઇ
ભગતસિંહજી ×
દેવીસિંહજી
રાયસિંહજી
જસવંતસિંહજી
જીવુભા
માધવસિંહજી ×
હરભમજી રામાજી
નાથાભાઇ
લઘુભા
ભૂપતસિંહજી
રવુભા
ભાવસિંહજી રવાભાઇ
કેશરીસિંહજી
ખોડાભાઇ ×
રામસિંહજી
ભગતસિંહજી


*મનજી મેગાભાઇ
મોડજી
*માલાભાઇ
રૂપાભાઇ
દેવાભાઇ
પથાભાઇ
અલુભાઇ
મુળુભાઇ
અરજનસિંહજી
સરદારસિંહજી
ભીમજી
તેજાભાઇ
શ ગજી
નારણસિંહજી
લક્ષ્મસિંહજી
કલ્યાણસિંહજી
શેશાભાઇ
દાદુભાઈ
દીપસિંહજી
કાયાભાઇ
હરીસિંહજી
અમેસિંહજી
વખતસિંહજી
ગગજી
ઉમેદસિંહજી
સરસિંહજી
પરભાતસિંહજી
આણંદસિંહજી
બાવાજી
પચાણજી
બનેસિંહજી
મનુભાઇ
વેલુભાઇ
વજેસિંહજી
નારણસિંહજી
ઓઘડભા
કુબેરજી
*માલાભાઇ
ગજાભાઇ
જીભાવા
અદાભાઈ
કરશનસિંહજી
ભગતસિંહજી
નાથાભાઈ

બરોડા.

આ તાલુકો માતર તાલુકાની હદમાં છે પણ તેને વહીવટમાં ધોળકા તાલુકા સાથે જોડેલો છે. તેના તાબામાં બરોડા ગામ અને સાણંદ તાલુકાની હદમાં આવેલું લોદરીયાળ ગામ છે. તેમનું ક્ષેત્રફળ એકર ૩૦૯૧ છે. નામદાર સરકારને જમાબંદીના તથા લોકલફંડના મળીને રૂ. ૨૨૪૬) ને આશરે ભરવા પડે છે. આ શિવાય ધનવાડાનો વાટો તેમનો તથા વીંછીઆના તાલુકદારોનો સહીઆરો છે. વસ્તી બંને ગામની મળી સુમારે ૮૩૪ માણસની છે. વાત્રક નદીને કાંઠે બરોડા ગામ આવેલું છે. તેની જમીન ગોરાડુ છે ને કાંઇક કાળી ભોંય છે. તેમાં જુવાર, બાજરી, કઠોળ અને કસુંબી તથા કાળી ભોંયમાં ઘઉં, કપાસ પાકે છે. લોદરીઆળની કયારીની જમીન તથા કાળી ભોય છે. તેમાં ડાંગેર, ઘઉં અને કપાસ થાય છે. બરોડાનો તથા લોદરીયાળનો વહીવટ ભાગબટાઇનો છે. ઉપજ આશરે રૂ. ૯૦૦૦) છે. ગાગડના ગાદીપતિ ઠાકોર પૃથીરાજજીને છ કુમાર હતા. પાટવી સબળશગજી, ૨ કલ્યાણશંગજી, ૩ વિશળદેવજી, ૪ કરણશગજી, ૫ કેશવશગજી, ૬ નારણશગજી તે આ તાલુકાના મૂળ પુરૂષ છે. તેમને વીછીયા, બરોડા નાનોદરા, ભાત, ધનવાડા, કોદાળીઉ, લોદરીયાળ વગેરે મળી ૯ ગામ આપવામા આવ્યા હતા. નારણશગજીનાં માતુશ્રી ખીરસરાના જાડેજા સાહેબશગજી હરધોળજીના કુવરી માજીરાજબા હતાં અને તે તથા કલ્યાણશગજી, વિશળદેવજી અને કેશવશગજી આ ચારે સગા ભાઇ હતા. કેશવશગજીને ખોડુ વગેરેનો ગરાસ મળ્યો હતો. ગાદી ઉપર પાટવી સબળશગજી અને તેમનો નિર્વંશ થવાથી તેમના ભાઈ કલ્યાશગજી બેઠા હતા. તેમના કુમાર જેશગજી તેમના પછી ગાદી ઉપર બેઠા. તેમના કુવર માલદેવજી તે કાઠી લોકો સાથે લઢતા ગુજરવાથી જેશગદેવજીની ગાદી ઉપર વિશળદેવજી જે ઇયાવાના મૂળ પુરૂષ હતા તે બેઠા હતા. અને નારણશગજીને નવ ગામ આપ્યા હતાં. નારણશગજીને છ દીકરા હતા. અરજનશગજી, અમરશગજી, ભીમસિંહજી, શેશમાલજી, સૂરજમલ્લજી તથા સારગદેવજી હતા. સૂરજમલ્લજી કાઠી લોકો સાથે લઢતાં દેવલોક પામ્યા. તેમની છત્રી વીંછીયા ગામને પાદર છે. પાટવી અરજનશગજીના દીકરા તેજશગજી હતા. તેમને શેશમાલજી, માનસિંહજી, હરીસિંહજી, રૂપસિંહજી ને જીવણજી આ પાચ દીકરા હતા. માનસિંહજીનો વંશ બરોઢામાં અને શેશમાલજીનો વશ વીંછીયામા ચાલે છે. માનસિંહજીના દીકરા કશીઆજી હતા. તેમને ત્રણ કુમાર જીબાવા, દેશળજી ને અમરોજી હતા. તે ત્રણ ભાગે તાલુકાની ઉપજ ખાય છે.

બરોડા તથા લોદરીઆળ તાલુકદારની ભાગવારી.

દોકડા.	તાલુકદારનું નામ.	બરોડા ગામની.
૪૨॥	તા. રઘુભા અગરશંગજી તાં. બાઇ જીબા શીવશગજી ભીમશંગજીનાં વીધવા	
૬)	રઘુભા અગરશગજી	
૬)	સરદારશંગજી ભુપતશંગજી	

૧૨)હરીશંગ માનાભાઇ
૬) ૨ાા ૨ બાઇ જીબા શીવશગજી ભીમશંગજીનાં વીધવા
૬) ૨ાા ૩ પરતાપશંગજી અદેશગજી
૬) ૨ાા ૩ લાલુભાઇ નાનજીભાઇ

૪૨ાા

૩૨ાા તા. રામશંગજી દેવીશગજી
૧૬ા રામશગજી દેવીશગજી
૮)૨ કશળશગજી શીવશંગજી
૮)૨ બાઇ રામબા દોલતશગજી હરીશગજીના વીધવા.

૩૨ાા

૨૫) બાઈ સાહેબબા, બેચરબાવા મદારશગજીનાં વીધવા નિર્વંશ ગુજર્યાં તે સૈયારો છે.

૧૦૦

લોદરીયાળ ગામની.

૪૨ાા. તા. રઘુભા અમરશગજી
૬ રઘુભા અમરશગજી
૧૨ હરીશગ માનાભાઈ
૬ ધીરૂભા સરદારશંગજી
૬ા લાલુભા નાનજીભાઇ તા. કરણુશંગજી રતનશંગજી તથા બાઇ અદીબા લાલાજી તેજાભાઇનાં વીધવા.
૬)૨ પરભાતશગજી અદેશગજી
૬)૨ બાઇ જીબા શીવશગજી ભીમશંગજીના વીધવા


૪૨ાા

૩૨ાા તા. રામશગજી દેવીશંગજી
૧૬ા રામશગજી દેવીશગજી
૮) ૨ બાઇ રામબા દોલતશંગજી હરીશગજીનાં વીધવા
૮)૨ કશળશંગજી શીવશંગજીનાં વીધવા.

૩૨ાા

૨૫) નીરવશ રઘુભા અમરશગજી તથા રામશંગજી દેવીશંગજી બને ભાગનું સૈયારૂં.

૧૮૦



ૠઅમરોજી, *સબળાજી, †સુલતાનસિંહજી, ‡તેજાભાઇ, ✱બાપુજી, ¶ભીમસિંહજી, અને ⊕સરદારસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૨૪.

- અમરાજી કશળાજી
  - રધાભાઇ
    - સામતસિંહજી
      - અગરસિંહજી
        - રાયસિંહજી
          - હરીસિંહજી ×
        - કેશરીસિંહજી
    - હિમતસિંહજી
      - જસવતસિંહજી
        - પરભાતસિંહજી ×
        - મોતીભાઈ
  - પથાભાઇ
    - ભગતસિંહજી
      - રામસિંહજી ઉર્ફે ગગુભા
        - ખોડુભા
  - શેશાભાઇ
    - નારસિંહજી ×

- સભળાજી જીભાવા
  - અભેસિંહજી
    - દેવીસિંહજી
      - નારસિંહજી ઉર્ફે ઝીણાબાવા
        - લધુભા ×
      - રામસિંહજી
        - કેશરીસિંહજી
        - મોબતસિંહજી
      - કરણસિંહજી
  - રવાભાઇ
    - હરીસિંહજી
      - દોલતસિંહજી ×
    - હઠીસિંહજી
      - શીવસિંહજી
        - કશળસિંહજી

- સુલતાનસિંહજી દાજીબાવા
  - પચાણજી
    - રાયસિંહજી ×
  - ભુપતસિંહજી
    - અગરસિંહજી
      - રવુભા
    - ભાવસિંહજી ×
    - સરદારસિંહજી
      - ધીરૂભા
        - મોહબતસિંહજી
    - હમીરજી ×
  - માનાભાઈ
    - હરીસિંહજી
      - પથુભા
      - હાલુભા

- તેજાભાઇ નથુભાઇ.
  - રામસિંહજી ×
  - નાજીભાઇ
    - લાલસિંહજી
      - ધીરૂભા
  - રતનસિંહજી
    - કરણસિંહજી
      - હીમતસિંહજી
    - વજેસિંહજી
  - બાવાજી ×

- બાપુભાઇ નથુભાઇ
  - મુળુભા
    - મહેરૂભા ×
  - અદેસિંહજી
    - પરભાતસિંહજી

- ભીમસિંહજી અરજનસિંહજી
  - શીવસિંહજી ×

- સરદારસિંહજી કેશરીસિંહજી
  - દેશળજી
    - ઉમેદસિંહજી

વીંછીયા.

આ તાલુકો સાણુંદ તાલુકામા છે ને તે સાણુંદ ગામથી પશ્ચીમ દિશામાં છે. તેમના તાબામાં વીંછીયા અને કોદાળીયા આ બે ગામ છે. ને ધનવાડાનો વાંટો તેમનો તથા બરોડા તાલુકદારનો સહીઆરો છે. જમીનનું કુલ ક્ષેત્રફળ એકર ૪૧૫૯ છે. વસ્તી શુમારે ૩૮૭ માણુસોની છે. ઉપજ શુમારે રૂ. ૬૦૦૦) ની છે. તે પૈકી નામદાર સરકારને જમાંબંદી તથા લોકલફંડના મળી રૂ. ૯૫૨) ભરવા પડે છે. જમીન કયારી અને કાળી ભોંય છે. તેમા ડાંગેર, કપાસ ને ઘઉંનું વાવેતર થાય છે. જમીન સપાટ છે.

ગાંગડના આદીપતિ ઠાકોર મહારાણા શ્રી પૃથીરાજજીને છ કુમારો હતા. તે પૈકી નારણશંગજી આ તાલુકાના મૂળ પુરૂષ હતા. તેમને વીંછીયા, બરોડા વગેરે નવ ગામ મળ્યા હતા. નારણશ ગજીના કુમારો છ હતા. અરજનશંગજી અમરશ ગજી, ભીમશ ગજી, શેશમાલજી, સૂરજમલજી અને સારંગજી હતા. જેમાંના સૂરજમલજી કાઠી લોકો સાથે લઢતાં અક્ષય કીર્તિ મેળવી સ્વર્ગે ગયેલા, તેમનાં રાણી ઝાલી કમાજીબા તે સ્થળે મહા સતી થયેલા તેમની છત્રી છે. તેમાં સતી થવાનો દિવસ સંવત ૧૬૮૦ ના કારતક વદી ૪ લખેલી છે. અરજનશં-ગજીના કુમાર તેજસિંહજી હતા. તેમને શેશમાલજી, માનશ ગજી, હઠીશંગજી, રૂપશગજી ને જીવણજી, આ પાચ કુમાર હતા. જેમાના શેશમાલજીને વીંછીયા અને કોદાળીયાનો ગરાસ મળ્યો હતો. ને માનશ ગજીને બરોડા અને લોદરી-યાળનો ગરાસ મળ્યો હતો. વીંછીયાની ભાગવારી નીચે દાખલ કરી છે.

વીંછીયા તથા કોદાળીયાના તાલુકદારની હીસ્સાવારી.

૧૦૦) દોકડા તાલુકદાર તેજાભાઈ અમરશંગજી તથા પરતાપશગજી ડોસાભાઈ

૨૪।।। તેજાભાઈ અમરશંગજી તથા પરતાપશગજી ડોસાભાઈ
૭।। તેજાભાઈ અમરશ ગજી
૫।। ૨ પરતાપશગજી ડોસાભાઈ
૫।। ૨ જશવતશંગજી હરીશંગજી
૬) ભુપતશંગજી નારશંગજી
૧૭।। બાલુભા અરજનશ ગજી
૭) દોલતશ ગજી કેસરીશ ગજી
૭) બાઈ સુરજબા ફતેશ ગજી કેસરીશંગજીની વીધવા
૨૨) [illegible]મતશ ગજી કાળુભાઈ
૧૧) ધીરશંગજી રામશંગજી
૧૧) અગુભા રામશંગજી
૧૦૦)

ભાત.

આ ગામ સાણંદ તાલુકાની હદમાં ખાલસા છે; તેમા વીંછીયા તાલુકદારનો વાંટે છે. આ ભાતમાં રહેનાર વાઘેલા ગરાસીઆઓનો મૂળ પુરૂષ વીંછીયાનો ફૂટાયો હતો; ને તેને વહેચણ આપેલો ગરાસ કમી પડવાથી તે બહારવટે નીકળ્યો ને કાઠીને હાથે મરાયો. તેનું નામ બાવાજી હતું, ને તેમનો પાળીયો ભાત ગામને પાદર સવત ૧૮૨૭ ના પોસ સુદી ૨ નો છે. તેમના પિતા વીરાજી પણ પુત્રશોકથી ત્યાજ ગુજર્યા. આ વખતે બાવાજીનો દીકરો ધાવણો હતો, તેને લેઇને તેની માતુશ્રી ભાતમા રહ્યા ને જેટલી જમીન તેમની પાસે રહેલી તેટલી જમીન હાલ તેના વશજોના કબજામા છે. જમીન વીઘાં બસેને આશરે ને ઉપજ રૂ. ૮૦૦) આઠસેને આશરે છે. બાવાજી પછી અનુક્રમે અજાભાઇ, પથાભાઇ, અભેશગ થયા. અભેશગના દીકરા વરહોજી અને સુજાજી છે. વરહાજીના દીકરા કેશરીશગ છે.

નાનોદરા.

આ ગામ ધોળકા તાલુકામાં નામદાર સરકારના તાબાનું છે. પણ તાલુકદાર શેરમીયા સાહેબના ઈજાર પટ્ટાનું છે. તેમા ગાગડ ભાયાત વાઘેલા ગરાશીયાનો વાટો છે. તેમના આ શિવાય દેવધોળેરામા એકર ૨૦૦ તથા ભાત ગામમાં વીઘા ૬૦ ના વાટા છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૨૫૦૦ છે. ઉપજ રૂ. ૩૦૦૦)ને આશરે છે; તે પૈકી નામદાર સરકારને રૂ ૬૧૦) ભરવા પડે છે. જમીન સપાટ મુખ્યત્વે કયારી અને કાળી ભોય છે ને મુખ્ય પેદાસ ડાગેર તથા ઘઉં કપાસની થાય છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણા શ્રી પૃથીરાજજીના છ કુમારો પૈકી નારણશગજીને વીછીયા, બરોઠા, નાનોદરા, ભાત, ધનવાડા, લોદરીયાળ, કોદાળીયા વગેરેનો ગરાસ મળેલો. તેમા તેમના વંશજો માનસિહજી બરોડામા, અને વીંછીયામા શેશમાલજી રહ્યા અને તેમના એક ભાઇ નાનોદરામાં આવીને વશ્યા. જેમનો વશ નાનોદરામાં ચાલે છે.

આ ભાયાતોનો ગરાસ શાહુકારોને ત્યાં મુકાએલો છે; ને તેઓના છ ભાગ ગણાય છે. હાલ મોબતશગજી સરતાનશગજી, ગગુભાઇ, રતુભાઈ તથા જશવતશગજી ચેલાભાઇ, જેઠીજી કુબેરજી, કરણશગજી પાતાજી ભાવશગજી ડુંગરજીની વીધવા જીજીબા, ખેગારજી મેઘાજીની વીધવા જીબા ને ખોડાભાઈ રામશંગજી આ ભાયાતો છે.

ખોડુ.

આ તાલુકો સાણંદ તાલુકાની હદમાં સાણંદ ગામથી પશ્ચીમ દિશામાં છે. તેના તાબામા ખોડુ ગામ તથા બગોદરા, ભુમલી અને ભાત ગામમાં વાંટા છે. સદરહુ તાલુકાનું ક્ષેત્રફળ એકર ૨૭૯૫ છે. વસ્તી શુમારે ૩૬૪ માણુસની છે. તાલુકાની ઉપજ શુમારે રૂ. ૭૦૦૦ સાત હજાર છે તે પૈકી નામદાર સરકારને જમાબધી તથા લોકલફંડના મળી રૂ. ૫૫૩) સરકારમાં ભરવા પડે છે. જમીન સપાટ તેમા મુખ્યત્વે ક્યારી અને કળી ભોય છે. થોડી ગોરાડુ છે. નીપજમાં ડાંગર, ઘઉં તથા કપાસ છે. બગોદરાનો વાટો એકર ૧૦૫૩, ઉપજ રૂ. ૧૯૦૦) ની છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણાશ્રી પૃથીરાજજીને ૭ કુમાર હતા. તેમાં પાટવી સબળસિંહજી, ૨ કલાણસિંહજી, ૩ વિશળદેવજી, ૪ કરણસિંહજી, ૫ કેશવસિંહજી અને ૬ નારણસિંહજી હતા.

કેશવસિંહજી આ તાલુકાના મૂળ પુરૂષ હતા; અને તેમને ગાંગડના ઠાકોર સાહેબ તરફથી સદરહુ ગરાસ મળ્યો હતો. કેશવસિંહજીનાં માતુશ્રી માજીરાજબા ખીરસરાના જાડેજા સાહેબસિંહજી હરદોલજીનાં કુંવરી હતાં. કેશવસિંહજીને પાચ કુમાર હતા. ૧ રાજસિંહજી, ૨ રાણાજી, ૩ હરદાસજી, ૪ ભોજરાજજી, ૫ આશકરણજી હતા. જેમના વશમાં ખોડુના હાલના તાલુકદારો છે. જેમની ભાગવારી નીચે મુજબ છે.

ખોડાના તાલુકદારની હીસ્સાવારી.

દો. બ. વી.		
૩૩–૫–૪		તાલુકદાર મોટાજી નેપસિંહજી.
	૪—૨—૮	મોટાજી નેપસિંહજી
	૪—૨—૮	નાથુભાઇ દીપસિંહજી.
	૨—૧—૪	બનેસિંહ જીવાભાઇ.
	૨—૧—૪	કેશરીસિંહજી સારૂભાઈ
	૧—૦—૮	બહેચરજી જેમાજી.
	૧—૦—૮	અગરસિંજી રામાભાઈ.
	૧—૦—૮	બહેચરજી ભાવસિંહજી.
	૧—૦—૮	કશીઆજી હેમતસિંહજી.
	૦–૧૧—૧¾	શીવસિંહજી કાકાભાઈ.
	૦–૧૧—૧¾	મોતીભાઇ હરીસિંહજી

૦-૧૧—૧$\frac{૧}{૧૩}$ રાહુભાઇ કલ્યાણસિંહજી.
૧—૦—૮ જેઠીભાઈ જાલમસિહજી.
૧—૦—૮ કશળસિહજી સુજાભાઇની વીધવા અમથીબા.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ અગરસિહજી માનસિહજી
૧—૬—૨$\frac{૨}{૧૩}$ મોહબતસિહજી ખોડાજી.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ તખતસિંહજી જેસાભાઇ.
૦—૭—૪$\frac{૮}{૧૯}$ મનુભાઈ સામતસિહજી.
૦—૭—૪$\frac{૮}{૧૯}$ શીવસિહજી જેઠીભાઇ.
૦—૭—૪$\frac{૮}{૧૯}$ જસવતસિહજી સામતસિહજી.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ દોલતસિહજી અભેસિહજીના વીધવા બાઇ હીરાબા
૧—૬—૨$\frac{૨}{૧૩}$ પોપટભાઇ નથુભાઇ.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ શીવસિહજી હરીસિંહજી.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ ધીરસિહજી ભગવાનસિહજી
૧—૬—૨$\frac{૨}{૧૩}$ કેશરીસિહજી અમરસિહજી

૩૩—૫—૪

૩૩-૫-૪ તાલુકદાર કરણસિંહજી ભાવસિંહજી
૧—૩—૯$\frac{૧}{૨૭}$ કરણસિહજી ભાવસિહજી
૧—૩—૯$\frac{૧}{૨૭}$ દાજીભાઈ મનુભાઈ
૦—૯-૧૦$\frac{૧૪}{૨૭}$ અમરસિહજી નાગજીભાઇ
૦—૯-૧૦$\frac{૧૪}{૨૭}$ કરશનસિહજી જેતસિહજી
૧-૧૩—૭$\frac{૫}{૧૯}$ ભુપતસિહજી મોહબતસિહજી
૧-૧૩—૭$\frac{૫}{૧૯}$ ધીરસિહજી દેવીસિહજી
૦—૯-૧૦$\frac{૧૪}{૨૭}$ રણછોડજી જીવાભાઇ
૦—૯-૧૦$\frac{૧૪}{૨૭}$ ગગુભાઈ વખતસિહજી
૦—૯-૧૦$\frac{૧૪}{૨૭}$ ખેતાજી બાલુભાઇ
૦-૧૪—૯$\frac{૭}{૧૯}$ બેહેચરસિહજી પ્રભાતસિહજી
૦-૧૪—૯$\frac{૭}{૧૯}$ કાળુભાઇ અમરસિહજી
૨-૧૨—૫$\frac{૧}{૧૩}$ જીવાભાઈ મોતીભાઇ
૦-૧૧—૧$\frac{૧}{૧૩}$ લખમણજી પુંજાભાઇ
૦-૧૧—૧$\frac{૧}{૧૩}$ ગુલાબસિહજી લાધુજીની વીધવા બાઇ મોટીબા.
૧—૬—૨$\frac{૨}{૧૩}$ રાહુભાઈ બહેચરજી

૨–૧૨–૫ ૧/૩ ગોપાળજી ખેમાજી
૦–૧૧–૧ ૧/૩ નાનુભાઇ કનુભાઈ
૦–૧૧–૧ ૧/૩ સતુભાઇ પચાણજીની વીધવા બાઇ સદુબા.
૧–૬–૨ ૨/૩ અગરસિંહજી દાદાભાઇ
૩–૧૧–૩ ૧/૯ નાગજી નથુભાઇ
૩–૧૧–૩ ૧/૯ કેશરીસિંહજી હરીસિંહજી
૧–૩–૯ ૧/૨૭ જેઠીભાઇ ચકરસિંહજી
૧–૩–૯ ૧/૨૭ શીવસિંહજી ગગજી
૧–૩–૯ ૧/૨૭ ગોવીંદજી ફુલજી

૩૩–૫–૪

૩૩–૫–૪ તાલુકદાર બહેચરજી કાયાજી.
૫–૮–૧૦ ૨/૩ બહેચરજી કાયાજી
૫–૮–૧૦ ૨/૩ ગજાભાઇ માવસિંહજી
૫–૮–૧૦ ૨/૩ કેશરીસિંહજી ખોડાજી
૫–૮–૧૦ ૨/૩ જીવાભાઇ મુમીયાજીની વીધવા બાઇ દીવાળીબા.
૫–૮–૧૦ ૨/૩ મનુભાઈ જાલમસિંહજી
૫–૮–૧૦ ૨/૩ કરશનસિંહજી તખતસિંહજીની વીધવા બાઇ ફુઇબા

૩૩–૫–૪

૧૦૦)

ધનાળા.

આ તાલુકો ધંધુકા તાલુકાની સરહદમાં ધંધુકાથી પૂર્વ દિશામાં છે. તેમના તાબામાં ધનાળા ગામ આખું તેમજ વેજલકાનો મોટો વાટો તથા સરડીનો વાંટો જેની હદમા લીલાપર ગામ બાંધ્યું છે. તે, તેમજ અરણેજ તથા મટોડામાં વાંટા છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૪૧૮૬ છે. વસ્તી શુમારે ૫૦૧ માણસની છે. તાલુકાની ઉપજ રૂ. ૯૦૦૦) ને આશરે છે, તે પૈકી નામદાર સરકારને જમાંબંદી તથા લોકલફંડના મળી રૂ. ૧૧૯૨ ભરવા પડે છે. જમીન સપાટ તેમાં મુખ્યત્વે કાળી અને કાંઇક ગોરાડુ છે. ઘઉં, કપાસ, ચણા અને પરચુરણ ધાન્ય નીપજે છે.

ગાંગડના ગાદીપતિ ઠાકોર મહારાણા શ્રી પૃથીરાજજીને છ કુમારો હતા. પાટવી સબળશંગજી, કલ્યાણશગજી, વિશળદેવજી, કરણશગજી, કેશવશંગજી તથા નારણશગજી હતા. તેમાં કરણશગજી આ તાલુકાના મૂળ પુરૂષ હોવાથી તેમને ધનાળી, વેજલકા, જાખડા, કાણોતર, જલાલપર, ગોર્ધનેશ્વર, અરણેજ, શામપર, મટોડા અને મરડી આ નવ ગામ આપવામા આવ્યા હતા. કરણશંગજીનાં માતુશ્રી રાજકુવરબા તે ગામ શામીજાના શીશોદીયા પ્રતાપશગજી સુરજમલજીના કુવરી હતા. કરણશંગજીને એક સગાં બહેન કશનકુંવરબા હતા, તે જોધપુરના રાઠોડ રાવ ઘોઘાને પરણાવ્યા હતા. કરણશગજીના કુમાર રામશગજી હતા. તેમને ગોપાળશગજી, અદોજી, વીઠલજી, ભોજરાજજી ને સારંગદેવજી આ પાચ કુમાર હતા. પાટવી ગોપાળશગજી ધનાળામા રહ્યા, તેમના કુમાર રામશગજી હતા તે પણ ધનાળામા રહ્યા, ને બીજા કુવર સૂરજસિંહજીને જાખડાનો ગરાસ આપવાથી તેઓ ત્યા જઇને રહ્યા છે. ધનાળાની ભાગવારી નીચે મુજબ છે.

ધનાળા તાલુકદારની ભાગવારી.

દો.	બ.	વી.	તાલુકદારનું નામ.
પાા	૦ાા	૨	દાજીભાઈ ગોપાળજી
પાા	૦ાા	૨	નાથુભાઈ મેઘરાજજી
૦ાા	૩ાા	૧ાા	દલાભાઇ કુલજી
૦ાા	૩ાા	૧ાા	કુબેરસિંહજી
૦ાા	૩ાા	૧ાા	નારસિંહજી
૦ાા	૩ાા	૧ાા	અમરસિંહજી
૦ાા	૩ાા	૧ાા	રતનસિંહજી.
૩ાા	૩ા		પરભાતસિંહજી જશવતસિંહજીના ત્રણ દીકરા બહેચરસિંહજી મેઘાભાઇ તથા કરશનસિંહજી વચ્ચે.
૧)	૩ાા		હરભમજી અદેસિંહજી તેમા શીવસિંહજી, ઉમેદસિંહજી ને રામસિંહજી.
૧)	૩ાા		ભુપતસિંહજી અદેસિંહજી તેમા નાનસિંહજી, કરશનસિંહજી ને હમીરજી.
૧)	૩ાા		જીજીભાઈ અદેસિંહજી તેમા સરદારસિંહજી.
૨)	૩ા		વેરાભાઇ કશીયાજીના દીકરા બહેચરસિહજી તા. દીપસિંહજી વચ્ચે
૩ા	૧ાા		રામાભાઈ કશીઆજીના દીકરા વજેસિંહજી તથા સામતસિંહજી વચ્ચે.

૦ાા ૨ાા   અમાનસિંહજી ભુપતસિંહજી.
૦ા ૩ા ૨ પરતાપસિંહજી ખુટાભાઇ.
૦ા ૩ા ૨ લાખાભાઇ કેશરીસિંહજી
૦ાા ૨ાા   કાયાભાઇ દેવીસિંહજી.
૦ાા ૨ાા   ચંદનસિંહજી અજુભાઇ.
૦ા ૧ાા ૧ા સરદારસિંહજી દાજીભાઈ.
૦ા ૧ાા ૧ા અમરસિંહજી દાજીભાઈ
૦ા ૧ાા ૧ાા વખતસિંહજી દાજીભાઈ

૩૩ા ૧

૧૦)   માધવસિંહજી માનાભાઈ તથા બહેચરસિંહજી જુવાનસિંહજી
       ૫ ૫

૧૦)   પુંજાભાઇ એમાભાઈ તથા ઉમેદસિંહજી કેશરીસિંહજી
       ૫ ૫

૬ાા ૨ાા   દાનસિંહજી ગોપાળજી તથા કરણુસિંહજી ગોપાળજી
       ૩) ૧ ૩) ૧

૬ાા ૨ાા   ધીરસિંહજી રામસિંહજી (બળીયાજી તથા કનુજીનો વંશ)

૩૩ા ૧

૧૨ા ૩ાા   નાથુભાઇ મદારસિંહજી
૧ા ૨ા   કલ્યાણુસિંહજી તખતસિંહજી ૦ા ૩ા, મનુભાઇ તખતસિંજી ૦ા ૩ા. તથા પરતાપસિંહજી ઉદેસિંહજી ૦ા ૩ા.
૧ા ૨ા   ગગજીભાઈ હરીસિંહજી
૧ા ૨ા   માધવસિંહજી કશળસિંહજી તથા મોહબતસિંહજી કશળસિંહજી
       ૦ા ૩ા ૨ ૦ા ૩ા ૨
૨) ૧ા ૨ કરશનસિંહજી દાદુભાઇ
૨) ૧ા ૨ કાળુભાઇ અમરસિંહજી
૪) ૨ાા   જુવાનસિંહજી કુબેરસિંહજી
૨) ૧ા ૧ જશવંતસિંહજી રઘાભાઇ
૨) ૧ા ૧ ગગુભાઈ અખુભાઈ
૧ા ૨ા   ભાખરજી મુળુભાઇ
૧ા ૨ા   ફુલજીભાઇ ફતેસિંહજી
૦ા ૩ા ૨ાા કાળુભાઇ મોટાભાઇ

૦। ૩। ૨॥ અમરસિંહજી શીવસિંહજી
૦। ૩। ૨॥ દોલતસિંહજી મેઘરાજજી

૩૩। ૧।

૧૦૦)

જાખડા.

આ ગામ ધોળકા તાલુકામા અંગ્રેજ સરકારનું ખાલસા છે, પણ તેમાં ધનાળા તાલુકદારના ભાયાતનો વાંટો છે. તેમના તાબામા જાખડાનો વાંટો, જલાલપર, ગોરધનેશ્વરનો વાંટો તેમજ સરડી ગામની હદમા બાંધેલા લીલાપર ગામમા અર્ધો ભાગ છે. જમીન સપાટ છે. મુખ્યત્વે કાળી અને કાંઈક ગોરાડુ છે. નીપજમા ઘઉં, કપાસ અને પરચુરણ અનાજ છે.

ગાગડની ગાદીએથી કરણશગજી નવ ગામ લેઈને ધનાળા ગામે રહ્યા. તેમના કુમાર રામશગજી તેમને ગોપાળશગજી કુમાર થયા. તેમને કુમાર રામશગજી તથા સૂરજસિંહજી હતા. રામશગજી ધનાળામા રહ્યા. અને સૂરજસિંહજીને જાખડાનો ગરાસ આપ્યો હતો. તેમના વંશમા હાલના જાખડાના તાલુકદારો છે.

કાણોતર.

આ ગામ ધોળકા તાલુકામા નામદાર સરકારના તાબાનું છે. પણ તાલુકદાર સેરૂમીઆ સાહેબના ઇજારા પટ્ટાનું છે. પરંતુ તેમા ધનાળાના તાલુકદારના ભાયાતનો વાંટો છે. ધનાળાથી સુરજશગજી જાખડામાં આવ્યા ને તેમના એક ભાયાત કાણોતરમા જઈ રહ્યા છે. તેમના તાબામાં કાણોતરના વાંટા ઉપરાત વેજલકામા તથા સરડીમાં પણ જમીન છે. આ પૈકીનું એક ઘર શીઆળમા પણ રહે છે.

રેથળ.

આ ગામ સાણંદ તાલુકામા છે. તેમા ગાંગડના ભાયાત વાઘેલા ગરાસીયાનો મોટો વાંટો છે. આશિવાય સીધરજ ગામમા પણ તેમનો વાંટો છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૧૭૧૯) છે. ઉપજ આશરે રૂ. ૫૦૦૦)ની છે. તે પૈકી નામદાર સરકારને આશરે રૂ. ૫૦૦) ભરવા પડે છે. જમીન સપાટ તેમાં મુખ્યત્વે કાળી અને કયારી જમીન છે. તેમા ડાંગેર, ઘઉં અને કપાસની નીપજ થાય છે.

ગાંગડની ગાદીના મૂળ પુરૂષ મહારાણા શ્રી ચેલાજીને ચાર કુમાર હતા. પાટવી પૃથીરાજજી, ભોજરાજજી, રામશંગજી અને ભાણશંગજી હતા. પૃથીરાજજી ગાદી ઉપર બેઠા. ભોજરાજજીને રેથળ અને સીધરજ ગામ આપવામાં આવ્યાં હતાં, ને રામશંગજી તથા ભાણશંગજી નિર્વંશ ગુજર્યા હતા. ભોજરાજજીના માતુશ્રી વાવોદરના જાડેજા જશવતશંગજી હરધોળજીનાં કુંવરી બાજીરાજબા હતા. જેમના કુમાર ભોજરાજજી તથા રામશંગજી તથા ભાણશંગજી આ ત્રણ સગા ભાઇ હતા; જેમાના છેલ્લા બેનો વંશ નથી. તેમને એક સગા બ્હેન શામજીબા હતા. તેમને મોટા ઉદેપૂરના રાણા રાયમલજી સાથે પરણાવ્યા હતા. ભોજરાજજીના વંશમા રેથળના ગરાસીયા છે. જેમના વંશમાં કરણજી હાથીજી, નારશંગજી કાળુજી, જેશંગજી રઘુજી, મનુભાઇ જીબાવા, ને દાદાભાઇ સરદારશંગજી વગેરે ભાગદારો છે.

પીંપણ.

આ ગામ સાણંદ તાલુકામા છે, તેમા સાણંદ અને ગાંગડના ભાયાત વાઘેલા ગરાસીયાનો વાંટો છે. આ સિવાય તેમનો વાસણામાં વાંટો છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૧૫૩૯) છે. ઉપજ આશરે રૂ૪૦૦૦ ની છે, તે પૈકી નામદાર સરકારને રૂ ૭૯૩ ભરવા પડે છે. જમીન સપાટ અને ગોરાડુ છે. જુવાર, બાજરી, કઠોળ વગેરેનું વાવેતર થાય છે. આ ગામની હદમાં ગણાસર આ નામનું ૫૨ વાટાની જમીનમા બાધવામા આવેલું છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર મહારાણા ભીમસિંહજીના ચાર કુમાર હતા; પાટવી કરણશંગજી, ૨ મેળોજી, ૩ વાઘજી અને ૪ વીરોજી હતા. સાણંદ અને બાવળાની મોટી વહેચણ અરધોઅરધ ભાગની શંગજી કાવીઠીયા હથુ થઇ હતી. તેમાં કરણશંગજીના કુમાર અરજનશંગજીને સાણંદ અને મેઘાજીના કુમાર પૃથીરાજજીને બાવળા મળ્યાં હતાં; ત્યારે પીપણના મૂળ પુરૂષ વાઘજીને

પીપણુ વગેરેનો ગરાસ આપવામાં આવ્યો હતો; અને વીરાજીને મોરૈયા આપવામાં આવ્યું હતું. વીરાજીનો નિર્વંશ થયેલો જણાય છે. કારણ તે ગામ આણુંદમાં આવેલું હતું. વાઘજીના વંશવાળા હાલ સદરહુ ગરાસ ખાય છે.

મુખ્ય ભાગદાર અગરશંગજી ભોજાજી આઠ આનીના છે; તેમના પેટા ભાગદાર લખમણજી કુબેરજી, રણજી સગરામજી, અમરશંગજી ખાનજી, ચાંદાજી જહાજી, બાવાજી જોગરાજજી, કરણજી ખાનજી ને જેહાજી ખાનજી છે. દાદુજી બાવાજી તથા પુંજાજી સબળશંગજી દરેક ચાર ચાર આનીના ભાગદારો છે.

દદુકા.

આ ગામ સાણંદ તાલુકામાં છે. ત્યાં વાઘેલા ગરાસીયાઓની જમીન છે. તે શિવાય ધોળકા તાલુકાના સાકોડ ગામમા વાંટો છે; તેમજ શેખડી ગામમાં જમીન છે.

આ ગરાસીયાઓના પુર્વજ ડુંગરજી તે સાણંદની ગાદીએથી ઉતરેલા છે. સાણંદના ગાદીપતિ ઠાકોર માલસિંહજીને સારંગદેવજી અને ડુંગરજી હતા; તેમા સારંગદેવજી ગાદી ઉપર બેઠા, અને ફૂટાયા ડુંગરજીને દદુકા, કાણેટી, રનોડા, નીધરાડ, માણકોલ, સાકોડ, રજોડા, ચ...ડા, શેખડી, કોચીઆણ, મેમર, અને વેજલપુર એ રીતે બાર ગામ આપ્યા હતા. એ ગામ તેમના વંશવાળા પાસેથી ગયા છે. માત્ર કાણેટી ગામ તથા સાકોડમા વાંટો ત્યાના તાલુકદારો પાસે છે. દદુકાવાળા પાસે પ્રથમ જણાવ્યા મુજબ ગરાસ છે. હાલ ત્યાં મુખ્ય ભુપતશંગ કલાભાઈ તથા કાળુભાઈ વરહાભાઈ, હાથીભાઈ પુંજાભાઈ, પરભાતશંગ કાળુભાઈ, પાતાભાઈ કાકાભાઈ વગેરે ગરાસીયાઓ છે. ને તેઓ બાવાજીના દીકરા મોડજી તથા કાધાભાઈના વંશના છે.

કાણેટી.

આ ગામ સાણંદ તાલુકામા છે, ને સાણંદથી પૂર્વ દિશામાં છે; તે ત્યાંના તાલુકદાર વાઘેલાઓના કબજામા છે તથા માણકોલનો વાંટો છે. ગામનું ક્ષેત્રફળ એકર ૧૩૭૪ છે. ઉપજ રૂ. ૯૦૦૦) ને આશરે છે. તે પૈકી નામદાર સરકારને ભરવા પડે છે. જમીન ગોરાડુ છે. મુખ્ય પેદાસ બાજરી, કઠોળ, તલ, એરંડા વિગેરેની છે. ગામની વસ્તી શુમારે ૫૫૯ માણસોની છે.

સાણંદના ગાદીપતિ ઠાકોર માલસિંહજીને બે કુમાર, પાટવી સારંગદેવજી ને ડુંગરજી હતા. પાટવી સારંગદેવજી ગાદી ઉપર બેઠા; અને ડુંગરજીને દદુકા, કાણેટી વગેરે બાર ગામ આપ્યાં. દદુકામા રહેનાર ગરાસીયાઓના વડીલોએ તે ગામ ગુમાવ્યા, પણ કાણેટીના તાલુકદારોના પૂર્વજો તેમનો ગરાસ સાચવી રહ્યા છે. કાણેટીના ભાગદારોની ભાગચારી નીચે મુજબ છે:—

કાણેટી તાલુકાની હીસ્સાવારી.

રૂ.આ.પા.		
૦–૪–૦	તાલુકદાર નારણસિંહજી બનેસિંહજી	
	૦–૦–૬	નારણસિંહજી બનેસિંહજી
	૦–૧–૬	અદેસિંહજી ભુપતસિંહજી
	૦–૦–૯	વીશાજી બાવાજી
	૦–૦–૪ાા	હોથીજી કાયાજી
	૦–૦–૪ાા	ફલાજી કાયાજી
	૦–૦–૨	પ્રતાપસિંહજી મેઘાભાઇ
	૦–૦–૨	જયમલજી મેઘાભાઇ
	૦–૦–૨	હરીસિંહજી બેગારજી
	૦–૪–૦	
૦–૪–૦	તાલુકદાર પ્રભાતસિંહજી જાલમસિંહજી	
	૦–૧–૪	પ્રભાતસિંહજી જાલમસિંહજી
	૦–૦–૮	ઓઘડભા નાથાભાઇ
	૦–૦–૮	કરણસિંહજી જેસાભાઇ
	૦–૦–૧ાા	ડોસાજી સારૂભાઇ
	૦–૦–૧ા	ઘેલાજી સારૂભાઈ
	૦–૦–૧ા	રણમલસિંહજી રતનસિંહજી
	૦–૦–૪	અમરસિંહજી સતુભાઇ તથા સગીર અલુજી તથા દાદાજી સતુજી
	૦–૦–૪	વજેસિંહજી બાવાજી
	૦–૦–૪	દેવજી મહારસિંહજી
	૦–૪–૦	

૦-૪-૦ તાલુકદાર કેશરીસિંહજી તખતસિંહજી

૦-૦-૬ રાહુભાઇ હરદાસજી
૦-૦-૬ મેઘાજી ભાવાજી
૦-૦-૩ તખતસિંહજી કેશરીસિંહજી
૦-૦-૩ દેવીસિંહજી જાલમસિંહજી
૦-૦-૬ નાનાભાઇ રામસિંહજી
૦-૦-૦ાા પરતાપસિંહજી અગજી
૦-૦-૦ાા સરતાનસિંહજી રતનસિંહજી
૦-૦-૦ાા હેમતસિંહજી દાદાજી
૦-૦-૦ાા સરદારસિંહજી ગગજીભાઇ
૦-૦-૦ાા ભારાજી ગગજીભાઇ
૦-૦-૦ાા આભાજી ગગજીભાઇ
૦-૦-૩ પરભાતસિંહજી મુળુભાઇ
૦-૦-૩ મોતીજી ભાઇજી
૦-૦-૩ વખતસિંહજી જીભાવા
૦-૦-૪ માધવસિંહજી સામતસિંહજી
૦-૦-૪ મોતીજી નારણજી
૦-૦-૪ રાણાજી કાયાજી

૦-૪-૦

૦-૪-૦ તાલુકદાર મુળુભાઇ રાહાભાઇ

૦-૦-૬ ખોડાજી મધુજી
૦-૦-૬ રાયસિંહજી મધુજી
૦-૦-૩ હાલજી મેરૂભાઇ
૦-૦-૨ સબળસિંહજી દેવાજી
૦-૦-૨ મોટાજી દેવાજી
૦-૦-૨ રામસિંહજી દેવાજી
૦-૦-૩ રતનસિંહજી મેરજી
૦-૦-૬ પ્રતાપસિંહજી કનુભાઇ
૦-૦-૨ અમરસિંહજી ડોસાજી
૦-૦-૨ ભુપતસિંહજી સારૂજી
૦-૦-૨ હરીસિંહજી મહારસિંહજી

૦-૦-૪ મોટાજી બાલમસિંહજી
૦-૦-૧॥ રાણાજી સગરામજી
૦-૦-૧॥ મુળુભાઇ રાહાભાઇ
૦-૦-૧। પરભાતસિંહજી સગરામજી
૦-૦-૧। ભુપતસિંહજી પથુભાઇ
૦-૦-૧। વજેસિંહજી વેરાભાઇ તથા હરીસિંહજી વેરાભાઇ
૦-૦-૧। દેવીસિંહજી દાજીભાઇ

૦-૪-૦

૧-૦-૦

કાવીઠીઆ વાઘેલા—તેમના મૂળ પુરૂષ વેજોજી સાણંદ અને ગાંગડની વહેચણ થતા અગાઉ ગાદીએથી ઉતરેલા, તેમના વશમા સગજી કાવીઠીએ થયા. તેમણે બાહાદુરીથી ઠાકોર કરણુશગજી અને તેમના ભાઈ ચેલાજી વચ્ચે સાણુદ એસ્ટેટની વહેચણ કરાવી સાણુદનું અર્ધ રાજ્ય કરણુશગજીને અપાવી અર્ધું રાજ્ય તેમના ભાઇ મેળાજીને અપાવ્યું. તેના બદલામા મેળાજીના દીકરાએ પોતાના ગામો પૈકી કેટલાક ગામમા વાટા આપ્યા. આ સગજી સુદ્ધાત ચાર ભાઇ હતા. ૧ સગજી, ૨ મેળાજી, ૩ વીસાજી, ૪ કાકાજી. આ ચાર મૂળ પુરૂષોના નામ ઉપરથી તેના વશજો સઘાણી, મેલાણી, વીસાણી અને કાકાણી નામથી ઓળખાય છે, ને તેઓના તાબામા કેટલાક વાટા રહ્યા છે. તેમના ઘર ગાંગડમા, કોઠમા, કાવીઠામા, શીઆળમા, અકેવાળીઆમા, તલસાણામા, લીબડીમા, સાણુદમા અને પાળીઆદ વગરેમા છે.

બોળીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદની અને ગાગડની વગર વહેચણ થએલી ગાદીએથી બોળ ગામ લેઇ ઉતરેલા. ત્યા તેમનો વાટો છે. તેમા ગોતીપરા નામનું ગામ બાધેલુ છે. આ સિવાય તેમને ધોળકા તાલુકામાં આણારેલી ગામમા નવસે વીઘા વાટો છે. આ ગરાસીઆની વસ્તી બોળમાં, મોડાસરમા, જોબાળામા, લીબડીમા, સાણુદમા, પરવાળામા, પેથાપુરમા, ગોરજમા, મુળીમા એ રીતે છે.

કોલટા વાઘેલા—આ ગરાસીઆના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા, તેમના વડીલને કોલટ અને ચવલા ગામ મળેલા, કાળે કરી તે ગામ જતા રહ્યા છે·અને વાટા રહ્યા છે. કોલટના વાંટામા રતનપરૂ નામે ગામ બાધ્યું છે. તેમના ઘર સાણુદમા રતનપરામાં ને એક ઘર અમદાવાદમા છે.

ભુરખીઆ વાઘેલા—આ વાઘેલાના મૂળ પુરૂષ જેસગજી સાણુદ તથા ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા; ને તેમને ભુરખી તથા કરીઆણું ગામ મળેલાં, ત્યાં તેમના વાટા રહ્યા છે, ને તેઓની વસ્તી ગાગડમાં છે.

દુમાલીઆ વાઘેલા—આ વાઘેલાના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના કબજામાં દુમાલીનો કાંઈ ભાગ રહ્યો નથી. તેમની વસ્તી ગાગડ અને મખીઆવમા છે.

ગાંગડીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમની પાસે ગામ કે વાંટો રહ્યો નથી. તેમની વસ્તી ગાંગડમાં છે.

મેમરીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના વંશવાળા પાસે મેમરનો વાટો છે. તેમની વસ્તી કોઠમાં છે.

ઢેઢાળીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના વશવાળા પાસે ઢેઢાળનો વાંટો છે. તેમની વસ્તી ગાંગડમા છે.

સીમજીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમની વસ્તી ભુરખીમા છે.

ચલોડીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના મૂળ પુરૂષ ડુંગરજી દદુકા વગરે લેઈ ઉતરેલા તેના વશના કોઇ પુરૂષ ચલોડામા વસેલા તેનો વશ કોઠમા છે.

ભોયણીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા. ગરાસ રહ્યો નથી. વસ્તી કોઠમા તથા કાઠીઆવાડના ઉપલેટા ગામમા છે.

લેખંભીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના વશમા ગરાસ નથી ને વસ્તી સાણુદ તથા વઢવાણમા છે. ત્યા હાલ ભીમશગજી ખોડાભાઇ છે.

શેલીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. ગરાસ નથી. ઘર સાણુંદમાં છે.

ગોરજીઆ વાઘેલા—ના મૂળ પુરૂષ સાણુંદ તથા ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. હાલ વસ્તી કોકતામા, અ કેવાળીઆમાં અને કાઠીઆવાડના કુડ ગામમા છે.

મોરીઆ વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમની વસ્તી ધ્રાંગધ્રા પાસે જીવા ગામમાં છે.

વીરપરા વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. વીરપરમાં મોટો વાંટો છે.

ઝણુંદ વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાંગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. ઝણુદમા મોટો વાટો છે.

કોકા વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાગડની વગર વહેંચાયલી ગાદીએથી ઉતરેલા છે. કોકામા મોટો વાટો છે.

સાથળ વાઘેલા–ના મુળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. વાટો નથી.

કેરાળીઆ વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુંદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. કેરાળામા મોટો વાટો છે.

કોઠીઆ વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુદ અને ગાગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. વાટો નથી વસ્તી કોઠમા તથા દાતામાં એક ઘર છે.

ઉતેળીઆ વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુદ અને ગાગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. વાટો નથી. વસ્તી સાણુદમા તથા કાઠીઆવાડમા ઝાઝરકામા, અરણેજમા અને ધોળીકમાલપરમા છે.

અગોલા વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુદ અને ગાગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. તેમના ઘર કાઠીઆવાડના ટીકર ગામમા છે.

રૂપાલા વાઘેલા–ના મૂળ પુરૂષ સાણુદ અને ગાંગડની વગર વહેચાયલી ગાદીએથી ઉતરેલા છે. એક ઘર ઝાલાવાડમાં તાવી ગામમા છે.

લીંબોદરા તાલુકે કલોલ.

લીંબોદરા સ્વસ્થાન શ્રીમત ગાયકવાડ સરકારની હકુમત નીચે તેમના કલોલ મહાલમાં છે. તેના તાબામાં લીંબોદરા તથા આમજુ આ બે ગામ તેમજ કલોલમા ૩ ભાગનો વાંટો, દેગુચા, છતરાલ, બીલીઆપરા તથા ધાનોટ અને અડાળજ આ ગામમા વાટા છે. કુલ ક્ષેત્રફળ આશરે વીઘા ૭૯૦૦) છે. વસ્તી શુમારે ૨૯૬૩ માણુસની છે. ઉપજ રૂ. ૨૦, થી રૂ. ૨૨, હજાર સુધીની છે. તે પૈકી ગાયકવાડ સરકારને રૂ. ૧૯૦૦) ભરવા પડે છે. જમીન સપાટ અને ગોરાડુ છે. નીપજમા બાજરી, કઠોળ, કપાસ, એરંડા વગેરે છે.

ગુજરાતના ક્ષત્રીવશના છેલ્લા રાજા કરણુ વાઘેલાના બે કુમારો વીરસિંહ ને સારગ હતા. જેમાના વીરસિંહ પાટવીએ સરધારમાં ગાદી કરી ને સારગે ભીલડીગઢમા ગાદી કરી. વીરસિંહના વંશના સરધારા વાઘેલા કહેવાય છે. વીરસિંહની ગાદીએ અનુક્રમે વિશળદેવ, નોઘણુજી, વીજપાળજી, સુરશંગજી, અજબશગજી, દેવકરણુજી, પરતાપશગજી ને માડણુજી નામે ઠાકોર થયા. માંડણુજીના ભાઈ લુણુકરણુજીએ સરધારથી ઉતરી કચ્છમાં જઈ કેટલાક તાલુકા મેળવ્યા; ને તેમના કુમાર હમીરજીના નામથી હમીરાણુા કહેવાય છે; ને તેમાં ગેડી, પળાસવા, બેલા, આટાવાડા વગેરે જગાઓ હજુ કાયમ છે.

માંડણુજીના કુમાર ધમલકરણુજી થયા. તેમણે પોતાના પિતાનો પ્યાર નાના કુમાર ઉપર હોવાથી પોતે પાટવી હોવા છતા તેમની મરજીને તાબે થઈ પિતૃભકિતથી સરધારનું રાજ્ય પોતાના નાના ભાઇને આપી પોતે ગુજરાતમાં આવ્યા, ને કલોલ તથા સાણુદના પરગણું ત્યાના રાજકર્ત્તા પાસેથી જીતી લેઈ ત્યા રાજગાદી કરી ને સારી રીતે રાજ્ય કર્યું. તેમના કુમાર વિરસિંહ તથા જેતસિંહ થયા. જેમને ભાટ લોકોએ પોતાની રસીલી વાતોમાં "વરહો અને જેતો" એ ઉપનામથી ઓળખાવ્યા છે. આ બે શૂરા રાજપુત્રો પાસેથી કલોલ અને સાણુદનું રાજ્ય અહમદશાહ બાદશાહે જીતી લીધું. જેથી તેમણે પોતાના ૫૦૦) પાંચસે સ્વારો સાથે બાદશાહ સામે બાહારવટાં કરવા માડ્યા; ને ઘણી લાંબી મુદત સુધી બાહારવટાં ચાલુ રાખ્યાં; પણુ તેથી બાદશાહને તેમનો ગરાસ સોંપવો પડે તેવો જરૂરનો પ્રસંગ આવ્યો નહીં. આ રીતે બાહારવટાંથી તે પણુ કંટાળ્યા ને તેમનામાંના ઘણુા સ્વાર માંદગી તથા દુઃખથી કમી થયા. પોતાની પાસે ખરચી પણુ ખુટી ને દિવસે દિવસે સ્વારોની સંખ્યા પણુ થોડી રહી. એવામાં એક રાત્રીએ કડી ને અમદાવાદના રસ્તા ઉપર નાસમધ કરીને ગામ છે ત્યાં તેઓ આવ્યા. પરોઢીએ અખો ભંડારી

આ નામનો રજપુત પોતાનું ગાડું હાંકીને જતો હતો, તેના ચાકરના જોવામાં બાહારવટીયા આવ્યા જેથી તેણે ભયભીત થઇ તે વાત અખાને કહી. અખે કહ્યું કે એ બહારવટીઆ અક્કલવત નથી. જો તેમ હોય તો ને તેમનામાં મારા જેવા બહાદુર હોય તો તેમનો ગરાસ ત્રણ દીવસમા પાછો મળે. વરહા જેતાજીનો ચાકર જે આ વાત ગુપ્ત રીતે સાભળતો હતો, તેણે ઠાકોરને વાત કરી. તેમણે આવી અખાને તે પ્રમાણે બોલેલો કે કેમ તે વિશે પુછયું. અખો ગભરાયો પણ તે વિશે હિંમત ન હારતા પોતે કહ્યાનું કબુલ કર્યું. વાઘેલા ઠાકોરે તેની મરજી મુજબ ચાલવાનું કબુલ કરી તેને સાથે લીધો ને પાદશાહ સામે બાહારવટા ચાલુ રાખ્યા. અખાની સલાહથી તેમણે બાદશાહની બેગમો જે દર શુકરવારે સરખેજ પાસેના મકરબાના રોજામા દર્શન કરવા સારૂ આવતી હતી તેમના રથ વાળવાનો પાકો નિશ્ચય કર્યો. શુકરવારે બાદશાહની બેગમો પોતાના અમીર ઉમરાવ તથા બીજી આબરૂદાર બેગમો સાથે ૫૦૦ રથ સહિત દર્શન કરવા સારૂ આવ્યા. તેમની સાથે થોડા સ્વાર રહેતા પણ તે આ જનાના રથથી ઘણાજ દૂર રહેતા. તેવામા આ બે ભાઇઓએ આવી રોજા પાછળ કબજો કરીને ઘેરો ઘાલી બાઇઆને આતર્યા. જયારે તમો કોણ છો ને પુરૂષ છતા બાદશાહની આમન્યા ન રાખતા અમારી સમીપ કેમ આવ્યા આવો પ્રશ્ન પુછતા તેમણે કહ્યુ કે "અમો વરહો ને જેતો વાઘેલા ઠાકોર છીએ. બાદશાહે અમારો ગરાસ લાબી મુદતથી ખુચી લીધો છે, ને તે અમે ઘણી લાબી મુદતથી બહારવટે છીએ તોપણ પાછો મળતો નથી, જેથી આજ તો મરવાનો નિશ્ચય કરી આપના રથ વાળી જવા સારૂ આવ્યા છીએ; તે આપના રથ વાળી જઇશુ." આ સાભળી બેગમો ગભરાઇ ને મુખ્ય બેગમે તેમને સમજાવ્યા કે "આથી પાદશાહ તમારા ઉપર બમણો ગુસ્સે થશે. મારૂ કહ્યુ કબુલ કરીને મારા વચન ઉપર ભરોસો રાખો તો હુ પ્રતિજ્ઞા કરૂં છુ કે જયારે બાદશાહ પાસે તમોને તમારો ગરાસ અપાવીશ, ત્યારે હુ અન્ન જમીશ. તમો મારા ધર્મના ભાઇ છો. કદાપી તમો મારા રથ લેઇ જશો તો અમારે આપઘાત કરીને મરવું પડશે, તેથી તમોને લાભ નથી અને ઉલટી તમારા શાસ્ત્ર મુજબ સ્ત્રીહત્યાનું મોટુ પાપ તે તમારા શીર પડશે.' બન્ને ભાઇ સમજ્યા ને બેગમ પાસેથી પાકી પ્રતીજ્ઞા કરાવી ને તેઓએ રસ્તો પકડયો. એટલામાં બેગમના સ્વાર આવી પહોચ્યા. તેમણે બાહારવટીઆને પકડવા જવા આજ્ઞા માગી, પણ બેગમે તેમ કરવાની ના પાડી. પોતે નગરમા આવી બાદશાહથી રીસામણું કીધું. બાદશાહ મહેલમા આવ્યો ને પોતાની માનીતી બેગમને ક્રોધયુક્ત જોઇને તેની આસના વાસના કરવા માડી ને તેમ થવાનું કારણ પુછયું. બેગમે તે

દિવસે બનેલી સર્વે હકીકત કહી કહ્યું કે "એ પ્રાણીલા કદી સમજ્યા ન હોત તો મારે આપઘાત કરવો પડત, જેથી મેં પ્રતીજ્ઞા કરી છે માટે તેનો મુલક પાછો આપો." બાદશાહે તેમ કરવાનુ કબુલ કરી પ્રતીજ્ઞા કરી ત્યારેજ બેગમનો રોષ ઉતર્યો. બીજે દિવસે સવારમા કબુલાત મુજબ બેગમે પોતાના ધર્મના ભાઇઓને જે જગોપર રહેવાનું કહ્યુ હતું, ત્યા તેડવા સારૂ બે વણીક મંત્રી માણેકચદ ને મોતીચદને બાદશાહ પાસે મોકલાવરાવ્યા. તેમણે એક માળીની મારફત તજવીજ કરી તેમને પોતાની પાસે બોલાવી બાદશાહનો હુકમ સભળાવી તેમને હજુરમા મળવા કહ્યુ. તેમણે બાહેધરી માગી તે વણીક મંત્રીઓએ પોતે કબુલ કરીને તેમને તેડી નગર તરફ આવ્યા. સાયકાળે નગરના દરવાજા આગળ આવ્યા, જ્યા એક સ્ત્રી નીલજપણે બેઠેલી જોવામા આવી. વાઘેલા ભાઇઓએ તે જોઇને તે સ્ત્રી કઈ જ્ઞાતીની હશે એમ તેમણે મંત્રીને પુછયુ. તેના જવાબમા બ્રાહ્મણ વાણીઆની જ્ઞાતીની હશે તેવો ઉત્તર મળેથી તમો પોતે કઈ જ્ઞાતીના છો એમ ઠાકોરે પુછયુ તેના પ્રતીઉત્તરમાં પોતે વાણીઆ છે એમ કહ્યુ. આ સાભળી મોટા ભાઇએ જેતસિહને કહ્યું કે "ભાઈ જે પુરૂષની માતા આમ નીર્લજપણે વર્તે છે તેના પુત્રની બાહેધરી મને જોખમકારી લાગે છે." આ પ્રમાણે વિચાર કરી તેમણે મંત્રીઓને કહ્યું કે "આપ બાદશાહના નોકર છો માટે બાદશાહ અમને કેદ કરશે તો તમો શી રીતે છોડાવશો ?" આનો જવાબ પોતાને સતોષભર્યો ન મળવાથી તેમણે પાછી ચાલતી પકડી ને મંત્રીઓએ જઇ આ વૃત્તાન્ત બાદશાહને જાહેર કર્યો ને કહ્યું કે તેઓ પાકી બાહેધરી શીવાય આવવાના નથી. બાદશાહે બીજે દિવસે પોતાના માનીતા બે મુસલમાન અમીરોને મોકલ્યા. તેમણે પાકી પ્રતીજ્ઞા કરી ત્યારે બે ભાઈ તેમની સાથે નગરમા આવ્યા. તે વખત પણ એવો પ્રસગ બન્યો કે એક મુસલમાન ઓરત સામેથી આવતી હતી. આ અજાણ્યા આબરૂદાર સરદારો પોતાનું મુખ દેખે તે તેને યોગ્ય લાગ્યું નહિ. જેથી તેણે સતાવાને ઘણાં ફાંફાં માર્યાં પણ તેવી જગ્યા નહિ મળવાથી તેણે પાસેના કૂવામા પડતું મુકયુ. સારા નસીબે તેનો ધબકારો સાભળ્યાથી કેટલાક માણસોએ દોડી આવીને તેને બહાર કહાડી. કૂવામા પડવાનું કારણ પુછતા તેણે ખરી વાત જાહેર કરી ને પોતે મુસલમાન છે એમ કહ્યું. વરહા જેતાના સમજવામા આવ્યું કે આ અમીરો મુસલમાન છે ને જે સ્ત્રીની કુખે આવાં રત્ન પાક્યા છે તે પુરૂષની બાંહેધરી જોખમરહીત છે. આવો વિચાર કરી બાદશહની હજુરમાં આવી પ્રણામ કર્યા. બાદશાહ ઘણો ખુશી થયો ને તેમને યોગ્ય માન આપી પોતાની પાસે બેસાર્યા. તેમને વસ્ત્ર બદલાવી બાહારવટીઆના વેષથી મુક્ત કર્યા. કહેછે કે આ બે ભાઇઓએ એટલું બધુ કષ્ટ સહન કર્યું હતું કે તેમનાં કર્ણ-

ડાંમાંથી ફકત જુઓ અ ને લીખો બશેર નીકળી હતી. બાદશાહે તેમને ખાલસા કરેલાં ગામ ૫૦૦) નો તાલુકો સોંપી દીધો; ને તેની વહેંચણ શી રીતે કરશો એમ પુછયું. એના જવાબમાં વડીલે કહ્યું કે અમારા ક્ષત્રીની રીત મુજબ મોટા (પાટવી) ને વધારે ને નાના ફટાયાને કાંઇક થોડાં મળશે. આ વહેંચણ બાદશાહને ઠીક લાગી નહિ. તેના સમજવામાં સારી પેઠે હતું કે બન્ને ભાઇઓએ સરખી રીતે કષ્ટ સહન કર્યું છે. જેથી બન્ને ભાઇઓને અર્ધોઅર્ધ ગામ વ્હેંચી લેવા સમજુત કરી ને વડીલપણાના દાવામાં મોટાએ સારો ભાગ લેવો એમ ફરમાવ્યું. પાટવી વરસાએ પોતાની પસદગીનો સારો ભાગ જોઈ કલોલ તાલુકો ૨૫૦) ગામ સાથે જે તે વખતે મીઠો પાટ ગણાતો તે લીધો; ને જેતસિહને સાણદ ગામ સાથે ૨૫૦) ગામનો તાલુકો કે જે તે વખતે ખારથી ભરપૂર હોવાથી "ખારાપાટ" ની છાપથી ઓળખાતો તે મળ્યો. પાટવી વીરસિહે કલોલમાં ગાદી કરી.

વીરસિંહની ગાદી ઉપર તેમના કુમાર ચુડોજી બેઠા. તેમના નાના કુમાર લુણકરણજી યાત્રા સારૂ રેવાજી પોતાના રસાલા સાથે જતા હતા, ત્યાં મહી નદીના કાઠા ઉપર અણઘડ નામે ભીલનું ગામ હતું ને ત્યાનો ભીલ પોતાના ગોરની દીકરી જે મોટી ઉંમરની થઇ હતી તેને પરણવાનું માગુ કરતો હતો તેને બ્રાહ્મણના કાલાવાલા ઉપરથી લઢાઇ કરીને માર્યો. ત્યા રાજગાદી કરી જે અત્યારે ભાદરવા ઠાકોર નામથી પ્રસિદ્ધ છે. ચુડાજીના કુમાર અનરદેવજી (આણદદેવજી) થયા તેમના કુમાર સબળશગજી થયા. તેમણે પોતાના નાના ભાઇ સામતસિહજીને ૪૨ ગામ સાથે રૂપાલનો તાલુકો આપ્યો. સબળશગજી પછી અનુક્રમે લુણકદેવજી, શંગજી ને લખમણશગજી ઠાકોર થયા. તેમણે પોતાના ભાઈ રાજશગજીને વીડજ અને ગોયાજીને સીરસેયા ને ઉગરેજ ગામ આપ્યા. તેમના કુમાર મોકલશંગજી થયા, તેમણે પોતાના ભાઇ મેરૂજી, રાયશગજી ને જેતશગજીને સહીજ ગામ આપ્યુ, મોકલશંગજીના કુમાર કરણશગજી થયા. તેમણે પોતાના ફટાયા ભાઇ ખાનાજી તથા ગોરખશગજીને ગકુડ ગામ આપ્યુ. કરણશગજીના પાટવી કુવર મુળરાજ થયા. તેમણે પોતાના ભાઈઓ પૈકી વાઘજીને શેરથા, આનાજીને ભોયણ, વેરજીને વડાલ, મગળદેવજીને ચાનછેડા, જશવતશગજીને ઓગાણજ, શેશમાલજીને ડીંગુચા, સારગજીને વરસડ અને સગજીને વાયજ આપ્યાં. મુળરાજ પછી તેના કુવર મહીપ ઠાકોર થયા.

મહીપને વીરસિંગ અને અજીત્રસિગ આ બે કુંવર થયા. તેમને મુસલમાનો સાથે લડાઇમા ઉતરવું પડ્યુ, તેમા મોટા વીરશગ લઢાઇમાં પૂર્ણ પરાક્રમ કરી સ્વર્ગે ગયા. તેમનાં પતિવ્રતા રાણી રૂડબાઇએ પતિ ઉપરના પોતાના

અખંડ પ્રેમથી તેમના કલ્યાણુ અર્થે અડાળજ ગામ જે અમદાવાદથી અંબાજી માતા તરફ જવાના રાજમાર્ગે ઉપર ઘણુંજ મોટું ગામ છે, ત્યાં પાંચ લાખ ટંકા ખર્ચી એક ભવ્ય અને સુશોભીત વાવ સવત ૧૫૫૫ ના માહાસુદી ૫ ને બુધવારે બધાવી, જે આખા ગુજરાતમાં પ્રસિદ્ધ છે. તેમા જે શીલાલેખ છે તે નીચે ઉતાર્યો છે.

અડાળજ ગામની વાવનો શીલાલેખ.

संवत १९५५ वर्षे माघ मासे पंचमी दीने पादशाह श्री महिमूंद
राजा ॐ नमो विनायकाय नमः ॥

यस्यान्वये मोकलसिंह आसि ढुंडाहि देशाधिपति र्नरेंद्रः ॥
वाघेल आखंडल तुलय धामा योद्धाधिपो भागवत प्रधातनं ॥ १ ॥
तस्या भव सुनुरतुलय विर्यः कर्णो नृपः कर्ण इव क्षितिश ॥
संग्राम भूमिं महती हि लब्धा हता विपक्षाश्च धनुष्मताते ॥ २ ॥

ऊन्मूलयिता परेषां मूलराजा वनिश्वरः
तस्माद जायत नृपा ग्रेणु केयो यथा भृगोः ॥ ३ ॥

महीपतीनां प्रवरो महीप इति विश्रुतः
तस्य सूनुर भूत्पांडो र्युधिष्टर इवापरः ॥ ४ ॥

महीप तनयो श्रासी द्वीरसिंहो धराधिपः
लीला गृहीत देहोसौ रामो दशरथा दिव ॥ ५ ॥

अभूतां नृपति यौतु भ्रातरी राम लक्ष्मणौ
वरसिंहश्च जैत्रश्च महीप तनया मौ ॥ ६ ॥

दंढाहि देशाधिपति वींरसिंहो धराधिपः
वलय वलिं समासाद्य सुशोभत पुरंदरः ॥ ७ ॥

तस्यश्री विरसिंहस्य राज्ञी राज्ञीरमे वया
वापिकां शिलिप मुख्येषु रुडादेवि व्यचीकरतः ॥ ८ ॥

स्वस्ति श्री नृप विक्रमार्क समयातिते काले सांप्रतं
संवत्पंच दशेनु पंच मितित वर्षेव पंचाशति

वीरश्री वरसिंहदेव नृपते राज्ञा हि रुढयाभिधा ॥
वापिं देव धुनी समां सुतनया निर्म्मोति वेगे शितुः ॥९ ॥

कौबेरी दिशमाश्रिते दिनपतो मासे च माघा भिधे ॥
पक्षे शुक्लतमे तिथौ फण भृतौ वारे बुधस्योतरा ॥
नक्षत्रे ववसंज्ञ केत्र करणे योगे वसिद्धोपरे ॥
रूढाख्यापतिदेवतातु महती वापी मकार्पी शुभां ॥ १० ॥

मानसाख्यं सरोदिव्यं किंवा स्वर्गी पगा किमु
कैलासोवति सर्वेषां विभ्रम विद धातिया ॥ ११ ॥

या वापि केति तनुते विशयं सुराणां
वातायनेः सुरवधु समधिष्ट तैश्च
स्वर्गोप्य सौकीसुतवा सुरस प्रनः सा
साकिंतु जन्हु तनया प्यथवेय मुच्चैः ॥ १२ ॥

अर्पा शुल्लानां प्रथमाभि धेया
यारूढराज्ञी कवि कल्प वल्ली
श्लाघ्यैश्चरित्रैः स्वकुलंच पत्यु
विभास यति किल मैथिलीव ॥ १३ ॥

कोटिर्धन तृणमिव प्रशम ययातु
क्षिप्तंनृपषु विबुधेषु तुलांतु तस्या
कानाम राज दयिता नच कामधेनु
र्नोपेति कल्प लतिका किल रूढ राज्ञा ॥ १४ ॥

टंक कानांतु लक्षाणि पचक्षिता निकाशतः
वापिकृतेऽनया राज्ञा रूढा देव्येति संश्रुतं ॥ १५ ॥

अडालीजे वरग्रामे वीरसिंहस्य वल्लभा
रूढाराज्ञी व्यधाद्वापीं भूषिता वल्लभी शतैः ॥ १६ ॥

स्वस्ति श्रीमन्नृप विक्रमधीतीता आषाढादि संवत १५५५ वर्षे शाके १४२० प्रवर्त्तमाने ऊतरायने गते श्री सुर्या शशी रतौ माघ मासे शूक्ल पक्षे पंचम्यां तिथौ बुधवासरे ऊतरा भाद्रपद नक्षत्रे सिद्धि नाम्नि योगे बवंकरणे

मीनराशौ स्थिते चंद्रे पातशाह श्री महमूद विजय राज्ये दंडाहि वैशाखिपात नृपति चक्र डामणां वाघेल श्री महिप तनय राजश्री वरसायीनी धर्मपत्नी राणी श्री रुडबाई भर्त्तारनइ श्लोकार्थे अडालिजि वावि करावी. श्रीमाली ज्ञाति मंहं भीमा सूत्र माशण वावि निपजावी. टंका ५००१११ अंके पांच लक्षि थया. आचंद्रार्क स्थिर स्थावर नमस्तु ॥ १ ॥

બીરસિંહના દેવલોક પામવાથી તેમના ભાઇ જેતસિંહ (જેત્રસિંહ) કલોલની ગાદી ઉપર બેઠા; અને તાલુકો આબાદ કર્યો. તેમના પછી કરશનસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે પોતાના ભાઇ મગળદેવજીને ગોધાવી, ચેખલા, ગરોડીઆ, પલોડીઆ, મનીપુર, ગતરાડ, નાદજ, ભુવાલડી વગેરે બાર ગામ આપ્યાં.

કરશનસિંહજીની ગાદી ઉપર આશજીને પછી પરતાપજી ગાદી ઉપર બેઠા. તેમના પછી કુમાર છાદોજી (ચાદોજી) થયા. તેમના પછી કુમાર ભાણુજીને રાજ્ય મળ્યું. તેમના પછી પરતાપસિંહજી ને તેમના પછી રાજસિંહજી ઠાકોર થયા. તેમને કેસરીસિંહ તથા અખેરાજ આ બે ભાઇ હતા. રાજસિંહજીની ગાદી ઉપર સુરસિંહજી બેઠા. આ ઠાકોરને અમદાવાદના બાદશાહી સુબા સાથે લડાઇ થઇ તેમા પોતે ઘણી બહાદુરીથી લઢયા, પણ આખરે હારવું પડયું ને તાલુકો સુબાએ લેઇ લીધો, જેથી તેમણે બાદશાહી સામે પચીસ વરસ સુધી જબરાં બહારવટા ચાલુ રાખ્યા ને સુબાને કાયર કરી નાખ્યો. આખરે સુબા તરફથી તેમને પકડવાને ઘણા ભારે ઇનામનાં જાહેરનામા કાઢયાં. તેથી લલચાઇને વીડજ ગામનો એક નીમકહરામ રજપુત જે સુરસિંહજીનો આશ્રિત ને તેમની સાથે પ્રીતિભાવ રાખતો હતો તેણે તેમને પોતાને ઘેર જમવા રોકયા ને ગુપ્ત રીતે સુબાને અમદાવાદ ખબર આપી. ત્યાથી એકદમ ફોજ આવી ને સુરસીંહજીને ઘેરી લીધા ઘણાજ પરાક્રમથી પોતે ફોજ સાથે લઢાઇ કરી, પણ એકનું ઓસડ બે એ કહેવત મુજબ તેઓ ફોજનો કેટલોક સહાર કરી અક્ષય કીર્તિ મેળવી સ્વર્ગે ગયા. ત્યારબાદ તેમના કુમાર જગતસિંહજીએ પણ પોતાના પિતાનો ટેક સાચવી બાદશાહી સામે બહારવટાં ચાલુ રાખ્યાં. આખરે કટાળીને બાદશાહે સલાહ કરવા સારૂ જગતસિંહજીને પાકી બાંહેધરી આપીને અમદાવાદ તેડાવ્યા; અને કલોલનો ½ ભાગ તથા કેટલાંક ગામો અને વાંટાઓ તેમને પાછા આપીને સલાહ કરી. તેમણે પોતાને મળેલો તાલુકો આબાદ કર્યો. જગતસિંહજીના ત્રણ કુંવર પાટવી ભગતસિંહજી ને બીજા રૂઘનાથજી અને જીવણુજી હતા. પાટવી ભગતસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે આંજણા કણબી પાસેથી લીંબોદરા ગામ જીતી લેઇ ત્યાં રાજધાની

કરી; અને દરબારગઢ તથા સુંદર મકાનો બંધાવ્યાં; ને બ્રાહ્મણ તથા ભાટ ચારણોને ખુબ જમીન આપી. ભગતસિંહજીની ગાદી ઉપર અનોપસિંહજી સંવત ૧૭૯૯ મા બેઠા. તેમણે પોતાના ભાઇ અંદરસિંહજી અને તથા માનસિંહજીને તથા જીતુજીને લીંબોદરની જીવાઇ આપી. તેમના પાટવી કુમાર સુધરામસિંહજી ને બીજા દોલતસિંહજી, કુબેરજી ને કશીઆજી હતા. સધરામજી દેવલોક પામવાથી દોલતસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે પોતાના ભાઇ કુબેરસિંહજીને લીંબોદરામા જીવાઇ આપી ને કશીઆજી નીરવંશ ગુજર્યા

દોલતસિંહજીના કુમાર સબળસિંહજી, જેમનો જન્મ સંવત ૧૮૨૬ ના કારતક સુદી ૯ નવમીએ થયો હતો; ને બીજા કુવર નથ્થુભાઇ હતા. સબળસિંહજીને કુવર નહોતો. માત્ર એક કુવરી ઉમેદબા હતાં, તેમને સુંથના માહારાણા ભવાનસિંહજી સાથે પરણાવ્યાં હતા. સબળસિંહજી નીરવંશ ગુજરવાથી તેમના ભાઈ નથ્થુભાઇના બે કુમાર જાલમસિંહજી તથા સુલતાનસિંહજી હતા, તે પૈકી પાટવી જાલમસિંહજી ગાદી ઉપર બેઠા; ને તેમણે પોતાના ભાઇ સુલતાનસિંહજીને જીવક આપ્યું. નથ્થુભાઇ સંવત ૧૮૩૫ ના શ્રાવણ સુદી ૧૦ દેવલોક પામ્યા.

જાલમસિંહજીના ત્રણ કુમાર મુળસિંહજી, દલેલસિંહજી ને કશળસિંહજી હતા. મુળસિંહજી ગાદી ઉપર બેઠા. તેમના પુત્ર હમીરજી પોતાના પિતાની હયાતીમા દેવલોક પામ્યા. જેથી મુળસિંહજી દેવલોક પામ્યા ત્યારે તેમના બીજા ભાઇ દલેલસિંહજીના બે કુમારો પાટવી કુબેરસિંહજી તથા નાના માધવસિંહજી હતા તેમાથી પાટવી કુબેરસિંહજી ગાદી ઉપર બેઠા; ને માધવસિંહજીને જીવાઇ આપી. કુબેરસિંહજીના સગા બેન કેસરકુવરબાને જાબુવાના માહારાજા ગોપાળસિંહજી સાથે સંવત ૧૯૩૬ મા પરણાવ્યા હતા, તે લગ્ન પછી બીજેજ વરસે દેવલોક પામ્યા છે. કુબેરસિંહજીના પહેલા ઠકરાણી સરડોઇના રેવર જવાનસિંહજી અદેસિંહજીના કુવરી તખતકુવરબા હતા. તેમના પાટવી કુમાર દોલતસિંહજી તથા ફટાયા માનસિંહજી થયા. દોલતસિંહજીનો જન્મ સંવત ૧૯૩૩ ના ભાદરવા વદી ૧ પડવાને રોજ થયો હતો. બીજાં ઠકરાણી રૂપાલના રેવર લક્ષ્મણસિંહજીનાં બેન ગમાનબા સાથે થયાં હતાં. ત્રીજાં રાણી ગોરવાડાના રેવર કેશરીશંગ અમરશંગનાં કુવરી નવજીબા સાથે થયાં હતાં. ઠાકોર કુબેરસિંહજી સવત ૧૯૪૮ ના ભાદરવા વદી ૧૩ તેરશના રોજ દેવલોક પામ્યા. કુમાર શ્રી દોલતસિંહજી પોતાની ૧૬ સોળ વરસની ઉમરે ગાદી ઉપર બેઠા. તેમનાં પહેલાં ઠકરાણી ગુદીઆળાના ઠાકોર માધવશંગની કુંવરી રામકુવરબા હતાં, તે સંવત ૧૯૫૨ માં દેવલોક પામ્યાં.

બીજાં આલુઆના રાઠોડ ભાલુશગ જાલમશગનાં કુવરી સરદારબા છે. ત્રીજાં નીકોરાના પુવાર ઠાકોર કુબેરસિંહજી હરીસિંહજીનાં કુવરી નંદકુંવરબા છે, જેમનું લગ્ન સવત ૧૯૫૪ માં થયુ છે, તેમને બે કુંવરીઓ મોટાં કેશરકુંવરબા તથા નાના જસવતકુવરબા છે.

ઠાકોર દોલતસિંહજી ઘણા હોશીઆર હતા; અને સાદરા સ્કોટ કોલેજમા અભ્યાસ કર્યો હતો. તેમને નામદાર ગાયકવાડ સરકાર તરફથી સેકનકલાસ માજીસ્ટ્રેટની તથા દીવાની કામની કેટલીક સત્તા મળેલી હતી. ઠાકોર સાહેબ દોલતસિંહજી તા૦ ૨૩ ફેબરૂઆરી સને ૧૯૧૨ ના રોજ પોતાની ભરજુવાનીમાં દેવલોક પામ્યા, જેથી તેમના સગા ભાઈ માનશગજી ગાદી ઉપર બેઠા. તેમનું લગ્ન અલવાના રાઠોડ જસાજીના કુવરી બાલુબા સાથે થયુ છે, જેમને એક કુમાર જગતસિંહજી છે. તેમનો જન્મ સવત ૧૯૬૨ માં થયો છે.

ઠાકોર જાલમશંગજી નથ્થુભાઈનું જુનું ચારણી ગીત.

વળ ભરીએલ કળા વચીકણુ ભેદ અગમમાં વેદ ભણે
જાલમભા સતણુ કરણુ જોટે શકવ્યાં રે મખ કીતશણે
આવે આ ઉમગભેર કરે દખ અળગાં આંટીલો ભડ શો હઠ અટંકો
એવા કાયદા રૂપી કામ તુ સધર કરે બરદ ટેક ધારી જનમીયો જશ
લેવા કલોલો બાદશાહ બકો.

ઠાકોર મુળસિંહજી જાલમસિંહજીનું ચારણી ગીત.

પ્રમાહુરો તું નવે ખડ પ્રાજો આવે આજો વશળ અશો.
ક્રોડ દળાંવટ ચઢે કઠાળાં જોતા વિક્રમ ભોજ જશો.
કળજગમા આ રણુભંગ વાઘેલ રાણુ તે જમ ચઢે દીશ તેમ ભરણુ ચઢે
બીજો વઢે અગોચર બેશી પણુ બાપા મુળુભા તણા દરબારમાં ધરમ
સાદ પડે.

ઠાકોર કુબેરસિંહજી દલેલસિંહજીનું ચારણી ગીત.

શેહ વધરો જાણે મહા મતરો સાગર એ વારતા માથે ખરચ હે કણુરંગ
મતરા સામદ્ર કલારી માઝા સકવ્યા પાલણુ દાતા રસચંગ
વળ ભરીએલ કુબેરભા વાંકડો કવીએ કવ્યાં આખી ટેકતાલા બીલંદ
ધનુતાલા વઠતાલા મતવાલા ભડ દાતાર વાઘેલ રાણુ.
અવતારી કલા ભાણુ દેખ્યો અટંકો થારી મઢ કણે નહ થાય.
મુળુભા સતણુ સકરમી એવું વડપણુ આપરૂ દશ દીશ લગે વંચાય.

- વીરસિંહ
  - ચુડાજી
    - અનરદેવજી (આણંદદેવજી)
      - અભળસિંહજી
        - લુણકદેવજી
          - શંગજી
            - લખમણસિંહજી
              - મોકલસિંહજી
                - કરણસિંહજી
                  - મુળરાજજી
                    - મહીપસિંહજી
                      - વીરસિંહ ×
                      - જેત્રસિંહ (જેતસિંહ)
                        - કરશનસિંહજી
                          - †આશજી
                        - મંગળદેવજી (ગોધાવી વગેરે ૧૨ ગામ)
                  - વાઘજી (શેરથા)
                  - આતાજી (ભોયણ)
                  - વેરજી (વડાળ)
                  - મંગળદેવજી (ચાનછેડા)
                  - જશવતસિંહજી (ઓગાણુ)
                  - શેશમાલજી (ઉંગુચા)
                  - સારંગજી (વરસડ)
                  - શંગજી (વાયજ)
                - ખાનાજી
                - ગોરખશંગજી (બંને વચ્ચે ગકુડ ગામ)
              - મેરજી
              - રાયસિંહજી
              - જેતસિંહજી (ત્રણે વચ્ચે સહીજ ગામ)
            - રાજસિંહજી (વીડજ ગામ)
            - ગોવાજી (શીરશૈયા ગામ તથા ઉગરેજ ગામ)
      - રાણકદેવજી (રૂપાલ)
  - લુણકરણજી (ભાદરવાની ગાદી)
- જેતસિંહ (સાણુંદની ગાદી)

---

†આશજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૫૧.

- આશજી કરશનસિંહજી
  - પરતાપસિંહજી
    - છાદાજી (ચાદાજી)
      - ભાણુજી
        - પ્રતાપસિંહજી
          - રાજસિંહજી
            - સુરસિંહજી
              - જગતસિંહજી
                - ભગતસિંહજી
                  - અનોપસિંહજી
                    - શધરામજી ×
                    - દોલતસિંહજી
                      - સબળસિંહજી ×
                      - નથુભાઇ
                        - જાલમસિંહજી
                          - મુળસિંહજી
                            - હમીરસિંહજી ×
                          - દલેલસિંહજી
                            - કુબેરસિંહજી
                              - દોલતસિંહજી ×
                              - માનસિંહજી (હાલના ઠાકોર સાહેબ)
                                - જગતસિંહજી કુંવર
                            - માધવસિંહજી
                              - અમરસિંહજી
                              - પરથીસિંહજી
                          - કશળસિંહજી ×
                        - સુરતાનસિંહજી
                          - *મોતીસિંહજી
                    - કુબેરજી (જીવાઇ)
                    - કશીયાજી ×
                  - અદરસિંહજી (જીવાઇ)
                - રૂઘનાથજી
                - જીવણજી
                  - માનસિંહજી (જીવાઇ)
                  - જતુજી (જીવાઇ)
          - કેશરીસિંહજી
          - અખેરાજજી

*મોતીસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૫૨.

મોતીસિંહજી સુરતાનસિંહજી

- કેશરીસિંહજી
  - ગોબરસિંહજી
- લાલસિંહજી
  - રણજીતસિંહજી
  - ભારતસિંહજી
  - દલપતસિંહજી
- રતનસિંહજી
  - બખતસિંહજી
  - મુળસિંહજી
  - લખમણસિંહજી
- હીમતસિંહજી
  - દીપસિંહજી

પેથાપુર.

આ સ્વસ્થાન મહીકાઠા એજન્સીમા છે. તેના તાબામા એજન્સીનું પેથાપુર ગામ છે. તેની હદમા ફતેપુરા તથા ગભીરપુરા આ બે ગામ વસાવ્યા છે. આ શિવાય ગાયકવાડી રાજ્યનાં જાલમા અને ચાદેસણા આ બે ગામ અને ઉનાવા, શીહોલી, બાસણ, સોજા, પીપળજ, રાઘેજા, ગોળથરા, બાળવા, નાહરી, રૂપાલ, રાઘેસણા, આલમપર, ચીલોડા, શાહપુર, લેંકાવાડા અને વેડા આ ગામોમા વાટા છે, અને કોથળી સાથના સરગાસણના રૂપૈયા ૨૨) અને કોલવડાના રૂ.૧૨૫) મળે છે.

અમદાવાદ જીલ્લામા અ ગ્રેજી હદમા ઉંવારસદ, ઈંદરોડા, પોર ને ધોળાકુવા આ ચાર ગામમા વાટા છે. સાદરા ત્રીજોરીમાથી રૂ ૧૫) ગરાસ હકના અને રૂા. ૨૭૯) બસે ઓગણાશી કોથળી સાથના મળે છે. જમીનનું ક્ષેત્રફળ કુલ અગીઆર ચોરસ માઇલનુ છે. વસ્તી સુમારે ૫૭૭૩ માણસની છે. વારસીક ઉપજ રૂા. ૨૨૧૯૮ ની છે; ને તે શિવાય મ્યુનીસીપાલટીની ઉપજ રૂ. ૫૦૦૦ પાચ હજારની જુદી છે.

આ શીવાય ઇડર પરગણામા ગઢા કરીને ગામ આ સ્વસ્થાનનું છે, તેની ઉપજ રૂા. ૬૧૫ ની છે. નામદાર ગાયકવાડ સરકારને રૂ. ૫૯૧૦) ભરવાના તે સાદરા એજન્સીમા ભરાય છે, તે પકી રૂ. ૬૩-૧૨-૦ શીરપાવ એલાઉઅન્સના પાછા મળે છે. તેમજ ગાયકવાડી બે ગામોની જમાબધીના રૂા. ૧૬૨૫-૦-૦ જુદા ભરવા પડે છે.

પેથાપુર પાસે સાબરમતી નદી છે; અને એક માઇલ ઉપર સોખડા ગામ પાસે સોખડીઆ માહાદેવની જગ્યા જોવા લાયક છે.

માહારાજાધીરાજ કરણ વાઘેલાના પુત્ર વરશ ગજીને સરધારનો મુલક મળ્યો, તેના વંશમાં વરહો અને જેતો આ બે પરાક્રમી ભાઈઓ કલોલની

ગાદી ઉપર હતા. એમનો ગરાસ અમદાવાદના અહમદશાહ પાદશાહે પડાવી લેવાથી તેમણે જબરા બાહારવટા ચાલુ રાખ્યા. છેવટ બાદશાહની બેગમોના રથ સરખેજના રોજા પાસે પકડી વાળી જવાનો ડર બતાવ્યાથી બેગમોના આગ્રહથી અને વચન આપ્યાથી પાછા ગયા. પછી બેગમોની ભલામણથી બાદશાહે પોતાની પાસે તેડાવી તેમનો કલોલ અને સાણંદનો ગરાસ પાછો આપ્યો. જેમાંના પાટવી વરશંગજીને કલોલ અને નાના જેતશંગજીને સાણંદનો ગરાસ મળ્યો

એ વરશંગજીની ગાદીએ તેમના પુત્ર ચુડાજી બેડા; ને બીજા દીકરા લુણકરણજીએ રેવાજીની જાત્રા કરવા જતાં ભાદરવાનો ગરાસ મેળવ્યો. ચુડાજીના કુમાર અનરદેવજી (આણંદદેવજી) થયા. તેના બે કુમારો પૈકી પાટવી સબળશંગજી ગાદી ઉપર રહ્યા ને નાના રાણકદેવજીને ૪૨ ગામ સાથે રૂપાલનો તાલુકો આપ્યો. તેમનાથી ત્રીજી પેઢીએ સામતશંગજી થયા. તેમના બે કુમાર હતા. તેમા પાટવી વજેકરણજીએ રૂપાલમા ગાદી રાખી ને નાના સોમેશ્વરને ૧૪ ગામ સાથે કોલવડામા હવેલી બંધાવી આપી.

વજેકરણજી પોતાની પાસે રૂપાલ રાખી શકયા નહિ. તેમના બે પુત્ર ભીમશંગજી તથા વણોજી હતા તેમા ભીમશંગજીએ ઇડર જઇ ત્યાના રાવ પાસેથી સોરીવાડનો પટો મેળવ્યો ને તેમના વંશજોએ પાછળથી પોશીણાનો પટો મેળવ્યો, જેનો વંશ પોશીણાની ગાદી ઉપર છે.

વણોજી સાબરમતીને કાઠે અલુઆ ગામમા રહ્યા. ત્યાં તેમનો વંશ નિરવંશ જવાથી તેમના સગા રાઠોડ દબાવી પડ્યા એ અલુઆ હાલ રાઠોડનુંજ ગણાય છે ને તેમની ગાદી છે.

સોમેશ્વરના પૌત્ર ચાદોજી હતા. તેમને હીમાળોજી કરીને એક પુત્ર હતા ત્યાં સુધી કોલવડા તેમના સ્વાધીનમા હતું. હીમાળાજીનું મોસાળ સાબરમતીને કાઠે સોખડા ગામમા હતું; ત્યાં તેમના મામા પેથુ ગોહેલ નામે રાજ કરતા હતા, તેમને પુત્ર નહોતો અને તેમને નહિ મટી શકે તેવો રકતપીતનો રોગ થયો હતો. જેથી તે ઘણો વખત કૂવામા ઢોલીઓ બંધાવી ઠંડક સારૂ તેમા મુકામ રાખતા હતા અને નીરંતર હીમાળાજીથી ડરતા હતા. કારણ રાજગાદી સારૂ અગર ગરાસ સારૂ પોતાના મામાને મારવો તે એ વખતનો સાધારણ રીવાજ થઇ પડયો હતો; ને તે ડરથી તે હમેશાં સાવધાનીમાં રહેતા હતા. તેમની આ કલ્પના ખોટી નહોતી. હીમાળાજી પણ પોતાના મામાનું કાસળ કાડવાની યુક્તિઓ કરતા હતા પણ તેમાં ફાવતા નહિ. આખરે તેમણે સોખડીઆ મા-

કુળદેવનાં દર્શન કરવાને બ્હાને ઢાંકેલા પડદાના રથમાં બેશી શોખડામાં આવવાને વિચાર કરી તે મુજબ ત્યા આવ્યા; ને દરબારમા પેશી પોતાના મામા પેથુ ગોહેલને મારી નાખ્યા, એટલે તેમની રાણીને સત ચડયુ ને તેણે ક્રોધના આવેષમા હીમાળાજીને શ્રાપ દીધો કે ત્હારો દીકરીએ દીવો પણ રહેશે નહિ. આ શ્રાપ સાભળી હીમાળાજી ગભરાણા ને મામીના કાલાવાલા કરી પ્રાર્થના કરી કે હે સતી મારો અપરાધ ક્ષમા કરો. આપને પુત્ર નથી તો હુ ભાણેજ આપનો પુત્ર છુ, એમ ગણી શ્રાપનો અનુગ્રહ કરો; ને આપ આજ્ઞા કરશો તેજ રીતે હુ વર્તીશ. સતીને દયા આવી ને બોલ્યા કે મારો શ્રાપ તો ફરશે નહિ, પણ ત્હારો પુત્ર વશ ચાલશે, પણ દીકરીઓનો વશ બરોબર ચાલશે નહિ; ને હુ આજ્ઞા કરૂ છુ કે ત્હારા મામાના નામનું સ્મરણ રહેવા સારૂ તેમના નામનું નગર વસાવી આ શોખડા ગામમા ગાદી ન રાખતા ત્યાં ગાદી કરજે. આ આજ્ઞા હીમાળાજીએ માથે ચઢાવીને પેથાપુર નામનું નગર સાબરમતીને કાઠે વસાવી ત્યા ગાદી કરી; જે અત્યારે પણ રાજગાદી છે.

હીમાળોજીની ગાદી ઉપર તેમના કુવર કીરતશગજી થયા ને તેમની પછી દુધશગજી ઉર્ફે દુધોજી ગાદી ઉપર બેઠા. જ્યારે બાદશાહની ફોજને ઇડરના રાવ સાથે અમનગર આગળ લઢાઇ થઇ, ત્યારે દુધશગજી પોતાનું લશ્કર લેઇ ઇડરના રાવની મદદે ગયા હતા. તેમા પોતાના ૭૦૦ સાતસેં પટાવત, ૧૨ બાર વાઘેલા ભાયાત, ૧ એક ગોહેલ અને ૧ એક પરમાર સરદાર આ યુદ્ધમા મરણ પામ્યા હતા. આ ઉપકારના બદલામા તેમને ઇડરના રાવે ૨૫ પચીશ ગામનો ગઢવડા તાલુકો બક્ષીસ આપ્યો હતો, જેમાના બાકીનાં ગામ જતા ફકત ગઢા ગામ તેમના સ્વાધીનમા છે.

દુધાજીની ગાદી ઉપર કુમાર વાઘસિહજી બેઠા. તેમને વીરસિહજી ને જાલમસિહજી બે કુંવર હતા, તેમા પાટવી વીરસિહજી ગાદી ઉપર બેઠા; ને જાલમસિહજીને જબુદ ગામ ગરાસમા આપ્યુ. વીરસિહજી પછી જયચદ્રસિંહજીને ગાદી મળી. તેમના પછી કુમાર શાર્દુલસિહજી ગાદી ઉપર બેઠા ને તેમના પછી કુમાર રાયસિહજીને પેથાપરનું રાજ્ય મળ્યુ. તેમના બેન ઇડરના રાવ કલાણમલજી સાથે પરણાવ્યા હતા. આ રાવે એક વખત સાયાઝુલા નામના ચારણને એક ઉત્તમ ઘોડો બક્ષીસ આપ્યો કે જેનો જોટો મળી શકવો દુર્લભ હતો. તેજ રાત્રે રાવ પેથાપુરવાળા બાઇને મેહેલ પધાર્યા ત્યારે પોતે કરેલી સખાવત રાણીને કહી. પ્રસગ પણ એવોજ બની ગયો કે ઘોડો બક્ષીસ કર્યાની વાત રાવના મુખેથી તેના રૂપ, ગુણ અને કિમત વીશે બે ત્રણ વાર રાણીએ સાંભળી. જેથી રાણીએ કહ્યુ કે ક્ષત્રીનો ધર્મ ભાટ ચારણોને બક્ષીસ

આપવાનો છે, તે મુજબ તમે એક ટાયડો બક્ષીસ આપી વારે વારે વખાણો તે ઠીક નહિ. આથી રાવને ઘણોજ ગુસ્સો ચઢયો અને મેહેલમાંથી રીસાઇને નીકળતાં રાણીને કહ્યું કે "જ્યારે તમારો ભાઇ ચારણને એવો ઘોડો બક્ષીસ આપે ત્યારેજ તમારે મારે મહેલ આવવું." આ પ્રમાણે બન્યાથી રાણી ઘણાં દીલગીર થઇ બીજે દિવસે પેથાપુર ગયાં; ને પોતાના ભાઇ રાયસિંહજીને સર્વે હકીકત કહી. તેમણે તેવા ઘોડાની શોધ કરવા સારૂ સીંધ, કચ્છ, કાઠીઆવાડ વગેરે જ્યાં જ્યાં ઘોડા વખાણાતા હતા ત્યાં પોતાનાં માણસ મોકલ્યાં ને ઘણીજ તતવીજ કરાવી પણ કોઇ જગ્યાએ તેવો ઘોડો મળ્યો નહિ જેથી નીરાશ થયા. આખરે જે ચારણને ઇડરના રાવે ઘોડો આપ્યો હતો તેના ગામ કુવાવા ગયા; ને પોતે તેને શરમાવી રૂ. ૧૮૦૦૦ આપી તેની પાસેથી તે ઘોડો વેચાતો લીધો ને તેજ ચારણને પેથાપુર બોલાવી તેજ ઘોડો બક્ષીસ આપ્યો. આ ખબર જ્યારે ઇડર પહોચી ત્યારે રાવ કલ્યાણમલજી પોતે પેથાપુર પધાર્યા ને ઘણાજ માન સાથે રાણીને ઇડર તેડી ગયા.

સદરહુ રાવ કલ્યાણમલજી ઉદેપુરના માહારાણાના પટાવત બેદલુના ઠાકોરને ત્યાં પરણવા ગયા, ત્યારે પેથાપુરથી ઠાકોર રાયસિંહજી પણ સાથે ગયા હતા. બેદલુના ઠાકોરને ચાર કુંવરીઓ હતી, જેમાંની એકની સગાઇ જયપુર, બીજી જોધપુર, ત્રીજી ઇડર અને ચોથીની સગાઇ ઉદેપુર કરી હતી. પરણતા અગાઉ જયપુરવાળો રાજકુંવર દેવલોક પામવાથી તે કન્યાને ઇડરના રાવની સંમતિથી બેદલુના ઠાકોરે સદરહુ રાયસિંહજી સાથે પરણાવ્યાં હતાં. જે વખતે રાયસિંહજીએ પાંચસે ઘોડા ભાટ ચારણોને દાનમાં આપ્યા હતા. આ રીતે એક તરફથી તે ઇડરના રાવના સાળા ને બીજી તરફથી સગા સાડુ થયા હતા. બેદલુવાળાં બાઇ પોતાની દેવપુજામા શ્રી ગોપાળજી માહારાજની પુજા, માતા નાગનેમીની પુંજા ને દક્ષણાવત શખ લાવ્યા હતાં, તે પેથાપુરના દરબારમાં હજી પણ છે. આ ઠાકોરે બારોટ સબળાને કોબુ તથા નાદરી ગામ બક્ષીસ આપ્યાં હતાં.

રાયસિંહજીની ગાદી ઉપર સુરસિંહજી બેઠા. જેમને ત્રણ કુમાર હતા. પાટવી રામસિંહજી, ૨ પુજસિંહજી, ૩ બળીભદ્રજી હતા. પાટવી રામસિંહજી નિરવંશ ગુજરવાથી પુજસિંહજી ગાદી ઉપર બેઠા. ને બળીભદ્રસિંહજીને પેંઢાઇડા વગેરે ગામ ગરાસમાં આપ્યાં.

પુંજસિંહજીને રણછોડજી, કેશરીસિંહજી ને કરશનસિંહજી આ રીતે ત્રણ કુંવર હતા, તેમાં પાટવી રણછોડસિંહજી ગાદી ઉપર બેઠા ને કેશરીસિંહજી

ને લેંકાવાડા ને આલમપરના વાંટા ગરાસ તરીકે આપ્યા; ને કરશનસિંહજીને અર્ધ ભાગનું બાસણ ગામ આપ્યું.

રણછોડસિંહજીને બે કુમાર હતા. પાટવી સુજાણસિંહજી ગાદી ઉપર બેઠા ને બીજા દ્વારકાસિંહજીને ગોળથરાનો વાટો આપ્યો. સુજાણસિંહજીના ચાર કુમારો, તેમા પાટવી હઠીસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે પોતાના ભાઈ કલાણસિંહજીને વાસણ, ઉવારસદ, પેથાપુર ને ઉનાવામા જીવક, તેમજ સાહેબસિંહજીને અનવા, ઉનાવા, કોલવડા, રાધેસણ તથા પેથાપુરમાં જીવક; ને નાથુભાને પેથાપુર અને ઉનાવામા જીવક આપ્યા હતાં.

હઠીસિંહજીને ચાર કુમાર હતા. પાટવી વખતસિંહજી ગાદી ઉપર બેઠા ને તેમણે પોતાના ભાઇ જોરાવરસિંહજી, ખુમાનસિંહજી ને જાલમસિંહજી હતા તેમને રૂપાલ, ઉનાઉ, ઇટલુ, જામલા, શીયોલી, બાસણ ને પેથાપુરમાં જીવાઈ આપી. જોરાવરસિંહજીનાં કુવરી કુશળકુવરબાને વઢવાણના ઝાલા રાજ ચદ્રસિંહજીને પરણાવ્યા હતા. તેમના કુમાર પ્રથીરાજજી હતા.

જોરાવરસિંહજીના કુવર સુરસિંહજી (શેરસિંહજી) હતા. જ્યારે વઢવાણ અને લીમડી આ બે ઝાલા રાજાઓને એક મોટી લઢાઈ થઈ ત્યારે આ શેરસિંહજી પોતાની ફોઇને ત્યાં વઢવાણ હોવાથી યુદ્ધમા ગયા હતા. ત્યા તેમણે ખુબ પરાક્રમ કરી શત્રુના સૈન્ય વચ્ચે આરપાર ઘોડો કહાડી શત્રુના દળમાં ભગાણ પાડયુ હતું, જેના ક્રોધમાં લીમડીના ઠાકોરે તેમને ઝેર માર્યા હતા.

વખતસિંહજીને સાત કુમાર હતા, ૧ પાટવી અદેસિંહજી, ૨ ભગવાનસિંહજી, ૩ દરજણસિંહજી, ૪ ખાતુસિંહજી, ૫ દોલતસિંહજી, ૬ રઘુસિંહજી, ૭ તખતસિંહજી, આ રીતે સાત હતા. પાટવી અદેસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે પોતાના ભાઇ ભગવાનસિંહજી, દરજણસિંહજી ને ખાતુજી આ ત્રણેને ઉનાઉ, પાલ્લજ, શીયોલી ને પેથાપરમા જીવક આપ્યુ; અને દોલતસિંહજી તથા રઘુસિંહજીને પેથાપર, ઉનાઉ, ઉવારસદ, સરગાસણ, તારાપર, જામલા, શીયોલી, બાસણમા જીવક આપ્યુ; ને તખતસિંહજીને પેથાપર અને ઉનાઉમાં જીવક આપ્યું.

અદેસિંહજીને બે કુંવર, પાટવી કીશોરસિંહજી અને નાના ભોજરાજજી હતા. ભોજરાજજીને પેથાપુર, ઉનાવા, બાસણ, ઉવારસદ, ચાંદેસણા ને શીહોલીમા જીવક આપ્યું હતું. કીશોરશગજી પછી કુમાર ફતેશગજી ગાદી ઉપર બેઠા ને પછી તેમના કુમાર પ્રથીરાજજીને ગાદી મળી. પ્રથીરાજજીને બે કુમાર, પાટવી ભવાનશગજી ને

નાના નારશંગજી હતા. નારશંગજીને પેથાપુર, જામલા, ચાંદીસણા ને ઉના-ઉમાં જીવક આપ્યું ભવાનશંગજીના કુવર હીમતશંગજી થયા, તે દયાળુ અને ઇશ્વરભકત હતા. તેમના પછી કુમાર ગંભીરશંગજી થયા, તેમના નામથી પેથાપુરની હદમા ગંભીરપરૂ વસ્યું છે. ગંભીરશંગજી પોતાની યુવાન અ-વસ્થામાં સંવત ૧૯૫૧ ના આસો સુદી ૧૧ અગીઆરશે દારૂના દુષ્ટ વ્યસનથી દેવલોક પામ્યા હતા. ગંભીરશંગજીનાં મોટાં કુંવરી માજીરાજબાનું લગ્ન ચુડાના ઠાકોર જોરાવરશંગજી સાથે સને ૧૯૦૭ ના જુલાઇમાં, અને નાનાં સુરજબાનું લગ્ન કચ્છમા રૂહાના પાટવી કુમાર હમીરશંગજી સાથે સને ૧૯૧૦ ના જુનમા થયા છે; તેમના કુમાર ફતેશંગજીનો જન્મ સંવત ૧૯૫૧ ના આસો સુદી ૧૫ ના રોજ થયો છે ને તેઓ હાલ સાદરા કોલેજમાં અભ્યાસ કરે છે.

આ તાલુકો મહીકાઠા એજન્સિના ચોથા કલાસમાં છે; જેથી તેમને એક વર્ષની કેદની સજા, રૂ ૫૦૦) દંડ તથા રૂ ૨૫૦૦) સુધીના દીવાની કોર્ટના દાવા ચુકવવા સત્તા છે. આ એસ્ટેટ ઉપર ઠાકોર ગંભીરશંગજી દેવલોક પામ્યા ત્યારથી એટલે તા. ૨૯ મી સપટેમ્બર સને ૧૮૯૫ થી સગીરના વાલી પ-ણાની જપ્તિ છે. પેથાપુરમા મેનેજરની ઓફીસ, પોષ્ટ ઓફીસ, દવાખાનું, જેલ, લાઇબ્રેરી, છોકરાઓની નિશાળ, કન્યાશાળા અને અંગ્રેજી સ્કુલ છે.

પેથાપુરમા બાધણીઓ બહુજ સારી બને છે, ને તે હિન્દુસ્તાનની પુ-ર્વમા સિઆમ સુધી જાય છે. તેમજ ભાવસારોને છાપવાનાં લાકડાનાં બીબાં બનાવવાના કારખાના છે, તેમા દર વરસે સુધારો થઈ જાતજાતનાં નવાં બીબાં બનાવવામા આવે છે.

લોહશસ્ત્રમા બંદુકો સારી બને છે; ને તલવાર, છરીઓ, ભાલા વિગેરે વખણાય છે.

પેથાપુરની બંદુકોની બનાવટ આખા દેશમાં મશહુર છે. કારીગર લોકો દંતકથા કહે છે કે બંદુકો બનાવવાનો ધંધો આ દેશમાં કોઇ જાણતું નહોતું; જેથી તમામ માલ અર્બસ્તાનમાથી આવતો અને આ દેશમાં બંદુકો ઘણીજ મોઘી મળતી.

અહમદશાહ પાદશાહે અર્બસ્તાનમાંથી કારીગર બોલાવી અમદાવાદમાં રાખ્યો. ત્યાંથી પેથાપુરનો કોઇ કારીગર છાનોમાનો તેની પાસેથી તે ધંધો શીખી લાવીને ધંધો શરૂ કર્યો, જેના વંશમાં પેથાપુરના હાલના લુહાર છે. હાલમાં બંદુકો બનાવાતી નથી.

વીરસિંહ — જેતસિંહ (સાણંદ)

- વીરસિંહ
  - ચુડાજી
    - આણંદદેવજી
      - સબળસિંહજી (કલોલની ગાદી)
      - રાણકદેવજી (રૂપાલ ૪૨ ગામ સાથે)
        - ત્રીજી પેઢીએ સામતસિંહજી
          - વજેકરણજી (ખડરમાં)
            - બીમજી (પોશીના ગયા)
          - સોમેશ્વર
            - ચાદોજી પૌત્ર
              - હીમાજી
                - કીરતસિંહજી
                  - દુધસિંહજી (દુધોજી)
                    - વાઘસિંહજી
                      - વીરસિંહજી
                        - જયચંદ્રસિંહજી
                          - શારદુલસિંહજી
                            - રાયસિંહજી
                              - સુરજસિંહજી
                                - રામસિંહજી ×
                                  - *રણછોડસિંહજી
                                - પુંજાસિંહજી
                                  - કેસરીસિંહજી
                                  - કરશનસિંહજી
                                - બળીભદ્રસિંહજી (પેંડાખડા વગેરે)
                      - જાલમસિંહજી (જળુદગામ)
  - હુણકરણજી (ભાદરવા)

---

*રણછોડસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૫૯.

- રણછોડસિંહજી પુંજસિંહજી.
  - સુજાણસિંહજી
    - હઠીસિંહજી
      - વખતસિંહજી
        - અદેસિંહજી
          - કીશોરસિંહજી
            - ફતેસિંહજી
              - પૃથીરાજજી
                - ભવાનસિંહજી
                  - હીમતસિંહજી
                    - ગંભીરસિંહજી
                      - ફતેસિંહજી (હાલના ઠાકોર)
                - નારસિંહજી
                  - હમીરસિંહજી (દત્તક મૂળરાજજીના)
                  - લાલસિંહજી
                  - સરદારસિંહજી
                    - મોતીસિંહજી
                    - પ્રતાપસિંહજી
                  - દોલતસિંહજી
                    - મુળસિંહજી
                  - ગોબરસિંહજી
                    - જુવાનસિંહજી
        - ભવાનસિંહજી
        - દરજણસિંહજી
          - ભોજરાજજી
            - મૂળરાજજી
              - હમીરસિંહજી દત્તક(નારસિંહજી)ના દીકરા
                - કાળુસિંહજી
                  - હરીસિંહજી
        - ખાતુભા
        - દોલતસિંહજી
        - રણુસિંહજી
        - તખતસિંહજી
      - જોરાવરસિંહજી
      - ખુમાણસિંહજી
      - સામતસિંહજી
    - કલ્યાણસિંહજી
    - સાહેબસિંહજી
    - નથુભા
  - દારકાસિંહજી

પેંડાઇડા.

આ તાલુકો પેથાપુરથી ઉતરેલા તેમના ભાયાતના તાબામાં છે; ને તે હાલ શ્રીમંત ગાયકવાડ સરકારની હદમાં કલોલ મહાલમાં આવેલો છે, તેના તાબામાં પેંડાઇડા ગામ આખું તેમજ બોરીજ, વાવોલ, રાઘેજા, બાળવું, શોભાશણ, સોજા તથા ઉનાવામાં વાટા છે. તેનું કુલ ક્ષેત્રફળ લગભગ ૮૫૦૦ વીઘા જમીન છે. આ શિવાય કોબું, બુડથલ, ભાત, સુઘર, આ ચાર ગામની કોથળીસાંથના રૂ. ૯૭-૦-૦ સત્તાણું નામદાર ઇંગ્રેજ સરકાર તરફથી દશક્રોઈ કચેરીમાંથી મળે છે. અને કુડાસણા વગેરે ગામોના રૂ.૬૬-૫-૦ કોથળીસાંથના નામદાર ગાયકવાડ સરકાર તરફથી કલોલ કચેરીમાંથી મળે છે. વાર્ષીક આવક આશરે રૂપીઆ સાત હજારની છે, તે પૈકી નામદાર ગાયકવાડ સરકારને રૂ ૫૦૦) પાચસે ભરવા પડે છે. પેંડાઇડાની વસ્તી આશરે ૬૦૦) માણસની છે. જમીન ગોરાડુ ને રેતાળ છે. નદી સાબરમતી શીમાડામા છે. પેદાશ બાજરી, કપાસ, કઠોળ ને એરંડા વગેરે થાય છે.

પેથાપુરની ગાદી ઉપર રાયશંગજી જે ઘણા પ્રખ્યાત ને બહાદુર ઠાકોર થયા, તેમના કુવર સુરજસિંહજી હતા, તેમને રામસિંહજી, પુંજસિંહજી તથા બળીભદ્રસિંહજી આ ત્રણ કુવર હતા. પાટવી રામસિંહજી ગાદી ઉપર બેઠા, ને નીરવંશ ગુજર્યા, જેથી પુંજસિંહજીને ગાદી મળી, ને તેમણે પોતાના ભાઇ બળીભદ્રસિંહજીને બોરીજ તથા પેંડાઇડા ગામ આપ્યા અને બાળવા, સોજા, વાઘેસણ, નાદરી, ટેંટોડુ, ઘેંધુ, બુડથલ, કોબુ, ઉડાસણ, વાવોલ, રાઘેજા શોભાશણ ને પુંદરાસણમા વાટા આપ્યા હતા. ગરાસની વહેંચણમાં તકરાર થવાથી બળીભદ્રસિંહજીને તેમના ભાઇ પુંજસિંહજીના દીકરા રણછોડસિંહજીએ સંવત ૧૭૪૫ માં દગાથી માર્યા. જયારે બળીભદ્રસિંહજી મુઆ ત્યારે તેમના નાના કુંવર હરીસિંહજીને તેમના મામા જે હડાદના ઠાકોર હતા તે પોતાને ત્યાં તેડી ગયા; ત્યા ચાર વરસ રહી સંવત ૧૭૦૯ મા અમદાવાદના બાદશાહને મળી તેમની મદદથી પોતાનો ઉપરનો ગરાસ કબજે કર્યો, તે વખતે બાદશાહ તરફથી સહી સીક્કાનું જે ફરમાન હીજરી સન ૧૦૬૯ મા મળેલું તે અદ્યાપી પેથાપુરના દરબારમા છે.

હરીસિંહજીના કુમાર જેસિંહજી તથા હમીરસિંહજી થયા. જેસિંહજી ઠાકોર થયા; ને હમીરસિંહજીને પુંદરાસણ તથા શોભાશણ તથા લેંકાવાડાના વાટા આપ્યા; જેના વંશવાળા સદજીનો મહાડ કહેવાય છે.

જેસિંહજીના કુંવર જસકરણજી તથા મુળુજી થયા. જસકરણજી ઠાકોર થયા અને મુળુજીને ઘેંઘુ વાંટો તથા બાળવામાં જમીન આપી. તેમના વંશવાળા બળીઆજીવાળા આ નામે ગણાય છે ને તે બે ભાગે ખાય છે.

જસકરણજીના કુવર ઉમેદસિંહજી થયા. તેમના પછી તેમના કુમાર સુરજમલજી ને તેમના પછી તેમના કુમાર અમરસિંહજી અનુક્રમે ઠાકોર થયા.

અમરસિંહજીને બે કુમાર હતા, ૧ રાયશંગજી તથા ૨ નાથુજી હતા. તેમાં રાયશંગજી ઠાકોર થયા ને નાથુજીને જીવક આપ્યું.


રાયશંગજીના કુંવર ગભીરશગજી થયા. તેમને ત્રણ કુંવર હતા. પાટવી દલેલસિંહજી ઉર્ફે મોતીસિંહજી તથા ભારતસિંહજી તથા રામસિંહજી. તે પૈકી પાટવી દલેલસિંહજી તથા ભારતસિંહજી નિરવંશ ગુજર્યા; જેથી રામસિંહજી પેંડાઇડાની ગાદી ઉપર છે. તેમને ચાર કુવર ૧ પાટવી રતનસિંહજી, ૨ પ્રતાપસિંહજી, ૩ મુગસિંહજી, ૪ હીમતસિંહજી છે.

પેંડાઇડાની ગાદીએથી બારોટ ચંદ્રભાણને ટેટોડાનો વાંટો બક્ષીસ આપેલો તેની હદમા તેઓએ તારાપર ગામ વસાવ્યું છે, તે તેના વંશજોના વહીવટમા છે. તેમજ નાદરી ગામનો વાંટો પણ બારોટને આપેલો તે તેના વંશવાળા પાસે છે.

ઠાકોર રાયસિંહજી અમરસિંહજીના ધર્મપત્ની સોનીપુરવાળાં બાઇએ પેડાઇડામાં માતા અબાજીનું દેવળ તથા ધર્મશાળા બંધાવ્યાં છે; ને તેના ખર્ચનો સારો બદોબસ્ત કર્યો છે.

રાયસિંહજી (પેથાપુર ઠાકોર)
|
સુરજસિંહજી
|
રામસિંહજી × | પુંજસિંહજી | બળીભદ્રસિંહજી
પુંજસિંહજી → રણછોડજી (ગાદી પેથાપુર) | કેશરીસિંહજી (લેકાવાડા) | કિશનસિંહજી (બાસણ)
બળીભદ્રસિંહજી → હરીસિંહજી → જેસિંહજી → જશકરણજી → §ઉમેદસિંહજી

§ઉમેદસિંહજીનો વંશ જુઓ પૃષ્ટ ૨૬૨



પીંપળજ.

આ તાલુકો નામદાર ગાયકવાડ સરકારના કલોલ મહાલમાં છે. તેના તાબામાં પીંપળજ ગામ સાબરમતી નદીના કાંઠા ઉપર છે; તેમજ વેડા તથા ગોવીંદપુરા ગામ તેમના તાબામાં છે અને રૂપાલ, આડેવાડા, મોખાસણમાં વાંટા છે અને બાળવું, ચાંદીસણા તથા હરોલ, વાસણ ને રાઘેજામાં છુટક જમીન છે. જમીનની પેદાશ રૂ. ૭૦૦૦ સાત હજારને આશરે છે, તે પૈકી ગાયકવાડ સરકારને કાંઈ ભરવું પડતું નથી. વસ્તી આશરે ૨૫૦૦ માણસની છે. જમીન ગોરાડુ અને કોતરવાળી છે. નીપજ બાજરી, કઠોળ, કપાસ ને એરંડા વગેરે છે.

કલોલની ગાદીએથી સામતસિંહજી ૪૨ ગામ સાથે રૂપાલ ઉતર્યા; તેમના પાટવી વજેકરણસિંહજી રૂપાલ રહ્યા ને સોમેશ્વર ૧૪ ચઉદ ગામ લેઇ કોલવડે ગયા. તેમનાથી ત્રીજી પેઢીએ ચાંદોજી થયા. તેમના કુમાર હીમાળોજી હતા. તેમને કીરતસિંહજી તથા ભોજરાજસિંહજી આ બે કુમાર હતા. કીરતસિંહજી કોલવડે રહ્યા; ને ભોજરાજજીને પીંપળજ તથા કેટલાક વાંટા આપ્યા. ભોજરાજસિંહજીના વંશમાં કેટલીક પેઢીએ વાઘજી થયા. તેમને ચાર દીકરા ૧ કલાણસિંહજી, ૨ રતનસિંહજી, ૩ અભેરાજજી, ૪ ખેંગારજી થયા. જેમાંથી ખેંગારજી નિરવંશ ગુજર્યા; અને મોટા કલ્યાણસિંહજીના દીકરા સુજાજી ને રતનસિંહજીના દીકરા રામસિંહજી ને અભેરાજજીના દીકરા દોલતસિંહજી થયા; તેમનો વંશ હાલ ત્યાં ચાલે છે.

૧ સુજાજીના વંશવાળા સુજાવત કહેવાય છે; અને રામસિંહજી તથા દોલતસિંહજીના વંશવાળા રામાવત કહેવાય છે.

રામસિંહજીના ચાર દીકરા પૈકી એક હરીસિંહજી હતા. તેમના દીકરા જગન્નાથજી, તેમના પછી લાખાજી ને તેમના પછી લાલજી અનુક્રમે થયા.

લાલજીને પાંચ કુવર તથા એક કુવરી ગુલાબજીબા હતાં, તે બાઇને નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર સીયાજીરાવ જે સને ૧૮૨૦ થી સને ૧૮૪૮ સુધી વડોદરાની ગાદી ઉપર હતા, તેમની સાથે પરણાવ્યાં હતાં. ગાયકવાડ સરકારે તેમના ગરાસમાં જે પોતાનો હક હતો તે તેમને આપ્યો છે.

લાલજીના પાંચ કુમારો પૈકી દલસિંહજી તથા ગલસિંહજીનો વંશ ચાલે છે.

દલસિંહજીના કુમાર કીશોરસિંહજી નિરવંશ ગુજરવાથી તેમના ભાયાતમાંથી દાજીભાઇના દીકરા વીશળસિંહજીને નામદાર ગાયકવાડ સરકારની મંજુરીથી દત્તક લીધા છે; ને ગલસિંહજીના બે કુમારો ૧ ગોબરસિંહજી, તથા ૨ મુળસિંહજી હતા, તેમાં મુળસિંહજી નિરવંશ ગુજરી ગયા છે. ગોબરસિંહજી હયાત છે. ગોબરસિંહજીના બે કુમાર હીમતસિંહજી તથાં અમરસિંહજી છે. વીશળસિંહજીના કુવર બાલુસિંહજી છે.

બાઇશ્રી ગુલાબજીબાએ પોતાનું પીએર પીંપળજમાં હોવાથી ત્યાં કોટેશ્વર મહાદેવનું દેવળ બંધાવી ફરતી ધર્મશાળા કરાવી છે; ને શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી તેના ખર્ચ સારૂ દર વરસે રૂ. ૯૮૭-૦-૦ નવસેં સત્યાસી અપાય છે; તેમાંથી શીવપુજાનો ખર્ચ તથા સદાવૃત્તનો ખર્ચ ચાલે છે.

ગોધાવી

આ તાલુકો સાણંદ પરગણામાં છે; ને સદરહુ ગોધાવી ગામ સાણંદથી ઇશાન કોણમાં છે. આ શિવાય મનીપુરનો વાંટો છે. તેમજ ઘુમા, આંબલી અને બોપલ એ ત્રણની ઉચક કોથળીસાંથ મળે છે. તેમજ પલોડીઆ તાબે કડીમાં ૪૦૦ ચારસેં વીઘાંનો વાંટો છે, પણ તેની સંભાળ ન હોવાથી તેમના કબજામાં નથી. જમીનનું ક્ષેત્રફળ ૪૧૦૨-૪ એકર ને ગુંઠા છે. વસ્તી સુમારે ૨૦૪૮ માણસની છે. જમીનનો આકાર રૂ. ૯૦૩૨-૧૨-૦ તે પૈકી નામદાર અંગ્રેજ સરકારને જમાબંધી ને લોકલફંડના મળી રૂ. ૧૭૪૪-૭-૯ ભરવા પડે છે. જમીન ગોરાડુ અને કંઇક કયારી છે. પેદાસ ડાંગેર, કપાસ, બાજરી વગરે છે. ગોધાવીમાં સરકારી ગુજરાતી નિશાળ, કન્યાશાળા, અંગ્રેજી સ્કુલ તથા પોસ્ટ ઓફીસ છે.

¹ ગુજરાતના માહારાજાધિરાજ કરણ વાઘેલાથી કેટલીક પેઢીએ કલોલની ગાદીએ મહારાણા મોકલસિંહજી થયા. તેમના પછી અનુક્રમે કરણ, મુળરાજ અને મહીપ એ નામે રાજા થયા. મહીપને વરસોજી અને અજીત્રસિંહજી એ બે કુંવરો હતા. વરસોજીની રાણી રૂડબાઇએ અડાળજમાં વાવ બંધાવી, ને અપુત્ર હોવાથી અજીત્રસિંહજી (જેતસિંહજી) ગાદી ઉપર બેઠા. તેમના નાના કુંવર મંગળદેવજીને બાર ગામ સાથે ગોધાવીનો ગરાસ મળ્યો હતો. એ મંગળદેવજીના વંશમાં હાલ ગોધાવીના ગરાસીઆ છે; ને તેઓ ગોધાવીઆ વાઘેલા આ છાપથી ઓળખાય છે. તેઓનો વિસ્તાર મોટો છે ને કેટલાક ગરાસીઆ જુદે જુદે ઠેકાણે જઈ વસ્યા છે. ગોધાવી, ઉતેળીઆ, કોઠ, પેથાપુર, ઇટાદરા, ડાભલા વગેરે ઠેકાણે તેમની વસ્તી છે.

ગોધાવીમાંથી એક ભાયાત જેમને ચેખલા ગામ આપેલું, તેમને મુસલમાનોએ વટાળ્યાથી તેમના વંશવાળા મોલેસલામ ગરાસીઆ કહેવાય છે; ને ચેખલામા તેમનો વાટો રહ્યો છે.

એક ભાયાત ઘૂમામા ગએલો તેમનો વંશ ઘૂમામાં છે. ગરોડીઆ તાલુકદાર પણ ગોધાવીમાથી ઉતરેલા છે. ગોધાવીથી એક ભાયાત અગરસિંહજી ગતરાડ તાલુકે દશક્રોઈમાં જઇ ઉતરેલા; જે વખતે ભુવાલડી, ગતરાડ, સેગરવું, મહેતપર, નાદજ, બીજપર વગેરેમા ગરાસ આપેલો હતો. પેશ્વાઇ વખતમાં દોલતરાય નામે પેશ્વાનો કામદાર હતો, ને તે ગતરાડવાળા ગરાશીઆને ઘણો હેરાન કરવાથી ભીમજી નામના ગરાશીઆએ તેને માર્યો ને પોતે બહારવટાં કરીને નડીઆદ તાલુકાના વેણા હાથજ ગામમાં જઇ રહ્યા; ત્યાથી તેમને મનાવી આણી ગરાસમા વધારો કરી આપ્યો હતો. ગતરાડના ભાયાત નરોડામાં, ભુવાલડીમાં, સનાથળમાં, ડઢાલ ભેરાઈમા, નાંદજમાં, ખેડામાં જણાય છે.

ગોધાવી તાલુકદારોની દોકડાવારી.

દો. બ. વી.

૧૧) ૧॥ ૦॥ તાલુકદાર. લાખાભાઇ કાળુભાઇ

૦	૨॥	૦॥	લાખાભાઇ કાળુભાઇ
૦	૨॥	૦॥	જીબાવા માલજી
૦	૧॥	૧	સરદારશંગજી વજેશંગજી
૦	૧॥	૦॥॥	બાવાજી ચેલાજી
૦	૧॥	૧	બાઇ હીરાબા અજાભાઇ ખોડાભાઈની વીધવા.
૦	૧॥	૧	જાલમશંગજી જેઠીભાઈ

૦ા ૧ાા ૦ાા મોતીભાઇ જેઠીભાઇ
૦ાા ૩) ૧ાા બાઈ જીવલબા માધવશંગજી અભેશંગજીની વીધવા
૨ાા ૦ા ૩ છગનભાઇ ભગવાનજી
૨ાા ૦ા ૩ા બેચરજી બદુજી
૨ાા ૦ા ૩ મુળજી રણછોડજી

૧૧) ૧ાા ૦ાા
૧૧ ૧ાા ૦ાા તાલુકદાર માવશગજી માધવશગજી
૨ાા ૦ા ૩ા માવશગજી માધવશંગજી
૧ા ૨) ૩ાા ગોવીંદશંગજી જાલમશગજી
૧ા ૨) ૩ાા નથુભાઇ જામલસિંહજી
૦) ૧ાા ૧ા સરતાનસિંહજી ફતેસિંહજી
૦) ૦ાા ૩ તખતશગજી નથુભાઇ
૦) ૦ાા ૨ાા માવસિહજી મોતીસિહજી
૦) ૦ાા ૨ાા દેવીસિંહજી અભેસિંહજી
૦) ૦ાા ૨ાા હીમતસિંહજી અભેસિંહજી
૦) ૨ાા ૦ા ભુપતસિંહજી હમજીભાઇ
૦) ૧ા ૨ા જેઠીભાઇ ખોડાભાઇ
૦) ૧ા ૨ા શીવશંગજી ડુગરજી
૦) ૧ાા ૧ બાવાજી અભેસિહજી
૦ા ૧ાા ૧ ધીરસિંહજી અભેસિંહજી
૧ા ૨) ૩ા વરૂજી અખાભાઇ
૦) ૧ાા ૧ાા ભગવાનજી રવાભાઇ
૦) ૧ાા ૧ાા કલ્યાણસિંહજી રવાભાઇ
૦) ૧ાા ૧ાા હનુભાઇ રવાભાઇ
૦) ૧ાા ૧ાા વજેસિંહજી ખેંગારજી
૦ા ૩ા ૨ા કાળુભાઇ મોતીભાઇ
૦ાા ૨ાા ૧ રણછોડજી કરણજી
૦ા ૩ા ૨ા માધવસિહજી ભીમજી
૦) ૩ા ૩ મુળુભાઇ રતનસિંહજી
૦) ૩ા ૩ શીવસિંહજી રતનસિંહજી

૧૧) ૧ાા ૦ાા
૧૧ ૧ાા ૦ા તાલુકદાર ભગવાનજી અજુભાઇ
૦) ૦ાા ૧ા ભગવાનજી અજુભાઇ

૦) ૮ાા ૧ા ભીમજી અજુભાઇ
૦) ૦ાા ૧ લાલજી ભાણુજી
૦) ૧) ૩ાા રાયસિંહજી વજેસિંહજી
૦) ૧) ૩ાા માવસિંહજી વજેસિંહજીની વીધવા હીરાબા.
૦) ૨ા ૩ાા ખળીઆજી અભેસિંહજી
૦) ૨ા ૩ાા માનસિંહજી રામસિંહજી
૦ા ૦ાા ૩ ઓઘડભા તખતસિંહજી
૦) ૩ાા ૩ા રતનસિંહજી મેઘાભાઈ
૦) ૩ાા ૨ા ખળીઆજી શીવસિંહજી
૦) ૩ાા ૩ા માવસિંહજી મહારસિંહજી
૦) ૩ાા ૨ા ફતેસિંહજી મહાસિંહજી
૦) ૦ા ૨ાા વાઘજીભાઈ જેઠીભાઈ
૦) ૦ા ૨ાા ખળીઆજી જેઠીભાઇ
૦) ૦ા ૨ાા શીવસિંહજી જેઠીભાઇ
૦) ૧ ૩ાા સુરસિંહજી લાલજી
૦) ૧) ૩ાા બાઇ કરણીબા જગુભાઇ ઉમેદસિંહજીનાં વીધવા.
૦ા ૧ાા ૧ાા કાળુભાઈ આતાભાઇ
૦ા ૧ાા ૧ા લાખાભાઇ આતાભાઇ
૦) ૩ાા ૩ા તખતસિંહજી બનેસિંહજી
૦) ૩ાા ૩ા બાઇ શાહુબા હમજીભાઇ હોથીભાઇનાં વીધવા
૦ા ૩ા ૨ાા હાથીજી સદુજી
૦ા ૩ા ૨ાા જેઠીભાઈ ભુપતસિંહજી
૦ા ૩ા ૨ાા સરતાનસિંહજી ઉમેદસિંહજી
૦ા ૩ા ૨ાા બાઇ ફુલજીબા કાળુભાઇ મોતીભાઈની વીધવા
૦ા ૩ા ૨ાા લાખાભાઈ મુળુભાઈ
૦ા ૩ા ૨ાા બાઇ અમજીબા અભેસિંહજી મુળુભાઇની વીધવા
૧ા ૨) ૩ાા લાખાભાઈ કકલજી
૦ા ૧ાા ૧) નારસિંહજી ખોડાભાઇ
૦ા ૧ાા ૧ માવસિંહજી ખોડાજી
૦ા ૧ાા ૦ાા ઉદેસિંહજી ખોડાજી
૦ા ૧ાા ૦ાા નોંઘાભાઇ સરતાનજી
૦) ૩ાા ૩ા ઓઘડભાઇ ખળીઆજી
૦) ૩ાા ૩ા હરીભાઇ ખળીઆજી

૦) ૩ા ૩ા રૂપસિંહજી બળીઆજી
૦ાા ૩) ૧ાા કશીયાજી પરભાતસિંહજી
૦ાા ૩) ૧ાા વખતસિંહજી મોતીભાઇ
૦ાા ૩) ૧ાા મોખતસિંહજી અમથાભાઈ

---

૧૧) ૧ાા ૦ા

૧૧) ૧ાા ૦ા તાલુકદાર મોતીભાઇ બાવાજી
૦ાા ૩) ૧ાા મોતીભાઇ બાવાજી
૦ાા ૩) ૧ાા ભગવાનજી બાવાજી
૦ાા ૩) ૧ાા ગોવીંદસિંહજી માધવસિંહજી
૦ા ૧ાા ૧ શીવસિંહજી ઉમેદસિંહજી
૦ા ૧ાા ૦ાા રાયસિંહજી ઉમેદસિંહજી
૦) ૩ા ૩ા મોતીભાઇ રવાજી
૦) ૩ા ૩ા અમથાભાઇ રાણાજી
૦) ૩ા ૩ા નથુભાઈ રવાજી
૦) ૩ા ૩ા શંગજી ડુંગરજી
૦) ૩ા ૩ા બાઇ જવજીબા જીજીભાઇ વીશાભાઇની વીધવા
૦) ૧ાા ૧ાા ગુલાબશંગજી જીભાઇ
૦) ૧ાા ૧ાા રૂપશંગજી જીભાઈ
૦ાા ૩) ૧ાા પોપટજી બળીયાજી
૦ાા ૩) ૧ાા જેહુજી બળીયાજી
૦) ૨ા ૩ાા સરદારશંગજી અભેશંગજી
૦) ૨ા ૩ાા તખતશંગજી અભેશંગજી
૦) ૨ા ૩ાા માધવશંગજી અભેશંગજી
૦ા ૩ા ૨ાા પોચાજી ગણેશજી
૦ાા ૨ાા ૧ા બાઇ હીરાબા ઉમેદશંગજી માલુભાઇની વીધવા.
૦) ૩ાા ૩ા રામશંગજી અભેશંગજી
૦) ૩ાા ૩ા ફતેશંગજી અભેશંગજી
૦ા ૩ા ૨ાા બાઇ જીબા ભગવાનજી ડુંગરજીની વીધવા.
૧ા ૨) ૩ાા અમરશંગ ભાઇજી
૧ા ૨) ૩ાા બાઇ હીરાબા ભુપતશંગજી ઉનડજીની વીધવા.

---

૧૧) ૧ાા ૦ાા

૧૧) ૧॥ ૦॥ તાલુકદાર સામતસિંહજી કમળજીભાઈ

૦) ૩॥ ૩ સામતસિંહજી કમળજીભાઈ
૦) ૩॥ ૩ રતનસિંહજી કમળજીભાઈ
૦) ૩॥ ૩ પ્રતાપસિંહજી કમળજીભાઈ
૦) ૩॥ ૩ વજેસિંહજી કમળજીભાઈ
૦॥ ૨॥ ૧ જેઠીભાઈ બાપુજી
૧॥ ૧॥ ૨ બાઈ ચાહાણા રણછોડજી શંગજીની વીધવા
૦ ૩ ૨॥ કાળુભાઈ સગલજી
૦ ૩ ૨॥ નારસિંહજી અમથાજી
૦) ૩॥ ૩ મોતીભાઇ લાખાજી
૦) ૩॥ ૩ બાવાજી લાખાજી
૦) ૩॥ ૩ માવશગજી લાખાજી
૦) ૩॥ ૩ અભેશંગજી લાખાજી
૦ ૩ ૨॥ શીવસિંહજી ડુંગરજી
૦ ૩ ૨॥ ભોજાભાઇ ડુંગરજી
૦ ૩ ૨॥ મોતીભાઈ ખુશાલભાઈ
૦ ૩ ૨॥ કમળજીભાઈ ખુશાલજી
૦ ૦॥ ૩ ઓઘડભાઈ ઉમેદસિંહજી
૦ ૦॥ ૩ રણછોડજી ફતેસિંહજી
૦ ૦॥ ૩ બાઇ ઉજમબા માવશગજી કાળુભાઇની વીધવા
૦॥ ૨॥ ૧ કુબેરજી દેવાજી
૦) ૩॥ ૩ માધવસિંહજી બાપુજી
૦) ૩॥ ૩ અનેશગજી બાપુજી
૦) ૩॥ ૩ રાજાજી ભીમજી
૦) ૩॥ ૩ રામશગજી ભીમજી
૦ ૩ ૨॥ ડુંગરજી મેરૂભાઇ
૦ ૩ ૨॥ વેરાભાઇ કાળુભાઇ

---

૧૧) ૧॥ ૦॥

૧૧) ૧॥ ૦॥ તાલુકદાર હઠીભાઇ નથુભાઇ

૦) ૦॥ ૧॥ હઠીભાઇ નથુભાઇ
૦) ૦॥ ૧॥ મહારશગજી નથુભાઈ

૦) ૦॥ ૨ કસળશંગજી નથુભાઈ

૦) ૦॥ ૨ તખતશંગજી નથુભાઈ

૦) ૧) ૩॥ કાળુભાઈ મોતીભાઇ

૦) ૧) ૪ ખકોરભાઇ મોતીભાઈ

૦) ૧) ૩॥ માવશંગજી ભોજાભાઈ

૦) ૧) ૩॥ દેવીશંગજી ભોજાભાઈ

૦। ૩। ૨॥ સરદારશગજી નાગભાઇ

૦। ૩। ૨॥ ભુરાભાઇ દીપશંગજી

૦) ૩॥ ૩। ધીરશગ અભેશંગજી

૦) ૩॥ ૩। પોચાભાઇ વજેસિંહજી

૦) ૩॥ ૩। મોતીભાઇ ગોડજી

૦) ૩॥ ૩। પોપટભાઇ ગોડજી

૦। ૩। ૨॥ બાઇ અમજીબા નથુભાઈ બહેચરજીની વીધવા

૦। ૩। ૨॥ કાળુભાઇ જેઠીભાઇ

૦) ૩॥ ૩। ઉદેશગજી કુબેરજી

૦) ૩॥ ૩। પચાણજી કુબેરજી

૦। ૩। ૨॥ અમથાભાઇ ભાણજી

૦) ૩॥ ૩। રણછોડજી છગનજી

૦) ૩॥ ૩। હરીભાઇ છગનજી

૦। ૦॥ ૩ પોપટભાઇ મહારસિંહજી

૦। ૦॥ ૩ ગોપાળભાઇ મહારસિંહજી

૦। ૦॥ ૩ પરતાપસિંહજી મોહનભાઇ

૦) ૦॥ ૨॥ ફતેસિંહજી બળીયાજી

૦) ૦॥ ૨॥ નારસિંહજી ઉમેદસિંહજી

૦) ૦। ૧ ઉદેસિંહજી ભીમજી

૦) ૦। ૧ હરભમજી ભીમજી

૦) ૦। ૧ સામતસિંહજી ભીમજી

૦) ૨॥ ૦॥ પરતાપસિંહજી મેઘાભાઇ

૦) ૨॥ ૦॥ મોહનભાઇ હરીભાઇ

૦) ૨॥ ૦। રાયસિંહજી હરીભાઈ

૯॥ ૩) ૧॥ માવસિંહજી કાળુભાઈ

૦। ૧॥ ૧ બાઇ કુલજીબા રણછોડજી શોભાભાઈની વીધવા

૦। ૧॥ ૧ દેવીસિંહજી નથુભાઈ

૦) ૦ાા ૩	જેઠીભાઈ શોમાભાઇ
૦) ૦ાા ૩ા	જસાભાઈ શોમાભાઈ
૦) ૦ાા ૩ા	શીવસિંહજી જાલમસિહજી
૦) ૦) ૨ાા	મોતીભાઇ ખેંગારજી
૦) ૦) ૨ાા	છગનભાઇ ખેગારજી
૦) ૦) ૨ાા	ભોજાભાઈ ખેંગારજી
૦) ૦) ૨ાા	વજેશંગજી ખેંગારજીની વીધવા
૦) ૧ા ૨ા	બાઇ વકતુબા જીબાવા બાપુજીની વીધવા
૦) ૧ા ૨ા	બેચરજી બાપુજી
૦) ૨ાા ૦ાા	પરભાતશંગ નથુભાઈ
૦) ૨ાા ૦ા	બાઈ દેવબા હોથીભાઇ જીજીભાઇની વીધવા
૨ાા ૦ા ૩	નથુભાઇ અમથાભાઈ
૧૧) ૧ાા ૦ાા	

૧૧) ૧ાા ૦ાા તાલુકદાર ઓઘડભાઈ નથુભાઈ

૦ા ૩ા ૨ાા	ઓઘડભાઇ નથુભાઈ
૦ા ૩ા ૨ાા	લાખાભાઇ કાળુભાઈ
૦ાા ૨ાા ૧ા	મહારશગજી જીજીભાઇ
૦ાા ૨ાા ૧	બાઇ હીરાબા બેલજી પચાણજીની વીધવા
૦ા ૩ા ૨ાા	બાઈ જીબા મોતીભાઈ હાજીભાઈની વીધવા
૧ાા ૧ાા ૨	બાઈ જામબા ડુંગરજી ભાવશગજીની દીકરી
૦ા ૩ા ૨ાા	બાઈ મોટીબા ઉમેદશગજી અલુભાઇની વીધવા
૦ાા ૩) ૨	છગનભાઇ મોતીભાઇ
૦ાા ૩) ૨	બાઈ માજીબા મહારશગજી રતનશંગજીની વીધવા
૦ાા ૩) ૨	ગોવીંદશગજી ભોજાભાઇ
૦ાા ૩) ૨	બાઇ રામબા હોથીભાઇ બનાભાઇની વીધવા
૧ા ૨) ૪	બાઈ ચેનબા ખેંગારજી ભાઇજીની વીધવા
૦ા ૩ા ૨ાા	માધવશગજી જેઠીભાઈ
૦) ૨ા ૨ાા	રામશગજી મોડજી
૦) ૨ા ૨ાા	દેવીશગજી મોડજી
૦) ૨ા ૩	નારશગજી મોડજી
૯ા ૨ા ૩	બાઇ અનુબા કકલજી ગગજીની વીધવા
૧૧) ૧ાા ૦ાા	

૧૧) ૧॥ ૦॥ તાલુકદાર ફતેશંગજી ખોડાભાઈ

૦) ૧॥ ૨॥ ફતેશગજી ખોડાભાઇ
૦) ૧॥ ૨ વીશાભાઇ ખોડાભાઇ
૦) ૦॥ ૦॥ તખતશંગજી અમજી
૦) ૦॥ ૦॥। હરીભાઈ અમજી
૦) ૦॥ ૦॥। પોપટભાઈ મઘાભાઇ
૦) ૦॥ ૦॥। સામતશગ મઘાભાઇ
૦) ૧) ૧॥ જેઠીભાઇ હોથીભાઇ
૦) ૧॥ ૨॥ જવાનશંગજી ભોજાભાઈ
૦) ૧॥ ૨॥ બાઇ રાજુબા ભુપતશગજી જલુભાઈની વીધવા
૦) ૩। ૦॥ બાઇ રતીબા ખોડાભાઈ ડુંગરજીની વીધવા
૦) ૩। ૦॥ ગોપટભાઈ બાવાજી
૦) ૦॥ ૦॥। ખેંગારજી ઘેલજી
૦) ૦॥ ૦॥। નારશગજી ઘેલજી
૦) ૦॥ ૦॥। ખેતાભાઇ ઘેલજી
૦) ૧॥ ૨। અમથાભાઇ. મોતીભાઇ
૦) ૩। ૦॥। શીવશગજી મહારશગજી
૦) ૩। ૦॥। ભુરાભાઇ ભગવાનજી
૦) ૩। ૦॥। ચાંદાભાઇ કાળુભાઇ
૦। ૦॥। ૩ વજેશગજી બેચરજી
૦। ૦॥। ૩ નથુભાઇ અભેશગજી
૦) ૨। ૩॥ ભીમજી બાવાજી
૦) ૨। ૩॥ કેશરીશગજી બાવાજી
૦) ૨। ૩॥ મોહનશંગજી શીવશંગજી
૦) ૨। ૩॥ બાઈ વકતુબા માધવશંગજી ઘેલજીની વીધવા
૦) ૨। ૩॥ બાઈ વકતુબા છગનજી ઘેલજીની વીધવા
૦) ૩॥ ૩। બાઇ નાનીબા મહારશંગજી ડુંગરજીની વીધવા
૦) ૧॥। ૧॥। દેવીશંગજી સરતાનશંગજી
૦) ૧॥। ૧॥ બાઇ જીવલબા માવશંગજી મોતીભાઇની વીધવા
૦॥। ૨॥। ૧ બાઇ નાનીબા રણછોડજી સરતાનજીની વીધવા
૦) ૨। ૩॥ નાગજી હોથીભાઈ
૦) ૨। ૩॥ છગનભાઈ હોથીભાઇ
૦) ૨। ૩॥ બાઇ બાઇબા માધવશંગજી અભેશંગજીની વીધવા

૦) ૧ાા ૧ાા ફતેશગજી કનુભાઈ
૦) ૧ાા ૧ાા રતનસંગજી મેઘાભાઈ
૦) ૩ાા ૩ પરભાતશગજી ચકુભાઇ
૦ાા ૨ાા ૧ અમથાભાઇ નથુભાઇ
૦ાા ૨ાા ૧ બકોરભાઈ જેઠીભાઇ
૧ાા ૧ાા ૨ા મોતીભાઇ કલ્યાણશંગ
૦ાા ૧ાા ૨ રણછોડ જીજીભાઇ
૦ાા ૧ાા ૨ કેસરીશગજી બળીઆજી
૦ા ૦ાા ૩ વાઘજી પચાણજી
૦ા ૦ાા ૩ા બાઈ બાઇબા માધવશંગજી પચાણજીની વીધવા

---

૧૧) ૧ાા ૦ાા

૧૧) ૧ાા ૦ા તાલુકદાર સબળશંગજી મહારશંગજી
૦ા ૧ાા ૦ાા બાઈ ચંદુબા જીબાવા ઉમાજીની વીધવા
૦) ૨ાા ૦ાા સબળશગજી મહારશગજી
૦) ૨ાા ૦ાા બાઈ હરીબા રાયસિંહજી મહારસિંહજીની વીધવા
૦) ૨ાા ૦ાા શીવસિંહજી મોતીભાઇ
૦) ૨ાા ૦ાા છગનભાઇ અજુભાઈ
૦) ૧ા ૨ા બાઈ કુલબા ફતેસિંહજી ડુંગરજીની વીધવા.
૦) ૦ાા ૩ા ગુલાબસિંહજી ભુપતસિંહજી
૦) ૦ાા ૩ પરભાતસિંહજી ભુપતસિંહજી
૦) ૧ા ૨ા માનસિંહજી વજેસિંહજી
૦) ૦ાા ૩ા સરદારસિંહજી જેઠીભાઈ
૦) ૦ાા ૩ દીપસિંહજી જેઠીભાઈ
૦ા ૧ાા ૦ાા બાઇ માજીબા કલ્યાણસિંહજી ખેમાજીની વીધવા
૦) ૧ાા ૧ાા રાયસિંહજી જાલમસિંહજી
૦) ૧ાા ૧ાા કેશરીસિંહજી જાલમસિંહજી
૦) ૧ાા ૧ાા વખતસિંહજી જાલમસિંહજી
૦ા ૧ાા ૦ાા રૂપસિંહજી શોભાભાઇ
૦) ૨ાા ૦ાા મોતીભાઇ પોપટભાઇ
૦) ૨ાા ૦ાા ઘેલાભાઇ પોપટભાઈ
૧ા ૨) ૩ાા બાઇ જીબા વીહાભાઈ જીજીભાઇની વીધવા
૦ા ૩ ૨ાા સરતાનસિંહજી મોતીભાઇ

૦ા ૩ા ૨ા અભેસિંહજી મોતીભાઇ
૦ા ૩ા ૨ા માનસિંહજી મોતીભાઇ
૧) ૩ાા ૦) એમાભાઇ કાળુભાઈ
૦ાા ૧ાા ૨ પરભાતસિંહજી જાલમસિંહજી
૦ાા ૧ાા ૨ હરીભાઇ કહાનજી
૦ાા ૧ાા ૩ાા બાઇ ગગુબા જેઠીભાઇ લાલજીની વીધવા
૦ાા ૧ાા ૩ાા ફતેસિંહજી લાલજી
૦) ૧ાા ૩ા માધવસિંહજી ભગવાનજી
૦) ૧ાા ૩ા લાખાભાઇ ડુંગરજી
૦) ૧ાા ૩ા ભીમજી મોતીભાઇ
૦ા ૦ાા ૩ નારણજી જીવણજી
૦) ૨ા ૩ા ચેલાજી નથુભાઈ
૦) ૨ા ૩ા ગણેશજી નથુભાઈ
૦) ૧ાા ૩ા રામસિંહજી ભારાજી
૦) ૦ાા ૦) નારણસિંહજી પનાભાઇ
૦) ૦ાા ૦) દેવીસિંહજી કેશાભાઇ
૦) ૦ાા ૦) માનસિંહજી કેશાભાઇ
૦) ૦ાા ૦) ગજસિંહજી કેશાભાઇ
૦ા ૦ાા ૩ કાળુભાઇ અજાભાઇ
૦) ૨ા ૩ા બાઇ પરતાપબા મોતીભાઇ વીસાભાઈની વીધવા
૦) ૨ા ૩ા શીવસિંહજી બુટાભાઇ
૦) ૦ાા ૧ા શીવસિંહજી ખોડાભાઇ
૦) ૦ાા ૧ા ગજાભાઇ સજાભાઈ
૦) ૧ાા ૨ા બાઇ ગલબા તેજાભાઇ ભીમજીની વીધવા
૦) ૧ાા ૨ા બાઇ કરણીબા સરતાનસિંહજી મહારસિંહજીની વીધવા
૦) ૧) ૩ાા હઠીભાઇ સામતસિંહજી
૦) ૧) ૩ાા ઉદેસિંહજી સામતસિંહજી
૦) ૦ા ૨ાા જશવતસિંહજી ભગતસિંહજી
૦) ૦ા ૨ા કલ્યાણસિંહજી રાજાભાઇ
૦) ૦ા ૨ા ગગુભાઇ પરવતસિંહજી
૦) ૦) ૩ા પોપટભાઇ તખતસિંહજી
૦) ૦) ૩ા સુરસિંહજી તખતસિંહજી

૦)	૦)	૩।	બાઇ હરીબા ચાદાભાઇ તખતસિંહજીની વીધવા
૦)	૦।	૧	માનસિંહજી પરતાપસિંહજી
૦)	૦।	૧	જીવાભાઇ અનુભાઈ
૦)	૦।।	૩।।	બાઇ માનબા દીપસિંહજી રધાભાઇની વીધવા
૦)	૦।।	૦)	ખુમાનસિંહજી અદાભાઇ
૦)	૦।।	૦)	બનેસિંહજી ખેમાભાઇ
૦)	૦।	૩।।	રૂપસિંહજી સેશાભાઇ
૦।	૦।।	૦)	જસાભાઇ કરણુસિંહજી
૦)	૦।।	૩।।	હરીસિંહજી કુબેરજી
૦)	૦)	૨।।	રામસિંહજી નારસિંહજી
૦)	૦)	૨।।	ધીરાભાઇ પથાભાઇ
૦)	૦)	૨।।	બાઇ હીરાબા માવસિંહજી અલુભાઇની વીધવા
૦)	૦)	૨।।	દલાભાઇ અલુભાઇ
૦)	૦।	૧।	રાયસિંહજી સરતાનસિંહજી
૧૧)	૧।।	૦।	

ગરોડીયા

આ એસ્ટેટ સાણંદ પરગણામા છે; ને તે સાણદથી ઇશાન કોણુમાં છે. તેના તાબામાં એક ગરોડીઉ ગામ છે. જમીનનું ક્ષેત્રફળ એકર ૧૦૧૦-૫ ગુંઠા છે. આકાર ૨૨૮૫ રૂપીઆનો છે. જમાબધી તથા લોકલફંડ મળીને રૂા. ૪૧૬-૧૨-૧૧ નામદાર અંગ્રેજ સરકારને ભરવા પડે છે. વસ્તી સુમારે ૫૦૦ માણસની છે. જમીન ગોરાડુ અને કયારી છે.

કલોલની ગાદીમાંથી મંગળદેવજી નામે ફટાયા ગોધાવી વીગેરે ૧૨ બાર ગામ લેઇ ઉતરેલા હતા. તેમના વંશમાથી એક પુરૂષ ગરોડીઆ ગામ લેઇ

ઉતરેલા, જેના વંશમાં ગરોડીઆના હાલના તાલુકદારો છે; તેમની ભાગવારી નીચે મુજબ છે.

રૂ. આ. પાઈ. તાલુકદારનું નામ.

૦-૮-૦ મેલાજી રવાજી

૦-૦-૧૦$\frac{૨}{૩}$ મેલાજી રવાજી
૦-૦-૧૦$\frac{૨}{૩}$ પરતાપજી રવાજી
૦-૦-૧૦$\frac{૨}{૩}$ મોટાજી રવાજી
૦-૧—૪ બાઇ જીબા રામાજાઈ હરીભાઈની વીધવા
૦-૦—૮ બહેચરજી ખેમાજી
૦-૦—૮ નથ્થુજી ખેમાજી
૦-૦—૮ કલ્યાણસિંહજી મેઘાભાઇ
૦-૦—૮ શીવસિંહજી મેઘાભાઇ
૦-૦—૪ પ્રતાપસિંહજી ડુંગરજી

૦-૮—૦

૦-૮-૦ દલાજી ડોસાજી

૦-૦—૫$\frac{૧}{૩}$ દલાજી ડોસાજી
૦-૦—૫$\frac{૧}{૩}$ કાકુજી ડોસાજી
૦-૦—૩$\frac{૫}{૯}$ લાખાજી બળીઆજી
૦-૦—૩$\frac{૫}{૯}$ ચદનસિંહજી કશીઆજી
૦-૦—૩$\frac{૫}{૯}$ ભુપતસિંહજી ભાવસિંહજી
૦-૦-૧૦$\frac{૨}{૩}$ અભેસિંહજી જેસાજીના વારસ દલાજી ડોસાજી
૦-૦—૮ કેશરીસિંહજી નથ્થુજી
૦-૦—૮ જાલમસિંહજી નથ્થુજી
૦-૧—૪ મદારસિંહજી લાલજી
૦-૦—૮ અગરસિંહજી ફતેસિંહજી
૦-૦—૮ ગલાબસિંહજી ફતેસિંહજી
૦-૦—૮ ઘેલજી દાજીભાઈ
૦-૦—૮ વીસાભાઇ દાજીભાઇ

૦-૮—૦

પોશીના.

આ સ્વસ્થાન ઇડર રાજ્યના તાબામા તેની ઉત્તરે અને ગુજરાતની છેક ઉત્તરે સરહદ ઉપર છે. તેના ઠાકોર સાહેબ ઈડરના રાજ્યના પટાવત છે. તેમના તાબામાં પોશીના પટામા ૨૩ તેવીસ, દેલવાડાના ૫ દર, લીંબડીઆ પટાના તેર, ધનાલ પટાનાં સોળ, એ રીતે ૬૭ સડસટ ગામના આશરે છે; ને તેમાં અડધો હીસ્સો ઇડરના મહારાજ સાહેબનો પડેલો હોવાથી વહીવટ કરવા સારૂ પોશીનામાં મહાલકારી રહે છે. વાર્ષિક ઉપજ રૂપૈઆ દસથી બાર હજાર છે. ગામો તમામ ડુંગરી છે ને તે ડુંગરમા ઘણા પ્રકારની વનસ્પતિ થાય છે. જમીન થોડી ગોરાડુ અને ઘણી પથ્થરવાળી છે. નીપજમાં મકાઇ, જુવાર, બાજરી, કઠોળ અને જવની છે. ઠ્હેળા ઘણા છે. પોશીનામાં સરકારી નિશાળ છે.

આ તાલુકાના રાજ્યની સરહદ સાથે શીરોઇના રાજ્યની સરહદ જોડાયલી છે. પોશીનાના પાદર શ્રાવકોના જુના દેહરા સવત તેરસે લગભગના ચાર છે ને તે છેક જીર્ણ થઈ ગએલા છે; તથા એક સુદર વાવ પણ બાંધેલી છે. આ ઉપરથી તે ગામ ઘણુ પ્રાચીન હશે એમ જણાય છે. પોશીનાથી ત્રણ ગાઉ ઉપર દેલવાડા ગામ છે, ત્યા ચિત્રવિચિત્રનું ધામ છે, ને ત્યા દરવરસે ફાગણ વદી ૦) અમાસનો મોટો મેળો ભરાય છે તેમજ ધનાલ પટામા ગઢડા કરીને ગામ છે ત્યા નાના સામળાજીનું મદીર છે, ત્યા દરવરસે જન્માષ્ટમીનો મેળો ભરાય છે ને તે જગો ઘણી જોવાલાયક છે ઉપજ ઉઘરાવાની બાબતમાં તો વસ્તીવાળા સુધરેલા ગામોમા તો આ તરફના રીવાજ મુજબ ભાગવારી કે વીઘોટી લેવાય છે. પણ ડુંગરમા વસનાર ભીલ્લ લોકો પાસેથી તો ફક્ત ઘર દીઠ રૂપીયો સવા રોકડો તથા અધમણ મકાઇ લેવામા આવે છે. પણ જરૂરી કામ પ્રસગે તે નીમકહલાલ ને વફાદાર રૈયત છે. પોશીનાના લુહાર ઘણી સારી છરીઓ બનાવે છે ને તે એકજ મ્યાનમા નાના મોટી બે ભેગી રહેવા લાયક કરેલી હોય છે. ત્યાના ડુંગરોમા સાગ, જગલી શીશમ ને વાસ થાય છે; તેમજ સારી જાતના પથ્થર પણ નીકળે છે.

કલોલની ગાદીએથી રાણકદેવજી ૪૨ ગામ સાથે રૂપાલ ઉતર્યા, તેમનાથી ત્રીજી પેઢીએ સામતસિંહજી થયા; તેમને બે કુમાર પાટવી વજેકરણજી તથા નાના સોમેશ્વરજી હતા. સોમેશ્વરને ૧૪ ગામ સાથે કોલવડા આપવામા આવ્યું હતું. જેના વશમા હાલ પેથાપુરની ગાદી ચાલે છે, ને પાટવી વજેકરણજીએ રૂપાલમાં ગાદી કરી. તેમને બે કુવર પાટવી ભીમશંગજી ને નાના વણોજી હતા. ભીમશગજીએ રૂપાલમા ગાદી રાખી ને વણોજીને અલવાનો ગરાસ આપ્યો

હતો. વણાજીનો વંશ કેટલી મુદ્દત અલવામાં ચાલ્યો; પણ છેવટ નીરવંશ થવાથી તેમના રાઠોડ સગાએ કબજે કરી લીધું જેથી હાલ તે તેના વંશમાં છે.

ભીમશંગજી પાસે રૂપાલનો તાલુકો રહ્યો નહિ, જેથી પોતે ગરાસ મેળવવાના હેતુથી ઇડર ગયા. તે વખતે ત્યાનો રાજા રાવ ભાણ હતો તેની એવી સારી નોકરી કરી કે રાવે તેમને સોરીવાડનો પટો આપ્યો.

આઠ પેઢી સુધી ભીમશગજીનો વશ સોરીવાડમાં રહ્યો. છેલ્લા ઠાકોર રાજધરજી હતા, તેમને રાયસિંહજી તથા રતનસિંહજી આ બે કુવર હતા. તેમાં રાયસિંહજીને પોશીનાનો પટો મળ્યો. તેમના ભાઇ રતનસિંહજી ઘણા બહાદુર અને પરાક્રમી હતા. તે વખતમાં ઇડરના તખત ઉપર રાવ વિરમદેવજી હતા. રતનસિંહજી પોતે વિરમદેવજીના બહાદુર પટાવત ગણાતા હતા. અહમદનગરના ઘેરામા તેમણે ખુબ પરાક્રમ કરી મુસલમાનોને હરાવ્યા હતા; ને તેમના શૂરથી રાવ વિરમદેવ ફતેહ પામ્યા હતા. આ યુદ્ધમા કરેલું પરાક્રમ તેમને દુઃખકર્ત્તા થઇ પડ્યુ. રાવ વિરમદેવને કોઇએ કહ્યુ કે રતનસિંહજી હતા તો તમે અહમદનગરના યુદ્ધમાં જય પામ્યા. આથી વિરમદેવને ઘણો દ્વેષ આવ્યો અને જ્યારે રામપુરા ઉપર દિલ્હીની ફોજ આવી ત્યારે રામપુરાના રાજાની મદદમાં ઇડરથી જે ફોજ મોકલી તેમાં રતનસિંહને મોકલ્યા નહિ. આથી રતનસિંહને રાવ ઉપર ખોટુ લાગ્યું ને રાવ પણ તેના ઉપર અદેખાઇ રાખવા લાગ્યા. આથી ડરી રતનસિંહ પોતાના સ્વારો સાથે શીરોહીના મુલકમાં ગયા. રતનસિંહના જવાથી વિરમદેવને ઘણોજ ભય લાગ્યો અને તેમણે ધાર્યું કે રતનસિંહ મારા રાજ્યમા નુકશાન કરશે. તે ડરથી તેમને મનાવા સારૂ કેટલાક સ્વાર મોકલ્યા પણ તેણે આવવાની ના કહી. આખરે રાવનો ઘણો આગ્રહ જોઇ તેણે ઇડર આવવાનું કબુલ ના કરતા ગઢા ગામે જવા કબુલ કર્યું ને ત્યાં આવ્યા. રાવ વિરમદેવ ત્યા તેને મળવા સારૂ આવ્યા. બન્ને અબાજી માતાના ડેરામા ભેગા થયા. ત્યા રાવે તેમના ઉપર ઉપળેક ઘણુંજ હેત દેખાડ્યું; પણ રતનસિંહજી બીન હથીઆર હોવાથી પોતે સતાડી રખાવેલા મારાઓ પાસે રાવ વિરમદેવે રતનસિંહને મરાવ્યા. તે વખતે પોશીના તાબે ૭૨ ગામ હતાં. તે તેના વારસને આપ્યા.

રતનસિંહજીને રાવ વિરમદેવે દગાથી મરાવેલા તે બાબત એક ચારણે કહેલો દુહો.

महाराव रतन बोलाडे मारत खात्री मले सहकाज खत.
देवल सोहत भमत वीरमदे भीम तणा हाथीया भत.

મતલબ કે જો તમે રતનસિંહને બોલાવી છેતરીને માર્યો હોત નહિ, તો ભીમે જેમ હાથીઓને આકાશમાં ભમાવ્યા તેમ તેમણે તમને અને ડેરાને એક હાથે ફેંકયા હોત.

રાવ વિરમદેવ ઇડર ગયો પણ આ કવિતા તેના સાંભળવામાં આવ્યાથી તેના ભણકારા તેના કાનમાં નિરતર વાગી રહ્યા હતા. તે દુ:હો બનાવનાર ચારણને મારવાનો તેનો ઘણો આગ્રહ હતો ને તેને શોધવાને ઘણાં માણસો મોકલ્યા હતા.

એક વખત તે ચારણ વિરમદેવજીને અનાયાસ ભેગો થઇ ગયો; પણ તેને કરગરી પડવાથી દયા ખાઇ જીવતો રાખી એક ગામ બક્ષીસ આપ્યું.

રતનસિહજીના સ્વર્ગે ગયા પછી ગાદી ઉપર તેમના મોટા ભાઈ રાજસિંહજીના કુમાર ભાણુશંગજી બેઠા. ભાણુસિંહજીને અગોજી અને ભગવાનસિહજી આ બે ભાઇ હતા. તેમાં અગાજીને ગામ મહુડી અને ભગવાન સિહજીને દેરોલ તાલુકો બાવીસ ગામનો આપ્યો. ભાણુસિહજીને ત્રણ કુમાર પાટવી કરણુશગજી, ૨ કેશર્વસિહજી, ને ૩ ચતુરભુજજી હતા. જેમાના કરણુસિંહજી ગાદી ઉપર બેઠા ને કેશવસિહજીને આગીઆ, ચીત્રોડી, સાડા, કુથાપર, નાનોરા, એ પાંચ ગામ સવત ૧૬૪૨ મા આપ્યા તેમજ ચતુરભુજજીને પરોઈઆ, વાલેણ, બાસોલ, ભુતીઓ, પઢારા એ પાચ ગામ તથા ગલોડીઆ ગામમાં કેટલીક જમીન આપી.

કરણુસિહજીને જગતસિંહજી, રણછોડસિહજી, લક્ષ્મીસિહજી અને રાવળસિંહજી આ ચાર કુવર હતા. તેમાં જગતસિહજી ગાદી ઉપર બેઠા. તેમણે પોતાનો વહીવટ ઉત્તમ પ્રકારથી કર્યો હતો. તેમને પાટવી હઠીસિંહજી ને નાના ચંદ્રસિંહજી એ બે કુવર હતા. તેમની ગાદી ઉપર હઠીસિહજી બેઠા. હઠીસિહજી ને વખતસિહજી, સુરજમલજી, જગતસિહજી, ૪ વિરમદેવજી, ૫ નારસિહજી, આ પાચ કુવર હતા. ગાદી ઉપર પાટવી વખતસિહજી બેઠા.

જ્યારે વખતસિહજી ગાદી ઉપર હતા ત્યારે જોધપુર મહારાજાના ફટાયા કુંવર આણદસિહજી સવત ૧૭૯૦ મા ઇડરનો કબજો લેવા સારૂ પોતાના ભાઇઓ તથા લશ્કર સાથે આવતા હતા, તેમને વખતસિહજીએ પોશીના આગળ ઇડર જતાં અટકાવ્યા. જેથી આણદસિહજીએ તેમને શરમાવી સારા માણસો પાસે ભલામણ કરાવી, પોતે વખતસિંહજીના કુવરી ફતેકુવરબા સાથે પરણ્યા. જ્યારે આણદસિહજી આગળ ઉપર યુદ્ધમા સ્વર્ગે ગયા ત્યારે સદરહુ ફતેકુવરબા સીરોહી તાબાના રોહીડા ગામે સતી થયાં. તેમની છત્રી આજે

પણ ત્યાં જોવામાં આવે છે. તે છત્રી ગામને પાદર વાવ નજીક છે, તેમાં કાંઈ લેખ જણાતો નથી. પોતાના પવિત્ર પતિ ક્ષત્રીનાં કર્તવ્ય કર્મની ફરજ બજાવી પરમાત્માની હજુર ગયા જેથી પતિવ્રત ધારણ કરનાર તેમનાં પત્નીએ પરલોક પ્રાપ્તીની આશાથી પતિ સાથે અગ્નિમા સહગમન કરેથી એ અક્ષય સુખ તેને પ્રાપ્ત થાય છે એમ જણાવવાને આ છત્રી ઉભી કરી હોય તેમ જોતાં વારને તે જોનારને આભાસ થાય છે. રોહીડા ગામ તેજ નામના સ્ટેશનથી છ માઇલના આશરે દુર છે.

વખતસિંહજીને પોતાના પટા ઉપરાંત ઇડરના રાવ આણંદસિંહજી તરફથી ધનાળ પટાનાં બાર ગામ આપવામાં આવ્યાં હતાં અને જ્યારે પોતે ઇડરના રાજા થયા ત્યારે તેમની સાથે ઘણીજ પ્રીતી રાખતા હતા. પોશીણા મુકામેજ આણંદસિંહજીએ ઈડરના સરદારો સાથે કોલકરાર કર્યા હતા.

વખતસિંહજીને દોલતસિંહજી, અનોપસિંહજી ને મોહોબતસિંહજી ત્રણ કુમાર હતા. પાટવી દોલતસિંહજી ગાદી ઉપર બેઠા; ને સંવત ૧૮૩૫ ના વૈશાખ સુદી ૩ ના રોજ દેવલોક પામ્યા. તેમને પુત્ર ન્હોતો. તેમનાં પત્ની ઉભય કુળ તારક રાઠોડ વહુજી પરતાપકુવરબા સતી થયાં. તેમની છત્રી આજ પણ પોશીનાને પાદર જોવામાં આવે છે; ને તે તેમના ભાઇ મોહોબતસિંહજીએ કરાવી છે.

દોલતસિહજી નીરવંશ ગુજરવાથી તેમની ગાદીએ તેમના ભાઇ અનોપસિંજી બેઠા; ને તેમના પછી તેમના કુવર કેસરીસિંહજી બેઠા. તેમને કાંઇ પ્રજા ન્હોતી. તે સંવત ૧૮૭૫ ના વૈશાખ સુદી ૧૦ દશમને સોમવારે દેવલોક પામ્યા. તેમનાં રાણી અખેકુવરબા જેનું પીએર ધીટે હતું તે તથા બીજાં રાણી લાડુકુંવરબા લખાવત શાખાનાં ગામ કાંચોલીનાં એ રીતે બે રાણીઓ પોતાના પતિ સાથે અગ્નિ પ્રવેશ કરી સ્વર્ગે ગઇ. તેમની છત્રીનો ચોતરો પોશીનાને પાદર આજ પણ જોવામાં આવે છે.

જ્યારે કેશરીસિહજી ગુજર્યા ત્યારે તેમને પુત્ર નહોતો, જેથી ગાદી ઉપર બેસવાને ખરા હકદાર પરબતસિંહજી જુવાનસિહજી હતા. ઠાકોર હઠીસિંહજી જગતસિહજીના પાંચ કુમારોમાં પાટવી વખતસિંહજી તથા નાના નારસિંહજી હતા. તે નારસિંહજીને હીમતસિહ, સામતસિંહ, ઇંદ્રસિંહ, મદનસિંહ આ ચાર દીકરા હતા. હીમતસિંહજી ને પાટવી સવદાનજી, પ્રથીરાજજી, વજેરાજજી, ગમાનસિંહજી, પદમસિંહજી, જુવાનસિંહજી આ છ દીકરા હતા; તેમાં પ્રથમના પાંચ નીરવંશ ગુજર્યા ને જુવાનસિંહજીના કુંવર પરબતસિંહજી જે ઉપર જણાવ્યા તે ખરા હકદાર હતા. પણ તે ગાદી પોતાને મળવાના હેતુથી

તેમના દુરના પીત્રાઈ બદસિંહજી હતા તેમણે દાવો કર્યો. તેમજ બીજો જામતસિંહજી નામે પીત્રાઇ હતો તેણે દાવો કર્યો. પણ પાછળથી જામતસિંહજીએ પોતાનો વિચાર ફેરવી ખરા હકદાર પરબતસિંહજીને મળી ગયો હતો. પણ બદસિંહે પોતાની લાલચ છોડી નહિ ને ખટપટ ઉભી કરી. પોતે ઇડર જઇ મહારાજાને અરજ કરી કે જો મને પોશીનાની ગાદી આપો તો તમને મારા રાજ્યનો ચોથો ભાગ આપું. આ લાલચથી ઇડરના રાવે ગાદીના ખરા હકદારનો હક ડુબાવી બદસીંહને અપાવવા કબુલ કર્યું. આ વાત જ્યારે પરબતસિંહના જાણુવામા આવી ત્યારે તેણે રાવને ગેરવ્યાજબી નહિ વર્તવા અરજ કરી. પણ ચોથા ભાગની લાલચ હોવાથી રાવે તે વાત ધ્યાનમાં ન લાવતાં કહ્યું કે ચોથો ભાગ બદસીંહ આપે છે પણ જો તમે ત્રીજો ભાગ કબુલ કરો તો તમને ગાદી આપુ. પરબતસિંહે તે કબુલ કર્યું. તે ઉપરથી ઇડરના રાવે પરબતસિહને ગાદી ઉપર બેસાડવા પોતાનો સરદાર મોકલ્યો. આ વાત જ્યારે બદસિહના જાણુવામાં આવી ત્યારે પોતાને ગાદી આપે તો છ આની ભાગ આપવાનો લેખ મહારાજાને કરી આપ્યો. જેથી મહારાજાની વૃત્તિ બદલાઇ ને પરબતસિંહને ગાદીએ નહીં બેસાડતાં તુરત પાછા આવવાનો પોશીણે કાગળ લખ્યો. આથી પરબતસિહ ફરી ઇડર આવ્યા ને બે મહિના સુધી ભાજગડ ચાલી. છેવટ જ્યારે પરબતસિંહે રાજ્યનો અર્ધો ભાગ ઇડરના મહારાજાને આપવાની કબુલત લખી આપી ત્યારે તેમને ગાદી ઉપર બેસાડવાને સુવેરના પટાવતના કુવરને પચાસ સ્વાર તથા હાથી નગારા ચોપદાર વગેરે આપીને પરબતસિહને ગાદીએ બેસાડવા તથા પોતાનો અર્ધો ભાગ તપાસી લેવાને પોશીણે મોકલ્યા. તેમણે જઇ પરબતસિહને સવત ૧૮૭૬ ના માગશર વદી ૫ ના રોજ ગાદી ઉપર બેસાડ્યા.

આ પ્રમાણે થવાથી બદસિહ ઘણો ગુસ્સે થયો ને પોતાના ખેરોજ પટામાં જઇ પોશીનાનાં ગામોને હરકત કરવા માડી. આ બાબત ઠાકોરે ઇડર જઇ ફરીઆદ કરી જેથી બદસિહને ઇડર તેડાવ્યો પણ તેને મારી નાખવાની દહેશત લાગવાથી તે ઇડર ગયો નહિ. છેવટ મહારાજાએ બાંહેધરી આપી તેને તેડાવ્યો એટલે તે આવ્યો તો ખરો પણ મહારાજાની કરણી ઉપર બીલકુલ ભરોસો રાખતો નહિ. તેવામાં સીરોહીના રાજાનો કારભારી કાંઇ કામ પ્રસંગે ઇડર આવ્યો હતો તેના મુકામ ભેગો બદસિંહે મુકામ કર્યો. મહારાજાએ તેને દરબારમાં બોલાવી ઠપકો દીધો પણ તેણે કાંઈ માન્યું નહિ; જેથી મહારાજાએ તેને પકડવાનો વિચાર કર્યો પણ તેમ કર્યેથી સીરોહીના કારભારી તેનું પોતાનું અપમાન થએલું સમજી સ્હામો થશે, એ ડરથી તે વિચાર છોડી દેઈ

તેને શીખામણ આપી તેના પટામા જવા દીધો એટલે અદસીંહે ખેરોજ આવીને આગળ માફક ફરી પોશીના પટામાં હરકત કરવા માંડી. ત્યારે મહારાજાએ ફરી બાંહેધરી આપી તેને તેડાવ્યો પણ તેણે ઇડર આવવાની ના કહી. એટલે મહારાજાએ તેના કારભારી એક બ્રાહ્મણ તથા એક ભાટ હતો તેને લાલચ આપી કે બદસિંહને તમે ઇડરના દરબાર સુધી લાવી આપો તો તમને એક હુ ગામ ઇનામમા આપીશ. બ્રાહ્મણની મરજી નહી છતાં તેના ભાટ મિત્રના આગ્રહથી તે વાત તેને કબુલ કરવી પડી ને સદરહુ ભાટે તે બદસિંહને ભોળવીને ઇડર આણ્યો. ત્યારે મહારાજાએ તેની ઘણી આગતા સ્વાગતા કરીને તેને કચેરીમા બોલાવ્યો પણ તે આવ્યો નહી. જ્યારે ઘણો ભરોંસો ને વિશ્વાસ આપ્યા ત્યારે તે આવ્યો. મહારાજાએ સીધી મેરૂ જમાદારને હુકમ કીધો હતો કે બદસિંહ આવે કે તેને તુરત પકડી લેવો. પછી જેવો તે કચેરીમા આવતો હતો તેવો તેને પકડીને જમાદાર પોતાને ઉતારે લેઇ ગયો ને કેદ કરીને તેના પગમા બેડીઓ ઘાલી.

મહારાજા જ્યારે પોતાના રાજ્યમા ફરવા નીકળ્યા ત્યારે બદસિંહને પણ સાથે લીધો. વળી બે મહિના પછી તેના ફેલ જામીન લઇને તેને ખેરોજ પટો પાછો સોંપ્યો. તેણે ઘેર જઈ પેલા બ્રાહ્મણ કારભારીને મારી નખાવ્યો; ને પ્રપંચી ભાટ જે આ કામ કરવામા અગ્રેસર હતો તે પોળારા ગણી ગયો.

સદરહુ પરબતસિંહજીના વખતમા ઇડરના રાવનો અર્ધો ભાગ પેઠો. તે ૧૯૧૨ ના વૈશાખ સુદી આઠમ ને રવીવારે દેવલોક પામ્યા. તેમની છત્રી પોશીનાને પાદર જોવામા આવે છે.

પરબતસિંહજીને પાટવી અજીતસિંહજી, કરણસિંહ, નારસિંહ અને ભારતસિંહ એમ ચાર કુવરો હતા. તેમા પાટવી અજીતસિંહ, ગાદીએ બેઠા. અજીતસિંહના બે કુવરો તેમા પાટવી ઉદેશગજી હતા અને નાના ખુમાનશગજી હતા. તે સવત ૧૯૫૭ મા નીરવશ ગુજર્યા છે.

પાટવી ઉદેસિંહજી સવત ૧૯૬૪ ના કારતક વદી ૨ ને રોજ દેવલોક પામ્યા. તેમને મહોબતસિંહજી, લક્ષ્મણસિંહજી, અમરસિંહજી તથા વજેસિંહજી કુવર છે. મહોબતસિંહજી તેમના પિતા ઉદેસિંહજીની હયાતીમાં સવત ૧૯૫૮ ના પોસ સુદી ૬ ઠે દેવલોક પામ્યા જેથી ઉદેસિંહજીનો સ્વર્ગવાસ થતાં બીજા કુંવર લક્ષ્મણસિંહજી સંવત ૧૯૬૪ માં ગાદી ઉપર બેઠા છે.

કરણસિંહજીને વરતોલ અને ગણોર ગામ જીવકમાં આપેલાં છે. તેમના કુમાર મોટા કુંવર કેશરીશંગ હતા તે દેવલોક પામેલા છે. તેમને કુમાર હી-

મતસિંહજી છે. કરણસિંહજીના બીજા કુમાર માધુસિંહજી તથા કાળુસિંહજી હાલ હયાત છે. સદરહુ પોશીના સંસ્થાનમાં ઈડરના રાવનો ભાગ હતો પરંતુ સંવત ૧૯૫૯ ની સાલમાં વહેચણ કરી ધનાલ પટાનાં ૨૨ ગામ ઇડરને આપી તેમનો હક કાઢી નાખ્યો છે. ને પોશીના, લોબડીયા અને દેલવાડાનાં મળી ૫૫ ગામ પોશીના ગાદી નીચે રહ્યાં છે.


પોશીના ગાદીએ રાયસિંહજી ઠાકોર હતા તેમણે પોતાના નાના દીકરા ભગવાનસિંહજીને દેરોલ પટાના ૨૨ ગામ આપેલાં હતા. તેમના વંશમાં પાટવી ઉમેદસિંહજી હતા, તે નીરવંશ ગુજરવાથી હાલ હરીસિંહજી ઠાકોર છે.

ખેરોજ પટામાં ઠાકોર રતનસિંહજી હતા, તે નીરવંશ ગુજરી જવાથી પોશીનાથી અમરસિંહજીને દત્તક લીધા છે જેથી તે ઠાકોર છે.

પરોયા પટામાં ઠાકોર ચતુરભૂજસિંહજી જે મુળ પુરૂષ હતા તેમના વંશમાં હાલ ઠાકોર રૂઘનાથસિંહજી છે.

આગીઆ પટામાં મુળ પુરૂષ કેશવસિંહજી હતા, તેમના વશમાં હાલ હમીરસિંહજી ઠાકોર છે.

દુભાયડા પટામાં પણ વાઘેલાની ઠકરાત છે.



*જગતસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૮૩.

- જગતસિંહજી કરણુસિંહજી
  - હઠીસિંહજી
    - વખતસિંહજી
      - દોલતસિંહજી ×
      - અનોપસિંહજી
        - કેશરીસિંહજી
      - મોહબતસિંહજી ×
    - સુરજમલજી ×
    - જગતસિંહજી ×
    - વીરમદેવજી ×
    - નારસિંહજી
      - હીમતસિંહજી
        - શવદાનજી
        - પ્રથીરાજજી
        - વજેસિંહજી
        - ગમાનસિંહજી
        - પદમસિંહજી
        - જવાનસિંહજી
          - પરબતસિંહજી
            - અજીતસિંહજી
              - ઉદેસિંહજી
                - મહોબતસિંહજી
                - લછમનસિંહજી
              - ખુમાનસિંહજી ×
            - કરણુસિંહજી
              - કેશરીસિંહજી
                - હીમતસિંહજી
              - માધુસિંહજી
              - કાળુભા
            - નારસિંહજી
              - કલ્યાણુસિંહજી
                - જોરાવરસિંહજી
              - પ્રતાપસિંહજી
            - ભારતસિંહજી
              - વખતસિંહજી
                - ભુવનાથસિંહજી
              - અરજણુસિંહજી
      - સામતસિંહજી
      - ઈંદ્રસિંહજી
      - મર્દનસિંહજી
  - ચંદ્રસિંહજી

ભાદરવા.

આ સ્વસ્થાન મહી નદીના ઉગમણા કિનારા પાસે રેવાકાંઠા એજન્સીમાં છે. તેનો ગાયકવાડી જરોદ તાલુકા સાથે, અંગ્રેજી આણંદ તાલુકા સાથે અને રેવાકાંઠા એજન્સીના પાન્ડુ મેવાસ એ પરગણા સાથે શીમાડાનો સબંધ રહ્યો છે. તેના તાબામાં ૨૭ ચોરસ માઈલ જમીન છે, ને ભાદરવા, બહીધરા, વાંકાનેર, મેવલીઆપુરા, રાજપુરા, રણછોડપુરા, રાણીપુરા, મહાપુરા, મોકશી, પ્રથમપુર, જાલમપુર, ખાંડી, જસાપુર, પ્રતાપપુરા, ફતેપુર, આ ગામો તેમજ વાંટા ખીલ, ચાણસદ, ભાયલી, સમઆયા, સુવાલ, સાવલી, વાસણા વીગેરેમાં છે ને કેટલાક નાના વાટા પણ છે. સરકારમાથી આ શીવાય ૨૮ ગામોના ગરાસ આંકડાના રૂપૈઆ ૧૧૩૨ આવે છે. કુલ વારસીક ઉપજ આસરે ચાલીસ હજારની થાય છે, તે પૈકી રૂ. ૧૪૬૭૩–૧૩–૫ શ્રીમત ગાયકવાડ સરકારને ત્રીબ્યુટના ભરવા પડે છે. વસ્તી ૮૮૮૫ માણસની છે. મુલક સપાટ છે, પણ મહી નદીના કોતરને લીધે કેટલીક જમીન ભાગી ગએલી છે. મુખ્ય વસ્તી ક્ષત્રી બ્રાહ્મણ, વાણીઆ, કણબી, કોળી, અને મુસલમાનની છે. મુખ્ય પેદાસ બાજરી, કોદરા, ડાંગેર, કઠોળ, તલ, દીવેલી અને કપાસની છે. મુખ્ય ગામ ભાદરવા તે મહી નદીના ડાબા કિનારા પાસે છે. તેમા વસ્તી આસરે ૩૦૦૦) ત્રણ હજાર માણસની છે ને ઠાકોર સાહેબનો દરબાર છે. આ ગામમા સરકારી નિશાળ, લાયબ્રેરી અને પોસ્ટ ઓફીસ છે. ભાવસાર લોકોની વસ્તી ઝાઝી છે ને તે ગોદડાના ખોળીઆ, જાજમો ને સાલ્લા સારા રંગે છે.

ગુજરાતના મહારાજા કરણ વાઘેલાના વંશજ વીરસિંહ (વરસો)નું રાજ્ય કલોલમાં હતું. જેમના ફટાયા કુંવર લુણકરણજી રેવાજીની જાત્રા જવા નીકળ્યા, જે વખતે મહી નદીના કિનારા પાસે અનઘઢમા ભીલ ઠાકોર હતો તેણે તે ગામના એક બ્રાહ્મણની દીકરી જે ઘણી સુંદર હતી તેને પરણવાનું માગું કર્યું. બ્રાહ્મણ ઘણો ગભરાયો, કારણ કે તેનાથી ભીલને દીકરી પરણાવાય નહીં, તેમજ તે ઠાકોર સામા લઢી શકાય તેમ નહોતું. જેથી કોઇ ક્ષત્રી રાજાનો આશ્રય માગવાનો વિચાર કરતો હતો તેજ અરસામા લુણકરણજીની સ્વારી પોતાના રસાલા સાથે ત્યા આવી પહોચી. બ્રાહ્મણે પોતાનું દુખ તેમને જાહેર કરી મદદ માગી. ને તેમણે તેને હિંમત આપી વિદાય કર્યો. બીજે દિવસે ભીલ ઠાકોર ઉપર ચઢાઇ કરી તેના ૨૫૦ અઢીસે ભીલો સાથે તેને માર્યો ને બ્રાહ્મણને આશ્રય આપી તેની દીકરીને કન્યાદાન દેવરાવ્યું ને અનઘઢની પ્રજાના આગ્રહથી પોતે ત્યા ગાદી કરી. અનઘઢનું પ્રથમ નામ રાજગઢ હતું તે ફેરવી પોતે

અનઘઢ ઠરાવ્યું ને આજુબાજુનાં રાજ્ય જીતી લેઇ પોતે ૧૨૦ ગામની ઠકરાત બાંધી ને અનઘઢને કિલ્લો બંધાવ્યો. લૂણકરણજીની ગાદી ઉપર અનુક્રમે લખધીરજી, પ્રાગજી, પ્રથમસિંહજી, શેષમાલજી, જોધાજી, ગતસિંહજી, વજપાળજી, ભોજરાજજી, મેરજી, કેસરીસિંહજી, કરણસિંહજી, વજેસિંહજી, સારંગજી, સખરોજી, અને સુલતાનજી ઠાકોર થયા. સુલતાનસિંહજીને ભારમલજી, ભોજરાજજી અને આશજી એ ત્રણ દીકરા હતા. પાટવી ભારમલજી ગાદી ઉપર બેઠા. તેમને ભુધોળજી, ભીમજી અને ગજનાથજી આ ત્રણ કુંવર હતા. પાટવી ભુધોળજી ગાદી ઉપર બેઠા. તેને અખેરાજજી અને આશકરણજી આ બે દીકરા હતા. પાટવી અખેરાજજી ગાદી ઉપર બેઠા. તેમને ભાખરજી અને ભીમજી આ બે દીકરા હતા. પાટવી ભાખરજી ગાદી ઉપર બેઠા. તેમને અજુજી અને હીંગોળજી આ બે દિકરા હતા. અજુજી ગાદી ઉપર બેઠા અને હીંગોળજીને અરાડ ગામની જીવાઇ આપી. અજુજીને ત્રણ દીકરા સારગજી ખેતાજી, અને વીંછાજી હતા. સારગજી ગાદી ઉપર બેઠા અને વીંછાજીના દીકરા આંઝણશીને શેરખી વીગેરે અરાઠ ગામોમાં જીવાઈ આપી. સારંગજીના બે દિકરા હમીરજી તથા કુભોજી હતા તેમા પાટવી હમીરજી ગાદી ઉપર બેઠા. હમીરજીને પ્રથમજી તથા કીકોજી આ બે દીકરા હતા. પ્રથમજી ગાદી ઉપર બેઠા અને તેમના ભાઇ કીકાજીને મુસલમાનોએ વટલાવ્યાથી મોલેસલામ થયા. તેમને જીવાઇમાં અનઘઢ વીગેરે આપીને પોતે જાસપુરમાં આવી ત્યાં રાજ્ય બાંધ્યું. પ્રથમશગજીના દીકરા જેશગજી તેમને પ્રાગજી અને આશજી આ બે કુંવર હતા. પાટવી પ્રાગજી ગાદી ઉપર બેઠા અને પોતાના ભાઈ આશજીને ઊંડેરા વિગેરેમા જીવાઈ આપી. પ્રાગજીને અદેસિંહજી, કૃષ્ણસિંહજી, કલાણમલજી અને હરદાસજી આ ચાર કુંવર હતા. અદેસિહજી ગાદી ઉપર બેઠા ને કૃષ્ણસિહજીને જીવાઇમા સરસવણી, સારેજા ગામ ટોકે, વીરપર, ઠીકરીઆ ને બોપારા એ ગામમા વાંટા આપ્યા.

અદેસિહજીને પ્રથીરાજજી અને ગોવિદજી આ બે કુવર હતા. જેમાં પ્રથીરાજજી ગાદી ઉપર બેઠા ને ભાઇ ગોવિદરાજજીને સવત ૧૬૨૧ માં રાણાનું પોઇચિા, ભાડોલ, જાવેલું વીગેરે ગરાસમા આપ્યા. પ્રથીરાજજીને સુલતાનજી, વીરસિંહજી, રતનસિંહજી, સબળસિહજી, રાઘવસિહજી ને રાજસિંહજી એ છ કુંવર હતા.

પાટવી સુલતાનસિંહજી ગાદી ઉપર બેઠા ને ફટાયા રતનસિંહજીને આંમળા, સેજા, કુવા, ઇટોલુ, ગામ જીવકમાં આપ્યાં. સુલતાનસિંહજીને ગતસિંહજી, અગોજી, રૂપજી, જગતોજી ને સુંદરદાસજી આ પાંચ કુંવર હતા.

તેમાં ગતસિંહજી ગાદી ઉપર બેઠા ને લસુંદરા વીગેરે ગામ જીવાઇમાં આપ્યાં. ગતસિંહજીને દલપતસિંહજી, સજવતસિંહજી, ચાંદોજી, હઠીસિંહજી, મેળોજી મોહનજી, માલજી, રણછોડજી, કરમસિંહજી અને તેજસિંહજી આ કુંવરો હતા. તેમાં પાટવી દલપતસિંહજી ગાદી ઉપર બેઠા ને માલજીને જાસપુરમાં ને રણછોડજીને વડસર, મકરપરા, સમીઆળા અને નોગામણ આપ્યાં.

દલપતસિંહજીને પ્રથમસિંહજી અને જેશંગજી આ બે દિકરા હતા. તેમાં જેસિંહજીને ભાયલી અને જાસપુરમાં જીવારો આપ્યો અને પ્રથમસિંહજી ગાદી ઉપર બેઠા.

પ્રથમસિંહજીને સરદારસિંહજી, અદેસિંહજી અને જીતસિંહજી આ ત્રણ દીકરા હતા. પ્રથમસિંહજીએ સંવત ૧૭૩૩ ની સાલમાં એટલે મુગલાઇ અમલની પડતી અને મરેઠાના બેસતા અમલમા જાસપુરથી આવી મહીનદીના ઉંચા કિનારા ઉપર બહીધરા ગામને કિલ્લો બંધાવીને ત્યા રાજ્યગાદી કરી. તેમના મરણ પછી પાટવી સરદારસિંહજી સંવત ૧૭૭૬ મા ગાદી ઉપર બેઠા અને સંવત ૧૭૮૮ મા દેવલોક પામ્યા. તેમના પછી તેમના કુંવર અદેસિંહજી ગાદી ઉપર તેજ વરસના ફાગણ સુદી અગીઆરશના રોજ બેઠા. તેમને દલપતસિંહજી અને રાયસિંહજી આ બે કુંવર હતા. પાટવી દલપતસિંહજી ગાદી ઉપર બેઠા. તેમણે બહીધરેથી ગાદી ઉઠાવી ભાદરવામા ગાદીની સ્થાપના કરી. દલપતસિંહજી સંવત ૧૮૩૭ મા ગાદી ઉપર બેઠા હતા. તેમની પછી કુંવર પ્રતાપસિંહજી સંવત ૧૮૩૯ મા બેઠા. તેમને પ્રજા નહોતી જેથી તેમનાં રાણી વખતકુંવરબાએ જાલમસિંહજીને તથા સુરજકુંવરબાએ સરદારશંગજીને દત્તક લીધા. પ્રતાપસિંહજી સંવત ૧૮૭૧ ના કારતક વદી ૪ ચોથના રોજ દેવલોક પામવાથી ગાદીએ બેસવાની સણુંદ શ્રીમંત ગાયકવાડ સરકારે સંવત ૧૮૭૧ મા જાલમસિંહજીને આપી. આ પ્રમાણે થવાથી સરદારસિંહજી તેમના સામે ૧૮૭૬ ના કારતક માસમા બહારવટે નીકળ્યા. તેમણે વાકાનેર ગામ કબજે કર્યું; એટલે અંગ્રેજી ફોજ વાકાનેર ઉપર આવી ને એક લઢાઇ થઇ. સરદારશંગ પાસે થોડું લશ્કર હોવાથી તે નાઠા અને શીહોરા વીગેરેનાં કોતરોમા સંતાઇ પેઠા ને બહારવટા કરી ભાદરવા સ્વસ્થાનને ઘણું નુકશાન કર્યુ; જેથી સંવત ૧૮૮૮ ના શ્રાવણ માસમાં જાલમસિંહજી અને સરદારસિંહજી વચ્ચે પંચ મારફત ભાગ વહેંચવાનો ઠરાવ થયો. આ ઠરાવથી જાલમસિંહજીને ભાદરવા ને સરદારસિંહજીને વાકાનેર મળ્યું. જાલમસિંહજી જ્યારે દેવલોક પામ્યા ત્યારે તેમને કરણસિંહ નામે બાળકુંવર હતા તે પોતાના પિતાના મરણ પછી થોડી મુદતમા સંવત ૧૮૯૬ ના શ્રાવણ માસમાં ગુજરી ગયા ત્યારે

જાલમસિંહજીનાં રાણી સાહેબકુંવરબાએ તખતસિંહ ઉર્ફે બાપુભાને દત્તક લીધા પણ તે સરકારે નામંજુર કરવાથી વાંકાનેરવાળા સરદારસિંહજીને વારસો મળ્યો અને તેમણે વાંકાનેરથી ભાદરવામાં ગાદી કરી ને બન્ને તાલુકા જોડી દીધા. તે સંવત ૧૮૯૮ ના વઇશાખ વદી ૧૧ અગીઆરશ ને શનીવારે ગાદી ઉપર બેઠા. ઠાકોર સરદારશગજી ઇ. સ. ૧૮૭૯ માં મરણ પામ્યા. તેમના મોટાભાઇ જાલમસિંહજીનાં કુંવરી રૂપાળીબાનાં લગ્ન ધ્રાંગધ્રાના મહારાજા રણમલસિંહજીના પાટવી કુમાર માનસિંહજી વેરે ઇ. સ. ૧૮૫૧ માં થયાં હતાં.

સરદારસિંહજીને ત્રણ કુંવર અદેસિંહજી, ફતેસિંહજી અને અમરસિંહજી હતા. સરદારસિંહજીના ગાદી વારસ સારૂ અદેસિંહજી અને ફતેસિંહજી વચ્ચે તકરાર ચાલી. ફતેસિંહજીએ સરકારમાં બતાવ્યુ કે અદેસિંહજી ઉમરમાં મોટા છે પણ તે પાળેલ છે. સરકારના ઇન્સાફમા અદેસિંહજી સરદારસિંહજીનો પાટવી દીકરો ઠરવાથી તેમને ભાદરવાની ગાદી સોપી.

અદેશગજી સવત ૧૯૪૪ ના માહાસુદી ૧૨ બારશ તારીખ ૨૫ મી જાનેવારી સને ૧૮૮૮ ના રોજ અપુત્ર દેવલોક પામ્યા. તેમની ગાદી તેમના ભાઇ ફતેસિંહજીને મળવા મુંબઇ સરકારના ઠરાવ નંબર ૩૯૬૮ તારીખ ૬–૬–૮૮ નો થયાથી સવત ૧૯૪૫ ના માહાવદી ૩ ના રોજ ગાદી ઉપર બેઠા. તેમનાં લગ્ન માંઠવાના ચાવડા વજીર પહાઠસિંહજીના કુંવરી અનોપકુંવરબા સાથે તથા બીજું લગ્ન ભાદરવાના રાણા હીંમતસિંહજીનાં બેન રતનકુંવરબા સાથે થયાં, જેમને એક કુંવરી વિજયાકુંવરબા છે, જેમને ધ્રાંગદરા સંસ્થાનના મહારાજા ઘનશ્યામસિંહજી સાથે સવત ૧૯૬૬ ની સાલમાં પરણાવ્યાં છે. ત્રીજું લગ્ન દેહેજ અને હાલ મીયાંગામના રાણા હીમતસિંહજીના કુંવરી સરદારબા સાથે અને ચોથું લગ્ન સીંધરોડના જાદવ ભાઇબાનાં કુંવરી રૂપબા સાથે થયું હતું. મહારાણા ફતેસિંહજી સંવત ૧૯૬૮ ના પ્રથમ આશાડ સુદી ૮ ને રોજ દેવલોક પામ્યા છે. તેમને કુમાર નહોતો, જેથી તેમના ભાઇ અમરસિંહજી સંવત ૧૯૬૮ ના શ્રાવણ વદી ૧૧ ને શનીવારે ગાદી ઉપર બેઠા છે.

મહારાણા અમરસિંહજીનાં માતુશ્રી બાઇજીબા હતાં તે ભેટાશીના ઠાકોર કેશરીસિંહજીનાં બેન હતાં ને અમરસિંહજીનો જન્મ સવત ૧૯૦૪ ના ભાદરવા વદી ૫ ને રોજ થયો છે. તેમનું પ્રથમ લગ્ન ભેટાશીના ઠાકોર દાદાબાવાનાં કુંવરી અજબબા સાથે થયુ છે. તેમને કુમાર રણજીતસિંહજી ઉર્ફે

બાપુ સાહેબ છે. તેમનો જન્મ તા. ૨ માહે અકટોબર સને ૧૮૭૪ ને રોજ થયો છે. બીજુ લગ્ન ભેટાશીના ઠાકોર દાદાબાવાનાં કુંવરી નાનાંબા સાથે ને ત્રીજું લગ્ન ધમણાદના નહારસિંહજીનાં બેન સરદારબા સાથે થયું છે.

કુમાર શ્રી રણજીતસિંહજીનાં લગ્ન ભાદરવાના રહેનાર રણા હીમતસિંહજી બાપુજીનાં કુંવરી અંદરબા સાથે અને બીજું લગ્ન શેરખીના પરમાર કેશરીસિંહજીનાં કુવરી ઓત્રાબા સાથે થયાં છે.

કુમાર શ્રી રણજીતસિંહજીને બે કુમાર છે; તેમાં પાટવી નટવરસિંહજીનો જન્મ તા. ૧૯ મી નવેમ્બર સને ૧૯૦૩ ને રોજ થયો છે; ને નાના કુમાર જશવતસિંહજીનો જન્મ સંવત ૧૯૬૫ ના પોસ સુદી ૫ ને રોજ થયો છે.

વીરસિંહજી

ચુંડાજી — લુણકરણજી

લુણકરણજી
લખધીરજી
પ્રાગજી
પ્રથમસિંહજી
શેશમાલજી
જોધાજી
ગતસિંહજી
વજપાળજી
ભોજરાજજી
મેરજી
કેશરીસિંહજી
કરણસિંહજી
†વજેસિંહજી

†વજેસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૮૯.

વજેસિંહજી કરણસિંહજી
|
સારંગજી
|
સખરોજી
|
સુલતાનજી
|
ભારમલજી ભોજરાજજી આસાજી
|
ભુપોળજી ભીમજી ગજનાથજી
|
અખેરાજજી આશકરણજી
|
ભાખરજી ભીમજી
|
અજુજી હીંગોળજી (૧૮ ગામમા જીવાઈ)
|
સારંગજી ખેતાજી વીંછાજી
વીંછાજી → ઝાઝણશી (શેરખી વગેરે ૧૮ ગામમાં જીવાઈ.)
સારંગજી → હમીરજી કુંભોજી
|
પ્રથમજી ફીકાજી (મોલેસલામ થયા અનગઢ વગેરે)
|
જેસંગજી
|
પ્રાગજી આસાજી (ઊંડેરા વગેરે)
|
‡અદેસિંહજી કરશનસિંહજી (સરસવણીમા જીવાઈ) કલ્યાણમલજી હરદાસજી

---

‡અદેસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૯૦.

- અદેસિંહજી પ્રાગજી
  - પૃથીરાજ
    - સુલતાનસિંહ
      - ગતસિંહજી
        - દલપતસિંહ
          - પ્રથમસિંહજી
            - સરદારસિંહજી ×
            - અદેસિંહજી (ગાદીપર)
              - દલપતસિંહજી
                - પ્રતાપસિંહજી
                  - જાલમસિંહજી ×
                  - *સરદારસિંહજી
              - રાયસિંહજી
            - જીતસિંહજી
          - જેસિંહજી (ભાયલી જાસપર)
        - સજવતસિંહ
        - ચાંદોજી
        - હઠીસિંહ
        - મેસોજી
        - મોહનજી
        - માલજી (જાસપુર)
        - રણછોડજી (વડસર વગેરે)
        - કરણજી
        - છોગજી
        - તજસિંહજી
      - અગોજી
      - રૂપજી (લસુંદરા)
      - જગતાજી
      - સુરદાસજી
    - વીરસિંહ
    - રતનસિંહ (આબળા તથા સેનકુવા વગેરે)
    - સબળસિંહ
    - રાઘવસિંહ
    - રાજસિંહ
  - ગોવીંદરાજ (પોઇચા વગેરે)

*સરદારસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૯૧.

- સરદારસિંહજી પ્રતાપસિંહજી
  - અદેસિંહજી (ગાદી ઉપર)
  - ફતેસિંહજી (ગાદી ઉપર)
  - અમરસિંહજી (ગાદી ઉપર)
    - રણજીતસિંહજી ઉર્ફે બાપુસાહેબ
      - નટવરસિંહજી
      - જશવંતસિંહજી

પોઇચા.

આ તાલુકો રેવાકાંઠા ઈલાકાના તાબાના પાન્ડુમેવાસ એ નામના જીલ્લામાં ભાદરવાથી ઉત્તરમાં મહી નદીના કિનારાને લગતો છે. તેનું ક્ષેત્રફળ ૩⅓ ચોરસ માઇલ જમીન એક ગામ અને પાંચ મુવાડા (પરાં) છે. વસ્તી આશરે ૧૦૦૦ એક હજાર માણસની છે. વાર્ષિક ઉપજ આશરે રૂ. ૨૧૦૦) ની છે, તે પૈકી રૂા. ૧૫૦૦) શ્રીમંત ગાયકવાડ સરકારને ત્રીબ્યુટના ભરવા પડે છે. મુલક થોડો કોતરવાળો ને થોડો સપાટ છે, તેમાં બાજરી, કોદરા, ડાંગેર, કપાસ, દીવેલી અને કઠોળ વીગેરેની પેદાસ થાય છે. વસ્તી મુખ્યત્વે કરી કોળી અને રજપુતોની છે.

ભાદરવાના ગાદીપતિ ઠાકોર અદેસિંહજીને પ્રથીરાજ અને ગોવિંદદાસ આ બે કુંવર હતા. પાટવી પ્રથીરાજજી ગાદી ઉપર બેઠા. ને ફટાયા ગોવિંદદાસને શણાનું પોઇચા, ભાડોલ ને જાવલુ વિગેરે ગામોનો ગરાસ સંવત ૧૯૨૨ ની સાલમાં મળ્યો હતો. ગોવિંદદાસજીને ભીમજી, નરેરદાસજી ને અદેભાણજી ત્રણ કુંવર હતા. તેમાં પાટવી ભીમજી તાલુકાના માલીક થયા. ભીમજીને રામશંગજી અને વજેશંગજી એ બે કુંવર હતા. રામશંગજી પ્રથમ તાલુકાના ધણી થયા પણ તે નીરવંશ ગુજરવાથી તેમના ભાઇ વજેશંગજીને તાલુકો મળ્યો. વજેશંગજીને બાવાજી, કેસરજી, રાયસિંહજી, અજબસિંહજી, અને ભાઇબાજી, આ પાંચ કુંવર હતા. જે પૈકી કેસરજી અને અજબસિંહજી નીરવંશ ગુજર્યા જણાય છે. પાટવી બાવાજીને બે દિકરા હતા, ૧ પુંજાજી અને ૨ જોરાવરસિંહજી, તેમાં પ્રમથ પુંજાજી ને પાટવી રીતે તાલુકો મળ્યો, પણ તે નીરવંશ ગુજરવાથી તેમના ભાઇ જોરાવરસિંહજી માલીક થયા.

પોઇચા તાલુકદારોના વંશમાં હીમતસિંહજી, નાગજી, લાલભાઇ, વજેશંગજી, જુસાભાઇ અને પથીભાઈ એ છ વાઘેલા ને ચંદ્રસિંહજી જાડેજા મળી મુખ્ય સાત ભાગદારો છે. જાડેજામાં જે ભાગ છે તે તેને મોસાળ તરફથી વારસામાં મળેલો છે. તમામ ભાગીદારો પોઇચામાં રહે છે. દીવાની ફોજદારી અધીકાર નથી.

થરાદ.

આ સ્વસ્થાન પાલણપુર એજન્સિમાં છે. તેની ઉત્તરે મારવાડ ને દક્ષિણે તેરવાડા તથા સુઇ ગામનો તાલુકો, પશ્ચીમે વાવનો તાલુકો અને પૂર્વે પાલણપુર તથા દીઓદરનો તાલુકો છે તેનું ૯૪૪ ચોરસ મૈલ જમીનનું ક્ષેત્રફળ છે. ખાલસાનાં ગામ ૪૭ છે અને બાકીનાં જમીઆં ૧૧૩ ગામ છે. ખાલસાનાં ગામ પૈકી ૩૮ ગામ થરાદ તાલુકામાં અને ૯ નવ ગામ મોરવાડા તાલુકામાં છે. તેની હદ પશ્ચીમમાં થરાદથી ત્રણ ગાઉને આશરે વાવને શિમાડે ને પૂર્વમાં ૧૩ તેર ગાઉના આશરે સ્વસ્થાન પાલણપુરના ગામ આગથળુ ને જસકાને શિમાડે ને ઉત્તરે ગાઉ સોળને આશરે કસબે સાચોરના ગામ ગરઢાળીના શીમાડે ને દક્ષિણમાં ગાઉ સોળના આશરે મોરવાઢાના શીમાડે હદ છે. જુમલે આ સ્વસ્થાનની લંબાઈ ૩૨ બત્રીસ ગાઉ અને પહોળાઈ સોળ ગાઉની છે.

ખાલસા ગામો એટલે જેની કુલ પેંદાસનો હક ઠાકોરને રહેલો છે તેવાં ગામોની સંખ્યા ઉપર મુજબ ૪૭ સુડતાલીસ છે; અને જમીઆં ગામ એટલે જે ગામોના ઉપર તે ગામની વસ્તી અને માલ પેંદાસના પ્રમાણમાં અમુક વારસીક નગદી રકમ જમાંના નામથી લેવાનો હક છે અને તેમાં પણ દાણ, પરાયા મુલકમાં ઢોર ચરવા આવે તેની મસવાડી, વીગેરેનો હક ઠાકોર સાહેબને છે. અને બીજી રેવન્યુ પેદાસ તે ગામના જમીનદાર ઠાકરડાઓ ખાય છે.

આ તાલુકામાં આશરે ઓગણપચાસ હજાર માણસની વસ્તી છે. વાર્ષિક ઉપજ આશરે રૂ. ૮૫૦૦૦) હજારની છે. તે પૈકી કોઇને ખંડણી આપવી પડતી નથી. મુલક ઝાડી વગરનો ખુલ્લો ને સપાટ છે; જમીન રેતાળ છે. નદી બીલકુલ નથી, પણ તળાવો ઘણાં અને સુંદર દેખાવવાળાં છે. ગરમીના દિવસોમાં તળાવમાં પાણી સૂકાઇ જાય છે, ત્યારે કૂવાના પાણીનો ઉપયોગ કરે છે. ત્યાંના કુવા પણ ઘણાજ ઊંડા એટલે લગભગ ૬૦ થી ૮૦ હાથ સુધી ઊંડાઈના હોય છે. ચોમાસાનાં વરસાદના પાણી જવા સારૂ વહેળીઆં છે. પેંદાસમાં મુખ્યત્વે બાજરી અને મઠ પુષ્કળ થાય છે. તે સીવાય ગવાર, તલ, જુવાર, બંટી, અડદ, વિગેરેની પેદાસ છે. ફક્ત ચોમાસુ અનાજ નીપજે છે.

ખાલસા ગામો વિગેરેની હકુમત વીગેરેનો વહીવટ ઠાકોર સાહેબનો છે. અને જમીઆં ગામ કેટલાક વખતથી ખાલસા ગામોથી જુદાં પાડીને તેના ઉપર થાણદારની નીમનોક નામદાર સરકારે કરેલી હતી તે થાણદારને ખરોડી

જમીનમાં આમોની રાજસત્તા તાબે કરવા ઠાકોર સાહેબની ફરીઆદ ઉપરથી સરકારે તેમના તાબામાં હોવાનું અંગીકાર કરી પ્રસંગે પાછી સોપવામાં આવશે એમ ઠરાવેલું હતું. અંગ્રેજ સરકારે પવિત્ર ન્યાય આપી તે સત્તા ઠાકોર સાહેબને તા. ૧૪ મી સપટેમ્બર સને ૧૯૦૪ ના રોજ સોપી છે. ઠાકોર સાહેબને ફોજદારી કામમાં ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ જેટલો એટલે બે વરસ કેદ અને એક હજાર રૂપૈયા દંડ કરવાનો અખત્યાર છે. તેમજ દીવાની કામમાં ગમે તેટલી રકમના દાવાનો ચુકાદો આપી શકે છે.

થરાદ કસબામાં સ્કુલ, પોસ્ટ ઓફીસ, તથા સુલેહ રાખવા પોલીસ અને એજન્સિ તરફથી થાણદાર રહે છે.

થરાદ વાઘેલાને હાથ આવતા અગાઉનો કેટલોક ઇતિહાસ મળી શકયો છે. પ્રથીરાજ ચહુઆણ અજમેરની ગાદી ઉપર હતા. તેમને પોતાની માના બાપ તરફથી દિલ્લીનું રાજ્ય વારસામાં મળ્યું હતું તેમના વંશમાં ચહુઆણ લાખણદેને રાવની પદવી આપી દિલ્લીના પાદશાહે તેમને માંડુરના કિલ્લામાં મોકલ્યા. ત્યાં તેમણે રાજ્ય કર્યુ. લાખણદેના દિકરાનું નામ બળરાવ હતું. તેના પછી અનુક્રમે સુઇરાવ, જેહરાવ, આસરાવ, આલણરાવ ને દેવરાવ થયા. તેમને દિલ્લીના પાદશાહે થરાદ મોકલ્યા. તે રાણાના દીકરાનું નામ રતનસિંહ હતું. તેના પછી અનુક્રમે રાણા સરેધોધલ, મેહેપાળજી, ભરમજી, પાતળદેવજી, અને પુંજાજી થયા. પુંજાજીના વખતમાં દિલ્લીની ફોજે થરાદ આવીને રાણા પુંજાજી તથા તમામ ચહુઆણોને હરાવીને મારી નાંખ્યા; જે વખતે પુંજાજીની રાણી સગર્ભા હોવાથી તે નાઠી અને વાવ નજીકના ટેકરા ઉપર દીપો નામે ભીલ પાંચસે ભીલ સાથે રેહેતો હતો તેમના મુકામે ગઇ. તેણે તેમને થરપારકરમાં તેના પીએર પોહોંચતી કરી. દીપા ભીલનો જે ટેકરા (થુંબડો) ઉપર મુકામ હતો તે હાલ દીપો થુંમડો એ નામે પ્રસિદ્ધ છે.

રાણા પુંજાજીની રાણી સોઢા પરમારની દીકરી હતી, તેનો જે પુત્ર જન્મ્યો તેનું નામ વજોજી હતું. તે મોટો થયા બાદ રાણી દીપા ભીલના મુકામે તેને લેઇને આવી ને ભીલોની મદદથી રાણા વજાજીએ પડતર જમીનમાં વાવ આ નામનું ગામ આબાદ કરી ત્યાં પોતાની રાજગાદી કરી; જ્યાં તેનો વંશ ચાલે છે.

થરાદ પરગણું દીલ્લીના બાદશાહ તરફથી તેમના દીવાનોને જાગીર તરીકે આપવામાં આવતું ને દીવાનો તરફથી તે પટે આપવામાં આવતું હતું. કેટલાંક વરસ જોધપુરના મહારાજા અજીતસિંહજીને અને કેટલાંક વરસ સુધી પાલણપુરના નવાબ પીરોજખાનજી પાસે પટે હતું. જે હાકેમ આવતા તેમને

શ્રી દીવાનની પદવી આપવામાં આવતી. તે વખતે થરાદ તાબામાં ૨૩૫ ગામ હતાં. અને તે પૈકી વાવ નીચે ૨૭ અને સુઇ ગામ નીચે ૧૪ ગામ હતાં. તે લોકો બાદશાહને ખંડણી ભરી પોતે તાલુકાનો વહીવટ કરતા. જ્યારે બાદશાહી જોર કમતી થયું ત્યારે વાવના ફૂટાયા રાણા ચહુઆણ જીતમાલજીને ઇ. સ. ૧૭૩૬ માં થરાદની થાણદારી આપી. એજ વરસમાં વાવના કુટુંબના મુખ્ય રાણા વજરાજી હતા. તેણે જીતમાલજીથી ડરીને પાલણપુરના દીવાનની મદદ માગી. દીવાને થરાદમાથી જીતમાલજીને કહાડીને તેમની સત્તા પોતાના હાથમાં રાખી ને તેમણે થરાદના દેસાઇ દીપચંદ તથા શાન્તીદાસને જીવથી મારી નાંખ્યા. જેથી દેસાઇના દીકરાઓએ રાધનપુરના બાબી કમાલઉદ્દીનખાંનને તેડાવ્યા. તેમણે થરાદમાંથી બહાદુરખાનજીને કહાડ્યા ને થરાદ જીતી લીધું. તેમને થરાદ જીતવામાં મદદ કરનાર મોરવાઠાનો પ્રખ્યાત વાઘેલો ઠાકોર ખાનજી નામે હતો, તે થરાદના રાજ્યનો મુળ પુરૂષ છે.

વળી એક દંતકથા છે કે થરાદમા પ્રથમ પરમાર જાતના રજપુત રાજા રાજ્ય કરતા હતા. અને હાલ આ તાલુકામા 'સુવાર' અને 'કલમા' એ શાખાના ઘણા રજપુતો વસે છે. જૈન પુસ્તકો ઉપરથી જણાય છે કે પરમાર વંશનો જે છેલ્લો પુરૂષ થયો હતો તે જૈન ધર્મ પાળતો હતો અને છેવટ તેણે નાંદોલનો ચહુઆણ જે પોતાનો ભાણેજ હતો તેને રાજ્ય સોપી જૈન ધર્મમાં સાધુ થઇ ગયો હતો. વળી એમ પણ કહેવાય છે કે આ ચહુઆણે પોતાના મામાને મારી રાજ્ય કબજે કરી રાણાનો કીતાબ ધારણ કરી રાજ્ય કરવા માડ્યુ. તેના કુટુંબમા રાણા પુંજાજી નામે થયો તેના ઉપર મુલતાની મુસલમાનોએ હુમલા કરી રાજ્ય છીનાવી લીધું ને દીવાન એવો કીતાબ ધારણ કરી રાજ્ય કરવા માડ્યુ. ઇ. સ. ૧૧૭૪ થી ૧૨૦૬ સુધીમા શાહબુદ્દીન ગોરી કે ઈ. સ. ૧૨૦૬ થી ૧૨૧૦ સુધીમા કુતબુદ્દીન આ બે પૈકીના એક બાદશાહે આ રાજ્ય જીતી લીધું હોય એમ જણાય છે. મુલતાની કુટુંબવાળા ઘણી લઢાઇઓને લીધે હલકી સ્થીતીમા આવી ગયા. પ્રથમ જ્યારે મુલતાનીઓએ થરાદને જીતી લીધું ત્યારે રાણા પુંજાજીની રાણી જે સોઢા જાતની હતી તે પોતાના બાળ કુમારને લેઇ થરપારકર જતી રહી. તે ઇ. સ. ૧૨૪૪ માં પછી થરાદના પશ્ચિમ ભાગમાં આવી અને વાવ નામનું એક ગામ બાંધી ત્યાં રહેવા માડ્યું.

ગુજરાતના મહારાજા કરણ વાઘેલાના હાથમાથી રાજ્ય છુટયા પછી તેના પાટવી પુત્ર વીરસિંહે સરધારમા અને નાના સારંગે ડીસા નજીક આવેલા ભીલડીગઢમાં ગાદી કરી. જેથી વીરસિંહના વંશવાળા સરધારા વાઘેલા

ને સારંગના વંશવાળા ભીલડીઆ વાઘેલા કહેવાય છે. તે વંશમાં સૂરસિંહજી તથા લુણુકરણજી બે ભાઇ થયા, તેમાંથી સૂરસિંહજી સરધાર રહ્યા ને લુણુકરણજીએ સાંતલપુર જીતી લીધું. આ સાંતલપુર ઇ. સ. ૧૩૦૫ માં પાટડીના ઠાકોર ઝાલા સાંતલજી હતા તેમણે તે પોતાના નામ ઉપરથી વસાવી પોતાના કુંવર સુરજમલજીને ગરાસમાં આપ્યું હતું. તે સુરજમલ પાસેથી લુણુકરણજીએ તેમને હરાવી મારીને જીતી લીધું. એટલે તેના બાપ સાંતલજીએ મુસલમાનોની મદદ લેઈ લુણુકરણજી વાઘેલાને સરધારથી કઢાવ્યા પણ સરધાર તો લગભગ ઈ. સ. ૧૬૦૦ સુધી વાઘેલાઓના કબજામાંજ હતું, તે તેના છેલ્લા રાજાને જામસાહેબના ભાઈ વીભાજીએ દગાથી મારી લેઈ લીધું.

લુણુકરણજીએ લોલાવડા આજ જે રાધનપુર કહેવાય છે ત્યાં પાનોવા એ નામનો કોઇ મુસલમાન રાજ્ય કરતો હતો તેને મારી એ રાજ્ય લીધું ને ત્યાં રહીને તેમણે વારાહી, પોલડા અને સાંતલપુર વીગેરે જગ્યાઓ જીતિ લેઇ ત્યાં થાણાં બેસાડ્યાં. તેજ વરસમાં કચ્છમાં ગેડી, પળાં, સવા, બેલા, વીગેરે કુટુંબવાળા ઉપર હુમલો કરી તે મુલક સર કર્યો. ઈ. સ. ૧૪૦૩ માં ગુજરાતમાં મુસલમાની સ્વતત્ર રાજ્ય થયું ત્યાર પછી મુલતાની કુટુંબવાળા તેમની નોકરીમા રહ્યા. તથા તેમાંનો છેલ્લો ફતેખાં બલુચ ગુજરાતના બાદશાહના અમીરોમાં ગણાવા લાગ્યો. તેના તાબામાં થરાદ તેરવાડા અને રાધનપુર એ પરગણાંની સુંપરત થઇ. ઇ. સ. ૧૬૯૯ માં ઝાલોરી કુટુબને ઝાલોરમાંથી જોધપુરના મહારાજા અજીતસિંહજીએ હાકી કહાડ્યુ, ત્યારે તે પાલણુપુરમાં આવી રહ્યુ; અને ફીરોજખાનના બેટા મુજાહીદખાંએ થરાદ પોતાના તાબામાં લીધું. પણ તે ઝાઝા દિવસ રહ્યું નહીં અને રાધનપુરના નવાબ બાબી મહમદશેરના તાબામાં ગયું. જ્યારે જોધપુરના મહારાજા અભેસિંહજી દીલ્હીના મુગલ બાદશાહ તરફથી ગુજરાતની સુબાગીરી ઉપર આવ્યા ત્યારે થરાદમાંથી બાબીઓને કહાડી તે જગાનો વહીવટ એક નાયકને સોંપ્યો. પછીનો સંબંધ ઉપરની વાઘેલા સંબધીની હકીકતને મળતો છે.

લુણુકરણજીએ હાલ જે વાગડ કહેવાય છે ત્યાં આવી ત્યાંના કરણ મકવાણાને લઢાઈમાં હરાવી મારી નાંખી ત્યાં રાજગાદી કરી. તેણે ત્યાં સાત વરસ રાજ્ય કર્યું. તેના કુંવર સલખાજી નામે હતા. તેના પછી વનાજી નામે કુંવર ગાદી ઉપર બેઠા. તેમને વિશળદેવ વીગેરે છ કુંવર હતા. તેમાંના વિશળદેવજીએ ગેડીથી ફોજ સાથે મોરવાડે આવી ત્યાંના રાજકર્ત્તા ચાવડા નગાજી તથા ભયાજીને મારી સંવત ૧૫૩૫ ના કારતક સુદી ત્રીજના રોજ મોરવાડા જીતી લીધું ને ત્યાં ગાદી કરી. તેમણે ૧૯ વરસ રાજ્ય કર્યું, તેમના પછી

કુંવર વીરોજી ગાદી ઉપર બેઠા. તેમણે પચીસ વરસ અમલ કર્યો. તેના પછી રાજધરજીએ વીશ વરસ રાજ કર્યું. તેના પછી ગગજીએ બાવીસ વરસ રાજ્ય કર્યું. પછી ખેતાજીએ પચીસ વરસ રાજ્ય કર્યું. પછી કેસરજીએ અઠ્ઠાવીસ વરસ રાજ્ય કર્યું. તેના કુંવર દેદાજીએ વીશ વરસ રાજ્ય કર્યું. ત્યાર પછી જગમાલજીએ પાંત્રીસ વરસ રાજ્ય કર્યું. આ જગમાલજીને સોળ કુંવર ૧ મુળવાજી, ૨ વિસાજી, ૩ ગજાજી, ૪ ભારમલજી, ૫ ખેંગારજી, ૬ રાસાજી, ૭ વજાજી, ૮ રામજી, ૯ સુજાજી, ૧૦ રાધાજી, ૧૧ રાણાજી, ૧૨ હમીરજી, ૧૩ લુણાજી, ૧૪ અમરજી, ૧૫ હરરાજજી ને ૧૬ અરજુનજી એ મુજબ હતા. તેમના પ્રથમના પાંચનો વંશ હાલ ચાલે છે ને બાકીના નીરવંશ ગુજર્યા છે.

પાટવી કુમાર મુળવાજી હતા તે પોતાના પિતાની મોરવાડાની ગાદી ઉપર બેઠા. તેમના પછી કુમાર મેસજી થયા. આ મેસજીના પુત્ર ઘણા બહાદુર અને શુરા ખાનજી થયા. આ પ્રતાપી પુરૂષે થરાદનું રાજ્ય સંપાદન કર્યું, જે થરાદના રાજ્યનો મુળ પુરૂષ છે. ખાનજીએ ઉપર જણાવ્યા મુજબ થરાદનું રાજ્ય રાધનપુરના નવાબ કમાલુદીનને જીતી આપવામાં અગ્રેસર તરીકે મદદ કરી હતી. જેથી બાબીએ થરાદનો કબજો ખાનજીને સોંપ્યો. તેણે બહાદુરીથી થરાદની આશપાસના મુલક જીતી તાલુકામાં ઘણો વધારો કર્યો હતો. તેણે ખરૂં ક્ષત્રીપણું વાપરી એકલા હાથે ઘણા જોરાવર દુશ્મનો સાથે બાથ ભીડી હતી, જેનું વર્ણન ભાટ ચારણોએ પોતાની રસીલી ભાષામાં જુસ્સાભેર ગાયું છે. ખાનજી ભાટ ચારણોની વાર્તાનો મોટો નાયક હતો. જેમાંની મળી આવેલી કેટલીક કવિતાઓ નીચે મુજબ છે.

ચારણી કવિતા.

ખાને ઘોડા ખેડીઆ, નેડા વાવ નજીક
વળ કરો વાઘેલની, નીકર મરી મટો મસરીક.
વાઘેલથી વઢણુ કજ, નાડુલા નાચા
પોળ હરીએ પાચા, ખેગ તુ વાળા ખાનવા. ૧
નેસે અરીયું નાર, આખે મસ આજે નહી
તેં બાંધી તરવાર, ખડ નવ ઉપર ખાનવા.
જેહે ચકુર વાઘેલ, ખત્રી તુવાશં ખાનવા
મનખ ઉગારી મેલ, માલ ન ચતલે મેહઉત. ૨
ધરપત ધેંકલીએ, ખંડ પત કીધા ખાનુવે
બળ મૂકયો બળીએ, વળ કીધી વાઘેલની.
વાઘેલા વાધાં વચ્ચે, મેહે ત્રાડે મેવાડ

ભાલા ભારતવાર, ખવે તુવારાં ખાનવા.
પોરહ જે કરતા પ્રસણુ, ગાળવીઆ ગરજે
તે ઉભા નીત અરજે, ખત્રી તું કને ખાનવા.
ખાંને ઘોડા ખેડીઆ, હથી જો મારગ હેત.
તો લંક તણો ગઢ લેત, ખાગ તણે બળ ખાનવા.

મોહર એક વજા મહરાજા, વડા જોધપુર વાળા
શકિત પરા શવ દો સાથે સગા, કુંવરકા સાળા.
મલ્લ રાવળ દોનુ મે વેચા, કહીએ રાણુ કોટડીઆ
બાહક મેરા રાવત બકા, એ દો રાણુ અટંકા.
દોનું રાણુ ગઢાકા દુજા, વાવ તખતકા રાણા.
સુરા ચ દકા રાણા, મારૂ રાણુ સપરાણા.
એતા મહીપતીઆ મોટાં, ખરી લગાવી ખાંમી
વડભાગા ખાને વાઘેલે બારે બડા બનામી.

મતલબ.

જોધપુરના મહારાજા શકિતપુર (સાચોર) ના ચહુઆણુ બે ઠાકોર જે વજેશંગજીના કુમારના સાળા હતા તે ચોરાસી ગામના તાલુકદાર, જસોલનાં શીત્તેર ગામ ને સણુધરીના શીત્તેર ગામ આ બે સ્વસ્થાનના રાઠોડ ઠાકોર, ને કોટડાનાં બાર ગામનો રઠોડ ઠાકોર, બહડનેરના રાવત રાઠોડ બે ભાઈ, ગઢાના રાઠોડ ઠાકોર બે ભાઈ અડતાલીસ ગામના તાલુકદાર, વાવના ચહુઆણુ રાણા, અને સુરાચંદના ચહુઆણુ રાઠોડ એ રીતે બાર ઠાકોર સાથે ખાનજીને એકી વખતે લઢાઇ થઇ તેમાં તે જય પામ્યાં હતા.

મોટાં મેલસો મારણો, ખાનોજી તણાં પવાડાં મોટાં
ઉથાપે થાપણો, ગઢાં ખાનુવો અભંગ
વાંકાં સુબો સાલખાનો, તારણાં ચાલકાં વચે
દળાં તણી ઢાલ ખાંનો, અડેલ દરંગ. ૧
ખંડાં નવાં તણુ ભુપ, અનમી નમાવ્યા ખાંને
ચારે ખેત ભાગો, ખાંને તડે ચહુઆણુ,
ભાંને દજડે અડાં 'મન ધરા તણો ભુપ, ત્રીજી 'વેરે ભાગ્યો—
ખાંને ઝાલોરી દીવાણુ, ૨

મરદાં મેસાણી ખાનો રાવરાણા તણી માઝા, હદાડુ ખાનસુ સારી પૃથ્વી જોડે હાથ.
કળા ધારી મુળુ જગે ખાનુવે ઉજળા કીધા, ભડે દક્ષ દીસે ખાનો જીતણો ભારત. ૩
દખણાદ ઉતરાદ પુરવ પચ્છમ દસાત, વખાણે સંસાર, ખાનો પવાડે વહેંદ
વેશ્યાં તું હામોથ ખાનો વાઘો છાત્રીસ જાતે સદાય ક્ષત્રાંસો ખાનો રહ્યો અણુસધ ૪
જાડેણુ રાસ દેતી તાં પદમણી ભરે પાણી લોધતા પરાઇતા કીધી લીલાલેર.
ચોરાંના ઉતારા તાં વણુજ વેવારી આવા સુનાં ગામ તા ખાને વસાવા શહેર.
ખડને ખડે તાં મેલાતો કીધી ખડી ભુકતા સાવજા તાં ચોવટી બજાર.
કરને અખાડા તાં તબેલા કેકાણુ તખા તળ હતાં તાં કીધા ગઢ લઇ તૈયાર
ઉજડ ધરતી તાં વસ્તી કીધી અપાર કાંટાં વરખ હતા તાં વાડીઆ સુકેળ.
પાળા વાડ પાડતા તાં સઉકારો તણી ગેડી દુથ તહાં સુથ કીધો વાઘેલા દેવ.
રાવ રાંક સમો વડી કોઇ કેને નકાં રેહેશે, અજા સીહ પીએ
ચરે એક આરે આજ.

ચોરને ન છેડે શાહ. શાહને ન છેડે ચોર રામવારો કીધો એક વાઘેલા મારાજ
કરે વાત દુમેલરી ધરે મુછાં કર ગમેલ કરવાન કા વાત માને
ભરે વા દડ બેઠો નહી ભુપતી ખાન જોધાણો દરી ખાને
સતણુ માહેસ ફૌજાં સરે સોસરા ગાતયા ગસ ચોફેર ઘોડે
કરે વા દામ રાજા તણી કચેરી જાય નમીઓ નહીં હાથ જોડે.
ભડાં તતકાર વા કાર વાકા ભડાં સાર છીકે દીયો વઢણુ સાચે
તદે બળ વપુકો નપુકો દળી રાજા તણાં નરેદ નરના ધકે કાંધ નામે
રાણુ વાઘેલ અણુઠેલ આગળ રમા, પીચ કરવા ગયો લગણુ પાયે
કળોધર મુળ રજ તાજ માન કીધી ઓઝપાં હાકમાં તણી ભયે
ધણી થરાદરો નવાં કાટા ધકે જાઝ છકીઓ વકે ખાગ ઝાલે
કરમરા આધાર ચોધાર લેખાં કરે, ભરી દીધા સત્રાં દામ ભાલે
વખત રાણુ વાઘેલરા વડા કોઇ વખાણો દેસપત જશ ઉજવાળ દીવો
કળીઆં ઉરણુ કેર વભાડે કેળીઆં જાલમી ખાન સધરાવ જીવો.
હેમરાં સોહઠાં પાત્ર ધન સુ કળે વઠચરા જેત નીસાણુ વાગે
પાલખી નકી બાં ગેહે કે પા શળે ગડે દજા રાજ દોહાર ગાજે.
કોટ કોઢ જળહળે કાંગુઆં જળહરે મોલ રંગ ગોખ ઝાઝા
હેંદુવા છાત્રપત ટેક હેંદવાણુરી, મેસઊત રખે દનીઆણુ માઝા
નોબતાં નાદ નીશાણુ પોહોળા નગત જળહળે મસાલાં તેજ ઝાઝે
હજારાં બજારાં વેપારાં હમેશાં રૂકધર વડાળા પ્રદ રાજે
જગણુ હરદાન અનમાણુ વધો જરૂ અવર મોજાં કરે ભુપ આચે

તખત થરાંદરે વખત મોટે તપે હેમ રાવરી સણુવડે હાથે
થે થરક સાચોર ગઢ રાળધરો થળ હુરે ભુજ ત્રણુ વાર મન પાર કર ડર ધરે
મછર મચરીક તદ સુર પર બીચરે કમખીયાં ખાન કીયાડા કરકરે.
ઘર તણું વાહરૂ કે હુરદેવે ધકા મોહોર કર અડર નર બહાદુર ચારકા
થર હુરે અર હુરૂ શહેર અળગા થકા મેસ ઉત કીયાં શર મુછ તાણે મકા.
ધન બધ આવતે દેસ ધ્રુઝાડીયો ચાંદણી બેસતે નૈયર ચેચાડીયો
અરક ઉગે એટલે વંશ અજવાળીયો વોકડાં રાવ વાઘેલ વંક વાળીયો.
કળળ ઠાઠ થરાદ ગઢ વાવ ચડે ચાકરે કડગેડ રણુતુર તંબાળ ગડીઆ
કટક વાઘેલ ચુવાણુવાળા વીકટ અરી ખત્ર મેંગણું જેમ અડીયા.
ધુમ માતો ખત્રા શેલવાળા ધમક ચમક ગોણી ઘણા તીર છુટા
સબળ વે બન પઠકાર રણુ સાથીયા નેર વર હાથીયા જેમ જુતા.
રાણુ ગજ સંગ નાયક જતા રાવણો ને ગડહે ઉજતે ખાગ નાગા
દઝડ ભડ ખાનરા જોધાપર વાકડા વાહરાં મેઢાળ જેમ વાગા
થયો ભારાત કહુર સુર હુથ થભીયો ખરો વર વરે રભ તજે ખોટો
પટાજ મેસરો અરડો પૉરસે તો મરડીયો ગેદ ચહુવાણુ મોટો
સાબળે ઉજળે ચાડ દ તુસળે ઘણા થતપાળ ઓછાડ ઘોડે
પેરીઅલ પડાવી રાણુ પાછો વળ્યો વળો ઘર ખાણુ નીશાન વાયે.
મુળરજ જગડદે દળ જસા મલાવે ભલા વાઘેલ નેસ ગળાને ભવાડે
મેળ ગઢ થરાદે વધાવો મોતીએ ચાદણીઆઓ નીર મારે

વડે ભાંઝીઆ કબધો અણીરાવ રાણા સતીવાતાં ખાનુવે રાખવા પાણી ખેલે
અસાં ખેલ.

ફોજાં અણી કીએ ધણી મારૂવે લગાયા ફદ ઉભાં અણી ઝાલીયાં તેગ મેસાણી અઠેલ
બન્ને કળાધારી બંને ધ્રુજાવે કે દેશ બાધા બઢે રાઢ બેગાં પાઠ
ખપે અશ્વાર થાય ધકાં મારવાડ ઉથાપો દીલ્લીકો થંભ ઢુખવાડ ધાડ
ધણી સરધાર ચડાવ્યા મોરચા સામા વીસ કોસાં આડા મંડે તાણી ખાખ જો-
ધાણા સુજાણુ અલાતેમ

બજાયા જીતકા બાજા ધ્રુજાયા રાઠોડ બકા જોધાને ઉડાયા ખાને આકતુરાં જેમ
મમોયો ભારત સમો જસ પાયો બે આ મુણુ ઝાક ઝીકાં બજે અગાં લગાયો ઝપેટ
પતાળો વાઘેલ આયો બધાયો મોતીએ પ્રજા, સધાયો મારૂઓ ઘરે આડાળો સચેત.

ખાનજી પોતાના વડીલોનાં મોરવાડા ગામના પાંચમા ભાગદાર હતા. પોતાના પીત્રાઇઓ સાથે તેમને ગરાસ બાબત કજીઓ થવાથી તે બહારવટે

નીકળ્યા જે વખતે મોરવાડાના બીજા રજપુતો પણ તેમની સાથે તૈયાર થયા હતા. પરંતુ ખાનજીના પીત્રાઇઓએ તેમને લલચાવીને જવા દીધા નહી. જેથી ખાનજી એકલા પડ્યા પણ હીંમત હાર્યો નહી ને ભાભરનો કોળી ઠાકોર જે પોતાનો મિત્ર હતો તેને મળ્યા. તેની મદદથી તેમણે મોરવાડાને ઘણી હરકત કરી પોતાના પીત્રાઇઓને કાયર કરી નાખ્યા. પણ આખરે તેને ભાભર છોડવું પડ્યું. તેમની બેનનો દીઅર ભાભરના કોઇ ઠાકોરના હાથે માર્યો ગયો હતો. જેથી ભાભરમા રહેવાથી પોતાની બેનને ખોટુ લાગે એમ ધારી તે ઠાકોરની રજા લઇ પોતાની બેન પાસે ગયા.

ખાનજીને પ્રજા નહોતી જેથી તેમણે દીઓદર પાસેના પ્રખ્યાત અતીત ઓઘડનાથની બાધા રાખી. ને પોતાની સોઢી રાણીને પુત્ર થવાથી કુટુંબ સાથે અતીત જમાડવા સારૂ ઓઘડનાથની જગામાં ગયા. કહેવાય છે કે અતીતને વેષે ખાનજીને ઓઘડનાથ રસ્તામાં મળ્યા, જેમને ખાનજીએ મુકામપર તેડી જઈ જમાડી તૃપ્ત કર્યો તે વખતે તેમણે પ્રસન્ન થઈ કહ્યુ કે તમને રાજ્ય મળશે.

તે વખતે અમદાવાદમાં મુસલમાનનું રાજ્ય હતું અને રાધનપુરમાં નવાબી રાજ્ય હતું. તે રાધનપુરના થાણામા નોકરી રહ્યા એક પછી એક એમ મોટા પરાક્રમ કરી ખાનજી રાધનપુરના નવાબના તેમજ ગુજરાતના પાદશાહના માનીતા થયા. તેમને બાદશાહે અમદાવાદ તેડાવી, થરાદમા તેવામા મુલતાનીઓ અને નાયકોની ખટપટને લીધે ભારે ગડબડ ચાલતી હતી તેનો બંદોબસ્ત કરવામાં રાધનપુરની મદદમાં રહેવાનું કહ્યુ ખાનજીએ બાદશાહ સાથે એવી સરત કરી કે થરાદ તાલુકાનો બંદોબસ્ત કરીને ત્યાની ઉપજ ખાવી ને તાલુકો આબાદ કરવો. આ પ્રમાણે ઠરાવ થયા પછી તેમણે થરાદ આવી તે લોકોને નરમ પાડી તાલુકો કબજે કર્યો ને ત્યા રાજ્ય કર્યુ.

ખાનજીને ત્રણ કુમારો હતા: ૧ હરભમજી ૨ કરણસંગજી ૩ આણંદસિંહજી તેમાં પાટવી હરભમજી પોતાના પિતા ખાનજી દેવલોક પામ્યા પછી ગાદીએ બેઠા. તેમનાં લગ્ન વાવના ચહુઆણ ભગવતસિંહજીના કુવરી વીરબાઇ તથા બીજા કુવરી હમજીબા જે જસોલના ભાણેજ હતા તેમની સાથે થયાં હતાં.

વાવના રાણાના ભાઇને ખાનજીએ મારેલો જેથી તે વેર લેવા સારૂ થરાદ સાથે ધીંગાણું મચાવતા, પણ તેમા તે જય પામેલા નહીં. જેથી તેણે ખોસા લોકોને પોતાની મદદે બોલાવ્યા ને ઓચીતો થરાદ ઉપર છાપો માર્યો પણ હરભમજી

કર્યો નહીં. પોતાના ૬૦ સાહ સ્વારો સાથે ધાહોમ કરીને એસા લોકો ઉપર તુટી પડ્યા. ને તેમના નવસેં સ્વારો સાથે નસાડી સરદારને માર્યો. સરદાર પડવાથી તમામ નાશી ગયા અને વાવના રાણા પણ જતા રહ્યા જેનું ગીત નીચે મુજબ છે.

હરભમજીને વાવના રાણા સાથે લઢાઇ થઇ તેનું ગીત.

અણુકળ રાવતાં દળમેળ અણીકાં જડ ભાલા ખાગાં રણુઝીકાં
નરજુતા ચોવડે જત નીકાં રાણુ વાઘેલને સરે મચરીકાં.
ખત વેણુા ગ્રહ વસમ ગત ખેડડે, હોકાં બાણુ અંદુક હવાઈ હુડેડે
કેક પ્રસણું કાંધ કડેડે
આયાં ખલાં સાંકડો આરો, ન મળે માગ કઠે ના ઠારો
ખાન તણો બદો લાગ્યો ખારે ધારે ખગ મળયો સરધારો.
વીર અણુંકળ લોહે વગ્ગા, તફડે પડે ઉથડે વણુતગ્ગા
બઢે અભા ભજ અંબર લગ્ગા, ભગવત રાણુ તણા દળભગ્ગા
પારાકર પોહતા પૅાઢા, દાખંતા ખગ તાગે દોઢા
વરપે શોહ અપુટા વુઢા સોત સરાઇઆં ભગાં સોઢાં
ગઢપતી ખાગ વજાડી ગાઢી વડવાં સોત નાંખીઆ વાઢી
પકડી કાંઇક લાવીઓ પાઢી, દેખો હુઇ વનોવન દાઢી
પારા કરપો વાવ સપરાણા આયાતા દળ મેળ અપાણા
ખાગ તણા દળ નોહ ખમાણા, રાને પડયા બે બે રાણા.
કાંકળ જોત કીયાં બહુ કાઠાં ભુપત અભે પાડીઆં બાઢાં
તણુ ગજ સાહ તણાં દળ તાઢાં, આયાં ઘરે દીયાડે આઢાં.
મેસાહરા આગે મછરાળો રામજી ખાન રેઢાળો
પ્રજ્નાં ભોજ સીંહ પટાળો આયો ફતે કર આજાળો.

કાંઈ કાસીનો પંથ કરાં સંતાપવો શરીર
ભાઇ અભો ઝવારીએ નીર્મળ ગંગા નીર
અભુ અલેઠ હમેશ ઘોડાં નીસોહડાં ગરત
વડપો ચડતી વેશ એંગ દે નત ખાનરો

વઢાં સાલ કોટા ગઢાં ઢાલ ફોજાં વકો મેહપતી વડવઢા સાખ માને
સાણુ દેણો અભો વધારાં રાવતાં ખાનરો આંચો દરી ખાતે

વાજે મંગળીક નીશાન ઘન વાજીઆં ચાલકા રવ લગભડાં છાયો
બઢાં નવ રૂપ વઢ ભુપ વઠ ગાદીએ અભે નમો જાણુ વતરાણુ આયો
રૂથ દથ થરહરે, પેચ કેતા દીએ, તેર દેશા તણા કીયા જાલે
સદા લગ બસે પાંત્રીસ રહે સીંહ સબળ, તખત તપ્યો અભા વડી તાલે

હરભમજીને ચાર કુંવરીઓ હતી. તેમાંની મોટી મોરબીના ઠાકોરને, બીજી ભાવનગરના ઠાકોરને, ત્રીજી આડેસરના ઠાકોરને પરણાવી હતી અને ચોથી કુંવારી ગુજરી હતી. હરભમજીને કુંવર નહોતો તેથી તે સને ૧૮૪૩ થી સંવત ૧૮૭૮ સુધી ૩૫ વરસ રાજ કરી દેવલોક પામ્યા ત્યારે તેમના નાના ભાઈ કરણુસિંહજી ગાદી ઉપર બેઠા. હરભમજીના વખતમાં બહારના લૂંટારાઓ થરાદમાં ઘણો જુલમ કરતા હતા. જેથી તેમણે ઇ. સ. ૧૮૨૦ એટલે સંવત ૧૮૭૬ માં બ્રીટીશ સરકારનો આશરો માગ્યો અને તેમની મદદથી લુંટારાઓને કહાડ્યા. આ વેળાથી આ તાલુકાને બ્રીટીશ સરકાર સાથે પહેલવહેલો સંબધ બંધાયો.

હરભમજીના નાના ભાઇ આણંદસિંહજી પણ પ્રતાપી પુરૂષ હતા. તેમણે ભાભરના કોળી ઠાકરડા સગાથે લડાઈ કરી તેઓને હરાવ્યા હતા તેનુ ગીત નીચે મુજબ છેઃ-

અણદા એ એલાણુ વાધેલ વાધાં તણો
દે મોટાં શર દાણુ નાનાં શર થાવે નહીં
કેશર ખરલે કાઢજે દારૂ ગોઠ દબાલ
હે અણદા ખાના તણા મધ ગઢ ઘાહેલ માલ.
કે કોલન કરીએ નહી વડાં ઘરાંથી વ્હેર
અણુભગ ભાગા આણુદે ભડતે બે ભાભેર
વસ નુતી વેરાં તણે કરતી અકરા કેર
ભરડો લઇ ભાભેર આણી વસતે આણદા

કરણુસિંહજી સંવત ૧૮૭૮ ની સાલમાં ગાદી ઉપર બેઠા ને સંવત ૧૯૧૫ ની સાલમાં ૩૭ વરસ રાજ્ય કરી દેવલોક પામ્યા. તેમને બે કુમાર વનાજી અને પરવતસિંહ હતા. વનાજીનું લગ્ન પ્રથમ વાસા તાબે પાટણમાં થયું હતું. બીજુ લગ્ન વાવના ભાયાત લુકણાના ઠાકોરની કુંવરી વેરે થયું

હતું. વનાજીને ત્રણ કુંવરીઓ હતી. જેમાંનાં સુરજકુંવરબાને લખતરના ઠાકોર કરણસિંહજી સાથે ને દેવકુંવરબાને જસોડના રાવળજી સાથે પરણાવ્યાં હતાં.

કરણસિંહજી જ્યારે દેવલોક પામ્યા ત્યારે વનાજી આંખે અખમ હોવાથી તેમના પાટવી કુંવર ખેંગારસિંહજી સંવત ૧૯૧૫ ની સાલમાં ગાદી ઉપર બેઠા. તે ઘણા ઠરેલ અને પ્રભુભક્ત હતા. તેમનાં લગ્ન કચ્છમાં બેટીઆળીના જાડેજાની કુંવરી બાઇસાહેબ સાથે અને બીજું લગ્ન વાંઢીઆના ઠાકોર મોડજીનાં બ્હેન માજીરાજબા સાથે થયાં હતાં, જેના કુમાર ગગુભા ઉર્ફે અભેસિંહજી હતા. રાણી બાઇસાહેબબાની કુંવરી રતનકુંવરબાને મોરબીના ઠાકોર વાઘજી સાથે પરણાવ્યા હતાં.

ઠાકોર ખેંગારજી સંવત ૧૯૪૮ ના પોસ સુદી ૬ ને રોજ દેવલોક પામવાથી તેમની ગાદી ઉપર અભેસિંહજી સંવત ૧૯૪૮ ના પોસ વદી ૫ ને રોજ બેઠા. તેમના લગ્ન કાઠીઆવાડ તાબાના વડોદના ઝાલા ઠાકોરનાં દીકરી બાઇ રામબા સાથે થયાં હતાં; તેમના કુંવર હાલના ઠાકોરસાહેબ દોલતસિંહજી છે. તેમનો જન્મ સંવત ૧૯૩૭ ના ભાદરવા વદી ૩ ને રોજ થયો છે. બીજાં રાણી કચ્છ તાબાના ધમડકાના જાડેજા ઠાકોર રાધાજીનાં કુંવરી સુરજબા છે, તેમને એક કુંવરી નામે હરીબા છે; તેમને ધ્રાંગદ્રાના રાજ અજીતસિંહજી વેરે પરણાવેલાં તે બાઈ હાલ વિધવા છે. ત્રીજુ લગ્ન કાઠીઆવાડના ગણોદના જાડેજા ભગવાનજીનાં કુંવરી નાનાંબા સાથે થએલું તે હયાત છે. ચોથું લગ્ન કાઠીઆવાડના ખીજડીઆના ઝાલા બાપુભાની દીકરી બાઇસાહેબબા સાથે થએલું તે ગુજરી ગયા છે.

અભેસિંહજીને બે કુંવર પાટવી દોલતસિંહજી અને નાના રાયસિંહજી છે. ઠાકોર અભેસિંહજી તારીખ ૨ સપ્ટેમ્બર ૧૯૧૦ ના રોજ દેવલોક પામ્યા છે; જેથી દોલતસિંહજી ગાદી ઉપર બેઠા છે. તેમના નાના ભાઇ રાયસિંહજીને નાગલા ને ભણુદી ગામ જીવાઇમાં સંવત ૧૯૬૨ માં આપ્યાં છે. તેમને એક કુમાર જસવતસિંહજીનો જન્મ સંવત ૧૯૬૭ ના આસો સુદ ૧૦ ને રોજ થયો છે. ઠાકોર શ્રી દોલતસિંહજીનાં લગ્ન કચ્છ તાબાના વીંઝાણના જાડેજા સાહેબજીનાં કુંવરી બાઇસાહેબબા સાથે થયાં છે. તેમને બે કુંવરો છે, જેમાંના પાટવી કુંવરનું નામ ભીમસિંહજી છે. તેમનો જન્મ સંવત ૧૯૬૬ ના પોસ સુદી ૧૨ ને રોજ થયો છે. તેમને નાના ભાઈ ભગવતસિંહજી છે. બીજું લગ્ન કચ્છ તાબાના લાકડીઆના જાડેજા ડોસાજીનાં કુંવરી બાઈ ના-

નાંખા સાથે થયું છે. તેમના કુંવરનું નામ કેસરીસિંહજી છે. ત્રીજું લગ્ન થરાદ તાબાના ખાનપરના સોઢા ભામજીનાં કુંવરી બાઇ સુબજીબા સાથે થયું છે.

થરાદ સ્વસ્થાનમાં દરબારશ્રીનાં ખાલસા ગામો થરાદ, અલેપુરા, ખાનપુર, નાગલા, જાદલા, મલુપુર, કરણાસર, પઢાદર, પદામલા, નાનોદ, ઝેટા, વઢગામડા, કોઠીગામ, ભોરડુ, એંગારપુરા, ઉંદરાણા, ટરવા, આસોદર, મઢાલ, લાલપુર, દેતાલ, ઢાંડીઆ, પુવાણા, ગગાણા, નણદી, કરણપુરા, ઘેસડા, વાચી, ભાવડી, માંધરોલ, ભડોદર, લોહોરવાડા, ભામર, ચુડમર, ખોડણપુર, લુણાલ, ભુખવા, લોઢણોલ, જમડા (મેમદપુર), મોરવાઠા, ગીરામડી, રડકા, નવાપરા, હરસડ, કટાલ, ડાભી, ડુગલા, ઉચાસણ એ રીતે કુલ ૪૮ છે.

જમીઆં ગામ નીચે મુજબ છે. આરડા, કરડુલ, ડોડગામ, દેલ, સાણોધર, મોરીખા, ચાડકા, જાણુવાડા, બહીઅક, તલસરી, ભડવેલ, મેરા, સજેસણ, તીથગામ, સવપુરા, ભાણુખડ, એટા, રામપુરા, રડકા, લાલપુરા, ભટાસણા, ડેંડાઉવા, ખડોલ, કલાણપુરા, પીલુડા, કરણોસર, ઝાંપી, લુકડાં, ભોરોલ, રામપુરા, સવપુરા, ગણેશપુરા, પાતીયાસર, મેંઢાળા, સાબા, જામપુર, ગઢસાસર, રાજકોટ, દાઇઅપ, વાઘાસર, વાતડઊ, લવાણા, દેરોલ, છોટવા, મેસરા, લેઠાઉ, વારા, વેદલા, કુંભારા, જેતડા, મોરીલા, પોટસલ, સેદલા, ગણુતા, ગેલા, ઘટીઆળી, કાસળાં, વળાદર, દાંતીઆ, દઇપુર, ખારાખોડા, ખોડા, કેસરગામ, નડરા, પેપર, બેવટા, રડકા, તાખોવા, ભરડાસર, દાઇદરડા, છનાછરા, ભોડીઆ, કમાલી, ભલાસરા, લખાપરા, ચાંગડા, ડુવા, સાધોતરા, દેતાળ, ગલજીનો વાસ, ડેંડુલી, ડાંસા, મોરથળ, કીઆલ, પાવડાસર મોટું, અછવાડા, પાવડાસર નાનું, થરા, ડેડુવા, ઘોડાસર, પોછલા, થાટવાડા, ઊડવેલીઆ, રાહ, નારોલી, આંતરેલ, રાણેસરા, રતનપુરા, આજાવાડા, બેટલીઆ, ચુણપુર, રડકા, ઇટાધુ, નલુંગામ, સેરાઉ, ભાયલી, અસાસણ, લુણાવા, કરબોણ, સવરાખા, ખોરડા અને હાથાવાડા એ રીતે છે.

તાલુકાની રાજ્યવ્યવસ્થા નીચે મુજબ છેઃ—થરાદમાં એક અપીલ કોર્ટ છે. જેનું કામ મુખ્ય કારભારી કરે છે. સર ન્યાયાધીશની નિમનોક છે, તેમનો અખ્ત્યાર ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ જેટલો છે. એક આસીસ્ટંટ ન્યાયાધીશ છે તેમને સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટનો પાવર છે. સીવાય સ્ટેટ નીચે ત્રણ મહાલ છે. ભોરલ, મોરવાડા અને ટરૂવા. ત્રણે મહાલોમાં થર્ડ કલાસ માજીસ્ટ્રેટના પાવરના અમલદારો છે ને તેઓ દીવાનીમાં દાવા રૂ.૨૫૦) સુધીના ચુકવે છે. પોલીસનું બંધારણ નિયમસર છે.

- લુણકરણજી (લુણોજી)
  - સલખાજી
    - વનાજી
      - વીજળદેવજી
        - વીરોજી
          - રાજધરજી
            - ગગજી
              - ખેતાજી
                - કેસરજી
                  - દેદાજી
                    - જગમાલજી
                      - મુળવાજી
                        - મેશજી
                          - ખાનજી
                            - હરભમજી ×
                            - કરણસિંહજી
                              - વનાજી
                              - પરવતસિંહજી (ભોરડુ ગામ)
                                - ખેંગારસિંહજી
                                  - અભેસિંહજી (ગગુભા)
                                    - દોલતસિંહજી
                                      - ભીમસિંહજી
                                      - કેશરીસિંહજી
                                    - રાયસિંહજી (નાગલા તથા, જાણુદી ગામ)
                                - ભુપતસિંહજી (ઉદરાણા તથા ભડોદર ગામ જીવાઇ)
                                  - ચતરસિંહજી
                                    - જગતસિંહજી
                                    - તખતસિંહજી
                                - પૃથીરાજજી (ઝેંટા તથા જાંદલાગામ)
                                  - ઉદેસિંહજી
                                  - લાલજી
                            - આણંદસિંહજી

ભોરડુ.

આ ઠાકોર થરાદના ફુટાયા છે. તેમને ગાદીએથી ભોરડુ, ગગાણા, ને બુઢણપુર આ ત્રણ ગામ મળેલાં છે.

થરાદના ઠાકોર સાહેબ કરણશંગજીને બે કુમાર પાટવી વનાજી અને નાના પરવતસિંહજી હતા. કરણશગજીની ગાદી ઉપર તેમના પાટવી કુમાર વનાજી આંખે અખમ હોવાથી વનાજીના કુમાર ખેંગારસિંહજી બેઠા. ને પરવતસિંહજીને ઉપર બતાવેલાં ગામ જીવક તરીકે મળેલાં હતાં. પરવતસિંહજી પોતે હયાતી સુધી થરાદમાંજ રહ્યા હતા. પરવતસિહજીના કુમાર વખતસિંહજી છે. તેમણે ભોરડુમાં પોતાનું રહેઠાણ રાખ્યું છે. વખતસિંહજીના કુમાર ખેતાજી છે ને તેમના કુમાર વીરમજી છે.

કરણસિંહજી
- વનાજી (થરાદ)
- પરવતસિંહજી
  - વખતસિંહજી
    - ખેતાજી
      - વીરમજી

મોરવાડા.

આ ગામ થરાદ ઠાકોર સાહેબનું ને તેમની હકુમતનું છે. સરધારથી મુળ પુરૂષ લુણકરણજી જેના વશમાં મોરવાડાની ગાદી થઈ એ વંશમાં જગમાલશંગજી ઠાકોર થયા. તેમને સોળ દીકરા હતા. તે પૈકી મુળવાજી પાટવી હતા. તેમના પૌત્ર ખાનજીએ પોતાની બાહાદુરીથી થરાદ પરગણું જીતી લીધું ને ત્યાં ગાદી કરી. બીજા ભાઈઓનો વંશ મોરવાડામાં છે. હાલ મોરવાડામાં ચાર ભાગ ગણીએ તો તેમાં બે ભાગ થરાદ ઠાકોર સાહેબના છે ને બીજા બે ભાગ પૈકી ૧ માં વાઘેલા સદાજી તથા ગંભીરજી મુખ્ય ભાયાત છે ને બીજા એક ભાગમાં ઉમેદશંગજી તથા ચમનશંગજી મુખ્ય ભાગદાર છે. તેઓ માત્ર જમીનના ભાગદાર છે. તમામ સત્તા થરાદ ઠાકોર સાહેબની છે.

પળાંસવા.

આ સંસ્થાન કચ્છ દેશમાં તેના પૂર્વ ભાગમાં હમીરાણા આ નામે પ્રસિદ્ધ થએલા ભાગમાં છે.

સરધારથી વાઘેલા લુણકરણજીએ ગેડીના પધરીઆ જાતના રજપુત જે શાખે મકવાણા કહેવાતા તેના ઠાકોર કરણ મકવાણા પાસેથી ગેડી જીતી લીધું ને ઘણુંખરૂ વાગડ તાબે કરી ગેડીમાં ગાદી કરી. તેમના કુમાર સલખોજી થયા, તેમના વનોજી થયા જેમને વિશળદેવજી, હમીરજી, મેહકરણજી, માંઠણજી, રણસિંહજી અને રાઘોજી આ છ કુંવર હતા. પાટવી વિશળદેવજીએ મોરવાડા જીતી ત્યાં ગાદી કરી. તેના વંશમાં કેટલીક પેઢીએ ખાનજી થયા. તેમણે થરાદ પરગણું જીતી ત્યાં ગાદી કરી.

વનાજીના બીજા કુવર હમીરજીના વશમાં જે ગરાસ રહ્યા તે હમીરાણું કહેવાય છે. મુખ્ય જાગીરદાર પળાસવા છે. પણ તે પળાંસવામાં વનાજીના પાંચમા કુંવર રણસિંહજીના વંશવાળા પણ છે. તેઓ આડેસરા કહેવાય છે તેનું કારણ કે રણસિંહને મુળ આડેસરનો ગરાસ મળેલો પણ રાણા ચાંદાને માંચોથી તેના માથા બદલ આડેસર અને મોરા ગામ તેના વંશવાળાને આપી દેવાં પડ્યાં જેથી તેને પળાંસવામાં ગરાસ મળ્યો હતો. હમીરજીના વંશમાં કેટલીક પેઢીએ પુંજાજી થયા. તેમનો સ્વભાવ રીસાળ અને હઠીલો હતો. તે નીરવંશ ગુજરવાથી તેમનો વારસો મેઘરાજજીને મળ્યો છે.

ગેડી.

આ સ્વસ્થાન કચ્છ દેશમાં તેના પૂર્વ ભાગમાં છે. તેના તાબામાં ગેડી વિગેરે ગામ છે.

ગુજરાતના મહારાજા કરણ વાઘેલાએ પોતાનું રાજ્ય ગુમાવ્યા પછી તેના પાટવી પુત્ર વરસંગે સરધારમાં ગાદી કરી; ને સારંગે ડીસાના કાંપ પાસેના ભીલડી ગઢમાં ગાદી કરી. સરધારની ગાદીએથી લુણકરણજી નામે ભાયાત કચ્છમાં ગયા. તેમણે ઝાલા સાંતળજીને હરાવી સાંતલપુર જીતી લીધું અને જતવાડ એટલે વારાહી પરગણું પણ જીતી લીધું; વળી કચ્છ તાબાના પૂર્વ ભાગમાં વાગડ પરગણું છે તેના ગેડી ગામમાં પઢરીઆ જાતના રજપુત કે જે તે વખતે મકવાણા કહેવાતા ને ગેડીમાં રાજ્ય કરતા તેમના સરદાર કરણ મકવાણાને જીતી ગેડીમાં ગાદી કરી. સાંતલપુર તથા વારાહી પરગણું તો

તેમના તાબામાંથી ગયાં પણ ગેડી તથા તેને ફરતો વાગડનો મુલક તેમને તાબે રહ્યો ને ત્યાં પોતાની આણ વર્તાવી.

હુણુકરણજીના કુમાર સલખાજી થયા. તેમણે કેટલાંક ગામ ગુમાવ્યાં. તેમના કુંવર વનોજી હતા. વનાજીને વિશળદેવ, હમીરજી, મેહકરણજી, માંડણજી, રણસિંહજી અને રાઘોજી આ છ કુમાર હતા. પાટવી વિશળદેવજી મોરવાડે ગયા ને ત્યાં ગાદી કરી. તેમના વંશમાં કેટલીક પેઢીએ ખાનજી નામે ઠાકોર થયા. તેમણે રાધનપુરના નવાબની મદદથી થરાદ પરગણું જીતી લઈને ત્યાં ગાદી કરી.

વનાજીના બીજા કુમાર હમીરજીના વંશવાળા વાગડમાં રહે છે ને તેમના ગરાસની જગ્યા હમીરાણું એ નામથી હાલ પ્રસિદ્ધ છે.

વનાજીના સૌથી નાના કુવર રાઘોજીને તેના ભાઈઓએ ગેડીની ગાદી સોંપી અને રાઘોજી પછી અનુક્રમે એંમાજી, હરદાસજી, મેહકરણજી અને મેઘરાજજી નામે ઠાકોર થયા.

મેઘરાજજીને પચાણજી અને મહેરામણજી આ બે કુવર હતા. જેમાંના પાટવી પચાણજી ગેડીની ગાદી ઉપર રહ્યા; જેમનો વંશ હાલ ગેડીમાં ચાલે છે. હાલના ઠાકોર સરદારસિંહજી છે.

નાના કુમાર મહેરામણજીને બેલા, જાટાવાડા, લોદ્રીઆણી, મહુઆણા, ગઢડો વિગેરે ગામ આપ્યાં હતાં.

બેલા.

આ જાગીર કચ્છના પૂર્વ ભાગમાં જે વાગડ કહેવાય છે તેમાં આવેલી છે.

વનાજીના સૌથી નાના કુંવર રાઘોજીને તેના પાંચ ભાઈઓએ મળીને ગેડીની ગાદી સોંપી. રાઘોજી પછી અનુક્રમે એંમાજી, હરદાસજી, મેહકરણજી અને મેઘરાજજી એ નામે ઠાકોર થયા. મેઘરાજીને પચાણજી અને મેહેરામણજી આ બે કુમારો હતા જેમાંના પાટવી પચાણજી ગેડીની ગાદી ઉપર રહ્યા, જેનો વંશ હાલ ગેડીમાં ચાલે છે.

નાના કુમાર મેહેરામણજીને બેલા, જાટાવાડા, લોદ્રીઆણી, મહુઆણા વિગેરે ગામ મળ્યાં. મેહેરામણજીના કુંવર રાઘોજી થયા. તેમના પછી લખધીરજી થયા. એ લખધીરજીને કેશરજી, વીસોજી, માલોજી, માનોજી ને ચાંદોજી આ પાંચ કુંવર થયા; જેમાંના કેશરજી તથા ચાંદોજી નીરવંશ ગુજર્યા છે. વીસાજીના વંશના બેલા તથા જાટાવાડામાં છે. માલોજીના વંશના લોદ્રાણીમાં છે; અને માનાજીના વંશના મહુઆણામાં છે.

વીસાજી જે બેલા જાટાવાડામાં રહ્યા તેમને ભીમજી, ભોજરાજજી, રાહોજી, કલુજી અને અભેરાજજી આ પાંચ કુંવરો થયા. જેમાંના ભીમજી અને ભોજરાજજી આ બે બેલામાં રહ્યા, તેમનો વંશ હાલ બેલામાં છે; ને તેમના વંશમાં મોમાયાજી, હાજીભાઇ, પતાજી, હરભમજી; એ ચાર મુખ્ય છે ને તે હરેકનો વાસ જુદો છે.

વીસાજીના ત્રીજા કુમાર રાહોજી, ચોથા કલુજી અને પાંચમા અભેરાજજી એ ત્રણેને ગામ જાટાવાડુ અને ગઢડો આ બે ગામ મળ્યાં તેમાં ગઢડો આખું અને જાટાવાડામાં અર્ધો અર્ધ ભાગ રાહાજીને મળ્યો. ગઢડામાં હાલ હડુજી અને જાટાવાડામાં સુરોજી મુખ્ય ભાગદાર છે.

કલુજી અને અભેરાજજીના વંશવાળા જાટાવાડાનો બાકીનો અર્ધો ભાગ ખાય છે ને તે સુરાજીના પેટા ભાગીદાર તરીકે છે.

લખધીરજીના પાંચ કુમારો પૈકી કેશરજી તથા ચાંદોજી બે નીરવંશ ગુજર્યા ને વીસાજીના વંશવાળા બેલા જાટાવાડામાં રહ્યા છે. કુંવર માલાજીનો વંશ લોદ્રીઆણીમાં છે. તેમના વંશમાં હાલ દેવાજી તથા પથુજી એ મુખ્ય છે. અને માનોજીનો વંશ મહુઆણામા છે. તેમના વંશમાં કરસનજી તથા કરણુજી મુખ્ય છે.

દીયોદર.

આ તાલુકો પાલણપુર એજન્સિની હદમાં છે અને તેની ઉત્તરે થરાદ અને પાલણપુર સ્વસ્થાનની હદ, પૂર્વે કાંકરેજ અને પાલણપુર, દક્ષિણે કાંકરેજ, તેરવાડા અને ભાભર તાલુકો અને પશ્ચિમે થરાદ અને તેરવાડા તાલુકા છે. તેમાં ૪૬ ગામ અને ૨૦૦૦૦ વીસ હજાર માણુસની વસ્તી છે. ૨૪૦ ચોરસ માઇલનું ક્ષેત્રફળ છે. વારસીક ઉપજ રૂા. ૨૫૦૦૦ હજારને શુમારે છે, તે પૈકી કોઇને ખંડણી આપવી પડતી નથી. તાલુકાની જમીન રેતાળ, ઝાડો વગરની ખુલ્લી અને સપાટ છે. નદી બીલકુલ છેજ નહીં. પણ તલાવો પુષ્કળ છે. કૂવાઓનાં પાણી ઘણાં ઊંડાં રહે છે. જમીન રેતાળ હોવાથી ઉત્તમ પ્રકારની પેદાશ નથી; પણ બાજરી, મઠ વિગરે સારાં થાય છે. વસ્તી રજપુત, કોળી વિગેરે જાતીની છે.

મહારાજા કરણુ વાઘેલા પાસેથી ગુજરાતનું રાજ્ય મુસલમાનોએ જીતી લીધું ત્યારે તેને કવલાદેવી સિવાય બીજી રાણીઓ હતી ને તેઓને કુંવરો હતા.

અમરકુંવરબા રાણી જે કચ્છના કેરૂકોટના દેસળજી જાડેજાનાં કુંવરી હતાં તેના કુંવરનું નામ વિરસિંહ હતું. બીજાં રાણી તાજકુંવરબા જેસલમેરના ગજસિંહજી ભટ્ટીની કુંવરી હતાં, જેના કુમારનું નામ સારંગદેવ હતું. અમરકુંવરબાને કાઠીઆવાડમાં સરધાર જીલ્લો ૬૫૦ ગામથી જે કચ્છ નજીકમાં છે તે અને તાજકુંવરબાને ભીલડી જીલ્લો ૬૫૦ ગામથી જે મારવાડની હદ પાસે છે તે કરણ વાઘેલાએ સદરહુ રાણીઓના જીવારા સારૂ આપ્યા હતા. જ્યારે કરણ હાર્યા ને ગુજરાત છોડી દક્ષિણમાં ગયા ત્યાર પહેલાં આ બન્ને રાણીઓ પોતાના કુંવરોની સાથે પોતાના પીએર હતી. જેથી અલાઉદ્દીનની ફોજ તેમને હરકત કરી શકેલી નહિ.

ગુજરાતનું રાજ્ય મુસલમાનોએ ખાલસા કર્યું ત્યારે આ બન્ને રાણીઓ પોતાને પીએર હોવાથી હરકત કરેલી નહીં, જેથી વિરસિંહે સરધારમાં અને સારંગે ભીલડી ગઢમાં રાજ્ય બાંધ્યાં. વિરસિંહના વંશના સરધારા ને સારંગના વંશના ભીલડીયા વાઘેલા કહેવાય છે.

સારંગના વંશમાથી ભીલડી ગઢ ગએલો છે ને તેમના વંશ સંબંધીની ઘણા વખત સુધીની માહીતી મળી નથી. પણ ભીલડી ગુમાવ્યા પછી તેના વંશજોએ ડીસા નજીકના રામસણ પાસેના સરત ગામમાં ગાદી કરી હતી. ત્યાર પછી કેટલીક મુદતે તેરવાડા અને ત્યાર પછી દીયોદરમાં ગાદી થઈ છે.

ઈ. સ. ૧૭૮૬ ની સાલમાં જે મોટો દુકાળ પડયો જે બેતાળા કાળના નામથી પ્રસિદ્ધ છે તે વખતે દીઓદરનો મુલક ઉજડ થઇ ગયો ને ત્યાના મુખ્ય ઠાકોરો અને ભાયાતો પોતાના ગુજરાન સારૂ બીજે ઠેકાણે જઈને વસ્યા; જેથી તાલુકો છેક પાયમાલ થઇ ગયો.

એ વંશમા ધોરાજી નામે ઠાકોર થયા. તેની ગાદી ઉપર કુંવર જગમાલજી બેઠા. તેમના પછી કુંવર જોધાજી ગાદી ઉપર બેઠા. તેમને જેસાજી અને પચાણજી બે કુંવર હતા. પાટવી જેસાજી ગાદી ઉપર બેઠા ને પચાણજીને ફોરણા સાથે ૧૮ ગામ જીવાઈમા આપ્યાં. જેસાજી પછી અનુક્રમે હાથીજી, દેવાજી, કલાણમલજી અને અગરશંગજી નામે ઠાકોર થયા. અગરશંગજીને રાયમલજી, સબળોજી અને રણમલજી આ ત્રણ કુંવર હતા, જેમાના પહેલા બે દીયોદરમાં રહ્યા ને રણમલજી ને ધૃણસોલ, રામપુરા ને માનપુરા વિગેરે ગામ જીવાઈમાં આપ્યાં.

અગરશંગજીના કુંવર રાયમલજી અને સબળોજી આ બે ભાઇ દીયોદરમાં

રહ્યા ને તે બેનો વંશ દીયોદરમાં છે. જેમાંના રાયમલજીને કરણજી અને કાનજી આ બે કુંવર હતા. કરણુજી દીઓદરમાં રહ્યા અને કાનજીને પાલડી વિગેરેની જીવાઇ આપી. કરણુજીના કુમાર ખેંગારજી થયા; અને ખેંગારજીને પુંજોજી અને પ્રાગજી આ બે કુંવર હતા. પુંજાજી દીઓદરમાં રહ્યા અને પ્રાગજીને કુવાણાની જીવાઇ આપી. પુંજાજીને અખેસિંહજી અને ચાંદાજી આ બે કુંવર હતા. અખેસિંહજીને મલુજી અને નાથાજી બે દીકરા હતા. તે બંન્ને નિર્વંશ ગુજર્યા છે.

પુંજાજીના બીજા દીકરા ચાંદાજીને પ્રથીરાજ, ચતરસંગજી, માનસિંહજી, દેવોજી અને આણંદસિંહજી આ પાંચ કુંવર હતા. તે પૈકી પ્રથીરાજ તથા માનસિંહ, તથા ચતરસિંહજી નીરવંશ ગુજર્યા હતા. દેવાજીના કુંવર દોલતસિંહ હતા તે પણ નીરવંશ ગુજર્યા છે. અને આણંદસિંહજીના કુંવર ખાનજી છે. ખાનજીના કુંવર વિરમજી છે.

અગરશંગજીના બીજા કુંવર સબળાજી જે દીઓદરમાં રહ્યા તેમને સુરશંગજી નામે કુવર થયા ને તેમના પછી અનુક્રમે કરસનશંગજી અને ઓખાજી નામે ઠાકોર થયા. ઓખાજીને ભુપતશંગજી અને ગંભીરશંગજી બે કુંવર થયા. ભુપતશંગજીને સરદારશંગજી અને સામતશંગજી બે કુંવર થયા. સરદારશંગજીના કુંવર ચમનસિંહજી તથા વજેસિંહજી બે કુંવરો છે. ગંભીરસિંહજી તથા સાંમતસિંહજી નીરવંશ ગુજર્યા છે. ચમનસિંહજીને એક કુંવર લાલજી છે. વજેસંગજીને એક કુંવર લાલજી છે.

દીઓદરની ગાદીએ પુંજોજી ઘણા બહાદુર ઠાકોર થઈ ગયા છે. પોતાના પૂર્વજો દુકાળના સબબથી બીજે સ્થળે વસેલા તે વખતમાં તેમણે આવીને રાધનપુરના નવાબની નોકરી કરી. જેથી તે નવાબની મદદથી દીઓદરનો તાલુકો મેળવી શકયા અને કેટલુંક ખરચ કરી તાલુકો આબાદ કર્યો. ઈ. સ. ૧૮૨૮ ની સાલમાં આ કુટુંબના મુખ્ય સરદારે પાલણપુર એજન્સિના સુપ્રીન્ટેન્ડેન્ટ કર્નલ માઈલ્સ આગળ ફરીઆદ કરી કે દીઓદરના ખરા માલીક અમે છીએ ને જેના કબજામાં હાલ તાલુકો છે તે અમારા ભાયાત છે માટે તાલુકો અમને સોંપવો જોઇએ. તેની આ તકરાર વ્યાજબી હતી પણ તાલુકા સાથે બ્રીટીશ સરકારને સંબંધ બંધાયો ત્યાર પહેલાંથી ચાલતો આવેલો કબજો ભાયાતનો હોવાથી તેનો દાવો માંડી વાળ્યો; પણ દાવાદારને ગુજરાન જોગ જાગીર અપાવી. પુંજાજીને વાસ્તે કોઇ ચારણે કેટલાક સોરઠા કહ્યા છે તે નીચે મુજબ છે—

સોરઠા.

મેહકી મુછાવી સાચોરી લગ ચરતી હદ્દા
વાળી વાઘેલા પનંગાં બળ પુંજડા
મેવાસી ફ્રુહકી મરે ડરપે દીવાણા
નરપતીઓ નાણાંભરે પોહો દીન ઉગે પુંજડા.

પુંજાજીના કુંવર ચાંદાજીના વખતમાં કહેવાય છે કે કોઈ ચારણ એવો નિયમ લેઈ પોતાના મકાનમાંથી નીકળ્યો કે હું જે માગું તેનો મને જાણ્યા સિવાય જે મને વચન આપે અને મારી માગણી મુજબ આપવા કબુલ થાય તેને હાથેજ કસુંબો પીવો. આ ટેકથી તે ઘણા રજવાડામાં ફરી વળ્યો; પણ કોઈ રજવાડે તે પ્રમાણે કરવાની હિંમત કરી નહિ. આખરે તે દીઓદર આવ્યો ને તેની શરત પ્રમાણે ચાંદાજીએ તેને વચન આપ્યું. એ વખતે પાસે બેઠેલાં માણસોએ તે વચન નહિ આપવા આગ્રહ કર્યો પણ ઉદાર ચાંદાજીએ તે માન્યું નહિ અને ચારણને કસુંબો પાયો જેનું ગીત નીચે મુજબ છેઃ—

જોવા હાલીઓ પ્રથીકે બીચ રાવ રાણા ઘણા જરૂર
સુણા બધી ધરા તણા, થાકી રહ્યા સોય
પણ કાર ભુપ ઘણા દીયાવેરે રહ્યા પાછા
કવીશરાં વેણ દેવા ન મડીઓ કોય
મોટાને મે વાર્યો ભુપ થાકી રાખ્યા આવા માંહે
ક્ષત્રવટ તણા બીજા ભુલી ગયા ખેલ.
ચાંદે સાત પેડી તણે ઘણેરે રાખીયો ચાહો
વહા હાથે વેણ દેવા રીઝીયો વાઘેલ
દીધાં દાન કવેશરાં દુહીજો ન કોઇ દેવે
હેતુઓ વધાર્યો ઘણા, ખેગાહરા હાથ
ચારણોને રૂડી રીતે કસુંબો પાયો ચાંદા
નવે ખંડ નામ વાધો, દીઓદરા નાથ.

સોરઠો—તેં દીધો પુંજા તણા, કવીયાં હાથે કોલ
બળ રાજાનો બોલ ચાંપે પાળ્યો ચાંદડા.


વળી એક ભાટ અમરસિંહજીના વખતમાં દીયોદરનાં નીચે મુજબ વખાણ કરે છે.

દુહો— જુનો કૂવો ને ગંગજળ, વાડી સરોવર વટ્ટ;
નગર દીયોદર અગર ધણી, મરત લોકમાં સરગ.

મુખ્ય ગામ દીયોદર તેમાં બન્ને ભાગદાર ઠાકોરના દરબાર અને ગુજરાતી નિશાળ, પોસ્ટ ઓફીસ અને દવાખાનું છે. મહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબ તરફથી એક થાણદાર અને એક ફોજદાર રહે છે. બન્ને ઠાકોરોને ફોજદારીમાં એક મહિના સુધી સખ્ત કેદ અને ૫૦) રૂપીઆ સુધી દંડની સજા અને દીવાનીમાં રૂ.૨૫૦ સુધી દાવાના ફેંસલા કરવાની સત્તા છે.

દીઓદરના પૂર્વે થઇ ગએલા ઠાકોરો તરફથી દેલવાડા અને સુરાણા આ બે ગામ બ્રાહ્મણોને, મલુકપર અને સણાદર આ બે ગામ દસુંદી બારોટોને અને દેવગામ એક કાપડી વેરાગીને ધર્માદા આપવામાં આવ્યાં છે.

દીઓદરના ગામેતી ભાયાતો ચીભડા, લીલધર, દુચકવાડા, ભાટવર, મકડાલા આ ગામોમાં છે.



*પુંજાજી તથા ‡ઓખાજીનો વંશ જુઓ પૃષ્ટ ૩૧૪ મેં.

પુંજાજી બેમારજી.

- અખેરાજજી
  - મલુજી ×
  - નાથોજી
    - ઉમેદસિંહજી ×
- ચાદાજી
  - પૃથીરાજજી ×
  - ચતરસિંહજી ×
  - માનજી ×
  - દેવોજી
    - દોલતસિંહજી ×
  - આણંદસિંહજી
    - ખાનજી
      - વીરમજી

ઓખાજી કરશનસિંહજી

- ભુપતસિંહજી
  - સરદારસિંહજી
    - ચમનસિંહજી
      - લાલજી
    - વજેસિંહજી
      - હીંમતસિંહજી
  - સામતસિંહજી ×
- ગંભીરસિંહજી ×

ફોરણા.

આ તાલુકો દીઓદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે. તેના તાબામાં ફોરણા, કોટડુ, પોઢા, સરદારપુર, કુવારસ, સોની, નવાપુરા આ રીતે સાત ગામ અને બોકોલ નામનું ઉજડ ગામનો થળીઓ છે.

દીઓદરના ઠાકોર જોધાજીને બે કુંવર પાટવી જેસાજી અને ફટાયા પચાણજી હતા. જેસાજી ગાદી ઉપર રહ્યા અને ફટાયા પચાણજી ૧૮ ગામ લેઇને ફોરણા ઉતર્યા હતા. પચાણજીને વજેજી અને રાયમલજી બે કુંવર હતા, તેમાં વજેજી ફોરણામાં રહ્યા ને રાયમલજીને વાતમ, નરાણા, વાસણા અને માણકી આ ચાર ગામ આપ્યાં.

વજાજીના માનાજી થયા. તેને હાદોલજી, ભાખરજીને આપમલજી ત્રણ કુંવર હતા. હાદોલજી ફોરણામાં રહ્યા. ભાખરજીને જાલોઢા, દેરા ને માનપુરા આ ત્રણ ગામ આપ્યાં ને આપમલજીને ધનકવાડા અને ગાંગોલ આ બે ગામ આપ્યાં. પાટવી હાદોલજી પછી અનુક્રમે ભીમજી, અદેભાણજી, વીરમ-

જી, પબાજી ને ગમાનશંગજી થયા. ગમાનશંગજીને જેશંગજી અને વકતાજી આ બે કુંવર હતા. જેશંગજીને આબાજી હતા ને આંબાજીને શેરજી કુંવર થયા.

વકતાજીને ચેલોજી અને પાડખાનજી આ બે કુંવર હતા. ચેલાજીને હિંદુજી અને નવોજી આ બે કુંવર હતા. હિંદુજીના કુંવર ચતરશંગજી અને નવોજીના દીકરા થાનજી છે; તેમજ પાડખાનજીના દીકરા સરદારશંગજી છે.


- જોધાજી
  - જેસાજી (દીઓદર)
  - પચાણજી
    - વજોજી
      - માનોજી
        - હાદોલજી
          - ભીમજી
            - અદેભાણજી
              - વીરમજી
                - પબાજી
                  - ગમાનસિંહજી
                    - જેશંગજી
                      - આબાજી
                        - શેરજી
                    - વખતોજી
                      - ચેલોજી
                        - હિંદુજી
                          - ચતુરસિંહજી
                        - નવોજી
                          - થાનજી
                      - પાડખાનજી
                        - સરદારસિંહજી
        - ભાખરજી (જાલોઢા વગેરે)
        - આપમલજી (ધનકવાડા વગેરે)
    - રાયમલજી (વાતમ વગેરે ગામ)

પાલડી.

આ તાલુકો દીઓદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે; તેના તાબામાં પાલડી ગામ છે.

દીઓદરના ઠાકોર ભોધાજીના વંશમાં કેટલીક પેઢીએ અમરશંગજી થયા, તેમને ત્રણ દીકરા રણમલજી, રાયમલજી અને સબળોજી થયા.

રાયમલજીના કુંવર કરણજી અને કાનજી હતા. જેમાંના કરણજી દીઓદરમાં રહ્યા ને કાનજીને સદરહુ ગામ જીવાઈમાં આપવામાં આવ્યું હતું. કાનજીના દીકરા નારણજી હતા જેને પબજી, હરનાથજી, ભારોજી, વીસોજી અને જેમલજી પાંચ દીકરા હતા; જેનું પેઢીનામું નીચે મુજબ છેઃ-



કુવાણા.

આ તાલુકો દીઓદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે ને તેના તાબામાં કુવાણા ગામ છે.

દીઓદરના ઠાકોર જોધાજીથી છઠ્ઠી પેઢીએ જે અમરસિંહજી ઠાકોર થયા તેમના ત્રણ કુમારો પૈકી રાયમલજી પછી કરણસિંહજી તથા ખેંગારજી અનુક્રમે થયા. ખેંગારજીના દીકરા પુંજાજી તથા પ્રાગજી હતા. આ પુંજાજીએ બહાદુરીથી દીયોદરનો ઉજડ થએલો તાલુકો ફરી આબાદ કર્યો. તેમણે પોતાના ભાઈ પ્રાગજીને સદરહુ ગરાસ આપ્યો હતો. પ્રાગજીના દીકરા સબળાજી અને તેમના કસળાજી થયા; જેમનું પેઢીનામું નીચે મુજબ છે.

રાયમલજી (દીયોદરની ગાદી)
- કરણજી
  - ખેંગારજી
    - પુંજાજી (દીયોદર)
    - પ્રાગજી
      - સબળાજી
        - કસળસિંહજી
- કાનજી (પાલડી વગેરે)


ધ્રુણસોલ.

આ તાલુકો દીઓદર ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે. તેના તાબામાં ધ્રુણસોલ, રામપુરા અને માનપુરા ત્રણ ગામ છે.

દીઓદરના ઠાકોર જોધાજીના વંશમાં છઠ્ઠી પેઢીએ અમરસિંહજી થયા. તેમને રણમલજી, રાયમલજી અને સબળોજી આ ત્રણ કુંવર હતા.

રાયમલજી તથા સબળોજી દીઓદરમાં રહ્યા; ને રણમલજીને ધ્રુણસોલ વિગેરેનો ગરાસ મળ્યો છે. રણમલજીના વંશજોનો ગાદી ઉપર પાટવી હોવાથી હક હતો પણ ઇ. સ. ૧૭૮૯ ની સાલમાં જે મોટો દુકાળ પડયો તેમાં તમામ વસ્તી પરદેશ જવાથી મુલક ઉજડ પડયો તે વખતે આ તાલુકદાર પણ પરદેશ ગએલા ને લાંબી મુદત સુધી તેમણે તાલુકાની સંભાળ લીધી નહીં, જેથી તેમના

ભાઈ રાયમલજી તથા સબળાજીના વંશજોએ તાલુકો આબાદ કર્યો જેથી રણુમલજીના વંશજોને મળી શકયો નથી રણુમલજીના કુમાર ભાનજી થયા. તેમના પછી જેતસિંહજી થયા. તેમના પછી તેમના કુમાર રામસિંહજી થયા તેમને જીવોજી અને જેતમલજી આ બે દીકરા હતા. તેમનો વંશ ભુણસોલમાં છે તેનુ પેઢીનામું નીચે મુજબ છે.



વાતમ.

આ તાલુકો દીયોદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે. તેના તાબામાં વાતમ, નરાણા, વાસણા, માણુકી આ ચાર ગામ છે.

દીઓદરના ઠાકોર જોધાજીને બે કુમાર જેસોજી અને પચાણજી હતા. જેસોજી ગાદી ઉપર રહ્યા અને પચાણજીને ૧૮ ગામ સાથે ફોરણા આપ્યું. પચાણજીને વજોજી અને રાયમલજી એ બે દીકરા હતા. વજોજી ફોરણામાં રહ્યા ને રાયમલજીને સદરહુ ગરાસ મળ્યો; જેના પછી અનુક્રમે દુદોજી, કહાનજી, આસોજી, મેહેદાનજી, દાનસિંહજી અને રણધીરજી થયા.

રણધરજીને ગેમલસિંહજી અને સબળોજી આ બે કુંવર થયા, જેનો વંશ વાતમમાં ચાલે છે. જેનું પેઢીનામું નીચે મુજબ છે.

- જોધાજી (દીયોદર ગાદી)
  - જેસોજી (દીયોદર)
  - પચાણજી
    - વજોજી (ફોરણામા)
    - રાયમલજી
      - દુદોજી
        - કાનજી
          - આસોજી
            - મેહેદાનજી
              - દાનસિંહજી
                - રણધીરજી
                  - ગેમલજી
                    - અમરસિંહજી
                    - રાયસિંહજી
                  - સબળોજી
                    - માહાશંગજી
                    - કશળસિંહજી
                    - સવાઇજી
                    - ગજુજી


- ચાંદાજી
  - નાથોજી
- વાઘોજી
  - માનોજી
- મેઘજી
  - અભુજી
  - પચાણજી
  - ભુપતસિંહજી
- શેરજી
- માલદેવજી

જાલોઢા.

આ તાલુકો દીઓદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે ને તેના તાબામાં જાલોઢા, ઢેરા અને માનપુર આ ત્રણ ગામ છે.

દીઓદરની ગાદીથી પચાણજી ફોરણે ઉતર્યા. એ પચાણજીને વજેજી અને રાયમલજી આ બે કુંવર હતા. વજેજી ફોરણામાં રહ્યા અને રાયમલજીને ખાતમ વિગેરેનો ગરાસ આપ્યો. વજેજીના માનોજી થયા. એ માનાજીને હાદોલજી, ભાખરજી અને આપમલજી આ ત્રણ દીકરા હતા. હાદોલજી ફોરણામાં રહ્યા ને ભાખરજીને ઉપરનો ગરાસ આપ્યો; ને આપમલજીને ધનકવાડા વિગેરેનો ગરાસ આપ્યો. ભાખરજી પછી અનુક્રમે રાસોજી, પચાણજી, હઠીસિંહજી ને અણદોજી થયા. એ અણદાજીને ત્રણ દીકરા થયા: લાલોજી, માહાસિંગજી ને સતોજી, તે પૈકી લાલાજી તથા સતાજીના વંશ બે પેઢી ચાલી બંધ પડ્યા છે.

માહાશંગજીના દીકરા ભોજેજી થયા જેનો વંશ જાલોઢામાં ચાલે છે, તેનું પેઢીનામું નીચે મુજબ છે.



ધનકવાડા.

આ તાલુકો દીઓદરના ભાયાતનો પાલણપુર એજન્સિમાં છે ને તેના તાબામાં ધનકવાડા ને ગાંગોલ આ બે ગામ છે. દીઓદરથી પચાણજી ફોરણા સાથે ૧૮ ગામનો ગરાસ લેઈ ઉતર્યો તેમને વજોજી અને રાયમલજી આ બે કુંવર હતા. વજાજી ફોરણામાં રહ્યા અને રાયમલજીને વાતમ વિગેરે ચાર ગામ આપ્યાં. વજાજીના માનોજી થયા. તેમને હાદોલજી, ભાખરજી, આપમલજી આ ત્રણ દીકરા હતા. જેમાના હાદોલજી ફોરણામાં રહ્યા. ભાખરજીને જાલોઢા વિગેરે ત્રણ ગામ આપ્યાં ને આપમલજીને સદરહુ ગરાસ મળ્યો. તેમના પછી અનુક્રમે ગજાજી અમરાજી, બલુજી ને સવાજી ઠાકોર થયા. તે સવાજીને જગતશગજી અને ભાવશગજી આ બે દીકરા હતા, જેનો વંશ ધનકવાડામાં ચાલે છે. જેનું પેઢીનામું નીચે મુજબ છે.

પચાણજી (ફોરણામા)

- વજોજી
  - માનોજી
    - હાદોલજી (ફોરણા)
    - ભાખરસિંહજી (જાલોઢા)
    - આપમલજી
      - ગજુજી
        - અમરોજી
          - બલુજી
            - સવોજી
              - જગતસિંહજી
              - ભાવસિંહજી
- રાયમલજી (માતમ વગેરે)


રામસેણુ

આ તાલુકો પાલણુપુર સંસ્થાનમાં છે ને તેના તાબામાં રામસણુ, ભાકડીઆલ, સરૂડી, સરૂ, સુથીઉ, પેંછડાલ, રમુણુ, કોટડા, ડેકા, કોસંબીઉ, જડીઆળી, દ્રોબા, મોભી, ભાદ્રા, મુણુસોલ, ખેરોલુ, લુહારી, છોરા, ધાણુા, સરત, નારોલી, અને હડમતીઉ એ રીતે બાવીસ ગામ છે. કુલ ઉપજ આશરે નવ હજારની છે તે પૈકી ૩૫૦) રૂપીઆ પાલણુપુરના નવાબ સાહેબને ભરવા પડે છે. જમીન રેતાળ પણુ ટેકરા ટેકરીવાળી છે. નદી એકે નથી. મુખ્ય પેદાસ બાજરી, મઠ, તલ, ગુવાર વિગેરેની છે.

આ તાલુકાના ઠાકોર ભીલડીઆ વાઘેલા છે ને તેમના મુળ પુરૂષ દીઓદરથી ઉતરેલા છે, જેના વંશમાં સોઠજી નામે ઠાકોર થયા. તેમના પછી અનુક્રમે ધવળસિંહજી, સખોજી, જસવતસિંહજી થયા. જસવતસિંહજીને જેતમાલજી અને રાવળજી આ બે કુંવર થયા. પાટવી જેતમાલજી ગાદી ઉપર રહ્યા ને નાના રાવળજીને ૪૮ ગામ સાથે દુવા તાલુકો આપ્યો.

જેતમાલજીને રાઘવજી, સતોજી અને ચોથજી આ ત્રણુ દીકરા હતા; જેમાંના રાઘવજી ગાદી ઉપર બેઠા ને સતાજીને ૧૨ ગામ સાથે લાખણી તાલુકો આપ્યો ને ચોથજીને ૧૯ ગામ સાથે પેપલુ તાલુકો આપ્યો. રાઘવજીની ગાદી ઉપર અનુક્રમે ઉદેસિંહજી, નરસિંહજી અને સાતળજી એ ઠાકોરો થયા. સાંતળજીને પચાણુજી અને વદોજી આ બે દીકરા હતા. પચાણુજી ગાદી ઉપર રહ્યા ને વદાજીને ૧૨ ગામ સાથે નાદોલીનો તાલુકો આપ્યો. પચાણુજીના કુંવર ભુપતસિંહજી થયા. તેમને દેવીસિંહ અને ચાંદાજી આ બે કુંવર હતા. ચાંદોજી નીરવંશ ગુજર્યાથી દેવીસિંહ ગાદી ઉપર રહ્યા. દેવીસિંહને જગતોજી, દુધોજી, વેણુજી અને વીભોજી એ ચાર કુમાર હતા; જેમનો વંશ રામસેણુમાં છે ને તેઓ સરખે હીસ્સે ઉપજ ખાય છે. તેમની વહેચણુ થએલી છે. રમુણુ, કોટડા, ડેકા, કોસંબીઉ એ ગામો દેવીસિંહજીના ત્રીજા દીકરા વેણુાજીના વંશવાળા ખાય છે. જડીઆળો, દ્રોબા, મોભી અને ભાદ્રા એ ગામો દેવીસિંહના બીજા દીકરા દુધાજીના વંશવાળા ખાય છે. મુણુસોલ, ખેરોલુ, લુહારી, છોરા એ ચાર ગામ દેવીસિંહના પહેલા દીકરા જગતાજીના વંશવાળા ખાય છે. ધાણુા, સરત, નારોલી અને હડમતીઉ (હોસલ) આ ચાર ગામ દેવીસિંહના ચોથા દીકરા વીભાજીના વંશવાળા ખાય છે. આ શિવાયનાં તેમણે રામસેણુ, ભાકડીઆળ, સરૂડી, સરૂ, સુથીઉ ને પેંછડાલમાં કેટલોક હીસ્સો આ ગામોની ઉપજ ચારે ભાગદારોની મજીઆરી રાખેલી છે.

આ વાઘેલાઓ ભાગ વહેચવામાં પાટવી ફટાયાનો ભેદ રાખતા નથી. બધા સરખે હીસ્સે વહેચે છે. તેમને દીવાની ફોજદારી અખત્યાર નથી. તેઓ પાલણુપુરના નવાબના તાબેદાર છે, તેમનું પેઢીનામું નીચે મુજબ છે.



‡દુધોજી, †વેણોજી અને ¶વીભોજીનો વંશ જુઓ પૃષ્ઠ ૩૨૪.
‡ઉમોજી, *હોથીજી, *ભોમોજી અને ⊕નવોજીનો વંશ જુઓ પૃષ્ઠ ૨૨૫.

- દુધોજી દેવીસિંહજી
  - રાસોજી
    - અગરોજી
      - ધનાજી
        - મલુજી
        - વનાજી
      - અધોજી
        - અભોજી
    - જેતાજી
      - શેખાજી
        - ઠાનોજી
          - માધુજી
          - જગોજી
        - સતોજી
          - ચમનોજી
  - હઠોજી
    - જસોજી
      - શત્રુદાનજી
        - ગલોજી
          - મોહોબતસિંહજી
            - કરતોજી
            - ખુશાલસિંહજી
    - લાખજી ×
  - રતોજી
    - જેરાજી
      - પ્રેમાજી
        - નવોજી
        - ભગુજી

- વજેજી
- ખુમજી
- ગેમજી

- વેણોજી દેવીસિંહજી
  - અદેભાણજી
    - ગમાનસિંહજી
      - હેંદુજી
        - ખાનોજી
          - પીરજી
          - જગજી

- વીભોજી દેવીસિંહજી
  - પાડખાનજી
    - રૂપજી
      - નલોજી
        - ગજુજી
      - અનોજી
        - મલોજી
          - ભગતસિંહજી
        - પ્રથીરાજજી
  - દોલોજી
    - તેજમાલજી
      - રામસિંહજી
        - હેમતોજી
          - તગોજી
          - સતોજી
            - સમેલજી
        - નવોજી
          - અચળોજી
            - વીરસિંહજી
            - લખોજી
          - ચમનોજી
      - વનવીરજી
        - ચાંદોજી
          - મોહબતોજી
            - જગાજી
            - મોડજી

- ઉમોજી જેસંગજી
  - મોહોબતસિંહજી
    - રતોજી
- હોથીજી મુળોજી
  - ફલોજી
    - વજેોજી
    - મોડજી
  - રાજસિંહજી
    - દોલોજી
    - અભજી
- ભોમોજી મુળોજી
  - સોમોજી
    - રતોજી
  - અદોજી
- નવોજી મુળોજી
  - માધોજી
  - ખેતોજી
  - ચમનોજી

ડુઆ.

આ તાલુકો પાલણપુર એજન્સિના થરાદ સંસ્થાનના તાબામાં છે. તેના તાબે ૧૬ સોળ ગામ છે.

આ તાલુકાના મુળ પુરૂષ ભીલડીઆ જાતના વાઘેલા છે, જેમના મુળ પુરૂષ દીઓદરથી રામસેણ ઉતરેલા. તે વંશમાં સોડજી નામે ઠાકોર થયા. જેના પછી અનુક્રમે ધવળશંગ, સખોજી અને જસવતસિંહજી એ ઠાકોર થયા. તેમને પાટવી જેતમાલજી અને નાના રાવળજી આ બે કુવર હતા. જેતમાલજી રામસેણની ગાદી ઉપર રહ્યા ને રાવળજીને ૪૮ ગાગ સાથે ડુવાનો તાલુકો આપ્યો, જે આ તાલુકાના મુળ પુરૂષ છે. તેમણે પ્રથમ રામસેણથી અછવાડામાં ગાદી કરી તે વખતે તે ગામ સારી સ્થીતિમાં હતું. ત્યાર પછી ડુવામાં ગાદી થઈ. તેમાં મુખ્ય ભાગદાર બે છે તેમના વંશજો સહરહુ ગરાસ ખાય છે.

સહરહુ ડુઆથી એક ભાયાત શહા ગામે ઉતરેલા તેના વંશજો શહામાં રહે છે તેઓ ગામેતી છે. તેમના તાબામાં શહા ગામનો કેટલોક ભાગ, થોડા- સરમાં કેટલોક ભાગ અને દેલહાકોટ આ ઉજડ ગામ છે. થરાદ ઠાકોર સાહેબને તેઓ રૂ૪૦) ચાલીસ ભરે છે.

બંધીઆ તાબે ગોંડળ.

આ ગામના ગામેતી વાઘેલા ગોંડળ સ્વસ્થાનના તાબામાં ગામેતી છે ને તેમને સદરહુ ગરાસ ગોંડળના ઠાકોર સાહેબ તરફથી મળેલો છે.

મહારાજા કરણ વાઘેલા પાસેથી ગુજરાતનું રાજ્ય છુટયા પછી તેમના પાટવી કુમાર વીરસિંહે પોતાની માતુશ્રી અમરકુંવરબાની જીવાઇ કાઠીઆવાડમાં સરધાર તાલુકાની હતી ત્યાં રાજ્ય કરવા માંડયું. તેમના વંશમાં કેટલીક પેઢીએ સરધારમાં ઠાકોર માંડણસિંહજી હતા તેમના પાટવી કુંવર ધવળકરણજીએ પિત્રુભક્તિથી પોતાના પિતાની ઈચ્છાથી પોતાના નાના ભાઇને સરધારની ગાદી સોંપી પોતે કલોલનું રાજ મેળવી ત્યાં ૫૦૦ ગામથી રાજ કરવા માંડયું અને નાના ભાઈના વંશમાં સરધારની ગાદી રહી. વચેટ ભાઇ લુણકરણજી કચ્છ તરફ ગયા ને તેમણે કચ્છમાં વાગડ પરગણું જીતી લેઇ ત્યાં રાજ બાંધ્યું. થરાદની ગાદી પણ લુણકરણજીના વંશમાં ચાલે છે અને કચ્છના હમીરાણામાં ગેડી, પળાંસવા, બેલા વિગેરે તેમના વંશજો છે.

સરધારની ગાદીએ તે વખતે ૬૫૦ ગામ હતાં ને આખા કાઠીઆવાડમાં તેમની મોટી સત્તા હતી. તે ગાદીએ ઇ. સ. ૧૪૮૬ ના અરસામાં ગોધાજી નામે ઠાકોર હતા. તેમની સગાઈ ભડળીના સરવીઆની કુંવરી સાથે થઇ હતી. સરધારથી તેમને લગ્ન કરવાને તેડવા સારૂ માણસો ભડવી ગયાં હતાં, તે કન્યાને તેડી સરધાર પાછા આવતાં કુંદણી નજીક આવ્યાં. ત્યાં કુંદણીના ઠાકોર ખેતાજીએ મેમાન તરીકે માણસો તથા કન્યાને પોતાને ત્યાં તેડયા. કન્યાની નજર ખેતાજી ઉપર ઠરવાથી તેમની સાથે લગ્ન કરવાનું નક્કી કરી ખેતાજી સંગાથે બંદોબસ્ત કર્યો. સવારમાં સરધારનાં માણસોએ તૈયાર થઇ કન્યાને રથમાં બેસવા કહેવરાવ્યું પણ કન્યા તૈયાર થયાં નહિ; ને તેમની તથા ખેતાજીની મનોવૃત્તિ જણાઇ આવી. આથી સરધારનાં માણસોને ઘણો ક્રોધ ચડયો ને મરણીઆ થઈ તેઓ ખેતાજી સાથે લઢયા, પણ તમામ મરાયા. માત્ર એક વઢારણ બચી. તેણે સરધાર જઈ બધી હકીકત ગોધાજીને કહી આ સાંભળી ગોધાજી ઘણો ગુસ્સે થયો અને મોટી ફોજ સાથે કુંદણી ઉપર ચઢી આવ્યો; તેમજ તેની મદદમાં ભડલીનો રાવ જે કન્યાનો બાપ હતો તે પણ આવ્યો હતો. ખેતોજી તેમની સામે લઢયા પણ તેમાં તે મરાયા. ગોધાજીએ કુંદણી જીતી કબજે કર્યું. ખેતાજીના દીકરા સાંગાજીએ સરધાર સામું ૫૦૦ સ્વારો સાથે બહારવટું કર્યું, પણ તેમાં તે ફાવ્યો નહિ; જેથી પોતાના ભાયાત જે

જોબાળામાં રહેતા હતા તેમને આશરે ગયો અને ત્યાં રહ્યો. આ ખબર સ-રધાર ગોધાજીને થવાથી તે ૨૦૦૦ સ્વાર સાથે જોબાળે આવ્યા. સાંગાજીની તેમની સાથે લઢવાની હિંમત ના ચાલવાથી તે નાશી નળકંઠાના ભાલ પ્રદેશમાં વેજી અને સીયાળ ગામના ભરવાડોના આશ્રયમાં આવી રહ્યા. ગોધાજી પણ તેમને પગલે ત્યાં આવ્યા ને ત્યાં કહેવાય છે કે દગાથી મરાયા. એમની ખાંભી સીયાળ ગામ નજીકમાં છે.

નવાનગરની ગાદીએથી એક ભાયાત વીભાજી કાળાવડનો ગરાસ લેઇ ફટાયા તરીકે ઉતરેલા તેમનું મોસાળ સરધાર તાબાના ચીભડા ગામના વાઘેલાને ત્યાં હતું. આ વીભાજીએ પોતાના મોટા ભાઇને કહ્યું કે જો તમે મને થોડા માણુસોની મદદ આપો તો હું તમોએ આપેલો ગરાસ બીજું રાજ્ય મેળવીને પાછો આપું. આ પ્રમાણે બંદોબસ્ત કરી તેણે પ્રપંચ જાળ પાથરી.

પ્રથમ પોતાને મોસાળ ચીભડા ગામ આવી પોતાના મામાને ત્યાં રહ્યો ને દરરોજ ગોઠ કરવા માંડી. તેણે પોતાના મામાને કહ્યું કે સરધારથી આપના પાટવી ઠાકોરને ગોઠ સારૂ તેડાવો. જેથી તેણે આગ્રહ કરી સરધારથી પોતાના વડીલ ઠાકોરને તેડાવ્યા. તેઓને પ્રપંચની ખબર ન હોવાથી થોડા માણુસો સાથે આવ્યા ને રાત્રે દારૂ વગેરે માદક પદાર્થો પાઇ ભાણેજ વીભાજીએ તેમને નીશામાં ચકચુર બનાવ્યા; અને તેજ વખતે પોતે અગાઉથી કરેલા સંકેત મુજબ જામ સાહેબનું લશ્કર પણ આવી પહોચ્યું; ને વીભાજીએ સરધારના ઠાકોર તથા પોતાના મામા વગેરે જે સરધારના માણસ હતા તેમને મારી નાંખ્યા ને પોતે એકદમ સરધાર આવી રાજ્ય કબજે કરીને ગાદી ઉપર બેઠા ને વાઘેલાની રાજ્યસત્તા કાઠીઆવાડમાંથી તમામ નાશ પામી.

આ હંગામમાં કોઇ બચી ગએલા વાઘેલાનો વંશજ ગોંડળના ઠાકોર પોતાના સગા હોવાથી ત્યાં ગયો ને ત્યાં ગોડળ ઠાકોર તરફથી તેમને સદરહુ જીવક આપવામાં આવ્યું તેથી ત્યાં રહ્યો ને તેનો વંશ ત્યાં ચાલે છે.

ડભોઇઆ વાઘેલા.

આ વાઘેલાની વસ્તી નામદાર ગાયકવાડ સરકારના ડભોઈ મહાલમાં છે. તેમના તાબામાં નઢ, કુકેલા, બશતપર, લીમઢ, વાણુદરૂ, અમોદર, પીપરીયું, મોસલપર, ભીલપુર, અલીપરૂ, નાહારી, રોવા, અવેલી, કુવરવાડ, આવલી,

કુવોહ, શેંગોવાડુ, હલાપરૂ, પુડા, હાંસાપરૂ, કુમકેડ, કડધરા, ગોબાલી, કુરતી-કોઇ, કેલણુપર અને બોરખાર વગેરે ગામોમાં વાંટા છે.

આ વાઘેલાઓ ઠભોઇઆ વાઘેલા કહેવાય છે અને પોતાને વિશળદેવ વાઘેલાના વંશના કહેવરાવે છે, જેથી તેઓ કરણ વાઘેલાની પહેલાં ગાદીએથી છુટા થએલા ગણાય. એ વંશમાં સિંગપાળ નામે એક રાજા થયો હતો તેણે સખેડા અને બાધરપુર વચ્ચે શંખાસુર નામનો કોઇ યવન જે પ્રજાને ઘણી હેરાન કરતો હતો તેને લઢાઇ કરીને માર્યો અને ત્યાં આગળ શંધ તળાવ નામે એક સરોવર બાંધ્યું, જે તળાવ ડભોઇ અને બાધરપર વચ્ચે ત્યાથી એક ગાઉ ઉપર છે.

આ વાઘેલાના મૂળ પુરૂષે પ્રથમ ડભોઇમાં અને તેના વંશજોએ ડભોઈ ગુમાવ્યા પછી થોભાવી ગામમા ગાદી કરી પત્થરનો કિલ્લો બંધાવી ત્યાં રહ્યા. ત્યાંથી પછી તેના વંશજો રાજપીંપળે ગયા. ત્યાથી કોટડા ગામે ગયા. ત્યાથી સણોર આવી ત્યા રહ્યા. હાલ તે લોકોની ગાદી કોઈ સ્થળે નથી, પણ ઉપર જણાવેલા વાંટા તેમની માલકીમા રહેલા છે, જેમાં સુલતાનજી નામે એક ઠાકોર થયો તેને માડણજી અને ભાઇબાવા નામે બે કુવર હતા.

માડણજીના વંશવાળાએ દેવગઢબારૈયે જઇ ત્યાના રાજાની નોકરી કરી આયો ગરાસ મેળવ્યો ને ભાઇબાવાનો વંશ બુજેટા, સણોર ને ખાંધા વગેરેમાં છે.

દેવગઢબારૈયાના રહેનાર ઠાકોર માડણજીના વંશમાં નારસિંહજી જીબાવાનો વંશ ન હોવાથી તેમણે બુજેટાવાળા હાજીબાવાના કુવર રાયસિંહજીને દત્તક લીધા છે તેઓનો પણ ઉપરના ગરાસમા હિસ્સો છે.

ઉપરના વાંટામા માલકી નહિ ધરાવનાર બીજા પણ વાઘેલા છે, જેમની વસ્તી શેહેરાવ અને ટકારીઆ આ બે નાદોદ પરગણાના ગામમાં, સખેડા મેવાસના ભીલોડીઆ અને રામપુરા ગામમાં, પાળજ પાસેના ડરણ ગામમાં, ચોરદા મહાલના ખાધા ગામમાં અને વજીરીઆ તાબાના બોરખર ગામમાં છે.

સુલતાનજીના બીજા કુવર જે ભાઈબાવા હતા તેમના દીકરા પથુબાવા થયા જેના કુવર ખુશાલબાવા હતા, જેમને દાદાબાવા અને હાજીબાવા બે કુંવર હતા. દાદાબાવાના કુંવર માધવસિંહ, જીતસિંહ અને ભીમસિંહ, તેમજ હાજીબાવાના કુંવર રાયસિંહજી જે દેવગઢબારૈએ દત્તક આવ્યા તે છે.

નાથુબાવા નિરવંશ ગુજરવાથી પોતાના ભાયાત બાવાભાઇ કુબેરબાવાના દીકરા જીબાવાને દત્તક લીધા. જીબાવાને પોતાને પણ કુંવર નહિ હોવાથી પોતાના ભાયાત ભાઇબાવા કુબેરબાવાના દીકરા નારસિંહજીને દત્તક લીધા. અને નારસિંહજી પોતે પણ અપુત્ર દેવલોક થવાથી તેમના દત્તક બુજેટાવાળા હાજીબાવા ખુશાલબાવાના દીકરા રાયસિંહજીને દત્તક લીધા.

દેવગઢબારેયાના ઠાકોર સાહેબ તેમનું સારૂં માન રાખે છે ને તેમનાં ગામોની મહેસુલી વહીવટ કરવાની તેમને કુલ સત્તા છે; તેમજ અપુત્ર ગુજરનાર ઠાકોરને દત્તક લેવાનો હક છે.

આ ઠાકોરના પોતાના બાપીકા ગરાસમા એટલે ગાયકવાડી ગામોમાં જે વાંટા છે તેમા પોતાનો હિસ્સો કાયમ છે.

દેવગઢબારૈઆના વાઘેલા સરદારની હકીકત.


દેવગઢબારેયામાં ડભોઇઆ વાઘેલા ત્યાંના મહારાજાના સરદાર છે તેમના તાબામાં મોજે મેરપ, કેઇકોટ, કેલીઆ, મોટી મગોઇ અને કાંટુ એ રીતે [illegible] ગામ અને તે સિવાય રાજગઢ પ્રગણાના ઘોઘંબા, રાજગઢ, ફ[illegible] [illegible], દાંતોલ આ ગામમાં વાંટા છે. તે તમામ ગરાસ દેવગઢના મહા[illegible] મળેલો છે. આ સિવાય પચમહાલમાં કાલોલ તાલુકામાં મોજે ગુ[illegible], ભુખી અને કાનપુર આ ગામોમાં વાંટા છે તેના રૂ. ૨૫) પચીસ સલામીના નામદાર સરકારને ભરવા પડે છે. દેવગઢબારૈયાના રાજાને દરવરસે રૂ. ૮૨૫) બાબાસાઇ કાયમ આકડાથી ભરવા પડે છે. ગાયકવાડીમાં જે વાંટા છે તે નકરા છે; કાંઈ ભરવાનું નથી. આ સરદારનાં ગામોની વસ્તી આશરે ૩૦૦૦ માણસોની છે. વારસીક ઉપજ આશરે રૂ.૮૦૦૦)ના આશરાની છે.

ગાયકવાડી રાજ્યમાં ડભોઇ તાલુકામાં તેમના વડીલોનો જે હિસ્સો છે તે કુઢેલા, ફરતીકુઇ, નડા અને અદલાપુરા ગામોમાં મળી આશરે ૩૨૦૦ વીઘા જમીન છે ને બાકીનાં ગામોની કોથળીસાંથ ડભોઇ ત્રીજોરીમાંથી મળે છે.

ડભોઇઆ વાઘેલાના મૂળ પુરૂષ વિશળદેવ વાઘેલાના વંશના ગણાય છે ને તે વંશમાં સિંગપાળ નામે રાજા હતો તેણે સંખેડા બાધરપુર વચ્ચે થાં-

ખાનુર નામે યવન રહેતો હતો તેને માર્યો ને ત્યા સંગ તળાવ નામે પત્થરનું સરોવર બંધાવ્યું તે આધરપુર પાસે છે. તેમણે પ્રથમ થોભાવી ગામમાં પત્થરનો કિલ્લો બંધાવી ત્યાં ગાદી કરી. તેના વંશજો ત્યાંથી રાજપીપળા અને ત્યાંથી કોટઠા ગયા અને ત્યાંથી સણોરમાં આવ્યા. એ વંશમાં સુલતાનસિંહ નામે ઠાકોર થયા જેને માંડણજી અને ભાઇબાવો બે દીકરા હતા.

માંડણજી (માંડણસિંહજી)ના જોરાવરસિંહ થયા તેમને દીપસિંહ અને દેવીસિંહ નામે કુવર હતા. દીપસિંહનો નિરવંશ ગયો અને દેવીસિંહને ભારથસિંહ અને નથ્થુબાવા આ બે કુંવર હતા. ભારથસિંહજીનો નિરવંશ થયો છે અને નથુબાવા દેવગઢબારૈયાના મહારાજાની માગણીથી ત્યાં ગયા. તેમણે દેવગઢબારૈયાના રાજ્યમાં વસનાર ભીલ લોકો જે ઘણા તોફાની હતા તેમને પોતાના પરાક્રમથી વશ કર્યા. હેશલના ઠાકોર સાથે બારૈયાના રાજાને થએલી લડાઇમાં પણ પોતે ઘણી બહાદુરી કરી હતી. આથી બારૈયાના રાજાએ ઉપરનો ગરાસ તેમને આપ્યો હતો. કાંટુ નામનું ગામ ત્યાના મેવાસી પાસેથી વેચાતું લીધેલું છે.



‡ જીબાવા તથા † નારસિંહજીને અનોપબાવાના વંશમાથી દત્તક લીધેલા છે તથા *રાયસિંહજીને પથુબાવાના વંશમાથી દત્તક લીધેલા છે.

§ અનોપબાવાનો વંશ જુઓ પૃષ્ઠ ૩૩૧.

- અનોપબાવા ભાઇબાવા
  - કુબેરબાવા
    - બાવાભાઇ
      - જીબાવા (દત્તક બારીયે)
    - સજાણબાવા
      - પાહાડુબાવા
        - સોમબાવા
          - જીબાવા (સણોર)
        - મુળજીબાવા
        - લાલજીબાવા
    - ભાઇબાવા
      - નારસિંહજી (દત્તક બારીયે)
      - દોલતસિંહજી ×
      - ગણપતસિંહજી ×
    - ¶કેસરબાવા
  - ‡સોમબાવા

- ‡સોમબાવા અનોપબાવા
  - ચંદાબાવા
    - જેઠીબાવા ×
  - અભેસિંહજી
    - પરબતબાવા (ખાધામા રહે છે)
  - કલ્યાણસિંહજી
    - કેશરીસિંહજી ×

- ¶કેસરબાવા કુબેરબાવા
  - ભગવતસિંહજી
    - અનોપસિંહજી
      - ગલાબસિંહજી (સણોર)
    - તેજુબાવા

છોતેરીઆ વાઘેલા.

આ વાઘેલાઓને બીલકુલ ગરાસ રહ્યો નથી. ફકત સરકારમાંથી કોથળી સાંથની રકમ મળે છે ને કેટલો ગરાસ તેમણે જાત મહેનતથી પેદા કરેલો તેજ છે. અસલ મળેલો ગરાસ તેઓ પાસે રહ્યો નથી.

આ વાઘેલા ડભોઇઆ વાઘેલાની પેટા શાખા છે ને તેઓના પૂર્વજને ગાદીથી ૭૬ ગામનો ગરાસ મળેલો તેથી છોતેરીયા વાઘેલા એ અટકથી ઓળખાવે છે. તેઓનાં ફકત જુજ ઘર છે જેમાનાં બે ઘર વજીરીઆમાં છે. તેમનો કોઇ ફટાયો પીપરહઠ નામે ગામમાં ઉતરેલા જેથી તેના વશવાળા પોતાને પીપરહઠીઆ વાઘેલા કહેવરાવે છે. તેમના ઘર પીપરહઠમાં બીલકુલ નથી. પણ સણોરમાં એક ઘર, રામપરમાં એક ઘર, હીડીઆમાં એક ઘર તથા માંજરોલમાં એક ઘર એ રીતે તેમની કુલ વસ્તી છોતેરીઆનાં બે ઘર ને પીપરહઠીઆમાં ચાર ઘર છે.

અજાયબ જેવું છે કે જે લોકો પોતાને ગાદીએથી ઉતર્યાનું લગભગ ૪૦૦ ચારસેં ઉપરાંત વરસ ગણાવે છે છતાં તેઓના આંગળીના વેઢા ઉપર ગણી શકાય તેટલાં પણ ઘર નથી.

સંસ્થાન રેવા.

શ્રી આદ્ય નારાયણ જે ક્ષીર સાગરમાંથી શેષનાગ ઉપર શયન કરી પોઢેલા છે, તેમની નાભીમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. તેમણે તમામ સૃષ્ટી ઉત્પન્ન કરી. અધર્મીઓના ત્રાસથી પૃથ્વી કંટાળી બ્રહ્માને શરણે ગઇ, જે વખતે બ્રહ્માજી સૂર્યનારાયણને અર્ઘ્યે આપતા હતા. પૃથ્વીએ બ્રહ્માને દીન વાણીથી પોતાની ઉપર વધી પડેલા અસુરોનો સંહાર કરવા કોઈ વીર ક્ષત્રી ઉત્પન્ન કરવા વિનંતી કરી. જેથી બ્રહ્માજીએ હાથેળીમાં અર્ઘ્યે આપવાનું જે જળ હતું, તેના સ્હામું જોઇ વીર ક્ષત્રી પેદા થવાની ઇચ્છા કરી તેની સાથે હાથેળીમાં તમામ આયુદ્ધ કવચ ધારણ કરેલો વીર ક્ષત્રી ઉત્પન્ન થયો; ને બ્રહ્માજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યો. બ્રહ્માએ તેને પાવત્ર કાશીક્ષેત્ર અને તેને ફરતા મુલકનું રાજ્ય કરી દુષ્ટોનો નાશ કરવા આજ્ઞા કરી ને પોતાની હાથેળી (ચાપવું) માંથી ઉત્પન્ન થયો માટે તેનું નામ ચોલુકય દેવ પાડયું.

બ્રહ્માની આજ્ઞા મુજબ તેણે રાજ્ય કરી દુષ્ટોનો સંહાર કર્યો. તેના વંશમાં જે રાજાઓ થયા તે ચૌલુક્ય કહેવાયા. આ વશમા કેટલીક પેઢીએ સોલકદેવ નામે રાજા થયો તેના વંશજો સોલકી એ નામે પ્રસિદ્ધ થયા. આ સોલંકી વંશમાં ભુવડ નામે રાજા થયો તેનું રાજ્ય ગંગા જમના વચ્ચેના પ્રદેશમાં ટુકટોઠામાં હતું. આ રાજાએ ગુજરાતના રાજા જયશીખર ચાવડાને હરાવી રાજ્ય જીતી લીધું ને તેને માર્યો. આ જયશીખરનો દીકરો વનરાજ વનમાં જનમ્યો ને મોટો થયે તેણે પોતાના પરાક્રમથી ગુજરાતનું રાજય જીતી લેઇ અણુહીલવાડ નામનું નગર બાધી ત્યા ગાદી કરી. એના વશમા યોગરાજ, ક્ષેમરાજ, ભુવડ (પીથુ) વીરસિંહ, રતનાદીત્ય, ને છેલ્લો સામતસિંહ નામે રાજા થયા. આ છેલ્લો રાજા વ્યસની હતો.

મહારાજા ભુવડની પછી ટુકટોડાની ગાદીએ અનુક્રમે કરણ, ચદ્રાદીત્ય, સોમાદીત્ય, ને ભુવનાદીત્ય રાજા થયા. ભુવનાદીત્યને ત્રણ કુવર ૧ રાજ, ૨ બીજ તથા ૩ દંડક હતા. રાજ તથા બીજે પોતાના કોઇ પીતરાઇને મારી નાંખેલો હોવાથી ગોત્રહત્યાનો દોષ નીવારણ કરવા સારૂ કાશી ગયા; ને ત્યા ઘણું દાન પુન્ય કરી આખા કાશી ગામને જમાડયુ. ત્યાથી બંન્ને ભાઇઓ (જેમાં બીજ બંન્ને આંખે આધળો હતો.) સાધુનો વેષ ધારણ કરી ગંગાજળની કાવડો ભરી દ્વારકામાં શ્રી રણછોડરાયજીને ચડાવવાની ઇચ્છા કરી ત્યાં જવા નીકળ્યા. તે ગુજરાતના પાટ નગર (પાટણ) માં આવ્યા. જે વખતે ઉપર કહી ગયા મુજબ પાટણમા સામતસિંહ ચાવડાનું રાજ્ય હતું.

સાંમતસિંહ ચાવડાનો ખાસદાર રાજાની સભર ઘોડીને પાણી પાવા સારૂ જતો હતો. રાજ બીજના ભગવા પોષાકથી ઘોડી ચમકીને ઉભી રહી. જેથી ખાસદારે તેને ચાબુક મારી. ચાબુકનો અવાજ સાંભળી બીજ જે બંન્ને આંખે અખમ હતો તેણે ખાસદારને કહ્યું કે આ ત્હારી ચાબુક વાગવાથી ઘોડીના પેટમાં જે પંચ કલ્યાણી વછેરો છે તેની ડાબી આંખ ફુટી ગઇ. ખાસદાર આશ્ચર્ય પામ્યો ને તેણે દરબારમાં જઇ સામતસિંહ ચાવડાને આ વાત કહી. સાંમતસિંહે રાજ, બીજને તેડી મંગાવ્યા. ને વાતચીતમાં એમ સરત થઇ કે જો ઘોડીને બીજના કહેવા પ્રમાણે વછેરો ના અવતરે તો બન્ને ભાઈઓને ગરદન મારવા; ને તેજ પ્રમાણે અવતરે તો સામતસિંહે પોતાની બેન લીલાદેવી ઉરફે રાયાજીબાને રાજ સાથે પરણાવાં ને અર્ધું રાજ્ય આપવું. બન્ને ભાઈ ત્યાં રહ્યા. થોડે દિવસે ઇશ્વિર ઇચ્છાથી બીજના કહેવા મુજબ પંચ કલ્યાણી પણ ડાબી આંખ ફુટેલો વછેરો ઘોડીને અવતર્યો. સાંમતસિંહે અર્ધું રાજ્ય આપવા કબુલ કર્યું. પણ જાત ભાત જાણ્યા સિવાય પોતાની બેન પરણાવવા ના પાડી. જ્યારે રાજ બીજ તરફથી તેઓ ગુજરાતનું રાજ્ય જીતી લેનાર પ્રતાપી ભુવડ સોલંકીના વંશજો છે એવું જાણુવામાં આવ્યું ત્યારે સાંમતસિંહે પોતાની બેન રાજ સાથે પરણાવી ને બંન્ને ભાઈ સુખેથી પાટણમાં રહ્યા.

પ્રભુ કૃપાથી લીલાદેવી સગર્ભા થઈ પણ પુત્ર પ્રસવ થતા અવલ તે મરણ પામી. ગર્ભાશયમાંથી બાળકને જીવતો કાઢી લીધો મુળ નક્ષત્રમાં તેનો જન્મ થવાથી તેનું નામ મુળરાજ પાડયુ. મામા સામંતસિંહને પ્રજા ન હોવાથી પોતાના ભાણેજ મુળરાજને ઘણા લાડથી ઉછેરવા લાગ્યા.

લીલાદેવી ગુજરી જવાથી રાજ બીજ ઘણા ઉદાસ થયા ને દ્વારકાંની પોતાની અધુરી રહેલી યાત્રા સારૂ કાવડો સંગાથે નીકળ્યા. ત્યાંથી કચ્છમાં આવ્યા. ત્યાં લાખો ફુલાણી નામે ઠાકોર હતો. લાખાની માનીતી ઘોડી તેને થએલા સ્વપ્ન ઘાથી એક પગે લૂલી રહેતી હતી તેને પણ બીજ સોલંકીએ યુકતીથી સાજી કરી. જેથી લાખાએ પોતાની બેન સાંમતસિંહ ચાવડાનો બનેવી રાજ હોવાથી તેની સાથે પરણાવી ને બન્ને ભાઈ ત્યાં રહ્યા. આ બાઇને એક દીકરો થયો તેનું નામ રાકાયત ઉરફે ગંગામહ પાડયુ. કુવર મોટો થયો.

એક વખત રાજ તથા લાખા વચ્ચે કુળની મોટાઈ વીશે તકરાર થતાં લાખાએ રાજને ઠેર માર્યો. બીજ ત્યાંથી નાશી પાટણ આવી પોતાના ભત્રીજા મુળરાજ પાસે રહ્યો. મુળરાજને સમજાવી તેના મામા પાસેથી સરતના ઠરાવ મુજબ અર્ધું રાજ્ય માગવા કહ્યુ. તે પ્રમાણે માગણી કરતાં સાંમતસિંહે કહ્યું

કે તાર બાપને મેં "લીંબુ ઉછાળ" રાજ્ય આપ્યું છે. માટે તેટલી વખત ત્હારે હમેશાં ગાદી ઉપર બેસવું. મુળરાજ આ પ્રમાણે હમેશાં લીંબુ ઉછાળી ગાદીએ બેશી લીંબુ નીચે પડેથી ઉતરી જતો. બીજ સોલંકીએ તેને શીખામણુ દીધી કે તું ગાદી ઉપર બેસે તેટલી વખતમાં સારા સારા સરદારોને જાગીર બક્ષીસ આપ. તેથી તે લોકો ત્હારી ઉપર ઘણા ખુશી રહેશે. મુળરાજે દરરોજ તે પ્રમાણે કરવા માંડયું. ટુક મુદતમાં તેણે ઘણાખરા સરદારોની પ્રીતિ મેળવી લીધી. વળી બીજ સોલંકીએ મુળરાજને શીખવ્યુ હતું કે ત્હારે માંસના ટુકડા ગજવામાં રાખી હમેશાં ઉછાળ્યા કરવા. આથી હીંસક પક્ષીઓ ત્હારા માથા ઉપર ભમ્યાં કરશે. તે પ્રમાણે તેણે કરવાથી ગીધ, સમળી, ગરધવ, બાજ વિગેરે તેના ઉપર ભમતાં રહેતાં. એક વખતે લોહીવાળુ લીંબુ કરી ઉછાળવાથી માંસનો લોચો સમજી કોઈ પક્ષી તેને લેઇ ગયું. લીંબુ પાછું ના પડવાથી મુળરાજ ગાદી ઉપરથી ઉતર્યો નહિ ને મામા ભાણેજને લઢાઇ થઇ; તેમાં મુળરાજે સરદારોને જાગીરો વિગેરે આપી પોતાના પક્ષમાં લીધેલા હતા તેથી સરદારોએ મુળરાજનો પક્ષ કર્યો. જેથી તેણે પોતાના મામા સામતસિંહને ઠેર માર્યો તથા ૭૫૦) સાતસે પચાસ ચાવડાનો નાશ કર્યો; ને પોતે પાટણની ગાદી ઉપર બેઠો; અને રાજ્યને ઘણું આબાદ કર્યું.

ગંગામહુ ઉર્ફે રાકાયત જે કચ્છમાં પોતાના મામાને ત્યાં ઉછરતો હતો તે પણ જુવાન થયો. લાખાએ તેને પરણાવ્યો ને તેને એક પુત્રની પ્રજા પણ થઈ.

લાખો દર રવીવારે સમુદ્રમાં રહેનાર કોઇ પરી પાસે જતો હતો. જે વખતે જવાનુ ના બનતું ત્યારે તે પુષ્કળ છુટે મોઢે રડતો હતો; ને જે રોવાનુ કારણુ પુછે તેને ઠેર મારતો હતો. એક વખતે તે પુષ્કળ છુટે મોઢે રડતો હતો, તે વખતે તેના ભાણેજ રાકાયતે રોવાનું કારણ પુછયું. લાખાએ તે વખતે કાંઇ જવાબ ન દેતાં પોતાના પ્રધાનની સલાહથી તેનું ખુન ના કરતાં એક ભાગેલ નાવડામાં બેસારી તેને દરીઆમાં ઠેલી મુકયો. ઇશ્વર કૃપાથી જે બેટમાં પરી વસતી હતી ત્યાં નાવ પહોચ્યું. તે કાંઠે ઉતરી એક સુશોભીત મહેલમાં ગયો. ત્યાં બેઠેલી પરીએ તેને પોતાના ભાણેજ તરીકે બોલાવ્યો. પરીથી પોતાના મામા સબંધી બધી વાત જાણી. તે પરી સાથે એક ઓરડામાં જુવાન પરી છુપાવેલી હતી. તેના વીશે રાકાયતે પુછતાં પરીએ કહ્યું કે તમારા મામાથી સવાયુ પરાક્રમ કરી સ્વર્ગે આવો તો તમને એ પરી પ્રાપ્ત થાય. પરીના લોભમાં તેની મામીની મદદથી તે થોડા વખતમાં કચ્છમાં પહોંચ્યો ને મામાને મળી પરીથી માહીતી મેળવ્યાની વાત જણાવી ને મામાનુ નીકંદન શી રીતે કરવું તેના વિચાર કરવા લાગ્યો. આખરે તેણે પોતાના ભાઇ મુળરાજને લાખા સાથે લઢા-

વવાનો નકકી વિચાર કરી રાતમાં પોતાના મામાની માનીતી ઘોડી ઉપર સ્વાર થઈ પાટણ આવી મુળરાજને મળ્યો ને બાપનું વેર લેઇ લાખાને મારવા મુળરાજને ઉશ્કેર્યો; ને રાત્રીમાં પાછો કચ્છના પાટ નગરમાં જઇ ઘોડી પાછી બાંધી દીધી. હમેશના નીયમ પ્રમાણે લાખાને સવારમા ઘોડારમાં આવી પોતાની ઘોડીને તપાસતાં તેને શ્રમીત થએલી ને કાનમાં ગુજરાતની રેતી ચોંટેલી જણાઇ. જેથી માલુમ પડયું કે રાકાયત પાટણ જઇ મુળરાજને રાતમાં મળી આવ્યો છે. જેથી તેને પણ પુછતાં તેણે ખુલ્લા દીલથી કબુલ કર્યું કે મુળરાજ થોડા દિવસમાં તમારી સામો લઢવા આવશે. લાખો પણ લઢાઇનો રસીઓ હોવાથી મુળરાજને કચ્છમાં ન પેસવા દેવાના હેતુથી તેના સામો ફોજ લેઈ નીકળ્યો.

મુળરાજ લઢાઇની તૈઆરી કરી સૈન્ય સહીત પાટણમાંથી નીકળે છે, તેવામાં તેને ખબર મળી કે જુનાગઢનો રાજા ગ્રહરીપુ યાત્રાળુઓને ઘણો હેરાન કરે છે; તેથી યાત્રાળુઓનું દુઃખ મટાડવા કચ્છમાં નહિ જતાં તેણે પહેલી સોરઠ જીતવાનો નિશ્ચય કરી જુનાગઢ ઉપર ગયો. ને ગ્રહરીપુને લઢાઇમાં હરાવીને માર્યો. ત્યાથી કચ્છ જવા સારૂ નીકળ્યો. રસ્તામાં હાલના રાજકોટ નજીક આટકોટ ગામ પાસે મુળરાજ તથા લાખાની ફોજો ભેગી થઇને મહા યૂદ્ધ ચાલ્યું. લઢાઇમાં મુળરાજે જેવો ભાલો લાખાને મારવાને ઉગામ્યો તેવોજ રાકાયત જે મામાની પુઠે હતો તેણે આગળ ધસી આવી મુળરાજે ઉગામેલો ભાલો પોતાના શરીર ઉપર લીધો. પણ પોતે પોતાના મામા લાખાને એવા જોરથી ભાલો માર્યો કે લાખો તથા રાકાયત તેજ ઠેકાણે મુઆ. તેમના પાળીઆ આટકોટ ગામને પાદર છે. આ સમાચાર કચ્છમાં પહોંચતાં રાકાયતની સ્ત્રી જેને નાનો દીકરો ધાવણો હતો તે બાઇને સત ચઢયું ને સતી થવાનો દ્રઢ નિશ્ચય કરી પોતાના નાના બાળકને જંગલમા વાઘેશ્વરી માતાના આશ્રય નીચે મુકી બાઇ સતી થઇ. માતાજીએ વાઘેણના રૂપથી આ બાળકને ઉછેરવા માંડયો ને એમ કરતાં માતાના રક્ષણ નીચે તે પાચ વર્ષનો થયો.

મુળરાજ એક વખતે શીકારે નીકળેલો તેને જંગલમાં શીકારીઓથી એક વિચિત્ર બનાવની ખબર પડી કે જંગલમા વાઘેણના પગલાની સાથે એક નાના બાળકનાં પગલાં દેખાય છે. મુળરાજે તેની તજવીજ કરવા કહ્યું જેથી શીકારીઓએ નીર્ભય સ્થાનમાં જ્યાં માતાજી વાઘણ રૂપે સૂતાં હતાં તે જોયું; જેથી મુળરાજને તે સમાચાર કહેતાં તેણે જાતે આવી તપાસ કરી તો જણાયું કે માતાજી વાઘેણ સ્વરૂપથી સુતાં છે ને એક પાંચ વરસનો બાળક તેના ઉપર લાડથી રમે છે. આ અદ્‌ભુત બનાવ જોઇ મુળરાજ આશ્ચર્ય પામ્યો ને માતાજીને દેવતાઇ સ્વરૂપ સમજી પોતે ખાલી બંદુકનો બાહાર કર્યો.

માતાજીના જાણુવામાં આવ્યું કે બાળકનો આશ્રયદાતા આવી પહોંચ્યો; જેથી બાળક તેને મળે ને સુખી થાય એમ ધારી તુરત અંતરધ્યાન થઇ ગયાં; ને આકાશવાણી થઇ કે આ કુંવર ત્હારા ઓરમાન ભાઇ ગંગામહ ઉર્ફે રાકાયતનો પુત્ર છે માટે તેને સંભાળજે. મુળરાજે ઘણા હર્ષના આવેશમાં દોડી આવી પોતાના ભત્રીજાને ઉંચકી લીધો ને લાડથી ચુંબન કર્યું. પોતાના દરબારમાં આ વાતની ઘણી ત્વરાથી ખબર પહોચાડી ને દીવાળીથી મોટો આનંદનો દિવસ માની નગર લોકને તે પ્રમાણે વર્તવા કહેવરાવ્યુ. તે પ્રમાણે પાટણમાં ધામધુમ થઇ. સાજના વખતે મુળરાજ બાળકને તેડી પાટણમાં આવ્યા ને પ્રજાએ ભારે ધામધુમથી સામૈયુ કરી કુવર તેજ દિવસે જન્મ્યો હોય એવો ઉત્સાહ બતાવ્યો.

મુળરાજે આ કુવર વાઘેશ્વરી માતાના રક્ષણમા ને માતાજીના વાઘણુ રૂપમાં ઉછરેલો હોવાથી તેનુ ના[illegible]ત્ર પાડ્યુ. આજ પ્રતાપી પુરૂષ વ્યાઘ્રદેવ કે જેણે રેવાનુ વિશ[illegible]. આગળ ઉપર મેળવ્યુ ને તેજ આખા હિન્દુસ્તાનમા વસનારા વા[illegible]લાનો મુળ પુરૂષ છે.

વ્યાઘ્રદેવને મુળરાજે સારી કેળવણી આપી હુશીઆર બનાવ્યો.

વ્યાઘ્રદેવની પુખ્ત ઉમ્મર થતા તેણે દેશાટણ અને યાત્રા નિમિત્તે પ્રદેશ જવાની પોતાના વડીલ કાકાની આજ્ઞા માગી. તે તેમણે ઘણી આનાકાની સાથે આપી. તેમજ સાથે ઘણુ મોટુ સૈન્ય આપ્યું. તેમની સાથે યાત્રા જવા સારૂ જુદી જુદી કોમના કેટલાક માણસો ગયા. તેમણે કાશી પ્રયાગ વગેરે સ્થળે યાત્રાઓ કરી ઘણાં દાન પુન્ય કર્યાં. પછી પોતે ચીત્રકોટમાં આવ્યા. ત્યાંથી યાત્રા કરી પાછા ફરતાં નજીકનો પ્રાંત જે "ભાઠદેશ" કહેવાતો ત્યા આવ્યા. એ દેશનો રાજા કનકદેવ નામે હતો. તેને વૃદ્ધાવસ્થા થઈ હતી ને કુંવર નહોતો. ફક્ત એક રતનમતી નામે કુવરી હતી. કનકદેવે વ્યાઘ્રદેવને ગુજરાતના સોલંકી રાજાનો કુવર જાણી પોતાની કુંવરી પરણાવી ને કહ્યું કે મારે પુત્ર નથી તો આપ કૃપા કરી આ રાજ્યને સંભાળો. મેં કુંવરી આપને શાસ્ત્ર રીતીએ પરણાવી ધર્માનુસાર મારા કુંવર ગણ્યા છે. હું વૃદ્ધાવસ્થાને પહોંચ્યો છું ને મારૂં સંસારનું તમામ કાર્ય પુરૂ થએલું સમજી મોક્ષનો માર્ગ ખોળવા સારૂ યાત્રાઓ કરવા જાઉં છું. માટે આ તમામ રાજ્ય, ખજાનો, લશ્કર વિગેરે સર્વ આપને અર્પણ કરૂં છું. આ પ્રમાણે કહી રાજા કનકદેવ યાત્રા સારૂ ગયા ને વ્યાઘ્રદેવે રાજ્ય સંભાળી લીધું.

આ પ્રમાણે ભાઠદેશનું રાજ્ય મળવાથી વ્યાઘ્રદેવને ગુજરાત છોડી હિંદુસ્તાનમાં વસવું પડ્યું. પણ પોતે ગુર્જર દેશના સુંદર અને રસાળ સ્થળમાં

રહેલા જેથી તેમને આ નાના રાજ્યમાં સંતોષ થયો નહિ અને રાજ્ય વિસ્તીર્ણ કરવાનો દ્રઢ નીશ્ચય કર્યો. પ્રથમ તેમણે પોતાના રાજ્યની નજીકમાં આવેલા મંડ રઘુવંશી રાજાનું રાજ્ય પહેલી લઢાઇમાંજ જીતી લીધું; ને તે દેશ પોતાની હકુમતમાં મેળવી લેઇ ત્યાના રાજાને પાથરકછારનો કિલ્લો રહેવા સારૂ આપ્યો. ત્યાર બાદ બીજી ચઢાઇ લોધી રાજા ઉપર કરીને પોતે તેના રાજનગરને ઘેરો ઘાલી તેને હરાવી તે રાજ્ય પણ તાબે કર્યું. ત્યાર પછી વીંધ્યાચળ પર્વત ઉપરના પ્રાંતોના રાજાઓને વશ કરી તેમના ઉપર પોતાનો અમલ બેસાડયો.

આ રાજયનું નામ જે "ભાઠ" આ નામે પ્રસિદ્ધ હતું તે નામ ફેરવીને પોતાના નામ ઉપરથી "વાઘેલખંડ" એ નામ પાડયું જે અદ્યાપી સુધી પ્રસિદ્ધ છે.

વ્યાઘ્રદેવને પોતાની રતનમતી રાણીથી પાચ પુત્ર થયા. તેમાં સર્વથી મોટા કુમાર કરણસિંહજી જે સર્વથી પાટવી હતા તે પોતાના પિતાના સ્વર્ગવાસ પામ્યા પછી ગાદી ઉપર બેઠા. ૨ કંધરદેવને કસોટાનો ઇલાકો જાગીરમાં આપ્યો; તેમજ રાવનો ઇલકાબ આપ્યો. ૩ સુરતદેવ એ કુમાર પૂર્વ દેશમા ગયા. ૪ સોહાગદેવ દક્ષિણમા ગયા. ને સઉથી નાના શ્યામદેવજી પોતાના પિતાની જન્મભૂમી ગુજરાતમાં આવ્યા. તેમને મૂળરાજના દીકરા પાસેથી ફટાયા ગરાસમાં ધોળકાનો તાલુકો જે તે વખતમાં વિરાટને નામે પ્રસિદ્ધ હતો તે મળ્યો. તેના વંશમા કેટલીક પેઢીએ ધવળદેવ નામે રાજા થયો, તેણે પોતાના નામ ઉપરથી વિરાટનું નામ ફેરવી ધવળપુર નામ રાખ્યું ને તેનો અપભ્રંશ થઇ તે શહેર ધોળકા નામથી પ્રસિદ્ધ છે.

વ્યાઘ્રદેવ લાંબું આયુષ્ય ભોગવી સ્વર્ગપદ પામ્યા. તે ઘણા બહાદુર અને હિંમતવાન પુરૂષ હતા. પોતાના સ્વપરાક્રમથીજ તેમણે મોટુ રાજ્ય જમાવ્યું. જ્યારે ગુજરાત છોડી હિંદુસ્થાન ગયા ત્યારે જે જે પુરૂષો જુદીજુદી જ્ઞાતિના તેમની સાથે હતા તેઓએ પણ ત્યાંજ નિવાસ કર્યો ને લગ્ન પણ તેજ દેશમાં કરી ત્યાંના કાયમના રહેવાસી બન્યા. જેથી આજે પણ તેમના વંશજો "ગુજરાતી" આ નામથી ઓળખાય છે ને ઘણુંકરીને તેઓની કેટલીક જાતો ત્યાં મોજુદ છે. વ્યાઘ્રદેવ પોતાની સાથે એક નાગર બ્રાહ્મણને લેઈ ગએલા તેના વંશજને જાગીરમાં ત્રણ ચાર ગામ મળે છે ને જનાનાના મંદીરની સેવાનું કામ તેને સોપેલું છે.

મહારાજા વ્યાઘ્રદેવની ગાદી ઉપર તેમના પાટવી કુમાર કરણદેવજી બેઠા.

તે પણ ઘણા બહાદુર હતા. તેમની સગાઈ સંસ્થાન રાયપુર ઇલાકે મંડાળાના રાજા હૈહોવંશી સોમદત્ત રાજાની કુવરી પદ્મકુંવરબા સાથે થઈ હતી, જેથી તેમના સસરા સોમદત્ત રાજાએ બાન્ધવગઢનો ઘણો મજબુત કિલ્લો પોતાના જમાઇને દાયજા (પહેરામણી)મા આપ્યો હતો. એ કિલ્લો એવો સરસ હતો કે જેથી કરણદેવને ત્યાં રાજ્યગાદી કરવાની ઇચ્છા થઇ ને તેથી તેણે ત્યાંજ રાજગાદી કરી ને પોતાના નામથી ત્યા કરણપવર નામે નીચે દરવાજો કર્યો તે અદ્યાપી સુધી છે; ને બીજો બીજપવર નામે વચમા ને ત્રીજો સિંહપવર નામે ઉપર દરવાજો છે.

મહારાજા કરણદેવજીની બીજી સગાઈ જોધપુરના મહારાજાની કુંવરી મલ્લકુંવરબા સાથે થઇ હતી. તે બાઇથી જે કુંવર થયા તેમનું નામ સોહાગદેવ પાડવામા આવ્યું હતું. મહારાજા કરણદેવજીના મોટા રાણી પદ્મકુવરબા સાથે જે હજુરી ક્ષત્રી આવેલા તે "○કરચુલી" આ શાખાથી પ્રસિદ્ધ છે.

કરણદેવજી સ્વર્ગલોક પામ્યાથી તેમની ગાદીપર તેમના કુવર મહારાજા સોહાગદેવ થયા. તેમણે એક સોહાગપુર નામનું નગર વસાવ્યું જે રીમાના રાજ્યમાં આજે પણ છે. તેમની સગાઇ રાજા વિજયરાજના કુવરી ભગવતકુંવરબા સાથે થઇ હતી. તેમનાથી જે કુવર થયા તેમનું નામ સારંગદેવ પાડવામાં આવ્યુ. તેમણે લાંબી મુદત સુધી રાજ્ય કર્યુ, ને તેમના વખતમાં પ્રજા શાન્તિમાં રહેતી હતી.

મહારાજા સોહાગદેવ સ્વર્ગલોક પામ્યાથી તેમની ગાદીપર કુમાર સારંગદેવ બેઠા. તેમને પણ પોતાના પિતાની માફક નગર વસાવવાની ઉત્કંઠા થઈ. જેથી અલાહબાદ (પ્રયાગ) પાસે હાલ સારંગપુર જે પ્રસિદ્ધ ગામ છે તે તેમણે વસાવી આબાદ કર્યુ. તેમની સગાઇ રતનસિંહ પરીહારનાં કુંવરી ભજનકુંવરબા સાથે થઇ હતી તેમનાથી વિલ્લાસદેવ એ કુવર થયા. તેમણે લાંબુ આયુષ્ય ભોગવ્યુ હતું.

મહારાજા સારંગદેવ સ્વર્ગપદ પામ્યા પછી તેમના કુંવર વિલ્લાસદેવ

○રાયપુરના કરચુલી રજપુત પોતાને હૈહોવંશી રાજા રાયસિંહની ઓલાદના કહેવરાવે છે. તેઓ એમ પણ કહે છે કે "કરચુલી"ની પદવી અમને બાદશાહ તરફથી મળેલી છે. કરચુલી એ શબ્દનો ખરો અર્થ તરવાર ઉઠાવનાર એમ થઇ શકે છે. તેમના પૂર્વજોએ કાંઇ મોટા પરાક્રમનું કામ કર્યું હશે જેથી બાદશાહ તરફથી તેમને ઇલકાબ મળ્યો હશે એ માનવુ અશકય નથી. તેનો મૂળ શબ્દ "करा चोळी" ને તે ઉપરથી કરચુલી શબ્દ પ્રખ્યાત થયો છે.

ગાદીપર બેઠા. તેમને પણ પોતાના પિતા તેમજ પિતામહની રીતને અનુસરીને નગર વસાવવાની ઉત્કંઠા થઈ, જેથી વિલાસપુર નામનું નગર વસાવ્યું જે હાલ આબાદ છે. તેમની સગાઈ ગોપાળપુરના કચ્છવાહા રાજા હીરાસિંહની કુવરી સાથે થઇ હતી જેમના કુંવર ભિમ્મલદેવ થયા.

મહારાજા વિલાસદેવ સ્વર્ગપદ પામ્યાથી તેમની ગાદી ઉપર તેમના કુમાર ભિમ્મલદેવ બેઠા. આ ઘણા બહાદુર ને શુરા ક્ષત્રી હતા. તેમણે ઘણીજ હિંમતથી પોતાના રાજ્યનો વધારો કર્યો, ને તેમના રાજ્યની હદ ગંગા ને જમુના નદીની વચમાં ઇટાવા શહેર સુધી હતી. વળી ચૌહાણ વંશી ખીચર ગોડેપમાર, ઘેહેલોત, કચ્છવાહા, જાદવ, ગુજર, ઊજેન, ચંદેલ, બુદેલખંડ એ સર્વને તેણે પોતાના ખંડીઆ બનાવ્યા હતા. પોતાની ઉત્તર અવસ્થામાં પોતાના કુમારને રાજ્ય સોંપીને તીર્થાટણ કરવા નીકળ્યા હતા; ને તે કાશી, પ્રયાગ, ગયાજી વગેરે યાત્રાઓ કરી ગુજરાતમા દ્વારીકા ગયા, ત્યાં તે પ્રભુપદ પામ્યા. તેમની સગાઈ સુરજવંશી ભગવતરાય દેવની કુવરી વનકુંવરબા સાથે થઇ હતી. તેમનાથી જે કુવર થયા તેમનું નામ અનીકદેવ પાડયું. જ્યારે મહારાજા યાત્રા ગયા ત્યારે પોતાના કુમાર અનીકદેવને ગાદી સોંપી હતી.

ભિમ્મલદેવ પછી અનીકદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ વિજયપુરના રાજા જૈરાજસિંહની કુવરી રામકુવરબા સાથે થઈ હતી. તેમનાથી કુમાર વલનદેવ થયા.

મહારાજા અનીકદેવ સ્વર્ગલોક પામ્યા પછી કુમાર વલનદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ રતનપુરના રાજા જીતરાવની કુવરી મદનકુંવરબા સાથે થઈ; જેથી કુમાર દલકેશરદેવ પેદા થયા.

મહારાજા વલનદેવ સ્વર્ગલોક પામ્યા પછી કુમાર દલકેશરદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ વાસવાડાના રાજા રૂપસિંહજીની કુવરી પ્રજામતીદેવી સાથે થઇ હતી. જેના કુમાર મલકેસરદેવ થયા. મહારાજ દલકેસરદેવે ૧૦૯ વરસની લાબી જીદગી ભોગવી હતી.

મહારાજા દલકેસરદેવ સ્વર્ગલોક પામ્યા પછી તેમના કુમાર મલકેસરદેવ ગાદી ઉપર બેઠા. તેમણે પોતાના વૃદ્ધ પુર્વજોની પદ્ધતિ મુજબ મલકપુર નામનું નગર વસાવેલું તે હાલ આબાદ છે. તેમની સગાઇ ઊચેહરાના રાજા કીશોરસિંહ પરીહારની દીકરી ભગવતકુંવરબા સાથે થઈ જેના કુંવર વરીઆરદેવ થયા.

મહારાજા મલકેસરદેવ સ્વર્ગલોક પામ્યાથી તેમના કુમાર વરીઆરદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ મટોલના રાજા પરમાલદેવની કુંવરી ચંદ્રકુંવરબા સાથે થઈ જેનાથી કુંવર વુલ્લારદેવ થયા.

મહારાજા વરીઆરદેવ સ્વર્ગલોક પામ્યાથી કુમાર વુલ્લારદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ ઊચેહરાના રાજા હનુમંતસિંહ પરીહારની કુવરી અહીજનકુંવરબા સાથે થઇ તેનાથી સિહદેવ કુવર ઉત્પન્ન થયા.

મહારાજા વુલ્લારદેવ સ્વર્ગલોક પામવાથી કુમાર સિહદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ પણ પરીહાર રાજાની કુંવરી સાથે થઇ હતી. તેમનાથી ભૈરમદેવ કુંવર ઉત્પન્ન થયા. આ રાજાએ પોતાના કુમાર ભૈરમદેવને રાજ્ય સોંપી પોતે ગંગા કિનારા ઉપર અમ્રકપુર જેને અવઅરઇલ કરીને કહે છે ત્યાં આગળ સોમેશ્વર મહાદેવના સ્થાનકમા તપ કરવા લાગ્યા ને પોતાનું રાજ્ય અચળ રહેવાના હેતુથી ત્રીવેણીમા સમાધ લીધી.

મહારાજા સિહદેવની ગાદી ઉપર તેમના કુમાર ભૈરવદેવ ગાદી આરૂઢ થયા. તેમની સગાઇ નરવરના રાજા કીરતદેવની કુવરી અમરકુવરબા સાથે થઈ તેનાથી નરહરીદેવ કુમાર ઉત્પન્ન થયા.

મહારાજા ભૈરવદેવ સ્વર્ગપદ પામ્યા પછી કુમાર નરહરીદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ પરીહાર રાજા ભગવતસિહજીની કુવરી રતનકુવરબા સાથે થઇ જેનાથી ભૈધદેવ કુમાર પેદા થયા; ને તેમનાથી નાના કુમાર જનકદેવ થયા, તેમને લુકનો ઈલાકો હિસ્સામા આપ્યો; જે પછીથી અવગ્રહ નામથી પ્રખ્યાત થયો.

લુક શહેરનાં જુનાં ખડેરોથી જણાય છે કે અસલ તે જગો ઉપર મોટુ શહેર હશે. આ રાજાએ ઘણી બાહાદુરીથી પુષ્કળ મુલક મેળવ્યો; ને પૂર્વમાં કાશીની પૂર્વમા સોનભદ્ર નદ સુધી પોતાની હદ વધારી હતી.

મહારાજા નરહરદેવ સ્વર્ગપદ પામ્યાથી તેમના પાટવી કુમાર ભૈધદેવ ગાદી ઉપર બેઠા. તે ઘણા શુરા હતા. તેમણે લાડીલા પરીહાર પાસેથી નરોકાનો કિલ્લો જીતી લીધો ને ત્યાં પોતાની રાજ્યધાની મુકરર કરી. આ રાજાના વખતમા વસામણ એ નામનો બ્રાહ્મણ હતો, તેણે અવિચારથી આત્મહત્યા કરી. તેનો સબબ એમ બન્યો કે મહારાજાની સ્વારી મોજે કુમહરા ઇલાકે સેમેરીયા તરફ શીકાર કરવા ગઇ હતી ને તેમણે સતધારની ગઢીમાં મુકામ કર્યો હતો. બ્રાહ્મણનું વતન કુમહરામાં હતું. રાજાના ફરાસે પોતાના ઊંટના ચારા સારૂ

એક પીંપરનું વૃક્ષ જે તે બ્રાહ્મણના ઘરથી નજીક હતું તે કાપ્યું. તે વખતે તે બ્રાહ્મણ પોતાની સગાઇ કરવા સારૂ પરગામ ગયો હતા, તેને ઘેર આવી પોતાની માતુશ્રીથી તજવીજ કરતાં માલુમ પડયું કે તે ઝાડ રાજા તરફથી કપાણું છે. જેથી તેણે તુરત ક્રોધમાં આવી જઇ જ્યાં આગળ રાજા બેઠા હતા, ત્યાં જઇ લોકોના ઘણા સમજાવ્યા છતાં ને રાજા તરફથી બહુ વિનંતી થયા છતાં તે ધ્યાનમાં ન લેઈ એકદમ આત્મહત્યા કરી પડયો ને પોતે બ્રહ્મરાક્ષસ થઈ રાજા ભેઘદેવને માર્યો. તે વખતે તેમનાં રાણી ચીતોડમાં પોતાના ભાઇને ત્યાં ગએલાં હતાં ને તે સગર્ભા અવસ્થામાં હતાં. ત્યાં તેમને શાલીવાહનદેવ નામે કુવર થયો. આ બ્રહ્મરાક્ષસ ત્યાં પણ પહોચ્યો ને કોઇના શરીરમાં આવી બોલ્યો કે રાજાના ઊંટવાળાએ મારી પીંપર કાપી જેથી મેં રાજાને માર્યો છે. પણ જો તેમની રાણી ને કુવર રાજધાનીમાં આવશે તો હુ તેમને સતાવીશ નહિ; ને મારી પુજા કરશે તો તેમને કાંઇ હરકત પડવા દઇશ નહિ.

રાણીના ભાઇએ કહ્યું કે તારા દગાના ડરથી મારી બેન ભાણેજને હું ત્યાં મોકલનારજ નથી. તેના જવાબમાં તે બ્રહ્મરાક્ષસે જણાવ્યું કે તમારાં બેન તેમને હુ મારાં બેન સમજીશ અને તમારો ભાણેજ તેને હુ મારો પોતાનો ભાણેજ છે એમ માનીશ. આ પ્રમાણે બ્રહ્મરાક્ષસે વચન આપી પ્રતિજ્ઞા કરવાથી રાણી પોતાના બાળ કુવર શાલીવાહનદેવને લેઇને રાજ્યગાદીમાં આવ્યાં; ને તે બ્રહ્મરાક્ષસ વસામણદેવની હરસાલ પુજા કરવાનું ઠરાવ્યુ. ત્યારથી તે બ્રહ્મ-રાક્ષસ "વસામણ મામા" એ ઉપનામથી પ્રખ્યાતી પામ્યો.

ભેઘદેવની પહેલી સગાઇ બકસરના રાજા વસાતનદેવના કુવરી કિરણદેવી સાથે થઇ હતી. તે બાઇની સાથે જે લોકો પોતાના ઘરબાર સહીત આવેલા તે બકસરીઆ કહેવાય છે ને તે બાન્ધવગઢમાં આજ પણ છે. તેમની બીજી સગાઇ ચિતોડગઢના સિસોદીઆ રાણા લખજીની કુંવરી સાથે થઇ હતી. જેના કુંવર શાલીવાહનદેવ થયા. તે રાણી સાથે જે લોક પોતાનાં ઘરબાર સાથે આવેલા તે મીના કહેવાતા ને તેમનો વંશ આજ પણ રીમામાં છે.

મહારાજા ભેઘદેવ સ્વર્ગે લોક પામ્યા પછી તેમના કુમાર શાલીવાહનદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઈ ડૌરીઆર વેરાના રાજા સુમેરસિંહ વેલની દીકરી કનકકુવરબા સાથે થઈ. તેનાથી વીરસિંહદેવ નામે કુંવર થયા.

મહારાજા શાલીવાહનદેવ સ્વર્ગ લોક પામ્યાથી તેમના કુંવર વીરસિંહદેવ ગાદી ઉપર બેઠા. તેમણે પોતાની રાજ્યગાદી વાંધા શહેરમાંથી ઉઠાવી પોતાની જુની રાજધાની બાન્ધુગઢમાં આણી. તેમની સગાઈ રામપુરના રાજા મોહન-

સિંહ કચ્છવાહાની દીકરી સૂર્યકુંવરબા સાથે થઈ જેનાથી કુંવર વિરભાણુદેવ પેદા થયા. મહારાજા વિરસિંહે રાજગાન્ જેલને શીક્ષા આપી તેનો મુલક તથા નીચે જણાવેલા મુલક જીતી લીધા.

૧ વિક્રમાદિત્ય નાગવંશીની પાસેથી છોટા નાગપૂરનો મૂલક લેઇ લીધો.

૨ અરજુનદેવ ગોંડની પાસેથી ગટા મંડીલાનું રાજ્ય જીતી લીધું.

૩ રાયબહાદુર ગોન્ડની પાસેથી રતનપુર ઇલાકો લેઇ લીધો.

૪ ચંઢહાર ચોહાણ પાસેથી વરતરનો ઇલાકો જીતી લીધો.

આ પ્રમાણે આ પરાક્રમી રાજાએ મોટી લડાઇઓ કરી ઘણો મુલક પોતાના રાજ્ય સાથે મેળવી લીધો. તેમના વખતમાં પૂર્વમાં વિહાર, પશ્ચીમમાં ધસાન નદી, ઉત્તરમાં સઇ નદી ને દક્ષિણમાં પણ ઘણે સુધી હતો. તેમણે પોતાના નાના ભાઈ નાગમલદેવને કેવટીનો તાલુકો આપ્યો. તે આગળ જતાં બહુ બહાદુર પુરૂષ કહેવાતો. તેમણે નજીકની જાતો પાસેથી ખંડણી લેવા બંદોબસ્ત કરેલો તે આજ પણ ચાલે છે.

મહારાજા વિરસિંહદેવ સ્વર્ગલોક પામ્યાથી તેમના કુમાર વિરભાણુદેવ ગાદી ઉપર બેઠા. તેમની સગાઇ ગોપાળપુરના રાજા સુલતાનસિંહ કચ્છવાહાની પુત્રી કિર્તનકુવરબા સાથે થઇ હતી, જેનાથી કુવર રામદેવ પેદા થયા. મહારાજા વિરભાણુદેવનો જન્મ સંવત ૧૫૩૯ માં થયો. તે ૧૯ વર્ષ યુવરાજપદે રહી સંવત ૧૫૫૮ માં બાન્ધુગઢની ગાદી ઉપર બેઠા. તેમના બે નાના ભાઇ હતા. જેમાંના જમુનીભાણુને મહીઅરનો ને સોહાગપુરનો ઈલાકો ગરાસમાં આપ્યો. ને પોતાના ત્રીજા ભાઇ હોરીલદેવને વીડાનો ઇલાકો ગરાસમાં આપ્યો. તેના વંશમાં તેહુન, રામપુરા ને ગઢવાડના ઠાકોર છે. તેમના વીંડાના તાલુકામાં જે વાઘેલા છે તે મહારાજા અનુપસિંહજીના વંશના છે.

મહારાજા વિરભાણુદેવના વખતમાં દિલ્હીના બાદશાહ હુમાયુને પટના નજીકમાં શેરખા પઠાણ સાથે યુદ્ધ થયુ, જેમાં હુમાયુ હાર્યો ને કનોજ તરફ ચાલ્યો ગયો. તે વખતે તેની બેગમ હમીદા જેને વાઘેલખંડના લોક "ચોલી બેગમ" એ નામથી અદ્યાપી પણ પીછાણે છે, તે પોતાના થોઠા માણુસો સાથે નાશીને બાન્ધુગઢ નજીક પહોંચી. મહારાજા વિરભાણુદેવે આ ખબર સાંભળી પોતાના માણુસ મોકલી તજવીજ કરાવી તો માલૂમ પડયું કે હુમાયુની હાર થવાથી તે કનોજ તરફ ને બેગમ આ તરફ ભાગી આવ્યાં છે. આ સાંભળી મહારાજા પોતે બેગમ સાહેબની મુલાકાતે ગયા; અને તેમને ઘણી ધીરજ અને દીલાસો આપી પોતાના બાન્ધુગઢના કિલ્લામાં આણી અભયતાથી રાખ્યાં.

પરંતુ બેગમ સગર્ભા હોવાથી તેમજ પોતાના મોટા દુશ્મન શેરખાંનું રહેઠાણ નજીકમાં હોવાથી તેનો મોટો ડર હોવાને લીધે તેમણે બાન્ધુગઢમાં ન રહેતાં સિંધ તરફ જવાની પોતાની મરજી બતાવી. મહારાજાએ ઘણી લાચારીથી તેમ કરવાને કબુલ કર્યું. કારણ, તેમનો આગ્રહ બેગમને બાન્ધુગઢમાંજ આશ્રય આપી રાખવાનો હતો. પણ બેગમની હઠથી પોતાના સારા વિશ્વાસુ પટાવતોને સૈન્ય આપી તેમની સાથે સિંધમા ઉમરકોટ પહોચતાં કર્યાં. ત્યા હુમાયુ પણ શેરખાંથી હારીને ઇરાન તરફ જવા સારૂ આવ્યો હતો. તેમને મહારાજાના માણસોએ બેગમની સોપરદ કરી. આથી હુમાયુ ઘણો ખુશી થયો ને વિરભાણદેવનો મોટો ઉપકાર માન્યો.

આ ભાગ્યવાન બેગમની કુખે હિંદુસ્થાનના મુસલમાન બાદશાહોમાં સર્વથી શ્રેષ્ટ ગણાનાર પ્રતાપી અકબરશાહનો જન્મ થયો. ત્યાથી એટલે અકબરશાહના વખતથી તે છેલ્લા બહાદુરશાહ સુધીના તમામ બાદશાહો રીમાના વાઘેલા મહારાજા સાથે સારો સમાગમ રાખવા લાગ્યા. તેમજ વાઘેલા પણ હમેશા દિલ્હીના તખ્ત સાથે સલુકાઇથી વર્તતા હતા; ને મળીને ચાલતા હતા.

હુમાયુ બાદશાહની બેગમ હમીદા રેવાના મહારાજાને તેની આ મોટી સેવાનો બદલો તુરત આપી શક્યાં નહિ. કારણ ઉમરકોટમાથી હુમાયુને બેગમ તથા કુંવર સાથે કંદરહાર તરફ જવું પડયુ. તે ત્યાથી પોતે ઇરાન ગયો. ત્યાંથી લાંબી મુદતે પાછા આવી દીલ્લી ઝીતી લીધું ને માત્ર છ મહીનાના અરસ્સામાં તે ગુજર્યો જેથી હમીદા ત્યા સુધી કશુ કરી શકયા નહિ. જ્યારે અકબર બાદશાહ મોટી ઉમરના થયા ત્યારે તેમના માતુશ્રીએ રેવાના મહારાજાએ પોતાને કરેલા ઉપકારની હકીકત કહી, રેવાના રાજ્યની કાંઇ પણ ખંડણી ન લેવા આગ્રહ કર્યો ને અકબરે તે કબુલ કરી તે પ્રમાણે રેવાના રાજાને ફરમાન મોકલ્યું કે તમારા રાજ્યની ખંડણી વંશ પરંપરા માફ કરી છે, માટે લેવામાં આવશે નહિ. અકબરશાહે પોતે આ નીયમ પાળ્યો ને ત્યાર પછીના ઓરંગઝેબ જેવા જુલમી પાદશાહ થયા તેમણે પણ પોતાના વડીલના હુકમની મર્યાદા રાખી રેવાના રાજા પાસે ખંડણી લીધી નહિ; ને આ અંગ્રેજી નેકી રાજ્યમાં પણ એ રાજ્ય પાસે ખંડણી લેવામાં આવતી નથી.

મહારાજા વિરભાણદેવ ૬૩ વર્ષ રાજ કરી ૮૨ વર્ષનું આયુષ્ય ભોગવી સંવત ૧૬૨૧ માં સ્વર્ગપદ પામ્યા.

મહારાજા વિરભાણદેવની ગાદી ઉપર તેમના કુમાર રામદેવજી બેઠા. તેમનો જન્મ સંવત ૧૫૮૫ માં થયો. તેમણે ૩૬ વર્ષ યુવરાજ પદવી ભોગવી સંવત ૧૬૨૧ માં ગાદી ઉપર બેઠા. આ રાજાનું નામ ફારસી કિતાબોમાં રાજા રામ-

ચદ્ર લખ્યું છે; ને રાજ્ય મુલકનું નામ પણ ભાઠદેશ લખ્યું છે ને રાજા પણ ભાઠ એ નામથી મશહુર થયા છે. એ રાજાના વખતનો કાંઈક હેવાલ અકવાલ નામે જહાંગીરી અને મુન્ન તખવુત તવારીખ આ નામની ફારસી કિતાબોમાંથી નીચે મુજબ જાણ્યામાં આવ્યો છે.

ગાજીખાં તન્નુર નામે એક અમીર શેરખાંના વંશના અદીલશાહ સુરનો એક સરદાર હતો. તેણે ત્યાર પછી અકબરશાહની પ્રીતિ સંપાદન કરી તેમના દરબારમાં રહ્યો. પરંતુ પાદશાહ સાથે તેને અણબનાવ થવાથી તે રીમાના મહારાજા રામચદ્રને શરણે આવીને રહ્યો. અકબરશાહે રાજા રામચદ્રની પાસે ગાજીખાને તેના રાજ્યમા નહિ રાખતા પોતાની હજુરમા મોકલવા માગણી કરી. પરંતુ આશ્રયે આવેલાને દગાથી સોપવો એ બહાદુર ક્ષત્રીનો ધર્મ નથી એમ ધારી શૂરા રામચદ્રે તે માગણી સ્વીકારવાને આનાકાની કરવા માડી. જેથી અકબરશાહે સંવત ૧૬૧૮ ઈ. સ. ૧૫૬૨ મા ગઢકઢગીના જાગીરદાર અબદુલ મજીદ આસફખાને હુકમ કર્યો કે તમારે રીમાના રાજા રામચદ્ર ઉપર સ્વારી કરી ગાજીખાનને પકડી લાવવો. રાજા ખુશીથી ગાજીખાનને આપણે હવાલે કરે તો તેમનો આદર સત્કાર કરી પાછા આવવું. આ પ્રમાણેનો બાદશાહી હુકમ તેને મળ્યો પણ તે વખતમા ચોમાસું હોવાથી પુષ્કળ વરસાદના કારણથી તે જાગીરદાર તેનો તુરત અમલ કરી શકયો નહિ.

પછી મોસમ ખુલ્લી થએ તેણે રાજા રામચદ્રને સંદેશો મોકલ્યો કે તમે જે ગાજીખાંનને શરણે રાખ્યો છે તેને અમારા સ્વાધીન કરો. પાદશાહની તાબેદારી કબુલ કરો અગર તેમ નહી તો લડાઇ કરવાને તૈયાર થાઓ. જો તમે સારી રીતે વિચાર કરી ગાજીખાંનને સોપશો તો તમારા રાજ્યની આબા-દાની રહેશે ને સુખે રાજ કરશો. નહિ તો તમારા વગર વિચાર્યા કૃત્યના ફળ તમારે ભોગવવાં પડશે. આવો સંદેશો મળ્યો તોપણ શરણાગતને નિરાશ ન કરવો એવો પકકો ઠરાવ કરી તેમણે બાદશાહ સંગાથે યુદ્ધ કરવાનું નક્કી કર્યું. ને તે પ્રમાણે ખબર આપવાથી આસફખા પોતાના સૈન્ય સંગાથે રીમાના (રેવા)ના રાજ્ય ઉપર ચઢી આવ્યો. તેના સામી મહારાજાએ પોતાના શૂરા ક્ષત્રીઓની ફોજ બહાદુર સરદારોના ઉપરીપણા નીચે લડાઇમાં ઉતારી. તેમજ ગાજીખાન પણ પોતાના પઠાણ યોદ્ધાઓ સાથે રણમાં આવ્યો. ઘણા વેગથી લડાઈ ચાલી. શૂરા ક્ષત્રીઓએ ઘણી બહાદુરી કરી યુદ્ધમાં ઝંપલાવ્યું. યુદ્ધમાં પરાક્રમ કરી સ્વર્ગે જનાર શૂરા ક્ષત્રીઓને વરવા સારૂ સ્વર્ગની અપસરાઓ રણ સંગ્રામમાં અંતરીક્ષ આવીને ઉભી રહીઓ. ભુત, પ્રેત અને પીશાચ પોતાનું ભક્ષ મેળ-વાની આતુરતાથી નાચવા કુદવા લાગ્યાં. શંકર પોતાની કદી પણ પુરણ ન

થઇ શકે તેવી રૂંઢમાળામાં માથાં પરોવવા લાગ્યા. જે ક્ષત્રીઓ પોતાના મોજમઝાના વખતમાં ઘણીજ કોમળતા ધારણ કરતા તે યુદ્ધમાં શસ્ત્રોના ઘાથી વિંધાયા છતાં પણ મારો મારોના પોકાર સાથે યુદ્ધ કરવા લાગ્યા. દુશ્મનો પણ તેવાજ જોશથી તેમના સામા લડવા લાગ્યા. ઘણા વેગથી લઢાઇ ચાલી તેમાં આખરે મહા મુશ્કેલીથી આસફખાં જય પામ્યો ને ગાજીખાન લડાઈમાં માર્યો ગયો તથા રાજા રામચંદ્ર બાન્ધુગઢના કિલ્લા ઉપર ચઢી ગયા. આસફખાંએ આ કિલ્લાને ઘણી લાંબી મુદ્દત સુધી ઘેરો રાખ્યો પણ તેમાં તેનું કશું વળ્યુ નહિ. આખરે રાજા રામચદ્રના સ્નેહી સંબંધી રાજાઓ જે અકબરશાહની હજુરમા હતા, તેમણે બાદશાહને સીપારસ કરી રાજા રામચંદ્ર સાથે સધી કરાવી. તેમા એમ ઠર્યું કે રાજા રામચદ્રે અસલ માફક બાદશાહના તાબામાં રહેવુ; ને બીજા રાજાઓની માફક બાદશાહની નોકરી કરવી. આ પ્રમાણે થવાથી બાદશાહે આસફખાં જે બાન્ધુગઢને ઘેરો નાખી પડયો હતો. તેને લખ્યું કે તમારે તમારી જાગીરમાં જવું, ને રાજા રામચંદ્રને, તેના મુલકને તથા રૈયતને રંજાડવી નહિ. આ પ્રમાણે હુકમ થવાથી આસફખાન પોતાની જાગીર કટંકીમાં ચાલ્યો ગયો ને રાજાએ પોતાના રાજ્યની સારી રીતથી આબાદાની કરી.

તાનસેન ગવૈયો જે અદ્યાપી સુધી તેની ગાયનકળાને વાસ્તે હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ છે તે તાનસેન રીમાના રાજ્યનો રહેનાર તેમજ મહારાજ રામચંદ્રનો ગવૈયો હતો. અકબરશાહના જાણવામા તાનસેનની તારીફ આવી જેથી કરીને તેનુ ગાયન સાંભળવાને તેને ઘણી હોશ થઈ, જેથી તેણે તજવીજ કરાવતાં તે રામચદ્ર રાજા પાસે છે એમ જણાયું. જેથી અકબરે પોતાના સરદાર જલાલખાનને સવત ૧૬૧૮ મા રાજા રામચદ્ર પાસે તાનસેનને તેડવા સારૂ મોકલ્યો. મહારાજાએ તાનસેનને ઉત્તમ પ્રકારનાં જવાહીર વસ્ત્રાલકાર વિગેરે આપી અકબરશાહના દરબારમાં મોકલ્યો. તાનસેનના ગાયનથી અકબરશાહ ઘણોજ ખુશી થયો ને તેની સાથે એટલો ઘાડો પ્રેમ વધ્યો કે અકબરે તેની હયાતી સુધી તેને પોતાની પાસે રાખ્યો. તાનસેન ગુજર્યો ત્યારે અકબરશાહ ઘણો દીલગીર થયો હતો. તેની કબર ગ્વાલીયરમાં છે.

કલીંજરનો કિલ્લો રાજા કિરતદેવ પાસેથી શેરશાહ સુરે ફતેહ કરીને લીધો હતો ને તેના વખતમાં ત્યાં તેના તરફથી કીલ્લેદારો રહેતા હતા. જેમાંનો એક કીલ્લેદાર બાહાદુરખાં હતો. તેની પછી તેનો પુત્ર વીજળીખાં થયો, તેણે તે કીલ્લો નાણું લેઇ રાજા રામચંદ્રને વેચાતો આપી દીધો હતો. અકબરશાહને કીલ્લાઓ તાબે કરવાનો ઘણો શોખ હતો. ને તેથી તેણે ચીતોડ, રણથંભોર

વિગેરે કીલ્લા ઇ. સ. ૧૫૬૮ માં જીત્યા. આ જોઇ રાજા રામચંદ્રે વિચાર્યું કે કોઈ વખત કલીંજર પણ લેવાને બાદશાહનો જીવ લલચાય. તે સોપવો પડે તેના કરતાં પ્રથમથી આપે આપણને જસ મળશે એમ ધારી કિલ્લાની કુંચી અકબરશાહ તરફ મોકલી દીધી. અકબરશાહ ઘણોજ ખુશી થયો ને તે બાબતની ખાતરદારીનું ફરમાન મહારાજાપર લખ્યું; ને પોતાને ઉપજેલી ખુશીમાં અલ્હાબાદ નજીકમાં અરઇલનું પરગણું છે તે રાજા રામચંદ્રને ઇનામમાં આપ્યું.

આ પ્રમાણે થવાથી મહારાજા રામચંદ્ર પોતે બાદશાહની હજુરમાં ન ગયા; પણ પોતાના પાટવી કુમાર વિરભદ્રને પાદશાહની હજુરમાં મોકલ્યો ને પોતે દિલ્હીની શહેનશાહતની તાબેદારી કબુલ કરી. બહુ દિવસ સુધી પાટવી કુમાર વિરભદ્ર બાદશાહની હજુરમા રહ્યા. ત્યાર બાદ પાદશાહ જ્યારે સંવત ૧૬૩૯ ઇ. સ. ૧૫૮૩ ની સાલમા અલાહાબાદ આવ્યા ત્યારે મહારાજા રામચંદ્રને પોતાની હજુરમાં બોલાવવાની ઇચ્છા કરી. જે વખત કુમાર વિરભદ્રે પાદશાહને નમન કરીને કહ્યુ કે મારા પિતાજીને બોલાવવા હશે તો તેમને તેડવા કોઈ સારા ખાનદાન અમીરને મોકલશો તો તે આવી પાદશાહની હજુરમાં હાજર થશે. પાદશાહે તેમની અરજ કબુલ રાખીને જેનખાં તથા બીરબલ આ બે સરદારોને રાજા રામચંદ્ર પાસે મોકલ્યા. તેમની પાકી બાહેધરી કબુલ કરાવી રાજા અકબરશાહના દરબાર તરફ આવ્યા. જેનખાએ બાદશાહને રીમાના રાજા રામચંદ્ર પધાર્યાની ખબર આપી. બાદશાહે તેમની મુલાકાત ઇટાવે મુકામ થયે લેવાની મરજી જણાવી. ત્યાંથી સ્વારી ઈટાવે ગઇ ત્યાં પણ બાદશાહની મુલાકાત થઇ નહિ. છેવટ ફતેપુર સીકરીના મુકામે બાદશાહની મુલાકાત થઇ. ત્યાં રાજા રામચંદ્રે બાદશાહને એક ઘણીજ ઊચી જાતનું ભારે મુલનું માણેક તથા એકસોને વીસ હાથી તથા કેટલીક કિમતી ચીજો ભેટ કરી. બાદશાહે માણેક તથા હાથી રાખી બીજો અસબાબ રાજાને પાછો આપ્યો. ત્યારબાદ કેટલીક મુદત વિત્યા પછી અકબર પાદશાહે ઘણીજ ઉંચી જાતના ૧૦૧ એકસોને એક ઘોડા બાન્ધુગઢના રાજા રામચંદ્રને ભેટ મોકલ્યા. રીમાના રાજ્યના લોકો આજ પણ એમ જાણે છે કે અકબરશાહ રીમાના મહારાજાને પોતાના ભાઇ તરીકે ગણતા હતા.

જ્યારે અકબરશાહે પોતાનો મજબુત કીલ્લાઓ જીતી પોતાની રીયાયત સાથે મેળવી લેવાનો શોખ વધાર્યો હતો ત્યારે રાજા રામચંદ્રે કલીંજરનો કીલ્લો તેમને હવાલે કર્યાનું આપણે આગળ વાંચી ગયા છીએ. અકબરશાહનો તે શોખ વધતો ચાલ્યો ને તેમણે રૂખતામ્રગઢ, ચીતોડગઢ, રણથંભોર, ગ્વાલીઓર, આસીરગઢ, ચુનારગઢ, કલીંજર વગેરે ગઢો પોતાના સ્વાધીનમાં લીધા, ત્યારે

તેને બાન્ધુગઢ કે જે તે વખનમાં ઘણો જુનો મજબુત ને પુરાણીક વાતોથી પ્રસિદ્ધ ને દેવતાઇ કુદરતથી બંધાએલો ગણાતો હતો તે લેવાની તેને ઘણી ઈચ્છા થઇ. તેના પહેલાં થએલા પાદશાહોએ તેને સ્વાધીન લેવાને ઘણી મહેનત કરી હતી. અલાઉદ્દીન ખીલજી જે ખુની નામે પ્રસિદ્ધ થયો છે તેણે તે કીલ્લો જીતી લેવાને ઘણા ફાફાં માર્યાં હતાં; ને લાંબી મુદત સુધી તેના ઉપર ઘેરો રખાંવ્યો હતો પણ આખરે નિરાશ થયો હતો. ત્યાર પછી સીરશાહે પણ તેને જીતવાને ઘણો પ્રયત્ન કર્યો હતો; ને તેણે પણ ઉપર જણાવ્યા મુજબ લાંબી મુદત સુધી ઘેરો રખાંવ્યો હતો. તેના સિપાઇઓએ ડુંગરને ખોદાવી કોટડીઓ બંધાવી હતી, તે અદ્યાપી છે ને તે સેષવાઇ કહેવાય છે. આ પ્રમાણે પરીશ્રમ કર્યો છતાં તેનાથી તે કિલ્લો જીતાયો નહોતો. પણ અકબરશાહ તરફથી સંવત ૧૬૫૩ ઈ. સ. ૧૫૯૭ માં તેના સરદારે તે કિલ્લો ફતેહ કર્યો; ને એક વરસ સુધી તેનો બન્દોબસ્ત કરવા સારૂ ત્યા રહ્યો હતો ને તે કિલ્લો અકબરશાહે પોતાના શાહજાદા દાનીઆલને જાગીરમા આપ્યો હતો.†

બાન્ધુગઢનો કિલ્લો અકબર પાદશાહે જીત્યો તે વખતે તેનું રક્ષણ કરવાનું કામ રાજા રામચન્દ્રના કાકા જમુનીભાણને સોંપેલું હતું, ને તેની સરદારીના અમલમાજ અકબરશાહના સરદારે જીતી લીધો. જેથી તે જમુનીભાણ ઉપર તે વખતના રાજા પ્રજા ઘણા નારાજ થયા હતા. ને ક્રોધના આવેશમાં પ્રજા તરફથી નીચેનો દોહરો બોલાતો હતો, જે અદ્યાપી પણ તે મુલકમા પ્રસિદ્ધ છે.

दुहो–बान्धौ छुट बंन्धैनी भई तुरकान
बीटीआ होते जमुनी भाण.

અર્થ–મુસલમાનોએ બાન્ધુગઢ ફતેહ કર્યો ને વાઘેની જે એની પાસે છે તેમાં મુસલમાનોની અમલદારી થઇ ગઈ તેના કરતાં હે જમુનીભાણ જો તમે દીકરી અવતર્યા હોત તો વધારે સારૂં. આ પ્રમાણે તે પોતાના શુરાતનનો બરોબર ઉપયોગ ન કરી શકયો તો આખા દેશની ધીક્કારતાને પાત્ર થઇ પડયો.

મહારાજા રામચન્દ્ર ૩૩ વરસ રાજ્ય કરી સંવત ૧૬૫૪ મા સ્વર્ગ લોક પામ્યા, જે વખતે તેમનું વય ૬૮ વર્ષનું હતું.

---

†રીમાના મોલવી સાહેબ રહીમાન અલીખા સાહબ જેમણે રીમાનો વૃતાંત ભેગો કર્યો છે તેમનું કહેવુ એમ છે કે રીમાના લોક બાન્ધુગઢનો કીલ્લો મુસલમાનો કદી જીતી શકયા નથી એમ ધારે છે તે તેમની મોટી ભુલ છે. કારણ કે બાન્ધુગઢના કીલ્લા ઉપર એક મુસલમાનની મસ્જીદ છે. જો મુસલમાને તે કીલ્લો તાબે કીધો નજ હોત તો તેના ઉપર મસજીદ બંધાવવા વખત ન મળ્યો હોત. વળી અકબરશાહે તે જીતી પોતાના શાહજાદા દાનીઆલને જાગીરમા આપ્યો તે પણ સંભવીત છે તેમજ જમુનીભાણવાળી કહેવતનો દોહરો પણ તેની સાબીતી દેખાડી આપે છે.

જ્યારે મહારાજા રામચંદ્ર સ્વર્ગલોક પામ્યા ત્યારે તેમની ગાદી ઉપર મહારાજ વીરભદ્રસિંહ બેઠા. તેમનો જન્મ સંવત ૧૬૦૪ માં થયો હતો. ૫૦ વર્ષની ઉંમર સુધી યુવરાજ તરીકે ગણાયા. તેમના વખતમાં મોજે પીપરીનો એક બ્રાહ્મણ રઘુપતી દુવેશા કરીને હતો તે પોતાની પાસે એક ધન્ની (પુતળી) હતી તે મહારાજાને સોંપી વિદેશ ગયો ને તે ધન્ની મહારાજાના કોઈ મકાનમાં પુછયા સિવાય નોકરોએ જડી દીધી. બ્રાહ્મણે વિદેશથી આવી પોતાની ધન્નીની રાજા પાસે માગણી કરી. તજવીજ કરતાં તે જડાઇ ગએલી હોવાથી રાજાએ બીજી આપવા કહ્યુ પણ તે બ્રાહ્મણે માન્યું નહિ. જેથી રાજાએ તેની ધન્નીથી વીશેષ મૂલની ને બારે આપવાની હોંશ જણાવી. પણ હઠીલા બ્રાહ્મણે તે પણ માન્યું નહિ ને પોતાની હઠ બીલકુલ છોડી નહિ; ને અત્યત ક્રોધના આવેશમાં આવીને પોતે આત્મહત્યા કરી બ્રહ્મરાક્ષસ બન્યો‡ ને મહારાજા વીરભદ્રને ઘણી રીતથી હેરાન કરવા લાગ્યો. રાજા પણ તેનાથી ઘણોજ સાવધ રહેતો હતો ને રાત્રી દિવસ એક પંડીત પોતાની પાસે રાખીને નીરતર જપ કરાવતા હતા જેથી બ્રહ્મરાક્ષસ રઘુપતી રાજાને હણવાને ઘણો શ્રમ કરતો પણ તેમાં તે ફાવ્યો નહિ. આખરે તેણે પોતાનો એક મિત્ર શોધી કહાડયો. તેનું નામ દલાઈ હતું ને તે ઉચેહરાના રાજા ઉપર આત્મહત્યા કરી તેના જેવો પણ તેના અગાઉ બ્રહ્મરાક્ષસ બનેલો હતો. તેની પાસે જઇ રઘુપતીએ મહારાજા વીરભદ્રનો નાશ કરવામાં પોતાને મદદ કરવાનો અતીશય આગ્રહ કર્યો. જેના જવાબમાં તેણે કહ્યું કે તારા નામ કરતાં મારા નામની સવાઈ ગણે અર્થાત તારાથી હું જોરાવર મુકરદમ છું, એમ તું કબુલ કરે તોજ હું તને તારા કામમા મદદ કરવાને તૈયાર છુ. આ પ્રમાણે તેઓએ એક બીજા સાથે કબુલાત કરી. હવે રાજા વીરભદ્ર આ બ્રહ્મરાક્ષસથી કટાળેલો હોવાથી તે પણ બાન્ધુગઢ છોડી બીજી કોઈ જગાએ જવાના ઇરાદાથી તે કિલ્લો છોડી નિકળ્યા, તે વરોધા મુકામે આવ્યા; જ્યા જપ કરનાર બ્રાહ્મણ કઇ કારણથી પછવાડે રહી ગયો હતો, જેથી તે વખતસર આવી શકયો નહિ. તેવામા આ બન્ને બ્રહ્મરાક્ષસોએ આવી એકસંપ થઇને મહારાજાને ઢોલીઆ ઉપરથી નીચે પાડી નાખ્યા ને તેમનો જીવ લીધો. મહારાજે દલાઇ રઘુપતી, દલાઇ રઘુપતી કહીને પોતાનો પ્રાણ છોડયો.

---

‡આ રીતે બ્રહ્મહત્યાનો ચાલ આગળના રાજ્યોમાં સાધારણ હતો ને તેથીજ રાજાઓ તેમનાથી ડરીને ચાલતા હતા. ને તેથીજ બ્રાહ્મણો ક્ષત્રીઓને ધમકાવી પોતાનું કામ કાઢી લેતા. અંગ્રેજી અમલ પછી આ ચાલ બરોબર બધ પડયો નહોતો. પણ જ્યારે ઇ. સ. ૧૮૭૫ માં રેવાના રાજ્યમા કરનલ બીનરમન સાહેબ પોલીટીકલ એજન્ટ બાહાદુર હતા તેમણે તે આત્મહત્યા કરનારને કેદ તથા ફટકાની સજા ત્રણ ચારને કરી જેથી ત્રાસ પામી બ્રાહ્મણોએ તે ધંધો છોડી દીધો છે.

તેમની છત્રી વરોંધા ગામમાં આજે પણ જોવામાં આવે છે. મહારાજા વીરભદ્ર ૨૧ વરસ રાજ્ય કરીને ૭૧ વરસની ઉમરે સંવત ૧૯૭૫ માં સ્વર્ગપદ પામ્યા.

બાન્ધુગઢમાં હલાઇ તથા રઘુપતી આ બે બ્રહ્મરાક્ષસના ચોરા છે ને જે કોઇ બાન્ધુગઢમાં જાય છે તે આ બ્રહ્મરાક્ષસોની પુજા કરવા ચુકતા નથી.

મહારાજા વિરભદ્રસિંહ દેવલોક પામ્યાથી તેમની ગાદી ઉપર તેમના પાટવી કુમાર વિક્રમાદિત્ય બેઠા. જેમનો જન્મ સવત ૧૯૨૧ ની સાલમાં થયો, ૫૪ વર્ષ યુવરાજ પદે રહ્યા ને સંવત ૧૯૭૫ મા ગાદી ઉપર બેઠા. પણ ઉપર જણાવ્યા મુજબ બ્રહ્મરાક્ષસનો ડર પોતાને પણ લાગવાથી તેમણે બાન્ધુગઢમાં ગાદી ન રાખતાં કોઇ નવું નગર વસાવાનો મનસુબો કર્યો. એક વખત આ રાજા શીકાર ખેલતા ખેલતા વનમાં ફરતા હતા; ને અંતઃકરણમાં રાજ્યગાદીને યોગ્ય સ્થળ તપાસવાનો પણ વિચાર હતો. તે ફરતા ફરતા વીંછીઆ અને બીહર આ બે નદીઓનો જે સ્થળે સંગમ થાય છે તે સ્થળે આવી પહોંચ્યા. પોતાની પાસે શીકારી કૂતરા હતા, તે એક સીંગટ (સસલા) ઉપર છોડયા. સીંગટે નાશીને જે સ્થળે હાલ રાજભુવન છે તે સ્થળે આવવા પ્રયત્ન કર્યો; ને તે સ્થળ આવ્યું કે તુરત ત્યાં આળોટી પડી સાવધ થઈ રાજાના શીકારી કૂતરા ઉપર તે દોડયું. રાજા જે અત્યાર સુધી આ બનાવ જોઇ રહ્યા હતા તે ઘણું આશ્ચર્ય પામ્યા. ને પોતાના મનમા વિચાર્યું કે આ જગો કાંઈ પ્રતાપવંત હશે. આ વાત પોતાના મત્રી વિગેરેને કરી. સર્વાનુમતે તે સ્થળે પોતાને રહેવા સારૂ રાજભુવન બનાવવાનું મુકરર કર્યું. કારણ તેમણે વિચાર્યું કે જો આ જગાનાં સસલાં આવાં જોરાવર છે તો આ જગો ઉપર નીપજતાં આદમી ઘણાં જોરાવર હશે; એમ ધારી ત્યા આગળ કિલ્લો બાંધ્યો ને ધીમે ધીમે ત્યાં આબાદ શહેર બન્યુ, જેનું પ્રખ્યાત નામ રીમા (રેવા) કહેવાય છે ને તે વીછીઆ અને બીહર આ બે નદીઆના સગમ ઉપર છે.†

†આ શહેરનું નામ રેવા પાડવાનુ ખરૂ કારણ શુ હશે તે સમજી શકાતું નથી. પણ પ્રખ્યાત નર્મદા નદી જેનું બીજું નામ રેવા છે તેનું મુળ અમરકંટકની ઝાડીમા છે ને તે અમરકંટક રેવાના રાજ્યની હદ નજદીક છે. જેથી તે રેવા નદીના નામ ઉપરથી તે શહેરનું નામ રેવા પડયું હોય, અગર વાઘેલ ખડના વાઘેલાઓ મુળ ગુજરાતના રહેવાશી હતા ને તેઓ પોતાની જન્મભુમી ગુજરાત છોડી ત્યા ગએલા. ગુજરાતમાં રેવા નદી નજીકના પ્રદેશને રેવાકાંઠા એ નામથી પીછાણે છે. તો રેવાના નામ ઉપરથી તે દેશની રાજગાદીનું નામ રેવા રાખ્યું તો નહીં હોય? આ અટકળ ત્યાના વૃતાન્ત શોધક મોલવી સાહેબ ધારે છે. મને લાગે છે કે બીજા કારણ કરતાં પહેલું કારણ કંઈક વધારે સંભવિત છે. તે પ્રખ્યાત નદીના નામ ઉપરથી શહેરનું નામ પાડવા તે વખતના રાજાએ યોગ્ય વિચાર્યું હશે.

મહારાજા વિક્રમાદિત્યની સગાઈ વાંથીના રાજા માંધાતા શીરૈનેત્રની કુંવરી સાથે થઈ હતી, જેને ત્રણ કુમાર થયા. પાટવી અમરસિંહજી ગાદી ઉપર બેઠા, ૨ ઇંદ્રસેનને પથ્થરહડનો ઇલાકો જાગીરમાં આપ્યો, જેની ઓલાદ વરહાડીહ કચ્છીઆ ટોળામાં છે. ૩ સરૂપસિંહજી, જેનો વંશ પનાસીમાં છે તેને ગરાસમાં પ્રથમ ગટીસોહરવાનો ઇલાકો મળ્યો હતો. ગહોરા તથા ચરઇલના ઇલાકા આ મહારાજાના વખતમાં અલાહાબાદ સાથે સામીલ કીધા હતા.

૨૩. અમરસિંહજી સવત ૧૬૪૧ માં જનમ્યા. ૪૬ વરસ યુવરાજ પદે રહ્યા. સંવત ૧૬૮૭ માં ગાદી ઉપર બેઠા. ૧૩ તેર વરસ રાજ કરી ૫૮ અઠ્ઠાવન વર્ષની ઉંમરે સવત ૧૭૦૦ માં સ્વર્ગે ગયા. તેમની સગાઇ રતનપુરના રાજા સોમવંશી પ્રતાપસિંહજીની કુંવરી ગંભીરકુવરબા સાથે કરી હતી. તેનાથી બે કુમાર પૈદા થયા. પાટવી અનુપસિંહજી ગાદી ઉપર બેઠા. તેના નાનાભાઇ ફતેસિંહજીને સોહાબલનો ઇલાકો જાગીરમા આપ્યો.

૨૪. મહારાજા અનુપસિંહજી સંવત ૧૬૬૦ મા જનમ્યા. ૪૦ ચાલીસ વર્ષ યુવરાજ રહ્યા. સવત ૧૭૦૦ સતરસેમા ગાદી ઉપર બેઠા. સતર વરસ રાજ કરી સત્તાવન વર્ષની ઉમરે સવત ૧૭૧૭ મા ગગા લાભ પામ્યા. એમની સગાઇ અગોરીના રાજા મોહનસિંહ ચેદલની કુમારી કનકકુવરબા સાથે થઇ જેનાથી ત્રણ કુંવર થયા. પાટવી ભાવસિંહજી ગાદી ઉપર બેઠા. ૨ હસમતસિંહને ગુઢનો ઇલાકો જાગીરમાં આપ્યો. ૩ ઝુઝારસિંહને રામનગરનો ઇલાકો જાગીરમાં આપ્યો.

૨૫. મહારાજા ભાવસિંહજી સવત ૧૬૮૧ માં જનમ્યા. ૩૬ વરસ યુવરાજ રહ્યા. સંવત ૧૭૧૭ મા ગાદી ઉપર બેઠા. ૪૪ વરસ રાજ્ય કરી એંશી વરસની ઊમરે સંવત ૧૭૬૧ મા દેવલોક પામ્યા. તેમની સગાઇ ઉદેપુરના રાણા અમરસિંહજીની કુવરી અજબકુવરબા સાથે થઇ. ઇતિહાસમાં પ્રખ્યાત થએલા ઉદેપુરના મહારાજા પ્રતાપસિંહજીના કુવર અમરસિંહજીનાં તે કુંવરી હતા. તે રાણીએ રેવામા તળાવ બધાવ્યું છે. તે રાણીતળાવ નામે પ્રસિદ્ધ છે. તે રાણી પોતાના પતિ સાથે થયાં હતાં. ભાવસિંહજી યાત્રા કરવા સારૂ એક વખત જગન્નાથજી ગએલા ત્યાંથી જગદીશની મુર્ત્તી લાવ્યા હતા, તે રેવાની દક્ષિણે વીંછીઆ અને બીહર આ બે નદીના સગમ ઉપર મંદીર બનાવી તેમાં તે મુર્ત્તીનું સ્થાપન કર્યું છે તે આજે પણ ત્યાં જોવામાં આવે છે. લબાધર, મોતીમહેલ તથા અમરપાટણનો કિલ્લો મહારાજા ભાવસિંહજીએ બનાવ્યો છે. ઓઢીઆ, નાગપુર, પલામના ઇલાકા આ રાજાના વખતમાં જતા રહ્યા છે. ભાવસિંહજીને પુત્ર ન હોવાથી પોતે ઘણા નિરાશ રહેતા. છેવટે પોતાના પિત્રાઈ ગુંઢના ભાયાત હસમંતસિંહના નાના દીકરા અનિરૂ-

દ્ધસિંહજીને દત્તક લીધા. મોટા દીકરા મુકુંદસિંહનો મિજાજ કડક હોવાથી તેને નાપસંદ કર્યો હતો.

૨૬. અનિરૂદ્ધસિંહજી તે દસમતસિંહજીના નાના કુમાર હતા, જેને મહારાજા ભાવસિંહજીએ ખોળે લીધા હતા. તેમનો જન્મ સંવત ૧૭૧૮માં થયો. ૪૩ વરસ યુવરાજ રહ્યા. સંવત ૧૭૬૧ માં રાજગાદી મળી. પાંચ વ-રસ રાજગાદી કરી ૪૮ વરસની ઉંમરે સંવત ૧૭૬૬ માં દેવલોક પામ્યા. તે ગાદીએ બેઠા તે પછી પાચ વરસે સેંગરના જમીનદાર રઘુનાથસિંહે ભ-માડની લઢાઇમા ગોળી મારી તેથી તેમનો પ્રાણ ગયો. પછી રઘુનાથસિંહે દોઢી ઉપર હાજર થઇ તમામ વૃત્તાંત જાહેર કર્યો, પરંતુ ક્ષમા કરી તેને જીવતદાન આપ્યું; તે ઉપરાંત તેની જાગીરના બીજા બે હિસ્સા તેને મન ગમે તેવા લેવાને કહ્યું.

મહારાજા અનિરૂદ્ધસિંહજીની સગાઈ પ્રતાપગઢના રાજા ફકીરસિંહની કુંવરી વવનકુંવરબા સાથે થઈ, જેના કુમાર મહારાજા અવધુતસિંહ થયા. જે વખતે મહારાજા અનિરૂદ્ધસિંહજી માર્યા ગયા ત્યારે આ બાળકુમારની ઉંમર છ વરસની હતી.

૨૭. અવધુતસિંહ સંવત ૧૭૬૬ મા જન્મ્યા. છ માસ યુવરાજ રહ્યા. સંવત ૧૭૬૬ મા ગાદી ઉપર બેઠા. ૪૮ વરસ રાજ્ય કરી તેટલા વરસની ઉંમરે સંવત ૧૮૧૫ માં સ્વર્ગલોક પામ્યા. તેમના પિતા અનિરૂદ્ધસિંહનું મ-રણ થયું ને તે બાલ્યાવસ્થામાં હતા, જેનો લાભ લેઇને બુંદેલખંડના પન્નાના રાજાએ મોટી ફોજ લેઇ રેવા ઉપર ચઢાઈ કરી. તે વખતે સરદારો ઘણી બહા-દુરીથી લઢ્યા. પણ તેમાના ઘણાખરા માર્યા ગયા, જેથી વવનકુવરબા પોતાના બાળકુવરને લેઇને પોતાને પીએર ગયાં ને તમામ બુંદેલા લોકોની હકુમત થઇ. ફકત રેવા શહેરમાં ઉપરહઠ્ઠીના કિલ્લામાં તેમનો કબજો થયો નહોતો. રાણી સાહેબે પ્રતાપગઢથી પોતાનો વકીલ મહમદ બહાદુરશાહ આલમગીરના શાહજાદાના દરબારમાં મોકલ્યો. તેણે બહાદુરશાહને રાજ્ય સંબંધી રાણીના ફરમાવ્યા મુજબ હકીકત જાહેર કરી. તે સાભળી બાદશાહે હુકમ કર્યો કે, તમામ બુંદેલાનું રાજ્ય જીતી લેઇ પન્નામાંથી તેમને કહાડી મૂકી પન્ના રેવાના મહારાજા અવધુતસિંહને સોંપી દ્યો. આ વાત બુંદેલાના રાજા દ્રીદેશાહ જે રેવામાં હતો તેને ખબર થવાથી કેટલીક ફોજ રેવામાં રાખી. બાકીની ફોજ લેઇ પોતાનું પન્નાનું રાજ્ય સાચવવા ગયો. રેવાના ઉપરહઠ્ઠી ભાગનો જે સરદારો કબજો સાચવીને રહ્યા હતા તેમણે બુંદેલાની રેવામાં રહેલી ફોજને

કહાડી મૂકી. જે દરવાજે બુદેલાની ફોજે પડાવ નાંખ્યો હતો તે દરવાજો બુદેલા દરવાજો એ નામથી ઓળખાતો, તેને થોડા વરસ ઉપર મહારાજા રઘુરાજસિંહજીના વખતમાં તોડી પડાવ્યો. બાદશાહની ફોજને રેવા સુધી આવવાની જરૂર પડી નહિ; ને રેવાનું રાજ્ય સરદારોની હકુમતમાં રહ્યુ. મહારાજા અવધુતસિંહજીને તેમની મા સાથે પ્રતાપગઢથી તેડી લાવ્યા. પણ કુમારની બાલ્યાવસ્થા હોવાથી તેમની સત્તા બરોબર જામી નહિ મહીઅરનો ઇલાકો બુદેલાના તાબામાં રહી ગયો. સમાગ્રહાનો ઇલાકો બીજા ખડમાં લખાઇ ગયો. મહારાજા અવધુતસિંહજીની સગાઇ અગોરીના રાજા શાહજી ચંદેલની કુંવરી નંદનકુંવરબા સાથે થઈ જેનાથી કુમાર અજીતસિંહજી થયા.

અજીતસિંહજી સવત ૧૭૯૮ મા જનમ્યા. ૨૭ વરસ યુવરાજ રહ્યા. સંવત ૧૮૧૫ મા ગાદી ઉપર બેઠા. ૫૦ વરસ રાજ્ય કરી સીત્તોતેર વરસની ઉમરે સવત ૧૮૬૫ મા સ્વર્ગે ગયા.

શાહજાદા અલીગોહાર જેને શાહઆલમ કહેતા હતા તેણે બનારસથી રેવા આવવાનો પોતાનો ઇરાદો જણાવ્યો. મહારાજાએ આ વાત જાણી પોતાના દીવાન લાલા ચેનસિંહને શાહજાદાની ખીજમતમા મોકલ્યો. દીવાનની સાથે તે રેવા આવવા નીકળ્યો. મહારાજા સાહેબ મુકામ મનીગમા સુધી સામા લેવાને ગયા ને તેમને રેવામાં તેડી લાવ્યા ને મુકામ અવહીગ્રામાં આપ્યો.

શાહજાદાની સાથે તેની બેગમ મુબારકમહેલ જેને લાલબાઇ કહેતા તે સાથે હતા; ને તે ગર્ભવંતાં હતા. શાહજાદાએ મહારાજાને કહ્યું કે મારે હાલમાં બકસર જવાનો ઈરાદો છે જેથી બેગમ સાહેબને તમારે ત્યાં મૂકી જાઉં છું. મહારાજાએ કબુલ રાખીને મુકુંદપુરની ગઢી તેને હવાલે કરી ને તમામ પ્રકારની સગવડ કરી આપી. તેમના ખર્ચ સારૂ મુકુંદપુરાની ઉપજ આપી. શાહજાદો બેગમને મૂકીને પોતે બકસર ગયા. તારીખ ૭ મી રમજાન મહીનો હીજરી સન ૧૧૭૩ સવત ૧૮૧૬ માં મુકુંદપુરની ગઢીમાં બેગમને શાહજાદો સાંપડયો. એનું નામ અકબરશાહ રાખ્યુ. શાહઆલમ જ્યારે બકસરથી પાછા અલહાબાદમાં આવ્યા ત્યારે અજીતસિંહ, બેગમ તથા શાહજાદા અકબરને સાથે લેઇને સામા અલહાબાદ ગયા. શાહઆલમે મહારાજાનો ઘણોજ ઉપકાર માન્યો; ને પોતાની સાથે દિલ્હી આવવાનું કહ્યું. પછી દિલ્હી ન જતાં કાનપુર જીલ્લાના ગામ જાજમહુ સુધી પાદશાહને વળાવવા ગયા. ત્યાંથી રજા લેઇને પાછા વળ્યા, ત્યારે પાદશાહે મહારાજાને શરપાવ ને ચોખંડી ઇલાકો વરાહી તાબામાં હતો તે બક્ષીસ કરીને રજા આપી. મહારાજા રેવા આવ્યા. પરંતુ તેમને ચોખંડીનો કબજો મળ્યો નહિ. જ્યારે અલહા-

બાદમાં ઈંગ્રેજી રાજ્યસત્તા જામી ત્યારે રેવાના મહારાજાએ ચોખંડી સંબંધી દાવો માગ્યો પણ તે અરજ સરકારે સાંભળી નહિ. મહારાજા અજીતસિંહજીના વખતમાં ઇમામશાહ ઘણા જ્ઞાની ફકીર હતા, જેમના ઉપર મહારાજાની ઘણીજ પ્રીતિ હતી ને ઘણો ભરોસો રાખતા. શાહસાહેબની તવારીખથી માલૂમ પડે છે કે તે ઘણા શાણા હતા. જે વખતે મહારાજા જેશંગદેવનો જન્મ સવત ૧૮૨૧ માં થયો તે દિવસે ઇમામશાહ મોજે દેવાસમાં દેવલોક થયા. અજીતસિંહજીએ પોતે દેવાસ જઇ ત્યાથી ઇમામશાહની લાશને રેવા લાવી અમહીયા નદીના કિનારે જ્યાં તે બહુધા રહેતા હતા ત્યાં દફનાવ્યા. ઇમામશાહની સેવામા પારસ નામનો એક બ્રાહ્મણ હતો, તેને લોકો ફકીર થઇ ગયો એમ ગણતા હતા. ઇમામશાહની પછી પારસનાથ ગાદી ઉપર બેઠો જેને લોકો પારાસાહી કહેતા હતા.

પન્નાના રાજા છત્રસિંહ જેના તાબામાં ભારે પેદાસનો મુલક હતો, તેથી લલચાઇને ફરૂકાબાદનો નવાબ મહમદખા બગસ બુંદેલખંડ જીતવા આવ્યો. મહારાજા છત્રસિંહજીએ બાજીરાવ પેશ્વાની મદદ લેઇને તેને દેશમાંથી હાંકી કહાડ્યો. એ સેવાના બદલામા તેણે બાજીરાવને પોતાના કુંવર જેવો માન્યો. પોતાની રાણીથી હ્રીદેશાહ તથા જગતરાય આ બે કુવર હતા અને બાજીરાવને પણ પોતાના કુવર ગણી તેણે સરખા ભાગ વહેચ્યા. જેથી બાજીરાવને એક બુંદેલખંડ જેવા મોટા ઇલાકાનો હિસ્સો વારસા દાખલ મળ્યો. બાજીરાવ સવત ૧૭૮૭ મા ગુજર્યા. તેને પણ ત્રણ કુમાર હતા. ૧ બાલાજી, ૨ રાઘોબા, ૩ સમશેર બહાદુર. ત્રીજાને બુંદેલખંડનો ઇલાકો આપ્યો. આ સમશેર બહાદુર કોઈ મુસલમાન રાખથી પેદા થયો હતો. સમશેર બહાદુરનો દીકરો અલ્લી બાહાદુર થયો. તેણે આખા બુંદેલખંડમાં પોતાની હકુમત ચાલુ કરી ને તે ઘણો નામાંકિત ગણાયો; તેમજ બુંદેલખંડના તમામ રાજાને ખંડીયા બનાવ્યા.

બાંદાનો રાજા વખતઅલ્લી જે જગતરાવની નાતિનો હતો તેની સાથે લડાઈ કરી એવો નિર્ધન બનાવી દીધો કે તેણે અલ્લીબાહાદુર પાસે રોજના બે રૂપૈઆ ખોરાકના લેવા કબુલ કર્યું. જે વખતે બુંદેલખંડમાં ઇંગ્રેજી અમલ કાયમ થયો તે વેળા વખતઅલ્લીના વંશવાળાને અજેગઢની રાજ્યગાદી આપી. પ્રથમ એ લોકોની પાસે બાંદાનો જીલ્લો હતો. કોઠી, સોહાબલ અને ઉચેસરાના રાજા પોતાની ખુશીથી અલ્લીબહાદુરને તાબે થયા ને કહ્યું કે જે બુંદેલખંડ જીતે છે તેની અમે તાબેદારી કરીએ છીએ. રેવાના મહારાજાએ તે પ્રમાણે તેને નમ્યું આપ્યું નહોતું તેથી તેને રેવાની ગાદી ખટકયા કરતી હતી.

એવામાં કોઠીવાળો ભાયાત મહારાજસિંહ વાઘેલો કોઇ કારણથી રેવાના મહારાજાથી નારાજ થઇ અલીબહાદુરને મળી ગયો ને તેમને રેવા જીતવા સલાહ આપી. આ ઉપરથી અલીબહાદુરે મોટી ફોજ તૈયાર કરી નાયક દસમંતરાવને રેવા ઉપર મોકલ્યો ને મહારાજસિંહ પણ સાથે ગયો. લાલ કમોદસિંહજી કોઠીના ઇલાકાના સાખે મનહરીવાળા તથા તેના ભાયાત હમેશાં રેવાની તરફદારી કરતા હતા. અદ્યાપી પર્યંત પણ તેવીજ વર્ત્તણુક ચલાવતા હતા ને કોઈ રેવાના રાજ્ય ઉપર હુમલો લાવે તો તે રેવા તરફથી લડવાને તુરત તૈયાર થઇ જતા હતા. આ વખતે લાલ કમોદસિંહ જબલપુરમાં હતો તેણે આ વાત સાભળી તુરત જબલપુરથી નીકળી દુશ્મન આવતા અગાઉ પોતે રેવા આવી પહોચ્યો, જે વખતે દસમત નાયકની ફોજ મોજે ચોરહટીમા હતી. મહારાજા અજીતસિંહજી ગભરાયા ને શાહુભોગાની પાસે ગયા. તે ઘણો હુશીઆર હતો તેથી તેણે મહારાજાને ઘણીજ ધીરજ આપી. રાણી કુંદનકુંવરબાએ સર્વે સરદારોને કોઠી ઉપર બોલાવીને કહ્યુ કે જે સરદાર નાયક સાથે લઢવા ખુશી હોય તે તલવાર પકડી પ્રતિજ્ઞા કરો ને જે બીહીતા હોય તે જનાનાનો પોશાક પહેરો આ પ્રમાણે સુણી સર્વે સરદારે પ્રતિજ્ઞાપૂર્વક લઢવાનું કબુલ કર્યું. સવત ૧૮૫૨ ના માગશર વદી ૮ આઠમને શુક્રવાર તા. ૪ થી ડીસેમ્બર સને ૧૮૭૫ ના રોજ નાયક દસમતરાવે મહારાજસિંહ વાઘેલાને કહ્યુ કે આજ હુ મોતીમહેલમા ખીચડી ખાઇશ, અર્થાત એ મહેલ–રાજાનો મોતીમહેલ તાબે કરીશ. તમે જે વાઘેલાના વખાણુ કરો છો તે વાઘેલા ક્યા છે? હુ તો તેવો કોઈ શુગતનવાળો દેખતો નથી. મહારાજસિંહે કહ્યુ કે થોડા વખતમા તમે વાઘેલાની બહાદુરી જોશો. આ તરફ રેવાની ફોજના બે ભાગ, વાઘેલાનો અને કરચુલીનો એ રીતે થયા. દસમતરાવે મોટા પરોઢથી રેવા ઉપર તોપો ચલાવવા માડી. તેના ધુમાડાથી આકાશ આચ્છાદન થવા માડયુ, ને તેના અવાજથી કાયરના કાળજાં ધબકવા માડ્યાં. તોપના અવાજ સાભળી કરચુલીવાળો ગોળ ભાગ પટપરને દરવાજેથી નીકળી નીપનીથા આગળ થઈને નાયકની ફોજ ઉપર ઘા ચલાવવા લાગ્યો, ને તેવામાં વાઘેલાનો ગોળ જઇ પહોચ્યો. બન્ને તરફથી ખુબ તલવાર ચાલવા લાગી. ઘણા વાઘેલા ને કરચુલી કામ આવી ગયા. સ્વર્ગની અપ્સરાઓ લડાઇમાં પૂર્ણ પરાક્રમ કરી સ્વર્ગે આવનાર શુરા ક્ષત્રીઓને વરવા સારૂ હાથમાં વરમાળાઓ લેઇને એક બીજાની આગળ તલપી રહેતી હતી; ને શુરા ક્ષત્રીઓને વરવા સારૂ વાદવિવાદ કરતી હતી મહાદેવ પોતાની કદી પણ પૂર્ણ ન થએલી એવી રૂંઢમાળામાં શુરા ક્ષત્રીઓના માથાં પરોવવામાં લીન થયા હતા. ભૂત, પ્રેત, ડાકણુ, સાકણુ વિગેરે મલીન પ્રાણીઓ પણ આ રણભૂમિમાં શુરા ક્ષ-

ત્રીઓનું લોહી પી આમ તેમ નાચતાં હતાં. એવામાં પંચમસિંહ વાઘેલો ઘવાયો. તે મોતીની માળા પહેરીને યુદ્ધમા ગએલો હતો.

તે જોઇ નાયકે મહારાજસિંહને કહ્યુ કે મોતીની માળાવાળા જે મહારાજા હતા તેમને મે માર્યા. મહારાજસિંહે જવાબ દીધો કે એ મહારાજા નથી. એવા તો મોતીની માળાવાળા આ લશ્કરમાં ઘણા બહાદુર ક્ષત્રીઓ છે. એવામા વાઘેલાનો ગોળ લડતો લડતો નાયકની સમીપ આવી પહોચ્યો; જે વખતે મહારાજસિંહે કહ્યું કે જુઓ આપણી નજીકમાં વાઘેલાનો ગોળ આવ્યો. એ વાત સાભળી પ્રતાપસિંહજી વાઘેલાએ ઓળખી લીધો કે આ લડાઇ ચલાવનાર દસમતરાવ નાયક તે એજ કે જેની સંગાથે મહારાજસિંહ વાત કરે છે, તેનો ખ્યાલ બરોબર રાખીને તેણે નાયકની છાતીમાં ભાલો માર્યો. અમરસિંહ શાખે સુજે એ નાયકનું માથુ કાપી અજીતસિંહ મહારાજા પાસે મોકલ્યુ. નાયકની સઉ ફોજ વેરાઇ ગઇ અને તેના લશ્કરમા ભગાણુ પડ્યુ. આ લડાઇ થયા પછી ચાર વરસે અલીબહાદુર મોટી ફોજ સહિત ઈ. સ. ૧૭૯૯મા રેવામાં આવ્યા ને મહારાજા અજીતસિંહજી પાસે પોતાનો દૂત મોકલાવી કહેવરાવ્યુ કે નાયકની ફોજની નાળબધી અને ખંડણી પ્રતિ વરસ દેવાની કબુલત કરો, અગર તેમ નહિ તો લડાઇ કરવા સારૂ તૈયાર થાઓ. રેવાના મહારાજા તરફથી કલધરસિંહ કરચુલી તેમની હજુરમા ગયો. તેની બોલવાની ચતુરાઇથી અને બીજી રીતભાતથી અલીબહાદુર ખુશી થયો; ને ખંડણી માફ કરી; ને ફકત નાળબધ લેવાની ખુશી જણાવી, જેનો આકડો એક લાખ કરતા કમી નહોતો.

રેવાની ત્રીજોરીમા તે વખત લાખ રૂપૈઆ સીલક નહોતા જેથી સદરહુ કલધરસિંહને અલી બહાદુરની સાથે ઓળમાં મોકલ્યો, એટલે રેવાના મહારાજા રૂપૈઆ ભરે ત્યારે કલધરસિંહ પાછા રાજ્યમા આવી શકે. છેવટે રાજા ઈશ્વિરસિંહ માડાવાળાને રૂપૈઆ લેઇને મોકલ્યો; ને કલંધરસિંહને પાછા લાવ્યા. આ રૂપૈઆ ભરવા સારૂ રેવાના મહારાજાએ ત્યાથરનો ઇલાકો રાજા મોડાને સોંપી દીધો. એવી સરતે કે રેવાના મહારાજા રૂપૈઆ ભરે ત્યારે તેણે પોતાનો દાવો તે ઇલાકા ઉપરથી ઉઠાવી લેવો. મહારાજાએ રૂપૈઆ ભર્યો, પણ તેણે દાવો ઉઠાવ્યો નહિ; ને મહારાજા સામે ફીસાદ કરવાની મરજી જણાવી. જેથી સવત ૧૮૫૯ સને ૧૮૦૨ માં રાજા મોડાને રેવાના મહારાજા સાથે લડાઇની તૈયારી થઇ. આ લઢાઇ કરવા સારૂ રેવાથી વાઘેલાની ને કરચુલીની ફોજ ગઇ. પણ તેમાં કરચુલીઓ ખરા શુરાતનથી લડ્યા નહિ; ને એમ કારણ જણાવવા લાગ્યા કે લડાઇમાં અમે પરાક્રમ કરીએ

ીએ ને જશના ભોક્તા વાઘેલા થાય છે. એવા ગાડા વિચારથી તેમણે જોઇએ તેવું લક્ષ આપ્યું નહિ. પરંતુ વાઘેલાએ ઘણીજ બહાદુરી વાપરી જેમાં ઘણા વાઘેલા દેવલોક પામ્યા. લાલ બળીભદ્રસિંહજી, લાલ કમોદસિંહજીના ભાઇની આંગળીઓ આ લડાઇમાં કપાઈ ગઇ હતી. આ બે લડાઇ પહેલાં એક લડાઇ—અશવરનની જાહેર થએલી છે જેને ત્યાના લોકો અડવસ કહે છે. એક સખસ લખનોરના નવાબનો નોકર હતો તેના સબધમા લડાઇ થઇ હતી. તેમાં નવાબ સાહેબ તરફથી અશવરન ફોજ લેઇને આવ્યો હતો; ને રેવા મહારાજા તરફથી રામપુરના વાઘેલા ઠાકોરને મોકલવામા આવ્યો હતો. મોટી લડાઇ થઈ તેમા બન્ને તરફનાં ઘણા માણસો મરાયા. રામપુરના વાઘેલા નારસિંહે અશવરન ઉપર બરછીનો ઘા કર્યો તે લાગ્યાથી તે નાસી છુટયો. તેની ફોજ બેદાનમેદાન થઈ ને વાઘેલાની ફતેહ થઇ.

જે સરદાર આ ત્રણ લડાઈમાં માર્યા ગયા તેમને રીમાના રાજ્ય તરફથી મુડવાડ મળ્યો તેની નોંધ.

નબર	લડાઇનુ નામ.	સરદારનુ નામ	જાત	રહેવાસી	મુડવાડનું નામ.
૧	નૈકહાઇ	શીવરાજસિંહ	વાઘેલા	મનકહરી	ઘોચર.
૨	એજન	શીવરાજસિંહ	રૈકવાર	નાદનટોળા	વોવરા.
૩	એજન	શીરનેત્રસિંહ	ગહરવાર		સીગમા.
૪	એજન	ઉમરાવસિંહ	વાઘેલા	ચોહટ્ટી	ગહેરી.
૫	એજન	અનુપસિંહ	વાઘેલા	રામપુર	દીનાપુર.
૬	એજન	ગોપાળસિંહ	વાઘેલા	તેદુન	નમુ.
૭	એજન	બહાદુરસિંહ	કરચુલી	પટ્ટના	તીધરા.
૮	એજન	માનસિંહજી	કરચુલી	પટ્ટના	ન માલુમ.
૯	એજન	ઉમેદસિંહ	કરચુલી	રાયપુર	નોઢીયા.
૧૦	એજન	રતનસિંહ	કરચુલી	ડીહીયા	ચુવા.
૧૧	એજન	ગુજરાજસિંહ	વાઘેલા	ગડવાર	+
૧૨	એજન	પચમસિંહ	વાઘેલા	રેંમા	ગોણી.
૧૩	અશવરન	હિંદુસિંહ	વાઘેલા	ગઠવાર	+
૧૪	અશવરન	ખુમાણસિંહ	વાઘેલા	રામપુર	વાંઘો.
૧૫	ગહરવારી	શીવરાજસિંહ	વાઘેલા	સરીયા	મીલદારી.
૧૬	એજન	અમાનસિંહ	વાઘેલા	તેંદુન	સૌર.
૧૭	એજન	જોરાવરસિંહ	વાઘેલા	રામપુર	વઢોરા
૧૮	એજન	અમરસિંહજી	વાઘેલા	ચોહટ્ટી	શીકબીજ.

મહારાજા અજીતસિંહજીની સગાઈ વીજાપુરના રાજા અનુપસિંહ અહ-શ્વારની કુંવરી સુલતાનકુંવરબા સાથે થઇ હતી. આ રાણી સુલતાનકુંવર-બાની સાથે નીકલગર ગોસાઇ વીજાપુરથી આવ્યો હતો, તે બાઇનો કામદાર હતો. જ્યારે બાઇ સાહેબે રેમામાં કટરા વસાવ્યા ત્યારે કટરાની રક્ષા કરવાનું હુકમનામું સંવત ૧૮૫૬ ના માગશર (અગ્રહન) વદી મીતીનુ નીકલગરને લખી આપ્યું; જેથી એ કટરા હાલ બાવાના કટરા એ નામથી પ્રખ્યાત છે. નીકલગરના ચેલાનું નામ કુસીઆલગીર ને તેનો ચેલો રણજીતગીર ને તેનો ચેલો હાલ ગોપાળગીર છે. મહારાજાની બીજી સગાઈ ગોરૈઆના રાજા અનતસિંહ દીક્ષીતની કુવરી સુજાણકુવરબા સાથે થઇ. ત્રીજી સગાઇ સીલપરાના વીક્રમસિહ ચદેલની કુવરી કુદનકુવરબા સાથે થઇ જેના કુમાર મહારાજા જયસીંહદેવ થયા.

૨૯. મહારાજા જેસિહદેવ સંવત ૧૮૨૧ માં જનમ્યા. ૪૪ વરસ યુ-વરાજ રહ્યા. સવત ૧૮૬૫ મા ગાદી ઉપર બેઠા. ૨૬ વરસ રાજ્ય કરી ૭૦ વરસની ઉમરે સવત ૧૮૯૧ માં દેવલોક પામ્યા. આ મહારાજાના અમલમાં ઇ. સ. ૧૮૦૩ માં જે મુલક બુદેલખડમા અલીબહાદુરે ફતેહ કીધો હતો તે પેશ્વા સરકારે ઇગ્રેજ સરકારને આપી દીધો.

મહારાજા જયસિહદેવના ગાદી ઉપર બેઠાના પાચમા વરસમાં એટલે સંવત ૧૮૬૮ માં એક યુદ્ધ પીઢારા ને રેંમાના મહારાજા સાથે થયું; અને તેમા મીરજાપુર લુંટી લીધું. એમા રેમાના મહારાજા ઉપર વળતર આપવાનો ઠરાવ થયો. આથી તારીખ ૫ મી અક્ટોબર સને ૧૮૧૨ સવત ૧૮૬૮ ના કારતક સુદી ૧૫ ના રોજ મીસ્તર જોન રીચર્ડસન સાહેબ સરકાર તરફથી અને મહારાજા તરફથી બક્ષી ભગવાન દત્ત વકીલ વચ્ચે હીંદી ઇગ્રેજીમાં કોલ-કરાર લખાયા. અને તેની ઉપર બન્ને તરફથી મોહર, ચીકા ને સહીઓ થઇ અને અરસ પરસ એક બીજાને અપાયા. તે ટ્રીટીની રૂઇએ મહારાજા જેસિંહ-દેવે પોતાના રાજ્યના માલીક તરીકે કબુલ કર્યું કે જે તકરાર પાડોશી રાજા સાથે થાય તેનો ફેસલો અગ્રેજ સરકાર કરે અને અગ્રેજની ફોજને રીમાના રાજ્યમાં મૂકામ કરવા દેઇશું. જેથી પ્રથમ અંગ્રેજ છાવણીનો મુકામ રેવાના રાજ્યમાં મોજે વધરા ઇલાકે સેમરીયાની નજીકમાં મુકરર થયો; જે હાલમા લેન વધરા એ નામથી પ્રખ્યાત છે. તેટલા ઉપરથી અગ્રેજ સરકારની ફોજ રેંમાના રાજ ઉપર આવી, એવા હેતુથી કે પોતાના કરેલા હુકમોનો અમલ રાજા પાસે કરાવે અને આગળને વાસ્તે પોતાની ખાત્રી સંપાદન કરે. તારીખ ૨ જી જુન સને ૧૮૧૩ સવત ૧૮૭૦ ના જેઠ સુદી ૪ ને રોજ બીજા કોલ-

કરાર મી. જોન વાસોફ સાહેબ અને મહારાજા જેસિંહદેવ વચ્ચે થયા. તેમાં બન્ને તરફથી સહીઓ તથા મોહર ગીક્કા થયા; ને મોજે વધરા ઈલાકે સેમરીઆ સબલ નદીના કીનારા ઉપર અગ્રેજને આપવામા આવ્યા. આ કોલકરારથી પ્રથમના કોલકરારને મજબુતી મળી.

આ કરારમાં રેવાના રાજાએ કબુલ કર્યું કે અગ્રેજને અમારા રાજ્યમા રહેવા દઈશું. અમારો વકીલ એજન્ટ પાસે રાખીશુ. અમારા મુલકમા જયા જ્યા લાયક હશે ત્યા ટપાલ વિગેરે થવા દેઇશુ.

ચોર હઠના રાવ જબરજસ્તસિંહે વગર વિચારે પોતાના ઈલાકામાંથી અગ્રેજી ટપાલ ઉઠાવી દીધી. તેમા એક સ્વાર તથા એક પ્યાદાને તા. ૭ મી મે સને ૧૮૧૩ મીતી સવત ૧૮૭૦ ના વઈશાખ સુદી ૭ ના રોજ મોજે સથીની ગામ પાસે તે માણસોની ઉપર હમલો કરીને તેમને ઘાયલ કરી મારી નાખ્યા ને તેમનો સરવસ માલ લુટી લીધો એ ઉપરથી ત્રીજુ કરારનામું તા. ૧૧ મી માર્ચ સને ૧૮૧૪ મા મીસ્તર જોન વાસોફ સાહેબ અને મહારાજા જેસિંહદેવ ને પાટવી કુવર લાલા વિશ્વનાથ વચ્ચે થયુ તેના ઉપર મોહર સીક્કા થઈને ખરવાડી મુકામે આપવામા આવ્યા જેનાથી પહેલાના થએલા કરારનામાની મજબુતી થઇ અથાત ઈટારકા પરગણુ મહારાજા સાહબને મળ્યુ, ને રછપાળસિંહ સેગરને મહારાજા તરફથી પુનકર અને નીનાનો ઇલાકો આપવામા આવ્યો ને તેની સારી ચાલને માટે મહારાજા સાહેબ જુમ્મેદાર થયા

લાલ જગમોહનસિંહ સેમરીઆવાળા પણ પોતાની જાગીરમા બહાલ રહ્યા. વળી એમ પણ લખાણ થયુ કે લાલ જગમોહનસિંહ પાસેથી વાવઇહ્ર જે મહારાજા સાહેબે લીધી છે તે ના લેવી. ને જબરજસ્તસિંહ ચોર હઠનો જાગીરદાર પોતાની ખુશીથી એજન્ટ સાહેબની ઓફીસમા હાજર થાય; ને અગ્રેજ સરકારની તાબેદારી કબુલ કરે તો તેની કસુર માફ કરવામા આવશે. એમ પણ કબુલ થયુ કે જબરજસ્તસિંહ આજ પછીથી એવું કામ નહી કરવા કબુલાત લખી આપે તો તેને તેના ઈલાકામા બાહાલ કરવામાં આવશે. તે ઉપરથી તેણે એજન્ટ સાહેબ પાસે હાજર થઇ તે પ્રમાણે કરારનામું લખી આપ્યુ જેથી તેને તેનો ઇલાકો સોપ્યો.

મહારાજા અજીતસિંહજીના વખતમાં સંવત ૧૮૨૩ માં ખાસ કલમની જગો ઉપર લલ્લુ નામે સખસ નીમાયો હતો તે સંવત ૧૮૬૯ માં માલ અસબાબમાં નુકશાન હોવાથી તેની ચિતામાં બીહર અને વીંછીઆ નદીના સગમ ઉપર જેને સમદરા કહે છે ત્યાં ડુબી મુવો. ડુબી મરવાથી રાજ્યને ઘણું

નુકશાન લાગ્યું. કારણ તમામ દફતર ગુમ થયું. જેસિંહદેવના હાથ કશું આવ્યું નહિ. તેની પાસે ઘણા જુના દસ્તાવેજો, નોંધો, જુની તવારીખ હતી, તે તમામ દાખલા તેની સાથે ડુબ્યા.

મહારાજા જેસિંહદેવને એવી નઠારી સ્થિતિમાં રાજ્ય મળ્યું કે તેની વાતજ નહિ. પણ રાજ્યના સારા નસીબે અંગ્રેજ સરકાર સાથે દોસ્તી થઈ હતી; ને બાબુ વિશ્વનાથ જેવા તેના પાટવી કુવર ને ભોંદુલાલ જેવા તેમને દીવાન મળ્યા હતા, જેથી રાજ્યમા સ્થિતિ સુધરતી ચાલી. સવત ૧૮૬૯ માં જેસિંહસિંહે પોતાના પાટવી કુવર બાબુ વિશ્વનાથસિંહજીને રાજની સુંપ્રત કરી. ને તેમણે સીમનરાવ વૈદને દીવાનગીરીથી બધ કરી પોન્ડે ભોદુલાલ જે તે વખતમા પચાતનું કામ કરતા હતા તેમને દીવાન મુકરર કર્યા. ભોંદુલાલે ભડારમા તજવીજ કરી તો હાથીદાંતના બે ટુકડા હાથમાં આવ્યા; ને રોકડ સીલીકમા કાંઈ પણ નહોતુ. આ શાણા દીવાને એવી રીતે રાજ ચલાવ્યુ કે જે રાજ્યને ઘણી લાબી મુદતથી નાણાંની તગી વેઠવી પડતી હતી તે તમામ મટી ગઇ ને રાજ્ય તથા ખજાનો સારી સ્થિતિમા આણ્યા. તેણે રાજ્યનું તમામ કરજ વાળ્યુ ને રાજ્ય દીપાવ્યુ. જેથી તેનું નામ આજ પણ ભલાઈ સાથે રેમાના લોકો યાદ લાવે છે. તેણે સારી ખાનદાનીથી લાબી મુદત દીવાની ચલાવી. સવત ૧૯૧૫ મા તેના ખાનદાનમાથી દીવાની ગઈ ને નોખા પડ્યા; ને બીજા ખાનદાનમા ગઇ ને પાન્ડે દીનબન્ધુ દીવાન થયા.

મીર રમજાનઅલ્લી રીસાલાદાર અને ઝુઝારખા જમાદાર ને વાદળખાં ચાબકસ્વાર વીગેરે મુખ્ય મુસલમાનોના દરખાસ્ત ઉપરથી બાબુ વિશ્વનાથસિંહજીએ સવત ૧૮૭૨ ની સાલમા કાજી અબદુલ્લા, રજબ સીકીમ વેલહરીને તમામ રાજ્યના કાજી મુકરર કર્યા ને સણદ કરી આપી કે દરવરસે દરેક મુસલમાનના ઘરથી ચાર આના લેવાનો સદરહુ કાજી હકદાર છે.

સવત ૧૮૭૭ મા પોલીટીકલ એજન્ટ સાહેબે તારીખ ૧૭ મી ડીસેમ્બર સને ૧૮૨૦ ના રોજ ગલ્લેના મહેસુલ માફ કરવા રેમાના મહારાજાને લખ્યુ, ને તે થોડાજ ભાગમાં માફ કર્યું ને થોડાજ ભાગમાં ચોકીદાર તરીકે લેવાય છે.

સંવત ૧૮૮૦ કારતક વદી ૪ ને ગુરૂવાર તા. ૨૩ મી અકટોબર સને ૧૮૨૩ ના રોજ પાટવી કુમાર વિશ્વનાથસિંહજીની રાણીને રઘુરાજસિંહજી નામના કુમાર પેદા થયા. આ વધામણીથી મહારાજા જેસિંહદેવે ઘણા ખુશી થઇ ઘણાં દાન પુન્ય કર્યાં. એજ વરસમાં મહારાજા જેશંગદેવે કુંવરી સુભદ્રાંકુંવરીનાં લગ્ન ઉદેપુરના મહારાણા જુવાનસિંહજી સાથે કરીને લાખો રૂપે-

આનો ખર્ચ કર્યો. પહેલાં આ રાજ્યમાં ઇનસાફી ખાતામાં અદાલત વીગેરેનો કાંઇ નિયમ નહોતો. ઇન્સાફી કામ પચાયતથી કરાવવામાં આવતાં. ઊના ગોળા તપાવી તે ઝલાવી ખરા ખોટાની પરીક્ષા કરતા અગર પ્રતિજ્ઞાપૂર્વક સોગનથી કામ લેતા. સવત ૧૮૮૪ મા સભા મુકરર કરી તેનું નામ કચેરી ઠરાવી મીતાક્ષરા ભણેલા પંડીત કૃષ્ણાચારી ગોવીંદરામ શુકલ ને ગોકુળનાથને દીવાની ફોજદારીના ફેસલા કરવા નીમ્યા. આ ધર્મસભામાં પાન્ડે રામનાથ અઠરીના હકીમ હતા; ને કાંઇ દીન પછી જગન્નાથ શાસ્ત્રી હતા, તે ન્યાય ચલાવતા હતા તે વખત કોઇ માણસને કામસર કચેરીમા બોલાવવામાં આવે તો તે નિયમસર આવવાને આનાકાની કરતા હતા. આ ઉપરથી મહારાજા વિશ્વનાથસિંહ પોતે વાદી પ્રતિવાદી તરફથી કચેરીમા આવી ઉભા ને ત્યારથી હુકમ કર્યો કે કચેરીમા જરૂરીઆત માણસ અવશ્ય આવવું જોઇએ ને જે માણસ હાજર ના થાય તે માણસને શીક્ષા થવી જોઇએ.

સવત ૧૮૮૬ કુવાર (   ) વદી દશમના રોજ અજોધ્યાપ્રસાદ દેવ થયા, ત્યારે બોહુલાલના નાના ભાઇ પાન્ડે શીવલાલરામ દીવાનની જગો ઉપર નીમાયા. મહારાજા અજીતસિંહે પોતાના બીજા દીકરા ભવાનીસિંહને ગુજોર અને બડનોદીનો ઇલાકો ૧૫૦ ગામનો આપ્યો હતો સવત ૧૮૮૭ માં બાબુ વિશ્વનાથસિંહે ૭૫ ગામ બડનોદીના ભવાનસિંહના હસ્તકમાં બહાલ રાખી તેમા નાથ કાયમ કરી બાકીના ગુજોર ઇલાકાનાં ૭૫ ગામ દરબાર ખાલસા કર્યા.

તા. ૮ ડીસેમ્બર સને ૧૮૩૨ ના રોજ એજન્ટ સાહેબ તરફથી કોઇએ પોતાના દીકરા દીકરી નહિ વેચવા તે બાબતનો બદોબસ્ત કરવાને ઇસ્તીહારનો ખલીતો (હુકમ) આવ્યો. સવત ૧૮૮૦ માં કુવર રાવેન્દ્રસિંહ લક્ષ્મણસિંહની કુવરીના લગ્ન ઉદેપુરના મહારાણા સાથે કરી લાખો રૂપૈઆ ખર્ચ કર્યો.

સંવત ૧૮૮૦ ના ભાદરવા મહીનામાં શીવલાલરામ ગુજરી ગયા ત્યારે તેમના પુત્ર પાન્ડે રામનાથ જે ધર્મસભાના અધ્યક્ષ હતા તે દીવાન મુકરર થયા. એ સાલમાં બાબુ વિશ્વનાથસિંહે ગરીબોને માટે નગરીયા તળાવ ખોદાવ્યું ને તુલસી વિવાહ કરીને હજારો રૂપૈઆ ગરીબોને આપી દીધા.

મહારાજા જેશ ગદેવના વખતમા અ ગદરાય નામનો એક આદમી વેરાગીનો વેશ લેઇને તે જાતના ટોળામાં સામીલ થઇ બાંધુકગઢના કીલ્લામાં દાખલ થઇ ગયો; ને કીલ્લેદારોને પોતાની કળાથી વશ કરીને હુ મહારાજા સાહેબનો બેટો છું એમ જણાવી કીલ્લો દબાવી પડવાનો વિચાર કરવા લાગ્યો. આ

બાબતની મહારાજા જેશંગદેવજીને તથા પાટવીકુમારને ખબર થતાં તે બન્ને બાન્ધવગઢ ગયા. અંગદરાયે દરવાજા બંધ કરાવ્યા, ને કહ્યું કે ખુદ મહારાજા અગર કાકાસાહેબ આવે તો દરવાજા ઉઘાડો. બીજા આદમી આવે તો ઉઘાડશો નહિ. દીવાન પૉન્ડે શીવલાલરામે જઈ તેને સમજાવી દરવાજો ઉઘાડાવ્યો ને અંદર જઇ અંગદરાયને તેના નઠારા સાગ્રીત સાથે પકડી લીધો ને રાજ્યમાથી કહાડી મૂકી બેઇમાનદારોને સજા કરી.

મહારાજા જેશંગદેવની પહેલી સગાઇ માન્ડાના રાજા ઉદતસિંહ ગહરવારની દીકરી શંભુકુંવરબા સાથે થઈ, જેનાથી તેમને ત્રણ દીકરા ને એક દીકરી થઇ. બીજી સગાઈ માધવસિંહ દીક્ષિત રાજે ગરૈયાવાળાની દીકરી હરકુંવરબા સાથે થઇ જે બાઇને કાઇ પ્રજા નહોતી. મહારાજા જેશંગદેવ સંવત ૧૮૯૧ ના કુંવાર (   ) સુદી ૧૪ ના રોજ સ્વર્ગે ગયા. તેમના પાટવી દીકરા મહારાજા વિશ્વનાથસિંહજી હતા તે ગાદી ઉપર બેઠા; ને દીકરી સુભદ્રાકુંવરબા જેમને ઉદેપુર પરણાવ્યાનું આગળ કહી ગયા છીએ તે હતાં.

૩૦. મહારાજા વિશ્વનાથસિંહ સંવત ૧૮૪૬ મા જન્મ્યા. ૪૫ વરસ યુવરાજ રહ્યા. સંવત ૧૮૯૧ મા ગાદી ઉપર બેઠા. ૨૦ વરસ રાજ્ય કરી ૬૫ વરસની ઉમરે સંવત ૧૯૧૧ મા વૈકુંઠવાસ કર્યો. એ મહારાજા ઘણા અક્કલવાન, નીતિમા નિપુણ અને ધર્માત્મા હતા. તેમજ તેમનું દાનવ્યપાર્ગુ ઘણુ પ્રસિદ્ધ હતું, તેમજ મનુષ્યની પરીક્ષા ઉત્તમ પ્રકારથી કરતા. આથી બહુ દૂરના દેશોમા તેમનો યશ ફેલાયો હતો. પંડીત, હકીમ, કવિની ગુજ જાણનાર ને આદમીઓને ચહાવાવાળા હતા, ને તેનો પોતાને ઘણો શોખ હતો. મહમદખા ગવઇઓ જે તે વખતે હિંદુસ્તાનમા ઘણો પ્રસિદ્ધ હતો તેને બોલાવી દર મહીને એક હજાર રૂપયાનો પગાર કરી પોતાની પાસે રાખ્યો હતો. મહારાજાનો શોખ જોઈ તેમના અમીર, ઉમરાવને ગાયનનો ઘણો શોખ વધ્યો. જ્યારે મહમદખા ગુજરી ગયો ત્યારે મહારાજા ઘણા દીલગીર થયા હતા. પોતાના અમીર ઉમરાવોને જે જોઇએ તે સર્વેની ઉમેદ પુરી પાડતા હતા.

મહારાજા સાહેબ એક ઉત્તમ ગ્રંથકર્તા હતા. વૈદકનો એક ગ્રંથ જેનું નામ વિશ્વનાથપ્રકાશ છે તે અને એક ગ્રંથ રાજનીતિનો જે અદ્યાપી પ્રસિદ્ધ છે તે તેમણે બનાવ્યા હતાં. ચીત્રકોટ પર્વત જે હિંદુ લોકોનું એક ઉત્તમ યાત્રાનું ઠેકાણું છે ને જે સ્થળે પોતાના વનવાસના પ્રસંગમાં હિંદુ ધર્મના પૂજ્ય રામચંદ્રજી પોતાનાં પત્ની સીતા તથા બંધુ લક્ષ્મણ સાથે કેટલીક મુદત રહ્યા હતા, તે સ્થળે યાત્રાળુઓના સુખ સારૂ આ પરોપકારી મહારાજાએ પ્રમોદ

વનમાં ધર્મશાળાઓ બંધાવી છે. તેવાંજ મોટાં ખર્ચ કરીને ચીત્રકોટ ઉપર પ્રમોદ વનમાં મુશ્કન કરાવ્યુ હતું ને હરેક મોટાં તીર્થમાં નીરાશ્રીત યાત્રાળુ સારૂ પોતાના રાજ્ય તરફથી સદાવૃત ચાલુ કરાવ્યાં હતાં. સંવત ૧૮૯૧ ના ફાગણ સુદી ૨ ના રોજ મહારાજા સાહેબ ગાદી ઉપર બેઠા. તે વખતની ખુશાલીમાં પોતાના રાજ કુટુંબ વિગેરેને નીચે મુજબ ઇલકાબ આપ્યા. ૧ મહારાજ બાબુ રાવેન્દ્ર બલી લક્ષ્મણસિંહ, ૨ મહારાજ બાબુ રાવેન્દ્ર બળીભદ્રસિંહ આ બન્ને મહારાજાના સગા ભાઇ હતા, ૩ મહારાજ કુમાર યુવરાજ બાબુ રઘુરાજસિંહ, ૪ મહારાજ કુમાર બાબુ રણબહાદુરસિંહ તે રાવેન્દ્ર લક્ષ્મણસિંહના કુંવર, ૫ પૉન્ડે રાજ્ય પુજ્ય મહારાજ મુખ્ય મંત્રી બળીભદ્રરામ ૬ પૉન્ડે રાજ પુજ્ય સેનાધીપતિ રામનાથ.

સંવત ૧૮૮૨ ના માગશર મહીનામાં પૉન્ડે રામનાથ દીવાન ગુજરી ગયા. તે જગો ઉપર તેમના નાના ભાઇ પૉન્ડે વંશીધરને મુકરર કર્યા. તે ઘણા તેજ મીજાજવાળા ને દબદબાવાળા હતા. એ વરસમા હિંદુસ્તાનના ગવરનર જનરલ સાહેબે બાબુ રઘુરાજસિંહને ભણાવા સારૂ પંડીત નૌકૃષ્ન ભટ્ટાચાર્યને મોકલ્યા. તેમની પાસે રઘુરાજસિંહ અંગ્રેજી શીખ્યા. તે પંડીત ઘણા ઇજતદાર હતા ને તેમની જીંદગી સુધી રાજ્ય તરફથી દર માસે રૂ૧૦૦ તેમને પેનશન મળતું હતું.

ભગવતરાવ કરચુલી નામનો એક સરદાર હતો કે જેના ઘરડાઓના વખતથી એક ટીપ રૂ ૧૭) સતર હજારની દરબારમાં હતી. ભગવતરાવે ઘણી વખત તે ટીપ મહારાજા પાસે માગી પણ તેના ઉપર કાંઈ પણ લક્ષ આપવામાં આવ્યુ નહિ. જેથી ભગવતરાવે રઘુરાજસિંહ જે તે વખતે ૧૪ વરસની વરસની ઉમરના હતા, તેમની પાસે મહારાજાને સીપારસ કરાવી. પણ તે મહારાજાએ કબુલ રાખી નહિ. જેથી કરચુલીએ પાટવી કુંવરને શરમાવ્યો કે કે તમારા કરતા તો દીવાનનું માન સારૂં છે કે તેનું કહેલું વેણ મહારાજા સાહેબ ઉથાપી શકતા નથી; ને તે જે ચાહે છે તે કરી શકે છે. પણ તમારૂં આવું એક નજીવું વચન તે પણ મહારાજા પાળી શકયા નહિ. આ પ્રમાણે બાબુ સાહેબના મનમા ઠસાવીને ખુબ વકારી તેમના પિતા સાથે દ્વેષ ભાવ ઉત્પન્ન કરાવ્યો. બાબુ સાહેબે પોતાના પિતાને કહ્યુ કે હવેથી રાજ્યનો કારભાર આપ ફરમાવશો તે રીતે હું કરીશ. પણ તે વાત મહારાજાએ કબુલ રાખી નહિ. ને ટોળમાં ઉડાવી દીધી. ત્યાર પછી મહારાજા પોતાના સરદારો સહીત વિંધ્યાચળની ગુફામાં ગયા ને દીવાન વંશીધર તથા બાબુ સાહેબ દરબારમાં રહ્યા. એટલે બાબુ સાહેબે લાલા ખાસ કલમ (દફતરી) ની પાસેથી તે ટીપ માગી

લેઈને ભગવંતરાવ કરચુલીને આપી દીધી. ત્યાર પહેલાં વંશીધર દીવાને ભગવંતરાવને સીંગરોલી જવાને ઘણી વાર કહ્યું હતું. પણ બાબુ સાહેબની સોબત છોડીને ગયો ન્હોતો. દીવાને મહારાજાને ચીઠી લખી કે જે ટીપ વાસ્તે કરચુલી તરફથી ઘણીવાર હજુરને વિનંતિ થયા છતાં અપાઇ નહોતી તે બાબુ સાહેબે ભગવતરાવને આપી દીધી છે; ને મારા કહ્યા છતાં પણ ભગવંતરાવ સીંગરોલી જતો નથી. મહારાજા સાહેબે બાબુ સાહેબને લખ્યું કે જે ટીપ આપવાની મારી મરજી નહોતી તે તમે આપી દીધી છે, તે તમે ઘણું ખોટું કર્યું છે. હવે તમે ભગવતરાવને કહો કે દીવાન વંશીધરના હુકમમાં રહી તેને માન આપે, નહિ તો તેનું ફળ સારૂં થશે નહિ. આ લખાણથી બાબુ સાહેબને ખોટું લાગ્યું ને રીસાઈને પોતાના માણસો સાથે મેહેલમાથી નીકળી અમટીઆના બાગમા મુકામ કર્યો. તે દરમ્યાન વિંધ્યાચળથી કુચ કરીને મહારાજ ગુઢ મુકામે પહોચ્યા; ને સંદેશો કહાવ્યો કે હુ જગન્નાથજી જાઉં છું. જે સદેશો સાંભળી બાબુ સાહેબે રામનાથ પ્રધાનને પોતાના પિતા પાસે મોકલ્યો ને અરજ કરાવી કે આપ કયાઈ પધારશો નહિ, હુ તમારે તાબે રહીશ. મહારાજાએ જવાબ કહેવરાવ્યો કે તમે મારી મરજીને તાબે રહેવા ખુશી હો તો તમારાં માણસોને રેવામા રાખી મારી પાસે આવો. રામનાથ પ્રધાને આ સંદેશો બાબુ સાહેબને કહ્યો જે સાભળી બાબુસાહેબ પોતાના માણસોને રેમામાં મુકી મહારાજાની હજુરમા ગયા; ને તે વખતે તેમની પાસે થોડા આદમીઓ હતા તે લેઇ ગુઢા મુકામે જઇ મળ્યા. મહારાજાએ શીખામણ દીધી કે ગરજુ માણસોના કહ્યા ઉપર વિશ્વાસ ના રાખવો ને જે પ્રમાણે હુ કહુ તે પ્રમાણે ચાલો તો બહુ સારૂં છે આપણે જગન્નાથજીની યાત્રા જવા સારૂ ઈરાદો છે માટે તમો સાથે ચાલો અને રાજકાજ વશીધર પ્રધાન સારી રીતે ચલાવી લેશે. પોતાના પિતાની મરજી મુજબ ચાલવાની ઇચ્છા જણાવી બાબુ સાહેબે કહ્યુ કે હુ તાબેદારપણે રહી આપની સાથે આવવા ખુશી છું. બીજે દિવસે ગુઢેથી મુકામ ઉપાડી પડખુરીમા તબુ નાખ્યા. બાબુ સાહેબ પણ સાથે ચાલ્યા. જ્યારે ત્યાથી આગળ સ્વારી ચાલી ત્યારે તેમણે પોનાના બાપને કહ્યું કે આપ પધારો. હુ શીકાર ખેલતો પછવાડેથી આવીશ. મહારાજાએ મુકામ ભમરસેનમાં રાખ્યો ત્યારે બાબુ સાહેબ પોતે રેમામાં આવવા નીકળ્યા. સહીજાદાસિંહ વાઘેલા રામપુરવાળાએ જોયું કે બાબુ સાહેબ રેવા તરફ જાય છે પણ કોઈ સરદાર સાથે નથી તેથી તે તેમની સાથે રેવામાં આવ્યો ને મુકામ અમહીઆમાં રાખીને પોતાના મિત્રોને બોલાવી વિચાર કીધો કે આજ રાતે વંશીધર દીવાનને મારીને ભડાર ઉપર કબજો કરવો. મહારાજા સાહેબ જો કદી ચૅપે કરે તો તેમને પણ ના છોડવા. વશીધર દીવાનને તે વાતની ખબર પડી. જેથી

તેણે પોતાના મકાનનો ને ભડારનો પાકો બંદોબસ્ત કર્યો ને મહારાજા સાહેબને ચીઠી લખી તેમા જણાવ્યું કે આપ તાકીદથી નહીં પધારો તો અહીંનો મામલો ભયકર થઇ પડયો છે. એ ચીઠી સેખ સદે તથા ગાલીવખાં નામના બે હજુરી સીપાઇઓને આપીને એક દિવસમા પહોચાડવાનું કહ્યુ. સીપાઇઓએ રાતોરાત જઇ મહારાજાને તે ચીઠી આપી. તે વખતે મહારાજાનો મુકામ ભમરસેનમાં હતો. જેથી ચીઠી વાચી તુરત તે રેવા આવવા નીકળ્યા, ને રેવામાં રાણી તલાવ આગળ આવી પ્રથમ જ્યાં પોતાના કુમાર બાબુ રઘુનાથસિંહજીનો મુકામ હતો ત્યા જવાનો વિચાર કરી તે તરફ ચાલ્યા. તે વખતે રાવેન્દ્ર લક્ષ્મણસિંહ જે મહારાજાના ભાઇ હતા તેમણે ત્યા ના જવા આગ્રહ કરી મહારાજાને રોક્યા ને કહ્યુ કે આપને હુ તે મારગે જવા દેનાર નથી ને આપ જવાનો ઇરાદો રાખશો તો મારો દેહ પાડીશ. મહારાજા સમજી ગયા ને તે મારગે ન જતા ઉપરહટ્ટીમા પૉન્ડે રાઘુનાથસિંહજીના મુકામમાં ઉતારો કર્યો. પછી પોતાના ગુરૂભાઇ મહંત ગોવિંદદાસ જે અમહીયા મદીરના મહન્ત હતા તેમને તેડાવ્યા ને કહ્યુ કે તમે સમજાવીને મારા ને ભાગવતદાસ વચ્ચે સલાહ કરાવો. માહારાજા પોતે પોતાના ચીરજીવી બાબુ સાહેબને ભાગવતદાસ કહેતા હતા. પછી ગોવીદદાસે જઇ બાબુ સાહેબને બીજે દીવસે મંદીરમાં રઘુનાથજીનો પ્રસાદ લેવા આવવા વિનંતી કરી ને તે બાબુ સાહેબે મજુર રાખી.

બીજે દીવસે ઠરાવેલા વખતે બાબુસાહેબ મદીરમાં આવ્યા ને મહારાજા પોતે પણ બીજે રસ્તે થઇને મદીરમાં આવ્યા. મહારાજા સાહેબને જોઇને બાબુ સાહેબે રોવા માડયુ, ત્યારે મહારાજાએ કહ્યું કે તમે શા માટે રૂઓ છો? તમો આ જગો ઉપર આવવાના છો એમ જો હુ પ્રથમથી જાણતો હોત તો અહીંઆં આવતજ નહિ. ગોવીદદાસે મને ઠગીને આણ્યો છે. આ પ્રમાણે કુમાર સાહેબને કહી ગોવીંદદાસના સામું સખત નજરથી જોઇને કહ્યુ કે પ્રસાદ હોય તે લાવો. ગોવીંદદાસે પ્રસાદ રજુ કર્યો તે પિતા પુત્ર બન્ને જણ જમ્યા. પછી મહારાજાએ બાબુ સાહેબને કહ્યુ કે કલકત્તેથી લોર્ડ સાહેબનો હુકમ આવ્યો છે તેથી તેમની મુલાકાતે જવું પડશે. માટે તે વિષેનો વિચાર કરવા સારૂ મહેલમાં ચાલો. કારણ મદીરમાં વિચાર થાય નહિ. બાબુસાહેબે મહેલમાં જવા કબુલ કર્યું. પછી મહારાજાએ કુંવરને પોતાના હાથી ઉપર બેસાડી પિતા પુત્ર બન્ને મહેલમાં આવ્યા. મહારાજાએ બાબુસાહેબને કહ્યુ કે તમે સમજતા હશો કે ભગવતસિંહ કરચુલી તમારા હિતસ્વી છે તે તેમ નથી; તે તો ગરજના યારી છે. આવા આદમીઓની શીખામણ માનીને રાજ્યની અને ઘરની ખરાબી ના કરો. લોર્ડ સાહેબનો હુકમ આપણે બન્ને જણને મળવા જવા બાબતનો છે જેથી બહુ વિલંબ થાય તે ઠીક નહિ. થોડા દીવસ પછી મહા-

રાજા સાહેબ, બાબુ સાહેબ, રાવેન્દ્ર લક્ષ્મણસિંહ, રાવેન્દ્ર બળીભદ્રસિંહ ને રણબહાદુરસિંહને સાથે લેઇને લોર્ડ સાહેબની મુલાકાતે જવા નીકળ્યા ને મોજે મલમઃ જીલ્લે ફતેપુરામા લોર્ડ સાહેબની મુલાકાત લેઇ સંવત ૧૮૯૪ ના માહા માસમા પાછા આવ્યા.

મહારાજાએ રાઘૌ મહેલમા સર્વે સરદારોને ભેગા કરી કહ્યું કે કોઈ સરદાર પોતાના રાજાને જીવથી મારી નાખવા સંકેત કરે તો તેને શી સજા થાય? એવો સવાલ કરછીઆ ટોળાવાળા લાલા પહાડસિંહને ભરી સભામાં પુછયો. તેણે કહ્યું કે તે સરદારોને ઠેર મારી નાખવામા આવે તો તે સજા પણ કમતી છે. પછી તેવો સવાલ પહાડસિંહના નાના ભાઈ લાલ દીલરાજસિંહને પુછયો. તેણે પણ તેવોજ જવાબ દીધો. પછી કરછીઆ ટોળાવાળા લાલ ધીરસિંહને મહારાજાએ કહ્યુ કે તમે અમને મારી નાખવાની સલાહ દીધી હતી. જેના જવાબમા ધીરસિંહ ઇનકાર ગયો; જેથી મહારાજાએ જબરગાહી અને સહીજાદખા ચાબુકસ્વારને બોલાવીને પુછયું. તો બન્ને જણે કહ્યુ કે એવા માણસની સાક્ષી ભરોસાદાર નથી. કોઇ સારા આબરૂદાર મનુષ્ય કહેતા હોય તોજ હું કબુલ કરૂ, જેથી મહારાજા સાહેબે લાલ દીલગરસિંહ ઘોઘર તરફ જોયું. તેણે કહ્યુ કે ધીરસિંહ દાદા મહારાજા કહે છે તેજ પ્રમાણે બોલેલા છે. પછી ધીરસિંહ ચુપ રહ્યો; ને મહારાજાએ હુકમ ફરમાવ્યો કે જીવથી મારી નાંખવો ને દેશપાર કરવો તે બરોબર છે. જે જે સરદારોએ આ કામમાં ભાગ લીધો હશે તે તમામને મારો હુકમ છે કે મારા રાજ્યમાંથી તુરત ચાલ્યા જવું.

મહારાજાનો હુકમ સાભળી તેજ વખતે દેશ છોડી નીચેના સરદારો લાહોર ગયા ને સીખ મહારાજા રણજીતસિંહજીની નોકરીમા જઈ રહ્યા. ૧ લાલ ધીરસિંહજી કરછીઆ ટોળા, ૨ બાકેસિંહ ઘૌઆ, ૩ ભગવંતરાય કરચુલી રાયપુર, ૪ સહીજાદસિંહ વાઘેલા રામપુર, ૫ માણક પૅાન્ડે પુરાણી પૅાન્ડે. આ શિવાય જે જે સરદારોએ ખટપટમાં ભાગ લીધો હતો તે ચાલ્યા ગયા.

સંવત ૧૮૯૬ ની સાલમા રેવા અને મીરજાપુર સરહદનો તકરારી નીવેડો તહેસીલદાર ગંધર્વસિંહને સાથે રાખી સરહદના કમીશનર સાહેબે કર્યો.

સ્વામી મુકુન્દાચાર્યનો શિષ્ય લક્ષ્મીપ્રપન્ન ફરતો ફરતો રેવામાં આવ્યો. તે વખતે બાબુસાહેબ રઘુરાજસિંહજી ઘણા આજારી હતા; જેથી બચશે એમ કોઈ ધારતું નહિ. મહારાજા વિશ્વનાથસિંહજીએ પણ તેમની આશા છોડી હતી. મહારાજાએ લક્ષ્મીપ્રપન્નને કોઈ મહાત્મા ધારીને વિનતી કરી કે ભા-

ગવતદાસ (બાબુસાહેબને મહારાજા ભાગવતદાસ કહેતા) બહુ માંદા છે માટે તેમને ગુરૂમત્ર સંભળાવો કે મત્રવિમુખ તેમનો દેહ પડે નહિ. લક્ષ્મીપ્રપન્ને કહ્યું કે ગુરૂમત્ર તો મારા ગુરૂ સભળાવે છે પણ હુ તો તે તેમને સાજા કરી શકુ. પછી તેમણે બાબુસાહેબના કાનમા કાંઇ મત્ર કહ્યો જેથી એ સાજા થયા. આથી પિતા પુત્રની તેમના ઉપર ઘણી શ્રદ્ધા બેઠી.

સ્વામી મુકુન્દાચાર્યને મળવાની મહારાજા વિશ્વનાથસિંહ ઘણી ઉમેદ રાખતા હતા. જેથી એ સ્વામીને તેડવા સારૂ બ્રહ્મશીલા જે આદમપુર જીલ્લે ફતેપુરમા છે ત્યાં મહારાજાએ દલજીતસિહ પરીહારને મોકલ્યા. તેમણે જઈ સ્વામીને રેવા પધારવા વિનતી કરીને જણાવ્યું કે મહારાજા તથા બાબુસાહેબ આપનાં દર્શનની ઘણી ઇચ્છા રાખે છે માટે રેવા પધારો. સ્વામીજીએ ચીત્રકોટ જઈ પછી રેવા આવવા કબુલ કર્યું. તે મુજબ ચિત્રકોટ જઇ ત્યાંથી રેવા પધાર્યા.

સંવત ૧૮૯૮ ના કારતક સુદી ૧૧ ના રોજ બાબુ સાહેબ રઘુરાજસિંહ સ્વામીજીના શિષ્ય થયા. જે દિવસે ગુરૂ મત્ર લીધો તે તીથીનો દુહો નીચે મુજબ છે.

સવત અષ્ટાદસ સતે, અઠાનવે કે સાલ,
કાતીક સુદ એકાદશી, દિય મોહી મત્ર વિસાલ.

સ્વામીજીને મોજે લક્ષ્મણપુર જાગીરમા આપ્યુ ને તેમનું રહેવાનું સ્થાન લક્ષ્મણ બાગમા મુકરર કર્યુ. ત્યા હાલ લક્ષ્મણ બાગના જે મહન્ત છે તે અદ્યાપી પર્યંત તે જગાના માલીક છે.

એક સમયે મહારાજા વિશ્વનાથસિહજીને ઘણો તાવ આવતો હતો તે ઘણા વૈદ્યોના ઉપચાર કર્યા પણ મટયો નહિ ને મહારાજા હેરાન થવા લાગ્યા. તે વખતે ગુલામનબી કરી ફતેપુરનો ગવૈયો હતો તેણે મહારાજાને કહ્યુ કે ફતેપુરમા મોલવી અમાનઅલ્લી ઘણા પ્રખ્યાત હકીમ છે તે પધારે તો આપનો તાવ મટે. મહારાજાએ તેમને તેડાવ્યા ને તેમના ઔષધથી મહારાજાનો તાવ મટયો જેથી તેમને રૂપૈઆ ૧૪૪૦ નું વર્ષાશન કરી આપ્યુ.

સવત ૧૮૯૯ ના ચૈત્ર વદી ૧૨ ના રોજ મહારાજા વિશ્વનાથસિંહજીએ બાબુ સાહેબ રઘુરાજસિહજીને તમામ રાજકારભાર સોપી દીધો ને પોતે મોટા કામમા તેમને સલાહ આપવા લાગ્યા. મહારાજા વિશ્વનાથસિંહજી સવત ૧૯૦૨ ના જેઠ સુદી ૧૧ ના રોજ પ્રયાગરાજ યાત્રા સારૂ ગયા ને ત્રીવેણીમાં સ્નાન કર્યું. જ્યાથી મહારાજા અને બાબુ સાહેબ ભદરી ગયા. ત્યાં અશાઢ વદી ૧૩ ના રોજ બાબુ સાહેબની સગાઇ થઇ.

તા. ૧ લી અકટોબર સને ૧૮૪૫ ના રોજ મોલવી અમાનઅલ્લીના ભાઇ અહીસાનઅલ્લી પોતાના ભાઇની મુલાકાતે આવ્યા. તેમણે મહારાજા વિશ્વનાથસિંહજીને મુલાકાત સારૂ અરજ કરાવી. મહારાજાએ કહાવ્યુ કે પ્રથમ હુ મુલાકાતે આવીશ ત્યાર પછી પધારવું. મહારાજા તેમની મુલાકાતે ગયા. ત્યાં તેમણે વિવેકથી આગતા સ્વાગતા કરી પછી મોલવી સાહેબ બીજે દીવસે મહારાજાને મળવા ગયા.

સંવત ૧૯૦૬ માં દીવાન વંશીધર દેવલોક પામ્યા. તેમની જગો ઉપર નવો દીવાન ન રાખતા બાબુ સાહેબે પૅાન્ડે દીનબન્ધુ અને કરછીઆ ટોળા-વાળા લાલ દીલરાજસિંહની સલાહથી કામકાજ કરવા માંડયાં. તેમજ એજન્ટ તરફનું કામકાજ બક્ષી ગદાધરપ્રસાદ ને મોલવી અમાનઅલ્લીખા કરતા હતા.

સંવત ૧૯૦૭ ના ભાદરવા વદી અમાવાસ્યાને રોજ બાબુ રઘુરાજસિંહે દેવરાજ નગરના ૧૨૦ ગામની રૈયતનું જકાત બાબતનું મેહેસુલ માફ કર્યું ને તે સાલનો જકાતનો ઇજારો નાયક પરમાનંદે લીધો હતો તેને ખોટનાં નાણું મજરે આપ્યાં. એ સાલમા વિશ્વનાથસિંહે બાબુ સાહેબને શીકાર ખેલવાને મુકામ ઝીરીઆમાં એક હવેલી સંવત ૧૯૦૭ ના ફાગણ વદી ૭ ને ગુરૂવારના રોજ બંધાવી આપી કે જે હવેલીની અંદર બેશીને શીકાર ખેલી શકાય.

મોલવી રહેમાનઅલ્લી જેમણે રેવાના રાજ્યનો પ્રાચીન ઇતીહાસ શોધીને લખ્યો છે તે રેવા આવ્યા ને મહારાજાને મળ્યા. તે પ્રસંગમાં બાબુ સાહેબ ઉદેપુર જવાના હતા. તેમની સાથે મોલવી રહેમાનઅલ્લીને પણ ઉદેપુર જવાને ફરમાવ્યું. પછી રહેમાનઅલ્લીખાએ બાબુ સાહેબની મુલાકાત લીધી. બાબુ સાહેબે તેમની સાથે ઉદેપુર આવવા કહ્યુ ને સગવડ કરી આપી.

બાબુ સાહેબની સ્વારી સંવત ૧૯૦૮ ના વૈશાખ વદી ૧૨ ના રોજ ઉદેપુર પહોંચી. તે તારીખે બાબુ સાહેબનું લગ્ન મહારાણા સરદારસિંહજીનાં કુંવરી સૌભાગ્યકુવરબા સાથે થયુ. તે વખતે ગાદી ઉપર મહારાણા સરૂપ-સિંહજી હતા તેમણે ઘણી સારી બરદાસ કરીને એક મહિના સુધી તમામ માણસોને મોજ મઝામાં રાખ્યા. બાબુ સાહેબ રઘુરાજસિંહ સાથે રેવાથી ની-ચેના મુખ્ય સરદારો ગયા હતાઃ—

દેવરાજ નગરના લાલ શીવબક્ષસિંહ, લાલ રનદમનસિંહ, લાલ હરબ-ક્ષસિંહ, લાલ ભગવતસિંહ, લાલ દીરગજસિંહ કરછીઆ ટોળાના, લાલ દીલરાજસિંહ, લાલ છત્રધારીસિંહ, લાલ કલાણસિંહ, લાલ ધીરજસિંહ, લાલ અમરસિંહ, કોઠીના સરદાર લાલ અબધુતસિંહ, લાલ અમરસિંહ,

લાલ અજમેરસિંહ, લાલ પ્રાણુસિંહ, લાલ રણુમત્તસિંહ, લાલ રામપ્રતાપ-સિંહ, રામપુરના ઠાકોર સહીજાદાસિંહ, ધીરસિંહ, માનસિંહ, છત્રધારીસિંહ, પુશ્કરસિંહ, સાહેબસિંહ, જગમોહનસિંહ, રાયપુરના કરચુલી સરદાર દલવી-રસિંહ, જમાદાર બલીભદ્રસિંહ, વિશ્વનાથસિંહ, દલથંભનસિંહ, લક્ષ્મણુસિંહ, લાલ ગામના સર્વેજીતસિંહ, ભડુવાના લાલ રણુદમનસિંહ, જમાદાર ઇશ્વરજી-જીતસિંહજી તેંદુનના, મહાસીંગ તેંદુનના, જમાદાર વિશ્વેશ્વરસિંહ ગોખરીના, અજોદ્ધાસિંહ અને બહાદુરસિંહ ગોખરીના, પૉન્ડે દીનબન્ધુ, પૉન્ડે વાસુદેવ, દીલગજનસિંહ, અને દેવનદનસિંહ, હતીવારીના સાખે પોરવા, દસરથરામ પૉન્ડે સાખે તરહઠી, રનદમનસિંહ સેગરસાના, બાન્કેસિંહ ધઊઆ, આ શિવાય બીજા ઘણા સરદારો સાથે ગયા હતા ને તેમની સાથે હાથી ઘોડા પાલખી મ્યાના વિગરે ઉત્તમ પ્રકારનો વૈભવ હતો.

જ્યારે બાબુ સાહેબની સગાઇ ઉદેપુરના મહારાણા જુવાનસિંહજીને ત્યાં સરદારશંગજીનાં કુવરી સાથે સવત ૧૮૯૦ મા કરી હશે ત્યારે રાજરીત મુજબ વિશ્વનાથસિંહજીએ એક કરાર પત્ર આપ્યું હશે તેમા એમ લખ્યુ હશે કે આ રાણીને જે પુત્ર થાય તેજ ગાદીનો હકદાર ગણાય. બીજી રાણીનો પુત્ર વડીલ હોય તોપણ હકદાર થાય નહિ.

જ્યારે બાબુ સાહેબ ઉદેપુર ગયા ત્યારે તેમના પિતાએ યાદ દેવરાવી તે કબુલત પાછી લેઇ લેવા કહેલુ હતું. કારણ કે રઘુરાજસિંહજીને બીજા રાણીથી લાલ રાઘોબ્રહ્મસિંહ પાટવી પુત્ર થએલો હતો. જેથી ઉદેપુરથી વીદાય થતી વખત બાબુ સાહેબે તે કાગળ મહારાણા પાસે માગ્યો. તેમણે તે લેખ આપ-વાની આનાકાની કરીને કહ્યુ કે ભાવપ્યમા થનાર ભાણેજના ગાદી સબધી હક સાચવવા સારૂ એ કરાર પત્ર લખેલું છે. આથી બાબુ સાહેબ નાખુશ થયા; ને રાણીને ત્યા મુકીને સવત ૧૯૦૮ ના જેઠ સુદી ૫ ના રોજ ત્યાથી ચાલી નાહર મઘરામા મુકામ કર્યો પછી ઉદેપુરના રાણા સાહેબે દેવરાજ ન-ગરવાળા લાલ શીવબક્ષસિંહને અને કૃપાળપરવાળા દીલરાજસિંહને બોલાવી મહારાજા વિશ્વનાથસિંહજીની સહીનો પત્ર દેખાડયો. સરદારોએ મહારાજાના અક્ષર ઓળખ્યા. પછી રાણાજીએ તે કાગળ ફાડી નાખી કહ્યુ કે હવે બાબુ સાહેબને ખોટુ લાગવાને કશું કારણ નથી. આ કાગળ ફાડી નાંખ્યાથી તે રાજી થશે. સરદારોએ કહ્યું કે આપે બાબુ સાહેબની અભિલાષા પુરણ કરી તો શા સારૂ ખુશી નહી થાય? પછી રાણાજીએ પોતાનાં કુવરી સૌભાગ્યકુવરબાને તેડી જવા કહ્યુ. સરદારોએ મહારાજા વિશ્વનાથસિંહજી તરફથી કહ્યુ કે આપનાં કુંવરી શણુાવતની બેઠક સૌ રાણીઓમા પહેલી રહેશે ને તેમના શરણાંગત

માણસને પાળવામાં આવશે. મતલબ કે કોઇ ગુન્હેગાર ગુન્હો કરી તેમની ડોઢીનો આશ્રય પકડશે તો તેને શીક્ષા કરવામા આવશે નહિ; ને તેમની ડોઢી આગળ થઈ કોઇ સખસ ઘોડેસ્વાર થઈ નીકળી શકશે નહિ. તેમજ છત્રી ઓઢીને કે હાઢી બાધીને નીકળી શકશે નહિ.

આ હક આપ્યાથી રાણાજી ઘણા ખુશી થયા. મહારાજા વિશ્વનાથસિંહજીએ પણ પોતાના સરદારોએ કરી આપેલા હક કબુલ રાખી પોતાની સહી શીક્કાનો લેખ રાણીજી રાણાવતને આપ્યો.

બાબુ સાહેબ રઘુરાજસિંહ નસીરાબાદ થઇને અજમેર ગયા. ખ્વાજા સાહેબની દરગાનાં દર્શન કરી એક હાથી, એક જોડી દુશાલો અને એક હજાર રૂપૈઆની ભેટ કરી ત્યાંથી પુષ્કરરાજ ગયા. ત્યાં તેમણે એક ઉત્તમ કામ એ કર્યુ કે પોતાની સાથે જે કરચુલી સરદારો આવેલા હતા તેમને કહ્યુ કે તમે દીકરીઓને જીવાડી પાળવાની પ્રતીજ્ઞા કરો. તે ઉપરથી તે લોકોએ પોતાની દીકરીઓ જીવાડવાનો નીયમ લીધો. ત્યાર પહેલા કચ્છ કાઠીઆવાડના જાડેજા ગરાસીઆઓની પેઠે કરચુલીઓ પણ પોતાની દીકરીઓને જીવાડતા નહોતા. આ નીયમ લેવરાવ્યા પછી કરચુલીઓ પોતાની દીકરીને ઉછેરે છે. પુષ્કરરાજના પંડ્યાજીને બાબુ સાહેબે એક હાથી ને બે હજાર રૂપીઆ રોકડા આપ્યા.

મહારાજા વિશ્વનાથસિંહજીએ પોતાની કુવરીની સગાઇ જયપુરના મહારાજા રામસિંહજી સાથે પોતાના પંડીત પુરધરરામ તથા ગુરૂ દયાળરામ આ બે વકીલોને મોકલી પ્રથમથી કરાવેલી હતી.

અજમેરથી મુકામ ઉપાડી સંવત ૧૯૦૮ ના અશાડ સુદી ૧૨ ના રોજ બાબુ સાહેબ સાગાનેર તાબે જયપુરમા પહોંચ્યા અને પૅાન્ડે દીનબન્ધુને જયપુરના દરબારમા બાબુ સાહેબે આગળથી રવાના કર્યો. તેમની સાથે રામ ગુલામસિંહ, રણધીરસિંહ, પંડીત પુરંધરરામ, મૉલવી અમાનઅલ્લી, લાલા નારસિંહ, ગણેશસિંહ, દેવીસિંહ, સહદેવસિંહ, તીવારી ગુરૂ દયાળરામ આ સરદારોને મોકલ્યા હતા. તેમણે સંવત ૧૯૦૮ ના શ્રાવણ સુદી ૪ ના દીવસે કુવરીના સગપણના ચાલ્હા કર્યા. ચાર હાથી, દસ ઘોડા, બસો અસરફી, જડાઉ અલંકાર, જરીઆની કપડાં વિગેરે જયપુરના મહારાજાને આપ્યાં. શ્રાવણ સુદી ૧૦ ના દિવસે જયપુરના મહારાજાએ પોતાના દીવાન માણેકચંદને અને સરદાર ખુમાનસિંહજીને મોકલી સાંગાનેરમાં બાબુ રઘુરાજસિંહજીને કહેવરાવ્યું કે જયપુરના મહારાજા આપની મુલાકાત ઈચ્છે છે માટે આપ પધારો. સાંગાનેરથી જયપુર ચાર કોસ છે, ત્યાથી બાબુ સાહેબે મુકામ ઉઠાવી જયપુર પાસેના

રામબાગમાં તંબુ નખાવ્યા. શ્રાવણ સુદી ૧૪ ના રોજ બાબુ સાહેબ જયપુરના મહારાજાની મુલાકાતે ગયા. મહારાજા સાગાનેરી દરવાજા સુધી સામા આવ્યા ને બન્ને મળી દરબારમાં આવ્યા. જયપુરના મહારાજાએ બાબુ સાહેબ તથા રેવાના સો સરદારોને પાન અત્તર પોતાના હાથે આપ્યા ને બાબુ સાહેબને પંદર કીસ્તી જવાહીરનો પોશાક એક હાથી ને બે ઘોડા આપ્યા. ત્યારબાદ તે રજા લઈ પોતાના તંબુમા ગયા. તે દીવસે સાજના ચાર વાગે જયપુરના મહારાજા સાહેબ બાબુ સાહેબની મુલાકાતે તેમના તંબુએ ગયા. બાબુ સાહેબ પણ સાંગાનેરી દરવાજા સુધી તેમના સામા આવ્યા ને દરબાર મેળવી બેઠા. બાબુ સાહેબે એકવીસ કીસ્તીનો જવાહીરનો પોષાક, એક હાથી જે ઉદેપુરથી મળ્યો હતો તે અને ચાર ઘોડા જયપુરના મહારાજાને ભેટ કર્યો. શ્રાવણ સુદી ૧૫ ના રોજ બાબુ સાહેબ જયપુરથી એક મજલ ઉપર ગળતા નામે જે જાત્રાનું ધામ છે ત્યા દર્શન કરવા ગયા. ત્યા એક હાથી, હજાર રૂપૈઆ રોકડા અને એક દુસાલાની જોડ અર્પણ કર્યા. તેજ દીવસે બાબુ સાહેબના મુકામમા જયપુર દરબાર તરફથી મેમાની આવી હતી.

બાબુસાહેબ જયપુરથી ચાલ્યા ત્યારે ત્યાના મહારાજાએ કહ્યુ કે અમે ઘણી ટુંક મુદતમા રેવા લગ્ન કરવા સારૂ આવીશુ જેથી બાબુસાહેબે મોલવી રહીમાનઅલ્લી તથા પૉન્ડે દીનબન્ધુને જયપુરના એવા હેતુથી મુક્યા કે તેઓ જયપુરના મહારાજાને તેડી તેમના સાથમા આવે. પછી પોતે ભાદરવા વદી ૧ ના રોજ ત્યાથી નીકળી મથુરા તરફ ગયા તા. ૨૮ મી ઓગસ્ટ સને ૧૮૫૧ ના રોજ મથુરામા પહોચ્યા. ત્યા એક હાથી ને બે હજાર રૂપૈઆ પોતાના ગોરને રોકડા આપ્યા, ને જમુનાજીમા વિશ્રામ ઘાટ ઉપર કે જે સ્થળે શ્રીકૃષ્ણે કંસાસુરને મારીને વિશ્રામ લીધો હતો ત્યા સ્નાન કર્યું. આશો વદી અમાસના રોજ ત્યાથી આગ્રે પહોચ્યા ત્યા તાજમહેલ જે આખી દુનીઆમાં પ્રસિદ્ધ ગણાય છે તેની મુલાકાત લીધી ને મોતી મસીદ જોઈ.

બાબુસાહેબ આગ્રેથી ફતેપુર આવ્યા ને મૉલવી ઍમાનઅલ્લીની મુલાકાત લેઇ તેમની જાફત લીધી. ત્યાથી પછી ચીત્રકોટ યાત્રા સારૂ ગયા ને લાબી મુદતનો પ્રવાસ કરી રેવા આવ્યા.

જયપુરના મહારાજા કરછવાહા રામસિંહજી જે રેવા પરણવા સારૂ આવવાના હતા ને તેમને તેડી લાવવા સારૂ મોલવીસાહેબને ત્યા રાખ્યા હતા, તેમણે તાકીદે રેવા જવા વિનતી કરી. પણ તેમનું બીજુ સગપણ જોધપુર થવાથી તેમને પ્રથમ લગ્ન સારૂ ત્યા જવાની મરજી હતી જેથી પ્રથમ રેવા આવવાની આનાકાની કરવા માડી. આ સમાચાર જાણી મોલવી સાહેબે રજ-

પુતાણુાના પોલીટીકલ એજન્ટ સાહેબને લખ્યું. તે સાહેબે જયપુર મહારાજાને લખ્યું કે તમારે તાકીદે પરણુવા સારૂ જવું. તેમણે પોતાના સૈન્યના બે ભાગ કરી એક ભાગ જોધપુર લક્ષમણસિંહજી સાથે મોકલ્યો અને બીજો ભાગ રાવળ શીવસિંહજી સાથે રેવા મોકલ્યો. પછી પોતે છડી સ્વારીએ પ્રથમ જોધપુર પરણી પછી રેવા ગયા. ત્યા મહારાજા વિશ્વનાથસિંહજીની બે કુંવરીઓ જાનકીકુવરબા અને કીશ્નકુવરબા સાથે પરણ્યા. આ લગ્નપ્રસંગમાં સાડાપાચ લાખ રૂપૈયા ખર્ચ થયો.

ગુરૂમહારાજ મુકુન્દદાસ સવત ૧૯૧૧ ના વૈશાખ સુદી ૩ ના રોજ દેવલોક પામ્યા. જેનો દુહો રઘુરાજસિંહ મહારાજે બનાવેલો નીચે મુજબ છેઃ—

રૂદ્ર ખંડ શશી સપ્તમે, માધવ માસ અકુંઠ,
અક્ષય ત્રીતીયાકો ગયા, શ્રી હર ગુરૂ વૈકુંઠ.

મહારાજા શ્રી રઘુરાજસિંહજીના લગ્ન નીચે મુજબ થયાં હતાં:—

૧. વિજયપુરના મહારાજ ગહરવાર રાઠોડ વંશના જગતબહાદુરસિંહજીના કુવરી.
૨. વિજાપુરના ગહરવાર અમરજીતસિંહજીનાં કુવરી લછમનપ્રસાદકુંવરબા.
૩. રાવ ગોપાળસિંહજી બીસેન ભદ્રીના રાજાના કુવરી જગેશરકુંવરબા, જે જેઠીરાણી કહેવાતાં હતા.
૪. બાબુ અમરજીતસિંહજીના કુવરી જાનકીપ્રસાદકુવરબા.
૫. રાજા હનમતસિંહ ધારપુર તાબે લખનોરનાં કુંવરી શીવપાળકુવરબા, તે મજલી રાણી કહેવાય છે.
૬. બાબુ અમરજીતસિંહજીના કુવરી રૂક્ષ્મણીપ્રસાદકુંવરબા તે લોહરી રાણી કહેવાય છે.
૭. મહારાજા શ્રી સરૂપસિંહજી ગીસોદીયા ઉદેપુરના મહારાજાનાં કુંવરી સૌભાગ્યકુવરબા જે રાણાવત કહેવાય છે.
૮. બાબુ અમરજીતસિંહજીના કુવરી સીરતાજકુવરબા.
૯. લાલ બીજેબહાદુરસિંહ ચદેલના કુવરી શીવદાનકુંવરબા જેમને હાલના મહારાજા વ્યંકટરમણ રામાનુજપ્રસાદસિંહજી કુંવર છે.
૧૦. ચાવડા કરણસિંહજી વરસોડાવાળાનાં કુવરી કૃશ્નકુંવરબા.
૧૧. રાવ બીજેબહાદુરસિંહજી ચંદેલનાં નાનાં કુવરી જગન્નાથકુંવરબા.
૧૨. લાલા ગીરધરબક્ષસિંહ પરીહારનાં કુંવરી ધર્મરાજકુંવરબા.

મહારાજા રઘુરાજસિંહજીનો જન્મ સંવત ૧૮૮૦ માં થયો હતો. ૩૧ વરસ યુવરાજ રહ્યા. સંવત ૧૯૧૧ ના ફાગણ સુદ ૧૨ ના રોજ તેઓ ગાદી ઉપર બેઠા ને સવત ૧૯૩૬ ના માહા વદી ૯ ના રોજ દેવલોક પામ્યા. તેમને શીકારનો ઘણો શોખ હતો. તેમણે સવત ૧૮૯૫ના માહા સુદી ૪ થથી સંવત ૧૯૩૬ ના ફાગણ માસ સુધીમા એટલે પોતાની હયાતી સુધીમાં ૯૧ વાઘ, ૧૬ તેંદુઆ વાઘ અને ૧ જગલી હાથીનો શીકાર કર્યો હતો. તેઓનું સસ્કૃત જ્ઞાન ઉત્તમ પ્રકારનું હતું. તેમજ અગ્રેજી અને ઉરદુ પણ જાણતા હતા તેઓ પ્રભુના નામના છ અક્ષરી મત્રના દરરોજ ત્રીસ હજાર જપ કરતા હતા. તેમણે મથુરા, જગન્નાથજી અને કાશીમાં પોતાની તુલા સોનાની કરાવીને બ્રાહ્મણોને તે દાનમાં આપ્યું હતું.

સવત ૧૯૧૧ મા જ્યારે તે ગાદી ઉપર બેઠા ત્યારે લાલ રનદમનસિંહ દેવરાજ નગરવાળા ઠાકોર ને પોતાના ભાયાત તેમને મુખ્ય મત્રી નીમ્યા. આ સિવાય કરછીઆ ટોળાના ઠાકોર લાલ છત્રધારીસિંહ તથા વાંકેસિંહ ઘઉઆ, દીનબન્ધુ પૉન્ડે, મથુરાપ્રસાદ દીવાન, કાશીનાથ પૉન્ડે, નરમદાપ્રસાદ પૉન્ડે, હનુમાન પ્રધાન આ વગેરેનું મત્રીમડળ નીમ્યું હતું.

રેવાથી અગીઆર મૈલ દક્ષિણમાં કૈમોરના ડુગર પાસે બહુજ સુંદર સ્થાનમાં જ્યા ખધવ નામનું ગામ હતું ત્યા મહારાજાએ ગોવીંદગઢ નામે નગર વસાવ્યું તથા ત્યા તળાવ, મહેલ વગેરે બનાવ્યા, પાચ મદીર બંધાવ્યાં, જેને કનકભુવન કહે છે; ને સીત દ્વીપ (ઠડો મહેલ) બધાવ્યો.

સવત ૧૯૧૩ ભાયાતોને જકાત લેવાનો જે હક હતો તે બંધ કર્યો.

સંવત ૧૯૧૩ ના માગશર વદી ૨ ના રોજ મહારાજા શ્રી જગન્નાથજીની યાત્રાએ ગયા. ફાગણ વદી ૮ મે પહોચ્યા. જગન્નાથજીમા પોતાની તુલા સોનાની કરી ને યાત્રામા બે લાખ રૂપૈયા ખર્ચ કર્યા. સવત ૧૯૧૪ માં હિંદુસ્તાનમા મોટો બળવો થયો તે વખતે મહારાજા જગન્નાથજીની યાત્રામાં હતા ને મહેરબાન ઍસબરન સાહેબ સાથે હતા. બળવો જાહેર થતાં યાત્રામાથી જેઠ માસમાં પાછા આવ્યા ને આ બળવામા અગ્રેજ સરકારને ઘણી મદદ કરી.

મહીઅરના રાજાને અગ્રેજ સરકારે રેવાના મહારાજા સાહેબની મદદથી હરાવ્યો. એ લડાઇમાં મહારાજાએ ૩૧૮ સ્વાર, ૨૫૮૨ પાયદલ, ૧૬ ગોલંદાજ ને ૨ તોપ મોકલ્યા હતાં. તેમાં ૬ આદમી મરાયાં ને ૨૩ ઘાયલ થયાં. સોહાગપુરની લડાઇમા ૭૦ સ્વાર, ૩૦૦ પાયદલ, ૪ તોપ ને ૮૦ ગોલંદાજ

મોકલ્યા હતા. માણેકપુરની લડાઈમાં ૧૦૦ સ્વાર, ૮૦૦ પાયદલ, ૩૫ ગોલંદાજ ને ૨ તોપ મોકલી હતી. બારા જીલ્લે અલ્હાબાદમાં ૧૦૦ સ્વાર, ૫૦૦ પાયદળ, ૧૮ ગોલંદાજ ને ૨ તોપો મોકલી હતી. કોઠી જીલ્લે નાગોદમાં ૫૦ સ્વાર, ૬૦૦ પાયદળ, ૩૬ ગોલંદાજ અને ૩ તોપો મોકલી હતી. દદરી જીલ્લે બાદામા ૫૦ સ્વાર, ૫૦૦ પાયદળ, ૮૦ ગોલદાજ અને ૪ તોપ મોકલી હતી. આ ઉપકારના બદલામા અગ્રેજ સારકારે સાત લાખ રૂપૈઆ રોકડા ખરચ બદલ આપ્યા હતા.

સવત ૧૯૧૫ માં પૉન્ડે દીનબન્ધુને દીવાનપદ આપ્યું.

સવત ૧૯૧૬ ના કારતક સુદ ૮ તા. ૩ નવેમ્બર ૧૮૫૯ ના રોજ કાનપુર મુકામે મહારાજા રઘુરાજસિંહે લૉર્ડ કૅનીંગ ગવરનર જનરલ સાહેબની મુલાકાત લીધી; જે વખતે મહારાજાને સોહાગપુર અને અમરકંટક ઇનામમાં આપ્યા.

સને ૧૮૬૦ થી તે સને ૧૮૬૭ સુધીમાં આખા સ્ટેટની માપણીનું કામ કરાવ્યુ, તેના નુકશા મુનશી શાદીલાલે બનાવ્યા. ફક્ત બાન્ધુગઢના કીલ્લાની માપણી થઈ હતી.

સને ૧૮૬૨ ની સાલમા સંરકાર તરફથી આ રાજ્યને દત્તક લેવાની સણંદ મળી.

સને ૧૮૫૭ ના બળવામા મહેરબાન ઍસબરન સાહેબે એજન્સિ દાખલ કરી હતી. તે તા. ૨૨ મી ડીસેમ્બર સને ૧૮૬૨ ને સોમવારે નીકળી ગઇ.

સવત ૧૯૨૧ ના કારતક વદી ૫ ને મગળવારે લૉર્ડ કૅનીંગ સાહેબ વૉઇસરાએ બનારસ મુકામે મહારાજા રઘુરાજસિંહને સ્ટાર ઑફ ઇન્ડીઆનો ઇલકાબ આપ્યો. જી. સી. એસ. આઈ. નાઈટ ગ્રાન્ટ કમાન્ડર ઑફ ધી મોસ્ટ ઍક્ઝોલ્ટેડ ઑારડર ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડીઆનો ઇલકાબ આપ્યો; ને પૉન્ડે દીનબન્ધુ, દીવાન જનરલ બાકેસિંહ ઘઉઆ, દેવીસિંહ વાઘેલ અને સરદાર વિશ્વેસરસિંહ એ ચારેને શીરપાવ આપ્યા. પ્રતિ વરસ આ દિવસના ઉત્સવ બદલ દરબાર ભરાય છે.

સંવત ૧૯૨૧ ના ફાગણ વદી ૮ રીમાના રાવેન્દ્ર બળીભદ્રસિંહજીનાં કુંવરી રણછોડકુંવરબાની સગાંઇ મહારાજા તખતસિંહજીની સાથે જોધપુર થઇ. તેમજ મહારાજા વિશ્વનાથસિંહજીનાં કુંવરી તુળસીપ્રસાદકુંવરબાની સ-

ગાઈ મહારાજા તખતસિંહજી સાથે થઈ. તેમજ રાવેન્દ્ર બળીભદ્રસિંહજીની બે કુંવરીઓ વિકાનેર મહારાજા સરદારસિંહજી સાથે પરણાવ્યાં હતાં.

સંવત ૧૯૨૨ ની સાલમા જે બુદેલા દરવાજો રીમામા હતો તે પાડી ન ખાવ્યો.

સંવત ૧૯૨૪ ના માહા માસમાં તુળસીરામ પંડ્યા પાસે દસ હજાર રૂપૈયા ખર્ચી અગ્નિહોત્ર કરાવ્યો તેથી તેઓ અગ્નિહોત્રી કહેવાય છે.

સવત ૧૯૨૪ ના ફાગણ માસમા માધવપ્રસાદ અગ્નિહોત્રી પાસે બાજપે યગ્ન કરાવ્યો તેમા પચાસ હજાર રૂપૈઆ ખરચ કર્યા.

સવત ૧૯૨૫ મા રેવાના રાજ્યમા પોલીસ થાણા નક્કી કર્યા ને આઠ સભાસદો નીમી રાજ્ય કાઉન્સીલ મુકરર કરી પણ તે કામ કેટલીક મુદત ચાલી બધ પડયું.

તા. ૨૧ મી જુલાઈ સને ૧૮૬૮ ના રોજ રાજા દીનકરરાવ રેવામાં આવ્યા; ને તા. ૪ અગસ્ટ સને ૧૮૬૮ ના રોજ એટલે સવત ૧૯૨૫ ના શ્રાવણ સુદી ૧૫ ને સોમવારે બીજરૈયાના દરબારમા તે હાજર હતા ને તેમને રાજ્યના સલાહકાર તરીકે બોલાવ્યા હતા. તે વખતમા દીવાનનું કામ લાલ રનધમલસિંહને કરવા સવત ૧૯૨૫ ના ભાદરવા વદી ૨ ને સોમવારે કુલ મુખત્યારનામાથી કામ સોપ્યુ. બાકેસિંહ ધઉઆને, અઠારૈખાને (હાથી, ઉંટ, ઘોડા) વગેરેની તજવીજનું કામ સોપવામા આવ્યુ. ફોજના કમાન્ડર લાલ દીધેસિંહ દેવરાજ નગરવાળાને બનાવ્યા. લાલ ભગવાનસિંહજી દેવ રાજનગરવાળાને ખડણી ઉઘરાવવાની તજવીજનું કામ સોપ્યુ.

સવત ૧૯૨૫ ના પોસ સુદી ૬ ના રોજ મહારાજાશ્રીએ જગલી હાથીનો શીકાર કર્યો.

સવત ૧૯૨૭ મા મડવાસના ઇલાકામા જ્યા મોટુ જગલ છે તેમાંથી ત્રીસ જગલી હાથી પકડયા જે હાથીઓનો વશ રેવામા છે.

સવત ૧૯૨૭ ના પોસ વદી ૧૦ ના રોજ મહારાજા સાહેબે કલકત્તા મુકામે શાહાજાદા સાહેબની મુલાકાત લીધી; અને મહારાજા સાહેબે હીરાની અગુઠી અને બીજો અસબાબ શાહજાદા સાહેબને ભેટ કર્યો ને શાહજાદા સાહેબે એક રાઇફલ અને એક નિશાન બક્ષીસ અપાવ્યું.

પ્રથમ બુદેલખડના એજન્ટ સાહેબના તાબામાં રેવાનું રાજ્ય હતું તેને બદલે નોખી એજન્સિ કરી તેમાં પાચ રાજ્ય રેવા, નાગોદ, સોહાબલ

મહીઅર અને કોઠી તે પૈકી રેવા, સોહાગપુર અને કોઠી આ ત્રણ રાજ્ય વાઘેલાનાં છે ને તે વાઘેલખંડ એજન્સિ કહેવાય છે.

સવત ૧૯૩૦ સને ૧૮૭૩ મા રૅાયલ કાઉન્સીલ મુકરર કરી તેમા મુખ્ય પૅાન્ડે વાસુદેવ અને બીજા સભાસદ વિશ્વનાથ શાસ્ત્રી, ગોકુળ પડીત રામચંદ્ર આચાર્ય, ઉમાદત્ત તીવારી, મુનશી કાળકાપ્રસાદ, મુનશી મનોહરલાલ એ મેમ્બરો નીમ્યા. તે કામ કેટલાક દીવસ ચાલી બધ પડ્યુ છે.

સવત ૧૯૩૧ ના પોસ સુદી ૮ ને રોજ મૅાલવી રહીમાનઅલ્લીખાને કુલ રાજ્ય માજીસ્ટ્રેટ નીમ્યા. તેમના તાબામા ર તોપ ૫૦ સ્વાર અને ૧૦૦ તૈલગા સોપ્યા.

સવત ૧૯૩૧ ના માહાવદી ૯ ને રોજ મેજર ડેલી સાહેબે એજન્ટ ટુ ધી ગવરનર જનરલ સાહેબ બાહાદુરની મજુરીથી વાઘેલખડ પોલીટીકલ એજન્ટની દેખરેખમા મુક્યો.

સંવત ૧૯૩૧ ના ફાગણ વદી ર ના રોજ ચાવડી રાણી ક્રીશ્નકુવરબાનો ગુજરાતથી વરસોડા ગામનો ડોલો (ઓઝાણુ) આવ્યો ને સતના મુકામે મહારાજા સાથે તેમના લગ્ન થયા.

સવત ૧૯૩ર ના ચૈત્ર વદી ૧૦ ના રોજ મેજર બીકરમેન પોલીટીકલ એજન્ટ સાહેબે રેવાનુ રાજ્ય જપ્તીમા લીધુ ને મહારાજાને દર માસે રૂપૈઆ પંદર હજારની નીમનોક કરી આપી. આ જપ્તી કરજ વાસ્તે મુકાઇ હતી અને મહારાજાના અનુમત પ્રમાણે રાજ વહીવટ ચાલતો હતો.

તા. ૧૪ મી જુન સને ૧૮૭૫ ના રોજ નાયબ દીવાનની જગોએ પંડીત હેતરામજીને પોલીટીકલ એજન્ટ સાહેબે મુકરર કર્યો.

સવત ૧૯૩ર ના પોસ સુદી ૫ ના રોજ મહારાજા કલકત્તામાં પ્રીન્સ ઓફ વેલ્સ સાહેબ મહારાણીશ્રી વિકટોરીઆના પાટવી કુવરની મુલાકાતે ગયા; ને ત્યાં દરબારમા પ્રીન્સ ઓફ વેલ્સે મહારાજાને બીજા અસબાબ સાથે ચાંદીનો હુકો ને બે નાળી બંદુક આપી ને જ્યા સુધી મહારાજા કલકત્તામાં રહ્યા ત્યાં સુધીનો ખોરાકી વિગેરે તમામ ખર્ચ સરકારે આપ્યો.

સવત ૧૯૩૩ ના શ્રાવણસુદી ૩ ના રોજ મહારાજ કુમાર શ્રી વ્યંકટરમણ રામાનુજપ્રસાદસિહજીનો જન્મ ચદેલ મહારાણી શીવકુંવરબાથી કરછીઆટોળા, જેને કીરપાલપુર કહે છે તે સ્થળે થયો જે હાલના મહારાજા છે.

રેવાના રાજ્યમાં કુમારને બાબુ સાહેબ કહેવાનો વહીવટ ચાલતો હતો તે ફેરવીને હવેથી મહારાજ કુમાર કહેવાનો વહીવટ શરૂ કર્યો.

સંવત ૧૯૩૩ ના ફાગણ સુદી ૧૨ ના રોજ મહારાણીશ્રી રાણાવતજી સૌભાગ્યકુવરબાએ રેવામા શ્રી રૂઘનાથજીનું મદીર બધાવી તેની પ્રતીષ્ઠા કરી ઘણો ખરચ કર્યો.

સંવત ૧૯૩૩ ના માહા વદી ૨ બીજના રોજ મહારાજા સાહેબ કૈસરે-હીંદના દરબાર વખતે દીલ્હી ગયા હતા.

સંવત ૧૯૩૩ ના આસો વદી ૮ ને વાર રવીના રોજ લાલ રનધમલ-સિંહજી દેવરાજ નગરવાળા જે મહારાજાના ખાસ વિશ્વાસપાત્ર ને રાજ્યના દીવાન હતા તે દેવલોક પામ્યા.

સવત ૧૯૩૪ ના માગશર વદી ૧૧ સોમવારે પૉન્ડે દીનબન્ધુ ફરી દીવાન મુકરર થયા.

સવત ૧૯૩૬ ના શ્રાવણ વદી ૨ ને સોમવારે દીવાન પૉન્ડે દીનબન્ધુ અયોધ્યામાં દેવલોક પામ્યા.

સવત ૧૯૩૬ મા ઉમરીયા જીલ્લે ચાદીઆમાં કોયલાની ખાણ નીકળી છે.

સવત ૧૯૩૬ ના માહા વદી ૯ તા. ૪ ફેબ્રુઆરી સને ૧૮૮૦ ના રોજ મહારાજા રઘુરાજસિહ દેવલોક પામ્યા ને તા. ૫ મીના રોજ અગ્નીસસ્કાર દેવરાજ નગરવાળા ઠાકોર લાલ રામાનુજપ્રસાદસિહજીને હાથે કર્યો.

મહારાજા રઘુરાજસિહજી ઘણા મજબુત બાધાના તેમજ બહાદુર હતા. તે તેમણે વાઘો વિગરેના કરેલા શીકારથી જણાય છે. તેમજ તેમની સ્મરણ-શક્તિ પણ ઉત્તમ હતી એકી વખતે શેત્રજ રમતા તેની સાથે ગજીફાના પાનાં પણ હાથેજ રમતા. પોતાના સગાઓના દરબારમાં પત્રો પણ તેજ વખતે લ-ખાવતા; ને સસ્કૃત ગ્રથો લખાવવાનુ કામ પણ સાથેજ કરતા હતા. પોતે દેવપુજામા હોય ત્યારે તેમને બોલાવવાની સખત મના ’તી. પણ ગૌબ્રાહ્મણ ઉપર જુલમ અગર વાઘની બુમ સાભળતા તો પુજા અધુરી મુકી પોતે જતા ને ત્યાંથી કામ પુરૂં કરી મુકામે આવી પોતાનું અધુરૂં રહેલું નીત્યકર્મ પુરૂં કરીને જમતા, ત્યા સુધી જમતા નહિ. એવો તેમનો દ્રઢ નીશ્ચય હતો. તેમનો ખોરાક પણ ઝાઝો હતો. બંગાળી ૪ શેર અનાજ જમતા એમ કહેવાય છે. રઘુરાજસિંહજી મહારાજા પોતે એક ઘણાજ સારા કવિ અને વિદ્વાન હતા. તેમને સંસ્કૃત ભાષાનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન હતું. તેમણે નીચેના ગ્રથો લખ્યા છે.

૧ બ્રહ્માંડ પુરાણ પુરાણાગત અધ્યાત્મ રામાયણ સંસ્કૃત, ૨ બ્રહ્મવૈવસ્વત કૃષ્ણ જન્મ ખંડ સંસ્કૃત, ૩ રામ મંત્રાર્થે નીર્ણય સંસ્કૃત, ૪ વાસુદેવ સહસ્ર નામ સંસ્કૃત, ૫ ભુક્ત મુક્ત સદાનંદસંદોહ સંસ્કૃત, ૬ સુધર્મ વિલાસ સંસ્કૃત, ૭ શંભુ શતક સંસ્કૃત, ૮ જગદીશ શતક સંસ્કૃત, ૯ વિષ્ણુ સહસ્ર નામ સંસ્કૃત.

આ શિવાય ભાષાના ગ્રંથો નીચે મુજબ છે:-

૧ ભાષા ભાગવત આનંદા અંબુધી, ૨ ભાગવત મહાત્મ, ૩ ભમરગીતા, ૪ રૂકમણી પરણીય, ૫ ભકતમાળ, ૬ રામ સ્વયંવર, ૭ ભક્તવિલાસ, ૮ મૃગયા શતક. આ ગ્રંથો તેમણે પોતે લખેલા છે ને આ પૈકીના કેટલાક ગ્રંથો તેમણે પોતે અને કેટલાક તેમના કુળ દીપક હાલના મહારાજાએ છપાવી પ્રસિદ્ધ કરેલા છે. તેઓને ઇશ્વરભક્તિ ઉપર ઘણોજ પ્રેમ હતો ને ગ્રંથો પણ ભક્તિનાજ લખ્યા છે.

મહારાજા વ્યંકટરમણ રામાનુજપ્રસાદસિંહજીને સંવત ૧૯૩૬ ના આસો સુદી ૫ ને શુકરવારે સવારના દશ વાગે રાજગાદી ઉપર જનરલ ડેલી સાહેબ એજન્ટ ટુ ધી ગવરનર જનરલ સાહેબે આવીને બેસાર્યા છે. તે વખતે મહારાજાની ઉમર ૩ ત્રણ વરસની હતી, જેથી સદરહુ રાજ્યનો વહીવટ મહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબની દેખરેખ નીચે રીજન્સી કાઉન્સીલથી ચાલ્યો હતો. તે કાઉન્સીલમાં આઠ સભાસદો નીમાયા. તેમનું મુખ્ય કામ કાયદા કરવા, રાજ્ય ચલાવવામાં સલાહ આપવી તથા રાજકુટુંબના કજીઆનું સમાધાન કરવું, મકાનો બાંધવા વિગેરે હતું. તેમાં એક લાલ રામાનુજપ્રસાદસિંહજી (હીરાસાહેબ) દેવરાજનગરના ઠાકોરને તમામ લશકરના સેનાધીપતિ (કમાન્ડર ઇન ચીફ), ૨ લાલ કલ્યાણસિંહજી કીરપાલપુરના ઠાકોરના ભાયાત અને ફોજના કર્નલ, ૩ કુમાર ફતેસિંહજી ચોરહટ્ટના રાવના સગા ભાઇ, ૪ લાલ [illegible]વનસિંહજી જમાદાર, ૫ સરદાર ભગવતસિંહજી તે પેકુંઠપુરના ઠાકોરના ભાઈ, ૬ સામત પોકારસિંહજી કીશનગઢના ઠાકોર, ૭ સરદાર નરહરસિંહજી હયદેવશી (કરચુલી) પટ્નાના ઠાકોર, ૮ મોલવી રહીમાનઅલ્લીખાં તે રાજ્ય કાઉન્સીલના સેક્રેટરી, એ રીતે આઠ કાઉન્સીલરો નીમ્યા.

કરચુલી શબ્દનો અર્થ તરવારબહાદુર થાય છે. તે કીતાબ બાદશાહી વખતમાં મળેલો છે.

મહારાજા વ્યંકટરમણસિંહજીએ ઇંદોર કોલેજમાં અભ્યાસ કરેલો છે ને નામદાર સરકાર તરફથી તેમને જી. સી. એસ. આઇ. નો ઇલકાબ મળેલો છે. મહારાજાનાં લગ્ન બંગાળામાં ડુમરાનના મહારાજાનાં કુંવરી સાથે તથા બીજું

લગ્ન રતલામના મહારાજાની કુંવરી સાથે થયાં છે. ડુમરાનવાળાં મહારાણી સાહેબને કુમારશ્રી ગુલાબસિંહજી જન્મેલા છે જે પાટવી કુમાર છે.

રેવાના રાજ્યમાં ૫૬૪૩૬ ગામ છે. ૧૨૮૨૩ ચોરસ મૈલ ક્ષેત્રફળ છે તથા ૧૩,૨૦,૪૩૫ માણસની વસ્તી છે. ઉત્તર, દક્ષિણ ને પૂર્વમાં અલ્લાહબાદ ને મીરજાપુર જીલ્લા છે ને પશ્ચિમમાં બુંદેલખંડનો ઈલાકો છે. રેવાનું રાજ્ય સોન નદીની બન્ને તરફ ને વિંધ્યાચળ પર્વતની શાખાઓમાં છે. રાજધાનીનું શહેર રેવા છે તે વીંછીઆ અને બીહર આ બે નદીઓના સંગમ ઉપર છે. ઉત્તર દક્ષિણ અક્ષાંશ ૨૪·૩૪ છે ને પૂર્વ પશ્ચિમ રેખાંશ ૮૧·૧૯ છે. રેવા શહેરમાં ૨૪૬૧૪ માણસની વસ્તી છે. બજાર શહેરમાં ચાર છે. એક કોટવાળની અને છ પોલીસની ચોકીઓ છે. મહારાજાના મહેલ ઉપરહદ્દીમાં છે. રાઘો મહેલ, સોન મહેલ, મોતી મહેલ વીગેરે મુખ્ય મહેલો છે ને જગન્નાથજી અને મૃત્યુંજય મહારાજનાં મંદીરો છે.

ગોવિંદગઢ એ રેવાથી દક્ષિણમા લગભગ દસ મૈલ ઉપર કૈમોરના ડુંગરની તળેટીમા જ્યા પ્રથમ ખધવ નામનું ગામ હતું ત્યા મહારાજા રઘુરાજસિંહજીએ બંધાવેલો છે. ત્યા વર્ષના અમુક મહીના મહારાજાનો મુકામ રહે છે. ત્યાના ચાંદ મહેલ, સીતદ્વીપ, કનકભુવન, હવા મહેલ, તલાવ, વિગેરે જોવા લાયક છે. રાજ્યની કુલ પેદાસ લગભગ ત્રીસ લાખ રૂપૈઆ છે. તે પૈકી નામદાર ઇગ્રેજ સરકારને ત્રીબ્યુટ (ખંડણી) બીલકુલ આપવી પડતી નથી.

તેહસીલો; ૧ હજુર તેહસીલ રેવા, તેમા ૧૫૩૧ ગામ; ૨ સીતલાહકેવટી તેહસીલ, તેમા ૪૨૨ ગામ, ૩ સોહાગપુરમા ૩૧૮ ગામ; ૪ બરદી સીંગરોલી, તેમા ૬૧૨ ગામ; ૫ મહુગંજ તેહસીલમાં ૬૨૯ ગામ; ૬ રામનગર તેહસીલમાં ૨૧૩૧ ૬ ગામ; એ રીતે કુલ ૫૬૪૩ ૬ ગામ છે.

રેવાના રાજ્યમાં તમામ જાતના માણસોની વસ્તી છે. અસલી જાતોમાં કોલ, ગુંઠ, ભરીઆ, ખાલન, પઠારી, ગુદાર, બેવરીયા, કમર, આ જુની જાતો છે. ક્ષત્રીમા પરીહાર, બહેરવાર, ચંદેલ, ચહુઆણ, દીખીત, કરચુલી, રૈકવાળ, સીંગર, બનવશ ને વાઘેલા છે. મહારાજ વ્યાઘ્રદેવ ગુજરાતમાથી જ્યારે આ રાજ્યમા ગયા ત્યારે કેટલીક કોમના હિંદુઓ સકુટુંબ સાથે ગએલા જેઓના વંશજો હાલ રેવામાં છે ને તેઓ હજુ પણ પોતાને ગુજરાતી ગણાવામાં મોટું માન સમજે છે ને તેઓમાં ઊંચ વર્ણની ઘણી જાતો છે.

જંગલી જાનવરોમાં અરણ્ય ભેંસ થાય છે. હાથી, વાઘ, રીંછ, ચિત્તા,

તેંદુઆ વાઘની જાત તથા જંગલી સુઅરની વિંધ્યાચલની શાખાઓમાં પુષ્કળ વસ્તી છે ને શીકારને વાસ્તે આ ભુમી ઘણી રમણીય ગણાય છે.

વનસ્પતીમાં સાગ, સરાઈ, કૈમા, ખમાર, કહુઆ, દુધી, સીસમ, બરસજ, બીજ, કોસમ, હરદા, તેંદુ (અબનુસ), ખેર આ વનસ્પતીઓ છે.

રેવાના રાજ્યમાં નદીઓ સોનભદ્ર,' મહાનદ, બીહર, તામસ, નર્મદા, ગોપતી,' સતના, વીછીઆ આ મોટી નદીઓ છે. નાની નદીઓ તથા વેહેળા ઘણા છે. નર્મદા તથા સોન નદી આ બે અમરકટકમાથી નીકળેલી છે અને હિંદુલોકોમાં મહા પવિત્ર ગણાતું અમરકંટકનું સ્થળ આ રેવાના રાજ્યમાં આવેલું છે. તેની જાત્રા કરવા ઘણા જાય છે. રેવાના રાજ્યમાં મુખ્ય પર્વત વિંધ્યાચળ છે ને તેની શાખાઓ કૈમોર, ઉમરીઆ, બળેસર, બાંધવગઢ વિગેરે છે. બાંધવગઢના ડુંગર ઉપર ઘણોજ પુરાતની ને મજબુત કીલ્લો બંધાવેલો છે. દંતકથા એવી છે કે એ કીલ્લો અયોધ્યાના રાજા શ્રીરામચંદ્રના ભાઈ લક્ષ્મણજીએ બધાવેલો છે. વળી રેવાથી પાંચ ગાઉ ઉપર શ્રવણની ડુંગરી નામનો ડુગર છે. ત્યાં દસરથ રાજાએ શ્રવણ નામના બ્રાહ્મણને અજાણથી તીર માર્યું હતું જેથી તે શ્રવણ મરી હતો તે જગો છે ને ત્યાં આગળ મોટી જાત્રા ભરાય છે.

ઉમરીઆ ખળેસરના ડુંગરોમા કોલસાની ખાણો નીકળી આવે છે જેમાંથી પુષ્કળ કોલસા નીકળે છે.

મુખ્ય કીલ્લા બાંધવગઢ અને રેવા આ બે ઘણા મજબુત છે. તેમજ માધવગઢ, રામનગર, અમરપાટણ, કવટી, સીતળા, મહુગંજ, કેઉથર એ નાના કીલ્લા છે.

રેવા સતનામાં મોટી હૉસ્પીટાલો તેમજ સાધારણ શહેરોમાં પણ દવાખાનાં ઉઘાડ્યાં છે. તેમજ પોસ્ટ ઑફીસ સબધી પણ આખા રાજ્યમાં સારી સગવડ થએલી છે. રેવાના રાજ્યમાં મદ્રેસા (નિશાળો) રેવા નગરમાં ઇંગ્રેજી, સંસ્કૃત, હિંદી અને ઉર્દુ શાળાઓ છે. તેમજ સતનામાં પણ તેવીજ રીતે છે આ સિવાય માધવગઢ, અમરપાટણ, ગોવીંદગઢ, રામનગર, ચંદીઆ, મનગવાં, સીથલા, તેઉથર, બરદી, મહુગજ આ નગરોમાં હિંદી, ફારસી ને ઉર્દુ મદ્રેસાઓ છે; તે સિવાય નાનાં ગામોમાં ત્યાંની ભાષાની શાળાઓ ઘણી છે.

રેવાના રાજ્યમાં અનાજની પેદાશમાં મુખ્ય ઘઉં, ચણા, જવ, મસુર, મગ, મકાઈ, જુવાર, અળસી, બાજરી, તલ, કોદરા વિગરેની છે.

રેવાના રાજ્યમા ૭૫૯ ઘોડેસ્વાર, ૨૩૬૮ પાયદળ, ૧૬૦ સાંઢણીસ્વાર અને ૯૪ ગોલદાજ રાખવામાં આવે છે. બાન્ધવગઢના કીલ્લા ઉપર ઉપયોગમા આવે એવી ૧૦૦ સો તોપો રહે છે, તેમજ રાજધાની રેવામા પણ ૨૦ વીસ તોપો રહે છે. રાજ્યના લગભગ પચાસ હાથી તથા ભાયાતો અને સરદારોના મળીને પચાસ એ રીતે ૧૦૦ સો હાથી રાજ્યમા રહે છે.

રાજ્યમા તમામ સત્તા મહારાજાની છે. દેહાત દંડ, ફાંશી વિગેરેની સત્તા પોતાની સ્વતંત્રતાથી ચલાવે છે. તેમા નામદાર ઇંગ્રેજ સરકાર વચ્ચે પડી શકતા નથી. મહારાજાને ૧૭ તોપનું માન આપવામા આવે છે. મહારાજ રઘુરાજ-સિંહજીને અંગત ૧૯ તોપનુ માન મળતું હતું, પણ કાયમ ૧૭ સત્તર તોપનું છે.

રેવા શહેર વીછીઆ અને બીહુર નદીના સંગમ ઉપર ત્રાંચડીપને વસેલુ છે તેની લંબાઇ લગભગ એક મૈલ છે ને તે બે ભાગમા વહેંચાયલુ જણાય છે. જે જગ્યાને કીલ્લો બાંધેલા છે તેને ઉપરકુહી કહે છે તે ઉંચાણના ભાગ ઉપર છે ને તેમા રાજદરબારના તેમજ ભાયાત સરદારો વિગેરેના મકાનો છે ને બાકીની વસ્તી નીચેના ભાગમા છે.

સતના આ શહેર રેલવેનું સ્ટેશન છે ને રાજધાનીના શહેર રેવા જવા સારૂ આજ સ્ટેશને ઉતરવુ પડે છે સતના પ્રથમ નાનુ ગામડું હતું. પણ મહારાજ રઘુરાજસિંહજીએ સંવત ૧૯૨૩ ની સાલથી આ ગામને આબાદ કરી તેનુ નામ રઘુરાજનગર પાડ્યુ છે. ત્યાં મહારાજાના મેહેલ તેમજ કેટલાક ભાયાતોના મકાનો બંધાવેલા છે. તેમજ પોલીટીકલ એજન્ટ સાહેબનું સદર સ્ટેશન પણ સતનાજ છે, જેથી તેમને સારૂ પણ સુંદર મકાન બંધાવેલા છે. ગામમા મુસાફરો સારૂ બે સારી ધર્મશાળાઓ પણ બંધાવેલી છે ને પાસે સતના નામની નદી વહે છે. આ સ્ટેશનથી ઉત્તરમા બુંદીકોટા તરફ અને દક્ષિણમા રેવા તરફ જવાય છે. રેવા સતનાથી ૩૧ મૈલ લગભગ છે. સતનાથી રેવા લગી પાકી સડક બાંધેલી છે.

રેવાના રાજ્યની જે ૭ તેહસીલો ઉપર બતાવી છે તે દરેકના ઉપરી અધીકારીને તેહસીલદાર કહે છે. તેમને ૭ મહીના કેદ, પચાસ રૂપૈયા દંડ તથા બાર ફટકાની અને દીવાનીમા રૂપૈયા ત્રણસેના દાવા ચુકવવાની સત્તા છે. તેમની પાસે ૧૦૦ ની ઉપર અને ૪૦૦ ની અંદર ગામો છે. એથી વધારે ગામો વાળી તેહસીલમાં વધારે તેહસીલદાર રખાય છે અને તેમના તાબામા પણ નાયબ તેહસીલદારો મદદ કરવા સારૂ હોય છે. દરેક તેહસીલમાં ૧ થી ૩ થાણદાર હોય છે તેમનુ કામ ગુન્હા પકડવાનુ છે. રેવામા મુખ્ય માજીસ્ટ્રેટ રહે છે તેમને ત્રણ વરસ કેદ અને ૨૦૦ બસે રૂપૈઆ દંડની સત્તા છે. એથી

મોટા ગુન્હા આસેસરો સાથે રાખી દીવાન ચુકવે છે. દીવાની કોરટના સીવીલ જડજ છે તેમને રૂપૈઆ હજારનો દાવો ચુકવવાની સત્તા છે. તેમની અપીલ દીવાન સાભળે છે. દીવાન સાહેબની મદદમાં નાયબ દીવાન છે.

બદોબસ્તની કોર્ટ તે ગામોના સીમાડા તથા ઉપજ જમાબધી બતાવવાનું કામ કરે છે. તેમના તાબામા ૪ ચાર સુનાસરીમ ને ૧ એક સદર સુનાસરીમ છે. જકાત ખાતાના ૬ છ સુપ્રીન્ટૅન્ડૅન્ટો છે તેમને આબકારી ને સાયરના કામ કરવાની સત્તા છે. તેમની પાસે અકેકો આસીસ્ટટ છે. સુપરવાઈઝરનું કામ નવા મકાન બધાવવાનું તથા જુના દુરસ્ત કરાવવાનું છે. સડક, પુલ વિગરેનું કામકાજ પણ તેમને કરવાનું છે. તેમની પાસે ચાર પાંચ ઓવરસીયરો રહે છે. ફોરેસ્ટ ખાતાના સુપ્રીન્ટૅન્ડન્ટનું કામ જગલની તજવીજ રાખવાનું છે તેમના હાથ નીચે બે સુનાસરીમ છે. સુધરાઈ ખાતાના સુપ્રીન્ટૅન્ડૅન્ટના હાથ નીચે ચાર દરોગા છે. જેલ ખાતામા પાચ દરોગા, દરવાન ને જમાદાર છે. જેલમા ગાલીચા (કાલીન), સેતરજી (દરી) વિગરે બને છે. તેના ઉપરી મોટા માજીસ્ટ્રેટ છે.

દીવાન સાહેબની હજુરમા જુદી જુદી ઑફીસો છે ને તેનું મકાન ગામ બહાર એક મોટી કચરી બધાએલી છે ત્યા છે.

રેવાના રાજ્યમા પાચ પાચ વરસના પટે ગામ ઈજારે આપવામાં આવે છે. તેહસીલદારો ઈજારદારો પાસેથી વસુલ કરીને રાજ્યમાં ભરે છે.

આ રાજ્યથી ધર્માદાના કામમા ઘણા ગામો અપાએલાં છે. દેવપુજાના કામમા ૧૨૧ ગામ અપાયા છે, જેની ઉપજ લગભગ ૪૮૦૦૦ સડતાલીસ હજાર રૂપૈયાની છે.

પુન્યના કામમા ૯૫૯ ગામ છે. તેની પેદાસ ૨૩૫૦૦૦) બે લાખ પાત્રીસ હજાર છે. આ બન્ને રકમો પૈકી કાંઈ પણ હક રાજ્યમા લેવાતો નથી. પુન્યના કામમાં બીજા ૬૬૯ ગામ ૧૧૧૦૦૦ એક લાખ અગીઆર હજારની પેદાશનાં અપાએલા છે, તેમાથી ચોથ ભાગ રાજ્યમા લેવાય છે. એ રીતે કુલ ૧૭૪૯ ગામ એટલે આખા રાજ્યનો લગભગ ત્રીજો ભાગ જેટલા ધર્માદામા પળે છે. જેની ઉપજ લગભગ ચાર લાખ ધર્માદામાં જાય છે. આ સિવાય રોકડાં વર્ષાસન પણ રૂપૈયા ચાલીસ હજારના છે, તેમજ દેવપુજા તથા પુન્યમા દર માસે રૂપૈયા ૩૨૦૦) આપવામા આવે છે.

રેવાની ગાદીએ જ્યારે મહારાજા વ્યાઘ્રદેવ બેઠા ત્યારે તીવારી જ્ઞાતીના બ્રાહ્મણોને ત્રણ લાખ રૂપૈઆનો ગરાસ ધર્માદામા આપ્યો હતો. એ બ્રાહ્મણોની સખ્યા હાલમા ઘણીજ થઇ ગઇ છે.

આપણા ગુજરાતમાં મુળરાજ સોલંકીએ ઔદીચ સહસ્ત્ર તથા ટોળકીયા બ્રાહ્મણોને હજારો ગામનો ગરાસ આપ્યો હતો. તેમજ સિદ્ધરાજ જેસંગે ૧૦૦ સો ગામનો ગરાસ આપ્યો હતો. વીશળદેવ વાઘેલે નાગરોને ગરાસ આપ્યો હતો. પરંતુ કમનસીબે પોતાના ગરાસ પૈકી એક ચાસ જગ્યા તેઓ રાખી શક્યા નથી, ત્યારે આ રેવાના તીવારી બ્રાહ્મણો પોતાનો તમામ ગરાસ સાચવી રહ્યા છે એ ઉત્તમ વાત છે. તેઓનું ગોત્ર વસીષ્ટ, વેદ યજુ, શાખા મધ્યન્દીની છે. તેઓમાંના મુખ્ય જમાપાળ નામના ગામમાં રહે છે; ને તે રઘુરાજ-નગર તેહસીલમાં આવેલું છે. તે મહારાજાના મુખ્ય પુરોહીત છે. એ સિવાય તમામ તીવારીને ગરાસ છે. તેઓ પૈકી પુરવા, ચુરમારી, મનકરહરી, બકીઆ, ઇટહા, મઢી, ત્યુની, ગવાઇઆ આ લોકો મોટા ગામેતીઓ છે. તેઓ પૈકી કેટલાએક હાથીની સાહેબી રાખે છે. કુલ સાત જગ્યાવાળાઓ હાથી રાખે છે.

રેવાના રાજ્યમાં જે કુવર થાય તે છ વરસના થઈ સાતમું વર્ષ બેસતાં પોસ સુદી છઠ્ઠને દીવસે તેમનું કાનવીંધન થાય છે, તે આ તીવારી બ્રાહ્મણને હાથેજ થાય છે. સારો કે નરતો દીવસ જોવાતો નથી. તેમજ જ્યારે રેવાના રાજાને રાજ્યાભિષેક થાય છે ત્યારે તીલક પણ "પાલ" ના તીવારીમા જે સૌથી પાટવી હોય તે કરે છે. તેમા માત્ર કેસર અને ચોખા ચોઢાય છે.

રેવાના નજીકના ભાયાત દેવરાજનગરના ઠાકોર રામાનુજ પ્રસાદસિંહજી (હીરાસાહેબ) અને તેમના ભાયાતો છે. તેમને ૧૦૦ ગામ છે. તેમના પેટા ભાયાત કૈથાહા, સરીઆ, જરૌદા અને મણકીસા છે. સોહાગરપુરવાળાને ૧૦૦ સો ગામ છે. દુરજનપુરવાળાને ૪૨ ગામ છે. રેગામના ઠાકોરને ૪૨ ગામ છે. લાલગામના ઠાકોરને ૪૦ ચાલીસ ગામ છે. તેમના ભાયાત બરેહી, ભાટવા, રખસા, સીંગટી, ધમાકા ને અમહામા છે. બીસાના ઠાકોરને ૪૦ ગામ છે તેમના ભાયાત ગુઢહાર, હીનૌતા ને અમરકચ્છ છે. બડોખરના ભાયાત અ-કોરી, પુર્વા, બહીશ ને તીંદુસા છે. ઇટમા ઠાકોરનાં ચાલીસ ગામ છે. તેમના ભાયાત કૂવા, બરા, પલેહ, મસીલા, ગોરસડી, દેવરી, પથરેટી, કહ્લારી, ભજ ને સુખા ગામ છે. ખુડવાહના ઠાકોરને ૧૫ ગામ છે ને તેના ભાયાત ચચેરી-વાળા છે. જૈરહવાં અને ગુમાનના ઠાકોરના ભાયાત કલાણપર, ડીહીઆ, ભુમ-ગામ, કોટુઆ, ખાજા, બરોલી, ડગદેઇઆ, રમગઢવા, આંઊની, ખાડો, રીમોરી, મનહરી, ખપતહા, હુડે અને જવા ગામો છે. જૈરહવાંનો એક ભાયાત ઇંદોર તાબે નસરપુર પ્રગણે ચીકલદા જીલ્લા મંડળેસરમાં ગએલા તે પુરૂષનું નામ મીત્રસેન હતું, તેના વંશમાં તેજશંગ બીજેશંગ વિગરે છે. આ સિવાય સો હાબક્ષ, બરદાડી, કચ્છીઆ ટોલ, મોરહઠ (મુળ મહીઅર), જેતપર, કોઠી-

નીગવાની વિગેરે ભાયાતો છે. આ સિવાય બાંદીબચ્ચા (ખવાસણોથી ઉત્પન્ન થએલા)ને મોટા ગરાસો આપ્યા છે. ખંડોધી, કરૂઆ, સમરીઆ તાબે રામનગરના ઠાકોર બાદીબચ્ચા છે. ચદ્રીઆના ઠાકોર બાંદીબચ્ચા છે તેમને ૨૦૦ ગામ છે.

રેવાનું પેઢીનામું.

મહારાજા ભુવડ.
- કરણ.
  - ચંદ્રાદિત્ય.
    - સોમાદિત્ય.
      - ભુવનાદિત્ય.
        - રાજ.
          - મૂળરાજ (પાટણની ગાદી)
          - ગંગામહ ઉરફે રાકાયત
            - વ્યાઘ્રદેવ (રેવા ગયા)
              - કરણદેવ. (રેવાના મહારાજા)
                - સોહાગદેવ.
                  - સારંગદેવ.
                    - બિલાસદેવ
                      - બીમલદેવ.
                        - અનીકદેવ.
                          - વલનદેવ.
                            - *દલકેશરદેવ.
              - કંધરદેવ. (કસોટાની ગાદી)
              - સુરતદેવ. (ગુજરાતમા પાછા.)
              - સોહાગદેવ. (દક્ષિણમા ગયા)
              - સ્યામદેવ (પૂર્વમા ગયા)
        - બીજ. ×
        - દંડક. ×

---

*દલકેશરદેવનો વંશ જુઓ પૃષ્ઠ ૩૮૪.

- દલકેશરદેવ
  - મલકેશરદેવ.
    - બરીઆનદેવ.
      - બુલ્લારદેવ.
        - સિંહદેવ
          - ભૈરવદેવ.
            - નરેન્દ્રદેવ
              - ભૈઘદેવ
                - શાલીવાહનદેવ
                  - વીરસિંહદેવજી.
                    - વીરભાણદેવજી.
                      - રામદેવજી
                        - વીરભદ્રજી
                          - વિક્રમાદિત્યજી.
                            - અમરસિંહજી.
                              - અનુપસિંહજી.
                                - ભાવસિંહજી.
                                  - અનીરૂદ્ધસિંહજી
                                    - ‡અબધુતસિંહજી.
                                - દસમતસિંહજી
                                - ઝુઝારસિંહજી.
                              - ફતેસિંહજી.
                            - ઇંદ્રસિંહજી.
                            - સરૂપસિંહજી
                            - મંગદરાયજી
                    - જમુનીભાણ (મકીયર અને સાળાગપુર)
                    - હેરીનદેવજી (વીડાનો ઇલાકો).
                  - નાગમલજી. ×
              - જનકદેવ.

‡અબધુતસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૩૮૫.

- અબધુતસિંહજી.
  - અજીતસિંહજી.
    - જયસિંહદેવજી.
      - વિશ્વનાથસિંહજી.
        - રઘુરાજસિંહજી.
          - વ્યંકટરમણસિંહજી.
            - મહારાજ કુમાર ગુલાબસિંહજી.
    - ભવાની સિંહજી.
      - લછમનસિંહજી.
        - રણબહાદુરસિંહજી. ×
        - રામરાજસિંહજી ×
      - બળીભદ્રસિંહજી ×
    - ભગવતરાયજી.
      - જવાહીરસિંહજી.
        - હીરાલાલજી (સમરીયા ગરાસ)

કસોટા ઉર્ફે સીવરાજપુર.

આ રાજ્ય મધ્ય હિંદ એજન્સીમાં છે. તેની રાજગાદીનું શહેર સીવરાજપુર (શંકરગઢ) તે પ્રયાગરાજ ઉર્ફે અલહાબાદથી પશ્ચિમમાં સુમારે ૧૨ કોસ ઉપર છે. આ રાજ્યમાં ગામની સખ્યા ૩૬૫ છે. કુલ ઉપજ રૂપેઆ સાડાત્રણ લાખના આશરે છે. મુખ્ય નદીઓ જમુનાજી, તમસા, ઝગર, હીરીઆ વિગરે છે. મુખ્ય જમીન ભુખરી, કાઈક કાળી અને રેતાળ છે. મુખ્ય પેદાશ ઘઉં, અડદ, અળસવ, તલ, વિગેરે છે. મુખ્ય પર્વત વીંધ્યાચળની શાખાના ડુગરો છે. નિશાળો સીવરાજપુર (શકરગઢ) ધારા, ચીલ્લા, લાલપુર, બારા, બળદર, જુંહી, માનપુર, સુરવળ, પચવલ, નીમી. સીહુડા, બરા, પહારી, દેવરા, લોહરા, મઝીયારી, અમલીયા અને પ્રતાપપુરમાં છે. રેલવે સ્ટેશન બળગઢ, સીવરાજપુર, જસરા, નાઇની છે. પોસ્ટ ઓફીસો સીવરાજપુર, બારા અને પ્રતાપપુરમા છે. બારામા ભઇરવનાથનું મોટુ સ્થાનક છે, તેમજ રામગઢમાં સ્વયભુ મહાદેવનું મોટુ સ્થાનક છે.

મહારાજા વ્યાઘ્રદેવને પાંચ કુમાર હતા. ૧ કરણદેવ જે પોતાના પિતાની ગાદી ઉપર વાઘેલ ખડમા બેઠા. ૨ કધરદેવ તેમને રાવની પદ્વી આપી કસોટાનો એટલે આ રાજ્યનો ઇલાકો આપ્યો. ૩ કુમાર કીરતદેવ એ દક્ષિણના મુલકમા ગયા. ૪ સુરતદેવ ગુજરાતમા આવ્યા. ૫ શ્યામદેવ તે પૂર્વમા ગયા.

મહારાજા કંધરદેવે કસોટામા ગાદી કરી. તેમણે ખરધવાનો કીલ્લો બાંધ્યો ને ત્યાં બાગ, તલાવ, મદીર બનાવ્યા. તે ૧૦૦૦ સ્વાર, ૫૦૦૦ પાયદલ રાખતા. તેમણે લુધીઆન નામની જાત જે એ સસ્થાનમા મુળની રહેનાર હતી તેમને હરાવી પાયમાલ કરી. તેમની ગાદી ઉપર તેમના કુમાર અરજુનદેવ બેઠા. તે ગહરવાર જાતના ક્ષત્રીની બે કન્યા પરણ્યા હતા. જેનાથી કૃશ્નદેવ નામે કુમાર થયા. આ રાજાએ પડુઆમા કીલ્લો બાંધ્યો. તે પોતાના પિતાના લશ્કર ઉપરાંત ૫૦ હાથી વધારે રાખતા.

રાજા કૃશ્નદેવ ચુહાણ જાતની કન્યા પરણ્યા હતા. જેનાથી વાસુદેવ નામે કુમાર થયા. તેમણે મોહામોજામાં મદીર, તલાવ, બાગ વિગેરે બનાવ્યાં. તે ૪૦૦ સ્વાર, ૩૦૦૦ પાયદળ, ૩૦ હાથી રાખતા હતા. તે ઘોડાની પરિક્ષા કરવામા ઘણા ચતુર ગણાતા હતા. તેની પાટે કુમાર વાસુદેવજી બેઠા.

વાસુદેવજી કુરૂક્ષેત્રના રાજાની બે રાજ્ય કન્યાઓ પરણ્યા હતા જે રાણીથી નરદેવજી, અભેમાનદેવજી આ બે કુમાર થયા. સદરહુ રાજા ૮૦૦ સ્વાર, ૪૦૦૦ પાયદળ અને ૩૦ હાથી રાખતા હતા. તેમણે બાદશાહી સુબેદાર સાથે લડાઈ

ફરી તેમને દરેક હાથે પગે છ આંગળીઓ હતી. કુલ ચોવીસ આગળીઓ હતી. તેમની પાટે નરદેવજી બેઠા.

નરદેવજી એક પરીહાર જાતની અને બીજી ખજીર જાતની બે રાજકન્યાઓ પરણ્યા. તેમણે ગઢીમાં મંદીર, તલાવ બંધાવ્યાં. તે ૫૦૦ સ્વાર, ૫૦૦૦ પાયદળ તથા ૨૫ હાથી રાખતા હતા. તે બ્રાહ્મણો ઉપર ઘણી શ્રદ્ધા રાખતા હતા. તેમની ગાદી ઉપર રાજા સિદ્ધદેવ બેઠા હતા.

મહારાજા સિદ્ધદેવ ઉજ્જનના રાજાની કુમારી સાથે પરણ્યા હતા. તેને ચંદ્રદેવ, જ્ઞાનદેવ અને માનદેવ આ ત્રણ કુમારો થયા. તે પૈકી જ્ઞાનદેવને ઘણો ભક્તિભાવ હોવાથી પોતે જોગી થયા હતા; ને માનદેવ પૃથ્વીપુર તરફ ગયા હતા. રાજા સિદ્ધદેવ ૧૦૦૦ સ્વાર, ૧૦૦૦ પાયદળ અને ૫૧ હાથી રાખતા હતા. તેમને ખજન જાતના હિંદુ સાથે લઢાઈ થઇ, જેમાં પહેલા મોરચે તે હાર્યા પણ પાછળથી જીત્યા હતા. અને તે લોકોને હરાવી નસાડી મુક્યા તે હમેશાં ગૌદાન કરતા અને અજાનબાહુ એટલે તેમના હાથ ઢીંચણ સુધી લાંબા હતા. તેમની ગાદી ઉપર રાજા ચદ્રદેવ બેઠા.

રાજા ચદ્રદેવ, ગહરવારની ૧ અને ગોરખપુરના ૧ ચહુઆણની અને દિક્ષિત જાતની ૧ મળી ત્રણ રાજ્યકન્યાઓ પરણ્યા હતા. જેથી વીરનરેશસિંહજી, વિક્રમસિંહજી, શાર્દુલસિંહજી અને અજોધ્યાસિહજી આ ચાર કુમાર થયા. તેમણે ગામ ચીલ્લામાં મજબુત કોટ બંધાવ્યો. તે ૧૨૦૦ સ્વાર, ૬૦૦૦ પાયદળ, ૧૭ હાથી અને ૨૫ તોપો રાખતા હતા. તેમને શેખ સીતારા સાથે બે વાર લઢાઈ થઇ. તેમના શરીર ઉપર તરવારના પાચ ઘા હતા. તેમની ગાદી ઉપર કુમાર વીરનરેશસિંહજી બેઠા. તેમને એક સુરકી જાતના ક્ષત્રીની રાણી હતી. તેના કુમાર કૃપાળસિહજી થયા, જેમણે જલાલાબાદમા બે સરોવર બધાવ્યાં. તે ૫૦૦ સ્વાર, ૨૫ હાથી અને બીજી ફોજ પોતાના પિતા પ્રમાણે રાખતા. તેમને પ્રથમ રેવાના રાજ્ય સાથે કજીઓ અને પછી સલાહસપ થયો. ગાદી ઉપર કૃપાળસિહજી બેઠા.

રાજા કૃપાળસિહજીને એક સુરજવંશીની અને બીજી બે પુહવાર જાતની રાણીઓ હતી. તેમના કુમાર દેવગીસિંહજી થયા, તેમણે પોતાના પિતા પ્રમાણે ફોજ રાખી હતી. પોતે કવિ હતા. રેવાના મહારાજાએ તેમને પોતાની દીવાનગીરી લેવા કહેલું, પણ તે તેમણે સ્વીકાર્યું નહોતું. ગાદી ઉપર દેવગીસિંહજી બેઠા.

રાજા દેવગીસિંહજીને કચ્છવાહા, શીરનેત્ર અને ચંદેલ આ ત્રણ જાતની રાણીઓ હતી. તેમના કુમાર સરદારસિંહજી થયા. આ રાજાએ કસોટાને કોટ

બંધાવ્યો ને મંદીર, સરોવર વિગેરે બંધાવ્યાં. તે પોતાના પિતા જેટલી ફ
રાખતા હતા. તેમને પોતાના રાજ્યની પશ્ચિમ હદ ઉપર ઝગડો થયો, ે
તેમણે દુશ્મનોને હરાવ્યા. એ રાજાને શીકારનો બહુજ શોખ હતો તેથી તે
ત્રેપન વાઘનો શીકાર કર્યો હતો. ગાદી ઉપર સરદારસિંહજી બેઠા. તે ર
ભાણુસિંહજીની કુંવરી સાથે પરણ્યા હતા, જેના કુમાર હુકમસિંહજી થ
તે ૧૦૦૦ સ્વાર, ૫૦૦૦ પાયદલ અને ૧૫ હાથી રાખતા. તેમને પોત
કુમાર જોડે બનાવ નહોતો. તે શરીરે બહુ પુષ્ટ હતા. ગાદી ઉપર કુ
હુકમસિંહજી બેઠા. તેમને સંગેર જાતના ક્ષત્રીની અને તુમાર જાતની ચે
બે રાણીઓ હતી. જેનાથી નરહરદેવ, બહારશંગ, ગજરૂરસિંહજી આ
કુમાર થયા. તેમણે ગહઢવાનો કીલ્લો બંધાવ્યો. તે બે હજાર સ્વાર, ૯
પાયદલ અને ૫૦ હાથી રાખતા હતા. તેમને મીરજા લોકો સાથે લડાઇ
હતી. તેમને શાહજાદા સાથે મહોબત હતી. તેમણે પોતાની રાણીના ના
દક્ષિણમાં તળાવ બંધાવ્યું. ગાદી ઉપર નરહરદેવજી બેઠા.

નરહરદેવજીને રાણી ઉજ્જનની રાજપુત્રી હતી. જેનાથી ભાણુસિં
કુમાર થયા. તેમણે મેદુરીમાં કોટ, કુવો અને તળાવ બંધાવ્યાં. તેમને ‹
યાત્રાનો ઘણોજ શોખ હતો. ગાદી ઉપર ભાણુસિંહજી બેઠા.

રાજા ભાણુસિંહજી પરીહાર તથા ગહરવારની રાજપુત્રીઓ પરણ્યા. જે
કુમાર પ્રથ્વીચંદજી અને કુમાર સિંહજી થયા. તે પોતાના પિતા પ્રમાણે
રાખતા. તેમણે ગંગાના સામા કાંઠે ચાર કોસ સુધી પોતાનો કબજો કર્યો
બહુ દાનેશ્વરી હતા. ગાદી ઉપર પ્રથ્વીચંદજી બેઠા.

રાજા પ્રથ્વીચંદજીને દેવરાખેર જાતની રાણી હતી. જેનાથી કરણુસિ
નામે કુમાર થયા. એ રાજાએ આમલીઆમા કોટ બનાવ્યો. તેમને જમુ
માંથી એક દેવીની મૂર્ત્તિ જડી, જેની આમલીઆમાં મોટું મંદીર બં
તેમાં સ્થાપના કરી. ત્યાં તળાવ, બાગ વિગેરે બનાવ્યા હતાં. તેમણે અ
વેધમાં એટલે ગંગા જમુના વચ્ચેના ભાગમાંના જમીનદારો સાથે ૮
કરી તેમને હરાવ્યા. ગાદી ઉપર કરણુસિંહજી બેઠા.

રાજા કરણુસિંહજીને બે રાણીઓ હતી. જે રાણીથી મેદનીસિં
સંસારસિંહજી, નવલસિંહજી, પહાડસિંહજી, વિક્રમસિંહજી અને કીરતસિ
એ છ કુમાર હતા. જેમાંના વિક્રમસિંહજીને ચોરહઠનો ગરાસ આપ્યે
પોતાના પિતા જેટલી ફોજ રાખતા હતા. અને બાદશાહ સંગાતે
સારી મહોબત હતી. ગાદી ઉપર મેદનીસિંહજી બેઠા.

મેદનીસિંહજીને એક સોમવંશની અને બીજી બે એવી રીતે ત્રણુ રાણીઓ હતી. તેમના કુમાર માનસિંહજી થયા. તે પોતાના પિતાના જેટલી ફોજ રાખતા હતા ને તેમનો ખોરાક એક દીવસનો બંગાળી અન્ન ત્રણ શેર હતો. ગાદી ઉપર માનસિંહજી બેઠા.

રાજા માનસિંહજીને એક ગહરવાર જાતની રાણી હતી. બીજી રાણી ઉજ્જનના રાજાની કુમારી હતી. જે રાણીથી રાયસિંહજી, ભાગવતસિંહજી, બીમલસિંહજી, જગતરાયસિંહજી એ રીતે ચાર કુમાર હતા. તે પોતાના પિતાના જેટલી ફોજ રાખતા હતા. તેને રેમાના રાજા માનસિંહ સાથે હમેશાં દોસ્તી ચાલતી હતી. અકબર બાદશાહ સાથે તે દીલ્લી ગયા. ત્યાં બાદશાહ તરફથી રાજ્યનો કીતાબ અને શીરપાવ મળ્યો હતો. અત્યાર સુધી કસોટાનું રાજ્ય રેવાના મહારાજાના તાબામાં હતું તે બાદશાહી તાબામાં આવ્યું અને પોતાને સ્વતંત્ર તાબામાં મળ્યું. ગાદી ઉપર રાયસિંહજી બેઠા.

રાજા રાયસિંહજીને એક રઘુવંશની ને બીજી હૈહેવંશની એવી રીતે બે રાણીઓ હતી. તેમનાથી કલ્યાણસિંહજી તથા રતનસિંહજી આ બે કુમારો હતા. તે પોતાના પિતા મુજબ ફોજ રાખતા. તેમની ગાદી ઉપર કલ્યાણસિંહજી બેઠા. કલ્યાણસિંહજી ઉજ્જનના રાજાની કુંવરી વેરે પરણ્યા હતા, જેનાથી ફતેસિંહજી નામે કુમાર થયો. એ રાજાએ ઘરા અને કલ્યાણપુર આ બે શહેરોને કીલ્લા બંધાવ્યા. કલ્યાણપુર ગામ પોતાના નામ ઉપરથી વસાવી આબાદ કર્યું. તેમણે દક્ષિણમા કેટલોક મુલક જીત્યો હતો. તે બહુ તામસી રાજા હતો. એક ગુલામે પોતાનો હુકમ નહીં માનવાથી તેનો હાથ કાપી નંખાવ્યો હતો. ગાદી ઉપર ફતેસિંહજી બેઠા.

ફતેસિંહજીનો જન્મ ઇ. સ. ૧૫૬૦ માં થયો હતો. તેમને એક ગહરવાર જાતની અને બીજી બએશ જાતની બે રાણીઓ હતી. તેમનાથી રાયજુસિંહજી, નવલસિંહજી અને સંગજી આ ત્રણુ કુમાર થયા. તે પોતાના પિતા જેટલી ફોજ રાખતા હતા. તે ઇ. સ. ૧૬૪૨ માં દેવલોક પામ્યા. ગાદી ઉપર રાયજુસિંહજી બેઠા.

રાયજુસિંહજીનો જન્મ ઈ. સ. ૧૬૧૪ માં થયો. તેમને ૧ રાઠોડ, નાગવંશી અને ગહરવાર એ ત્રણુ જાતની રાણીઓ હતી. તેરાણીઓથી તેમને સત્તરસાલજી, દરીઆવસિંહજી, સુરમાસિંહજી, જાલમસિંહજી, બહાદુરસિંહજી, ઉમરાવસિંહજી, દલજીતસિંહજી, નવલસિંહજી, સુમેરસિંહજી, લાલસિંહજી અને વિમળસિંહજી એ રીતે અગીઆર દીકરા થયા. તેમણે દેવરાનગર વ-

આવી ત્યાં કોટ, તળાવ, મંદીર વગેરે બંધાવ્યા. તેમની ફોજ તેમના પિતા જેટલી હતી. તેમને બાદશાહ તરફથી રાવ રાસાનો કીતાબ મળ્યો. ઇ. સ. ૧૬૯૭ મા દેવલોક પામ્યા. ગાદી ઉપર કુમાર સત્તરસાલજી બેઠા.

સત્તરસાલજીનો જન્મ ઇ. સ. ૧૬૬૯ મા થયો. તેમને ખંજી અને પહુવાર એ બે જાતની રાણીઓ હતી. જેનાથી પ્રથ્વીપતસિંહજી, દુનીયાંપતસિંહજી, કલંધરસિંહજી અને દલજીતસિંહજી ચાર કુમાર થયા. તેમણે મોજે છત્રગઢ ને શીવરાજપુર એ બેને કીલ્લા બધાવ્યા. શીવરાજપુરમાં શીવાલય, બાગ, સરોવર વગેરે બંધાવ્યાં. તે પોતાના પિતા જેટલી ફોજ રાખતા હતા. તે શીવભક્ત હતા. તેમણે પચમઢામાં એક મડપ બનાવ્યો છે ત્યા આગળ જઇને માણસ જે મનોરથ ધારે તે પુરો થાય છે. તેમનું વય દેવલોક પામ્યા ત્યારે ૧૧૪ વર્ષનું હતું. ઈ. સ. ૧૭૮૩ માં તે દેવલોક પામ્યા. ગાદી ઉપર કુમાર પ્રથ્વીપતસિંહજી બેઠા.

રાજા પ્રથ્વીપતસિંહજીનો જન્મ ૧૭૨૫ મા થયો. તેમને ફકત ગહરવાર જાતની એકજ રાણી હતી. જેનાથી તેમને વિક્રમાદિત્ય, ભુપસિંહજી અને હરીસિંહજી એ રીતે ત્રણ કુમાર થયા. તેમણે લોહગરાનો કીલ્લો બંધાવ્યો ને ત્યાં સરોવર, બાગ વગેરે કર્યાં. તેમને ભીટાના રસાલદાર સાથે લડાઇ થઇ અને માડાના ગહરવાર રાજા સાથે છ લડાઇઓ થઈ. તેમજ રેવાના રાજા સાથે સાત લડાઇઓ થઇ. આ રાજા બહાદુર અને પ્રતાપી હતા. તે પોતાનો ખજાનો મોજે સોનવરસામાં તથા મોજે ભીલાનમા રાખતા. તે ઇ. સ. ૧૮૧૦ માં દેવલોક પામ્યા ને ગાદી ઉપર કુમાર વિક્રમાદિત્ય બેઠા.

રાજા વિક્રમાદિત્યજીનો જન્મ ઇ. સ. ૧૭૭૧ મા થયો. અને તે માડા, ગહરવાર અને ઉજ્જેનની રાજકુમારીઓ પરણ્યા હતા. તેમને પ્રતાપસિંહજી કુમાર થયા. તેમણે બીહરીઆમાં કીલ્લો બધાવ્યો. તેમજ સરોવર ને બાગ બનાવ્યાં. તે ૩૧૦ સ્વાર, ૧૦૦૦ પાયદલ અને ૫ હાથી રાખતા. તેમને મીરજા સુબેદાર સાથે લડાઇ થઇ; તેમજ રેવાના રાજ્ય સાથે તેમને કજીઓ થયો હતો. તેમણે ગડવાના કીલ્લાને મરામત કરાવ્યો. બાદશાહ તરફથી રાજ બહાદુરનો કીતાબ મળ્યો હતો. તે ઈ. સ. ૧૮૫૦ માં દેવલોક પામ્યા હતા. તેમની ગાદીએ પ્રતાપજીતસિંહજી બેઠા.

રાજા પ્રતાપજીતસિંહજીનો જન્મ ઇ. સ. ૧૮૦૩ માં થયો હતો. તેમને બે કુમાર હતા. પહેલા જગતરાયસિંહજી અને શારદુલસિંહજી. તેમણે પ્રતાપપુરનો કીલ્લો બંધાવ્યો અને મોહુરીમાં એક લાખ ઝાડનો બાગ બનાવ્યો.

તે ફકત ૧૦૦ સ્વાર તથા ૫૦૦ પાયદલ રાખતા હતા. ઇ. સ. ૧૮૨૭માં પોતાના પિતાની હયાતીમાં દેવલોક પામ્યા.

ગાદી ઉપર રાજા જગતરાજસિંહજી બેઠા. તેમનો જન્મ ઇ. સ. ૧૮૨૩ માં થયો હતો. તેમને એક ચંદેલની તથા બે ગહરવાર ક્ષત્રી રાજાની મળી ત્રણ રાણીઓ હતી. જેનાથી છત્રપતિસિંહજી, જગન્નાથસિંહજી, વઇજનાથસિંહજી, દેવીસિંહજી અને વિશ્વેશ્વરસિંહજી એ રીતે પાંચ કુંવર હતા. તેમણે મોજે બૌનમા કીલ્લો બધાવ્યો. તે ૧૧૦૦ સ્વાર ને ૨૦૦૦ પાયદલ રાખતા હતા. તેમને બાધાના રાજા સુરજસિંહજી સાથે લડાઇ થઈ; ને પોતાની હયાતીમાં તેમણે પાટવીકુમાર છત્રસિંહજીને રાજ્ય સુંપરીત કર્યું હતું. તેમનું રાજ્ય ઈંગ્રેજ સરકાર સાથે પહેલવહેલું દોસ્તીમા આવ્યું. તે સંવત ૧૮૯૩ માં દેવલોક પામ્યા.

રાજા છત્રપતિસિંહજીનો જન્મ સવત ૧૮૪૮ માં થયો હતો. તેમને ત્રણ રાણીઓ થઇ. એક જાયમલસગ ભદ્રીની કુવરી અને બીજી બે ગહરવાર જાતના રાજાની કુંવરીઓ હતી. જેનાથી ત્રણ કુવર થયા. પાટવી વશપતિસિંહજી, સુરતસિંહજી અને મુરતસિંહજી આ ત્રણ કુમાર હતા. તેમણે પ્રયાગ રાજ્યમા પોતાનાં મકાનો તેમજ દેવરામાં, લોનીયારમાં અને હરીઆપોરમા બાગ, કુવા, મદીર વગેરે બધાવ્યા હતાં. તેમના વખતમાં ૨૨ હાથી, ૫૫ સ્વાર અને ૨૦૦ પાયદલ હતું. તેમને પીંઢારા ઢાંકુ સાથે લડાઇ થઇ. તેમણે કનીહાર, ચાઇલ અને હુંશી પ્રગણામાં વેચાણ ગામ લીધાં. તે સંવત ૧૯૧૧ માં દેવલોક પામ્યા. ગાદી ઉપર મહારાજ વશપતિસિંહજી બેઠા.

મહારાજ વંશપતિસિંહજીનો જન્મ સંવત ૧૮૯૦ માં થયો ને તેમને ચાર રાણીઓ છે. તેમા ૧ રણજીતસિંહજી કહુવાપચ્છ ગોત્રની કુવરી, ૨ સોમવશી, ૩ ગહરવારની, ૪ ચંદેલ જાતના ક્ષત્રીની કુમારી છે. તેમને ત્રણ કુમાર છે. પાટવી રામસિંહજી જેમનો જન્મ સંવત ૧૯૦૬ માં, ૨ લક્ષ્મણસિંહજીનો જન્મ સવત ૧૯૦૮ માં, ૩ ભરતસિંહજી, તેમનો જન્મ સંવત ૧૯૧૦ મા થયો છે.

મહારાજા વંશપતિસિંહજીને સંવત ૧૯૧૪ માં પ્રગણે બેરગઢ મોજે પાલમાં પોતાના ચંદેલ દુશ્મનો સાથે લડાઇ કરી તેમાં તેમને હરાવી લુંટી લીધા. સવત ૧૯૧૫ માં પંજાબસિંહજી, ધીરસિંહજી અને રણજોરસિંહજી એ ત્રણ પોતાના રાજ્યના ક્ષત્રીઓ બળવો કરી રેવાના રાજ્યમાં નાઠા તેમને ત્યાં જઇને માર્યા. આ રાજાએ દેવરા, રામગઢ, ગોવીંદગઢ, શંકરગઢમાં રાજકચેરીઓ બધાવી. તેમજ બાગ, તળાવ, મંદીર, કુવા વગેરે ઘણું બં-

આવ્યાં છે. તે ૧૦ હાથી, ૫૦ સ્વાર, ૧૦૦ ઘોડીઓ, ૨ વાઘ વગેરે રાખે છે. આ રાજાએ હરદ્વારથી તે બદ્રીકેદાર સુધીની યાત્રાઓ કરી છે. તેમજ આબુ યાત્રા પણ કરી છે. હમેશાં ગંગાજળ પીએ છે.

પાટવી કુમાર રામસિંહજી તેમજ તેમના ભાઈ લક્ષ્મણસિંહજી તથા ભરતસિંહજીએ બી. એ. ની પદ્વી મેળવી છે. તે ફોજદારી ગુન્હામાં પાંચ વરસ કેદ અને એક હજાર રૂપિયા દંડની શીક્ષા કરી શકે છે.

આ રાજ્યના ભાયાતો સુંદરપુર, લોટના, જોરવી, બુસારા, ડેરા, રામપુર, ચેહા, ખવરીયા, ગોહાની, સતપુરા, લોહરા, બંધવા, વાઘેલપુરા, બડહા, બંદબીહારી, બઘેલા, બીજડો એ ઠેકાણે છે.

કસોટાનું પેઢીનામું.

- વ્યાઘ્રદેવ
  - કરણદેવ. (રેવાની ગાદી)
  - કંધરદેવ
    - અરજુનદેવજી
      - કૃષ્ણદેવજી
        - વાસુદેવજી
          - નરદેવજી.
            - સિદ્ધદેવજી.
              - જયસિદ્ધદેવજી. (ચંદ્રદેવજી)
                - શત્રુનરેશસિંહજી. (વીરનરેશસિંહજી)
                  - કૃપાળસિંહજી.
                    - દેવજુસિંહજી.
                      - સરદારસિંહજી.
                        - *હુકમસિંહજી.
              - જ્ઞાનદેવજી.
              - માનદેવજી.
          - અભીમન્યુસિંહજી.
          - માનસિંહજી.

*હુકમસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૩૯૩.

- હુકમસિંહજી
  - શંકરદેવજી
    - હરીહરદેવજી
      - ભાણુસિંહજી
        - પૃથ્વીચંદ્રસિંહજી.
          - કરણુસિંહજી
            - મેદનીસિંહજી
              - માનસિંહજી.
                - રાયસિંહજી.
                  - કલ્યાણુસિંહજી.
                    - ફતેહસિંહજી.
                      - *રાયજીસિંહજી
                      - મકરંદરાયજી (કોઠી)
                      - નવલશાહજી (વડહા)
                      - સિંહજી (ગૌહાની)
                  - રતનસિંહજી (વજ્જડી.)
                - જગતરાજજી (લોહગરા)
                - ભીલમસિંહજી (કરીઆ)
                - ગોસાઈદાસજી. (જોરવટ)
            - સંસારસિંહજી (રામપૂર પ્રગણે વારા)
            - વિક્રમાજીતસિંહજી (ચોરહડ)
            - કીરતસિંહજી (તીલખન)
            - ચંદ્રપાળસિંહજી (અરીર ગામ)
          - વિક્રમસિંહજી ×
          - શારદુલસિંહજી ×
          - અજોધ્યાબક્ષસિંહજી (ગહોરા.)
    - પહાડસિંહજી
    - રાયસિંહજી (મુસલમાન થયા. અકબરના વખતમા. જલાલપુર પ્રગણે અલાહબાદમા વંશ છે)
  - રનદમનસિંહજી
  - સોનસિંહજી.

---

*રાયજીસિંહજીનો વંશ જુઓ પૃષ્ઠ ૩૯૪.

- રાયજુસિંહજી.
  - શત્રુસાલસિંહજી
    - પૃથ્વિપતિસિંહજી.
      - વિક્રમાજીતસિંહજી
        - પ્રતાપજીતસિંહજી
          - જગતરાજસિંહજી.
            - છત્રપતિસિંહજી.
              - વંશપતિસિંહજી
                - રામસિંહજી
                  - પ્રતાપસિંહજી.
                  - રામેશ્વરપ્રસાદસિંહજી
                - લછમનસિંહજી
                - ભરતસિંહજી.
                - શત્રુહનસિંહજી.
              - સુરતસિંહજી.
              - મુરતસિંહજી.
            - જગન્નાથસિંહજી (ડેરા)
            - વૈજનાથસિંહજી (વિહરિયા)
            - દેવીસિંહજી (બઘેલ)
            - વિશ્વેશ્વરસિંહજી (બઘેલ.)
          - શાર્દુલસિંહજી (કરીઆ)
      - ભૂપસિંહજી (વદર)
      - હરીસીલસિંહજી (શીરનેત્ર રાજ વાથીમા)
    - દલજીતસિંહજી. (વધવા વઘહરા)
    - દુનીયાપતસિંહજી (સુંદરપુર.)
    - ચમકલંધરસિંહજી (નૌહિયા)
  - બહાદુરસિંહજી (ઠકીઆ તીરવાહા)
  - નવલસિંહજી (જુહી)
  - સુમેરસિંહજી (લાટના)
  - લાલસિંહજી (ગાજ)
  - સોરીયાસિંહજી
  - ઉમરાવસિંહજી
  - દલજીતસિંહજી
  - દરીયાવસિંહજી
  - લછમસિંહજી
  - સરૂપસિંહજી

તીરવાહ.

આ સંસ્થાન હિંદુસ્થાનમાં ફરૂકાબાદ જીલ્લામા છે. તેની ઉપજ આશરે સાડાત્રણ લાખ રૂપૈયાની છે.

રેવાની ગાદી ઉપર મહારાજા વ્યાઘ્રદેવ બેઠા. તેમના પાંચ કુમારો પૈકી પાટવી કરણસિંહજી પોતાના પિતાના તખ્ત ઉપર બેઠા; ને તેમના બીજા ભાઇ કંધરદેવજીને કસોટાનો ઇલાકો મળ્યો. તેમના વંશમાં રાજા રાયજાુસિંહદેવ થયા. તેમને અગીઆર કુંવરો હતા. તેમાંના બહાદુરસિંહજી તે આ તાલુકાના મૂળ પુરૂષ કહેવાય છે. તેમણે કસોટાથી કનોજ આવીને કોલાપુરમાં ગાદી કરી. ત્યાં કેટલીક મુદત ગાદી રહી. ત્યાના વંશવાળાએ અનોગીમાં ગાદી કરી. ત્યા પણ કેટલીક મુદત ટક્યા. પછી તીરવાહમાં ગાદી કરી. તે વંશમાં હરીહરદેવજી, દમણસિંહજી, મહાસિંહજી અને પ્રતાપસિંહજી નામે અનુક્રમે રાજા થયા. તેમાંના પ્રતાપસિંહજીને એક ભાઇ હતા. તેમનો વંશ લોહીમંડ ગામમાં છે. પ્રતાપસિંહજીને ત્રણ દીકરા હતા. સમરસિંહજી, લાયકસિંહજી અને ધોકલસિંહજી. તેમા પાટવી સમરસિંહજી ગાદી ઉપર બેઠા; અને લાયકસિંહજીને ઠઠીઆ અને ધોકલસિંહજીને સહીલાપુર ગરાસમાં આપ્યા. સમરસિંહજીને દીલ્હીના બાદશાહે રાવનો કીતાબ આપ્યો હતો. એ રાજાના વખતમાં ૮૩ ગામ હતાં; ને તેમને રોહીલા લોકો સાથે લડાઇ થઇ તેમા રોહીલાનો સરદાર અને તેના ત્રણ ભાઇ મરાયા તેથી તેઓ હારીને નાઠા.

સમરસિંહજીની ગાદી ઉપર ઇ. સ. ૧૭૪૬ માં તેમના કુમાર અનિરૂદ્ધસિંહજી બેઠા, તે વખતે ૮૧ ગામનો તાલુકો હતો. આ ઠાકોરને રૂરૂના સેંગર ઠાકોર સાથે લડાઇ થઇ, તેમાં ૫૦૦ માણસો મરાયાં. પણ આખરે અનિરૂદ્ધસિંહજી જીત્યા ને રૂરૂનો ઠાકોર નાશી ગયો.

ઈ. સ. ૧૭૯૧ માં તેમના કુમાર જસવતસિંહજી ગાદી ઉપર બેઠા. તેમના ભાઇનું નામ પ્રીતમસિંહજી હતું. તેમને રાજ્યમાથી ગરાસ મળેલો, પણ તે કમી પડવાથી લખનોરના નાયબ નવાબ અલમસ્તઅલીખાને તે તે મળ્યા ને તેમણે જસવતસિંહજી પાસેથી બીજાં ચાર ગામ પ્રીતમસિંહજીને અપાવ્યાં. આ પ્રીતમસિંહજી ઘણો બહાદુર ક્ષત્રી હતો. તેમણે કેટલાંક ગામ બીજા ઠાકોરો પાસેથી પોતાની બહાદુરીથી જીતી લીધાં. ઠાકોર જસવતસિંહજીથી સરકારની ખંડણીનો આંકડો ભરી ન શકાયાથી સરકારે તાલુકો જપ્તીમાં લીધો ને ઠાકોરને રૂ.૮૧૮૧૩ ની નિમનોક બાધી આપી હતી.

જસવતસિંહજી બહુ દયાળુ હતા. તેમણે બ્રાહ્મણોને કન્યાદાન દેવા સારૂ રૂ.૨૪૦૦૦ આપ્યા હતા; ને સંવત ૧૮૬૮ ની સાલમાં તીરવાહ નજીક એક સુંદર સરોવર બંધાવ્યું છે; તે ઘણું જોવાલાયક છે. આ ઠાકોરને ગંગાના કીનારા ઉપરના ચીયાક્ષના ઠાકોર સાથે સંવત ૧૮૫૪–૫૫ માં લડાઈ થઈ હતી; તેમાં તેને જીત્યો હતો. તે તા. ૧૩ મી અકટોબર સને ૧૮૧૫ ના રોજ દેવલોક પામ્યા.

ત્યાર પછી ગાદી ઉપર તેમના ભાઇ પ્રીતમસિંહજી બેઠા. આ રાજાએ પોતાના પંડીત ગીરધરલાલને ચંદ્રોલી ગામ આપ્યું ને બીજા પંડીતને પુરવા ગામ આપ્યું. વેરાગી દેવીદાસને ભગવતપુરા ગામ આપ્યું. તેમણે તીરવાહમાં અન્નપૂર્ણા દેવીનું સુંદર દેવળ બંધાવ્યું; ને સંવત ૧૮૮૩ મા માતાજીની પ્રતિષ્ઠા કરી પચાસ હજાર રૂપિયા ખર્ચ્યા. કુરૂક્ષેત્રમાં પોતાની તુલા સોનાથી કરી એક લાખ રૂપિયા ખર્ચ્યા. બનારસમાં હવેલી બંધાવી. જેટલા બ્રાહ્મણો હતા તેટલાને વીશ વીશ રૂપિયાની અસરફી દરેકને આપી. તેમજ ઘણી જગ્યાઓએ બ્રાહ્મણોને જાગીર આપી. તા. ૧૧ મી નવેમ્બર સને ૧૮૩૫ ના રોજ પ્રીતમસિંહજી દેવલોક પામ્યા.

તેમની પછી જગતસિંહજી ગાદી ઉપર બેઠા. એ રાજાને પુત્ર નહોતો જેથી તા. ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૫૭ ના રોજ હાલના રાજાને દત્તક લીધા ને તે દેવલોક પામ્યા.

તા. ૨૨ મી એપ્રિલ સને ૧૮૫૭ ના હુકમથી સરકારે તે મંજુરી બહાલ રાખી; ને ૧૮૭૪ ના સપ્ટેમ્બર માસમા કુલમુખ્ત્યારી સાથે તેમને રાજ્ય સોપ્યુ. તેમનું નામ ઉદિત્યનારાયણસિંહજી છે.

જે ઘોકલસિંહજીને સહીલાપુરનો ગરાસ મળેલો, તેમના વંશમાં ઘોકલસિંહજી પછી અનુક્રમે રસાલસિંહજી, ખુમાનસિંહજી ને બાજીસિંહજી . તેમના કુમાર સદરહુ ઉદિત્યનારાયણસિંહજી છે. આ ઠાકોર દર માસે રૂ. ૧૦૦૦ બે હજાર ધર્માદા આપે છે; ને દરવરસે ચાર હજાર રૂપિયા અન્નપૂર્ણા માતાની પુજા બદલ આપે છે. તે ચાર હાથી અને ૫૦ ઘોડા રાખે છે.

તીરવાહના તીરવાહ, કોલાપુર, અનોગી, સિંહપુર, નગરેવા, પચોર, મનૌગી, ધનપુરા, નારાયણપુર, સગરાની ગોંગી, મીરપુર, મબાઇ, સંસરી, તતૌરા, રૂદૌલી, અલીનગર, પ્રતાપપુર, તેજલાપુર, શીયર, મઠો, મલીયાપુર, સીરશાહ ફતેપુર, ભખરા, બસૌરામાં છે ને તે ગામેતીઓ છે.

ઠઠીઆ કે જ્યાં લાયકસિંહજી મૂળ પુરૂષ હતા તેના ભાયાત ઠઠીઆ, મહાશૈયા, ઉમગરા અને જખતમાં છે.

લોહેમંડીમાં પ્રતાપસિંહજીનો વંશ ચાલે છે.

તીરવાહનું પેઢીનામું.

- હરીહરદેવજી.
  - દમરસિંહજી
    - મહાસિંહજી.
      - પ્રતાપસિંહજી.
        - સમરસિંહજી.
          - અનિરૂદ્ધસિંહજી.
            - જસવતસિંહજી. ×
            - પ્રીતમસિંહજી.
              - જગતસિંહજી
                - ઉદિત્યનારાયણસિંહજી (દત્તક)
        - લાયકસિંહજી
        - ધોકલસિંહજી.
          - રસાલસિંહજી
            - ખુમાનસિંહજી.
              - બાજીસિંહજી.
                - ઉદિત્યનારાયણસિંહજી (દત્તક ગાદી ઉપર ગયા.)

ભદોહી.

આ જીલ્લામાં વાઘેલાનો છુટક ગરાસ છે; ને આ જીલ્લો મીરજાપુરના સામે ગંગા નદીના કીનારા ઉપર છે. તેની ઉપજ રૂપૈઆ બાર તેર હજારની છે.

આ તાલુકાના મૂળ પુરૂષ રેવાના ભાયાત છે. મહારાજા વ્યાઘ્રદેવના વંશમા પંદરમી પેઢીએ રાજા નરહરદેવ થયા, જેને ભૈધદેવ અને જનકદેવ આ બે કુવર હતા. પાટવી ગાદી ઉપર રહ્યા ને જનકદેવને લૂકનો ઇલાકો આપ્યો. તે ઇલાકો જતાં તે વંશવાળા જૈરહવાંના ઠાકોર કહેવાયા. તેનો કોઇ ભાયાત જે આ તાલુકાના મૂળ પુરૂષ હતા તે બનારસ (કાશી) ના રાજાની નોકરીમાં રહ્યા ને તે રાજાના માનીતા થઇ સેનાધીપતિની પદવી પામ્યા. બનારસના રાજાને મુસલમાનો સાથે થએલી લઢાઇમા મૂળ પુરૂષે ઘણી બહાદુરી દેખાડવાથી તેમને ૧૬ સોળ ગામ જાગીરમા આપ્યા. પણ તેનો ¾ ભાગ તેના વંશજો પાસેથી પછવાડેથી રાજ્યમા ગયા, જેથી બાર ગામ રહ્યા છે. ને બીજા વેચાતા લઇને આશરે વીસ ગામ થયા છે. ત્યાર પછી કેટલીક પેઢીએ એ વંશમા મેહરબાનસિંહજી થયા. જેના કુમાર મહાસિંહજી થયા. તેમને ગોપીસિંહજી, વસંતસિંહજી, દેવીસિંહજી, પરમાનંદસિંહજી, સતાવનસિંહજી અને જસવતસિંહજી, આ છ કુમાર હતા. પાટવી ગોપીસિંહજીએ પોતાના નામ ઉપરથી ગોપીગંજ નામનું શહેર વસાવ્યુ છે. તેમને રામબક્ષસિંહ અને બખ્તાવરસિંહ એ બે કુવર હતા. જે બન્ને નીરવંશ ગુજર્યા છે. બીજા ભાઇ વસંતસિંહજીનો વંશ દેરવા તાલુકે ભદોહીમા છે. ત્રીજા દેવીસિંહ નીરવંશ ગુજર્યો છે. ચોથા પરમાનંદસિંહજીને અમરસિંહજી અને દુર્જનસિંહજી આ બે કુવર હતા. જેમા અમરસિંહજીનો વંશ સુર્યાવામા અને દુર્જનસિંહજીનો વંશ રામનગર તાબે બનારસમાં ચાલે છે. પાચમા સતાવનસિંહજીના કુમાર દયારામસિંહજી ને ત્રણ કુવર ભવાનીસિંહ, કુબેરસિંહ અને વિક્રમસિંહજી હતા. જેમાના ભવાનીસિંહ તથા કુબેરસિંહજીનો વંશ ભદોઇ તાબાના જહાગીરાબાદમાં અને વિક્રમસિંહનો વંશ ભદોઇ તાબાના રામપુરામાં ચાલે છે. છઠ્ઠા કુમાર જસવતસિંહજીનો વંશ કોટવામાં ચાલે છે. એટલે આ ભદોઇ જીલ્લામાં વાઘેલાની જગાઓ ગોપીગંજ, ડેરવા, સુર્યાવા, જહાગીરાબાદ, રામપુર અને કોટવામાં છે: તેમજ રામનગર તાબે બનારસમાં છે.

આ વાઘેલાઓ બીજા રાજાઓના ઇજારા રાખી ઉપજ વસુલ કરી આપે છે, જેથી તેમને દસ ટકા ઉપજનું કમીશન મળે છે.

ભદ્રોહીનું પેઢીનામું.

મહેરબાનસિંહજી.

- મહાસિંહજી
  - ગોપીસિંહજી (જમાદાર)
    - રામબખ્સસિંહજી
    - બખ્તાવરસિંહજી.
  - રાઉવસતસિંહજી.
    - થભનસિંહજી
    - ઉધમસિંહજી
      - સીઅંબરસિંહજી
        - શીવરતનસિંહજી.
          - બળિભદ્રસિંહજી.
        - કાલિપ્રસાદસિંહજી.
          - વશ્વસિંહજી.
          - રઘુનાથસિંહજી.
          - વિશ્વનાથસિંહ
          - જદુનાથસિંહ.
      - શીવદયાળસિંહજી
        - શીવપ્રસાદસિંહ.
        - શીવબખ્તસિંહ.
        - શીવશરણસિંહ
        - મહીપાળસિંહ.
  - દેવીસિંહજી (ડુમરીયા)
  - પરમાનંદસિંહજી (જહાગીરાબાદ)
  - દયારામસિંહ (સોભાસૌ)
  - સિંહમુનિસિંહ (કોટવા)

દોહરો.

શુભ સોળંકી વંશમાં, નીપજ્યા જે ભડ ભુપ;
કામ કીધા પરમાર્થનાં, વરણું તેહ અનુપ.

છપ્પા.

પૂર્ણ પરાક્રમી હવો, ભુવડ સોળંકી વંશે;
જયશીખર જીતીને, લીધો જસ ભારત અંશે.
અર્પણ માળવ દેશ, કીધો મહાકાળેશ્વરને;
આબુ અર્પણ કર્યો, પ્રેમથી અચળેશ્વરને.
પછી રક્ષણ કાજે સોંપીઆ, દેશ ભુપ પરમારને;
ધન્ય ભુવડ હે ભુપતિ, જન્મ કીધો તે સારને. ૧

થયો ભલો મુળરાજ, ગુણી ગુર્જરની ગાદી;
ઉત્તરમાથી વીપ્ર, અણાવ્યા ધીરજ આપી.
એક સહસ્રને તેર, દ્વીજ ઉત્તરથી આવ્યા;
પેખી પૂર્ણ પવીત્ર, ભલા ભુપને મન ભાવ્યા.
આપ્યા દ્વીજ સહસ્રને, ગામ સહસ્રજ પ્રેમથી;
ટોળક જણ દ્વીજ તેરને, તેર ગામ નિજ નેમથી. ૨

શ્રીસ્થળ ક્ષેત્રજ વિશે, રૂદ્રમાળો બધાવી;
કીધી પ્રતીષ્ઠા પૂર્ણ, ભલી સૌને મન ભાવી.
મારીને ગ્રહરીપુ, દુઃખ યાત્રાળુ ટાળ્યું;
લાખા નૃપને હણી, વેર પિતાનું વાળ્યું.
એવા ચાલુક્ય વશમાં, ભુપતી ઉત્તમ ઉપજ્યા;
ધન્ય કુખ જનની તણી, પર દુઃખ ભંજન છે સરજ્યા. ૩

થયો પછી ચામુંડ, ભુપ ગુર્જરનો ગુણી;
કીધા જળાશય સાર, બોધ દ્વીજોનો સુણી.
વૃક્ષ વધાર્યા વન, પ્રફુલીત કીધાં ભારી;
શુકલતીર્થમાં વસી, કીધ ભક્તિ તો સારી.
ભ્રાત તનુજ તે ભુપનો, દુર્લભસેન થયો ભલો;
પ્રજા પ્રેમ વધારીને, કષ્ટ સકળના કાપતો. ૪

અણહીલપુરમાં રહી, તેજ સ્થળ સ્થાનક કરીયું;
બાંધી સરોવર બેશ, નામ દુર્લભસર ધરીયું.

પુત્ર ભીમ ભડ થયો, બીરદ બાણુાવળી મળીયું;
સીંધ ચેદી જીતતા, નામ શુરામાં ભળીયુ.
વળી વીમળ પ્રધાનજ વાણીએ, આબુપર દેહરાં કર્યાં;
આરાસુરપર અવર તો, ધામ જૈન કેરા ધર્યાં. ૫

પટરાણી પૂર્ણ પવિત્ર, નામ ઉદયામતી જાણું;
પાટણપુરમાં ચિત્ત, રાજમાતાનું માન્યુ.
વાવ મનોહર કીધ, પૂર્ણ પરમાર્થ કાજે;
રાણી નામની છાપ, ત્યાંજ રાજે છે આજે.
અવર સ્થાન ટુટી ગયાં, નામ નીશાની નવ રહી;
રાણી વાવ વિલોકશો, અદ્યાપી શુભ છે સહી. ૬

કુવર કરણ નીપજ્યો, પુરો બહાદુર કૃપાળુ;
મેહવાસીને હણી, દુઃખ રઈઅતનું ટાળ્યું.
કીરાત કરતા કેર, નીરતર ત્રાસ પઠાવી;
પ્રજા પામતી કષ્ટ, દુઃખમાં દીધ ડુબાવી.
કીધી મહેર કૃપા કરી, હણીઆ પાપી સર્વને;
સુખી પ્રજા કીધી સદા, મુકાવ્યો અરી ગર્વને. ૭

બાંધી સરોવર એક, નામ કણુસાગર ધરીયું;
સ્થાપી કર્ણાવતી, નગર નવનીધે ભરીયું.
કર્ણેશ્વર મહાદેવ, તણું સ્થાપન તો કીધુ;
કર્ણ મેરૂ પ્રસાદ, જૈન દેવાલય દીધુ.
વળી બાંધ્યું દેવળ પ્રીતથી, માત કોચરબનું રૂડું;
સાથે શ્રી જયંતીનું, દેવળ સુદર છે ઘણું. ૮

નીજ માશીનો પુત્ર, હતો કેશર મકવાણો;
ભુત બાબરાતણો, ગર્વ તોડી વખણાણો.
પ્રસન્ન ભુપતી થયા, વચન દીધા છે એવાં;
એક રાત્રી તોરણો, બાંધતાં ગામો દેવાં.
અઢારસે ગામે વળી, નીજ નારીની મદદથી;
બાંધ્યાં તોરણ આપીયાં, પાળ્યું વેણ નીજ બીરદથી. ૯

પડીયું ઝાલાવાડ, નામ સુદર તો તેનું;
કેશર કેરો વંશ, અંશ શક્તિનો જાણું.
શક્તિ વરીઆં હતાં, હોંશથી કેશર સાથે;

તેની શક્તિ થકી, લીધો જશ છે નીજ હાથે.
વળી પુત્ર ઉગાર્યો પ્રેમથી, કર લંબાવી નીજ તણા;
હસ્તી સમીપથી ઝાલીયા, ઝાલા નામ જણાવીઆ. ૧૦

મીનળદેવી સતી, હતી પટરાણી તેની;
સ્વામી ગુજરે હવી, રાજમાતા ગુર્જરની.
સિદ્ધરાજ જયસિંહ, તણી જનુનીએ જાણો;
વીરમગામમાં કીધ, મુનસર સર તો માનો.
વળી ધવળપુરમાં સ્થાપીયું, મીનળ સરોવર હર્ષથી;
મલાવ નામ પ્રસિદ્ધ છે, પુરણ નવસેં વર્ષથી. ૧૧

પુરણ પ્રમાણિકપણું, દાખવ્યું અહિયાં એણે;
આપ્યો ન્યાય પવિત્ર એક નારી ગુણકાને.
ગોળ સરોવર થાત, કદી ગુણકા ઘર દેતી;
નહીં દીધેથી ખોટ, હમેશાં તેમાં રહેતી.
ઝાઝુ દ્રવ્યજ આપવા, મહારાણી માગુ કર્યું;
તેણે તો નવ માનીયું, ગોળ સરોવર નવ બન્યુ. ૧૨

સરીતા શુભ પવિત્ર, નર્મદા જગમાં જાણો;
ત્રટ તેનો સુપ્રસિદ્ધ, સિદ્ધ ભાલોદ પ્રમાણો;
યાત્રાળુ જન પાસ, રાજ્યથી કર ખુબ માગે;
નવ આપે જે દામ, જાય પાછો દીણુ ભાગે.
યાત્રાળુ દુઃખ કાપવા, માફ કીધો કર સામટો;
જયસિંહ માતાતણી, મમતાથી કીધો પટો. ૧૩

વેરાની પેદાશ, રાજ્યમાં મોટી આવે;
રૂપૈયા બોતેર લાખ, પ્રતિવરસે ખખડાવે.
જમીનના મહેસુલ, જેટલી ઉપજ નીહાળી;
છોડવી લાગે વીશમ, પરંતુ પ્રેમથી બાળી.
ધન્ય માતૃવત્સલ કુવરનું, સિદ્ધરાજ ધન તું સિદ્ધી;
ઉપજ પોણા ક્રોડની, દર વરસે છોડી દીધી. ૧૪

જયસિંહે જસ લીધો, સહસ્ર લીંગજ સર સ્થાપી;
કીધ શીવાલય શહસ્ર, પ્રીત શંકરશું વ્યાપી.
રૂદ્રમાળનો પુનઃ, કીધો જીર્ણોધર હેતે;
નવા પટા વીપ્રને, દીધા છે પુરણ પ્રેમે.

વળી સૌ ગામો તો આપીઆં, ભાલદેશમાં ભાવથી;
આપ્યું ગામ અસાંબલી, ધર્મતણા શુભ ભાવથી. ૧૫

ગ્રંથ વ્યાકરણતણો, રચ્યો શુભ હિમાચાર્યે;
દ્વાશ્રય ગ્રંથજ રચી, કીધો અર્પણ રાજાને.
પ્રસન્ન થઇ આપીયાં, રૂષભદે પ્રભુજી સારૂ;
બાર ગામ ભલી ભાત, જૈનધર્મીને વારૂ.
દીધા હિમાચાર્યને, અવર બાર ગામો વળી;
પ્રાતીજ કેરી સમીપમાં, પૂર્ણ હર્ષે હૃદયે ધરી. ૧૬

હતો સજન સરદાર, દેશ સૌરાષ્ટ્રે શાણો;
ઉપજ વર્ષ ત્રણ તણી, ખર્ચીને ખુબ વખણાણો.
સ્થાપ્યુ દેવળ શુભ, ધારીને પ્રેમ અતીશે;
કીધો ખુશી જયસિંહ, ભરાયો નવ તે રીસે.
બાંધ્યું શ્રી ગીરનારપર, દેવળ નેમીનાથનું;
ઉત્તમ કાર્ય કીધુ અતી, ધન્ય ભાગ્ય જયસિંહનું. ૧૭

દીધે દાન અનેક, દીપ ચાલુક્ય ગણાયો;
ગુર્જર ભુષણતણી, છાપ પામી વખણાયો.
વાપી કુપ વિશેષ, બેશ બંધાવ્યાં એણે;
સર્વ પુરે છે 'સાખ, મનુષ્યો ખુબ વખાણે.
વળી જુનું સ્થળ અવલોકી કે', સધરા જેશંગે રચ્યું;
ધન્ય ધન્ય હે ભુપતી, કુળ ઉજ્વળ અતીશે કર્યું. ૧૮

કુમારપાળે કીધ, પછીથી કાર્ય કૃપાળુ;
ભ્રાત તનુજ જયસિંહ, તણો એ પૂર્ણ દયાળુ.
પ્રભાસપાટણ વિશે, ધામ સોમેશ્વર કેરૂ;
મ્લેચ્છે કર્યું વિનાશ, દેઇને કષ્ટો મેરૂ.
જીર્ણોદ્ધાર કીધો ભલો, સોમેશ્વરનો પ્રીતથી;
જર ઝાઝો ખરચી કીધી, શુભ પ્રતિષ્ઠા રીતથી. ૧૯

આસ્તા અતીશે હતી, જૈનધર્મે રાજાને;
સુણી ગુરૂનો બોધ, શોધ કીધા ઝાઝા છે.
વરસ ચતુરદશ સુધી, મુલક આખામાં એણે;
માંસ મદીરાતણો, કીધો અટકાવજ તેણે.
વળી દાંડી શુભ પીટાવી જે, આણ ફરે જ્યાં માહરી;
કરશે કદી ઉપયોગ તો, જાણીશ કટ્ટો મુજ અરી. ૨૦

યજ્ઞકર્મને વિશે, ૨ક પશુઓ હોમાતાં;
અજા અશ્વ આદિનાં, અતીશે મૃત્યુ થાતાં.
બંધ કરી તે ઠામ, શ્રીફળ સોપારી આદિ;
યજ્ઞાર્પણનો ચાલ, ઠરાવ્યો બનીને વાદી.
નવ લેવું નખોદીઊં, દ્રવ્ય રાજભંડારમાં;
નિષિદ્ધ ગણી આજ્ઞા કરી, પોતાના સહુ રાજ્યમાં. ૨૧

શેત્રુંજયપર હતાં, જૈનધર્મીનાં દેહરાં;
વિકટ માર્ગથી દુઃખી, દીલ યાત્રાળુ કેરાં.
દેખીને તે કષ્ટ, સીડી બંધાવી સારી;
કુમારપાળેશ્વર, ધામ શંકરનું ભારી.
બંધાવ્યુ અણહીલ્લપુરમા, અપાશરો કીધો વળી;
એ આદિ કીધાં બીજાં, ધામ અતિ ઉલટ ધરી. ૨૨

રાજ્ય પામતાં પ્રથમ, નીજ કાકાને રોષે,
નાસે વન મોઝાર, નહિ કો તેને પોષે.
પડ્યા પકડવા સ્વાર, કુંભારે નીજ ભઠ્ઠીએ;
સંતાડેથી બચી, થયો ગુર્જર રાજા તે.
એ આલીંગ કુંભારને, ગામ સાતસે આપીઆં;
કુંભાર નામની એબથી, સગરા છાપ જમાવીઆ. ૨૩

સોળંકી મૂળરાજ, પ્રથમ પાટણપતિ જાણો,
ગંગામહ નીજ ભ્રાત, ઓરમાઈ ને વળી ન્હાનો;
લાખા સાથ લડાઇ, કરી મૂળરાજે જ્યારે;
મામા સાથે સ્વર્ગ, પામ્યો ગંગામહ ત્યારે.
જગદંબા વાઘેશ્વરી, વાઘણુ રૂપે પાળીઓ;
ગંગામહના તનુજને, વ્યાઘ્રદેવ જશ વાધીઓ. ૨૪

કુંવર સમજણો થતા, સોંપીયો માતે સ્નેહે;
મૂળરાજને તેહ, ઉછેર્યો પ્રેમે તેણે.
પુખ્ત ઉમરનો થતા, જવા યાત્રા મન ધારી;
માગી રજા પરવર્યો, નીજ કાકાની સારી.
ખુબ સાથ રસાલો લેઇને, રાજકુંવરને છાજતો;
આવ્યો રાજ રેવા જહાં, મકુંદ નૃપતી રાજતો. ૨૫
કુવરી સીંદુરમતી, નૃપે હેતેથી દીધી;
વ્યાઘ્રદેવની સાથ, કરી શાસ્ત્રોની વીધી.

રાજ સોપી વન ગયો, રાજ્ય જામાત્રે કીધું;
કુંવર પાંચ તો થયા, રાજ્ય દીપાવી દીધું.
કર્ણ પાટવી આદીએ, રેવા રાજ્ય વિશે રહ્યો;
આવ્યો ગુર્જર ભુમીમાં, સુરતદેવ સુખીયો થયો. ૨૬

પાટણ ગાદી થકી, ફુટાયા સ્થાનક મળીયુ;
ધવલપુર પ્રખ્યાત, વશી ત્યા ઉત્તમ કરીયું.
વંશમા એહમાં થયા, ધવળ વાઘેલો શુરો;
અર્ણો રાજ્યકુમાર, ગણાયો બહાદુર પુરો.
કુમારપાળની માશીનો, કુમાર અર્ણોરાજ તો;
થાતો એહ સબધથી, પ્રેમ અતિશય રાખતો. ૨૭

આપ્યુ પુર વાઘેલ, નૃપે જાગીરમાં સ્નેહે;
લવણપ્રસાદ કુમાર, થયો તે સુદર દેહે.
વીરધવલ નીજ પુત્ર, સપુત ગણાયો શુરો;
તાત સ્વપ્નથી કરી, પરીશ્રમ તેણે પુરો.
કીધા વસ્તુપાળ ને, તેજપાળ મંત્રી વળી;
જેણે રાજ્ય વધારવા, શ્રમ આદરીયો પ્રેમથી. ૨૮

ભોળા ભીમને વખત, તખતની આજ્ઞા ચાહી;
સ્વતંત્રતામાં રહી, નહી માને કો ભાઇ.
વશ કરવાને સર્વ, ગર્વ હણવાને તેણે;
હરવી પમાડયો ત્રાસ, ખાસ રાજાને એણે.
પોતે નવ મહરાજ તો, બનીયો ધરી સંતોષને;
મહારાણાની છાપ તો, રાખી પોતે અંગને. ૨૯

ગુર્જર આદી દેશ, બેશ જીત્યા છે પ્રીતે;
ધવલપુરમાં વસી, કસી ચલવે શુભ રીતે.
ક્ષત્રી ચૌદ શત પુરા, શુરા રાખ્યા છે સ્નેહે;
જમે બેસીને પાસ, ખાસ નવ ભીન્નજ દેહે.
છે મંત્રી ગુણવાન તો, રાજ્ય દીપાવ્યુ સર્વથા;
સોમેશ્વર ગુરૂના મુખે, સુણે શુભ હરી કથા. ૩૦

અન્નક્ષેત્ર આશ્રમ, શ્રમ ધરી બાંધ્યા પોતે;
ગામે ગામ તમામ, દામ ખરચીને ખાંતે.
સ્થાપી નીરાશ્રીત સ્થાન, માન મેળવીયું ભારી;
બાંધી જળાશય સાર, વાર રંકાને સારી.

શાળા વેદની સ્થાપીને, ધર્મ વધાર્યા ભાવથી.
પંડીત શત એક અષ્ટ તો, રાખ્યા તે શુભ લાવથી. ૩૧

સભા ભરીને નીત પ્રીત ધારીને બેસે;
રાજ્ય રીતીનાં ધર્મ, કર્મ સઘળા તે જોશે.
આજ્ઞા પોતે કરી, ધરીને પ્રેમ અતીશે;
મંત્રીને શુભ રીત, હીત ધારીને બેશે.
સ્તંભ તીર્થમાં સ્થાપીયાં, અન્નક્ષેત્ર જળાશયો;
સ્થાન નીરાશ્રીત બાંધીને, બાંધી ઓષધશાળ તો. ૩૨

કીધા બાગ અથાગ, તાગ વીનાના રાયે;
પાણી ફેરી પર્વે, સ્થળે સ્થળ તો દેખાયે.
યાત્રાળુ ગીરનાર, તણી પાસે તો ભરડા;
પજવી લેતા દામ, તમામ બનીને કરડા.
આપ્યુ ગામ કુહાડી તો, ભરડાને શુભ ભાવથી;
સ્તંભ તીર્થમાં દ્વીજને, બ્રહ્મપુર આપ્યું લાવથી. ૩૩

આપ્યાં ગામ ગરાસ, ખાસ મંત્રીને પ્રીતે;
મહોર સુવર્ણજ તણી, વળી દશ લાખ સહી તે.
જેનાં જેવાં કામ, દામ સઉકોને દીધા;
રૈયત રાજી કીધી, પ્રજાનાં કારજ સીધાં.
કીર્તી કૌમુદી ગ્રંથ તો, રચીઓ સોમેશ્વર ગુરૂ;
ગામ આપીઆં પ્રીતથી, ધન્ય ભુપ વાઘેલ તું. ૩૪

રાજ નીતીની રીત, પ્રીતથી સૌને પોતે;
શીખવી ધરીને પ્યાર, સાર ઇચ્છે સૌ જો તે.
વ્યભીચારનો ધ્વંસ, ડસ રાખીને કીધો;
ગુણકાઓએ ડરી, વરી પતિ કીધો સીધો.
તસ્કર અંગે ધાક તો, કોપ કરીને પાડીયો;
રૈયતને સુખ આપીને, ત્રાસ સમુળો કાડીયો. ૩૫

કરવામાં લુંટફાટ, પાલની ખ્યાતી બાધે;
પ્રસરી ગુર્જર દેશ, લેશ નવ ડરતા જાતે.
વસતા ભીલ કીરાત, જાત જે ક્રુર નઠારી;
નરમ કરી ભલી ભાત, ત્રાસ આપીને ભારી.
વઆાણુષણુ ગોઠવ્યાં, વગડામાં જાળાં વીશે;
કોથી નવ ઉચકાય તે, કીધી રીત કૃપાધીશે. ૩૬

કલ્પવૃક્ષ સમ દેહ, તેહના સેવક ગણુતા;
જળ ઠેકાણે દુધ, શુદ્ધ લાવીને ધરતા.
ધરતો પ્રેમ અપાર, નીજ સેવકશું સ્નેહે;
જેથી પામ્યો સ્વર્ગ, પ્રભુ પદ પામ્યો દેહે.
હસીને સો છે બળ્યા, ચાકર ચીતામાં પડી;
મંત્રી જો નવ વાર તો થાત ગજબ તે સ્થળ વળી. ૩૭

વીશળદેવ તો હવો, ભલો ગુર્જરનો રાજા;
નમી મંડળીક ભુપ, અતીશય રાખે માઝા.
વિદ્યા કેરૂં વ્યસન, તનમાં ધાર્યુ તેણે;
પડીત તો શત પાંચ, ખાંતથી પાળ્યા જેણે.
ક્રોડ અરાડજ વાપર્યા, નાણું હેત ધરી વળી;
પુસ્તકનો ભડાર તો, સ્થાપ્યો પ્રેમ પુરો ધરી. ૩૮

નઉતમ કીધ નવાણુ, ભાણુ વાધેલા કેરે;
ચોરાસીજ તલાવ, લાવ બધાવી લે તે.
વાવ ચારસે સાઠ, કરાવી પુરણુ સ્નેહે;
ગામે ગામ અનાજ, પ્રીત ધરી આપ્યાં દેહે.
વળી દુષ્ટ દુકાળ પડયો હતો, તેના રાજ્ય વિશે બુરો,
ધન ભડાર લુંટાવીને, આશ્રય આપ્યો છે પુરો. ૩૯

ગણે પુત્ર સમ પ્રજા, કજા નવ આવે કોને;
પોશે એવી રીત, પ્રીત ધરી રાખી જોને.
નઉતમ નગરો જોડ, કોડ ધરી વાસ્યાં ભારી;
વીસળ વીજાપુર નામ, ધન્ય તેની બલીહારી.
ડભોઇ પુરને બાંધીઓ, ગઢ રૂડો ગરૂવો ઘણો;
હીરા દરવાજા સમો, અવર નથી દેખ્યો રૂડો. ૪૦

વેદ પાઠી જે વીપ્ર, તીવ્ર બુદ્ધીના શાણા;
રાખ્યા તે શત પાંચ, ધન્ય વીશળદે રાણા.
રેવા ત્રટમાં કીધ, સિદ્ધ યજ્ઞજ બહુ મોટો;
ખરચ્યું દ્રવ્ય અપાર, સાર જેનો નહિ ટોટો.
ખટ દ્વીજોને આપીયાં, નગર ભલાં રેવા ત્રટે;
નાગર નામ પ્રસિદ્ધ છે, અદ્યાપી રહે તે સ્થળે. ૪૧

પરાક્રમી પરમાર, સાર સોઢા કહેવાણા;
નામ જે લખધીર, વીર સમ તેહ ગણાણા.

ચાર ચોવીસી દીધ, સિદ્ધ સોરાષ્ટ્રજ દેશે;
મુળી લખતર થાન, જે બેશ વિશેષે.
આપી છે કન્ડોરણા, ચોથી પુરણ પ્રેમથી;
વાઘેલા ભુપ ધન્ય છે, ધન્ય ધન્ય છે ક્ષેમથી. ૪૨

સીસોદીઆ છે શુર, વંશ બાપા રાવળના;
ગુર્જર ભુમી વશ્યા, હતા તે નીજ પરીબળના.
નીજ ભ્રાત તો ગંણી, દુંવીશળદે ભુપે આપ્યાં;
સાઠ ગામ ભલી ભાત, કષ્ટ સઘળાં તો કાપ્યાં.
માતર અને નજીકનાં, ગામ ફળદ્રુપ આપીઆ;
સુખ કીધા છે સર્વદા, દુઃખ તેમના કાપીયાં. ૪૩

ગુર્જર ગાદી પતિ, થયો અર્જુનદે શાણો;
પછી ભુપ સારંગ, રગ તેણેજ ગણાણો.
છેલ્લો ભુપતી કરણ, રણે મલેચ્છોશું લઢીઓ;
ગુર્જર ગાદી ગઇ દોષ તેને સીર પડીઓ.
વાઘેલાના અમલમા, જૈન ધર્મી દેહરાં થયા;
આબુ ઉપર તો અતી, નામ કૃતારથ તો ભયા. ૪૪

ગાદી પાટણ તણી, મુસલમાનોએ લીધી,
કીધ ખાલસા રાજ, રીસ ઝાઝેરે કીધી.
ભીલડી ને સરધાર, કરણના પુત્રો વસીઆ;
વરશગજી સરધાર, રાજ્ય કરવાને ધસીઆ.
સારગે જઈ ભીલડી, નીજ માતાના ગ્રાસમા,
રાજ રૂડેરૂં સ્થાપીયુ, પોતે પૂર્ણ ઉલ્લાસમા. ૪૫

વીરશગજીનો વશ, શાખ સરધારા જાણો,
છાપ પડી ભલી ભાત, પ્રસિદ્ધી પુરણ માનો.
ગાદી કરી સરધાર, વશ્યા કુટુબ સહીતે;
આવી અડાળજ પછી, વંશજો પુરણ પ્રીતે.
ગાદી કરી કલોલમાં, રાજ્ય દીપાવ્યું સર્વદા,
કલોલ ને સાણંદનાં, રાજ્ય પડ્યા જુદા સદા. ૪૬

સાણદ ગોગડ તણા, ભુપ ભાયાતો સાથે,
લીંબોદરા ઠાકોર, ઘણો નીજ ભ્રાતો હાથે;
ભાદરવા ભલી ભાત, ભુપતી પેથાપરના,
પોશીના પ્રખ્યાત, થરાદ અને બધીઆના;

ગેડી અને પળાંસવા, બેલા કચ્છ વિશે જુઓ;
સરધારા વાઘેલનો, વાધ્યો છે વિસ્તાર તો. ૪૭

ભીલડીઆનો વંશ, દીઓદર સ્થાને જાણો;
રામસેણુ ને ડુઆ, ફોરણા સ્થાન પ્રમાણો.
વાતમ પાલડી વળી, કોઇ ભાયાતો છોટા;
છે ઘર ઘરના ધણી, કોઇ ગામેતી મોટા.
વટલ્યા છે વડુ ને થરા, ઊણુ અને બીજા સ્થળે;
ભીલડીઆના વંશનો, વાધ્યો છે વિસ્તાર તે. ૪૮

રેવા કેરૂં રાજ્ય, વડુ વાઘેલા વીશે;
ત્રીસ લાખ પેદાસ, રાજ્યની ઉત્તમ દીસે.
ભ્રાત કસોટા જેષ્ટ, વળી છે થટીઆ તીરવાહ;
ભટ્ટોઈ જીલ્લા વિશે, જઇ વાઘેલા વસીઆ.
જગન્નાથજી સમીપમાં, ખડપાળ વાઘેલની;
જીલ્લા ઓરીસ્સા વિશે, છે ગાદી ત્રણ લાખની. ૪૯

સાણંદ ગાદી તણા, પૂર્વજોએ ધરી પ્રીતી;
દેવીપુત્રને દીધા, શાસનો ધારી નીતી.
કોચરીઆ દેવતી, પુનાદ સરી સાળજડા;
આપ્યુ જુડા ગામ, અને સુંદર પળવાડા.
જુદા જુદા કવીઓ તણી, સુણી સુંદર વાણીને;
આપ્યા શાસન પ્રીતથી, આશ્રીત સૌને જાણીને. ૫૦

સાણંદપુર ભુપાળ, કૃપા કરી બાંધ્યુ છે તે;
જગદીશ્વરી અંબાર, તણું દેવળ તો પ્રીતે.
મોડાસરમાં ધામ, શુભ શંકરનું બાંધ્યું;
અંત્રેશ્વર ઉપનામ, પ્રસિદ્ધી જગમાં કીધું.
ગણેશનું મંદીર કીધુ, કોઠ નગરમાં શોભતું;
કોઠેશ્વર મહાદેવનું, દેવળ છે મન લોભતું. ૫૧

ગાંગડના દરબાર, જેહ જેશંગજી શાણા;
દેવીપુત્રને દીધ, ગામ રાણીસર રાણા.
બગોદરા ઢેઢાલ, જેકડા પીસાવાડા;
ખાનપરા ધરી ખાંત, આપીઆં રાખી માઝા.
વાવ કૂવો ગાંગડ વિશે, ગોરાજી મહારાણીએ;
સત્તરસેં ત્રેસઠ વિશે, બાંધ્યાં જોઇ પ્રમાણીએ. ૫૨

ગાંગડ ગાદીથકી, બાવળાના દ્વિજવરને,
આપી ભુમી ઘણી, ટેક ધરી બ્રાહ્મણ કરને.
વીઘા શત અઢાર, પ્રેમ ધરી દીધા રાયે;
ગામ સરોડા વિશે, નવ શહસ્ર ગણાયે.
આપી ભુમી અતી ઘણી, ઉદારતા દાખી ભલી;
ગાગડમા દ્વીજ મીરને, મદીરમા ભુમી તો ઘણી. ૫૩

કલોલના દરબાર, તણા જે રાણી રૂઢા,
ગામ અડાળજ વિશે, વાપર્યા નાણા પ્રૌઢા.
બાધી સુદર વાવ, લાવ જગમા તો લીધો,
ટકા પાચજ લાખ, ખરચીને ડકો દીધો
શુભ પદર પચાવને, કીધી વાવજ કારમી,
રાણી શ્રી વરમઘાની, ધન્ય ધન્ય જશ ધામની. ૫૪

કલોલને દરબાર, ગામ ચારણને આપ્યા,
ધમાસણા ને વડુ, વળી અણખોલજ સ્થાપ્યા.
છસે વીઘાં છત્રાલ, વળી બારોટને બીજા,
વીઘા સાતસેં વિપ્ર, સૌકો જેથી રીઝયા.
વળી કડી કને તો આપીયા, ત્રણ ગામ પરમારને,
ગામ ઇસન તો દ્વીજને, અર્પ્યું ધારી પ્રથારને. ૫૫

પેથાપુર દરબાર, ધરી છે મતિ તો વીમળા;
દસુદીઓ બારોટ, હતો નામે જે સગળા.
ભુપ રાયસીગ દીધ, ગામ કોબુ તો પોતે,
સ્નેહ સહિત નાદરી, આપીયું પુરણ હેતે.
વળી લગ્ન પ્રસગે આપીયા, ઘોડા તો શત પાચ તો,
તુરી શહસ્ર અઢારનો, સાઇઆ જુલા હાથ તો. ૫૬

પોપીબ્રા દરબાર, હોંશ મનમા તો ધારી;
મદીરમા કોળદ, ગામ દઈ કીરતી સારી.
જગનાથપુર બારોટ, ગામ મહુડી ચારણને;
ગનસાળી ગામ તો દીધ, વીરપરા રજપુતને.
આપ્યા પ્રેમ ધરી વળી, લાયક કીર્તિ કારણે,
વાઘેલા ભુપ ધન્ય છે, જાઉં ખરેખર વારણે. ૫૭

ભાદરવા ભુપાળ, બનીને પરમ દયાળુ,
દેવી પુત્રને દીધ, ઘણા વાટા તો ન્યાળુ.

ચાવડ હુસેપુર, અને વળી શેરપરામાં;
સાવલી પરાવા સાર, ગામ તો નમીસરામાં.
તાંદળજા ગામે દીધો, લુણા જાસપરા વીશે;
ગામ ચાણુસદ ચાહીને, કીધી મહેર કૃપાધિશે. ૫૮

ભાદરવા ભાયાત, કામ રૂડેરૂં કીધું;
બાધી લીમડા તલાવ, વળી ગોચર તો દીધું.
કાશી ક્ષેત્રમાં જઇ, શેલડી ખુબ રોપાવી.
ગાય ચરાવા કાજ, વાત નીજ મનમા ભાવી.
ઢભોઇઆ વાઘેલા, ફુઢેલા ગોચર ધર્યું,
શોવાળીમાં તેટલું, રાખી પશુનું દુઃખ હર્યું. ૫૯

થરાદ ગાદી થકી, અતીતને ધરમ વિચારી;
આસોધર જે ગામ, આપીયુ હોશ વધારી.
દુધાસણુ તો દીધ, ચાવડા રજપુત હાથે;
હતું અતી વેરાન, બધું સ્વસ્થાન ગણાતે.
કીધો શ્રમ ખાતે અતી, આબાદી ઉજ્વળ કીધી;
આશ્રીત સુખ પામ્યા ઘણુ, મેળવી છે વળી નવનીધી. ૬૦

ભીલડીઆ વાઘેલ, રાય જે દીઓદરના;
દેલવાડા તો દીધ, પ્રેમથી કર દ્વીજવરના.
ગામ સુરાણા વળી, આપીયુ દ્વીજને પ્રેમે;
દસુંદીઓને દીધ, શણાધર વળી શુભ નેમે.
મલુકપરૂ તો આપીયુ, દેવગામ વૈરાગીને;
ઉત્તમ કામ કીધુ અતી, છેજ ખરા શુભ ભાગી તે. ૬૧

દીઓદરે વળી ઉર, હેત તો અતીશે ધાર્યું;
બ્રાહ્મણને કર દીધ, ઉજણુવાડા જે પ્યારૂં.
સીરવાડા પણુ શુભ, આપીયું દ્વીજને ચાહી;
દેવીપુત્રને દીધ, પાણુવી ગામજ ભાઇ.
પ્રાણુવું વળી તો આપીયુ, પોતે ધર્મ વિચારીને;
રાણા શ્રી વાઘેલ ભુપ, લીધ સાબાશી સારી તે. ૬૨

રેવા કેરૂં રાજ્ય, પ્રસિદ્ધ છે ભારત વિશે;
ધર્મરાજ કહેવાય, દયાળુ આજું દિસે.
ત્રીજા ભાગનું રાજ, આપીયું ધર્મ વિશે છે;
એક હજાર ને છસેં, વળી ઓગણુપચાસે.

ચાર લાખની ઉપજની, જાગીર ધરમાદા દીધી;
મહારાજા રેવાતણા, ઉદારતા ઉત્તમ કીધી. ૧૩

રોકડ વરશાસનો, રાજથી આપે પ્રીતે;
હજાર ચાળીશતણાં, ધર્મમાં પ્રેમ સહિતે.
દર માસે નીમનોક, વળી ધરમાદા કાજે.
ત્રણ હજાર ને બસે, આપતા ગરીબ નિવાજે.
શ્રદ્ધા ધર્મ વિશે સદા, રાખે છે ભૂપતી ઘણી;
ક્ષત્રીકુળમા શ્રેષ્ઠ છે, ઉત્તમ સમ પારસમણી. ૧૪

ઠટીઆ તીરવાહતણી, ગાદીના રાજા શૂરા;
ચંદ્રાલી પુરવા, અને વળી ભગવતપૂરા.
ગામમાં દ્વીજોને દીધ, માત અનપુર્ણાકેરૂં;
મદીર બાંધી કીધું, પ્રતિષ્ઠા ધન ઘણેરૂં.
અર્ધો લાખજ ખર્ચીયા, કુરૂક્ષેત્રમાં હીમતુલા;
એક લાખ ખર્ચી કરી, જાતે બનીને બહુ દુલા. ૧૫

હજાર ચોવીશતણું, પુન્ય દર વરસે કરતા;
અનપુર્ણા સેવા કાજ, પ્રતિ વરસે તો ધરતા.
રૂપીયા ચાર હજાર, ખાતથી ખરચે તેમાં;
તીરવાહા પાસે બેશ સરોવર બાધ્યું છે ત્યાં.
કીધા ઉત્તમ કાર્ય તો, તીરવાહા ગાદીથકી;
ઉદારતા દાખી અતી, રાખી ધર્મશ્રદ્ધા નકી. ૧૬

વાઘેલા કુળતણી, કીરતી કથન કરી છે;
અંતરમા અતી પ્રેમ, ઉરમી પૂર્ણ કરી છે.
અતીશયોક્તિ કરી, નથી મે સત્ય કહ્યું છે;
જાણ્યું તેવું સર્વ, પ્રેમનુ પૂર વહ્યુ છે.
આશીષ આપું હોંશથી, વાઘેલા સુખમાં વસો;
ધન કીર્તિ યશ આપીને, પૂર્ણ પનોતા પ્રભુ કરો. ૧૭

સમાપ્ત.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૩	૧૪	બ્રાહ્મણો પાસે લુંટાવી દીધી.	ગાયો પાસે ચરાવી દીધી
૪	૨૩	જેને	તેને
૫	૩	રાકાયત	રાકાયત ઉર્ફે ગંગામઠ
૧૦	૨૭	જત્રી	જત્ર
૧૩	૨	આપ્યાં	આપી
૧૫	૨૩	યુદ્ધાશસ્ત	યુદ્ધાસકત
૨૫	૨૯	ખધાય તો સારૂ	ખધાયતો સારૂ એવો જોશીનો અભીપ્રાય થયો
૨૯	૨૦	પધરાયો	પધરાવ્યું
૩૦	૨૨	અશ્વવપતી	અશ્વપતી
૩૬	૧૭	સાધુઓને	સાધુઓની
૫૫	૩૨	ત્યારે તેની	ત્યારે તેની વસ્તી
૫૭	૧૫	રાજકુમારો	રાજકુમારો વચ્ચે
૫૭	૩૧	થીપૃ	પૃથી
૬૦	૨૧	શકતમાન	શકતીવાન
૬૮	૭	ધીરધવળ	વીરધવળ
૬૯	૨૭	આખરૂને	આખરૂ
૭૦	૧૦	ઉદયાસહજી	ઉદયસિંહજી
૭૪	૧૯	સામ સામ	સામ સામા
૭૭	૮	લેભાઇને	લોભાઇને
૭૭	૨૬	રોકાએલો	રોકાએલા
૮૧	૧૪	ગગડાટથી	ગગડાટ
૮૨	૧૪	વિરધવળ	વસ્તુપાળ
૮૩	૨૬	રાજાનાં	રાજાના
૮૮	૧૧	બચ્ચો	બચ્ચા
૮૮	૧૩	પોતાના	પોતાની

૯૮	૨૦-૨૧	આવી આવી	આવી
૧૦૨	૧૩	તે તેણે	ને તેણે
૧૦૫	૨૪	તે	ને
૧૦૬	૨૨	ચંદનનાં	ચદનના
૧૨૦	૭	તેમના તેમના	તેમના
૧૨૧	૧૧	ભારભારી	કારભારી
૧૨૧	૧૩	તેમણે	તેણે
૧૨૧	૧૦	પડા૦યો	અપા૦યો
૧૩૧	૧૬	આકોઠ	સાકોડ
૧૩૩	૩૦	વાસણુ	વાસણા
૧૩૩	૩૧	વાસણુ.	વાસણા
૧૩૪	૨૦	રકુતાપરૂ	રકુ તથા તેનું પરૂ
૧૪૨	૩૧	સમજની	સમજની
૧૫૦	૨૦	રામાભાઇ	રાજાભાઇ
૧૪૭	૯	સોહાગદેવ	કીરતદેવ
૧૪૯	૧૧	વીસો	વીસોજી
૧૫૦	૨૦	પચાજી	પચાણુજી
૧૫૦	૨૨	રાજીભાઇ	રાજાભાઇ
૧૫૩	૧૬	ધીંગાડ	ધીંગડા
૧૫૪	૩	જીવાભાઇ વખતશંગજી	જીવાભાઇ તખતશગજી
૧૫૪	૪	જીવાભાઈ વખતશગજી	જીવાભાઇ તખતશંગજી
૧૬૧	૮	ઉદેશંગજી	ઉમેદશંગજી
૧૭૪	૧૧	વાણુસા	વાસણા
૧૭૫	૧૪	૧પા ૨	૧પાા ૨
૧૮૫	૧૪	ભોડર	ભાડેર
૧૮૬	૧	જામલશગજી	જાલમશગજી
૧૮૬	૨	જામલશંગજી	જાલમશંગજી
૧૮૭	૧૧	નામદાર સરકાર	નામદાર સરકારને
૧૮૭	૧૭	રોરર	રોહર
૧૮૯	૨૬	વચ છે	વંશ હતો
૧૯૦	૭	પરમાથ	પરમાર્થ

૨૦૦	૧૧	રાજાકોટ	રાજકોટ
૨૨૦	૭	જહાભાઇ રહાભાઇ	જહાભાઈ રવાભાઇ
૨૧૨	૩૦	૨૩ા ૨ા ૩ા	૨૩ાા ૨ાા ૩ા
૨૩૧	૧૧	૩) ૧ ૩) ૧	૩ા ૧ા ૩ા ૧ા
૨૩૧	૨૦	૦ાા ૩ા ૨ ૦ાા ૩ા ૨	૦ાા ૩) ૨ ૦ાા ૩) ૨
૨૩૩	૮	ચેલાજી	મેળાજી
૨૩૮	૩	ચેલાજી	મેળાજી
૨૭૫	૧૩	૦-૦-૪ પ્રતાપશીંહજી ડુંગરજી	૦-૧-૪ પ્રતાપસિંહજી ડુંગરજી
૨૮૪	૭	જસાપુર	જાસપુર
૨૮૫	૩૧	સેજા, કુવા	સેજાકુવા
૨૯૩	૧૩	શવ	રાવ
૨૯૫	૧૩	પળા, સવા	પળાંસવા
૨૯૬	૯	તેમના	તેમાંના
૩૦૪	૨	ભામજી	ભીમજી
૩૧૨	૨૮	અમરસિંહજી	અગરસિંહજી
૩૩૦	૧૧	હેશલ	હેરાલ
૩૩૨	૧૦	પાવત્ર	પવિત્ર
૩૩૩	૧૦	પરણુાવાં	પરણુાવવાં
૩૩૫	૧૨	પહેલી	પહેલાં
૩૪૨	૧૨	કહેવાતો	ગણુાયો
૩૪૩	૧૭	કંદરહાર	કંદહાર
૩૫૦	૧૬	ચેંદલ	ચંદેલ
૩૫૦	૨૫	પતિ સાથે થયાં હતાં	પતિ સાથે સતી થયાં હતાં
૩૫૧	૧૫	છ વરસ	છ માસ
૩૬૦	૨૯	બાધુકગઢ	બાંધુગઢ
૩૬૫	૭	કરછીઆ ટોલા	કછીઆ ટોલા
૩૬૫	૧૦	કરછીઆ ટોલા	કછીઆ ટોલા
૩૭૩	૧૫	થઇ હતી	થઈ નથી
૩૭૭	૨૪	પોકારસીંહજી	પોકરસીંહજી
૩૭૮	૧	ડુમરાનવામાં	ડુમરાવવામાં

૩૭૯	૧૫	શ્રવણ મરી હતો	શ્રવણ મરી ગયો હતો
૩૮૨	૬	વેદ યજુ	વેદ યજુર
૩૮૨	૬	મધ્યન્દીની	માધ્યન્દીની
૩૯૧	૨૬	વંશપતીસિંહજીને	વંશપતીસિંહજીએ
૪૦૨	૨૧	જયસિંહ	જયસિંહે
૪૦૫	૭	વંશમા	વંશ
૪૦૫	૮	અર્ણો રાજકુમાર	અર્ણોરાજ કુમાર
૪૦૫	૯	અર્ણોરાજ	અર્ણોરાજ
૪૦૫	૩૨	રેકાને	રંકોને
૪૦૭	૫	હેંસીને	એશીને
૪૦૭	૩૨	નામ	નામે
૪૦૮	૨	જે	માનજે
૪૦૮	૧૨	તેણેજ	તેનેજ
૪૦૮	૨૯	ગોંગડ	ગંગડ
૪૧૦	૧૮	પ્રથારને	પ્યારને
૪૧૧	૯	વાઘેલા	વાઘેલતો
૪૧૨	૧૧	ગામમાં	ગામ
૪૧૨	૨૨	ઠરી છે	ઠરી છે.

આ પુસ્તક જંબુસર જીલ્લે ભરૂચમાં તાલુકદારી ઉપરી કારકુન કૃષ્ણરામ ગણપતરામ અગર સાણંદ જીલ્લે અમદાવાદમા ડેપ્યુટી મેનેજર ઓફીસના કારકુન જશવંતરાય કૃષ્ણરામ પાસેથી મળશે.